ષોડશક પ્રકરણ દર્શન



આગમોદ્ધારક નિત્ય દર્શન

પ્રવચનકાર :-

પ.પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.સાહેબ

પ્રકાશક : શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ, મુંબઈ.

ષોડશક પ્રકરણ દર્શન

પ્રવચનકાર

પ. પૂ. આગમોદ્ધારક શાસન શાર્દૂલ આચાર્ય દેવેશ
શ્રી આનન્દ સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ.

પ્રેરણાદાતા	સંપાદક
પ. પૂ. પ્રશાન્ત તપોમૂર્તિ આચાર્ય દેવેશ **શ્રી દર્શનસાગર સૂરીશ્વરજી** મહારાજ સાહેબ	પ. પૂ. સંગઠ્ઠન પ્રેમી ગણિવર્ય **શ્રી નિત્યોદય સાગરજી** મહારાજ સાહેબ

પ્રકાશક

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશક સમિતિ
શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૭ એ, વાલકેશ્વરરોડ
મુંબઈ-૪૦૦૦૦૬

પોડકેશ પ્રકરણ દર્શન

(ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. ઈ ૨૭૨૧ (મુંબઈ))

સંયુક્ત સંસ્કરણ નકલ ૧૦૦૦

અષાઢ સુદ ૫, ૨૦૩૮ જૂલાઈ ૧૯૮૨

કિમત રૂા. ૨૫

સંકલન અને વ્યવસ્થા

લાલચંદ ખેતસીભાઇ શાહ (વણોદવાળા)
બી. એ. (ઓનર્સ), બી. ટી., એસ. ટી. સી.
"શાંતિકુંજ"
૧૬, શત્રુંજય સોસાયટી
નારાયણનગર રોડ,
શાંતિવન બસ. સ્ટેન્ડ પાસે
પાલડી-અમદાવાદ ૩૮૦૦૦૭

પ્રકાશકીય નિવેદન

મહાવીર પરમાત્માની પવિત્ર વાણીના ધોધને ગણધરો, શ્રુત-કેવળીઓ યુગપ્રધાનો અને આચાર્યભગવન્ત આદિ મુનિભગવન્તોએ સેંકડો વર્ષો સુધી વહાવ્યો અને અદ્યાપિ પર્યંત વહાવી રહ્યા છે માટે જ ઉપનિષદ્કારો પણ ગુરુગુણ ગાવામાં ગૌરવ લઈ રહ્યા છે.

"ગુરુર્દેવોભવ" તસ્મૈ શ્રી ગુરવે નમઃ

વિજ્ઞાને વિકાસને નામે વિનાશ વેર્યો, પ્રગતિને નામે પીછે ગતિ કરી અને કેળવણીને નામે વિકૃતિ ઊભી કરી, ત્યારે આધિ, વ્યાધિ અને ઉપાધિઓના ઓળા નીચે આક્રન્દ કરતા આદમીને આરામ ગુરૂ વિના બીજો કોણ આપી શકે?

યુગયુગથી બીડાયેલા માનવીના હૃદયને વિકસિત કરવા વિક્રમની વીશમી સદીમાં જન્મેલા વિનય, વિવેક, વિચારથી વિશુદ્ધ એવા આગમોદ્ધારકશ્રી સાગરાનંદસૂરિની વાણીનો સ્વાદ જેમણે ચાખ્યો છે, તેઓ તો ખરેખર સંસારમાંથી સાર લઈ ધન્ય બની ગયા છે. તાત્ત્વિક, સાત્વિક ને માર્મિક વાણી સાંભળવાનો આનંદ જેઓને મળ્યો છે, તેઓ મૃત્યુંજય બની ગયા જ સમજવા!

પરંતુ એ પવિત્ર વાણી સાંભળવાનો ચાન્સ દરેકને કયાંથી મળે? તેથી જૈન અને જૈનેતરો જેમને સન્માને છે તેવા પૂજ્ય ગુરૂદેવશ્રીનાં પ્રવચનો લિપિબદ્ધ કરવાનો નિર્ણય સં. ૧૯૮૮માં લેવાયો અને દેશનાશ્રવણથી વંચિત રહેલા અને આત્મકલ્યાણના કામી જીવો માટે 'સિદ્ધચક્ર'પત્ર અને અનેક પુસ્તકો દ્વારા તેમના અનેક શિષ્યો-પ્રશિષ્યોએ પ્રવચનો બહાર પાડયાં અને તત્ત્વજ્ઞોની તૃષાને તૃપ્ત કરી. આગમોદ્ધારકશ્રીએ પ્રેરક, પ્રેમાળ અને પ્રભાવક વાણીનો સુરત શહેર ઉપર ધોધ વહાવ્યો અને પ્રવ્રજ્યાના પુનિતપંથે અનેક સુરતીઓએ પ્રયાણ કર્યું. મને પણ બાળપણથી જ અભ્યાસ, શક્તિ અને જે સંસ્કાર મળ્યા તે બધું ગુરૂદેવશ્રીની અસીમ કૃપાનું જ ફળ છે.

મારા જેવા લાખો સુરતીઓમાં અહિંસાનો આદર્શ ઓતપ્રોત કરનાર **"સુરતના સાગરજી"** તરીકે ખ્યાત ગુરૂદેવશ્રીના પ્રગટ-અપ્રગટ વ્યાખ્યાનોનાં પુસ્તકો છપાય અને ઘેર ઘેર પહોંચે તેવી મારી ભાવના હતી. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનોથી કેટલાય સાધુઓ સારા વક્તા બન્યા અને શ્રાવકો શ્રમણ બન્યા. પાણી જેવા પવિત્ર પૂજ્યશ્રીનાં પ્રવચનોના પુસ્તકો કેટલાય અપ્રાપ્ય છે અને કેટલાય અમુદ્રિત છે. અમારા સંઘના પ્રાણ પુણ્યોદયે વાલકેશ્વર સુપાર્શ્વનાથ જૈનસંઘ શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ ઉપાશ્રયે પ્રશાન્ત તપોમૂર્તિ **આચાર્યદેવશ્રી દર્શન-સાગરસૂરિ મહારાજ** શિષ્ય પરિવાર સાથે ચાતુર્માસ માટે પધાર્યા અને બાલમુમુક્ષુ દિપકકુમારની દીક્ષા બાદ આગમ મંદિરના ટ્રસ્ટીઓ તથા પૂજ્ય ગુરૂદેવશ્રીના ભક્તવર્ગને પૂજ્ય આચાર્યદેવશ્રી તથા સંગઠનપ્રેમી ગણિશ્રી નિત્યોદયસાગરજીએ પ્રેરણા કરી અને તેઓશ્રીની પ્રેરણાથી **"આગમોદ્ધારક પ્રવચન પ્રકાશક સમિતિ"**ની સ્થાપના થઈ અને અસહ્ય મોંઘવારી હોવા છતાં એક વર્ષ જેવા અલ્પ સમયમાં જ **"પર્વમહિમા દર્શન,"** **"દેશના મહિમા દર્શન"** અને **"આનંદ પ્રવચન દર્શન"** ફળદ્રુપ ત્રણ વ્યાખ્યાન ગ્રન્થો સમાજને ચરણે ધરી શકયા છીએ અને આ ચોથું પ્રકાશન **"ષોડશક પ્રકરણ દર્શન"** પણ સમાજને ચરણે ધરતાં આનંદ અનુભવીએ છીએ.

શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી તથા શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ઝોકસી તથા અન્ય કાર્યકર્તાઓના સતત પ્રયત્નથી જ તેમજ અનેક સંઘો, સંસ્થાઓ અને ભાવિકોના સહકારથી જ આ કાર્ય કરવા સમર્થ બન્યા છીએ. પ્રેસ આદિની તમામ જુમ્મેદારી **લાલચંદભાઈ કે. શાહે** (વણોદવાળા) સંભાળી છે.

જેનો જેનો સહકાર મળ્યો છે, તે સર્વેને અંતરથી અભિનંદન આપી વિરમું છું.

૭૭ એ, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬ લી. સંઘસેવક,
ફોન : ૨૭૦૭૧૨ ઓફિસ : ૮૧૬૮૬૮ ઘર અમરચંદ રતનચંદ ઝવેરી
[ટ્રસ્ટ રજીસ્ટર્ડ નંબર ઈ ૨૭૨૧ (મુંબઈ)]



પ. પૂ. શાસન શાર્દૂલ
આગમોદ્ધારક આચાર્ય ભગવંતશ્રી
આનન્દસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ

પ. પૂ. શાસન પ્રભાવક પ્રશાન્ત તપોમૂર્તિ આચાર્ય દેવેશ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જન્મ : સં. ૧૯૬૪ જેઠ વદ ૭ ધોળી (સૌરાષ્ટ્ર)
દીક્ષા : સં. ૧૯૮૬ જેઠ વદ ૧૪ ખંભાત
ગણિપદ : સં. ૨૦૦૮ કારતક વદ ૩ પાલીતાણા
ઉપાધ્યાયપદ : સં. ૨૦૨૨ મહા સુદ ૧૧ પાલીતાણા
આચાર્યપદ : સં. ૨૦૩૫ માગસર સુદ ૫ મુંબઈ

સંપાદકીય નિવેદન

ચાહું સદા હું તુજ પાસ આજ મનથી માણિક્યના રંગને,
ચંદ્ર જ્યોત સમા સુહેમ સરીખા સિદ્ધસ્થના ભાવને।
દેવેન્દ્રો પણ હંસ તુલ્ય મતિને ઝંખે સદા ચિત્તથી,
પામું કંચનતુલ્ય દર્શન સદા શાશ્વત્ ચિદાનંદના॥

કવિ કલાપીએ એકલા પુસ્તકોના જ સહારે જીવન જીવી જવાની મહેચ્છા વ્યક્ત કરી હતી. સારાં પુસ્તકોથી દૃષ્ટિનો વિકાસ થાય છે રાષ્ટ્રના અને વ્યક્તિના જીવન વિકસાવવામાં સારાં પુસ્તકો મહત્વનો ભાગ ભજવે છે તેથી એક દિવસ મારા મનમાં પણ સ્ફુરણા જાગી કે

"શાસ્ત્રના જ્ઞાતા અને ઉપદેશક તો સંસારમાં અનેક છે, પરંતુ જેમનું જીવન જ સત્શાસ્ત્રનું પ્રતીક બની રહ્યું છે, એવી વિશ્વની વિરલ વિભૂતિના ઝળહળતા આત્મજ્ઞાને અનેકના અંધકારોને દૂર કરનાર આગમોની ચાવી રૂપ, તત્ત્વજ્ઞાન, દલીલ ને શ્રદ્ધાપૂર્વક માણસના હૃદયને હચમચાવવાની અપૂર્વ શક્તિ સાથે જેનામાં કુતર્કને હઠાવવાની અને જૈનશાસનની પ્રભાવના કરવાની પ્રવચનોમાં શક્તિ છે, જેના શ્રવણ અને વાચનથી નદીના પ્રવાહની માફક પાપનો પ્રવાહ પલાયન થાય અને જીવન નિર્મળ બને તેવા આગમોદ્ધારકશ્રીનાં પ્રવચનો મુદ્રિત કરાવી ઘેર ઘેર પહોંચતાં કરું."

આ મહાપુરૂષના પ્રવચન–સાહિત્યને મારી પહેલાં પણ અનેક મહર્ષિઓએ પ્રગટ કરાવેલ, પરંતુ આજે તેમાંના મોટા ભાગના અપ્રાપ્ય છે અને કેટલાક તો હજુ અમુદ્રિત પણ છે, તેથી જો કમસર દરેકનું પુનર્મુદ્રણ થાય તો તત્ત્વજિજ્ઞાસુઓને તૃપ્ત કરી શકાય. તત્ત્વથી ભરપૂર, તર્ક અને દલીલોથી યુકત આધ્યાત્મિક ક્ષેત્રમાં અતિ ઉત્તમ આ સાહિત્યને બહાર પાડવા મેં તથા મારા ગુરૂદેવશ્રીએ

આગમોદ્ધારકશ્રીના ભક્ત વર્ગ ને અને આગમ મંદિરના ટ્રસ્ટી ગણને પ્રેરણા કરી અને **આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિની** સ્થાપના થઈ. પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. અને પ. પૂ. આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.નાં મંગલ આશીર્વાદ અને પ. પૂ. આચાર્યદેવશ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ. સા.નું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયાં.

સામાજિક ક્ષેત્રે પ્રસિદ્ધિ પામેલ અનેકવિધ સેવાઓ અર્પવા સાથે અનેક સંસ્થાઓનું સુચારૂ સંચાલન કરનાર, વર્ષો સુધી આગમોદ્ધારક શ્રીની વાણીનું પાન કરનાર અને આગમોદ્ધારકશ્રીની અનેક સંસ્થાઓમાં અગ્રગણ્ય સેવા આપનાર શ્રી અનુભાઈ ચીમનલાલ, શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, શ્રી શાન્તિચંદ્ર છગનભાઇ ઝવેરી, શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, શ્રી નિરંજન ગુલાબચંદ ચોકસી, શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત, શ્રી કુલચંદ જે. વખારીયા જેવા સુવિખ્યાત, ઉત્સાહી અને કર્મઠ કાર્યકર્તાઓ આ સંસ્થાને પ્રાપ્ત થયા.

પ્રભાવતીબેન છગનલાલ સરકારે સંસ્થાના સ્થંભ બનવાનું સ્વીકાર્યું. અનેક સંઘો, વ્યક્તિઓ અને સંસ્થાઓનો સારો સાથ મળ્યો, જેથી અસહ્ય મોંઘવારીમાં પણ ફક્ત એક જ વર્ષ જેટલા અલ્પ સમયમાં જ **'પર્વમહિમા દર્શન,' 'દેશના મહિમા દર્શન'** અને **'આનંદ પ્રવચન દર્શન'** જેવા વિશાળકાયગ્રન્થો સમાજને ચરણે મૂકી શકયા અને આ **'ષોડશક પ્રકરણ દર્શન'** નામના ચોથા પુસ્તક (ગ્રન્થ)ને પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવીએ છીએ.

'ષોડશક ભાગ–૧' તથા ઢંઢેરા અને ગુરૂમંત્ર'માં ઉત્તરાર્ધના ષોડશક અંગેનાં પ્રવચનો તે જ આ **'ષોડશક પ્રકરણ દર્શન'** છે. અનેકવિધ મુશ્કેલીઓ હોવા છતાં શ્રી **લાલચંદભાઇ કે. શાહે** મુદ્રણ અંગેની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી તેથી આ કાર્યને સારો વેગ મળ્યો છે.

મારા દરેક કાર્યોમાં સહભાગી બનનાર ગણિ શ્રી નરદેવસાગરજી મ., ગણિ શ્રી અશોકસાગરજી મ., ગણિ શ્રી કલ્યાણસાગરજી મ., ગણિ શ્રી ચંદ્રાનન સાગરજી મ., મુનિશ્રી કલ્પવર્ધન સાગરજી મ., તેમજ બાલમુનિરાજશ્રી દિવ્યાનંદસાગરજી મહારાજનો પણ સહકાર નોંધપાત્ર છે. સાવધાની છતાં રહેલ હોય તે મુદ્રણ અંગેની અશુદ્ધિ દૂર કરી વાંચવા વિનંતી.

દર વખતની માફક આ "**ષોડશક પ્રકરણ દર્શન**" પુસ્તકના ટાઈટલ ચિત્રની કલ્પના, તેમજ તેનું આલેખન પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ. સા. તરફથી પ્રાપ્ત થયેલ છે.

વૈશાખ સુદ ૩, ૨૦૩૮
વાલકેશ્વર–મુંબઈ

નિત્યોદય સાગર ગણિ

પૂ. આગમોદ્ધારકની વાણીસાગરના કેટલાંક નવાં બિંદુઓ

	કિંમત
૧. પર્વ મહિમા દર્શન	રૂા. ૨૫–૦૦
૨. દેશના મહિમા દર્શન	રૂા. ૨૫–૦૦
૩. આનંદ પ્રવચન દર્શન	રૂા. ૨૫–૦૦
૪. ષોડશક પ્રકરણ દર્શન	રૂા. ૨૫–૦૦

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નમ્ર નિવેદન

(ટ્રસ્ટ રજીસ્ટર્ડ નંબર ઇ–૨૭૨૧ મુંબઈ)

શ્રી આગમશાસ્ત્ર એ જૈન સાહિત્યનો મૂળ ભૂત ખજાનો છે. વીતરાગ પરમાત્માએ અર્થથી આપેલી દેશનાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરી ગૂંથી. તે વાણીને વિક્રમની પાંચમી શતાબ્દિમાં દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે પુસ્તકારૂઢ કરી અને અનેક બહુશ્રુત જ્ઞાની ગીતાર્થોએ ચૂર્ણિ ટીકાઓ વગેરે લખી, તેમાં વૃદ્ધિ કરી,

આ આગમિક મહાપુરુષોની પરંપરામાં વીસમી સદીમાં **આગમોદ્ધારક પૂ. આચાર્ય દેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ. નું નામ ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે, જેમણે હસ્તલિખિત આગમગ્રન્થોનું જીવનભર સંશોધન કરી સતત પરિશ્રમ કરી તેમને મુદ્રિત કરાવ્યા, એટલું જ નહિ. કિંતુ તાત્ત્વિક વિચારણાથી ભરપૂર, તર્ક અને દલિલોથી યુક્ત શાસ્ત્રીય વિષયોનું ખૂબ જ ઊંડાણથી તલસ્પર્શી, આગમોની ચાવીઓ સમાન પ્રવચનો આપી અનેક આત્માઓનો ઉદ્ધાર કર્યો.

આવાં તાત્ત્વિક અને સાત્ત્વિક પૂજ્ય શ્રીનાં પ્રવચનો તેઓશ્રીના શિષ્ય–પ્રશિષ્યોએ લખી, સંકલન કરી, પુસ્તક રૂપે પ્રકાશિત કર્યાં હતાં, પરંતુ તેમાંના ઘણાં આજે મળતાં નથી અને કેટલાં અમુદ્રિત પણ છે. અનેક તત્ત્વજિજ્ઞાસુઓ આગમિક તાત્ત્વિક વાણીથી વંચિત ન રહે તે હેતુથી પ. પૂ. શાસનપ્રભાવક પૂ. **આચાર્ય દેવશ્રી દર્શનસાગરસૂરીશ્વરજી** મ. સાહેબ તથા તેઓશ્રીના શિષ્ય સંગઠ્ઠન પ્રેમી **ગણિશ્રી નિત્યોદયસાગરજી મ. સાહેબની** પ્રેરણાથી આગમોદ્ધારકશ્રીનાં તમામ પ્રવચનોને પુનઃમુદ્રણ કરવા **આગમોદ્ધારક**

પ્રવચન પ્રકાશન સમિતિ

સ્થાપિત કરવામાં આવી છે. શ્રેયસ્કરી આગમિક સેવાનો લાભ લેવા માટે નીચેની યોજનાઓ મૂકવામાં આવે છે:–

રૂ. ૫૦૦૧ પાંચ હજાર એક આપનાર "**શ્રુત સમુદ્ધારક**" કહેવાશે ને ફોટો પુસ્તકમાં મૂકવામાં આવશે તથા સંસ્થાના સર્વ પ્રકાશન તેમને ભેટ અપાશે.

રૂ. ૨૫૦૧ પચ્ચીસો એક આપનાર "**શ્રુતભક્ત**" કહેવાશે ને તેમને સંસ્થાનાં તમામ પુસ્તક ભેટ અપાશે.

રૂ. ૧૦૦૧ એક હજાર એક આપનાર "**આજીવન**" સભ્ય ગણાશે. ને તેમને સંસ્થાનાં તમામ પુસ્તક ભેટ અપાશે.

રૂ. ૫૦૧ પાંચસો એક આપનાર "**શ્રુત સહાયક**" ગણાશે ને તેમને સંસ્થાનાં નવાં પ્રકાશનો ભેટ અપાશે.

આવાં મહાન કાર્યો પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજ સાહેબની પ્રેરણાથી, શ્રી સંઘો તથા દાનવીરોની સહાયથી જ થઈ શકે તેથી દાનવીરોને આજે જ પોતાના તરફથી તથા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી અને તેટલી વધુમાં વધુ રકમ મોકલી લાભ લેવા નમ્ર વિનંતી.

ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. ઈ. ૨૭૨૧ (મુંબઈ)

નિવેદક

"આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ" ટ્રસ્ટીગણ

૧	શ્રી અનુભાઈ ચીમનલાલ ઝવેરી	અમદાવાદ.
૨	,, અમરચંદ રતનચંદ ઝવેરી	મુંબઈ.
૩	,, શાન્તિચંદ્ર છગનભાઈ ઝવેરી	સુરત
૪	,, પુષ્પસેન પાનાચંદ ઝવેરી	મુંબઈ.
૫	,, નિરંજન ગુલાબચંદ ચોકસી	મુંબઈ
૬	,, મફતલાલ ઝવેરચંદ પંડિત	અમદાવાદ.
૭	,, ફૂલચંદ જે વખારીયા	સુરત

'આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ' ના નામનેા ડ્રાફ્ટ અથવા ચેક નીચેના સ્થળે રકમ મોકલી શકાશે.

૧ શ્રી અનુભાઈ ચીમનલાલ એન્ડ બધર્સ
ઠે. ૫૦૩–૩, પાંચકુવા અમદાવાદ–૨
ફોન–૩૮૮૦૯૫

૨ શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
૭૦૭, સ્ટોક એક્ષચેંજ ટાવર
શેર બજાર
દલાલસ્ટ્રીટ મુંબઈ–૪૦૦૦૨૩
ફોન–૨૭૦૭૧૨

૩ શાન્તિચંદ્ર છગનભાઈ ઝવેરી
આગમોદ્ધારક સંસ્થા, ગોપીપુરા
આગમમંદિર રોડ, સુરત–૨
ફોન–૨૮૧૪૯

૪ શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી
ભાવના ફેબ્રીક્ષ
૩૩૬, કાલબાદેવી રોડ
મુંબઈ ૪૦૦૦૦૨
ફોન–૩૧૯૭૨૫

ધીરપુરુષનું આચરણ કયું ?

પરોપકાર

परउवयारमईए संताएवि य अहव सामत्थं ।
थोवाण तत्थ केसिंपि पुन्नपब्भारकलियाणं ॥
तम्हा अत्तुवगारंमि साहिए परोवयारमूलंमि ।
धीरपुरिसाणुचिन्ने परोवयारंमि जइयव्व ॥

ભાવાર્થ–કેટલાક ભાગ્યશાળીઓને જો કે પરોપકારની બુદ્ધિ હોય છે. તો પણ તે પરોપકાર કરવાને લાયકનું સામર્થ્ય કોઈક જ મહાભાગ્યશાળીઓને હોય છે. માટે પરોપકારના મૂળ કારણભૂત આત્માઓનો ઉપકાર સિદ્ધ કરીને બુદ્ધિશાળી (એવા) ધીર, વીર પુરુષોએ અનેક સતતપણે આચરેલા પરોપકારને વિષે પ્રયત્ન કરવો જ જોઈએ.

'મલધારીય હેમચંદ્રસૂરિ'

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ
સહાયક મહાનુભાવોના નામો

શ્રુતસપ્તસુદ્ધારક

શ્રી. પ્રભાવતીબેન છગનલાલ સરકાર — મુંબઈ–૬
,, વાડીલાલ સારાભાઈ ચંદ્રપ્રભસ્વામી–જૈન દેરાસર પ્રાર્થના સમાજ
શેઠ શ્રી મોતીશાહ આદીશ્વર જૈન ટેંપલ ટ્રસ્ટ — ભાયખલા
,, મોતીશાહ અમીચંદ સાકરચંદ ચેરીટેબલ ટ્રસ્ટ–પાલીતાણા
;, ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય વાલકેશ્વર, મુંબઈ–૬
શ્રી. વિજયદેવસૂરસંઘની પેઢી, ગોડીજી મહારાજ જૈન દેરાસર ધર્માદાખાતાં — મુંબઈ
,, મોતીધરમકાંટાના ઝવેરીભાઈઓ — મુંબઈ
,, ભવાનીપુર જૈન શ્વે. મૂ. સંઘ — કલકત્તા
શેઠ શ્રી. રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય (ગણિ શ્રી. કલ્યાણસાગરજીની પ્રેરણાથી) — સૂરત
શ્રી. મહાવીર જૈન શ્વે. મૂ. સંઘ–ઓપેરા (ગણિશ્રી મહાયશ સાગરજીની પ્રેરણાથી) — અમદાવાદ,
શેઠ શ્રી. ધીરજલાલ મોહનલાલ અ. સૌ. તારાબેન ક્રાંગક્રાવાળા — મુંબઈ
,, અમરચંદ રતનચંદ ઝવેરી — મુંબઈ
,, પુષ્પસેન પાનાચંદ રૂપચંદ ઝવેરી — ,,
,, નિરંજન ગુલાબચંદ ચોકસી — ,,
,, કૂલચંદ જે. વખારીઆ — સુરત
શેઠ શ્રી. મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ– — મુંબઈ

શ્રુતભક્ત

શ્રી. રિખવદેવજી મહારાજની પેઢી– — ઝગડીયાતીર્થ
,, ગોવાલીયા ટેંક (આરાધના) જૈન સંઘ– — ,,
,, કલ્યાણ પ્રાર્શ્વનાથ જૈન સંઘ, ચોપાટી — ,,
શ્રી. મરીન ડ્રાઈવ જૈન સંઘ–પાટણ મંડળ — મુંબઇ

આજીવન સભ્ય

શ્રી. મીઠાભાઈ કલ્યાણચંદ ધર્મફંડ

(પ. પૂ. આ. શ્રી. ચિદાનંદ સાગરસૂરીશ્વરજી. મ. ની પ્રેરણાથી)

" પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ. ઘાટકોપર મુંબઈ

(પ. પૂ. ગણિશ્રી જિતેન્દ્રસાગરજી મ.ની પ્રેરણાથી)

શેઠ શ્રી. રતિલાલ પાનાચંદ ડેરોલવાળા, વડોદરા,

(પ. પૂ. ગણિ. ચંદ્રાનનસાગરજી મ.ની પ્રેરણાથી)

શ્રી શામળાની પોળ જૈન સંઘ અમદાવાદ

શ્રી. મંછુભાઈ દીપચંદ ધર્મશાળા

પ. પૂ. સા શ્રી. મૃગેન્દ્રશ્રીજી મ.ની પ્રેરણાથી

" મંછુભાઈ દીપચંદ ધર્મશાળાની બહેનો તરફથી- સુરત

" જૈન આનંદ પુસ્તકાલય "

" નાનચંદ ધન્નાજી ટ્રસ્ટ- "

" શાન્તાકુંઝ જૈન સંઘ મુંબઈ

" ઘાટકોપર મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર પેઢી "

શ્રી સુરેન્દ્રનગર જૈન સંઘ (ગણિ શ્રી અભ્યુદય સાગરજીની પ્રેરણાથી)

શ્રુતસહાયક

શ્રી. વેજલપુર જૈન સંઘ,

(પ. પૂ. આ. શ્રી. ચિદાનંદ સાગર સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી.)

" પરમાનંદ જૈન સંઘ, અમદાવાદ

(પ. પૂ. આ. શ્રી. કંચન સાગર સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી.)

" બીજોવા જૈન સંઘ, બીજોવા

" (પ. પૂ. આ શ્રી. વિજય ઇન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ.સાની પ્રેરણાથી.)

" ભાન્ડુપ જૈન સંઘ, મુંબઈ

(પ. પૂ. ગણિ. શ્રી. જીતેન્દ્ર સાગરજી મ.ની પ્રેરણાથી.)

" મીઠાભાઈ કલ્યાણચંદ ધર્મફંડ કપડવંજ,

(પ. પૂ. ગણિશ્રી. નરદેવસાગરજી મ.ની પ્રેરણાથી.)

" શ્વે. મૂ. તપગચ્છ સંઘ,
(પ. પૂ. ગણિશ્રી નરદેવ સાગરજી મ.ની પ્રેરણાથી.)
" ખાનપુર જૈન સંઘ, અમદાવાદ
(પ. પૂ. ગણિશ્રી મહાયશ સાગરજી મ.ની પ્રેરણાથી.)
" તીર્થરંજન વિહાર ખાનપુર, અમદાવાદ
(સાધ્વીજી મ. શ્રી. ગુણોદયાશ્રીજી મ.ની પ્રેરણાથી.)
" આદરિયાણા વીશાશ્રીમાળી જૈન સંઘ, આદરિયાણા.
" પ્રીન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈન સંઘ, મુંબઇ
(મુનિશ્રી કલ્પવર્ધન સાગરજીની પ્રેરણાથી.)
" બોમ્બે મેટલ એન્ડ એન્જી. ટુલ્સ કંપની મુંબઈ
" રાજસ્થાન જૈન સંઘ–ડોંગરી, મુંબઇ
(ગણિશ્રી ચંદ્રાનનસાગરજીની પ્રેરણાથી)
" તપાગચ્છ જૈન સંઘ– જયપુર
(બાલમુનિશ્રી દિવ્યાનંદસાગરજી મ.ની પ્રેરણાથી.)
" કાન્તિલાલ કાળીદાસ, શામળાની પોળ, અમદાવાદ
" ચાણસ્મા જૈન મહાજન પેઢી. ચાણસ્મા
(મુનિશ્રી રાજતિલકસાગરજી મ.ની પ્રેરણાથી.)
શેઠ શ્રી કાન્તીલાલ જેકીશનદાસ વખારીયા સુરત
" શ્રી અમૃતલાલ જેકીશનદાસ વખારીયા સુરત
શ્રી. સોજત જૈન સંઘ (સાધ્વીજી શ્રી. રત્નત્રયાશ્રીજી મ.ની. પ્રેરણાથી.)
" લીંબડી જૈન સંઘ (મુનિશ્રી. ન્યાયવર્ધનસાગરજી મ.ની પ્રેરણાથી.)
" નવરંગપુરા જૈન સંઘ, અમદાવાદ.
(સાધ્વીજી શ્રી પ્રવિણાશ્રીજી મ.ની પ્રેરણાથી.)
શ્રી અંધેરી (ઈસ્ટ) બેનો તરફથી (સાધ્વીજી શ્રી સુશીમાશ્રીજીની પ્રેરણાથી) મુંબઈ
શ્રી વાવ તપગચ્છ સંઘ (ગણિ શ્રી નરદેવસાગરજીની પ્રેરણાથી) વાવ

પ્રસ્તાવના

ષોડશક–પ્રકરણ

આ સંસ્કૃતમાં પદ્યમાં 'આર્યા' છંદમાં રચાયેલી નાનકડી કૃતિ છે. એ સોળ વિભાગોમાં વિભક્ત છે. દરેક વિભાગને 'અધિકાર' કહેવામાં આવ્યો છે. પહેલાં પંદર અધિકારોમાં સોળ સોળ પદ્યો છે, જ્યારે સોળમામાં–છેલ્લામાં સત્તર પદ્યો છે. આમ પદ્યની સંખ્યાને લઈને આ કૃતિનું નામ 'ષોડશક' પડાયું છે એમ જોઈ શકાય છે. નામની બાબતમાં એ પૂર્વગામી **સિદ્ધસેન દિવાકરની દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાને** અનુસરે છે. ગ્રન્થકારે પોતે આ નામ **ષોડશકમાં** તો આપ્યું નથી. પ્રત્યેક અધિકારને 'ષોડશક' કહેવા ઉપરાંત એ દરેકનું વિશિષ્ટ નામ છે. સોળ ષોડશકનાં નામ નીચે મુજબ છે :–

(૧) ધર્મપરીક્ષા, (૨) દેશના કિંવા સદ્ધર્મદેશના, (૩) ધર્મલક્ષણ, (૪) ધર્મચ્છલિંગ, (૫) લોકોત્તર—તત્ત્વપ્રાપ્તિ, (૬) જિનમંદિર, (૭) જિનબિમ્બ, (૮) પ્રતિષ્ઠાવિધિ, (૯) પૂજાસ્વરૂપ, (૧૦) પૂજાફલ, (૧૧) શ્રુતજ્ઞાનલિંગ, (૧૨) દીક્ષાધિકાર, (૧૩) ગુરુવિનય, (૧૪) યોગભેદ, (૧૫) ધ્યેય–સ્વરૂપ અને (૧૬) સમરસ.

વ્યાખ્યાનોનું વિહંગાવલોકન

બાળ જીવો, મધ્યમ જીવો અને પંડિત જીવો–આ ત્રણને ઉદ્દેશીને રચાયેલા ષોડશકના બીજા ષોડશકના બારમા પદ્યના વિવરણરૂપ આ વ્યાખ્યાનો તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે વચનની આરાધના વડે ખરેખર ધર્મ છે એ વાત વિસ્તારથી દાખલા-દલીલો અને કિસ્સા–કહાનીઓ દ્વારા સમજાવાઈ છે. પ્રત્યેક વ્યાખ્યાનના અંતે સવાલો રજૂ કરી એના ઉત્તર આગળ વિચારાશે એમ કહ્યું છે. અહીં જે પ્રત્યેક

વ્યાખ્યાનના અંતમાં "અગ્રે વર્તમાન" એવો જે નિર્દેશ છે તેનો અર્થ આપણે વિચારીશું.

અગ્રે વર્તમાન—"આગળના કાળે જે જે બને તે ખરું" આમ આનો અર્થ કરાય છે. સાધુ કે સાધ્વીને ભિક્ષાર્થે ગૃહસ્થ તરફથી વિનંતી કરાય ત્યારે તેમની તરફથી 'વર્તમાન જોગ' એવો ઉત્તર અપાય છે, બપજોગી ભિક્ષા આપ્યા બાદ વિશેષ આપવાને માટે કે અન્ય કોઈ એષણીય પદાર્થ આપવા માટે વિનંતી કરાય ત્યારે પણ તેઓ 'વર્તમાન જોગ' કહે છે, આનો પણ અર્થ 'અગ્રે વર્તમાન' છે.

પૂ. આગમોદ્ધારકનો અભ્યાસ ઉપરચોટિયો નથી, પણ ખરેખર તલસ્પર્શી છે. આની પ્રતીતિ કરાવવા માટે આ વ્યાખ્યાનોમાં અપાયેલાં કેટલાંક લક્ષણો આપ્યાં છે.

અતિશય—દુનિયામાં બીજે ન હોય ને તે કોઈકે જ બતાવી શકે તે 'અતિશય'

અરિહંત—વીસ સ્થાનક આરાધી જિનનામકર્મ બાંધી (પ્રાયઃ) દેવલોકમાં ગયા ને ત્યાંથી આવીને થયા તે અરિહંતો.

જેમની પુણ્યપ્રકૃતિ વિચિત્ર હોય તે 'તીર્થંકર' યાને 'અરિહંત.'

આરાધના—શાસ્ત્રોનું કથન અને તે કથનની હેશ્યા સાચી માનીને અમલ કરવાની ધારણા રાખીને જે પ્રવૃત્તિ કરાય તેનું નામ 'આરાધના'

આર્ય ને અનાર્ય—થોડા અપરાધમાં હકાર, વધારે અપરાધમાં મકાર અને બહુ અપરાધમાં ધિક્કાર એ-ત્રણ નીતિઓ જેમાં (જે જગ્યા પર) પ્રવર્તે તે 'આર્ય.' તે સિવાયનો 'અનાર્ય.'

જ્યાં ધર્મની પ્રવૃત્તિ હોય, સ્વપ્નામાં પણ ધર્મના અક્ષરો હોય તે 'આર્ય' અને જ્યાં સ્વપ્નામાં પણ 'ધર્મ' એવા અક્ષરો ન આવે તે 'અનાર્ય'

આર્યદેશ—જ્યાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો ઉત્પન્ન થાય (થયા), છે અને થશે તેવા જ દેશો આર્ય ગણાય; અને તે સિવાયના બીજા બધા 'અનાર્ય'

કાયા—જીવના ભાગીદાર જે હોય તે 'કાયા'

ક્રોધ—ક્રોધ એટલે આત્મજ્વર

ચિત્ત—ચલાયમાન વિચારોનું સ્થાન તે 'ચિત્ત'

જડ જીવન—આ જીવે પોતાનું જીવપણું, જડને ત્યાં ગરાણે મૂકયું માટે તેનું નામ 'જડ જીવન'

જેલ—જેમાં જગતનો વ્યવહાર ન હોય તે 'જેલ'

જૈન—કર્મબંધના કારણ તરીકે અજ્ઞાન અને અવિરતિને માનનાર તે 'જૈન'

દ્રવ્ય-શ્રુત—સર્વજ્ઞ ભગવાન સિવાય બીજો બોલે તેનું નામ 'દ્રવ્યશ્રુત'

ધર્મ—દુર્ગતિમાં જતા જીવોને રોકે તેવું અનુષ્ઠાન કે જે સદ્ગતિ ન મળતી હોય તો તે મેળવી આપે તેનું નામ 'ધર્મ'

ધ્યાન—ચિત્તનો જે અસ્થિર અધ્યવસાય તે 'ધ્યાન'

નાસ્તિકે—શૂન્ય સરવાળાના સરવૈયાવાળા (તે) 'નાસ્તિકો'

પુણ્ય—જે (શુભ વસ્તુ)ને અંગે નિકાશનો પ્રતિબંધ ન હોય તે 'પુણ્ય'

પુરુષાર્થ—અનિષ્ટ દૂર કરી પ્રતિબંધોને દૂર કરી ને ઇષ્ટ સિદ્ધ કરે તો જ 'પુરુષાર્થ'

કૂચડ—રસોઈ થયા પછી ચૂલો સળગાવે તો તે 'કૂચડ'

બાળક, મધ્યમ બુદ્ધિ અને બુદ્ધ—ચાલુ રિવાજને માત્ર દેખે તે 'બાળક,' રીતિને તપાસે, અવારનવાર પ્રસંગ પડયે જે કરવાનું હોય તે કરે, તે દેખે તે 'મધ્યમ બુદ્ધિ' અને તત્ત્વને પરખે તે 'બુદ્ધ'

બુધ—આગમના રહસ્યની પરીક્ષામાં ઉતરનાર તે 'બુધ'

ભક્તિ—સર્વશક્તિમાન તીર્થંકરનાં વચનને અંગે પ્રવર્તવું તેનું નામ 'ભક્તિ'

ભટકતી ને રખડતી પ્રજા—મેળવીને લઈ જનાર તે 'ભટકતી પ્રજા' અને મેળવેલું મેલી જાય તે 'રખડતી પ્રજા'

મહેલ—જેમાં જગતનો વ્યવહાર હોય તે 'મહેલ'

વચનની આરાધના—વચનમાં કહેલી વાત સમજવી અને તે પ્રમાણે વર્તાવ કરવો તેનું નામ 'વચનની આરાધના'

શ્રુત—તીર્થંકરે જે વચનયોગથી કહ્યું તે 'શ્રુત'

સિદ્ધપણું—કાળનો કોળિયો કરનાર એક જ વસ્તુ તે 'સિદ્ધપણું'

સૂક્ષ્મ નિગોદ—કોઈ પણ જગ્યા પર શરીરની ભાગીદારી હોય તો તે 'સૂક્ષ્મ નિગોદ'

હિન્દુ—એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, ચોથે ભવ, પાંચમે ભવ–આમ ભવાંતર કરનાર આત્મા તે 'હિન્દુ'

મૂળ—વ્યાખ્યાતા પોતાના ગાંઠની કોઈ વાત કહેતા નથી. જાણે કોઈ ને કોઈ પ્રૌઢ અને પ્રાચીન ગ્રન્થનો આધાર લીધા વિના તેઓ એક ડગલું પણ ભરવા ઈચ્છતા ન હોય એમ લાગે છે. દા.ત. 'દાન શીલ....લાવવામાં ગણે, એ હકીકત જે એમણે કહી છે તે **અધ્યાત્મ-કલ્પદ્રુમ** (અધિ ૯)ના નિમ્નલિખિત નવમાં પદ્યને લક્ષીને છે.

"**वशं मनो यस्य समाहितं स्यात्**
किं तस्य कार्यं नियमैर्यमैश्च ।
हतं मनो यस्य च दुर्विकल्पैः
किं तस्य कार्यं नियमैर्यमैश्च ? ॥ ९ ॥"

દાર્શનિક મુદ્દાઓ.

જૈન દર્શનની વિશિષ્ટતા—જૈન દર્શન ઇતર દર્શનોથી કઈ કઈ બાબતમાં જુદું પડે છે તે હકીકત પ્રસંગોપાત અપાઈ છે—સમજાવાઈ છે.

(૧) પરમેશ્વરની બાબતમાં જૈનોએ એને **'બતાવનાર'** તરીકે માન્યો છે, જ્યારે બીજાઓએ એને **'બનાવનાર'** તરીકે માન્યો છે.

(૨) 'કર્મ બાંધ્યાં તે ભોગવવાં જ પડે' એ સિદ્ધાંત જૈનોનો નથી.

જૈનેતરો તમામ કહે છે કે 'કરે તે ભોગવે' તે જૈનો નહિ કહે. જૈનો તો એમ કહે કે 'જેટલો છૂટે નહિ, જેટલાં પચ્ચક્ખાણ ન કરે તેટલો ભારે થાય અને તેટલો જ ભોગવટો કરવો પડે.'

(૩) જૈનેતરોને જ્ઞાન તે ભાડૂતી; જૈનોને જ્ઞાન તે ઘરનું ગણાય.

(૪) જૈનોનો મોક્ષ તે ગુણનો દરિયો ત્યારે બીજાઓનો મોક્ષ તે શૂન્ય.

કેવળીનું સ્વરુપ અને સામર્થ્ય–કેવળજ્ઞાનીનું સ્વરૂપ વિચારતાં કહ્યું છે કે "કેવળજ્ઞાની થયા હોય તેને સૂત્રનું આલંબન ન હોય."

"કેવળજ્ઞાનીને શાસ્ત્રમાં આમ કહ્યું છે માટે હું કહું છું તેમ નહિ."

"કેવળી નિસર્ગ સમકિતવાળા છે, માટે તે શ્રોતાનો વિષય નથી."

'કેવળજ્ઞાનીઓ પણ પુણ્ય પ્રકૃતિએ સરખા હોતા નથી; આત્માના ગુણો અંગે સરખા હોય.

"જ્યારે કેવળી 'ક્ષપક' શ્રેણિ માંડે ત્યારે એમની એટલી બધી તાકાત છે કે જગતના સર્વ જીવોનાં જેટલાં કર્મો છે તે બધાં ભેગાં થઈને એક જ આત્મામાં આવે તો તેને એઓ અંતર્મુહૂર્તમાં બાળી નાંખે". આમ એમનું સામર્થ્ય નિરૂપાયું છે.

સામાન્ય કેવળી અને તીર્થંકરમાં ફરક—બાબત વિચારાઈ છે.

તીર્થંકર–નામકર્મ—આ એક પ્રકારનું નામ—કર્મ છે. એની કેટલીક વિશેષતા વિચારાઈ છે.

(૧) આ નામ–કર્મ બંધાય ત્યારથી પોષાતું જાય. 'ક્ષપક' શ્રેણિ માંડે, કેવળજ્ઞાન જ થવા માટે બે ઘડી બાકી હોય ત્યાં સુધી એ પોષાવું જોઈએ. આ કર્મ સિવાયના કોઈ પણ કર્મમાં બંધ–ઉદયથી પોષાવાનો નિયમ નથી.

(૨) આ તીર્થંકર–નામકર્મ ત્રીજે ભવે નિયમિત થાય અને એ પોષાતું રહે. વળી એ લાગલાગટ રહે.

(૩) જગતના ઉદ્ધારની ભાવના માટેનું તીર્થંકર–પદ એ અનેક જન્મની લાગલાગટની કમાઈ છે.

(૪) શાસ્ત્રકારોએ ૧૨૦ પ્રકૃતિઓનો જે બંધ જણાવ્યો તેમાં આહારક–શરીર, આહારક–અંગોપાંગ અને તીર્થંકર–નામ કર્મ એ ત્રણને જ સારી ગણી. આ ત્રણ જ પ્રકૃતિઓ આત્માની નિર્મળતા

થાય ત્યારે જ બંધાય, જ્યારે બાકીની ૧૧૭ આત્માની મલિનતાથી બંધાય. વળી ઉપર્યુક્ત ત્રણ પ્રકૃતિ પૈકી પહેલી એમાં સંયમ કારણ છે, જ્યારે ત્રીજીમાં—તીર્થંકર-નામકર્મમાં સમ્યક્ત્વ કારણ છે.

અભવ્યનું સ્વરૂપ—આ વિચારતાં એમ કહેવાયું છે કે જ્ઞાન તો દરેક આત્મામાં સર્વજ્ઞપણાનું રહેલું છે. એ હિસાબે તો અભવ્યોને પણ 'કેવળજ્ઞાનાવરણીય' કર્મ છે એમ મનાયું છે.

એ વાત છે કે અભવ્યોને શાસન રુચતું નથી, પણ શાસનમાંથી માન-સન્માન મળતું હોવાથી એનાથી છૂટાતું નથી.

અભવ્ય જીવને સાધુપણું—મહાવ્રતપણું આવે તે ઢીંગલીના શણગાર જેવું છે.

ભવની ગણત્રી—ભવની ગણત્રી સમ્યક્ત્વથી છે, નહિ કે ચારિત્રથી.

મદ્રુક અને કાલોદાયિ—મદ્રુક શ્રાવકે મિથ્યાત્વી કાલોદાયિને કેવી યુક્તિ-પ્રયુક્તિનાં વચનો ઉચ્ચારીને પરાસ્ત કર્યો એ એણે ઉચ્ચારેલાં વચનો આરાધકને છાજે તેવાં હતાં.

વિયાહપણત્તિ (સં. ૨૧ ઉ. ૨; સુ.)માં જીવાસ્તિકાયનાં ૨૧ અભિવચન અપાયાં છે. તેમાં 'હિંદુઅ' પણ છે. એનો અર્થ એક ભવથી અન્ય ભવ કરનાર છે એમ વ્યાખ્યાતાએ કહ્યું છે. વિશેષમાં એમણે હિંદુ અને એ હિન્દુ એને એક ગણેલ છે. આ દૃષ્ટિએ જૈનો પણ 'હિન્દુ' છે.

નિસીહ (ઉ. ૧૦)ના ભાસ (ગા. ૨૮)ની ચુણિ (ગ્રન્થાંક ૩, પૃ. ૫૭૨) મા કાલકાચાર્યની કથામાં "**पहि हिन्दुगदेस**" છે. આમ હિન્દુસ્તાન માટે 'હિન્દુઓનો દેશ' એવો પ્રયોગ-અર્થ આ ચુણિ કરતાં પ્રાચીન કોઈ જૈન કે અજૈન ભારતીય કૃતિમાં હોય એમ જાણવામાં નથી.

અવેસ્તન **વેન્દિદાદ** (૧.૧૮)માં 'હપ્ત હિન્દુ' એવો ઉલ્લેખ છે અને ડેરિયસ કે જે ઈ. સ. પૂર્વે ૫૨૨-૪૮૬ માં થઈ ગયો તેના બહિસ્તાન ખડક પરના શિલાલેખમાં 'સ્પષ્ટપણે' હિ(ન્)દુ એવો ઉલ્લેખ છે.

હિન્દુકુશ—'હિન્દુ' સંબંધી વિચાર કરતાં મને 'હિન્દુકુશ' શબ્દનું અને 'હિન્દુઓને લગતો અંકુશ' એવી એની રમુજમાં સૂચવાતી વ્યુત્પત્તિનું પણ સ્મરણ થાય છે. આવું નામ **નિસીહચુણિ**માં કોઈ સ્થળે વપરાયું છે એમ સ્ફુરે છે.

હિન્દુકુશને પરાપમિસોસ કહેલ છે. એને માટેનું સંસ્કૃત નામ ઉપરિ-શ્યેન છે, જ્યારે અવેસ્તામાં એને 'ઉપાઈરિ-સએન' કહેલ છે. 'હિંદુકુશ'ને કોકેસસનું અપભ્રષ્ટ રૂપ ગણે છે; આ નામ આ પર્વતની હારમાળાને મેસેડોનિયનોએ-ગ્રીકોએ આપ્યું હતું. કાબુલ નદીની ઉત્તરે આવેલી હારમાળાના પર્વતોને 'નિષધ' કહે છે. આ 'નિષધ' શબ્દ પરોપનિસોસમાં હોય એમ મનાય છે. ગ્રીકના પરોપનિસદ્દે પરુ અને નિષધ એ બે શબ્દોની વચ્ચે 'પ'નો પ્રક્ષેપ કરવાથી બન્યું છે એમ પણ સૂચવાય છે.

યશ્ત (૮, ૩૨)માં ઉસ્-હિન્દ્વનો અને પહેલવીમાં ઉસ્-સુધ્ન્દ અને ઉસ્-ઇન્દમનો જે ઉલ્લેખ છે તે શું હિન્દુકુશને અંગે છે ?

આત્માની શક્તિ—અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળે અને ચૌદમે ગુણસ્થાને જાય એવી આત્માની અજબશક્તિ છે.

સંખ્યા—સર્વજીવોમાં ગર્ભજ મનુષ્યની રાશિ સૌથી ઓછી છે, ૨૯ આંકથી વધારે નથી.

આરાધના—વચનની આરાધના અને વક્તાની આરાધના વચ્ચેનો સંબંધ તેમજ ગુણ અને ગુણીની આરાધના વચ્ચેનો સંબંધ દર્શાવાયેલ છે,

'નમો' કેમ ?-'નમસ્કાર' સૂચવનાર ક્રિયાપદ ન લેતાં અવ્યયરૂપ **નમો** કેમ લીધું એ પ્રશ્નનો ઉત્તર અપાયો છે.

ધર્મધ્યાનના ચાર પાયાનું સ્વરૂપ અપાયું છે.

ચમકપાષાણ યાને લોહચુંબક-'ચમક' શબ્દના ચાર અર્થ થાય છે. એમાંનો એક તે 'લોહચુંબક' છે. ચમકપથ્થર ચમકપહાણ અને ચમકપાષાણ એ ત્રણેનો તેમજ ચમકબાણનો અર્થ પણ લોહચુંબક છે. લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય તે 'લોહચુંબક' છે. એને

અંગ્રેજીમાં લોડસ્ટોન તેમજ મેગ્નેટ કહે છે. આને અંગે કહ્યું છે કે લોહચુંબક લોઢાને ખેંચે પણ પિત્તળ વગેરેને ન ખેંચે.

ન્યાયાચાર્ય યશોવિજયગણિકૃત ઋષભજિનસ્તવમાં નીચેની છઠ્ઠી કડીમાં 'ચમકપાષાણ' છેઃ–

'ચમકપાષાણ જિમ લોહને ખેંચશે
મુક્તિને સહજ તુજ, ભક્તિ રાગે।"

આ ગણિવરે "રાજનગરમંડન શ્રીમહાવીરજિનસ્તવન"ની ચોથી કડીમાં પણ 'ચમકપાષાણ' શબ્દ વાપર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છેઃ–

"ચમકપાષાણ ખંચ્યે સંચસે લોહને રે કે સંચસે
તિમતુજ ભગતિ મુગતિનિ ખંચસે મોહને રે કે ખંચસે" ૩

રત્નમંડનગણિએ **સુકૃતસાગર** (પત્ર ૧૮ અ)માં અને મલયગિરિ સૂરિએ **આવસ્સય** ઉપરની વૃત્તિ (પત્ર ૨૫ અ)માં 'લોહચુંબક'ના અર્થમાં 'અયસ્કાન્ત' શબ્દ વાપર્યો છે.

હરિભદ્રસૂરિએ **ધમ્મસંગહણિ** (ગા. ૩૭૨)માં આ અર્થમાં 'લોહોવલ' શબ્દ વાપર્યો છે, અને એની શક્તિ પણ દર્શાવી છે. આ રહી એ ગાથાઃ–

"लोहोवलस्स सती आयत्था चेव भिन्नदेसं पि ।
लोहं आगरिसंती दीसइ इह कज्जपच्चक्खा ॥३७४ ॥

પારસમણિ—"પારસમણિને લોઢું અડે તો સોનું પણ થાય ચાંદી અડે તો કંઈ ન થાય". એમ એનું સ્વરૂપ દર્શાવી પદાર્થના સ્વભાવની વિચિત્રતાનું પ્રતિપાદન કરાયું છે.

'પારસમણિ' એ શબ્દ 'સ્પર્શમણિ'નું રૂપાંતર છે એમ કહેવું ઉચિત જણાય છે, કેમકે જિનમંડનગણિએ વિ. સં. ૧૪૯૨ થી ૧૪૯૮ના ગાળામાં **શ્રાદ્ધગુણવિવરણ** નામના ગ્રન્થના આઠમા ગુણના

પ્રારંભમાં 'સ્પર્શપાષાણ' તરીકે જે નીચે મુજબ ઉલ્લેખ પત્ર ૨૬૭માં કર્યો છે તે આ 'પારસમણિ'ને લગતો છે એમ લાગે છે :—

"पश्य सत्सङ्गमाहात्म्यं स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णीभवेत् स्वर्णयोगात् काचो मणीयते ॥"

સોમસુન્દરસૂરિના શિષ્ય જિનકીર્તિસૂરિએ જે **દાનકલ્પદ્રુમ** રચ્યું છે તેના ચોથા પલ્લવમાં ૧૧માં પદ્યમાં 'સ્પર્શાશ્મન્' અર્થાત્ સ્પર્શપાષાણનો એટલે કે પારસમણિનો ઉલ્લેખ છે અને એના પછીના પદ્યમાં 'તેજન(મ)તૂરિકા'નો ઉલ્લેખ છે કે જેને આ સ્પર્શપાષાણોની ખાણની પાસે રહેલી મટોડી તરીકે ઓળખાવી છે,

નૃસિંહ શર્મા દ્વારા સંકલિત **ચમત્કારિક દૃષ્ટાંતમાલા** (નવરાત્રી મહોત્સવ)ની ત્રીજી આવૃત્તિનાં 'લોહની ડબ્બીમાં પારસ' એ નામની એક વાર્તા છે.

ઉપર્યુક્ત ઋષભજિનસ્તવનની ત્રીજી કડીમાં 'કનકમણિ'નો જે નીચે મુજબ ઉલ્લેખ છે તે જ 'પારસમણિ' હોય એમ લાગે છેઃ—

"કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે ?"

પ્રકીર્ણક બાબતો

મનઃપર્યવજ્ઞાન કયારે ?—ધન, માલમિલ્કત વગેરેનું રાજીનામું આપીને નીકળે તેને જ મનઃપર્યવજ્ઞાન થાય.

રાવણનું અભિમાન : રાવણે સીતાનું શીલ ખંડિત કર્યું નથી, કેમકે મરજી વગર એનો એ સ્વીકાર કરવા ઇચ્છતો ન હતો. એણે તેમ છતાં સીતાને પાછી ન આપી તેનું કારણ એ દર્શાવાયું કે 'હું નિર્બળ છું કે એને લાવ્યા પછી આપી દઉં ?' એવા અભિમાનને ખાતર એણે રામને સીતા ન સોંપી.

માખીના ચાર પ્રકાર—માખીના ચાર પ્રકારો ગણાવાયા છે.

આ હકીકત પુણ્યના ચાર પુણ્યાનુબંધી અને પાપાનુબંધી એ બે પ્રકાર અને પાપના પણ એ બે પ્રકાર સાથે પણ ઘટાવાય છે એમ સાંભળ્યું છે,

'દહેરાવાસી શબ્દ--'દહેરાવાસી' શબ્દ અનુચિત છે એ વાત વિચારાઈ છે.

હિંસા એટલે ?— 'હિંસા પાપનું સ્થાનક છે પણ પાપ નથી' એ વાત દર્શાવાઈ છે.

વ્યવહારુ જ્ઞાન–મરચાંની બળતરા મટાડવાનો ઉપાય, બાળ ખાતાં એની કરચ પડે, સિંહ આવે ત્યારે કેટલાંક જનવરો આંખ મીંચે, દુંગળીને બાળવા છતાં ગંધ ન જાય, ઘાસની ગાંઠડી એવી બંધાય છે કે તેમાં તણખો પડે તો ઉપરનું બળે પણ અંદર બચે ઇત્યાદિ બાબતો, ખેડૂતનું ઉદાહરણ, ગોરના બે પ્રકાર અને શેરડિ એટલે કોણ અને એનું કાર્ય શું ? એ હકીકત વ્યાખ્યાતાના વ્યવહારુ જ્ઞાનની વિશાળતાનો ખ્યાલ કરાવે છે.

પારખ—કીડી એક જોજને રહેલી ચીજની ગન્ધને પારખે છે. કીડીમાં ગંધ પારખવાની જેટલી શક્તિ છે એટલી આપણામાં નથી.

રસ્તો પારખવાની તાકાત જે કૂતરામાં છે તે ભલભલામાં નથી.

સોનું છે કે પિત્તળ તેની પારખ માટે કસોટી છે.

ચાંદી છે કે કલાઈ છે તેની પારખ માટે લીંપણ છે.

પ્રાચીન કાળમાં રાજાઓ બાવા બેસતા ત્યારે 'ચકોર' પક્ષી રાખતા, કેમકે એ પક્ષીનો સ્વભાવ એવો કે ઝેરી વસ્તુ હોય તો રાડારાડ પાડે. આને અંગે **સમરાઇચ્ચચરિય** (ભવ ૪, પત્ર ૩૦૬)ની સાક્ષી અપાઈ છે.

ઉપદેશપ્રાસાદ (સ્તમ્ભ ૨, વ્યાખ્યાન ૨૩) માં અવતરણ રૂપે નીચે મુજબનું પદ્ય છેઃ-

"दृष्ट्वाऽन्नं सविषं चकोरविहगो धत्ते विरागं दृशो–
र्हंसः कूजति सारिका च वमति क्रोशत्यजस्रं शुकः ।
विष्ठां मुंचति मर्कटः परभृतः प्राप्नोति मृत्युं क्षणात्,
कौञ्चो माद्यति हर्षवांश्च नकुलः प्रीतिं च धत्ते द्विकः ॥"

આનો અર્થ એ છે કે ઝેરવાળું અન્ન જોઈને ચકોર પક્ષી નેત્રમાં વિરાગ ધારણ કરે છે અર્થાત્ આંખ મીંચે છે, હંસ કૂજન કરે છે–શબ્દ કરે છે, સારિકાને વમન થાય છે, પોપટ વારંવાર આક્રોશ કરે છે, વાંદરો વિષ્ટા કરે છે, કોયલ ક્ષણવારમાં મરણ પામે છે, ક્રૌંચ રાજી થાય છે, નોળિયો આનંદ પામે છે અને કાગડો પ્રસન્ન થાય છે.

હેમવિજયગણિએ વિ. સં. ૧૬૫૭માં કથારત્નાકર રચ્યો છે. એમાં ૨૬મા પત્રમાં આને અંગે અવતરણરૂપે નીચે મુજબનાં પદ્યો છેઃ–

"विषयदुष्टाशनस्वादात्, काकः क्षामस्वरो भवेत् ।
लीयते मक्षिका नात्र, विलीना च विपद्यते ॥ १ ॥

अन्नं सविषमाघ्राय भृंगः कूजति चाधिकम् ।
सारिका सविषेऽन्ने तु, विक्रोशति तथा शुकः ॥ २ ॥

विषान्नदर्शनानेत्रे, चकोरस्य विरज्यतः ।
म्रियते कोकिलो मत्तः, क्रौंचो माद्यति तत्क्षणात् ॥ ३ ॥

नकुलो हृष्टलोमा स्यान्मयूरश्च प्रमोदते ।
अस्य चालोकमात्रेण विषं मन्दायते क्षणात् ॥ ४ ॥

उद्वेगं याति मार्जारः, पुरिषं कुरुते कपिः ।
गतिः स्खलति हंसस्य, ताम्रचूडो विरौति च ॥ ५ ॥"

મુદ્રારાક્ષસ (અંક ૨, પૃ. ૫૧)માં સોનાના પાત્રમાં યોગચૂર્ણથી

ચાને વિષમિશ્રિત ઔષધને રખાતાં એ ઔષધનો રંગ બદલાઈ ગયાનો ઉલ્લેખ છે.

સંપ—સંપ કરનાર, વધારનાર અને ટકાવનારમાં કઈ ત્રણ વસ્તુઓ જોઇએ તે નીચે મુજબ દર્શાવાઇ છેઃ—

(૧) કોઈને નુકસાન ન કરવું.

(૨) બીજાએ કરેલા ગુનાની ગાંઠ બાંધવી નહિ.

(૩) ઉપકારનો વખત જવા દેવો નહિ.

કુસંપનાં કારણો—(૧) આપણા (પોતાના) ગુનાને ઢાંકવા, (૨) પારકાના ગુનાને મોટો ગણીને ગાંઠ બાંધવી અને (૩) ઉપકારનો બદલો જવા દેવો—એ ત્રણ કુસંપનાં કારણો છે.

વિચારની સફળતા કયારે?—જેનામાં (૧) વસ્તુ કરવાની (**कर्तुम्**), (૨) વસ્તુ થતી બંધ કરવાની (**अकर्तुम्**) અને (૩) વસ્તુ ઉથલાવવાની-ઉલટાવવાની (**अन्यथा कर्तुम्**) એમ ત્રણ પ્રકારની તાકાત હોય તે મનુષ્ય વિચાર કરે તો એ સફળ થાય.

કાર્યની સિદ્ધિ—નિશ્ચય એ કાર્યની પહેલામાં પહેલી ભૂમિકા છે. કાર્યનાં સાધનોની સાચી અને પૂરી સમજ એ એની બીજી ભૂમિકા છે. એમાં પ્રવૃત્તિ કરવી એ એની ત્રીજી ભૂમિકા છે. **નિશ્ચય, સમજ અને રચના ત્રણ થાય તો જ કાર્ય થાય**

કિસ્સા-કહાનીઓ—સાંઢણી અને ડોસીની વાત, 'આ ફસા આ ફસા'નો કિસ્સો, અકબર અને બીરબલની વાત, લુચ્ચી વહુનું દૃષ્ટાંત અને ચિતારા અને ભરવાડની કથા અપાયેલ છે.

'કાણી હાથણી અને બે વિદ્યાર્થીઓ નામની જે વાર્તા અપાઈ છે તે જૈન શાસ્ત્રમાં જે ચાર પ્રકારની બુદ્ધિ પૈકી 'વૈનયિકી' બુદ્ધિના ઉદાહરણરૂપ છે. આ વાર્તા સંક્ષેપમાં **આવસ્સય-ચુણિ** (ભા. ૧,

પત્ર ૫૫૩)માં છે. હરિભદ્રસૂરિની **આવસ્સયની** ટીકા (પત્ર ૪૨૩ આ)માં પણ લગભગ આ જ વાર્તા છે. **નંદી** (ગા. ૬૭)ની મલયગિરિસૂરિકૃતિ વૃત્તિ (પત્ર ૧૬૦ અ) માં આ વાર્તા સંસ્કૃતમાં છે. આ વાર્તાનું સૂચન **આવસ્સય-નિજ્જુત્તિ** (ગા. ૯૪૪)માં 'નિમિત્ત' શબ્દથી કરાયું છે.

આયંદે–આ ફારસી શબ્દ છે. એના (૧) હવે પછી, ભવિષ્યમાં (૨) સરવાળે એમ બે અર્થ છે. પહેલો અર્થ અત્ર પ્રસ્તુત છે.

ઓંધણુ–જેને અહીં સુરતમાં 'આધરણ' કહે છે તેને અન્યત્ર અધરણ, આંધણ, આધણ કે આધણ કહે છે. આનો અર્થ 'અનાજને બાફવા માટે ઊકળવા મૂકેલું પાણી' થાય છે.

દમગોટીલો—આનો અર્થ છોકરાંની એક રમત છે.

પાટડો–આનો અર્થ વહેરેલો પાસાદાર ભારવટિયો છે.

બચુરિયાં–નાનું બચ્ચું એ અર્થમાં 'બચોળિયું' શબ્દ છે.

વતેરહું–આનો અર્થ 'વકતા' અપાયો છે.

અંતમાં સૌ કોઇને સાચા ધર્મની પ્રાપ્તિ થાઓ.

તાજેતરમાં થયેલ સહ્યો

આજીવન—શ્રી જૈનસંઘ–માગ્મલં–મદ્રાસ. અંજનશલાકા
સહ્ય નિમિત્તે સુરેન્દ્રનગર જૈનસંઘ–સુરેન્દ્રનગર
(ગણિવર્ય શ્રી અભ્યુદયસાગરજીની પ્રેરણાથી)

શ્રુતસહાયક—શ્રી વાવ જૈનસંઘ–વાવ
(ગણિવર્ય શ્રી નરદેવસાગરજીની પ્રેરણાથી)
–શ્રી અંધેરી સંઘની બેનો–અંધેરી
(સાધ્વી શ્રી સુશીમા શ્રીજીની પ્રેરણાથી)

* સાદર સમર્પણ *



જે મહાપુરૂષે આગમોદ્ધારકશ્રીની અમર વાણીને "આગમ જ્યોત" દ્વારા આપવા પ્રેરણા કરી, અંધારામાં અથડાતા અનેકોના ઉદ્ધાર કરવાપૂર્વક સાગરસમુદાયનું વર્ષો સુધી સુચારુ સંચાલન કરનાર શાસન શીરતાજ સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રી માણેકય સાગર સૂરીશ્વરજી મ. સાહેબના ચરણ કમળમાં

"ષોડશક પ્રકરણ દર્શન"

ગ્રન્થ સાદર કોટી વંદનપૂર્વક

સમર્પણ કરૂં છું.

ગણિ નિત્યોદય સાગર

પ્રકરણ પમરાટ

પરમ પૂજ્ય શાસન શાર્દૂલ આગમોદ્ધારક આચાર્ય ભગવંત શ્રી આનન્દ સાગરસૂરીશ્વરજી મ. સાહેબનાં "ષોડશક પ્રકરણ" પરનાં વ્યાખ્યાનો વાંચવાથી જીવનમાં પુણ્ય પ્રકાશનો પમરાટ પથરાઈ રહે છે. આવા અનન્ય, સમર્થ, અદ્વિતીય આચાર્ય શિરોમણિના જીવન, કથન કે વ્યક્તિત્વ તેમજ પ્રતિભા વિશે કાંઇ લખવું તે બાલચેષ્ટા છે.

ક્યાં તે મહાન વિરાટ વિભૂતિ ને ક્યાં અમારા જેવા અલ્પ-તમાંશ અજ્ઞાની !

આ વ્યાખ્યાનો જેણે સાંભળ્યાં હશે તે આત્માઓને ધન્ય છે. શ્રોતાઓના મનમાં ઉપસ્થિત થતા પ્રશ્નો પોતે જ દર્શાવે છે અને તેનો ઉત્તર શાસ્ત્રોક્ત ને સચોટ આપે છે. તાત્ત્વિક વાત સરળ સહજ બને તે માટે નિત્ય અનુભવાતાં દૃષ્ટાન્તો આપે છે. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે તેવી આગવી વિશિષ્ટ શૈલીને કારણે તેઓશ્રીના પ્રવચનમાં મીઠાશ અનુભવાય છે. તે સાંભળવા–સમજવા તે સમયના પુણ્યશાળી આત્માઓ કેવા તન્મય બનતા હશે ?

આવા મહાપુરૂષના વ્યાખ્યાનોને ગ્રંથસ્થ કરવા માટે પ. પૂ. પ્રાતઃ સ્મરણીય આચાર્ય ભગવંત શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે અનેરી કૃપા દર્શાવી તેમજ પરમ પૂજ્ય સંગઠ્ઠન પ્રેમી શ્રી નિત્યોદય સાગરજી મહારાજ સાહેબે આ પુસ્તક સંપાદન કરી અનેરી ઉષ્મા અર્પી તથા શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિએ આ કાર્યને સફળ બનાવવા વિશ્વાસ મૂક્યો તે બધાનો હાર્દિક આભાર માની કૃતાર્થ બનું છું.

થોડો સમય શ્રી ઓચ્છવભાઇ મફતલાલે અનેરો સાથ આપ્યો ને આ કાર્યને પ્રગતિપંથે રાખ્યું તે માટે તેમનો આભાર માનું છું.

આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરૂદ્ધ છપાઇ ગયું હોય તે માટે ત્રિવિધે ત્રિવિધે ક્ષમા ચાહું છું.

આષાઢી બીજ, ૨૦૩૮.
૧૬, શત્રુંજ્ય સોસાયટી
પાલડી, અમદાવાદ ૭

લાલચંદ કે. શાહ
(વણોદવાળા)

આગમધરસૂરિનો અલ્પ પરિચય

વિદ્યા–કળા અને ધર્મના ધામસમું, નવાંગી ટીકાકાર અભયદેવસૂરિના સ્મરણથી પવિત્ર બનેલું કપડવંજ શહેર તે જ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિ મ. ની જન્મભૂમિનું ગામ.

માતા યમુનાબાઇ ને પિતા મગનલાલ ગાંધીને ત્યાં સંવત ૧૯૩૧ ના અષાઢ વદ ૧૦ના પુત્રજન્મ સુવર્ણ જેવા ચમકતા ને રૂપવંત હોવાથી નામ હેમચંદ્ર પાડયું. વીસા નીમા જ્ઞાતિમાં અગ્રગણ્ય મગનભાઈના હૈયામાં ધર્મની જ્યોત સતત ઝબકતી હતી તેથી ઋદ્ધિસિદ્ધિ, ને સંપત્તિ સાથે તેમનું હૃદય દીક્ષામાં ઘૂમતું હોવાથી પુત્રોમાં પણ ધર્મના સુસંસ્કાર નાખ્યા. પરિણામે મોટા પુત્ર મણિલાલે સં. ૧૯૪૬માં પૂ. મુનિશ્રી નીતિવિજય પાસે દીક્ષા સ્વીકારી. આ પ્રસંગથી હેમચંદ્રના હૈયામાં પણ સંસારની અસારતા ઉતરી. પુત્ર સાધુ ન બને તેટલા માટે માતા અને કુટુમ્બીજનોએ બળજબરીથી બાર વર્ષની ઉમ્મરે માણેકબાઇ સાથે લગ્નગ્રન્થિથી જોડયા. પત્નીના દાગીના કરાવવા પિતા સાથે અમદાવાદ આવ્યા ને જંબૂસ્વામીનો રાસ સાંભળતાં વૈરાગ્યવૃદ્ધિ થતાં ૧૯૪૬માં દીક્ષા લીધી. સસરાએ કોર્ટનો આશરો લીધો ને કોર્ટે ફરજિયાત ઘેર જવા ફરમાવ્યું ને ચરિત્રનાયકને સંસારમાં જવું પડયું.

એક વર્ષ પણ ન થયું, ત્યાં તો પિતાની સાથે પુનઃ અમદાવાદ આવ્યા ને પુનઃ રાસ સાંભળતાં, વૈરાગ્ય થતાં પિતાની સંમતિ લઇ લીંબડી જઈ પ. પૂ. મુનિરાજ શ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે સં. ૧૯૪૭માં ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી **આનંદસાગર** બન્યા.

છ માસમાં જ ગુરૂમહારાજ કાળધર્મ પામ્યા.

એકલે હાથે પોતાનો પુરૂષાર્થ અજમાવવા કાળે એકલા અને અટૂલા ફર્યા. સંવત ૧૯૪૭નું **ચાતુર્માસ** વઢવાણ, ૧૯૪૮ અમદાવાદ (શાહપુર), ૧૯૪૯ ઉદયપુર, ૧૯૫૦ પાલી, ૧૯૫૧ સોજત, ૧૯૫૨માં પેટલાદ. આ છ વર્ષના **અલ્પ સમયમાં ગુજરાત, મેવાડ** અને મારવાડના

વિહારો સાથે પંડિતો પાસે તેમજ સ્વયં અધ્યયન કરી **સાગરજી મ.** તરીકે વિખ્યાત થયા અને મનસુખભાઈ ભગુભાઈ જેવા સંઘનાયકો અને 'મુંબઈ સમાચાર' તથા 'સયાજી વિજય' જેવા દૈનિક પત્રો તેમના તરફ આકર્ષાયા ને જૈન સમાજમાં પૃચ્છાયોગ્ય પુરૂષ તરીકે પ્રસિદ્ધ થયા ને ૧૯૫૨માં સંવત્સરીનો પ્રશ્ન ઊભો થતાં શ્રી સંઘને સત્ય માર્ગદર્શન આપ્યું.

સં ૧૯૫૩ છાણી, ૧૯૫૪ ખંભાત, ૧૯૫૫ સાણંદ, ૧૯૫૬–૫૭–૫૮ (ત્રણ વર્ષ) અમદાવાદ, ૧૯૫૯ ભાવનગર, ૧૯૬૦ અમદાવાદ, આ આઠ વર્ષમાં ઈતિરો ના આક્રમણનો સામનો કરવા સાથે વિદ્યાભ્યાસ વધાર્યો અને પ. પૂ. આ. શ્રી નેમિસૂરિ તથા શ્રી મણિવિજયજી સાથે રહી જૈનશાસનની પ્રભાવના સાથે યોગોદ્વહન કર્યા અને સં. ૧૯૬૦ ના જેઠ સુદ ૧૦ ના **ગણિપદ** અને અષાઢ સુદ ૧૩ ન **પન્યાસ-પદે** આરૂઢ થયા.

સં. ૧૯૬૧ કપડવંજ, ૧૯૬૨ ભાવનગર, ૧૯૬૩ અમદાવાદ ચાતુર્માસ કરી શત્રુંજય–તારંગાની યાત્રાઓ કરી. ૧૯૬૪ના ચાતુર્માસ માટે મુંબઇ લાલબાગ પધાર્યા.

આ જ અરસામાં સમેતશિખર ગિરિ ઉપર હવા ખાવા માટે બંગલા બનાવવાનો સરકારે નિર્ણય કર્યો. પૂ. આચાર્યમહારાજે પ્રજાને સરકારની સામે જાગૃત કરી. તીર્થરક્ષા માટે ધનના ઢગલા થયા, યુવાનોએ મૃત્યુની પણ અવગણના કરી, ધર્મ માટે મરવાનું મંજુર કર્યું. પરિણામે બંગલા બગલા બની ઊડી ગયા. ચાતુર્માસ બાદ શેઠ શ્રી અલેચંદ સ્વરૂપચંદ ઝવેરીએ પૂજ્ય શ્રી ની નિશ્રામાં અંતરીક્ષ જીનો છ'રી પાલિત સંઘ કાઢયો, સંઘમાં સાથે રાખેલ પ્રતિમા અંતરીક્ષ પાર્શ્વનાથના મંદિરમાં પધરાવવા જતાં દિગંબરો લાકડી લઇ તૂટી પડયા. સંઘના માણસોને ખૂબ ઈજા થઈ અને 'ચોર કોટવાલને દંડે' તે ન્યાયે દિગંબરોએ કોર્ટનો આશરો લીધો. કોર્ટે તહોમતનામું ફરમાવ્યું. જૈનોની નિંદ હરામ થઇ.

આગેવાનો આગળ આવ્યા. અડધા કલાક પછી જ કોર્ટનું જજમેંટ હતું; પરંતુ મહારાજ કોર્ટના કંપાઉન્ડમાં બેસી પંચાશક ના અર્થ સમજાવતા હતા તેથી કુંવરજી આણંદજી ભાવનગરવાળાએ કહ્યું: 'કોર્ટના જજમેન્ટને અડધા કલાકની જ વાર છે. આપને શું થશે તેનો વિચાર કર્યો ?'

મહારાજે કહ્યું : "જે કરવાનું છે તે મેં નક્કી જ કર્યું છે."

કોર્ટે ચુકાદો આપ્યો કે 'પંન્યાસ આનંદ સાગરજીએ ધર્મની રક્ષા કરવા બધું યોગ્ય કર્યું છે મહાત્માએ સત્ય અને પરિપૂર્ણ જુબાની આપી છે અને તેઓ નિર્દોષ છે. 'ભલાના ભેરૂ ભગવાન,' તે આનું નામ.

સં. ૧૯૬૫ ના ચેવલા ચોમાસુ કરી, ઉપધાન કરાવી, ૧૯૬૬માં સુરત ચાતુર્માસ માટે આવ્યા. ત્યાં **'શીવજી લાલન પ્રકરણ'** શરૂ થયું તેથી પૂજ્ય શ્રી ની નિશ્રામાં સંઘ ભેગો થયો અને સંઘે તેમનો બહિષ્કાર કર્યો.

સં. ૧૯૬૭ સુરત, ૧૯૬૮ ખંભાત, ૧૯૬૯ છાણી, ૧૯૭૦ પાટણ ચાતુર્માસ કર્યું. પાટણમાં સેંકડો સાધુ સાધ્વીઓ પધાર્યા **ને આગમની સૌ પ્રથમ વાચના** આપવા સાથે **આગમોદય સમિતિની** સ્થાપના કરી.

આગમ વાચનાનું તે વખતનું દૃશ્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની વલ્લભી વાચનાની સ્મૃતિ કરાવે તેવું થયું. પરિણામે બીજી ભોયણી, ત્રીજી પાટણ, ચોથી કપડવંજ, પાંચમી અમદાવાદ, છઠ્ઠી અને સાતમી સુરત, આઠમી પાલીતાણા અને નવમી રતલામ એમ **નવ વાચનાઓ** આપી.

પ. પૂ. આ. દેવ શ્રી મેઘસૂરીશ્વરજી મ. સા.,
પ. પૂ. આ. દેવ શ્રી હર્ષસૂરીશ્વરજી મ. સા.,
પ. પૂ. આ. દેવ શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. સા.,
પ. પૂ. આ. દેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ. સા.,

તથા પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. વગેરે આજના

સારા ગણાતા અને આગમના અભ્યાસીઓને આ આગમ વાચનાનો જ પ્રતાપ છે.

સં. ૧૯૭૧ નું પાટણ, ૧૯૭૨ નું અમદાવાદ ચાતુર્માસ કરી ૧૯૭૩માં સુરત પધાર્યા. સં. ૧૯૭૪ના વૈશાખ સુદ ૧૦ ના દિવસે બાદશાહી મહામહોત્સવ પૂર્વક પ.-પૂ. આચાર્યદેવ શ્રી વિજય કમલસૂરીશ્વર મહારાજે તેમને **આચાર્યપદારોપણ** કરાવી **આગમોદ્ધારક** તરીકે પ્રતિષ્ઠિત કર્યા.

દેવદ્રવ્યની ચર્ચાનો સામનો કરવા સાથે તેમજ દેશમાં પડેલા દુષ્કાળ માટે મોટું ફંડ કરાવવા સાથે સં. ૧૯૭૪નું ચાતુર્માસ પૂર્ણ કરી સં. ૧૯૭૫માં **આનંદ પુસ્તકાલયની સ્થાપના** કરી. ચાતુર્માસ બાદ જીવણચંદ ધરમચંદે સિદ્ધગિરિના કાઢેલ સંઘમાં પધાર્યા. ૧૯૭૬નું ચાતુર્માસ પાલીતાણા કરી, રતલામ થઈ, ૧૯૭૭ માં શૈલાના પધાર્યા ને ત્યાંના રાજા દિલિપસિંહજીને પ્રતિબોધી, આખા માળવામાં ધર્મની જ્યોત ઝગમગાવી. માંડવગઢ, ભોપાવર વગેરે તીર્થનો ઉદ્ધાર કરવા સાથે ૧૯૭૮-૧૯૭૯નું ચાતુર્માસ રતલામ કરી, બંગાલ પધાર્યા. ૧૯૮૦નું ચાતુર્માસ કલકત્તા કરી, ૯૬, કેનીંગ સ્ટ્રીટમાં ઉપાશ્રય કરાવી, ૧૯૮૧માં અજીમગંજ આવી બાબુઓના જ્ઞાનભંડારો વ્યવસ્થિત કરાવી, સેંકડો માણસોને નાનામોટા વ્રતોથી વ્રતી બનાવ્યા. સં. ૧૯૮૨ સાદડી, ૧૯૮૩ ઉદયપુર ચાતુર્માસ કરી મારવાડમાંના કુસંપો દૂર કરાવી કેસરિયાજીમાં દિગંબરોની આડખીલી હોવા છતાં, તેમની દરકાર કર્યા વિના ધજાદંડ ચઢાવ્યો. સં. ૧૯૮૪ અમદાવાદ, ૧૯૮૫ ભાવનગર ચાતુર્માસ કરી, ૧૯૮૬માં ખંભાત પધાર્યા. તપ અને ત્યાગની ઓજસ્વી-વાણીએ પાણીની માફક અનેક જીવોના દિલ અને દિમાગને સાફ કર્યા, અનેક જીવો વૈરાગ્યને રંગે વળ્યા. મોક્ષમાર્ગના પથિક દેવસીભાઈ ધ્રાંગધ્રાથી વેપાર માટે આવેલ. તેમના મનમાં પણ વૈરાગ્યના વિચારો પ્રગટયા અને ગુરૂચરણે મસ્તક મૂકી જેઠ વદ ૧૪ના દેવસીભાઈમાંથી મુનિ દર્શનસાગર બન્યા (જે આજે આચાર્ય દર્શનસાગરસૂરીશ્વરજી તરીકે વિખ્યાત છે.)

૧૯૮૭ અમદાવાદ, ૧૯૮૮નું ચાતુર્માસ મુંબઈ કરી, ૧૯૮૯માં સુરત પધાર્યા. આ ચાતુર્માસમાં દીક્ષા વિરોધી પ્રવૃત્તિએ જોર પકડયું. વડોદરા રાજ્યનો સંન્યાસ દીક્ષા નિયામક કાયદો આવ્યો. વિરોધમાં આચાર્ય મહારાજ મોખરે રહયા. પરિણામે દીક્ષા વિરોધની પ્રવૃત્તિ જેમજેમ જોર પકડતી ગઈ, તેમતેમ સારા સુખી ઘરના યુવાનો સંસાર છોડી ભાગવતી દીક્ષા અંગીકાર કરવાવાળા બન્યા. લોકોમાં ધર્મરાગ પ્રગટયો અને મુનિસંસ્થા બેવડાઈ ગઇ. દુષમકાલ સુષમ જેવો થયો અને જૈનેતરોને પણ દીક્ષા પ્રત્યે આદર વધ્યો. સં. ૧૯૯૦માં સેંકડો સળગતા પ્રશ્નોના સમાધાન માટે રાજનગરમાં મુનિસંમેલન થયું અને પૂજ્યશ્રીએ કુશાગ્ર બુદ્ધિ વડે તે સફળ કર્યું. સં. ૧૯૯૦ મહેસાણા, ૧૯૯૧ પાલીતાણા૧૯૯૨-૯૩માં જામનગર ચાતુર્માસ કરી પોપટલાલ ધારશીભાઈ ને પ્રતિબોધી, યાદગાર સંઘ કઢાવી, ૧૯૯૪ પાલીતાણામાં ચાતુર્માસ કરી, શેઠશ્રી મોહનલાલ છોટાલાલના અદ્વિતીય ઉજમણા માટે અમદાવાદ પધાર્યા. સં. ૧૯૯૫નું ત્યાં જ ચાતુર્માસ કરી, ૧૯૯૬-૧૯૯૭-૧૯૯૮નું ચાતુર્માસ પાલીતાણા કરી, અજોડ આગમમંદિરનું સર્જન કરી, ૧૯૯૯માં આઠ નવકારશીઓ અને સમગ્ર શહેરના જમણ સાથે અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી, જન્મભૂમિમાં ચાતુર્માસ માટે પધાર્યા. ૧૯૯૯નું ચાતુર્માસ કપડવંજ કરી, ૨૦૦૦ના ચાતુર્માસાર્થે મુંબઈ પધાર્યા. ૨૦૦૧ થી ૨૦૦૫ છેલ્લા પાંચ ચાતુર્માસ સુરત કરી, લથડતી અને દિન પ્રતિદિન ઘસાતી જતી કાયાની પણ પરવા કર્યા વિના ઐતિહાસિક **તામ્રપત્રાગમ મંદિરનું** સર્જન કર્યું. ભયંકર માંદગીમાં પણ 'કર્મ કઠીન ને કાયા સુંવાળી'ના સ્મરણ સાથે આરાધનામાં મસ્ત રહી હજારો શ્લોકોનું સર્જન કર્યું અને સં. ૨૦૦૬ના વૈ. વદ પના ૪-૩૨ કલાકે છેલ્લા પંદર દિવસથી અર્ધપદ્માસને સ્થિર રહી, ત્રણ દિવસ અગાઉ આહારાદિના પ્રત્યાખ્યાનપૂર્વક મૌનપણે દેહનું વિસર્જન કરનાર **આગમસમ્રાટને અગણિત વંદન!**

ગણિ ચંદ્રાનન સાગર

વિષયાનુક્રમ

- પ્રકાશકીય નિવેદન — શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી
- સંપાદકીય — ગણિવર્ય શ્રી નિત્યોદયસાગરજી મ.સા.
- આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નમ્ર નિવેદન — નિવેદક–ટ્રસ્ટી ગણ
- પ્રવેશક: — હીરાલાલ ૨. કાપડિયા
- પ્રકરણ પમરાટ — લાલચંદ કે. શાહ
- આગમધરસૂરિનો અલ્પ પરિચય — ગણિ ચંદ્રાનન સાગર
- સ્તુત્યષ્ટક ગણિ ચંદ્રાનનસાગર હીરાલાલ ૨. કાપડિયા
- પ્રકરણ અનુક્રમણિકા — પાના ૧ થી ૪૩૬

[ટ્રસ્ટ રજીસ્ટર્ડ નંબર ઈ. ૨૭૨૧ (મુંબઈ]

આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ
તરફથી આગમોની ચાવીરૂપ પ્રકાશનો

	કિંમત
૧. પર્વ મહિમા દર્શન	રૂા. ૨૫–૦૦
૨. દેશના મહિમા દર્શન	રૂા. ૨૫–૦૦
૩. આનંદ પ્રવચન દર્શન	રૂા. ૨૫–૦૦
૪. ષોડશક પ્રકરણ દર્શન	રૂા. ૨૫–૦૦

ષોડશક પ્રકરણ દર્શન

વ્યાખ્યાન	વિષય	પાનું
૧	બુદ્ધિ-ભક્તિ અને ધર્મ	૧
૨	આર્ય-અનાર્ય અને કર્મબંધ	૬
૩	અજ્ઞાન અને સંસાર	૧૩
૪	વચનની આરાધના	૨૩
૫	ભવભ્રમણ અને ધર્મ પરીક્ષા	૩૩
૬	અધિકાર અને અધિકારી	૪૩
૭	વિઘાતક દાવાનળ	૫૧
૮	કથની અને કરણી	૬૦
૯	આરાધના અને શક્તિ	૬૮
૧૦	સામાન્ય કેવળી અને તીર્થંકર	૮૦
૧૧	દેવ અને ધર્મની પરીક્ષા	૯૧
૧૨	જેલ, મહેલ અને આરાધના	૧૦૦
૧૩	ધર્મનું નિરૂપણ	૧૧૦
૧૪	વચનની આરાધના	૧૨૦
૧૫	કેવળી અને તીર્થંકર	૧૩૦
૧૬	ધર્મ અને વચન	૧૩૮
૧૭	વચનની વિશિષ્ટતા	૧૪૬
૧૮	વચનનો અર્થ	૧૫૯
૧૯	નિશ્ચય અને વચન	૧૭૦
૨૦	જ્ઞાન અને આરાધના	૧૮૦
૨૧	પુદ્ગલ, ગુણ અને ગુણી	૧૯૧
૨૨.	કરણ અને કારણ	૨૦૨
૨૩.	જીવન અને જીત	૨૧૩

૨૪.	ત્રણ પ્રકારના જીવો	૨૨૦
૨૫.	ત્રણ તત્ત્વની પરીક્ષા	૨૩૨
૨૬.	દર્શન વિચાર અને પરીક્ષા	૨૪૮
૨૭.	દેવ, ગુરૂ ને ધર્મની પરીક્ષા	૨૫૪
૨૮.	પરિણામ તત્ત્વ અને	૨૬૭
૨૯.	ત્રણ વસ્તુ અને ચાર ખીંટા	૨૭૬
૩૦.	લિંગ વિચાર ને તત્ત્વ	૨૮૬
૩૧.	જૈન અને અજૈનોની દૃષ્ટિએ ધર્મસ્વરૂપ	૨૯૭
૩૨.	બાહ્ય અને આભ્યંતર સ્વરૂપ	૩૦૭
૩૩.	તપશ્ચર્યાની મહત્તા	૩૧૭
૩૪.	દેવતત્ત્વની મહત્તા	૩૨૭
૩૫.	કષાયોનો સદુપયોગ	૩૬૪
૩૬.	સૂત્ર રહસ્ય	૩૭૩
૩૭.	એવી ચિંતા કોને થાય?	૩૮૩
૩૮.	ભાઈચારો કોને ન ગમે?	૩૯૪
૩૯.	મનુષ્યભવની પ્રાપ્તિ શા માટે?	૪૦૩
૪૦.	નમ્રતા અંગેની માન્યતા	૪૧૨
૪૧.	તીર્થંકરોની મહત્તા	૪૨૨
૪૨.	માનવજીવનની સાચી મહત્તા	૪૩૨



વ્યાખ્યાન ૧ બુદ્ધિ–ભક્તિ અને ધર્મ

वचनाराधनया खलु धर्मस्तद्बाधयाः त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्य सर्वस्वं चैतदेवास्य ॥ षोऽ २–१२ ॥

વર્તમાનનું સુખ ગૌણ કે ભવિષ્યનું ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતાં જણાવી ગયા કે આ સંસારમાં બુદ્ધિમાન કોણ ગણાય ? કેટલાક વર્તમાન કાળના સુખમાં સંતોષ માનનારા તો કેટલાક વર્તમાન સુખને ગૌણ કરીને ભવિષ્યના સુખને પ્રધાનપદ આપીને વર્તનારા હોય છે, વર્તમાનના સુખમાં પ્રવર્તવાવાળા જીવોની મૂળ જડ શાસ્ત્રકાર કયાં ગણે છે ? વિકલેન્દ્રિયમાં, જેઓને મન–વિચારશક્તિ નથી તે માત્ર વર્તમાન સુખને દેખનારા છે. ભવિષ્ય ન જોવું તેમજ ભવિષ્ય ઉપર દૃષ્ટિ ન કરવી, પણ વર્તમાનની દૃષ્ટિ રાખવી તેની જડ મનની શક્તિ વગરની ઇન્દ્રિયની ન્યૂનતાને આભારી છે.

મનની શક્તિવાળાનું કાર્ય ભવિષ્યને વિચારવાનું છે. "**फलानुमेयाः प्रारम्भा मतिमताम्**" બુદ્ધિશાળીઓ ફળના જ અનુસારે ક્રિયામાં પ્રવૃત્તિ કરે. અર્થાત્ વર્તમાનની સુંદરતા અસુંદરતા ન જુએ. બુદ્ધિશાળી જે પ્રયત્નો કરે તેમાં તત્કાલ શું તે દેખવાનું નહિ, પણ તેનું ફળ અને તેનું પર્યવસાન યાને પરિણામ કયાં આવે છે તે વિચારવાનું હોય છે. તેને દેખીને તે કરનારાને 'બુદ્ધિશાળી' ગણીએ છીએ. ૩૯ બુદ્ધિશાળી નહોતા. જગતમાં ડાહ્યા પુરુષો–અક્કલવાન મનુષ્યો ભવિષ્યનું ફળ–પર્યવસાન અને પરિણામ જોઇ તેને આધારે પ્રવૃત્તિ કરે અને તેને 'બુદ્ધિશાળી' ગણે.

કોનો જન્મ જેલ જેવો અને કોનો જન્મ મહેલ જેવો?

વિકલેન્દ્રિયની જે દશા છે તે જ વર્તમાનના સુખને માનનારાની દશા છે, તેની સંજ્ઞા કઈ? હેતુવાદિકી. જગતમાં દીર્ઘકાલની સંજ્ઞાવાળા તે જ કે જેઓ ઇન્દ્રિયો અને મનની સંપૂર્ણ શક્તિવાળા છે. તેમને જ દીર્ઘકાલની દૃષ્ટિ ધારણ કરનારા ગણાય, અને એને સમજનારા હોય તેને 'સંજ્ઞી' કહેવામાં આવે.

જેઓ લાંબા કાળનો વિચાર કરનારા હોય તેને જ વિચારવાળા ગણ્યા. કીડી એક જોજનથી ગંધને પારખે ત્યારે આપણે તો મુઠ્ઠીમાં હોય તોપણ તે ન પારખીએ. કીડી એક જોજન દૂર રહેલી ચીજની ગંધને પારખે છે. તેવી જ રીતે રસ્તો પારખવાની તાકાત જે કૂતરામાં છે તે ભલભલામાં નથી હોતી, કારણ કે એક વખત જે રસ્તે તે ગયો હોય ત્યાંથી તેને પાછા આવતાં વાર લાગતી નથી, અર્થાત્ તે ભૂલે નહિ ત્યારે આપણે બે ચાર વાર જઈએ ત્યારે રસ્તો યાદ રહે.

ઇન્દ્રિયની તાકાત વિચારમાં છે. હજી સંજ્ઞી પંચેન્દ્રિયને વિચારવાળા ગણીએ, પણ જેઓની દૃષ્ટિ ભવને 'જેલ' તરીકે બનાવનારી હોય તેને અમે વિચારવાળા ગણતા નથી. જેની દૃષ્ટિ ભવને 'મહેલ તરીકે બનાવનારી હોય તેને અમે વિચારવાળા ગણીએ છીએ.

જેલ શું અને મહેલ શું?

વાત ખરી. પણ આ અંગે તત્ત્વને વિચારો તો માલુમ પડશે. **જેલ** એટલે ચારે બાજુ બારીબારણાં, જાળી વગેરે કંઈ નહિ તેમજ દુનિયા સાથે વ્યવહાર નહિ. હું ગયા ભવમાં હતો અને આવતા ભવમાં કાંઈક થઈશ તેવી તાકાતવાળાનો જન્મ '**મહેલ**' જેવો ગણાય. આવતી જિંદગી જેની ભવિષ્યમાં નથી તેનું જીવન બારીબારણાં વગરની **જેલ** જેવું છે.

દુનિયામાં હરામખોર કોણ?

જેને 'હું કેવો હતો?' કયાં કાર્યો કર્યાં કે 'જેથી આ મનુષ્યપણું પામ્યો?' એવી સમજણ ન પડે, અને જે કર્મને ન માનતો હોય ને પરભવ ન માનતો હોય તેને કહીએ કે તું કોટીધ્વજને ત્યાં જન્મ્યો, તેનો માલિક થયો પણ એ કોડ તું કયાં કમાવા ગયો હતો? તેથી હરામખોરને પણ જેને પુણ્ય માનવું છે તેને તો કહેવાનું કે તેં પુણ્ય કર્યું હતું માટે તું માલિક થયો છું.

દુનિયામાં હરામખોર કોણ ગણાય ?

વગર હક્કની મિલકતનો જે માલિકી-કબ્જો કરે તે.

ખેડુત જેવું બીજ વાવશે તેવું ઉગશે,

પુણ્ય કર્યું હોય, સારાં કાર્યો કર્યાં હોય તેને ક્રોડ મળ્યા માટે તેને હક્ક, પણ કર્મ નહિ માનનારાને શું ? કયા પુણ્યના ઉદયે મનુષ્યપણું, સંપૂર્ણ પંચેન્દ્રિયપણું, દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયું ? કોને આધીન ગર્ભમાં આવ્યા ? પહેલાં કઈ નિશાળમાં ભણ્યા હતા કે નાક આમ બનાવવું, તેને આમ ગોઠવવું, મોઢું આમ બનાવવું, તેને અમુક જગ્યા પર ગોઠવવું, કાન, નાક, જીભ ને આંખ આવી જ બનાવવી અને આ જ જગ્યા પર ગોઠવવી ? તો આ બન્યું કોના પ્રતાપે ? તો કહેવું પડશે કે પુણ્યના પ્રતાપે. તે સિવાય બીજો રસ્તો નથી. **ગયા ભવના પુણ્યનો વિચાર કરીને આવતા ભવનો વિચાર કરવો જોઇએ.**

જૈન અને જૈનેતરની માન્યતામાં ભેદ

જૈનેતરો આ જીવને સુખને મેળવવામાં અને દુઃખ આવે તેને નિવારવામાં પરાધીન ગણે છે. અને આવતો જન્મ લેવાની તેનામાં તાકાત નથી એમ માને છે. એટલે આ જીવ તો મૂર્ખ છે; ઈશ્વર તેને સ્વર્ગે લઈ જાય તો સ્વર્ગે જવાનું અને નરકે લઈ જાય તો નરકે જવાનું. ઈશ્વરથી બધું થાય તે માન્યતા જૈનેતરોની છે.

ત્યારે જૈનોની માન્યતા કઈ ?

જીવ જ પોતાના કરેલાં કૃત્યોને અંગે જવાબદાર છે અને તેના ફળ ભોગવવાને અંગે જવાબદાર છે. દુનિયામાં પણ કહેવાય છે ને કે માલ લેવો હોય ત્યારે આપનાર જણાવે કે 'તમારા નામે અને તમારા જોખમે' તેમ જીવે જે પુણ્યનાં કાર્યો કર્યાં હોય તેનાં ફળ ભોગવવાની જવાબદારીનો જોખમદારી જીવની. તેવી જ રીતે પાપનાં કાર્યો કર્યાં હોય તો તેની જવાબદારી અને જોખમદારી પણ જીવની જ. માટે પુણ્ય કર્યું હોય તો તેના ફળરૂપે સુખ પોતે મેળવે અને પાપ કર્યું હોય તો દુઃખ પણ પોતે જ પામે. જીવને જવાબદાર અને જોખમદાર

મનાવનાર હોય તો જૈનો જ છે. જીવને જવાબદાર અને જોખમદાર ગણનાર મનુષ્ય ભવિષ્યનો તો જરૂર વિચાર કરે.

ભક્તિના બે પ્રકાર

જેઓને ભૂતકાળ અને ભવિષ્યનો વિચાર હોય તેવા વિચારવાળાને 'દીર્ઘકાલિકી' સંજ્ઞાવાળા માને છે. બીજાને 'દીર્ઘકાલિકી' સંજ્ઞા ગણે છે, પણ તે વિકલેન્દ્રિયના ભાઈ જેવી છે કારણ કે તેઓ પૌદ્ગલિક સુખને માનનારા છે. સંજ્ઞાવાળો–વિચારવાળો કોણ ? ભવિષ્યના પરિણામને આત્માના સ્વરુપના પરિણામને વિચારનારો હોય તેને જ વિચારવાળો' અને 'દીર્ઘકાલિકી સંજ્ઞાવાળો' ગણે છે. તેનું કર્તવ્ય થવું બે પ્રકારે છેઃ એક શક્તિથી અને બીજું ભક્તિથી. કાં તો શક્તિવાળા થવું, કાં તો ભક્તિવાળા થવું. જે શક્તિ અને ભક્તિવાળા ન હોય તે 'સાધક' થવા જાય તો નકામું.

આપણામાં જીવ, અજીવ, પુણ્ય, પાપ; આસ્રવ, સંવર, બંધ, નિર્જરા ને મોક્ષ જાણવાની તાકાત નથી. માટે જરૂર છે ભક્તિની. ભક્તિના બે ભેદ છે : (૧) શારીરિક ને (૨) માનસિક. શ્રદ્ધા, પરિણામની દૃઢતા, અનાચરણ રહિત કાયા આપોઆપ થાય. જે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા લોકાલોકને સર્વ પદાર્થને સર્વકાળને દેખનારા છે તેવા સર્વશક્તિમાન તીર્થંકરનાં વચનને અંગે પ્રવર્તવું તેનું નામ ભક્તિ.

આ ઉપરથી અહીં એક વાતનો ખુલાસો થઈ ગયો. કઈ વાતનો ? **वचनाद्यदनुठान**" એ જગ્યા પર કેવળજ્ઞાની મહારાજ સર્વજ્ઞનાં વચનને ધારીને પ્રવર્તતા હશે. તે પ્રમાણે પ્રવર્તતા ન હોય ત્યારે તેના આત્માને 'ધર્મ' નહિ. આ કથન ભક્તિવાળા માટે છે, શક્તિવાળા માટે નથી.

वचनाराधनया खलु જે ધર્મ પોકારવામાં આવે તે ચીજથી વચનની આરાધના. જેની જેટલી બુદ્ધિ તેટલી જ ધર્મ આરાધનાની અધિકતા. એ ધર્મની અધિકતા અને ન્યૂનતા એ સમજવાની છે. માટે જ કર્મણિ તૃતીયા અહીં જણાવી.

અનારાધના અને વિરાધનામાં ભેદ

તીર્થંકર પરમાત્માનાં વચનની આરાધનાથી ધર્મ થાય અને

અનારાધનાથી વિરાધના થાય, શાસ્ત્રોમાં કહેલાં વાક્યોને ધ્યાનમાં રાખવાં. અનારાધનાવાળાને વચનને અંગે તેમાં શું કરવું તેનો વિચાર નથી, માટે 'અનારાધના', પણ વચનમાં જે છે તે મારે કરવું નથી પણ વિરૂદ્ધ કરવું, માટે તેનું નામ 'વિરાધના.' અને વિરાધના તે તો અધર્મ છે, અનારાધનામાં અધર્મનો નિયમ નહિ. તેથી અનારાધક યથાભદ્રિક મિથ્યાત્વીઓ સમકિત પામે ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે જાય.

મહાવીરસ્વામીની સત્યતા વિષે ગોશાળાનો અંતમાં એકરાર

ગોશાળાએ છેલ્લી અવસ્થામાં શું કહ્યું ? જે ગોશાળાએ **મહાવીર** પ્રભુ સામે આખડી બાંધી હતી, **મહાવીર** પ્રભુને ઉપસર્ગ કર્યા હતા, તેવો આ **ગોશાળો** પોતાના મતવાળાને એકઠા કરીને કહે છે કે **'મહાવીર** ભગવાન સાચા છે, હું ખોટો છું' અને મેં તમને ખોટે રસ્તે દોર્યા તે મોટું પાપ મેં કર્યું. માટે તેના પ્રાયશ્ચિત્ત તરીકે મારા પગે દોરડું બાંધીને ચોરાશી ચૌટામાં આ પ્રમાણે બોલીને ઘસડજો : "આ **ગોશાળો** ખોટો **છે ને મહાવીર** સાચા છે; આને બહુ પાપ કર્યું છે વગેરે" (ભગ૦ સૂ૦ ૫૫૫)

હવે આમાં કંઈ બાકી રહ્યું ? આવી પરિણતિવાળો છતાં તેને દુર્લભ બોધિ અને તે જન્મોજન્મ રખડશે, હજી ધર્મ નહિ પામે. વિરાધનાવાળો આવી સ્થિતિમાં આવે તો આરાધક અને સુલભ બોધિ થાય. તેથી જિનેશ્વરનાં વચનમાં જેટલી વિરાધના તેટલો જ અધર્મ.

વિચારવાળાએ ડગલે ને પગલે વિચારવાનું કે જિનેશ્વરનું વચન કેમ છે ? ધર્મની આરાધના કરવી હોય તેને વચન ઉપર રહેવું જોઈએ. ધર્મના દાન, શીલ, તપ અને ભાવ તેમજ હિંસા; જૂઠ; અપ્રામાણિકપણું વગેરેનું નિવારણ, ત્યાગ વૈરાગ્યના પ્રકારો સાંભળો છો, પરંતુ **ધર્મનું ગુહ્યમાં ગુહ્ય તત્ત્વ હોય તો આ વચનની આરાધના છે.** આ પણ તત્ત્વ વગરનું હોય તો તેમ નહિ; પણ આ ધર્મના સર્વસ્વ માટે બધું છોડીને ધર્મની આરાધના કરવી જોઈએ. જેઓ આ પ્રમાણે વચનની આરાધના કરશે તેઓ આ ભવ પરભવની અંદર માંગલિક માલા વિસ્તારીને મોક્ષસુખ વિષે બિરાજમાન થશે. *

વ્યા ખ્યા ન

આર્ય, અનાર્ય અને કર્મબંધ

૨

આર્ય ને અનાર્ય તે કોણ ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જે કોઈ આર્ય પ્રજા છે તે ધર્મની ચાહનાવાળી છે. તેટલા માટે આચાર્ય ભગવાન **શ્રી ભદ્રબાહુસ્વામી** કે જેઓ યુગપ્રધાન શ્રુતકેવળી છે એવા તેમણે આર્ય–અનાર્યનું છેલ્લું લક્ષણ કર્યું તે કેમ ?

આર્ય ને અનાર્ય કોને કહેવા તે જણાવતાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે જે જગ્યા પર હકાર, મકાર અને ધિક્કારવાળી નીતિઓ જે કુળકરોએ ચલાવેલી પ્રવર્તે તે આર્ય. થોડા અપરાધમાં હકાર, વધારે અપરાધમાં મકાર અને બહુ અપરાધમાં ધિક્કાર એ ત્રણ નીતિઓ જેમાં પ્રવર્તે તે 'આર્ય.' તે સિવાયનો 'અનાર્ય'.

આવી રીતે **ઋષભદેવ** ભગવાનના તીર્થની ઉત્પત્તિ પહેલાં બીજી રીતે આર્ય ને અનાર્યની વ્યવસ્થા હતી. ભગવાન **ઋષભદેવજી**થી માંડીને ભગવાન **મહાવીરસ્વામી** સુધીમાં દેશ પરત્વે આર્ય ને અનાર્યની વ્યવસ્થા કહી એટલે જ્યાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો ઉત્પન્ન થાય, થયા છે અને થશે તેવા જ દેશો આર્ય ગણાય અને તે સિવાયના બીજા બધા અનાર્ય. ત્યારે ભગવાન્ શીલાંકાચાર્યે[1] પ્રાચીન ગાથાથી સૂયગડાંગજીમાં ચાલુ કાળને અંગે વ્યવસ્થા કરી કે જ્યાં ધર્મની પ્રવૃત્તિ હોય, સ્વપ્નામાં પણ ધર્મના અક્ષરો હોય તે 'આર્ય' અને જ્યાં સ્વપ્નામાં પણ ધર્મ એવા અક્ષરો ન આવે તે 'અનાર્ય'. આ જનપદની અપેક્ષાએ આર્ય અનાર્યની વ્યવસ્થા કરી તે અત્યારે પણ ચાલુ અનુભવીએ છીએ.

---

૧. સૂયગડાંગ (પુંડરીકાધ્યયન વ્યા૦)નું પૃ. ૧૯૪ જુઓ.

જગતમાં નિયમ છે કે જે પદાર્થ વહાલો હોય તેના જૂઠ્ઠા શબ્દો પણ વહાલા લાગે, અળખામણો હોય તેના સાચા શબ્દો પણ અળખામણા લાગે. આપણે ત્યાં ચપટી લોટ લેવા આવેલો હોય તે કહે કે 'અખંડ સુખવાળા થજો, અખૂટ ભંડાર ભરાજો, છોકરાને ત્યાં છોકરા થજો'. આ કહેવાથી એમ થવાનું નથી, છતાં આંખ લાલ કેમ નથી થતી? કહો કે તે વહાલું છે માટે. આપણે કોઈ સાથે લઢ્યા હોઈએ ત્યારે સામો ગાળ દે તો આંખ લાલ થાય છે. કેમ? તે કંઈ સિદ્ધ પુરુષ નથી અને તેના કહેવાથી ગાળો લાગવાની નથી, પણ તે વાકય અળખામણું છે માટે આંખ લાલ થાય છે.

હવે આપણે અંગે વિચારીએ. જે મનુષ્ય સામાયિક, પ્રતિક્રમણ, પૂજા ને પૌષધ વગેરે કંઈ કરતો નથી, તેવાને 'ધર્મી' કહો તો તેમાં તે નાખુશ થતો નથી, પણ રાજી થાય છે. ઇષ્ટ પદાર્થના જૂઠ્ઠા શબ્દો પણ વહાલા લાગે, તેવી રીતે જે સામાયિક, પૂજા વગેરે કરતો હોય છતાં તેને 'પાપી' કહો તો તેની આંખ લાલ કેમ થાય છે? અધર્મ ખરાબ છે તેથી.

માટે શાસ્ત્રકાર કહે છે કે આર્ય પ્રજા માત્ર ધર્મને સારો ગણનારી છે. પછી તે કરી શકે કે ન કરી શકે તે વાત જુદી છે, તેમ તે અધર્મને ખરાબ ગણનારી છે, માટે 'પાપી' શબ્દ ગમતો નથી. ધર્મ વહાલો હોવાથી 'ધર્મ' શબ્દ ગમે છે. 'ધર્મ' શબ્દની વ્યાપકતા તે આત્માના કલ્યાણને કરનારી છે. ધર્મ ધારીને ધર્મ થયો તેથી કલ્યાણ થઇ જાય તેમ ન બને. પણ 'ધર્મ' થાય તો કલ્યાણ.

હવે લોકોમાં ચાલતું વાકય વિચારીએ કે "ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ." કર્મનો બંધ પરિણામે. પરિણામ ધર્મના તો દરેક આર્યના અને આસ્તિકોના છે. દરેક આસ્તિક જુદી ક્રિયા કરે છે, પણ પરિણામ ધર્મના છે. બધાને ધર્મના પરિણામ છે માટે બધા આસ્તિકોને ધર્મ થવો જોઇએ ને? પછી તે આશ્રવની, સંવરની, પુણ્યની, પાપની, બંધની, નિર્જરાની, મોક્ષહેતુની કે ભવહેતુની પ્રવૃત્તિવાળા હોય, પણ પરિણામે બંધવાળા હોય તો બધા આસ્તિકો ધર્મવાળા હોવા જોઈએ; પરંતુ આકસ્મિક સંયોગના લીધે જ્યાં વિભાગ પડયો ત્યાં કહેલું વાકય જ્યાં ત્યાં લગાડે તો તે શા કામનું?

સુદેવાદિ અને કુદેવાદિના વિભાગની આવશ્યકતા

દુનિયામાં હાર ગળે લગાડવાનો હોય છે તેને ગળે ન લગાડતાં પગે લગાડે તો તે ન શોભે. તેમ આ વચન કઈ સ્થિતિનું છે? જો એ વચન સાર્વત્રિક મુદ્દાનું હોત તો શાસ્ત્રકારને સુદેવ, સુગુરુ ને સુધર્મ અને કુદેવ, કુગુરુ ને કુધર્મનો વિભાગ ન કરવો પડત.

કુદેવ, કુગુરુ અને કુધર્મને માનનારા તેમને તો સુદેવ, સુગુરુ અને સુધર્મ તરીકે માને છે; પણ તેમને કુદેવાદિ ધારીને સેવવા તેઓ તૈયાર નથી. સુદેવાદિને માનનારા અને કુદેવાદિને માનનારા બન્ને ધારણામાં સરખા છે; પણ કોઈ પોતાના દેવાદિને કુદેવાદિ ધારીને સેવે છે? ના, ત્યારે પરિણામે બંધમાં સુદેવ, સુગુરુ અને સુધર્મનો તેમજ કુદેવ, કુગુરુ અને કુધર્મનો વિભાગ નકામો! ત્યારે આ સુદેવાદિ અને કુદેવાદિનો વિભાગ શા માટે પડ્યો? ત્યારે શાસ્ત્રકાર કહે છે કે ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ કહેનારે આ સુદેવાદિ અને કુદેવાદિનો ભેદ પાડ્યો તે કેમ?

શેઠનું ઉદાહરણ, ચોથો તે ત્રીજો

એક શેઠ છે. તેને ત્રણ છોકરા અને એક ભાણેજ છે. ભાણેજ જન્મ્યો પણ શેઠને ત્યાં અને મોટો પણ ત્યાં જ થયો. મામા માંદા પડ્યા ત્યારે ભાણેજને અફસોસ થયો. ત્યારે પેલા ત્રણ ભાઈઓને અફસોસ નહિ. તેથી ભાણેજ રોવા લાગ્યો. તેને રોતો જોઈને મામાએ કહ્યું કે જેવું ત્રણને મળશે તેવું જ તને મળશે. વીલમાં ભાણેજને માટે ચોથો ભાગ લખ્યો. હવે શેઠ મરી ગયો.

પૈસો એવી ચીજ છે કે મા-દીકરીનો અને બાપ-દીકરાનો સ્નેહ તોડાવી નાખે. ભાણેજનું ત્યાં કંઈ લાગતું ન હતું, પણ જેટલું મળતું હતું તે ભાગ્યનું હતું. 'મને મામાએ ત્રીજો ભાગ આપવાનું કહ્યું હતું, તમે ચોથો ભાગ કેમ આપો છો?' કજિયા દલાલોને કજિયા લાવનાર જોઈએ. તે તો તૈયાર છે. વાદી અને પ્રતિવાદીના વકીલો કાયદા જે હતા તે જ ભણ્યા છે. હવે કેસ ચાલ્યો. કોર્ટમાં ગયા.

જજ ન્યાયવાળો અને બુદ્ધિશાળી હતો અને સાથે નીતિને સમજનારો હતો. કાયદો શું કહે છે તે મારે જોવાનું. ત્યારે કેટલાક ન્યાય અને નીતિ બંને જાણનારા હોય છે. કાયદાનું ધ્યેય નીતિ; માટે બંને પક્ષનું તપાસ્યું તેથી નકકી કર્યું કે તે બંને સરખું છે. ચોથો અને ત્રીજો ભાગ બંને સરખા છે. ત્યારે વકીલોએ કહ્યું : કેવી રીતે ? જજે કહ્યું : 'સો રૂપિયા હોય તેનો ચોથો ભાગ કરીએ તો પચીશ અને પંચોતેરનો ત્રીજો ભાગ કયો રહે ? તો પચીશને ? આ ત્રીજો ભાગ તે ચોથો ભાગ, અને ચોથો ભાગ તે ત્રીજો ભાગ છે.'

શેઠે જે લખ્યું છે તે બરાબર છે. જજ બોલ્યા કે–'શેઠ ભાણેજને પોતાના છોકરા કરતાં વધા ગણે ખરા ? ના. પણ બધાની વચમાં કહ્યું કે સમુદાયના જેવા ભાગ પડે તેવો તને મળશે, ત્યારે ન્યાયાધીશે કહ્યું કે સમુદાયનો જે ચોથો તે શેષનો ત્રીજો. સોનો ચોથો ભાગ ૨૫. પચ્ચીસ જાય, પછી પંચોતેર રહ્યા, તેનો ત્રીજો ભાગ પણ પચ્ચીશ થાય, એ ત્રણે ભાગે વહેંચે તેમાં જેટલું ત્રીજા ભાગમાં વહેંચે તેટલું જ તને મળે.' સાચી વસ્તુ અક્કલ પહોંચાડે તેને ખબર પડે. પણ ચોથો–ત્રીજો ભાગ એક માને તે અક્કલ દોડાવે ત્યારે ખબર પડે.

અહીં પણ એના એ શાસ્ત્રકાર ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ કહે છે ને ? ત્યારે તેના તે સુદ્દેવાદિને સુદ્દેવાદિ તરીકે માનવા અને કુદ્દેવાદિને કુદ્દેવાદિ તરીકે માનવા તે ક્રિયાની પ્રવૃત્તિના પરિણામની અપેક્ષાએ. ત્યારે ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ તે આકસ્મિક સંયોગ બને.

સંસારમોચકનું સ્વરૂપ

કોઈ મનુષ્ય હતો તે પીડાયો તેથી આજકાલ પક્ષીને મારવામાં હિંસા નહિ માનનાર પણ અહિંસા માનનારા છે. તેમ પહેલાના કાળમાં સંસારમોચક નામની સંસ્થા હતી. તે સાચા ઘરમાંથી ઘાતકીમાં જન્મશે.

તેને પૂછવામાં આવે છે કે તે વાઘ વરુમાં નહિ જન્મે તેનું સર્ટિફીકેટ લાવો. તેં શી રીતે છોડાવ્યો ? દુઃખથી કે ભવથી છોડાવ્યો ? તો કહેઃ ના. પ્રાણરૂપ જન્મથી છોડાવ્યો. તેવા સંસારમોચક દુઃખીને મારી નાંખે.

હવે કોઇને વાળાથી એટલું બધું દુઃખ થયું કે તે સહન નહિ થવાથી તે આ સંસ્થામાં આવ્યો. ત્યારે તેને ઝેરવાળું અફીણ આપવામાં આવ્યું. પેલાએ તે ખાધું એટલે અંદર રહેલા કીડાઓથી તે સહન ન થયું એટલે તે બધા બહાર નીકળી ગયા. અને એવામાં વૈદ્ય ડોક્ટરની સહાય જલદી મળી ગઈ તેથી તે બચી ગયો.

હવે આ ભવમોચકને દયા થઈ કે હિંસા ? ભવમોચકના પરિણામ જીવાડવાના ન હતા તેથી ક્રિયા મારવાની કરી હતી, પણ તે આકસ્મિક રીતે બચી ગયો તેથી તેની ધારણા ન હોય તો તેમાં તેને કંઈ નહિ. તેવી રીતે કોઈ બચાવવા ગયો, છતાં કદાચ તેના યોગે મરી ગયો તો તેને કંઇ પાપ નહિ લાગે, કારણકે તેના પરિણામ બચાવવાના હતા.

માટે શાસ્ત્રકારે કહ્યું છે કે " **जयं चरे जयं चिट्ठे**" તું જીવના બચાવની બુદ્ધિથી ચાલ. જેઓ જીવના જીવનને નથી ઇચ્છાનારા તેવા લોકોને **जयं चरे**" એટલે શું ? યતનાપૂર્વક ચાલવું. કેમ ? તો રખે કોઈ જીવ મરે, રખે કોઇ કિલામણા પામે, રખે કોઈને ઉપદ્રવ થાય તે મરણ વગેરે ટળે એટલે ન થાય માટે "**जयं चरे**" તેવી બુદ્ધિથી જ બેસે, ઊઠે, ખાય, પીએ, બોલે.

આ પણ બચાવની બુદ્ધિથી હોવું જોઇએ. બચાવની બુદ્ધિથી પ્રવર્તતો મનુષ્ય પાપકર્મ બાંધતો નથી.

"अजयं चरमाणो उ, पाणभुआइं हिंसइ. बंधइ पावयं कम्मं ।
तं से होइ कडुअं फल" (દશ૦ અ૦ ૪ ગા૦૧)

જે બચાવ વગરની બુદ્ધિથી પ્રવર્તતો હોય તે પાપકર્મને બાંધનારો છે.

પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું દૃષ્ટાંત

પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ ચારિત્ર લીધું છે. તેઓ કાઉસ્સગ્ગમાં રહ્યા છે. તેમને વચન સાંભળવા માત્રથી પરિણામ બગડ્યા અને સાતમી નારકી આયુષ્ય બાંધ્યું તેવું અહીં નહિ.

કર્મબંધ કયારે?

જયણાથી વિરૂદ્ધ બેદરકારીથી પ્રવર્તેલા જીવો જે પ્રવૃત્તિ કરે અને પાપ બાંધે તેનું કટુ ફળ ભોગવવું પડે. "तं से होइ कडुअं फलं આવું ધારીને જે જયણાએ પ્રવર્તે—પણ જતાં હોય ત્યારે નીચું જુએ તે વખતે કંઈ પણ નથી, છતાં જેવામાં પગ મૂકે તે વખતે વચમાં કોઈ જીવ આવી ગયો તો શું થાય? માટે ઈર્યાસમિતિ રાખી એટલે જોઇને ચાલજે. પગ ઊંચો કર્યો તે વખતે દેખ્યું.

ઈર્યાસમિતિપૂર્વક પગ મૂકતાં જીવ આવી ગયો અને મરી ગયો તેથી તેને કર્મબંધ ન થાય. કેમ? તો **જયાં ક્રિયા-પરિણામ હિંસા વર્જવાના છે માટે ત્યાં કર્મબંધ ન થાય.** આવી પ્રવૃત્તિમાં તેને આકસ્મિક થયું. તો તેમાં તેને કર્મબંધ નથી. તેનું પર્યવસાન દેખીએ તો શાસ્ત્રકારો તેને નિર્જરા માને છે. હિંસાનો છેડો નિર્જરામાં શી રીતે?

जाजयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स। सा होइ निज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥ (ओघनि०)[1] १

વિરાધના વર્જવાની બુદ્ધિ જેવી જોઇએ તેવી રીતે તે પ્રવર્તે.

સૂત્રકારે કહ્યું કે આવી રીતે પડિલેહણ, વિનય, વૈયાવચ્ચ વગેરે કરવું. તેમાં પ્રવર્તેલો હોય ત્યારે અધ્યાત્મમાં હિંસા વર્જવાની, ચારિત્ર આરાધવાની બુદ્ધિ. ચારિત્ર આરાધવાની બુદ્ધિ તેથી નિર્જરા થાય છે. હિંસાથી નિર્જરા નહિ પણ હિંસા થાય છે તે જયણા વગરનાને. જયણા ધ્યાનમાં રાખીને આત્માની શુદ્ધિમાં પ્રવર્તે તેથી તેનું નિર્જરારૂપી ફળ આવે. એ તો આકસ્મિક છે. તેને તો દયા માટે પ્રવૃત્તિ કરી હતી. ઈર્યાસમિતિવાળાએ જોઇને પગ ઉપાડયો, જોઇને પગ મૂકે તે વખતે ઓચિંતો જીવ આવી ગયો, છતાં તેમાં તેના પરિણામ શુદ્ધ હતા.

---

૧ આ ગાથા ઉપાધ્યાય યશોવિજયજીએ દાન-દ્વાત્રિંશિકા (પ્રકા૦ ૩૧ની સ્વોપજ્ઞ ટીકામાં અવતરણ રૂપે આપી છે અને એ સંબંધમાં વિશિષ્ટ ઊહાપોહ કર્યો છે.

બંધનો આધાર અને એનું સ્વરૂપ

ક્રિયા અને પરિણતિ તે બેમાં જે વખતે પલટો થાય ત્યાં પરિણામ ઉપર બંધ રહે છે. જયણાથી પ્રવર્તવાવાળાને વિરાધના-વર્જનનું ફળ મળ્યું. "ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ." સરખા સંયોગે બંનેની શરૂઆત હોય. અને આકસ્મિક સંયોગે પલટો થયો હોય ત્યાં પરિણામે બંધપણે સાતાવેદનીયનો બંધ નહિ પણ પરિણામથી બંધ રહે.


ક્રિયાના પલટાના આધારે બંધનો પલટો ન થાય. કયાં ? તો આસ્મિક પલટો હોય ત્યાં, તે જો ન માનીએ તો આસ્તિક માત્ર ધર્મના આરાધક થાય, પણ વિરાધક ન રહે. તાપસ પરિવ્રાજક વગેરેને શાસ્ત્રકારે વિરાધક ગણ્યા. તેથી આકસ્મિક પલટો હોય તે વખતે પરિણામે બંધ ગણાય. સારાં પરિણામ હોય અને ક્રિયા પલટે તો સારો બંધ. આ વાકય ક્રિયાની શરૂઆતને અંગે નથી. આસ્તિક માત્ર 'ધર્મ, ધર્મ' એમ પોકારે પણ તેના હેતુઓ કયા ? સ્વરૂપ કયું ? તે કરવાથી શું ફળ પામ્યા ? તે ન કરવાથી શું નુકશાન પામ્યા ? તેનાં આ દ્રષ્ટાંતો ચારે તપાસીએ અને તે જેમાં શુદ્ધ નીકળે તેને 'ધર્મ' ગણી શકીએ. તે ચારે શુદ્ધ કયારે, તે કેવી રીતે તપાસવા તે વગેરે જે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

●

✡ ✡ ✡

✡ જગતમાં સારભૂત વચન તે જ છે કે-જે ✡
શ્રોતાસમૂહને વિશ્વાસ પમાડે. અનાદિ અનન્ત
✡ અર્થવાળું તમારું વચન માનું છું જેથી અહીં ✡
મારી બુદ્ધિ સ્થિર છે.

✡ ✡ ✡



અજ્ઞાન અને સંસાર



આર્ય અને અનાર્યનાં લક્ષણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્રસૂરીશ્વર**જી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવને સારી સ્થિતિને અંગે દવા દેવાવાળો વૈદ્ય અને ડોકટર બધા રોગોના નિરાકરણમાં–ચિકિત્સામાં, દવાઓમાં પ્રવીણ હોય છતાં જો દર્દીને ન ઓળખે–તેના દર્દને ન ઓળખે તો તેઓ રોગોની ચિકિત્સામાં પ્રવીણ હોવા છતાં ઉપકાર કરનાર ન થઈ શકે. તેમ આ જગતમાં જીવો ધર્મની અભિલાષાવાળા હોય તેને માટે કાલે જણાવી ગયા કે જનસમુદાયને અંગે આર્ય–અનાર્યનું એ લક્ષણ કહેવામાં આવ્યું કે જ્યાં ધર્મની પ્રવૃત્તિ તે 'આર્ય જનસમૂહ' અને જ્યાં ધર્મ સ્વપ્નને પણ ન હોય તે 'અનાર્ય જનસમૂહ' કહેવાય.

ભાડાનું ઘર

કાલે નક્કી કર્યું કે આર્યમાત્રને ધર્મ વહાલો છે, સામાન્ય રીતે જેઓ જીવને મારનારા છે તેવા આસ્તિકો સ્પષ્ટ રીતે સમજે કે આપણે અહીં ભાડાના ઘરમાં રહેલા છીએ. આપણું ઘર, કાયા, કુટુંબ વગેરે ભાડાને અંગે ખરીદેલું છે. ધર્મશાળામાં જે વાસણ ગોદડાં જે નંબરવાળી ઓરડી હોય તેના નંબર પ્રમાણે હોય. તેમ આ કંચનાદિ ચારે મળેલા હોય તેના નંબરના; બીજા નંબરના નહિ. ગમે તેવાં કંચન, કુટુંબ, કાયા ને કામિની હોય તે બધા આ ભવના નંબરના છે. ધર્મશાળા તે સ્થિર રહેવાનું સ્થાન ન ગણાય. તે માટે જણાવે છેઃ–

રાજા ને સાંઇબાવાનો સંવાદ

એક રાજા છે. તે ઝરુખામાં બેઠો છે. તેવામાં એક ફકીર આવીને

રસ્તા ઉપર બેઠો, ત્યાં રાજા આવ્યો અને તેણે પૂછયું : 'સાંઈબાવા, ઈધિર કયું ઠેરે હો ?'

સાંઈબાવાએ કહ્યું : 'કયું ઈધર ઠેરનેકા નહિ હૈ ?'

તબ રાજાને કહા કે 'જહાં સરાઈ હોવે વહાં જાવ.'

તબ સાંઈને કહા કે 'યહ સરાઇ હી હૈ.'

રાજાને કહા, 'કૈસે એ સરાઈ હૈ ?'

તબ સાંઈને કહા, 'સરાઈ ઈસિકો કહતે હૈં જહાં આવે, ઠેરે. પીછે ચલ જાવે ઉસિકો. ઈસિ તરહસે ઈધિર તુમેરા દાદાકે દાદા થા, વો ઈધિર ઠેરા કે ચલા ગયા. વૈસે તુમારા દાદાજી, તુમારા બાવાજી ઈધર ઠેરકે ચલા ગયા. વો ઈસ્કુ સાથ મેં લે ગયે ? જબ વો ન લે ગયા તબ તુમ કયા સાથમેં લે જાવેગો ? ઇસ લીયે જહાંસે નીકલને કા હોવે ઉસ્કુ 'સરાઈ' કહતે હૈ. ઈસ્કુ લોક જગ્યા કહતે હૈ. પણ ઉસ્કા માઈના કયા હૈ તો 'જાયગા.' પણ હમ જાને વાલે નહિ હૈ. લેકિન હમારા જો હોયગા વો જાયેગા.

આસ્તિક અને નાસ્તિક વિષે ઊહાપોહ

'અહીં કેટલાક રાજાઓ આવ્યા અને ગયા, પણ જગ્યા ન ગઈ. 'તમે પૈસા ખર્ચો યા ન ખર્ચો, તમે લો યા ન લો, પણ હું નથી જવાની, પણ અમારા માલિક જવાના' એમ જગ્યા પોતે ચોકખું જણાવે છે. તેમ આસ્તિક માત્ર જીવને માનનારા છે અને નાસ્તિકો નથી માનતા પરંતુ એક વાતમાં આસ્તિક અને નાસ્તિકમાં મતભેદ નથી. આસ્તિક જીવ, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ ને મોક્ષ માને છે; નાસ્તિક તે ન માને. પણ એક વાતમાં મતભેદ નહિ, કઈ વાતમાં ? મેળવ્યું તે છોડવા માટે, આવ્યો તે જવા માટે; ઉઠાંતરી કરવાની હોય તો આસ્તિક હોંશે ઉઠાંતરી કરે, ત્યારે નાસ્તિક 'હો હો' કરતો ઉઠાંતરી કરે.

હોંશે કેમ ? જેમ આ જીવે પુણ્ય કર્યાં હોય તેથી મારી સારી ગતિ થશે, તેથી ઉઠાંતરી હોંશે કરે. ત્યારે નાસ્તિકને તેમાંથી કંઈ નથી. માટે તે 'અરેરે અરેરે' કરતો નીકળે. નાસ્તિક ઉઠાંતરી કરે તે મીંડું વાળીને;

આસ્તિક એકડાના આધારે કરે. આ દેહ બળી ગયા પછી કંઈ નથી એટલે મીંડું. તેને આમ દ્રષ્ટિ રાખીને નીકળવાનું, પણ નીકળવાનું તે ચોક્કસ.

અજ્ઞાન એ પણ ગુનો

શિયાળ સિંહને માને કે ન માને, ગણે કે ન ગણે પણ સિંહ શિયાળનો શિકાર ન કરે તે નિયમ નહિ, તેમ અહીં પણ નાસ્તિકો જીવ, કર્મ, દુર્ગતિ, સદ્‌ગતિ, મોક્ષ, પુણ્ય ને પાપ માને કે ન માને, તેથી તે દુર્ગતિથી છૂટી ન જાય. ન માનવાથી છૂટી શકાતું નથી. કેટલાંક જાનવરો એવાં હોય છે કે સિંહ આવે એટલે આંખો મીંચી દે, તેથી કંઈ તે બચી જાય? ના. તેમ અહીં તે જીવ પુણ્ય, પાપ, નરક કે સ્વર્ગ ન માને તેથી તે તેનાથી બચી ગયો? ના. પણ તેનાં કારણો દૂર કરે તો બચી જવાય. એ ધ્યાન રાખજો. તે જાણે અને તે ન કરે. જાણકારની ગુનેગારી અને અજાણકારની ગુનેગારી સરખી ન ગણાય. દુનિયામાં પણ અજાણને ગુનેગાર નથી ગણતા. તેવી રીતે જેઓ જીવ નથી જાણતા ને માનતા નથી, દુર્ગતિ કર્મ વગેરે જાણતા નથી–માનતા નથી તેને કર્મ બંધાય શાથી? વ્યવહારથી કે નિશ્ચયથી?

જાણ હોય કે અજાણ હોય પણ તે ઝેર ખાય તો મરે કે નહિ? ઝેરથી અજાણ હોય તો તે અજાણ ઝેરથી કેમ મરે છે? સુખ–દુઃખ થાય છે કે નહિ? પણ **અજ્ઞાનતા એ કર્મ સિદ્ધાંતમાં બચાવ નથી,** દુનિયાદારીના વિભાગમાં બચાવ તરીકે ભલે રહે. અહીં અજ્ઞાન એટલે પહેલો ગુનો. અજ્ઞાન કયાંથી થયું? તો તેને કર્મો તેવાં કર્યાં તેથી થયું ને વ્યવહારમાં અજ્ઞાન સ્વભાવનું માન્યું તેથી ગુનો નથી. આસ્તિકોએ તો આત્માને સચ્ચિદાનંદ જ્યોતિરુપવાળો માન્યો. અજ્ઞાન આવ્યું કયાંથી? વિકારથી તે આવ્યું. તેથી તેને દોષ માનવો જોઈએ, કારણ કે તે પાપ સ્વરૂપ છે માટે. પહેલાં અજ્ઞાનને મોટું પાપ માન્યું. જૈનશાસ્ત્રને અજ્ઞાનથી બચાવ નથી રાખ્યો. તે અજ્ઞાન જો બચાવશે તો મિથ્યાત્વને અવિરતિથી કર્મનું આવવું અણાત જ નહિ. જેમ [1]મિથ્યાત્વને અવિરતિ

---

૧ તાત્વિક પ્રશ્નોત્તર જુઓ પૃ. ૮૧.

કર્મબંધનાં કારણ છે તેમ અજ્ઞાન એ પણ કર્મબંધનું કારણ છે. મિથ્યાત્વાદિને કર્મબંધનું કારણ કોઈ માનતા નથી, પણ તેને જે કર્મ બંધનું કારણ માનનારા કોઈ પણ હોય તો તે માત્ર જૈનશાસન છે.

પરિણતિ અને પ્રવૃત્તિ તે બંને કર્મબંધનું કારણ છે, 'કરે તે ભોગવે' તે સિદ્ધાંત અન્ય મતનો; જૈનનો નહિ. આપણે તેના સંસર્ગમાં આવ્યા છીએ તેથી, 'કરે તે ભોગવે' એમ બોલીએ છીએ. પણ તે વાકય આપણું નથી. પણ 'જે વિરતિ ન કરે તે કર્મબંધ કરે.'

હવે 'કરે તે ભોગવે' લઈએ તો આઠના જીવોને, પૃથ્વીકાયાદિના જીવોને કર્મબંધ ન થવો જોઈએ. એક જગ્યા પર ગૂમડું થયું. તેને માટે આપણે પરુ કરવા તલમાત્ર તૈયાર નથી. ગૂમડું ન થવા દેવા માટે ઉપચાર કરીએ, પણ ગૂમડું થયા પછી વિકાર માટે તમારું મન હોય યા ન હોય પણ તે પરુ તમારા ખોરાકમાંથી થાય છે, તેમ મિથ્યાત્વ ને અવિરતિ પોતે માને યા ન માને પણ તે જ્યાં સુધી જાય નહિ ત્યાં સુધી કર્મો લાગ્યાં જાય. તમારે મન, વચન અને કાયાથી વિચારવાનું બને કે ન બને એ પણ પ્રવાહ બંધ નથી થયો. મિથ્યાત્વ ને અવિરતિપણું હોય, મન, વચન, કાયા શુદ્ધ હોય તો પણ કર્મબંધ થયા જ કરે.

'કરે તે ભોગવે' એ વાકય જૈનના ઘરનું નથી પણ ઇતર ધર્મના ઘરનું છે. જેટલાનાં પચ્ચક્ખાણ ન કરે તેટલાનાં કર્મ ભોગવે. વિરતિ ન કરે તે ભોગવે. એટલે અવ્રત તે કર્મબંધનું કારણ છે. અજ્ઞાન તે પણ કર્મબંધનું કારણ છે, તમે બોલો, વિચારો, પ્રયત્ન કરો તો જ કર્મબંધ થાય, તેમ નહિ, પણ મિથ્યાત્વ જ્યાં હોય ત્યાં અવિરતિ હોય, હોય ને હોય જ. જેમ કે અભવ્યો પાંચે મહાવ્રત પાળે છે. હવે આપણે જ્ઞાની મહારાજને પૂછવા ગયા કે અભવ્યને અવિરતિ કેટલી ઓછી થઈ? તો, 'જરાકે નહિ' તેમ જવાબ મળે, કારણ કે ત્યાં અજ્ઞાન છે. અજ્ઞાન ન ખસે અને પછી ત્યાં ક્રિયા કરે તો પણ અવિરતિ બારે બાર. તેનો બંધ કોને ઓછો ને કોને વધારે? કોને મંદ ને કોને તીવ્ર? તે વાત જુદી. માટે અજ્ઞાન એ જૈનશાસનમાં

અભાવ નથી; પણ જ્ઞાન હોય સમ્યક્ત્વ, વિરતિ હોય તો જ અભાવ, તે કેટલો બધો તે વિચાર કરો.

શણગારેલી ઢીંગલી જેવી અભવ્યની દશા

અભવ્યો મહાવ્રતો કેવળી મહારાજ જેવાં શુદ્ધ પાળે, છતાં તેના છેડા સુધી કંઈ નહિ. કારણ કે ? તે તેનાથી નવ ગ્રૈવેયક સુધી જાય ને ત્યાંથી પાછો આવીને સંસારમાં રખડે, એટલે ચાલ્યું બધું જાય. ઓગણીસમાં ઢીંગલી શણગારે, પણ તે બજારમાં ફેરવવા જાય તો ન શોભે. તેમ અભવ્ય જીવને સાધુપણું–મહાવ્રતપણું આવે તે ઢીંગલીના શણગાર જેવું છે. તેનું કારણ ? તેને શાસ્ત્રકારના વચન ઉપર શ્રદ્ધા–પ્રીતિ નથી. તે ભલે સાધુપણું પાળતો હોય, પણ તેની માન્યતા કઈ? "આ બધું બોદું છે, જુઠું છે, હું આમાં રહ્યો છું માટે બોલવું પડે છે. મહાપુરૂષો આમ કહે છે, આમ ફરમાવે છે તે બોલવું પડે." શ્રોતાઓ તેના હાથે પ્રતિબોધ પામે છે, છતાં તે તો 'આ મોક્ષમાર્ગ ખોટો છે, એમ માને છે.

સમવસરણ, જ્ઞાન, દર્શન, ને ચારિત્ર સાચું છે ? ના. તે સાચું નથી. તે મોક્ષને સાચો ન માને તેનું કારણ શું ? **અભવ્યને મોક્ષની શ્રદ્ધા કોઇ દિવસ ન થાય. મોક્ષની ઇચ્છા ભવ્યને જ થાય.** મોક્ષ ન માને તો ધર્મ ક્યાંથી ? ધર્મ ન થાય તો જ્ઞાન, દર્શન ને ચારિત્ર ક્યાંથી થાય ? પોતે જૂઠ્ઠાં, અસિદ્ધ, અપ્રમાણ ગણે અને લોકોને ઠગવા માટે ભગવાનનું નામ લે. ક્રિયામાત્રથી નવ ગ્રૈવેયક સુધી જાય. ત્યાંથી જ્યારે પડયો ત્યારે તે જ્યાં હતો ત્યાંનો ત્યાં જાય. એટલે શણગારેલી પૂતળી જેમ ખૂણામાં પડી રહે તેમ આ અભવ્યની દશા. સમ્યક્ત્વ પામેલો–સમ્યગ્જ્ઞાન પામેલો જીવ કંઈ પણ ન કરે, ૧૭ પાપસ્થાનકમાંથી એકે છોડ્યું ન હોય છતાં તેનો એકડો. સમ્યક્ત્વથી ભવની ગણત્રી, પણ ચારિત્રથી નહિ.

બંધ ક્યારે નહિ ?

જ્યાં અજ્ઞાન ત્યાં વ્રત, ક્ષમા વગેરે હોય તો તે નહિ જેવાં.

જ્ઞાન વગરના મનુષ્યને અવિરતિનો, કષાયનો ને યોગનો બંધ ટળે નહિ તે નિયમિત. પણ જ્યાં મિથ્યાત્વ ને અવિરતિનો બંધ રોકયો ત્યાં કષાય ને યોગનો બંધ હોય પણ ખરો અને ન પણ હોય. જે જયણાની બુદ્ધિવાળો છે તે જયણાથી ચાલે છે. તેના પગ નીચે જીવ મરી ગયો તેમાં કર્મબંધ નહિ તે જણાવી ગયા, તેમ શ્રાવકને અંગે અવિરતિ ટળે તો બંધ નહિ.

પાપ માટીનું કે લીલોતરીનું ?

[૧] એક શ્રાવકે લીલોતરી નહિ કાપવી તેવી પ્રતિજ્ઞા કરી. ઝાડનાં જે મૂળિયાં હોય તે કઇ જગ્યાએ ગયાં હોય તેનો પત્તો નથી ખાતો. હવે માટી કે ખાડો ખોદતાં તેનાથી મૂળિયું કપાઈ ગયું તો તેને વનસ્પતિની હિંસા થઈ. ત્યારે કોઈએ શાસ્ત્રકારને પ્રશ્ન કર્યો કે 'મહારાજ ! એને પાપ માટીનું કે લીલોતરીનું ?'.

ભગવાને સાફ કહ્યું કે, 'માટીનું પાપ પણ વનસ્પતિનું નહિ.'

કેમ ?

માટી ખોદતાં વનસ્પતિ કપાઈ, તેથી માટીનું પાપ; વનસ્પતિની હિંસા વર્જવાની દાનતથી તે પ્રવર્તેલો છે. તેમાં પેલી વનસ્પતિ વચમાં આવી ગઇ તે કેવળ તેનો કર્મોદય એમ કહી શકીએ. કોને બચાવ કર્યો ! કાયાની પ્રવૃત્તિ વનસ્પતિની હિંસામાં છે ને ? આ તો 'કરે તે ભોગવે' તેમાં. પણ જ્યારે કહે કે **અવિરતિના ત્યાગને કરવાવાળાને બચાવ છે, અને નહિ કરવાવાળાને બંધ છે.** એને મન થકી કર્યું. હવે મન થકી નહિ. કરનારા તે અવિરતિ રહ્યા તો બંધ.

સરકવાની ટોળીના સભ્ય

એક જ વર્ગ એવું માને છે કે સંસાર એટલે ૧૮ પાપસ્થાનકની કમિટિ. એ ટોળીમાં આ મેમ્બર હંમેશનો. એનાર્કિસ્ટની ટોળીમાં મેમ્બર તરીકે નોંધાયલો બે મહિના ઘેર રહ્યો હોય ને મીટિંગમા હાજરી પણ ન આપતો હોય તો યે તે ગુનેગાર કે દેશદ્રોહી ગણાય, પણ રાજીનામું

[૧] સ્થાનાંગસૂત્ર (વ્યા) ભાગ ૧લાનું જુઓ પૃ૦ ૨૨૨

આપીને નીકળી જાય તો જ છૂટે. એમ અહીં પણ આ જીવ અઢાર પાપ-સ્થાનકની ટોળીમાંનો મેંબર છે. એણે વેપાર કર્યો. કયો વેપાર કર્યો? પાપનો વેપાર કર્યો. પાપ-સ્થાનક કર્યા વગર પણ આપણે તો તે ટોળીના મેમ્બર છીએ. તે મનથી, વચનથી ને કાયાથી કહી શકીએ કે નહિ? હા. મેમ્બર તેના, તેથી તે ટોળીમાંથી રાજીનામું દઈને નીકળે અથવા તો 'હું આ ટોળીને દ્રોહી ગણું છું' તેમ કહીને નીકળે તો જ તે છૂટે. આપણે જાહેર રીતે સંસારી છીએ, પણ સંસારીનો અર્થ ખબર ન પડે તો? જેમ સત્યાગ્રહીની ચળવળોમાં વાનરસેના છોકરાને માટે વાપરીએ છીએ. વાંદરો હુપ હુપ કરે છે, તેમ આ છોકરાઓ કરે છે. વાંદરા કોને કહેવાય તે વિચારો.

સંસારી કોને કહેવાય?

આપણે કોણ? [1]સંસારસેના. 'સંસાર' એટલે શું? અત્યંત 'સૃ' એટલે સરકવું. આ તો સંસ્કૃત પુસ્તકના પહેલા ભાગમાં 'સૃ' એટલે સરકવું આવે છે, એટલે સરકયા જવું. સંસાર એટલે સરકવાની ટોળી. એક ગતિમાંથી બીજી ગતિમાં. ત્યાંથી વળી ત્રીજી ગતિમાં એમ સરકયે જ જાય. સુખદુઃખના વેદન માટે નહિ. પરમાણુની પણ એવી સ્થિતિ. અધોલોકના છેડે રહેલો પરમાણુ ઊર્ધ્વલોકના છેડે એક ક્ષણમાં ચાલ્યો જાય. તેના ઉપર આચાર્યની મૂર્ખતાની પરીક્ષા થઈ.

આચાર્યનું ઉદાહરણ

એક આચાર્ય હતા. તેઓ કોઈ ગામમાં ગયા. બીજા મતવાળાએ કહ્યું કે, આચાર્ય આવ્યા છે, તેની તપાસ કરો કે તે કેવા છે? ભણેલા કે મૂર્ખ?' તેથી બીજા મતનો એક મનુષ્ય રાતે શ્રાવકના રૂપમાં આવ્યો. જેનામાં શંકિત ઓરોબર હોય તે જ વધારે કાર્ય કરે. આચાર્યનું જ્ઞાન જાણવા પ્રશ્ન કર્યો. 'મહારાજ! પરમાણુને કેટલી ઇન્દ્રિયો?'

१अ-संसृतिः संसरणं वा संसारः—नरकादि (उत्त० चू० पृ०११२)
आ-संसरणं संसारः-नारकतिर्यङ्नरामरभवभ्रमणलक्षणः (जीवा० टी० पृ० ८); इ-संसरण संसारः-नारकतिर्यग्नरामर भवानु भवलक्षणः प्रज्ञा० टी० पृ० १८)

આચાર્યે વિચાર કર્યો કે ક્ષેત્રાંતરમાં સંક્રમવું તેમાં શક્તિ જોઈએ છે, જે પ્રમાણે શક્તિ હોય તે પ્રમાણે સંક્રમણ હોય. જેમ સંક્રમણ વધારે તેમ શક્તિ વધારે. જેટલી ક્રિયા કરે તેટલું વીર્ય ફોરવવું પડે. તેમ વસ્તુ લેતાં દેવલોકમાં અસુરેન્દ્રની જેટલી ગમનશક્તિ તેના કરતાં સૌધર્મેન્દ્રની ગમનશક્તિ વધારે કે નહિ? યાવત્ પંચેન્દ્રિય ગમનશક્તિમાં વધારે. પરમાણુ કયાંથી કયાં સુધી જાય? એક સમયમાં લોકના એક છેડેથી બીજે છેડે. જ્યારે દેવતાને પાંચ ઈન્દ્રિયો છે, પણ તેને ચૌદે રાજલોક એકી સાથે ઓળંગવાની શક્તિ નથી. પણ પરમાણુ ઓળંગે છે, માટે તેને પાંચ ઈન્દ્રિયો હોય એમ વિચારી આચાર્યે જણાવ્યું કે 'પરમાણુને પાંચે પણ ઈન્દ્રિયો હોય.' જ્યાં આ પ્રમાણે આચાર્યે જણાવ્યું એટલે પેલો સમજી ગયો કે આમને શાસ્ત્રનું જ્ઞાન નથી, પણ વાચાળતા છે, ત્યારે પેલાએ વાદનો ઝંડો ત્રીજે દહાડે જાહેર કર્યો. (બૃ૦ ક૦ ગા. ૭૧૭)

કેટલીક વખત આચાર્ય પણ શાસ્ત્રના જ્ઞાન વગરના હોય તેમાં સારસંભાળની સમજ ન પડે, માટે જ્ઞાનવાળા જ જોઈએ એટલે અજ્ઞાનનો બંધ ટળે ત્યારે જ અવિરતિનો બંધ ટળે. તે ટાળવા માટે આ સંસારમાંથી નીકળી જવાનું, તેમાંથી જ્યાં સુધી નામ ન છેકાવીએ ત્યાં સુધી તે ન છૂટી શકે. અત્યંત સરકનારી ટોળીના મેમ્બર છીએ. તેમાંથી રાજીનામું ન આપીએ અને અહીં આવીને બેઠા છતાં તેમાંથી નથી છૂટયા. રાજીનામું આપીને અહીં આવીને બેસે તો જ છૂટે. **અભવ્ય ને અવિરતિ નરકબંધનું કારણ-કર્મબંધનું કારણ છે.**

આ વાત વિચારશો તો કલ્પસૂત્રમાં આપણે સાંભળીએ છીએ કે **મહાવીર** મહારાજે દીક્ષા લીધી. **अणगारिअं पव्वइए.** એમણે સાધુપણું લીધું, ઘરમાંથી નીકળીને. ઘરમાંથી નીકળ્યા તે શા માટે કહેવું પડયું? અહીં કિંમત કોની? ઘરનું રાજીનામું દઈને નીકળે તેની; સાધુપણાની નહિ. **न विद्यते अगारं यस्य स अनगारस्तस्येदनगारिकं.** ઘરમાંથી નીકળ્યા વગર અણગાર થાય તે કબૂલ નથી. પણ તેમાંથી રાજીનામું દઈને અને 'આ ખરાબ છે' તે કહીને-તે છોડીને અહીં આવે તો

તે કામનો. માટે **અજ્ઞાન તે બચાવ નથી.** અજ્ઞાન તે બંધની જડ છે. મિથ્યાત્વનો બંધ હોય તેને અવિરતિ, યોગ, કષાય નિયમા હોય જ. પ્રવૃત્તિ ન હોય—પચ્ચક્ખાણ સુદ્ધાં જ હોય, છતાં અજ્ઞાન ને મિથ્યાત્વ ટળ્યા વગર અવિરતિ, કષાય ને યોગનો બંધ ટળે નહિ. તેમાં ભજના નહિ, પણ નિયમા. જેને અજ્ઞાનનો બંધ ટળ્યો નથી તેને તો ભલે હિંસાદિક પાપસ્થાનને ટાળ્યાં હોય તો તેને બંધ ન થાય પણ તે બંધ ગયો ન ગણાય.

કષાય ને યોગ વગેરેની કંઈ પણ પ્રવૃત્તિ ન કરે તો પણ તે બંધ ન ટળે. મિથ્યાત્વનો બંધ રોકાય તો અવિરતિ આદિનો બંધ રોકાય. કષાયનો બંધ કયારે રોકાય? અવિરતિનો બંધ રોકાય ત્યારે. અવિરતિનો બંધ હોય ત્યાં સુધી કષાય અને યોગનો બંધ હોય. આ સ્થિતિ વિચારીએ તો ખબર પડે કે **અજ્ઞાન અને અવિરતિ આત્માના વિકાર છે.** તેનો વિચાર ન કરીએ તો પણ તેનાં કર્મો બંધાયાં જ જાય. ગૂમડામાં પરૂ થાય તેવો મનમાં વિચાર નથી; છતાં પણ તેનો વિકાર બંધ ન થાય. કયાં સુધી વિકાર થાય? તે પરૂ બંધ ન થાય ત્યાં સુધી વિકાર થાય. તેમ અહીં પણ અવિરતિ કર્મબંધનું કારણ છે. જૈનેતરો તમામ કહે છે કે 'કરે તે ભોગવે.' તેમ જૈનો નહિ કહે. જૈનો તો એમ કહે કે 'જેટલો સંસારમાંથી જીવ છૂટે નહિ, જેટલાં પચ્ચક્ખાણ ન કરે તેટલો ભારે તે થાય અને તેટલો જ ભોગવટો તેને કરવો પડે,' કારણકે અવિરતિને કર્મબંધનું કારણ માન્યું છે. માટે કર્મબંધના કારણ તરીકે અજ્ઞાન અને અવિરતિ માની હોય તો તે જૈનોએ જ.

અજ્ઞાન એ દુનિયામાં બચાવ મનાયું. ધર્મમાં, સુખમાં, દુઃખમાં ને કર્મમાં અજ્ઞાન બચાવ નથી.તેમાં જાણ્યે કે અજાણ્યે પણ કર્મનો બંધ થવાનો. શિયાળ સિંહને ન દેખે, ન જાણે ને ન માને, છતાં તે સિંહનો શિકાર બનવાનો. ન જાણવાથી કે ન માનવાથી તે શિયાળ બચી શકતું નથી. તેમ તમે જીવ છો. 'દુર્ગતિ અને સદ્ગતિ છે' તેમ માનો કે ન માનો તો પણ કર્મ બંધાય છે. તેમાં બચાવ નથી. સુખ-દુઃખમાં અજ્ઞાનનો બચાવ છે? સુખ થવામાં કે દુઃખ થવામાં કોઈ જાણતું નથી તેથી તે દુઃખ-સુખ બંધ થઈ ગયાં? જીવને, કર્મને ને દુર્ગતિને ન માને તેટલા માત્રથી

તેનાથી છૂટી જતો નથી. દરેક નાસ્તિકને છેવટે તો 'ઓય રે'માં જ જવાનું થાય. જેમ પિયરથી સાસરે જવાવાળી બાઈ દેખાવમાં રોવાનું વગેરે કરે પણ સાસરાવાળા ન તેડાવે તો તે પોતાની મેળે જાય. તેમ આપણે ગત્યંતરનો વિચાર શો કરવાનો ?

આપણે સારાં કર્મો કર્યાં તેથી સારી ગતિમાં જવાનું છે. તે કોને ? આસ્તિકને. આ શરીરરૂપ મુસાફરખાનું છોડીને બીજે જવાનું કોને થાય ? આસ્તિકને. ત્યારે નાસ્તિકને મીંડું, સરવાળે શૂન્ય. શૂન્યવાળું સરવૈયું નાસ્તિકને હોય, પણ આસ્તિકને ન હોય. આસ્તિકને તો એ હોય કે 'હું આરાધક બનું–આવતા ભવે ધર્મ પામું.' શૂન્ય સરવાળાના સરવૈયાવાળા નાસ્તિકો છે. તેથી આસ્તિકમાત્રે કે આર્યમાત્રે એ વિચાર કર્યો કે 'અમારી આવતી જિંદગી નહિ બગાડી દેનાર પણ તેને સુધારનાર જો કોઈ હોય તો તે માત્ર ધર્મ જ છે.' આવી રીતે આસ્તિક અને આર્યમાત્રે ધર્મ માન્યો છે.

ધર્મ શેનો વિષય ?

અહીં એક વાત વિચારવાની કે ધર્મ તે મનનો, ઈન્દ્રિયનો કે અક્કલનો વિષય નથી. કેમ? તો નથી તેની કાનથી પરીક્ષા, નથી તે આંખથી દેખાતો, નથી તે નાકથી સૂંઘાતો, નથી તે રસનાથી ચખાતો અને નથી તે સ્પર્શથી જણાતો. સ્પર્શ, રસ, ગંધ, રૂપ ને શબ્દની પરીક્ષા કરી શકીએ. કેમ ? તો તે ઈન્દ્રિયના વિષય છે માટે તેની પરીક્ષા કરી શકીએ. પણ આવતી જિંદગી તે ઈન્દ્રિય કે અક્કલનો વિષય નથી. ત્યારે તે વિષય કોનો છે ? જ્ઞાની પુરુષનાં વચનનો તે વિષય છે. તે જ્ઞાની પુરૂષ મળ્યા માટે તેમનું વચન સાંભળો તો આવતી જિંદગી બગડતી સુધારી શકાય. માટે ધર્મ કયાં છે ? વચનની આરાધનામાં ધર્મ છે.

હવે ધર્મનું સ્વરૂપ કયું ? તેનું ફળ કયું ? તેને માટે સાધન અને સામગ્રી કઈ ? અને અહીં વચનની આરાધના કેમ વાપરી ? તે વગેરે અધિકાર જણાવશે તે અત્રે વર્તમાન.



વ્યા ખ્યા ન

વચનની આરાધના

૪

સાચા વૈદાનું ને સાચા વૈદ્યનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વર** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સાચો વૈદ્ય તમામ રોગોના નિદાનને સમજે, તેના સ્વરૂપને જાણે અને તેની ચિકિત્સાને સમજે, પણ સાચું વૈદું કયાં? તમામ રોગો, તેનાં કારણો ને તેની ચિકિત્સા સમજવાથી સાચું વૈદું ગણાતું નથી. પણ દર્દીના દર્દને સમજે, તે રોગ કેમ થયો તેનાં કારણો વિચારે, અને તે શાથી શાંત થશે તે શમાવવા માટે જે દવા જોઈએ ને જે ચિકિત્સા જોઈએ તે પ્રમાણે કરીને શમાવે ત્યારે સાચું વૈદું ગણાય.

ડોકટરને ત્યાં જેટલા બાટલા તે બધા રોગને શમાવવાળા હોય છતાં રોગોને ડોક્ટર ન જાણે તો? હવે તેના રોગો જાણે ને તેનાં નિદાનો જાણે પણ આવેલો દર્દી ગરમીવાળો હોય અને તેને ગરમ દવા આપવામાં આવે તો શું થાય? આવેલા દર્દીના દર્દને જાણીને તે પ્રમાણે દવા આપે તેમાં સાચું વૈદું ગણાય. વૈદ્ય રોગો, દવા વગેરેને જાણીને બને છે; પણ રોગનાં કારણો અને તેની દવા જાણે ત્યારે તે ખરો વૈદ્ય.

આવી રીતે અહીં સર્વજ્ઞના શાસનમાં સર્વ કર્મરૂપી રોગો, તેનાં કારણો, તેનાં સ્વરૂપ ને સર્વ રોગોની શાંતિની દવા બતાવવામાં આવે છે. એટલે સર્વજ્ઞના શાસનને જાણનારો કર્મરોગને, તેના સ્વરૂપને ને તેની ચિકિત્સાને જાણે; પણ દર્દી કેવા કર્મરોગથી પીડાય છે તે ન જાણે. કેટલાક શ્રદ્ધાવાળા હોય છતાં જ્ઞાનમાં ઓછા હોય. કેટલાક જ્ઞાનમાં પૂરા હોય અને શ્રદ્ધામાં ન હોય. કેટલાક શ્રદ્ધા અને જ્ઞાનવાળા હોય, છતાં પ્રવૃત્તિમાં મીંડાવાળા હોય. કેટલાક શકિતમાં મીંડાવાળા હોય.

તેમ કર્મની પ્રકૃતિઓમાં જ્ઞાનાવરણીયને અંગે કોઈને મતિજ્ઞાનાવરણીય તીવ્ર હોય અને શ્રુતજ્ઞાનાવરણીય મંદ હોય, ત્યારે કોઈને મતિજ્ઞાનાવરણીય મંદ અને શ્રુતજ્ઞાનાવરણીય તીવ્ર હોય. આવી રીતે દરેક કર્મમાં સમજવું. કેટલાક મતિજ્ઞાનની તીવ્રતાવાળા હોય તો તેઓ શ્રુતજ્ઞાનની મંદતાવાળા હોય. કેટલાક શ્રુતજ્ઞાનની તીવ્રતાવાળા હોય તો તેઓ મતિજ્ઞાનની મંદતાવાળા હોય. કેટલાક ક્રોધાદિની મંદતાવાળાં હોય ત્યારે કેટલાક ક્રોધાદિની તીવ્રતાવાળા હોય. કેટલાક ભોગાંતરાયાદિવાળા હોય. આ બધું કર્મના પ્રભાવે છે. તેમાં કર્મ સિવાય બીજું કારણ નથી.

'જીવ' સંબંધી જૈનોનું મંતવ્ય

જૈનેતરોમાં 'જીવ' શબ્દ માનીને ચાલ્યા કર્યું છે, પણ જીવના સ્વરૂપમાં ઘણઠકો છે. તેઓ જો જીવનું સ્વરૂપ માનવા જાય તો આઠે કર્મ માનવાં પડે. જૈન સિવાય કોઈ મતવાળાએ આઠ કર્મ માન્યાં નથી. [1]જીવને જ્ઞાનસ્વરૂપવાળો માન્યો હોય તો તે જૈનોએ. અન્ય મતમાં જીવ તે જ્ઞાનનો દાણઠો. તેમાં ફરક શો? હીરામાં જે તેજનું સ્વરૂપ છે તે જૂદું નથી. દાણઠામાં મૂકીએ તો ઘરેણું અને અંદર તે ઘરેણું ન મૂકીએ તો ખાલી હોય. તેમ અહીં બીજાએ આત્માને 'જ્ઞાનનો દાણઠો' માન્યો ત્યારે જૈનોએ આત્માને જ્ઞાનસ્વરુપ માન્યો. તેથી જ્યારે જ્ઞાનસ્વરૂપ છે, ત્યારે સર્વજ્ઞસ્વરૂપ માનવો પડે છે. પરિણામ સર્વજ્ઞપણું આવવાનું છતાં સંપૂર્ણ કેમ થતું નથી? જ્ઞાનને રોકનારાં કર્મો છે તેથી તે સંપૂર્ણ થતું નથી.

કર્મ કોને માનવાં પડે?

જેઓ આત્માને જ્ઞાનસ્વરુપ અને દર્શનસ્વરુપ માને તેઓ જ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ માની શકે. જેઓ જીવને શુદ્ધ માન્યતાવાળો માને, તેને જ દર્શનમોહનીય કર્મ માનવાનો, વીતરાગપણાવાળો માને તેને જ કષાય–ચારિત્રમોહનીય કર્મ માનવાનો તેમજ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યવાળો માને તેને જ અંતરાય કર્મ માનવાનો વખત છે. પણ જેને આત્મામાં જ્ઞાન, દર્શન, વીતરાગપણું, દાન, લાભ કંઈ નથી આવેલું એવું માનવું છે તેને ઉપર કહેલાં કર્મો માનવાનો વખત જ નહિ.

---

૧ जीवो उवओगलक्खवाणो (उत्त० अ० २८, गा० १०)

જૈનોને મોક્ષ તે ગુણનો દરિયો ને બીજાને મોક્ષ તે શૂન્ય

જ્ઞાનસ્યાધિકરણમાત્મા. [1]જ્ઞાનનું અધિકરણ આત્મા એટલે જ્ઞાનનો દાબડો. તે આવે તો રહે અને ન રહે તો ખાલી. આત્મામાં બહારથી જ્ઞાન આવે છે. જેને શરીર ને ઇન્દ્રિયો ન હોય, તેથી જ્ઞાન ગયું. શરીર અને ઇન્દ્રિયોએ કરેલું જ્ઞાન આત્મામાં આવે છે, માટે જૈનેતરો શરીર અને ઇન્દ્રિયોથી પ્રગટ થયેલું જ્ઞાન આત્મામાં માનનારા છે. **આપણે જ્ઞાનમય આત્મા માન્યો તો જૈનેતરોએ જ્ઞાનનું સ્થાન આત્મા માન્યો.** જૈનેતરોને જ્ઞાન તે ભાડૂતી લાગે. **જૈનને જ્ઞાન તે ઘરનું** ગણાય. તેથી જ્યાં મોક્ષનો વિચાર કરીએ, ત્યાં જૈનો મોક્ષમાં ગયેલા જીવને કેવળ જ્ઞાન, કેવળ દર્શન, વીતરાગપણું અને અનંતશક્તિવાળો માને છે. તે બીજા મતવાળાથી ન મનાય. ઇન્દ્રિયો અને શરીર હોય ત્યાં સુધી જ્ઞાન હોય છે; તે ગયા પછી જ્ઞાન નથી.

મોક્ષ પામે ત્યારે આત્મામાં અજ્ઞાન એટલે મોક્ષમાં જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, વીતરાગતા અને અનંતવીર્ય નહિ, ત્યારે શૂન્યમય આત્મા. આવો શૂન્યમય આત્મા મનાય કોને? જૈનેતરોને. મોક્ષમાં સર્વજ્ઞતા, સર્વદર્શીપણું, વીતરાગતા અને અનંતવીર્ય તે એકસરખું– પરાવર્ત વગરનું, ન્યૂન નહિ, તેમજ અધિક પણ ન થાય તેવું, નાશ નહિ પામનારૂં એવું આત્માનું સર્વકાલનું સર્વ આત્માનું ભાન કરાવનારૂં માન્યું હોય તો જૈનોએ જ. જૈનોનો મોક્ષ તે ગુણનો દરિયો, ત્યારે બીજાઓનો મોક્ષ તે શૂન્ય.

સોનું સો ટચનું, પણ તેની ઉત્તમતા શામાં? તો કષમાં ઉત્તમતા છે. આત્માની ઉત્તમતા શામાં? મોક્ષ મેળવવામાં છે. જેને આત્મા'શૂન્ય' માનવો છે તેને મોક્ષ શા માટે? જેટલું જ્ઞાન છે તેટલું કાઢવા માટે ને? **આત્માનું સ્વરૂપ તે જ જ્ઞાન છે.** જેઓ જીવને જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, વીતરાગતા ને અનંતવીર્ય સ્વરૂપ નથી માનતા, તેવાઓને જ્ઞાનવરણીય આદિ કર્મો માનવાં હોય કયાંથી? હીરાની વીંટી અને હીરો.

---

૧ તાત્વિક પ્રશ્નોત્તરનું જુઓ ૫૦ ૨.

હીરો તે નંગ; તે હીરા સ્વરૂપ અને વીંટીમાં જડેલું તે ખરું ને? એટલે ખલાસ છે.

જૈનેતરોને જ્ઞાનસ્વરૂપ આત્મા નહિ, તેથી તેને રોકવાવાળાં કર્મો તેમણે ન માન્યાં, અને મોક્ષમાં જ્ઞાનનો અભાવ માનવો પડ્યો. જૈનેતરો આત્માને જ્ઞાન, દર્શન, ક્ષાયિક સમ્યકૂત્વ, વીતરાગપણું ને વીર્યસ્વરૂપ માનવા તૈયાર નથી. જ્ઞાન આવ્યું ત્યારે તેમાં તે રહે, પણ કારણ જાય ત્યારે જાય.

સૂર્યનો તડકો પડતો હોય તે વખતે લાલ પડદો હોય તે ઉપર પ્રકાશ પડે તો લાલ દેખાય. તેમ અહીં ઈન્દ્રિયો અને શરીર હોય ત્યાં સુધી જ્ઞાન હોય; નહિ તો જ્ઞાન નહિ. પણ જે જ્ઞાનસ્વરૂપ માને છે તેને હીરો જેમ તેજસ્વરૂપ, મોતી પાણીસ્વરૂપ, સોનું કષસ્વરૂપ તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેથી તેને જ્ઞાનાવરણીય આદિ કર્મો માનવાનું બને. તે જૈનો જ માને છે તેથી જૈનો જ ગુણમય આત્મા માને છે. તે છતાં કોઈ તીવ્ર જ્ઞાનાવરણીય કર્મવાળો હોય, કોઇ મંદ દર્શનાવરણી કર્મવાળો હોય, કોઇ તીવ્ર ચારિત્રમોહનીય કર્મવાળો હોય, કોઈ મંદ વીર્યવાળો હોય તેમ કોઈને કર્મનો ક્ષયોપશમ સારો હોય છતાં તેને રોગ કયો? રોગ તો બધા જોવા. ૧૫૮ પ્રકૃતિબંધના હેતુ, સત્તા, ઉદય વગેરે બધા જોવા. આપણે જે જીવને ઉપદેશ આપીએ તે કયા રોગવાળો છે તે ન જાણીએ તો જિનેશ્વરનું શાસન જાણ્યું, કર્મરોગ જાણ્યા, તેનું સ્વરૂપ જાણ્યું, દવા જાણી, છતાં કયા રોગના દર્દી છે તે ન જાણીએ તો વૈદ્ય બન્યા, છતાં વૈદું જાણનારા ન ગણાઈએ. તેને જ 'ઊંટવૈદું' કહીએ. કેમ બરાબર છે ને? કઈ જગ્યા પર વૈદું કરવાનું હતું?

સાંઢણી ને ડોશી

એક વૈદ્ય હતો. તેને ત્યાં એક નોકર હતો. હવે કોઈ વખત વૈદ્ય અને નોકર બહાર જતાં રસ્તા ઉપર સાથે થઈ જાયછે. તેટલામાં

રસ્તામાં એક સાંઢણીવાળો આવતો હતો. તેવામાં તેની સાંઢણીના ગળામાં કોઈ ચીજ ભરાઇ જવાથી તે તરફડવા લાગી. જેમ રબારીને બકરીઓ સર્વસ્વ, જેમ ગોવાળને ગાયો સર્વસ્વ, તેમ સાંઢણીવાળાને સાંઢણી સર્વસ્વ. તે સાંઢણીવાળો પોતાના કુટુંબ કરતાં તેના જીવનને વધારે ગણતો. તેથી જ્યારે વૈદ્ય ત્યાં થઈને પસાર થાય છે ત્યારે પેલા સાંઢણીવાળાએ પૂછ્યું, 'ભાઇ, તમે કોણ છો?'

ત્યારે પેલાએ કહ્યું કે 'વૈદ્ય છું.'

એટલે તરત જ સાંઢણીવાળાએ કહ્યું કે જો મારી સાંઢણીનું કંઇક થશે તો મારું આખું કુટુંબ અને મારું નભશે કઇ રીતે? તેથી તે અકળાયો હતો ત્યાં વૈદ્ય મળ્યા. તેથી તેને કહ્યું કે મારી ઉપર મહેરબાની કરશો? મારી સાંઢણીની સ્થિતિ આવી છે. વૈદ્યે બધે તપાસી જોયું, પણ કંઈ માલુમ પડ્યું નહિ. ગળામાં, નસોમાં શરીરમાં કંઈ વિકાર નથી, ત્યારે વૈદ્યે પૂછ્યું કે તારી સાંઢણી કયે રસ્તે આવી? પેલાં ખેતરો દેખાય છે ને ત્યાંથી આવી. વૈદ્યે તે તરફ જોયું. ત્યાં ચીભડાં હતાં. તેથી આ સાંઢણીએ ચીભડું ખાધું જણાય છે તેથી તે ગળામાં ભરાઈ ગયું છે. પેલા ચારેને કહ્યું કે સાંઢણીને બરાબર પકડજો. તેમ કહી વૈદ્ય જરાક છેટો ગયો અને ત્યાંથી દોટ કાઢતો આવીને ગળા ઉપર લાત મારી, તેથી ચીભડું ભાંગી ગયું તેથી ગળામાં ઊતરી ગયું અને સાંઢણી સારી થઈ.

આ બાજુ પેલા નોકરે વિચાર કર્યો કે આ વૈદ્ય ઠીક છે તેથી તે વૈદ્યથી જૂદો પડ્યો. અને પોતે દવાનો કોથળો લઈ વૈદ્ય કરવા ચાલ્યો. ચાલતાં ચાલતાં કોઈ ગામમાં ગયો. હવે તે ગામના ઠાકોરની માને ગળે ગૂમડું થયું હતું. ગામના લોકોએ કહ્યું કે 'નવા વૈદ્ય આવ્યા છે, ઠાકોરે તેમને બોલાવ્યા. પેલાએ ચારે બાજુથી ડોસીને બરાબર પકડાવી અને પોતે લાત મારી તેથી ડોસી મરી ગઈ.

આ જેમ દર્દી જાણ્યા વગર દવાનો પ્રયોગ કરનાર 'ઊંટ વૈદ્ય' છે,

તેમ આપણે સર્વજ્ઞના શાસનને જાણીએ, કર્મના રોગો જાણીએ, સ્વરૂપો જાણીએ, ઔષધો જાણીએ પણ સામો કયો દર્દી છે તે વિચાર વગર વૈદું કરાય તો શું થાય? તેથી જ શાસ્ત્રકાર કહે છે કે-"**यद्भाषितं मुनीन्द्रैः पापं खलु देशना परस्थाने**" (ષોડશ૦ ૧ શ્લો ૧૪) વીતરાગ ભગવાનની દેશના દેનારા હોય, પણ ઘરનું કહેનારા ન હોય. જો ઘરનું કહે તો ફક્ત પાપ ગણાય, તે દેશના ગણાય કે? તેમાં ચમકશો નહિ. કયારે ચમકશો નહિ? 'પરસ્થાને.' **જીવની જે યોગ્યતા હોય તે પ્રમાણે દેશના નહીં દેતાં તેની યોગ્યતા બહાર દેવામાં આવે તો તે ફક્ત પાપ જ છે.** ધર્મમાં પ્રવર્તતો હોય ને ક્રિયા કરતો હોય, તેને સ્થિર કરવા માટે કહી શકીએ કે દાન, તપ ને યમથી શું મન વશ ન થાય તો? આનું તત્ત્વ કયાં? દાન, શીલ, તપ ને યમના ઢોંગ છોડવામાં કે મન વશ લાવવામાં તત્ત્વ છે? તેને અત્યારે વ્રત-નિયમ, મન વશ કર્યા વગર શા કામનાં? મનને વશ કરવાની તીવ્રતામાં જે દેશના અપાઈ તેને તે વ્રત-નિયમની નિષ્ફળતામાં લઈ ગયો. શાસ્ત્રકારે તો મનને વશ કરવા માટે તીવ્ર ઉદ્યમ કરવો જોઈએ તેને માટે આ વાત કહી ત્યારે પેલો પાત્ર નથી એટલે સામો સમજી શકતો નથી. તેનો અર્થ તેણે શો કર્યો?

વ્રત-નિયમ શા કામનાં છે? જેને મન વશ હોય તેને જ તે કામનાં છે. જેને મન વશ ન હોય તે વ્રત-નિયમ કરે તો તેથી શું થવાનું? દેશના દેનારે પાપ જોયું નહિ અને દેશનાનું પરિણામ આ મનને વશ કરવામાં કે વ્રત-નિયમ તોડવામાં લઈ જશે તે ન વિચાર્યું.

'બ્રહ્મ તે હું જ' એ કહેવાનો હક્ક કોનો?

આ વિચારશો તો 'કલિકાલસર્વજ્ઞ' ભગવાન **હેમચંદ્ર સૂરીશ્વરજી** મહારાજે **યોગશાસ્ત્ર**ના ત્રણ પ્રકાશ વ્યવહાર ચારિત્રના કહ્યા અને ચોથા પ્રકાશની શરૂઆતમાં કહ્યું કે "**आत्मैव दर्शनज्ञान-चारित्राण्यथवा यते : । यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति ॥ १ ॥** આ આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપ. જીવાદિકની શ્રદ્ધા તે 'સમકિત.'

તેનું જે જ્ઞાન તે 'જ્ઞાન'. ઈર્યાસમિતિ વગેરે તે 'ચારિત્ર.' એ કહી દીધું પણ એક વાત કહી : "अहं ब्रह्माऽस्मि, सोऽहं." આવું કહેનારા ઢોંગી છે. ત્યારે આ વાકય ખોટું છેને ? ના. પણ સાચું તે કઈ અપેક્ષાએ ? જેને સમકિતનું, જ્ઞાનનું, ચારિત્રનું ઠેકાણું નથી તે કહે કે હું બ્રહ્મ. હું જ તે બ્રહ્મ તે કહેનારને પૂછવું જોઈએ કે તું કયાંથી બ્રહ્મ થયો ? શુદ્ધ ચિદાનંદસ્વરૂપી હું અને તું કહે છે એ બેનો સંબંધ કયાં ? માટે ત્યાં ઠગારાપણું છે. જ્યાં આત્મા અનંત જ્ઞાન, દર્શન, વીતરાગતા, અનંત વીર્યસ્વરૂપ છે ત્યારે તું કયાં છે ? અનંત પુદ્ગલોના પાંજરામાં પૂરાયેલો એવો તું કયાં ? હું બ્રહ્મ છું, તે હું છું, આ માન્યું કયાંથી ? જેમ ગધેડો પોતાને હું 'હાથી' છું તેમ કહેવા માત્રથી હાથી થતો નથી. તેમ તું 'अहं ब्रह्माऽस्मि' કહે છે, પણ તે બ્રહ્મના તેજ, સ્વરૂપ, અને નિર્મળતા આગળ તું કોણ ? 'अहं ब्रह्मास्मि' તે કેવી રીતે કહે છે તે બોલને ? આત્મા છે ચિદાનંદસ્વરૂપ, ત્યારે તું છે કર્મનો કેદી.

માટે શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે રસ્તો કાઢયો : 'अहं ब्रह्मास्मि सोऽहं' કહેવાનો હક્ક કોને ? સંસારની માયા છોડીને ઊંચી દશામાં આવેલો છે તેને હું જ્ઞાન, દર્શન અને ચારિત્રસ્વરૂપ છું તે કહેવાનો હક્ક છે. સર્વ પ્રકારના આરંભ, પરિગ્રહ, કષાય ને પ્રમાદમાં લીન રહીને सोऽहं शुं જોઈને કહે છે ? દુનિયામાં સૂર્યને આગિયા સાથે સરખાવો તો તે ન ઘટે. છતાં તેજદાર ખરો. પણ મેશ જોડે ઘટાવીએ તો તે કેવી રીતે શોભે ? તેમ હું 'ब्रह्माऽस्मि' તે આરંભ-પરિગ્રહાદિમાં મગ્ન થયેલો કેવી રીતે બોલે છે ? કંઈક જ્યોત-સ્વરૂપમાં તો આવને ? દરિયા અને ખાબોચિયા જેટલી જલાશયની સ્થિતિ હોય તો જલાશય કહી શકાય. માટે 'यतेः'. શા માટે યતિના આત્માને જ્ઞાન, દર્શન ને ચારિત્ર કહો છો ?

તે પોતાના શરીરને પોતાનું નથી ગણતા, પણ પોતાનું અધિષ્ઠાન ગણે છે. હું પોતે જ્ઞાન, દર્શન ચારિત્ર ને વીર્યસ્વરુપ છું માટે તે શરીરમાં અધિષ્ઠિત છું. એવા હોય તેને 'હું બ્રહ્મ, તે હું' એમ કહેવાનો હક્ક

છે, પણ જેને હું દર્શન-જ્ઞાનાદિવાળો છું અને આ શરીર તો અધિષ્ઠાન છે તે ન માને તેને 'અહં બ્રહ્માસ્મિ' બોલવાનો હક્ક નથી.

આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ કોનો ?

યતિનો.

કેમ ? તો તેનો આત્મા આરંભાદિમાં લીન નથી, પણ જ્ઞાન ને દર્શનમાં જ તન્મય થયેલો છે. એવા સ્વરૂપવાળો આત્મા શરીરમાં રહેલો છે માટે સાધુનો આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છે. આ ઉપદેશ કયારે આપ્યો? ચોથા પ્રકાશમાં આપ્યો કે જ્યાં શુદ્ધ સમ્યક્ત્વ, જ્ઞાન ને ચારિત્ર થયું પછી પ્રમાદમાં ન પડે માટે આ કહેવું પડ્યું.

દેશના પાપસ્વરૂપ કયારે ?

"कृतस्य करणं नास्ति पापं खलु देशना." ભલે તે **ધર્મની કે શાસ્ત્રની દેશના હોય પણ સંવર. નિર્જરાને માર્ગે જોડનારી તે ન હોય તો તે દેશના પાપ જ છે.** તેનું કારણ શું ! કયો દર્દી છે અને તેને કયું ઓસડ આપવું જોઈએ તે વૈદ્ય સમજતો હોય. તેમ આ સર્વજ્ઞનું શાસન તમામ કર્મોના રોગો રૂપી દર્દો માટે ખરેખર દવાખાનું છે. પણ તેના દર્દને પિછાણીને પછી તેના દર્દને લાયકની દવા આપવી જોઈએ. તે જ પ્રમાણે દેશના આપવામાં સમજવું, કારણ કે કોઈ બાળક હોય, કોઈ મધ્યમ હોય, કોઈ પંડિત હોય. બાળકને બાળકના જેવી, મધ્યમને તેને યોગ્ય હોય તેવી ને પંડિતને પંડિતના લાયકની દેશના આપવી જોઈએ. વ્યવહાર, નિશ્ચય, જ્ઞાન ક્રિયા, ઉત્સર્ગ ને અપવાદ-આ બધું ધ્યાન રાખીને દેશના દેવી પડે, કારણકે તે પરસ્થાન નથી. પરસ્થાને શ્રોતાની લાયકાત વગર તેની લાયકાત જાણ્યા વગર બોલી દેવું તે તરકટ જે ધર્મની દેશના આપે તે તો પાપસ્વરુપ છે. માટે પહેલાં દર્દીને જાણો, તેનું દર્દ કયું છે, તે જાણો. 'ધર્મની પરીક્ષા કરતાં શીખ્યો તે દર્દની પરીક્ષા અને દવા આપતાં શીખ્યો.' જગતમાં નાનાં બચ્ચાં રંગ ચળકતો દેખે તો 'છબી સારી છે' એમ માને પછી ભલે તે પરમેશ્વરની હોય, દેશનેતાની કે દેશદ્રોહીની હોય તે તેને

જોવાનું નહિ. સમજુ હોય તે છબીની કિંમત-સ્વરૂપ જોઈને કરે. તેનાથી આગળ વધેલો હોય તો ગુણદોષ વિચારીને કિંમત કરે.

ધર્મની પરીક્ષા કેટલી રીતે થાય?

ધર્મની પરીક્ષા ત્રણ રીતે થાય : પરમેશ્વરનું સ્વરૂપ, શાંત મુદ્રા વગેરે જોવામાં આવેલી હોય તો તેની કિંમત કરે. જેમ છબીને દેખનારા ત્રણે છે. બાળક રંગને, મધ્યમબુદ્ધિ આકારને, સમજુ આકારના રહસ્યને સમજે છે. તેમ અહીં ધર્મને અંગે પણ જાણવું. કેટલાક ધર્મના રિવાજને દેખનારા, કેટલાક રીતિને દેખનારા તો કેટલાક તત્ત્વને દેખનારા હોય છે, જેમ છબીમાં રંગ કાચો હોય, હાથ લગાડવાથી બગડી જતો હોય, તોપણ તે ઝગઝગતો હોય તો બચ્ચાંને ગમે. આ રંગ ટકાઉ છે કે નહિ? આ કાગળમાં કેમ? તે ન જુએ, તેમ બાળકો ધર્મની પરીક્ષા કરવા તૈયાર થાય તો કયી રીતએ? રિવાજ દેખવાથી. ચાલુ રિવાજને માત્ર દેખે તે 'બાળક.'

મધ્યમબુદ્ધિ કોનું નામ? રીતિને તપાસે, અવારનવાર પ્રસંગ પડે, જે કરવાનું હોય તે કરે, તે દેખે.

બુદ્ધિ કોનું નામ? તત્ત્વને પરખે તે.

ધ્યાન રાખો કે ધર્મને સાંભળનારા આવા ત્રણ પ્રકારના હોય છે. ધર્મના રિવાજને દેખીને ધર્મમાં જોડાય; કેટલાક નીતિ-રીતિ વિચારીને જોડાય; ને કેટલાક તત્ત્વને પારખીને પછી ધર્મમાં જોડાય.


પરંતુ ખરી રીતે ફળની દશા કયાં? તત્ત્વની પરીક્ષા કરે ત્યાં. તત્ત્વની પરીક્ષા એ ખરું રહસ્ય છે, વસ્તુ તત્ત્વથી શું જોવાનું હોય? જીવ, કર્મ ને મોક્ષ- જીવને કર્મ બંધાય છે. જીવ કર્મને રોકે છે, જીવ કર્મને તોડે છે, જીવ કર્મનો સંપૂર્ણ નાશ કરે છે તે બધુંએ તપાસીને ગ્રહણ કરે. માટે કહ્યું-**આગમતત્ત્વં તુ બુધ:** આગમતત્ત્વની પરીક્ષા કરીને ધર્મ કરે. માટે જ કહ્યું કે વચનની આરાધના તે જ 'ધર્મ' છે. જે અતીન્દ્રિય જ્ઞાની મહારાજે આત્માને સુધારવા માટે પોતે જે પ્રમાણે કર્યું તે પ્રમાણે જણાવ્યું.

પરમેશ્વરનું લક્ષણ


જૈનો પરમેશ્વર કોને માને? પોતે ત્યાગ–વૈરાગ્ય આચરીને આપણને જણાવે તેને પરમેશ્વર માને. પણ તે ત્યાગ, વૈરાગ્યને એક બાજુ મૂકે અને કહે કે "ચઢ બેટા શૂળીએ, હ્યો ખૂદાકા નામ" તેમ નહિ, પણ પોતે પહેલાં ત્યાગ, વૈરાગ્ય લઈને શુદ્ધ સ્વરૂપ પામીને કહે કે 'તમે આમ કરો. જો તમે આમ કરશો તો આમ ફળ પામશો,' માટે જૈનોએ કથની અને કરણી બેવાળાને દેવ માન્યા. કરણી પછી એમ કથની તે કરવાવાળા એવા તેમનાં વચન પ્રમાણે ન ચાલીએ, તો કથનીનું ફળ કેવી રીતે મેળવી શકીએ? કરણીથી ફળ જેમણે મેળવ્યું છે એવા જે કહે તે 'કથની.' તે કથની સાંભળીને આપણે તેમ કરીએ તો તો તેનું ફળ પામી શકીએ. અહીં વચન શા માટે લીધું? આજ્ઞા શા માટે ન લીધી? આજ્ઞા એક ચીજ છે તે કેમ ન લીધી? તે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

●

મોક્ષમાં ગયેલા પણ પંડિતોથી તમે કેમ પૂજાઓ છે? કારણ કે સર્વ અદૃષ્ટ–કર્મના નાશથી તે મોક્ષ છે. સત્પુરુષોને ગુણાનુરાગ ખરેખર ક્ષયોપશમથી છે. અને તેથી જ હે જિન! તેઓ તમારી પૂજા કરે છે. અર્થાત્ કર્મ અને રાગદ્વેષથી રહિત જ પૂજાને યોગ્ય છે.



ભવભ્રમણ અને ધર્મપરીક્ષા



ભટકતી અને રખડતીમાં તફાવત

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્રસૂરિ-શ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી જન્મ-મરણ, જન્મ-મરણ કરતો કરતો ભટકતો રહેલો જ છે. એટલે કહેવાનું તત્ત્વ એ કે ઇતિહાસમાં ભટતી પ્રજા કહેવાય છે તે કેવી ? એક જગ્યા પર સ્થિર ન રહે તેવી. જેમકે અત્યારની લુવારીઆ (લુહારિયા) જાત કે જે ભટકતી પ્રજા તરીકે ગણાય છે. શાસ્ત્રકાર કહે છે કે એ ભટકતી પ્રજા છે ત્યારે આ આપણે રખડતી પ્રજા છીએ. ભટકતી ને રખડતીમાં ફેર શો ? જ્યારે ભટકતી પ્રજા એક સ્થાનેથી બીજે સ્થાને જાય ત્યારે ટોપલામાં પોતાની મિલકત તેમજ કુટુંબ પોતાની સાથે લઈને જાય. પ્રાચીન કાળમાં ટોપલે ઘરવાળા હતા.

ભટકતી પ્રજા ટોપલે ઘર રાખી શકે ત્યારે આ રખડતી પ્રજા ટોપલે ઘરવાળી નહિ. પેલા તો શરીર તેમજ જે કુટુંબ, ધન, માલ હોય તે સાથે લઈ જવાવાળા. ફક્ત સ્થાનોનો ફેરફાર કરે છે, પણ આ તો રખડતી પ્રજા. મેળવે આખો જન્મારો કરોડોની **મિલકત**, કરોડોનું **કુટુંબ** અને લાખો **સ્ત્રીઓ** અને મોટી **કાયા** જાળવી તે આખો જન્મારો જહેમત ઉઠાવીને. એ ચારે ચીજમાંથી એકે ચીજ સાથે લઈ જવાની નહિ. ભટકતી પ્રજાને નિકાશનો પ્રતિબંધ. કરોડો મેળવ્યા હોય, જાદવની માફક કરોડોનું કુટુંબ મેળવ્યું હોય, ચક્રવર્તીની માફક લાખો સ્ત્રીઓ મેળવી હોય, ભીમસેન જેવી કાયા મેળવી હોય પણ જ્યારે જાય ત્યારે સાથે કાંઇ લઈ જવાનું નહિ. જ્યારે ભટકતી પ્રજા જે મેળવે તે લઈ જાય. ત્યારે આ રખડતી પ્રજાને જે મેળવ્યું તે મૂકવાનું. દરેક જન્મમાં આ જ ધંધો કર્યો છે.

આસ્તિક કૂચા મૂકે ત્યારે નાસ્તિક સાંઠા મૂકે

જેઓ નાસ્તિક હોય તે તે ભવમાં જીવ, પુણ્ય, પાપ કે નરક વગેરે ન માનતો હોય; તો પણ તેને આ વાત માનવી પડે છે કે આસ્તિક નાસ્તિકની વચમાં એક જીવ, પુણ્ય, પાપ ને પરભવ વગેરે માને ત્યારે એક 'તે નથી' એમ માને તેથી તેમાં મતભેદ હોય પણ અહીંથી ઉઠાંતરીમાં મતભેદ. નહિ મેળવ્યું તે મૂકવા માટે તેમાં મતભેદ નહિ. બન્ને વચ્ચે ફરક કેટલો ? આસ્તિક કૂચા મૂકે ત્યારે નાસ્તિક સાંઠા, પણ તે કેમ ? નાના છોકરાં પણ શેરડી ચૂસ્યા પછી કૂચો ફેંકવો હોય તે વખતે વિચાર ન કરે, પણ શેરડીનો કકડો તેની પાસેથી લઇ લો તો ? તે રોવા બેસે. તેમ આસ્તિક વિચારે કે જિંદગીમાં ચાર વસ્તુ મેળવી તે આત્મકલ્યાણને માટે; તેમાંથી જેટલો રસ લેવો હતો તે લઈ લીધો; હવે કૂચા રહ્યા તે ભલે ચાલ્યા જાય.

પણ નાસ્તિકે ભલે તે મેળવ્યું પણ તેનો રસ લેવાનો નથી માટે સાંઠો મૂકયો ગણાય.

આસ્તિકને મળેલાનું સાર્થક કરવાનો વખત છે અને ઇચ્છા છે. નાસ્તિક જિંદગી સુધી મરીને મેળવે પણ મૂકે ત્યારે સામટું મૂકી દે. જિંદગીની જહેમતમાં મેળવ્યું અને પળના પલકારામાં પલાયન થાય. કોને ? નાસ્તિકને. ત્યારે આસ્તિકને રસ લઇ લેવાયો. હવે મૂકાય તો વાંધો નહિ. આસ્તિક નાસ્તિકમાં આ ફરક છે. તે માટે પહેલે દિવસે વાત જણાવી હતી ને કે નાસ્તિક જન્મનો હરામખોર છે. કેમ ? હરામખોર કોણ ? જેને મિલકત પોતે મહેનત કરીને મેળવેલી ન હોય તે તેનો માલિક બનવા અને કબજો કરવા જાય તો તેને દુનિયામાં શું કહેવાય ? તેમ કોટિધ્વજને ત્યાં છોકરો જન્મ્યો. હવે તે છોકરો ક્રોડ કમાવવા કયાં ગયો હતો ? કબજે કરવાની ને રક્ષણ કરવાની મહેનત તેને કયારે કરી હતી ? જ્યારે આ નથી કર્યું તો તેનો હકદાર શાથી ? માટે કહો કે તે 'હરામખોર.'

આસ્તિકને હરામખોર નહિ કહેવાય. કેમ ? તો તે કહેશે કે મેં પુણ્ય કર્યું હતું તેથી મેળવ્યું છે આસ્તિક પોતાની મહેનતનો બદલો

માને તેથી એમ કહી શકે કે મેં કોડ મેળવ્યા, કબજે કર્યા ને તેનું રક્ષણ કર્યું. નહોતા મેળવ્યા છતાં હકદાર કેમ? તો પહેલાં કરેલાં પુણ્યથી.

નાસ્તિકને પુણ્ય ને પરભવ નથી માનવો. તે કોડનો માલિક શાનો થઈને બેઠો? માટે કહો કે તે હરામી. નાસ્તિકને મરતી વખતે એમને એમ મૂકવું પડે. અને જન્મ પામતી વખતે હરામી બનવું. આસ્તિકને મૂકતી વખતે કૂચા મૂકવાના, જન્મતી વખતે પુણ્ય મેળવવાનું. આ વાતને ટૂંકી કરીને મૂળ વાતમાં આવીએ.

સારાંશ

કહેવાનું તત્ત્વ એ છે કે જીવે ભવોભવ જન્મ-મરણો કર્યાં. તેમાં આ ચારે વસ્તુ મેળવતો ગયો અને મૂકતો ગયો. મેળવેલું મૂકીને સ્થાનાંતર જાય તેને કેવો કહેવો અને મેળવેલું લઈ જાય તેને કેવો કહેવો? મેળવીને લઈ જનાર તેને ભટકતી જાત અને મેળવેલું મૂકી જાય તે રખડતી પ્રજા.

તમે દુનિયામાં કે બજારમાં રખડતો ને ફરંદો કોને કહો છો?

જે બે પૈસા કમાતો હોય ને આખો દહાડો રખડે તે 'ફરંદો', અને જે બે પૈસા ન કમાતો હોય ને એક દુકાનેથી બીજી દુકાને પગથિયાં ઘસતો હોય તો તે 'રખડતો.'

તેમ અહીં વિચારો. આ જીવ રખડતો છે કે ફરંદો? કહો કે રખડતો છે. ફરંદો હોય તો તે કમાણી કરે જ. કમાણી ઘર ભેગી કરે તે 'ફરંદો.' ત્યારે આ જીવે અનાદિ કાળથી જન્મમરણો કર્યાં. અનાદિ કાળથી મેળવેલું તે બધું મૂકયું.

આ ભવનો ખ્યાલ નથી તો ગયા ભવનો કયાંથી?

પ્રશ્ન—હવે કદાચ પાનાભાઈ જેવા કહે કે આ ભવનો ને જન્મનો ખ્યાલ નથી, તો ગયા ભવનો ને જન્મનો ખ્યાલ કયાંથી હોય? આ ભવમાં દરેક માને છે કે અમે માતાની કૂખમાં સવા નવ મહિના ઊંધે માથે રહેલાં છીએ. હવે જન્મની વાત. દરેકે માતાનું દૂધ પીધેલું

છે તે સિવાય કોઈ ઉછરેલું નથી, પણ તેનો ખ્યાલ અમને નથી. જ્યારે આ ભવ કે જન્મનો ખ્યાલ અમને નથી, તો ગયા ભવનો ને જન્મનો ખ્યાલ આવે કયાંથી? જ્યારે તે ખ્યાલમાં ન આવે તો અમને અનાદિની વાત કયાંથી ખ્યાલમાં આવે? આ તો ભેંસ આગળ **ભાગવતને**? જેમ ભેંસ આગળ **ભાગવત** વાંચવું નકામું ગણાય તેમ અમારી આગળ "તું અનાદિથી રખડે છે તે વાત કહેવી નકામી છે."

ઉત્તર–તારી વાત સાચી. પણ કેટલીક વાતો સામાન્યથી જણાય પણ વિશેષથી ન જણાય. પણ બુદ્ધિશાળી મનુષ્ય સામાન્ય જણાવવાથી પણ સમજી શકે. આપણા હાથમાં બાજરીનો દાણો આવ્યો તે કયાંથી આવ્યો? કયાં ઊગ્યો છે? કોને વાવ્યો? કોને લણ્યો? આ બધું માલુમ નથી. પણ વિચાર કરીએ તો માલુમ પડે કે અંકુરો હતો તો જ આ બીજ થયું. તે અંકુરો પણ પહેલાં બીજ હતું તેથી થયો. ન્યાયની ખાતર વિચાર કરે તો માલુમ પડે. **बीजांकुरन्यायेन संसारो यमनादि**[૧] 'બીજ અંકુર'ના ન્યાયે આ સંસાર અનાદિનો છે. તેમ અહીં **જન્મ અને કર્મ.**

જન્મથી કર્મ અને કર્મથી જન્મ

કર્મ કયારે? જન્મ હોય તો. તે વિચાર, આચાર, કે વર્તન હોય તો. તે જન્મ કયારે? પહેલાં કર્મ હોય તો. તે કર્મ કયારે? પહેલાં જન્મ હોય તો, તેથી જન્મ અને કર્મ બેય અનાદિની પરંપરાવાળા છે. તે ન માનીએ તો બીજ વગર અંકુરો થયો અને અંકુરા વગર બીજ થયું તેમ માનવું પડે. તે તો આપણે નથી માનતા. તેમ અહીં 'જન્મ વગર કર્મ અને કર્મ વગર જન્મ' થયો તે પણ ન માની શકીએ. 'જન્મ વગર કર્મ અને કર્મ વગર જન્મ' માનીએ તો સિદ્ધ મોક્ષ જેવી ચીજ માનવાનો વખત જ ન રહે. કેમ?

વગર પ્રયત્ને કર્મ લાગી જાય માટે 'વગર કર્મે જન્મ કે વગર જન્મે કર્મ' પણ ન માની શકીએ. માટે 'જન્મથી કર્મ અને કર્મથી જન્મ' આ વિચારીએ તો આત્માનાં જન્મ અને કર્મ અનાદિનાં માનવાં પડે.

---

૧ સૂયગડાંગસૂત્ર (પુંડરીકાધ્યયન વ્યા૦)નું જુઓ પૃ૦ ૧૪૩.

પહેલાં ઈંડું કે કૂકડી ?

કેટલાક જીવોને મૂંઝવવા કહીએ કે પહેલો જન્મ કે પહેલાં કર્મ ? ત્યારે સામો કહી દે કે પહેલાં ઈંડું કે પહેલી કૂકડી? તો તેમાં પહેલાં ઈંડું હતું અને પછી કૂકડી હતી અથવા પહેલાં કૂકડી હતી અને પછી ઈંડું હતું તેમ અહીં પણ તમે ન કહી શકો.

જૈનનું લક્ષણ

અનાદિથી જ જીવ જન્મ-કર્મ કરતો આવ્યો, એ મેળવતો ગયો અને મૂકતો ગયો. દરેક વખતે સરવાળે શૂન્ય. જિંદગીની જહેમત ઉઠાવીને કંચન, કામિની, કુટુંબ અને કાયા ચાર મેળવ્યાં પણ નીકળતી વખતે સાથે કંઈ નહિ, માટે સરવાળે શૂન્ય આવ્યું. આ તો જગતનો સ્વભાવ છે તે બન્યા કરે છે. બીજું શું કહીએ ? તે પ્રમાણે હોય તો બચાવ કરી શકે. જગતનો સ્વભાવ હોય તો મહાપુરુષો જાગ્યા શી રીતે ? તરવાનો સ્વભાવ કેવા મહાપુરુષોનો છે ? આસ્તિક હોય તો તેને 'મહાપુરુષો તર્યા' એમ માનવું પડશે. જે તરવાનાં કારણો મેળવે તે તરે; રખડવાનાં કારણો મેળવે તો તે રખડે. માટે જૈનેતરો કરતાં જૈનોમાં કોઈ વિશિષ્ટતા હોય તો એ કે **જૈનો જીવને જવાબદાર ને જોખમદાર માને છે.**

ભવિષ્યની જિંદગીને કર્મો માટે જવાબદાર અને જોખમદાર કોણ ? તે જીવ છે જીવને પોતાનાં કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર માનનાર જૈન છે. બીજાને ઈશ્વરને માથે જવાબદારી અને જોખમદારી નાંખવાની. તમે કોઇના માથે તમારી જવાબદારી અને જોખમદારી ખસેડી શકો તેમ નથી પણ તમે પોતે જ જવાબદાર અને જોખમદાર છો. જૈન અને જૈનેતરોમાં આ ફરક છે. દેવ, ગુરુ ને ધર્મ આ ત્રણને વ્યક્તિ, વસ્તુ તરીકે બધાં માને છે. પણ ફરક શેમાં ? જૈનો જીવને જવાબદાર ને જોખમદાર માને, જ્યારે બીજાઓ તે નથી માનતા. ઊલટું જો દુનિયાદારીમાં કહીએ તો જીવ તે 'ઈશ્વરના ઢોર'. ઢોરને કયાં રહેવું તે નક્કી નહિ. જૈનને ત્યાં તો તેનું નસીબ હોય ત્યાં. વ્યવહારથી જાનવર તો બીજાના દોરાયાથી જાય અને રહે.

જૈનેતરોના મુદ્દા પ્રમાણે આ જીવ 'ઈશ્વરનું ઢોર.' ઈશ્વર જેમ દોરે તેમ જવાનું. ઈશ્વર જેમ રાખે તેમ રહેવાનું. ત્યારે જૈનના મુદ્દાએ જીવ પોતે જ પોતાનાં કૃત્યોને અંગે જવાબદાર અને જોખમદાર છે. જેઓ આત્માને સુધારવા માંગતા હોય, તેઓએ પ્રયત્ન કરવો જોઇએ. જેઓએ આત્માનું સાધન કર્યું અને મોક્ષ મેળવ્યો, તેમને જન્મ ને મરણ નહિ? જન્મની જંજીર અને પુદ્ગલની પરાધીનતામાં મોક્ષે જનારા આત્માને રહેવાનું નહિ. પુદ્ગલની પરાધીનતા અને જન્મની જંજીરનો ત્યાગ કરવો તેનું નામ 'મોક્ષ'.

આપણે જન્મીએ ત્યારે જ્ઞાન જન્મે, અને મરીએ ત્યારે જ્ઞાન મરે. કયું જ્ઞાન? શરીર અને ઇન્દ્રિયોથી જ્ઞાન થાય તે. એટલે ભવમાં શરીર અને ઇન્દ્રિયોની સ્વાસ્થ્યતા ઉપર બુદ્ધિ અને જ્ઞાનનું ટકવું અવલંબેલું છે.

શક્તિ આત્માની કે દેહની?

નાસ્તિકે શંકા કરી કે જ્ઞાન જો આત્માનો સ્વભાવ હોય તો જો ઇન્દ્રિયો શુદ્ધ હોય તો તે દેખાય, અશુદ્ધ હોય તો તે ન દેખાય. આંખ મીંચીએ તો ન દેખાય, ઉઘડી રાખીએ તો દેખાય. બાળકને નાની ચીજ ઉપાડવી હોય તો તે મુશ્કેલ. તો તે શક્તિ આત્માના ઘરની કે શરીરના ઘરની? જો આત્માના ઘરની કહો તો મુશ્કેલ ન પડવી જોઈએ. જેમ પુદ્ગલો વધે તેમ ઇન્દ્રિયોની તાકાત વધે, અન્વય કે વ્યતિરેક પુદ્ગલમાં રહે છે તો કેમ તે તેનું કાર્ય નહિ? વાત ખરી. પણ તારા હાથમાં સોય આપીએ અને કહીએ કે લાકડાને કાપ. તારામાં કાપવાની શક્તિ છે, છતાં તે કેમ નથી કપાતું? પણ કુહાડો કે કરવત હોય તો જ કાપે ને? સોય વખતે તારામાં શક્તિ ન હતી? હતી, પણ સાધન ન હતું. **સાધન જેવું મળે તેવું જ કાર્ય સિદ્ધ કરી શકે.** સાધકને શક્તિ જોઇએ તે ચોક્કસ, પણ કાર્ય કેટલું કરે? તો જેટલું સાધન મળે તેટલું કાર્ય કરે. **સાધન મળ્યા વગર સાધકની શક્તિનો ઉપયોગ થતો નથી.** જ્યારે દીવો ન હોય ત્યારે કંઈ નથી દેખતા. દીવો થાય ત્યારે બધું દેખાય તો જોનારો તે દીવો કે આંખ? અજવાળું હોય તો બધું દેખાય. દીવો જોનારો પદાર્થ નથી, પણ સાધન છે, તેમ ઇન્દ્રિયો અને શરીર જ્ઞાનનાં સાધનો

છે, પણ સાધક તો આત્મા છે. જેઓ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે જાય તેનો આત્મા સંપૂર્ણ જ્ઞાન, દર્શન, વીતરાગતા, સુખ અને અનંત શક્તિના માલિક હોય છે.

એક ખોળે રહેવાવાળા અને એક ખોરાક ખાવાવાળા બે ભાઈ વચ્ચે શક્તિતો ફેર કેમ? તેમ પુદ્ગલ સાધન હોય ત્યાં સુધી કામ કરી શકીએ, જે ભવમાં જન્મીએ ત્યારે બુદ્ધિ ભેગી કરીએ અને મરીએ ત્યારે છોડીને જઈએ. જ્યારે મહાપુરુષો અહીં મેળવે અને બધું લઈ જાય માટે કેવળજ્ઞાનમાં એક ભેદ માનીએ. જેમાં ઓછું વત્તું ન થાય–પરાવર્તન ન પામે. આવું જ્ઞાન આ જીવ મેળવી શકે છે.

કિંમતી ચીજની પાછળ નકલોનો દરોડો હોય

મેળવવું શું? તે મેળવી શકાય છે કે નહિ? આત્માની શુદ્ધિ મેળવાય છે તે અનંતાએ મેળવી તેનું સાધન કયું? આત્માની શક્તિ ખીલવવાનું સાધન કયું? આત્માની અવ્યાબાધ શક્તિ મેળવવાનું અને તે રહે તેવું સાધન કયું! તે સાધન જો કોઈ હોય તો માત્ર ધર્મ છે. તે સિવાય બીજું કોઈ સાધન નથી. આ બધો ધર્મ મોક્ષને અંગે, ભવાંતરને અંગે કે દુનિયાનાં સાધનોને અંગે કિંમતી છે. એ વિચારો તો જરૂર માલમ પડે કે કિંમતી ચીજની પાછળ નકલોનો દરોડો હોય. નકલીનો દરોડો કોની પાછળ હોય? કોઈએ જગતમાં બનાવટી ધૂળ, લોઢું, તાંબું વગેરે ન બનાવ્યું, પણ બનાવટી ચાંદી સોનું હીરા, મોતી વગેરે બનાવ્યાં. જેની કિંમત હોય તેની જ દુનિયા નકલ કરે, જે કિંમતી ચીજ હોય તેમાં નકલોનો ડર. આ વસ્તુ જગતની સિદ્ધ છે. તો અવ્યાબાધ સ્થિતિને પ્રાપ્ત કરાવનાર, ભવોભવ સુખ દેનાર ભવોભવ દુઃખને દૂર કરનાર ધર્મ છે.

જે એકથી અનેક મળે તે અનેક કરતાં એક કિંમતી ગણાય છે. જેમ મળે એક રૂપિયના સો પૈસા મળે માટે પૈસા કરતાં રૂપિયો કિંમતી છે. તેમ અહીં એક નસીબ કેટલું કામ કરે છે?

જન્મ શાને પ્રભાવે?

આપણે ભવમાં રખડતા હતા ને મનુષ્યપણું મળ્યું ત્યારે કહો કે

નસીબથી બન્યું. જીવે જેવું પુણ્ય કર્યું હોય તેવું શરીર બને. તમારું જીવન તમારે આધીન છે? ના, પણ જેટલું નસીબ હોય તેટલું જીવાય. ઇન્દ્રિયો ને જન્મ તે પણ નસીબથી મળે. આ જન્મ શું પિતાની પ્રાર્થનાનો, માતાના મનોરથનો કે તમારી ઇચ્છાનો થયો? ના. આપણે રખડતા હતા અને બાપે જોયા અને તેથી સારો લાગ્યો અને તેથી પ્રાર્થના કરી કે 'બેટા, મારા કુળમાં આવજે' અને તેથી તમે આવ્યા છો? ના. તેમ નથી બન્યું. તેવી રીતે માતાએ જોયો ને સારો લાગ્યો તેથી માતાએ વિચાર કર્યો કે 'આ મારી કૂખમાં આવે તો સારું.' તેથી આવ્યા? ના તેમ જીવે પોતે રખડતા માબાપને જોયાં અને સારાં લાગ્યાં તેથી 'હું ત્યાં જાઉં તો સારું' તેથી તમે આવ્યા? ના. ત્યારે કહો કે આ જન્મ નથી પિતાની પ્રાર્થનાનો, નથી માતાના મનોરથનો નથી જીવની ઇચ્છાનો. તો પછી આ જન્મ થયો શાથી? તો કેવળ નસીબથી. ધર્મના પુણ્યના પ્રભાવે જન્મ થયો.

આખા જીવનમાં પુણ્ય અને નસીબને અંગે જોઈ શકીએ છીએ કે આપણી નજરમાં-કલ્પનામાં ન આવે તેવાં અગમ્ય કાર્યો બને છે. તો પછી એક ધર્મની કિંમત કેટલી? જે એકથી અનેક મળે તે અનેક કરતાં એક કિંમતી હોય. તો પછી ધર્મથી આ બધું મળે છે માટે ધર્મની કિંમત સમજીને માનવી પડે. તેથી આમાં બનાવટ ઘણી હોવી જોઈએ. માટે સાચો ધર્મ પકડવો જોઈએ. ધર્મ કિંમતી હોવાથી તેની પાછળ નકલોનો દરોડો પડે છે.

ધર્મની સૂક્ષ્મ બુદ્ધિ વડે પરીક્ષા

આ માટે તો શાસ્ત્રકારે કહ્યું છે કે "**सूक्ष्म बुद्धया सदा ज्ञेयो धर्मोर्थिभिर्नरैः। अन्यथा धर्मबुद्धयैव, तद्विघातः प्रसज्यते ॥** (अष्ट० २१, हारि. श्लोक० १) જેને ધર્મની ઇચ્છા હોય તેને ધ્યાનમાં રાખવું કે અંધપણામાં વેઠપણું કરીને પેટ નહિ ભરાય, તેમ બુદ્ધિ ન ફોરવવી અને ધર્મ લેવો તે નહિ બને. માટે બારીક બુદ્ધિથી ધર્મ તપાસવો જોઈએ. જેમ શાકમાં ગફલત થાય તો એક વખતનું ભોજન બગડે, લૂગડામાં ગફલત થાય તો એક ઋતુ બગડે, અથાણામાં ગફલત થાય

તો વર્ષ બગડે અને બાયડી લેવામાં ગફલત થાય તો આખી જિંદગી બગડે પણ ધર્મમાં ગફલત થાય તો? જન્મોજન્મ બગડે. માટે ધર્મની થાપ ખાધી પાલવે તેમ નથી. માટે બારીક બુદ્ધિથી ધર્મ જાણવો જોઇએ. કોને જાણવો જોઇએ? જેને ધર્મની ઇચ્છા હોય તેને જાણવો જોઈએ. આ વસ્તુ અત્યારના હિસાબે માનો છો? ના. પણ જે કોઈ કાળ ગણે તે કાળમાં ધર્મને બારીક બુદ્ધિથી પારખવાનો છે.

ઇન્દ્રિયોના વિષયો અને કષાયોના યોગો કયા જન્મારામાં ન હતા? દરેક જન્મમાં હતા. પણ તે બારીક બુદ્ધિથી પરીક્ષા કરે તો ધર્મને સારો ગણે. ચાહે તો સત્યુગ હોય, તેત્રાયુગ, દ્વાપરયુગ કે કળિયુગ હોય, છતાં ધર્મને બારીક બુદ્ધિથી તપાસવો પડશે. નહિ તપાસાય તો આના જેવું થશે. 'અમે આડું અવળું કંઈ ન જાણીએ,' પણ બુદ્ધિ તો ધર્મની છે ને? તો અડીં ન ચાલે. ધર્મ હશે ને માનશો અને કરશો તો કામ લાગશે. પણ તે નહિ હોય તો નકામું, જો ધર્મને બારીક બુદ્ધિથી જોવામ નહિ આવે તો બુદ્ધિ ધર્મની રહેશે અને ઘાત થશે ધર્મનો.

ડોશી ને વાછરડું

કોઇ ગામમાં વ્યાસજી હતા. તે કથા કહેતા હતા. તેમાં તેમણે જણાવ્યું કે 'જે અનાજ આપે છે તે સુખ પામે છે, પાણી આપે છે તે આવતા ભવમાં સુખ પામે છે.' વ્યાસજી આવતા ભવની વાત કરે છે, પણ અનાજ માટે મારી પાસે સાધન નથી પણ પાણી છે. ત્યારે પાણા એવી ચીજ છે કે જે ગમે ત્યારે આપી શકાય. માટે તે પાવાનું હું રાખું. આ પ્રમાણે એક ડોશીએ નક્કી કર્યું. ડોશી કોઈ દહાડો કૂવા ઉપર પાણી ભરવા ગઈ. તે વખને બધી સ્ત્રીઓ પાણી ભરીને ચાલી ગયેલી. ત્યાં કોઈ ન હતું. આવે વખતે ડોશી પાણી ભરવા આવી હતી. તેવામાં એક વાછરડું તરસ્યું થયેલું. તે કૂવા આગળ આવ્યું અને તરફડવા લાગ્યું ત્યારે ડોશીએ વિચાર્યું કે આ તરસ્યું થયેલું છે. જો તેને થોડું થોડું પાઈશ તો તરસ નહિ મટે. એકદમ પાઇશ તો આફરો થશે, માટે કૂવામાં ઉતારી દઉં. તેને જ્યારે જેટલું પીવું હશે ત્યારે તેટલું તે પીશે.


આમ વિચારીને વાછરડાને કૂવામાં ઉતારી પોતે પાણી ભરીને મલકાતી મલકાતી જાય છે. તેવામાં સામે પાડોશણ મળી અને ડોશીને મલકાતી જોઈને પૂછયું કે 'આજ આટલા બધા હરખમાં ?' ડોશીએ કહ્યું કે 'એક જીવને અખંડ પાણી પાયું.' ઉપકારની બુદ્ધિ હતી પણ પરિણામ શું આવ્યું ? તેમ **બુદ્ધિને નહિ ફેરવનારા મનુષ્યો ધર્મના ઘાત કરનારા થાય.** જે લોકો ધર્મ કહેનારા તે ધર્મ કહે પણ બારીક બુદ્ધિથી ધર્મ તપાસશો તો ધર્મ થશે; નહિ તો ધર્મની બુદ્ધિ હશે અને ધર્મનો નાશ થશે.

હવે તે ધર્મ તપાસવો કઈ રીતે ? દુનિયાની વસ્તુ સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રથી માલૂમ પડે, પણ ધર્મની પરીક્ષાનું સ્થાન કયું ? જેની પરીક્ષાનું સ્થાન ન હોય તેની પરીક્ષા કરવી શી રીતે ? ધર્મની પરીક્ષા નથી થઈ શકતી તેમ નથી. તે પરીક્ષા થાય છે, તો ધર્મની પરીક્ષા કેવી રીતે થાય છે ? તેનું સ્થાન કયું ? અને તેથી આત્માનું કલ્યાણ થાય છે તે કેવી રીતે ? તે જે અધિકાર જણાવાશે તે અંગે વર્તમાન.






હે ભગવન્! તમારા કહેવાથી સિદ્ધ થયેલા જોયા નથી અને બીજાના કહેવાથી સંસારમાં ડુબતા જોયા નથી. હિતવચનથી હું વાકય માનું છું.



તમારા વડે સર્વ પ્રાણીઓને હિતકારી ધર્મ ઉદ્ભવ્યો–પ્રરૂપાયો તેમ જ તે મુનિઓ ભાગ્યશાળી છે કેજેઓએતે ધર્મને પ્રવર્તાવ્યો(પરંપરાથી ફેલાવ્યો)



વ્યા ખ્યા ન અધિકાર અને અધિકારી ૬

વૈદક કરતા વૈદું મુશ્કેલ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્રસૂરી શ્વરજી** ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં વૈદક સહેલું નથી તો પણ તે સહેલું છે. વૈદક કરતાં વૈદું મુશ્કેલ છે તે વળી શું ? વૈદક ને વૈદું તે કઈ ચીજ ! રોગોનાં કારણો, તેનાં સ્વરૂપોને તેની ચિકિત્સાને જાણવાં તે.

હવે ધારો કે કોઈ દર્દી આવ્યો. તેનો રોગ, તે રોગનાં કારણો અને તેની દવા જાણે. વૈદક ભન્યા છતાં વૈદું ન જાણે તો તે "ઊંટવૈદું" ગણાય. કાલે જણાવી ગયા કે ઊંટના ગળા ઉપર લાત મારી અને ચીભડું ફાટી ગયું અને સોજો બેસી ગયો. તેનો ભાવાર્થ નહિ જાણનારે ગળે ગૂમડું થયું, ત્યાં ગયો અને તેને લાત મારી તો શું પરિણામ આવ્યું ? વૈદક મુશ્કેલ, છતાં વૈદક કરતાં વૈદું મુશ્કેલ છે તેમ અહીં શાસ્ત્રકાર કહે છે કે ધર્મ દેશનાનો અધિકાર મુશ્કેલ છે.

ઢંઢેરો વાંચવાનો હક્ક કોને ?

દુનિયામાં શહેનશાહી ઢંઢેરો વાંચે કોણ ? જે શેરીફ હોય તે. તે શેરીફ કોણ હોય ? તો શહેનશાહને સંપૂર્ણ વફાદાર રહેતો હોય; અને જે શહેનશાહની આબાદીએ પોતાની આબાદી ને શહેનશાહની આઝાદીએ પોતાની આઝાદી ગણતો હોય. વળી શહેનશાહની આબાદી અને આઝાદી માટે પોતાની આબાદી અને આઝાદીનો ભોગ આપે ત્યારે 'શેરીફ તરીકે નીમાવવા માટે તે લાયક થાય. તેવાના હાથે જ શહેનશાહનો ઢંઢેરો વંચાય. રસ્તા ઉપર જેટલા ચાલનારા છે તે વાંચી શકનારા છે, છતાં વાંચવાનો અધિકાર કોનો ? શહેનશાહની આબાદી અને આઝાદીમાં તમન્નાવાળો હોય તેનો તે અધિકાર છે.

તેમ આ જિનેશ્વર ભગવાને છ કાયની હિંસાની વિરતિનો, સર્વથા જૂઠ નહિ બોલવાનો, સર્વથા ચોરી નહિ કરવાનો, અબ્રહ્મવતની વિરતિ નો, સર્વથા મમતા નહિ રાખવાનો, થોડું સચિત્ત અને વધારે સચિત્ત, થોડું-અલ્પ રાખવાનો, ત્યાગ કરવાનો ઢંઢેરો જાહેર કર્યો, પણ તે વાંચવાને લાયક કોણ? તો દૂધદહિયા હોય તેને અધિકાર નહિ. દૂધદહિયા કોણ ? દેશવિરતિવાળા માત્ર. કારણ ? તેમને સંસાર અને ધર્મ બંને સાચવવાના છે. સંસારને બાધ ન આવે તે રીતે ધર્મ કરવા તે તૈયાર થાય.

ભરતે ઊભી કરેલી સાધુસંસ્થાની ફેકટરી

ભરત મહારાજે સાધુસંસ્થા ખોલવા માટે ફેકટરી ઊભી કરી. કેમ? એવાં સેંકડો અને હજારો કુટુંબને ઊભાં કર્યાં. એઓ કઈ સ્થિતિના હતા ? મુખ્યતાએ બ્રહ્મચર્યને ધારણ કરે તેવા હતાં. જેઓ એ ધારણ ન કરી શકે તેઓ પોતાના સંતાનોને-બાળક હોય કે પછી બાલિકા હોય, બાળક હોય તો સાધુને અને બાલિકા હોય તો સાધ્વીને સોંપી દે. તેની મરજી ન હોય અથવા સાધુ કે સાધ્વી તેવા પ્રકારનાં કારણો જાણવાથી ન સંઘરે તો તે કુટુંબ પાછું ફેકટરીમાં. તેને પણ જે સંતાન થાય તેને પણ સાધુ સાધ્વીને સોંપવાનાં. આથી શું થયું ! સાધુ-સાધ્વી માટે કારખાનું ઊભું કર્યું તે લોકોને વેપાર, ખેતી વગેરે કંઈ કરવાનું નહિ, પણ એક ઉચ્ચાર કરવાનો. કયાં અને કયો ઉચ્ચાર કરવાનો ? ચક્રવર્તીની આગળ કરવાનો પણ તેની ભયંકરતા કેટલી ?

બધા આશીર્વાદના શબ્દો સાંભળવા તૈયાર, પણ 'દદો' શબ્દ સાંભળવા તૈયાર કોઈ નથી. ત્યારે આ બધાનો આધાર 'દદા' ઉપર. 'દદો' અક્ષર કેમ ? બધાને શું સંભળાવે ? 'તમો હાર્યા. ભય તમારા ઉપર વાજે છે,' આ શબ્દો કોને વહાલા લાગે ? ચક્રવર્તી જેવા છ ખંડના માલિક છે, દેવતાને પણ પોતાની આજ્ઞા મનાવે છે. અખંડિત શાસન હોય તો જેની આજ્ઞા ન રોકાય તેવી હોય. આવી સ્થિતિ કોની હોય ? ચક્રવર્તીની. એ જ ચક્રવર્તીની સ્થિતિ સાંભળીએ તો તેને એવો મદ થાય કે છ ખંડ જીતે ત્યારે થાય 'મારા જેવો બીજો કોઈ નથી.' પણ

એ 'ઋષભકૂટ' પર્વત ઉપર નામ લખવા જાય અને ત્યાં નામો લખેલાં વાંચે અને પોતાનું નામ લખવાની જગ્યા ન મળે તે વખતે મદ ઓછો થાય. ચક્રવર્તીને મદ ઓછો થવામાં એક જ કારણ. ભૂતકાળના નામોના દર્શનથી મદનું ભૂત ભાગી જાય. આવો જે અખંડ શાસનવાળો, ચૌદ રત્નોનો માલિક. નવ નિધાનોનો સ્વામી. તેને કહેવું કે 'તું હાર્યો,' તે કેટલું ભયંકર! વળી કહેવાનું કયાં ને કયારે? તે સિંહાસન ઉપર રાજ-સભામાં બેઠા હોય ત્યારે 'તમે હાર્યા' તે કહેવું કેટલું ભયંકર ગણાય?

ટપાલી ખરાબ વસ્તુનો કાગળ આપે પણ કાળી લીટીવાળો આપે પણ વાંચો ત્યારે ખબર પડે. દુઃખદાયક સમાચાર સૂચનાથી ધીમે ધીમે અપાય છે. દેવે પણ સગર ચક્રવર્તીને તેના પુત્રોના મરણના સમાચાર પોતે બ્રાહ્મણનો વેશ લઈ પોતાનું પુત્રનું મડદું બતાવીને પોતે શોક કરવા લાગ્યો ત્યારે સાગર ચક્રવર્તી આશ્વાસન આપવા લાગ્યો, તેમ કરતાં કરતાં તેના પુત્રોની ખબર ધીમે ધીમે અપાઈ. દુનિયાના દુઃખદાયી સમાચારો એકદમ અપાય તો? આ ભરસભામાં આગળપાછળના કોઈ પણ મસાલા વગરની 'તું હાર્યો' તે કહેવું કેટલું મુશ્કેલ? તે કેટલો આઘાત કરનારૂં વાકય?

છોકરા આગળ બાપ હારે છે. પણ છોકરા આગળ બાપ જીતતો નથી. સ્નેહ હરાવે તેથી હરાય તો તેમાં ભય નહિ. રાણીથી હારે છે તેનો ભય નહિ. ત્યારે આ ભય વગરની હાર નથી. પણ ભયાનક ભયવાળી હાર છે. "**वर्धते भयं**" આ વાકય ચક્રવર્તી સભા ભરીને બેઠો હોય તે વખતે સંભળાવાય તે કેટલું મુશ્કેલ? ત્યારે **ભરત** મહારાજે તે વાકય સંભળાવવા માટે લોકોને રાખ્યા છે. જે મનુષ્ય ચક્રવર્તીને 'તું હાર્યો, તારા ઉપર ભય વધી રહ્યો છે,' આવું કહેનાર તેના આત્માને આ બુદ્ધિમાં કઈ રીતે રાખે! માટે સાધુ-સાધ્વી બનાવવાની ફેકટરી ઊભી કરનાર **ભરત** મહારાજા હતા. તેમને પણ જ્યાં સુંદરીની દીક્ષાનો પ્રસંગ આવ્યો, ત્યાં "રહેવા દે, વિચારો." એવો વિચાર આવ્યો. આ ઉપરથી કહેવાનું તત્ત્વ એ કે દૂધદહિયા ધર્મને સારો ગણે પણ સંસારને સાચવીને. તેઓ સંસારની આબાદી અને આબાદી સાચવીને ધર્મની આબાદી અને આબાદી કબૂલ કરે છે.

નાગડા બાવાંનું લશ્કર

આ તો નાગડા બાવાના લશ્કર જેવા છે. એક રાજ્યમાં લશ્કરની તાણ પડી. તે વખતે તે ગામમાં નાગડાની છત હતી. તે બધાને તાલિમ વગેરે આપીને લશ્કરમાં જોડ્યા. કોઈ પ્રસંગે યુદ્ધનો વખત આવ્યો ત્યારે નાગડાને લઢવા પહેલાં મોકલ્યા, ત્યારે તેનો સેનાપતિ કહે કે આપણે લડવાનું છે, પણ આપણને વાગે નહિ તેમ લડજો. તેવી રીતે આજે દુનિયાદારીના દેશવિરતિવાળા, ધર્મની ઇચ્છાવાળા–મનોરથવાળા ઉન્નત્તિ, આઝાદી, આબાદીને ચાહવાવાળા ખરા, પણ "સંભાળકે લડના" તેમ શરીર, સ્ત્રી, કુટુંબ, માબાપ, ઘર, છોકરાં ધન, માલ–મિલકત સંબંધ ને ઓળખાણવાળાને સંભાળવાં.

ચોગઠ રમવા બેઠા ત્યારે પોતાની કૂકરી ન મરે તે ખ્યાલ રાખે. બારકી કૂકરીઓને પોતાના દાવ અપાવીને મારે. પોતાની મરવા આવે ત્યારે 'ગાંડી' કરીને આગળ લાવો છો ને? દેશવિરતિવાળા પાંચમે ગુણઠાણે બેઠા. છતાં પોતાની કૂકરી મરવાનો વખત આવે ત્યારે દેવ, ગુરુ અને ધર્મને એક બાજુ મૂકી દે. આવાને ભગવાન જિનેશ્વર મહારાજે આપેલો ઢંઢેરો તે જાહેર કરવાને લાયકાત નથી. હું તીર્થંકર ભગવાનને માટે દેશ, વેશ, માલ–મિલકત, બૈરી છોકરાં, માબાપ વગેરેને છોડી દઉં છું.

કેસરિયાં કોણ કરે?

કેસરિયાં કરીને નીકળનારા બૈરી છોકરાં આગળ આવશે તેથી તેમને બાળીને તે કેસરિયાં કરે છે. તેમ અહીં આગળ 'વોસિરે, વોસિરે' કરીને પહેલેથી ચિંતા બંધ કરવાની, સાધુપણું લેનારે પહેલાં ચિંતાની ચિતા સળગાવી દેવી. શાની? દેશ, વેશ, માલમિલકત કુટુંબ, પૈસા. બૈરી છોકરા વગેરેની ચિંતા નહિ. એ બધી ચિંતાની ચિતા ખડકે ને ચિંતાને બાળી નાંખે પછી નીકળે તે જ કેસરિયાં કરનારો થાય. તે સિવાય કેસરિયાં કરનારો ન થાય.

તેમ અહીં આગળ દેશ, વેશ, કુટુંબ, સંબંધી, ધન, શારીરિક ચિંતાને પણ બાળી મૂકીને તેથી નિવૃત્ત થઈ જાય. બધકચરી સળગાવીને

ભાગી જાય તેવી નહિ. પણ વર્તમાન, ભૂતને ભવિષ્ય કાળને અંગે મન, વચન, કાયાએ કરીને કરવી નહિ, કરાવવી નહિ અને અનુમોદવી નહિ.

ઉપર કહેલી ચિંતાને ચિતામાં સળગાવી દઈને નીકળે તે 'દૂધદહિયા' નહિ. ભગવાન જિનેશ્વરનો ઢંઢેરો સંભળાવવાનો અધિકાર દૂધદહિયામાંથી બહાર નીકળેલો હોય તેને છે. જેઓ ચિંતાની ચિતા કરીને નીકળે તે જ ઢંઢેરો સંભળાવવાને હકદાર ગણાય. પણ ત્યાગી થયેલો મૂર્ખ હોય તો? પણ આચારપ્રકલ્પ કે જે નિશીથસૂત્ર કહેવાય છે તેમાં જે દ્રવ્ય, ભાવ, ઉત્સર્ગ, અપવાદ, આપત્તિ ને ઉન્નતિકાળના વિભાગ કરનારા છે તેને જાણનાર હોય તેવાને ઢંઢેરો જાહેર કરવાનો હક્ક છે. ખુદ શાસ્ત્રકારે જણાવ્યું છે કે-"**भवसयसहस्स (संसारदुक्ख) महणो, विज्जोहणो भविअपुंडरीआणं। धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेअव्वो॥**" (**बृ० क० गा० ११४०**)

દહીંનું ઉદાહરણ

જિનેશ્વર મહારાજનો ધર્મ તે અનંતાભવોને મથન કરનારો ને અનંતા ભવોમાં કરેલા અનંતા કર્મોને પણ મથન કરનાર છે. દહીં ગમે તેટલું ચીકાશવાળું હોય પણ જ્યારે તે મથાઈ જાય, જુદું પડી જાય ત્યારે તે કણિયા એવા રહે કે આખી ગોળી ઊંધી વાળો તો ચીકાશ ન રહે. તેમ અનંતા ભવને દેવાવાળાં કર્મો બાંધેલાં હોય. તેવા કર્મોવાળો મનુષ્ય જિનેશ્વરના ધર્મને આચરવાવાળો થાય ત્યારે તેને મથી નાંખે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ એક અંતર્મુહૂર્તમાં સાતમી નરકીનાં દળિયાં કેમ મથી નાંખ્યા તે વિચારશો તો માલુમ પડશે કે જૈનધર્મરૂપી દાવાનળ સળગે ત્યાં ભવોનું ભ્રમણ સળગે તેમાં નવાઈ નથી, અનિષ્ટ દૂર થયું તેટલામાં પુરુષાર્થ નહિ, પણ પ્રતિબંધોને દૂર કરીને ઇષ્ટ સિદ્ધ કરે તો જ 'પુરુષાર્થ.'

પ્રતિબંધકનો અભાવ તે મોક્ષ

જૈનોએ 'મોક્ષ' શબ્દ માન્યો. મોક્ષ એટલે છૂટવું. કર્મને બાળવું તે બધુ અભાવરૂપ એટલે પ્રતિબંધકનો અભાવ, તેને માનો તેમાં પુરુષાર્થ શો? ઇષ્ટની સિદ્ધિ ન થાય તો પ્રતિબંધક શું અને તે ન હોય તો

પ્રતિબંધકનો અભાવ શા કામનો ? માટે પ્રતિબંધકનો અભાવ છે. માટે તમામ ધર્મવાળાને મોક્ષ માટે કહેવું પડયું કે–" **कृतकर्मक्षये नास्ति, कल्पकोटिशतैरपि। अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्॥**"

તમામ કર્મોનો નાશ તેને 'મોક્ષ' કહો. એટલે કર્મને તમે પ્રતિબંધ માનો છો અથવા માનો તે પ્રતિબંધક હોય. તો ધ્યેય–ઈષ્ટ સિદ્ધિ બતાવવી જોઇએ. રોકનારા હોય તો ઈષ્ટ સિદ્ધિ આગળ હોવી જોઇએ. તમે એકલે પ્રતિબંધકનો અભાવ–તેનાથી મોક્ષ માન્યો, તેથી મોક્ષની કિંમત કોડીની નથી. જૈન સિદ્ધાંત નહિ સમજનાર એમ સમજે કે જૈનનો મોક્ષ તે વ્યર્થ કેમ ? કર્મનો નાશ તે 'પ્રતિબંધકતાનો અભાવ નકામો પણ કર્મોનો અભાવ પ્રતિબંધકતાના અભાવે થઈ જાત.

સમ્યક્ત્વ એ રત્નનો દીવડો

કર્મો શુદ્ધ સ્વરૂપને રોકનારાં છે, આવું કહેનારને લગીર સિદ્ધાંતમાં ઊંડા ઉતરવાની જરૂર છે. જૈન સિદ્ધાંતમાં આત્માના સ્વરૂપમાં કોઇ ફેર પડતો નથીઃ જેમ ગોખલામાં દીવો, તેમ અહીં સમ્યક્ત્વ રત્નનો દીવડો છે. જેમાં સાધન, આધાર અને સહાયકની જરૂર નથી, જ્યારે બીજા દીવામાં દીવેટ, દીવેલ. કોડિયું જોઈએ, પણ રત્નના દીવડામાં તે નહિ. રત્નના દીવડામાં કોઈપણ બાહ્ય સાધન, બાહ્ય કારણો અને બાહ્ય આધારોની જરૂર નથી. જેમ રત્નનો દીવડો સ્વયં જ્યોતિસ્વરૂપ છે, તેમ આત્મા સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ, સંપૂર્ણ દર્શનસ્વરૂપ, સંપૂર્ણ વીતરાગસ્વરૂપ, સંપૂર્ણ સુખસ્વરૂપ, સંપૂર્ણ શક્તિસ્વરૂપ છે.

ઈષ્ટ સિદ્ધ થયેલું છે તે કોઈ નવું કરી શકતું નથી, કરી શકાતું નથી અને કરી શકાશે નહિ. જ્ઞાન તો દરેક આત્મામાં સર્વજ્ઞપણાનું રહેલું છે, તેથી અભવ્યોને પણ કેવળજ્ઞાના વરણીય કર્મ માન્યું. તેને કેવળજ્ઞાન કયારે થયું ! તો તે પહેલેથી રોકાયેલું છે. પાંચે પ્રકારનાં જ્ઞાન નિગોદીઆથી માન્યા. કેવળજ્ઞાન તે નવી સાધવાની ચીજ નથી. ખીંટી ખેંચવાથી બારણું ઉઘડયું. અંદર રહેલો દીવો આપોઆપ કામ કરે છે, તેમ અહીં કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, સુખ અને વીર્ય

આત્મામાં એકની એક દશામાં હંમેશાં રહેલા છે, પણ આવરેલાં છે, માટે થતાં નથી. તેમ અહીં આગળ આત્મા કેવળજ્ઞાનાદિ સ્વરૂપવાળો છે, તેથી તે નવું કરવાના નથી. તેને રોકનારાં જે કર્મો તેને ખસેડવાનું કામ છે. માટે પ્રતિબંધકના અભાવને મોક્ષે માન્યો. પ્રતિબંધકનો અભાવ તે અભાવરૂપ હોય તો તે 'પુરુષાર્થ' જ છે. તે શાને અંગે ગણ્યો ? ઈષ્ટની સિદ્ધિ અંદર રહેલી છે તેથી. તેમ અહીં આગળ પણ અનંતા ભવોનું જૈનધર્મ મથન કરી નાંખે. **विवाहणोभविअपुंडरीआण**

ભવ્ય જીવો અને કમળ

કમળમાં સ્વાભાવિક વિકસ્વર થવાનો સ્વભાવ છે; માત્ર સૂર્યનાં કિરણોનો સંયોગ મળવો જોઈએ. સૂર્યનાં કિરણો કુમુદને વિકસ્વર કરી શકતાં નથી. જ્યાં સૂર્યનાં કિરણ અડ્યાં ત્યાં કમળ વિકસ્વર થાય અને કુમુદમાં સ્વાભાવિક કરમાવાનો સ્વભાવ છે તેથી તે કરમાઇ જાય. તેમ અહીં ભવ્ય જીવો મોક્ષ માર્ગે વિકસ્વર થવાને લાયક છે; તેના જિનેશ્વરના ધર્મરૂપી સૂર્યનાં કિરણો અડકવાથી વિકસ્વર થઇ અભવ્યરૂપી કુમુદો વિકસ્વર ન થાય તેમાં નવાઈ નહિ તેને શાસન એવું લાગે કે શું કરું કે ખસેડી શકાતું નથી. આમાં આવી પડ્યો.

કોને આ, ફસા આ ફસા ?

જેમ વાણિયાને 'હાઈફ્રેસ આવી ભરાણા'ને અંગે કૂટવું પડ્યું. તાજિયાને દિવસે કોઇ વાણિયાને દુકાન બંધ કરતાં વાર લાગી, તેવામાં તાજિયા ત્યાં આવી લાગ્યા. હિંદુનો વરઘોડો હોય તો બધા શાંતિથી જોઈ શકે, પણ બીજાનો હોય તો ઉલ્કાપાત થયા વગર ન રહે. મ્યુનિસિપાલિટી આગ લાગે ત્યારે તોડવાનું કામ પહેલું કરે, તેમ હિંદુએ સાવચેતી રાખી કે તેને મળવું નહિ. હવે પેલાને મોડું થયું અને તાજિયા આવી ગયા પાસે. ત્યારે મુસલમાન ભાઈએ પકડ્યો અને કહ્યું કે 'ચલ હાઈફ્રેસ કર.' બીજાઓ કહે કે હાઈફ્રેસ, ત્યારે તે કહે કે 'આ ફસા.' કેમ ? તો તે નથી ઘેર જઇ શકતો, કે નથી તેમાં ભળી શકતો. તેમ અભવ્ય જીવોને શાસન રૂચતું નથી. એને

શાસનમાંથી માનસન્માન મળવાથી છૂટવું નથી. કોને આ ફસા આ ફસા ! જેને શાસન, શાસ્ત્ર, ધર્મ ભગવાન રૂચ્યા નથી તેને આ ફસા આ ફસા જેવાં ચંદ્રવિકાસી કમળો સૂર્યથી કરમાઈ જાય તેમાં સૂર્ય શું કરે ? તેમ જિનેશ્વર શાસનરુપી સૂર્ય તે ભવ્યરૂપી જે પુંડરીક-કમલો તેને વિકસ્વર કરનાર છે. તે કહે કોણ ? કોણે કહ્યો, કોણે પ્રરૂપ્યો ? કેવળીઓએ. બીજાની પ્રરૂપવાની તાકાત નથી.

જોયા જાણ્યા વગર જે પ્રરુપવાળા છે તે છોકરાની લીટી જેવા ઈંગ્લીશવાળા ગણાય. તેમ જેઓ સર્વજ્ઞ નથી. આત્માને જાણી શકતા નથી, આત્માને કર્મબંધ થાય છે, આત્માનાં કર્મ રોકાય છે, આત્માનાં કર્મ તૂટે છે, આત્માનો સ્વભાવ, આત્માના ગુણો જાણી શકતા નથી તેવું કહેનારા છોકરાની લીટી જેવા છે. ખુદ કેવળજ્ઞાની મહારાજે બધું જાણીને આત્મા સંબંધી પ્રકારો અને ધર્મ પ્રસિદ્ધ કર્યો, એ કહેવાને હકદાર કોણ? ઉત્સર્ગ, અપવાદ, દ્રવ્ય. ભાવ, કાળ, ક્ષેત્ર, જ્ઞાન, ક્રિયા વગેરેને જાણનારા હોય તેઓ હકદાર છે.

જૈન ધર્મમાં વૈદ્ય અને વૈદક

વૈદ્ય કરતાં વૈદકપણું મુશ્કેલ છે. જૈનધર્મમાં વૈદ્ય અને વૈદક કોણ બન્યા ? **પ્રકલ્પ** જ્ઞાનવાળો. ચિંતાની ચિંતા સળગાવી દેનાર તેવો વૈદ્ય બને પણ વૈદું ક્યારે જાણે તો તે શ્રોતાજીવોને ઓળખે, કે તેઓ કેવી પ્રકૃત્તિવાળા છે ? ૧૫૮માંથી તેનો અભિપ્રાય કેવો છે ? તે કેવી રીતે સુધરે છે ?તે પર્ષદામાં બાલ, મધ્યમ કે બુધ પર્ષદાના છે તે તપાસવું માટે "**आगमतत्त्वं तु बुधः**"

જોનારો પરીક્ષક ન હોય અને મગજના વિચારો દોડાવનારો ન હોય તો પછી પરીક્ષા શાની ? આગમના રહસ્યની પરીક્ષામાં ઉતરનાર તે 'બુધ.' સાંભળવા-સમજવા લાયકનું શું છે ? તે છે જિનેશ્વર ભગવાનનું વચન. તેની આરાધના તે જ 'ધર્મ'. તે સિવાય 'અધર્મ'. આ ધર્મનું રહસ્ય, જિનેશ્વરે 'શબ્દ' કેમ ન કહ્યો ? 'વચન' કેમ કહ્યું 'આરાધના' શબ્દ વાપરવાનું કારણ શું ? તે જણાવી વચનની સાથે તેનો કેવો સંબંધ થાય છે તે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

વ્યા ખ્યા ન

વિઘાતક દાવાનળ

૭

વૈદું અને વૈદકની સમજણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં વૈદક શીખ્યો એટલે વૈદ્ય કહેવાય, કેમકે વૈદક ચીજ શી ? રોગનાં કારણો, તેનાં સ્વરૂપો અને ચિકિત્સાને જાણે એટલે વૈદક શીખ્યો અને તે 'વૈદ્ય' કહેવાય, પણ વૈદું તે કઈ ચીજ ? તે વૈદકથી જુદી નથી. કયો દર્દી છે ? તે કઇ અવસ્થાવાળો છે ? તેને રોગ શાથી થયો ? તે રોગની દવા કઈ ? તે દવા આપવાથી મટશે કે નહિ ? આ બધું વિચારીને ચિકિત્સા કરે તો તે વૈદું કરી શકયો ગણાય; નહિતર 'ઊંટવૈદ્ય જેવું થાય. એ પ્રમાણે અહીં પણ જિનેશ્વર મહારાજનું જે શાસ્ત્ર તે ધ્યાનમાં રાખીને વર્તે તો તે સાચું વૈદું

જાતજાતના તાવ

જગતમાં જે તાવ વીસ દહાડા કે મહિનો રહ્યો હોય તો તેણે 'ઘર ઘાલી દીધું' કહીએ, પછી તેને કાઢવો મુશ્કેલ બને. છ બાર મહિનાથી આવતો તાવ તે 'હાડજ્વર' કહેવાય. તો પછી અહીં અનાદિ કાળનો તાવ છે, તેનું શું હોય ? આને ક્રોધપ્રકૃતિ કયારની ? એવી કઈ અવસ્થા છે કે જેમાં ઈષ્ટનો નાશ અને અનિષ્ટનો સમાગમ થાય તો પણ આવેશ ન આવે ? તેવી અવસ્થા એકે નહિ. જેમ નાના બચ્ચાને ઈષ્ટ વસ્તુ મળે તો તે ખુશ થાય અને અનિષ્ટ મળે તો તે રડવા બેસે. ભલે ઈષ્ટ ન મળે તો શોક કરનાર ન થાય. ઈષ્ટનો વિઘાત કરનાર હોય તેથી આવેશ ન થાય તેવી એકે અવસ્થા નથી.

જાનવરની સ્થિતિમાં પણ ઇષ્ટ તરફ પ્રીતિ અને અનિષ્ટના સંપાદન તરફ દ્વેષ દેખીએ છીએ. કીડીમંકોડા ભય લાગે તો તે ચટકો

કેવો મારે છે ? વિકલેન્દ્રિયોમાં અનિષ્ટની સંભાવનામાં અને ઇષ્ટના ઘાતમાં આવેશ કેટલો છે તે આપણે જોઈ શકીએ. યાવત્ મનુષ્યમાં પણ ઈષ્ટનો ઘાત કરનાર, અનિષ્ટના સંપાદન અને ઈષ્ટના વિઘાત કરનારને જાણીએ ત્યારે ત્યાં મનની પરિણતિ સ્થિર રહેવી અસંભવિત. જગતની દૃષ્ટિએ પૌદ્ગલિક દૃષ્ટિમાં રાચ્યો ત્યાં સુધી ઇષ્ટના વિઘાતને કરનાર ઉપર અને અનિષ્ટના સંપાદન ઉપર ક્રોધ ન થાય તે બને નહિ. પણ મારા આત્માને ઈષ્ટ કે અનિષ્ટ કંઈ છે નહિ તેવી દશાએ આવે, વળી પૌદ્ગલિક જે સુખ-દુઃખો આવે છતાં તે મારાં નથી ત્યાં સુધી પ્રીતિ અપ્રીતિ ન થાય.

અનાદિ કાળનો ક્રોધરૂપી તાવ

આ જીવને અનાદિ કાળનો તાવ લાગેલો છે. દુનિયામાં તાવ માટે ઘરેઘરે દવાની શીશીઓ છે. પણ મનના તાવની શીશીઓ મળે છે અને તે પણ મફત મળે છે છતાં કોઈની પાસે તે છે ? ના, એક પણ શીશી રખાતી નથી. તાવને તેડું કોણ મોકલે છે? જે બરાબર પથ્યમાં ન રહેતો હોય તે. ત્યારે આપણે ડગલે ને પગલે તાવને તેડું મોકલીએ છીએ. પૌદ્ગલિક પદાર્થને વહાલો ગણીએ ત્યારે તેના ઘાતક ઉપર રોષ થાય. એ પૌદ્ગલિક પદાર્થ અનિષ્ટ સમજીએ તો તેના કરનાર ઉપર રોષ થાય ને ? ત્યારે કહો કે આપણે ડગલે ને પગલે તાવને લાવનાર છીએ. ક્રોધને 'તાવ' કેમ કહીએ છીએ ? જેમ તાવમાં માથું દુઃખે, નસકોરાં ફૂલે, કેડ તૂટે, હોઠ ફફડે, આંખ લાલ થાય છે તેમ ક્રોધ વખતે વિચારો. માથું દુઃખે છે કે નહિ? આંખ લાલ થાય છે કે નહિ ?... તાવનાં બધાં ચિહ્નો છતાં આ દુનિયાદારીનો તાવ જેમ ગણતરીમાં આવે છે, તેમ ક્રોધરૂપ તાવ ગણતરીમાં આવે છે ખરો ? તે તાવ કોઇ દિવસ સ્મરણનો નથી પણ આ તાવ તો સ્મરણનો છે.

સ્મૃતિતાવ ને વિકૃતિતાવ

કોઈ મનુષ્યે કોઈ દહાડો તમારા ઈષ્ટનો ઘાત કર્યો હોય, તેને યાદ કરો ત્યાં ક્રોધ થાય છે. આ 'સ્મૃતિતાવ.' ત્યારે દુનિયાનો વિકૃતિ-તાવ છે. આમાં માત્ર સ્મરણ એટલે બુદ્ધિનો તાવ. તે તરફ ખ્યાલ

ગયો અટલે યાદ આવ્યું કે ફલાણાએ આમ કર્યું, ફલાણાએ સારૂં થતું હતું તે બગાડી નાંખ્યું એટલે આ ધ્યાનમાં તો આવીને ઊભો રહે. સ્મૃતિ અને બુદ્ધિના તાવને નિવારવાનું ઔષધ કયું હોય? દુનિયામાંનો તાવ તો લોહી અને ચામડી પર અસર કરે ત્યારે આ તાવ આત્મામાં અસર કરે, ત્યારે આવી સ્મૃતિ અને બુદ્ધિનો તાવ તે અનાદિનો લાગેલો છે. ક્રોધ એટલે 'આત્મજ્વર' હાડકાં જાય તો પણ તે ન જાય હાડકાં ખરી જાય તો પણ તે જોડેને જોડે લાગેલો.

ક્રોધે ક્રોડ પૂર્વતણું સંજમ ફળ જાય

ક્રોધવાળાને ઘાતકી રીતે અવતાર કહીએ છીએ તેનો ખુલાસો અહીં થશે. જે મનુષ્ય ક્રોધમાં રાતદિવસ રહેવાવાળો હોય અને તેમાં મરણ પામે તો ઉપજે કયાં? જ્યાં ઘાતકી સ્થાનો હોય ત્યાં તે જન્મે. મનુષ્યને નિરવકાશ ક્રોધ હોય જ નહિ. ક્રોધનો અમલ કરતો હોય તેને મારા શરીરને કે મારા કુટુંબને કે મારી આજીવિકાને નુકશાન થશે કે નહિ તે બધો વિચાર મનુષ્યને થાય. કોઈ એ ચૂંટી ભરી તો તેના બદલામાં ધોલ મારીએ, પણ તેને છરો નથી મારતા. મનુષ્યના ગુના અને સજામાં હિસાબ છે. ત્યારે જાનવરની જાતને અંગે તો પાસે મળેલાં હથિયારોનો ઉપયોગ કરવો આ એક જ વાત. ગાયને ભોળી ગણીએ છતાં તે મારકણી હોય અને છોકરે અડપલું કર્યું તો તેને શિંગડું મારી દે. પણ આ કેટલો જુલમ કે અનર્થ કરનાર થશે તે તેને જોવાનું નહિ. સાપ દબાણમાં આવ્યો એટલે ડંખ મારી દે, પણ તેનું પરિણામ શું આવશે તે તેને જોવાનું નહિ. તેને તો તેના હાથમાં જે વખતે જે હથિયાર હોય તે વખતે ગુનો થાય એટલે તેનો ઉપયોગ કરવો, પણ પરિણામ જોવું નહિ. ક્રોધના પરિણામનો પરિપાક જોવાની તાકાત નહિ. ક્રોધના પરિણામ જોવાની દરકાર ન રાખે તેનું પર્યવસાન કયાં હોય? તો ત્યાં.

આપણે દરેક વખતે પજુસણમાં સાંભળીએ છીએ અને બોલીએ છીએ પણ જેમ છોકરો પરીક્ષા વગર કોડી કોડીનો હિસાબ ગણે છે અને પરીક્ષા વખતે મહોરનો હિસાબ ગણે તો તેને શું કહેવું?

તેમ આપણે પણ 'ક્રોધ ક્રોડ પૂર્વ તણું સંજમ ફળ જાય, આ કયાં સુધી બોલીએ તો જ્યાં સુધી 'ક્રોધ આવીને કબજો ન લે ત્યાં સુધી. કેડના સારા હોય, હથિયાર બાંધીને ફરનારા હોય પણ ઘાડ વખતે કામ ન કરે તો તે કેવો ગણાય ? તેમ ક્રોધ કાકો કબજો કરે ત્યારે તે વાકય યાદ કરવાનું નહિ. એ ધ્યાનમાં રાખવું કે જે ક્રોધને વખતે આ વચન યાદ ન કરે તે ક્રોધના દાવાનળમાં બળ્યા વગર રહેશે નહિ. **શીખેલું વચન બચાવ નહિ કરે, પણ યાદ આવેલું વચન બચાવ કરશે.**

પર્યુષણમાં ચંડકોશિયાની વાત સાંભળીએ છીએ. પણ તેનો વિચાર નથી કરતા. ત્યારે જણાવે છે કે અમે જિનેશ્વરના વચનની ખાતર વિચાર નથી કરતા. હવે તે વખતે નથી જિનેશ્વર ભગવાનની હાજરી કે નથી તેમને મળવાનું, નથી થતું સાક્ષાત્ દર્શન, નથી સાક્ષાત્ વચન સાંભળવાનું પણ શાસ્ત્રદ્વારાએ વચન સાંભળ્યાં તેથી દેશ, વેષ, કુળ, જાતિ, કુટુંબકબીલો, બૈરી છોકરાં, ધન, માલમિલકત વગેરેને છોડી દીધાં.

સાચા ભાગીદાર કોણ ?

ગઈ કાલે સમજાવ્યું હતું કે કેસરિયા કરનારો જીવતાની ચિંતા રાખીને નીકળે નહિ, પણ ચિંતાના પદાર્થોને બાળીને નીકળે. કુટુંબમાં જે બૈરી છોકરાંઓ હોય તેને બાળી દે, પછી કેસરિયા કરવા નીકળી જાય. તેમ આ ચિંતાને સળગાવીને નીકળે. કુટુંબકબીલો, દેશ, વેશ, માલમિલકત ને બૈરી છોકરાંની ચિંતા ન કરવી તેથી તેની ચિતા ખડકી નાંખે. જેમ દુનિયામાં રજપૂતો કેસરિયા કરે તેમ ધર્મ સાધવા નીકળનારા ચિંતાની ચિતા કરે. ચિંતાને સળગાવી દે. તેથી આ તો સાચા ભાગીદાર કહેવાય. આ દુનિયામાં બીજા બધા ભાગીદારો જૂઠ્ઠા, તેઓ જૂઠ્ઠા છે કેમ? તો તે એકલા મૂડી ને આબરૂના ભાગીદાર છે. પણ સુખદુઃખના ભાગીદાર કોઈ નહિ. પોતાની આંગળીએ ચપ્પુ વાગે, લોહી નીકળે ને વેદના થાય તે પોતાને; પણ પેલાને ન થાય. તેમ આ દુનિયાના ભાગીદારો માત્ર મૂડી અને આબરૂના, પણ સુખદુઃખના નાહ, પણ જીવના ભાગીદાર હોય તો આ કાયા છે.

તું મારી નથી અને હું તારો નથી

કાયાને દુઃખ થાય તો જીવને દુઃખ થાય. કાયાને સુખ થાય તો જીવને સુખ. તેમ જીવને દુઃખ થાય તો કાયાને દુઃખ થાય. જીવને સુખ થાય તો કાયાને સુખ થાય. એટલે કાયાને દુઃખે દુઃખી અને તેને સુખે સુખી જીવ. તેમ જીવના દુઃખે દુઃખી ને તેના સુખે સુખી કાયા. આવી ભાગીદારીવાળાની ભાગીદારી છોડવા માંડી. 'હું તારો નહિ,તું મારી નહિ.' શાને અંગે ? તો તે ફક્ત વચનને અંગે. તે સિવાય તો નહિને ? નોટીસ આપી કે મારાથી ખેંચાય તેટલું ખેંચવાનું; તને ટકાવી રખાય તેટલું તને આપવાનું. ભાગીદારને આ જણાવવું કેટલું મુશ્કેલ ? ભાગીદારીમાં કેટલાક સમય પહેલાં ગોટાળો કર્યો અને પછી છૂટા થયા, પણ 'તું મારી નહિ અને હું તારો નહિ' તે કહેવું કેટલું મુશ્કેલ ?

આત્માએ દેહનું અનાદિથી રક્ષણ કર્યું, પણ હું તારો હતો કે નહિ તે વાત જુદી. પણ તું મારી હતી. પણ હવે ખૂલ્લા શબ્દોમાં કહું છું કે 'તું મારી નથી અને હું તારો નથી.' આપણે હવે જુદા પડવાનું છે. હવે તને પૈસાની પણ આવક થવા દઉં નહિ. જેટલા પૂરતી દુકાન નભાવવી તેટલી વખતે તને આબરૂ રાખીને નભાવીશ તેમ. મહાપુરૂષે આવી નોટીસ જાહેરાત આપી દીધી. પોષણ કરવાનાં પચ્ચ-ક્ખાણ પણ ટકવા માટે છૂટ. માટે મહિના મહિનાના ઉપવાસ અને એક જ દહાડો ખાવું તે ટકાવવું એટલું જ. પોષણ તો નહિ. આ આ બધું શાના ઉપર ? જિનેશ્વર ભગવાનના શાસનના વચન ઉપર વિશ્વાસ છે. જે જીવ આટલી જહેમત ઉઠાવનારો છે તે જીવ ક્રોધના ચક્કરમાં પડયો ત્યારે પરિણામ કયાં આવ્યું ?

"બૂઝ ચંડકૌશિક ? બૂઝ"

ખુદ **તીર્થંકર** મહારાજા, ચાર જ્ઞાનવાળા ત્યાગી થયા છે. કાઉસ્સગ્ગમાં ઊભા છે. હવે ક્રોધમાં કારણ કોને જોઇએ ? સજ્જનને કે દુર્જનને ? દુર્જનને કારણ ન જોઈ એ. દુર્જનને પૂછીએ કે ભાઇ ! શાંતિ છે ને ?

ત્યારે દુર્જન કહે કે 'તેં ધાર્યું હોય તો મારી નાંખજે.' શું આને

કંઈ સંબંધ ખરો? દુર્જનને ખોટું બોલવામાં કંઇ કારણ જોઈતું નથી અહીં દુર્જનોને ક્રોધ કેમ ચડે તે ન જોવાનું. રાજર્ષિ મહાત્યાગી ને ચાર જ્ઞાની એવા ખુદ જિનેશ્વર ભગવાન કાઉસ્સગ્ગમાં ઊભા છે, ત્યારે સાપને થાય છે કે 'આ અહીં કેમ આવ્યો? આ તો જંગલ છે; આ કંઈ ખાનગી આવાસ કે નિવાસનું સ્થાને ય નથી.' જંગલમાં આવે તેમાં દુર્જનને ક્રોધ થાય તેનું નિવારણ કેવી રીતે?

ભગવાન વિહાર કરતાં કરતાં અહીં કાઉસ્સગ્ગમાં રહ્યા,ત્યારે પેલાને થાય છે: આ અહીં આવ્યો કેમ? આ જંગલ છે; ખાનગી મકાન નથી; પણ મને દેખ્યો અને છતાં તે ખસ્યો કેમ નહિ? ભાગી કેમ ન ગયો? એટલે ચડ્યો તેને ક્રોધ. પહેલાં વાત જણાવી ગયા કે જાનવરની જાત એવી કે ગુનો લાગ્યો એટલે હથિયાર ઉગામવું પણ પછી તેના પરિણામને નહિ જોવાનું. સામાન્ય જાનવરમાં પરિણામ જોવાનું ન હોય તો સાપ જેવી જાત અને તેમાં પણ કાળા નાગ જેવી જાત હોય. તેની અંદર એ વિચારને અવકાશ કેમ હોય? પણ એક જ વિચાર કે 'એને મારી નાખું, ગુનો કર્યો? અહીં તે આવ્યો કેમ?' તે જ ગુનો. દુર્જનોને આરોપ મૂકતાં વાર લાગતી નથી. સજ્જનની અપેક્ષાએ બિનગુનેગારને ગુનેગાર ગણવો. કોર્ટમાં વાદી, પ્રતિવાદી હોય ત્યાં ગુનેગાર કોણ અને બિન-ગુનેગાર કોણ તેની ખબર પડે. દુર્જનમાં મોગલાઈ છે.

સારી રીતે તૈયાર કરેલો હોય તે વિખરાઈ જાય. એવી રીતે ડંખ માર્યો, પણ ઝેર જ ત્યાં ન ચડ્યું. લોહી નીકળ્યું તે પણ જગતમાં અસંભવિત તેવું. લોહીનું સફેદપણું, તેથી તેનું નામ 'અતિશય.'

દેવતાઈ ચમત્કાર કોને ગણો? તમારાથી જે કાર્ય ન થાય તે થઈ જાય તો તેને 'દેવતાઈ' ગણો.

તેમ **'અતિશય' એટલે દુનિયામાં બીજે ન હોય ને તે કોઈકે જ બતાવી શકે.** કોઈથી નહિ થઇ શકે તેવું આખા શરીરનું લોહી દૂધ જેવું ધોળું તેથી તેને 'અતિશય' ગણ્યો.

જ્યાં સાપ ત્રણ વખત દૃષ્ટિના હલ્લા કરે છતાં તેમાં તે ફાવતો નથી. છેવટે તે ડંખે છે. તે વખતે દૂધ જેવું લોહી નીકળે છે તેથી તે વિમાસણમાં પડે છે. જે વખતે વહેણ નીકળે તે વખતે તે વાળી લેવાય.

તેમ તે વખતે ભગવાન **મહાવીરસ્વામી** કહે છે કે 'ચંડકોશિયા, તું સમજ, તું સમજ,' સમતાના કેટલા દરિયા ? આપણને એક ડાંસ કરડે ત્યારે કાઉસ્સગ્ગમાં ચલવિચલ દશાવાળા થઈએ છીએ. ત્યારે તહીં સાપ દૃષ્ટિ નાખે છે, કરડેછે ને ડંખ મારે છે તે વખતે કઈ દશા છે ? તે વખતે શાંતિમાં ઊભા રહેવું તે છે. જ્યાં કાળો નાગ, દૃષ્ટિવિષ સર્પ નીકળે છે, આવે છે, કરડે છે, ડંખ મારે છે ને લોહી નીકળે છે તે વખતે સહન કરીને 'બૂઝ, બૂઝ' શબ્દ નીકળવો તે તમે એવી રીતે કલ્પનામાં લો તો તે વખતે તે શબ્દ નીકળે છે ? ના. તો અહીં તો કાઉસ્સગ્ગમાં છે, સાક્ષાત્ દૃષ્ટિવિષ સર્પ આવે છે, કરડે છે ને ડંખ મારે છે છતાં 'બૂઝ, બૂઝ' એ વાકય આ દશામાં કહે છે તે તમારી કલ્પનામાં પણ આવશે નહિ. જે આપણે ન કલ્પી શકીએ તે તે મહાપુરુષ તે સાપને તે વખતે 'બૂઝ, બૂઝ' ચંડકોશિયા એમ કહી શકયા. જે જીવે તીર્થંકરના શાસનમાં પ્રવર્તેલા વચનની ખાતર દેશ, વેશ, કુટુંબકબીલા વગેરેની ચિંતાની ચિતા ખડકાવી તે જ જીવ ખુદ તીર્થંકરને અંગે વિચારે છે કે 'આ મરતો કેમ નથી ? આવી સ્થિતિમાં આવ્યો. બસ, મારૂં, જીવતો ન રહેવા દઉં.'

આ વિપર્યાસ કોના પ્રતાપનો ? તે છે ક્રોધના પ્રતાપનો. આવો ક્રોધ કઈ ગતિ કે કઈ જાતિમાં નથી ? દરેક ગતિ, જાતિમાં ક્રોધની સ્થિતિ દેખીએ છીએ માટે આ 'હાડજ્વર' નહિ, પણ 'આત્મજ્વર છે.' પહેલવહેલો કોઈ છોકરો તાવ લઈને આવ્યો છે ? ના. પણ તેના સંસ્કારો લઈ ને તે આવ્યો છે.

ક્રોધને ટાળવાની ચાવી

આ આત્મજ્વરરૂપી રોગને ટાળવાનું ઔષધ સહેલું છે, પણ તે કરવું નથી. દુનિયાના તાવમાં ગળોસત્વ ઉપયોગી છે. ક્રોધ એટલો બધો લજ્જાળુ છે કે તેના તરફ તમે નજર નાંખો એટલે ભાગવા તે તૈયાર છે. આ ક્રોધ હેરાન કરનાર, બગાડનાર, છતાં તેના તરફ દૃષ્ટિ કરો તો જવાને તૈયાર. પણ તમારે દૃષ્ટિ તો કરવી નથી ? ક્રોધ ન હોય ત્યારે બે બે રાગડે બોલો છો કે "ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફળ જાય."

આ કયાં સુધી? તે ક્રોધ ન આવે ત્યાં સુધી. હથિયાર કયાં સુધી? હલ્લો ન આવે ત્યાં સુધી. પણ હલ્લો આવે ત્યારે હથિયાર સંતાડે તેની શી દશા? તેમ આપણી પાસે હથિયારો છે પણ ક્રોધનો હલ્લો આવે ત્યારે તે બધાં ઢાંકી દેવાનાં. આનો અર્થ શો? અર્થાત્ ક્રોધને કાઢવો સહેલો છે, પણ જ્યાં સુધી તેને કાઢો નહિ, ત્યાં સુધી તે જિંદગીઓની જિંદગી સુધી ખસે નહિ. આવા ક્રોધરૂપી તાવને કાઢવાનું ઔષધ બતાવનાર હોય તો તે કેવળ એક જ, કે જેને અ. જગતમાં આ પોતાનું, આ પોતાથી વિરૂદ્ધ છે તેવું કશું નથી.

આવી રીતે ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય, છતાં તે તરફ રાગ કે દ્વેષ નહિ રાખનાર તેવા જે હોય તે જ આ રોગ ટાળી શકે. એને જગતમાં કંઇ પણ ઇષ્ટ તરીકે કે અનિષ્ટ તરીકે નથી. તેમ જગતમાં કોઈ પણ વસ્તુનો પક્ષપાત નથી. મનુષ્યના પક્ષપાતને ખરાબ ગણી જે મનુષ્ય ગુનેગાર હોય તેને ન્યાયાધીશનો હક્ક ન મેળે. તેવી રીતે અનિષ્ટ પદાર્થો–વિષયો તરફ રોષ, જડ તરફ રોષ, જડના પ્રેમમાં પડેલો, જડના દ્વેષથી દાઝેલો તે જગતના ક્રોધને દૂર કરવા માટે સમર્થ કયાંથી થાય? માટે ક્રોધરૂપી તાવને દૂર કરનારી ચીજ માત્ર વીતરાગ પરમાત્મા.

તેવી રીતે અભિમાન કયાં? જ્યાં ક્રોધ હોય ત્યાં. તેવી જ રીતે માયા ને લોભ. આ ચારેથી બચાવનાર કોણ? જે એનાથી બચ્યા હોય તે. દુનિયામાં એવો કોઈ નથી કે જે પોતે બચે, અને બીજાને તારે. તેમ જેણે પોતે ક્રોધાદિ દૂર કર્યા નથી, નાશ કર્યા નથી તે બીજાના ક્રોધાદિ નાશ કરવાના ઉપાયો બતાવી શકે નહિ. અનાદિથી કષાયોનો રોગ છે તે શાસ્ત્રકારે જણાવ્યું તેમ તેનું ઔષધ જણાવ્યું. કયું? વીતરાગના વચન પ્રમાણે વર્તાવ કરવો તે મહા ઔષધ છે.

વચનની આરાધના

રોગની ભયંકરતા દેખીએ. જેમ શેઠ હોય–રાજા હોય અને તેમની તબિયત બગડી ત્યારે વૈદ્ય કે ડોકટર કહે કે "તમારે ગરમ પ્રદેશમાં રહેવું પડશે. કે તમારે શરદીવાળા પ્રદેશમાં રહેવું પડશે,

તમારાથી ફલાણું નહિ ખવાય, તમારે અમુક જ કરવાનું,” તો ‘હા’ કહે, તેથી તે ડોકટરની ગુલામી ગણાય? તમે તે પ્રમાણે ન કરો તો આંખ લાલ કરીને તે કહે છે. તે વખતે તેને માટે તમારી ગુલામી ગણો છો? ના. પણ “મારો રોગ મટાડવા, મારૂં હિત કરવા માટે આ પ્રમાણે કહે છે,” એમ તમે માનો છો, તેમ અહીં પણ આ આત્મા સમજે કે **જિનેશ્વરનું વચન તે મારા હિત માટે છે.** માટે મારે તેમના વચન પ્રમાણે જ કરવું, ઉલટું ન જ કરવું, વચનથી ઊલટું થાય તે મારી ભૂલ છે.


ધર્મ આત્માનો શોધક પણ સિદ્ધિ કોણ કરે? જિનેશ્વરનાં વચનમાં દાખલ થાય તે સિદ્ધિ કરે. માટે જિનેશ્વર ભગવાનનાં વચનોની આરાધના કરવી. તે કરો તો ‘ધર્મ’, નહિ તો ‘અધર્મ’ ગણાય. માટે જિનેશ્વર ભગવાનનાં વચનોની આરાધના તરફ લક્ષ્ય રાખવું જોઈએ. વચનો કયાં? તેની આરાધના કેવી રીતે? તેથી ધર્મ કેવી રીતે બને? એ જે અધિકાર બતાવશે તે અગ્રે વર્તમાન.






પુણ્યથી ખરીદાયેલ અર્થાત્ પ્રાપ્ત થયેલી આ ત્રિયોગી (મન, વચન, કાય) છે તે જિનેશ્વર ભગવાનની સેવાથી ફળવાળી છે. એ સિવાય અર્થાત્ જિનસેવાથી ફળવાળી ન હોય તો આ ત્રિયોગીથી પાપરૂપી સમુદ્રમાં પતન થાય. જેમ જગતમાં નાવથી બે કાર્ય થાય છે, તેમ જિનસેવા રૂપી નાવિકથી આત્મા પાર પામે અને પર સેવા રૂપી નાવિકથી સંસારમાં ડૂબે.





કથની અને કરણી



વૈદું તે શું ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવન શ્રીમાન **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સર્વ દર્દોનાં નિદાનોને જાણે, સર્વ દર્દનાં સ્વરૂપને જાણે ને તેની ચિકિત્સાને પણ જાણે તેથી વૈદ્ય બને, પણ 'વૈદું' કરતાં આવડવું જોઈએ. 'વૈદુ' વળી ! તેને વૈદ્ય બધા રોગો, તેનાં કારણો, તેનું સ્વરૂપને તેની ચિકિત્સા જાણવાથી બન્યો. પણ વૈદું કયારે? જે દર્દી આવ્યો હોય, તેની પ્રકૃતિ, રોગ, અવસ્થા, બધું જે જાણે અને તે પ્રમાણે દવા કરે, ત્યારે વૈદું કરનાર ગણાય. વૈદું કરનારને બાળકના રોગો જાણવા બહુ મુશ્કેલ. યુવાનોના રોગો જાણવા વૈદ્યો માટે સહેલા. પણ બાળવૈદ્યોને બહુ જ મુશ્કેલ. કેમ ? બાળક પાસેથી હકીકત જણાય નહિ તેથી. તેને શું થાય છે તે સમજ ન પડે. કેમ ? બાળક પોતે કહી શકે નહિ. તેમજ પાસેવાળો પણ કહી શકે નહિ, પણ વૈદ્યને પોતાને તે બધું જાણવું પડે.

કથની અને કરણી

વેદક તો બધા, પણ અહીં આગળ આ જિનશાસન તે કેવળ વૈદક, શાની અપેક્ષાએ તે વૈદક ? આત્માના રોગોની અપેક્ષાએ તે જિનશાસન વૈદક છે, પણ શરીરના રોગોની અપેક્ષાએ **ચરકસંહિતા, સુશ્રુત** વગેરે છે, પણ આત્માના રોગો, તેનાં નિદાન, તેનાં સ્વરૂપ, તેનાં કારણો ને તેની ચિકિત્સાને જણાવનાર હોય તો તે કેવળ જિન શાસન જ.

કોઈ કહે કે તમે જિનશાસનમાં છો, તેથી સિકકો મારો છો ? ના. પણ **કરણી કરીને કથની કરનાર હોય તો કેવળ જિનેશ્વર** પ્રભુ

છે, બીજા બધા દેવો આરંભ-પરિગ્રહમાં મગ્ન. ઉપદેશ આપે ત્યારે? **शान्तो दान्तो मुमुक्षु** એમ બોલે. પણ આને લાયક કોણ છે? જે ક્રોધાદિથી રહિત હોય, જે ઈન્દ્રયોને દમનાર હોય, જે મોક્ષની ઈચ્છાવાળો હોય તે લાયક છે. પણ તેના દેવોને અંગે વિચારીએ તો કયારે શાંત, દાંત અને મુમુક્ષુની અવસ્થા છે? એટલે જૈનેતરને માત્ર કથની, પણ કરણી નહિ.

કરણીને વળગાડવી ન પડે તે માટે નિત્યવાદ રાખ્યો. સિદ્ધ એવો સ્યાદ્વાદ શા માટે ન માન્યો? જગતમાં એવી ચીજ નથી કે જેને તમે સ્યાદ્વાદ ન માન્યો. કપાસ લઈએ. કપાસ વાવ્યો. તેમાં પાણી આવ્યું. તેમાંથી કપાસ થયો. તેમાંથી રૂ થયું. તેમાંથી કપડાં થયાં. તે પાછાં માટી થઈ ગયાં. કપડાં વગેરેપણા વખતે કપાસીઆપણું છે? ના. પણ પુદ્ગલ કયાં છે? જે પદ્ગલો કપાઓપણે હતા તે જ પુદ્ગલો કપાસ, રૂ, કપડાં, માટી વગેરેપણે પરિણમ્યા. માટે કથંચિત્ સ્થાયી અને કથંચિત્ પરાવર્ત પુદ્ગલો, અવસ્થાએ પરાવર્ત પામે અને મૂળપણે સ્થાયી રહે. દુનયામાં એવો કોઈ પણ પદાર્થ નથી કે જે સ્યાદ્વાદની મર્યાદામાં ન હોય. હવે સ્યાદ્વાદ માને ત્યારે તેમને ઈશ્વરને મલિન માનવો પડે. સૃષ્ટિના સર્જનહાર તરીકે માનનારાને તેના આત્માને કથંચિત્ નિર્મલ યાને કથંચિત્ મલિન માનવો પડે. માટે આત્માને તેમાં કંઈ નથી.

જેમ આરિસામાં પ્રકાશ પડયો, તે ગમે તેનો પડયો હોય, પણ જેવો પડયો હોય તેવો દેખાય; પણ કાચને તેમાં શું? મુક્તિવાળા કયાં દોડે છે? આરિસાનો હીરો કિંમત કેટલી પામે? હીરામાં શું ઓછું છે? ઘાટ, રંગ, તેજ, આકાર પણ તે જ છે, છતાં આરિસાનો હીરો એટલે કંઇ નહિ. આરિસો પોતાના અસલ સ્વભાવમાં છે, પણ ગમે તેનું પ્રતિબિંબ તેનામાં પડે પણ પોતાના સ્વરૂપમાં તે ફેર નથી પાડતો. તેમ બીજા પોતાના ઈશ્વરને ધર્મની કરણી ન માનવી પડે માટે ઈશ્વરને આરિસા જેવો માનીને તેની લીલામાં પ્રતિબિંબ માનીને ફેંકી દે. પણ એ ખ્યાલ આવે કયાંથી? કે આ છાયાના પુદ્ગલો છે કે નહિ? તે ભાવરૂપ છે કે અભાવરૂપ છે?

તમે છબીઓ ઉતરાવો છો, પણ કાચ ઉપરથી આકાર જેવો હોય તેવો તે કરી દે છે. છાયા, આકાર પૌદ્ગલિક ન હોય, વસ્તુસ્વરૂપ ન હોય તો છબીઓ થઈ કયાંથી ? છાયાના પુદ્ગલો છે તેથી તે તે રૂપે પરિણમવાના છે. પરંતુ તે માનવું નહિ ? અભાવ બ્રહ્મરૂપ માનીને ચાલવું તે માટે ઈશ્વરને નિત્ય માની લઈને ચાલવું પડે છે. આ પ્રમાણે ન ચાલે તો ઈશ્વરમાં મલિનતા માનવી પડે અને મલિનતાથી નિર્મળતા માનવી પડે. તેથી નિર્મળતામાં મીંડું છે, માટે માન્યા વગર છૂટકો નથી. તેથી સ્યાદ્વાદ ન માનતાં નિત્યવાદ માને છે. સ્યાદ્વાદ કહે તો ત્યાગ, વૈરાગ્ય અને તેનાં સાધનો લાવવાં પડે, વિકાર માનવો પડે, તેના નાશ કરવા માટે સાધન લાવવાં જોઈએ. તે કયાંથી લાવે ? માટે નન્નો પકડયો. જગતને જીવાડે ને મારે તે છતાં તેમાં કંઈ પણ ફેર નહિ.

'અવતાર'માંથી 'ઈશ્વર' કે 'ઈશ્વર'માંથી 'અવતાર'?

જૈનો અવતાર અને ઈશ્વર માનનારા છે. જૈનેતરો પણ અવતાર ને ઈશ્વર માનનારા છે. પણ ફરક કયાં પડે ? **જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે ત્યારે જૈનેતરો ઈશ્વરમાંથી અવતાર માને છે.** કેમ ? **મહાવીરસ્વામીના** ૨૭ ભવ, **ઋષભદેવજી** મહારાજના ૧૩ ભવ, **શાંતિનાથ** ભગવાનના ૧૨ ભવ, **પાર્શ્વનાથ** ભગવાનના ૧૦ ભવ ને **નેમિનાથ** ભગવાનના ૩ ભવ, તેમ દરેક તીર્થંકરોના આટલા ભવો કહ્યા, તેથી શું થયું ? અવતારમાંથી ઈશ્વર થયા ને ? બીજાને ઈશ્વરમાંથી અવતાર લેવાના એટલે નિર્મળતામાંથી મલિનતા માનવી પડે, અવિકારીમાંથી વિકારી માનવા પડે ત્યારે જૈનો અવતારમાંથી ઈશ્વર માને છે. અનંતા તીર્થંકરો થયા, થાય છે ને થશે તે બધા અવતારમાંથી ઈશ્વર થયા છે. અન્ય મતોને જે જે અવતારો થયા, તે ઈશ્વરમાંથી થયા એટલે નિર્મળમાંથી મલિન થવાનું.

મૂર્તિ એટલે આત્માનો આરિસો

જૈનો જિનેશ્વરની મૂર્તિ માને છે. તે શાસ્ત્રની વ્યવહારની અપેક્ષાએ મૂર્તિ છે, પણ ઊંડા ઉતરીએ તો એક અપેક્ષાએ ભગવાનની મૂર્તિ ન હોય પણ આત્માને કેવો બનાવવો છે તેનો તે આરિસો છે. 'આવો આત્મા બનાવીશ ત્યારે તું સાધી શકીશ.' તે મૂર્તિ કેવી છે ?

"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं ।
वदनकमलमङ्कः, कामिनीसंगशून्यः ॥"

આવી સ્થિતિમાં નહિ આવે તો તું તારી અસલ સ્થિતિમાં નહિ આવી શકે. માટે તેમાં ઈશ્વરનો રંગ, માન વગેરે ન રાખ્યાં. રંગ, ઊંચાઈ, રાજ્ય, નીતિ, મકાન સાથે સંબંધ નહિ, પણ प्रशमरसनिमग्नं તેની સાથે સંબંધ.

એકની પૂજા તે સર્વની પૂજા અને એકની હેલના તે સર્વની હેલના

આ વાત વિચારશો તો એક ચોકસી સેંકડો દાગીનાની પરીક્ષા કરે પણ એક વખત ખોટો દાગીનો આવે અને તેને કિંમતી કહીને થાપ ખાધી તો જિંદગી ધૂળમાં ભળે છે. તેમ અહીં એક વીતરાગની અવજ્ઞા કરે તો બાકીના માન્યા હોય, છતાં તે ધૂળ. આ જ વાત હોવાથી શાસ્ત્રકારે જણાવ્યું કે–**एगंमि पूइयंमी, सव्वे ते पूइया होंति**' એક વીતરાગની પૂજા કરીએ તો સર્વની પૂજા કરી ગણાય. એક વીતરાગની હેલના કરી તો સર્વની હેલના કરી ગણાય. આ વાતથી જાતિવાદમાં આવવું પડશે. ક્રિયા, ગુણ એકલાં માન્યાં નહિ ચાલે, પણ ગુણને ક્રિયાવાળી વ્યક્તિ માનો તો જ કામ ચાલે. માટે **आत्मैव ज्ञानदर्शनचारित्रंयथा यतेः**– આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છે. જો તે સ્વરૂપ ન હોત તો જ્ઞાનાવરણીય આદિ કર્મો ન માનવાં પડત. માટે દરેક આત્માને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ને ચારિત્ર-મોહનીય કર્મો માન્યાં. કયારે માન્યાં ?

આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, દાન વગેરે સ્વરૂપ માન્યા ત્યારેને ? આવેલો હોય તો તે પાછો વાળ્યો, તેમ કહી શકો, તેમ રોકાયું કયારે કહેવાય ? તે સ્વરૂપવાળો માનો તો. અભવ્યનો જીવ પણ સિદ્ધસ્વરૂપ છે. સિદ્ધ પરમાત્માનું જે સ્વરૂપ તે અભવ્યના આત્મામાં છે. તેનો આત્મા, કેવળજ્ઞાન કેવળદર્શન, ચારિત્રવાળો ન ગણો તો તેનાં આવરણો કયાંથી માની શકશો ? માટે દરેક જીવ સિદ્ધસ્વરૂપ છે. દરેક આત્મા જ્ઞાન, દર્શન ને ચારિત્રવાળો છે.

'**अहं ब्रह्माऽस्मि सोऽहं**' કોણ બોલે ? છ કાયના કૂટામાં રમતો ન

હોય તે. પણ તે છ કાયના કૂટામાં રમતો હોય તે ન કહી શકે. કોયલો હોય અને अहं सूर्योऽस्मि કહે તો તેની કિંમત શી ? તેમ અઢારે પાપ-સ્થાનમાં રગડાયલો હોય, જેને તે અઢાર પાપસ્થાનનો નાશ કર્યો ન હોય, તે નાશ કરીને આત્માને સાધવા તૈયાર ન હોય તે सोऽहं ब्रह्माऽस्मि કહી શકે નહિ. પણ સર્વ આશ્રવો છોડીને આત્મસાધનમાં લીન બનેલા મહાત્માએ। એમ બોલી શકે કે सोऽहं ब्रह्माऽस्मि માટે यतेः કહેવું પડ્યું. જે સાધુ હોય તેનો જ આત્મા જ્ઞાન, દર્શન ચારિત્ર. કારણ ? તેનો આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રની પરિણતિવાળો છે. તે શરીરમાં રહેલો છે માટે તે 'सोऽहं' કહી શકે તે સિવાય કોઈ કહી શકે નહિ.

જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ જે આત્મા માને, તેથી તેને રોકવા માટે કર્મો માનવાં પડ્યાં. એવા સ્વરૂપવાળો આત્મા વધે, સંપૂર્ણ સિદ્ધિને પામે, તે સિદ્ધિ પામનારી વ્યક્તિને માને તો તે જ્ઞાન, દર્શન, ચારિત્રને માનનારો ગણાય; નહિ તો તે ન માને તો તો માનનારો ન ગણાય. જેવી રીતે ગુણોને માનો; તેવી રીતે ગુણીને માનો. જેવી રીતે ગુણીને માનો; તેવી રીતે ગુણને માનો; પણ જૈન શાસનને ગુણ અને ગુણી બંનેનું સન્માન પાલવે પણ અપમાન ન પાલવે. એક ગુણનું કે એક ગુણીનું અપમાન કરે તો તે બધાનું અપમાન ગણાયું.

ગોશાલો ઋષભદેવથી પાર્શ્વનાથ સુધીના ૨૩ તીર્થંકરોને માનતો હતો પણ ભગવાન **મહાવીરને** નહોતો માનતો. **જમાલિ** તીર્થંકરોને માનતો હતો, પણ તેને **ગૌતમસ્વામી** આદિ ખટકતા હતા. જેથી તેણે ભગવાન **મહાવીરસ્વામીને** કહ્યું કે જેમ તમારા આ **ગૌતમ** વગેરે છદ્મસ્થ અને કેવળજ્ઞાન રહિત ફરે છે તેવી રીતે હું નથી. મને તો કેવળજ્ઞાન થયેલું છે. હું આવરણ વગરનો છું, આ કોની હરિફાઈ? **ગૌતમસ્વામી** વગેરેની. તે પણ શાસનને ન પાલવ્યું. માટે એકની પૂજા કરી તે દરેકની પૂજા કરી ગણાય; અને એકની હેલના કરી તો દરેકની હેલના ગણાય. આ પ્રમાણે હોવાથી ભગવાન **ઋષભદેવજી** તરફ દૃષ્ટિ હોય ત્યારે **મહાવીરસ્વામી** વગેરેનું સ્તવન બોલીએ છીએ. પ્રાચીન કાળમાં સ્તુતિ જે તીર્થંકરની હોય તેની થતી. આજકાલમાં તે નથી.

કેમ ? આ તો લાકડે માંકડું વળગાડો છો ને? ના. અમે ગુણીની પૂજા ગુણ દ્વારાએ કરીએ છીએ તેથી તે દરેક તે ગુણવાળા છે.

अरिहंताणं કેમ ને अरिहंतस्स કેમ નહિ ?

જો એમ છે તો 'નમો અરિહંતાણું' શા માટે? પણ 'નમો અરિહંતસ્સ' કહોને ? એવા અનંતા અરિહંતો થયા છે. વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ અનંતા થશે. પણ એક થયા નથી, થશે નહિ ને થતા નથી. તેવી કલ્પના ન આવે માટે બહુવચન માન્યું.

જૈન અને જનેતરની માન્યતામાં કયો ભેદ ? પરમેશ્વરને તો જૈનેતર તરીકે ગણાતા બધા આસ્તિકો અને જૈનો માને છે. ફરક કયો છે ? જૈનેતરો પરમેશ્વરને સૃષ્ટિના સર્જનહાર તરીકે માને, ત્યારે જૈનો સ્વાતંત્ર્યના સર્જનહાર તરીકે માને. જૈનો આ સ્થિતિ સમજે કે આ કુદરતી નિયમ છે. ઈશ્વરે ઝાડ રચ્યું, તેથી તેને પાંદડાં, ફળ, વગેરે દરેકનો ઘાટ ઘડતો આવ્યો એમ ખરું ને ?

સૃષ્ટિના સર્જનહાર માનનારને બધી વસ્તુ માનવી પડે. ત્યારે જૈનો એ બધું કુદરતી સર્જન માને છે અને દેખે છે. લૂણના અગરમાં લોઢું પડયું હોય તો તે કેટલેક કાળે લૂણ થાય છે. પથ્થરની ખાણમાં કચરો પડયો હોય તો તે પથ્થર થાય છે. કોલસાની ખાણમાં કચરો પડયો હોય તો તે કોલસો થાય છે. અબરખની ખાણમાં કચરો પડયો હોય તો તે અબરખ થાય છે.

જો સૃષ્ટિના સર્જનહાર હોય તો કૂતરી અને ભૂંડણોને તેવી માનવી પડશે. માટે સૃષ્ટિનું સર્જન કુદરતી ચાલે છે. ઈશ્વર સ્વાતંત્ર્યનું સર્જન કરે છે. જેઓએ પોતાના આત્માને કર્મના પાંજરામાંથી મુક્ત કર્યો છે, પૌદ્ગલિક પરાધીનતામાંથી મુકત કર્યો છે.' તેઓ બીજાનો આત્મા કર્મની પંજર અને પુદ્ગલની બેડીમાંથી કેમ છૂટી શકે તે બતાવી શકે.

જેમ ચંદ્ર, સૂર્ય દેખાડનારા છે, પણ કરનારા નથી, તેમ જૈનોએ ઈશ્વરને બતાવનાર તરીકે માન્યો છે. બીજાઓએ એને બનાવનાર તરીકે

માન્યો છે. માટે બધાને બનાવનાર અને એક માત્ર ઈશ્વર માન્યો એટલે ચાલ્યું. પણ બતાવનારમાં ઉપદેશની અસર સર્વ કાળ, સુધારો સર્વ કાળ, પ્રવૃત્તિ સર્વ કાળ ટકતી નથી. ઉપદેશની અસર બંધ થાય ત્યારે ઉપદેશ કરનારો હોય તો જ જગતનું કલ્યાણ થાય. બતાવનારને વારંવાર મેળવવા પડે. જૈનો પરમેશ્વરને સ્વાતંત્ર્યના સર્જનહાર માને, તેથી તેમને ઘણા પરમેશ્વર માન્યે જ છૂટકો. માટે અનેક પરમેશ્વર માનવાની જરૂર. માટે 'નમો અરિહંતાણું' ત્યાં બહુવચનની જરૂર છે. એકની પૂજા એ સર્વની પૂજા છે અને એકની હેલના એ સર્વની હેલના છે.

ગોશાલાએ અનંતા તીર્થંકરો માન્યા અને વર્તમાનના ૨૩ માન્યા, તે છતાં તે માર્ગ બહાર ગણાયો. શાસનમાં તે નથી પાલવતું. શાસનમાં ગુણ ને ગુણી એ બેને માને તો જ પાલવે. માટે 'આત્મા' બોલવા માટે ખરેખર હકદાર જૈનો. **सोऽहं ब्रह्मास्मि**' બોલવાને હકદાર કોણ? તો જ્ઞાન, દર્શન, ચારિત્રમાં પ્રવર્તેલો બોલવાને હકદાર. પણ સ્વરૂપ તરીકે દરેક આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્રસ્વરૂપ છે તો આ ચારે ગતિમાં ભટકવું શાથી થાય છે? કર્મથી. કર્મરૂપી રોગને ટાળનાર ઔષધ હોય તો તે જિનેશ્વર ભગવાનનું વચન. માટે **वचनाराधनया खलु.**

'ધર્મ' 'ધર્મ' એમ દરેક પોકારે છે. 'ધર્મ ઊંચો છે, કરવા લાયકછે,' તેમ દરેક ગણે છે. પણ ધર્મ કેવો હોય? તેનું સ્વરૂપ કેવું? હીરાનું સ્વરૂપ ઘણા ઓછા જાણે છે. ધર્મનું સ્વરૂપ આસ્તિક માત્ર જાણે. 'ધર્મ કર્તવ્ય છે' તેમ **જે** કહે તેને ધર્મનો ઓપ ચઢાવવો પડે છે. ધર્મ ચીજ શી? વચનની આરાધના, પણ તે શાસ્ત્રના આધારે. વચનની આરાધના એ જ ધર્મ ખરો ને? 'ક્ષપક' શ્રેણીએ ચડયો હોય. કેવળ જ્ઞાની થયા હોય તેને સૂત્રનું આલંબન ન હોય. આ કેવળ જ્ઞાનની વાત કરી.

સમજ બે પ્રકારે: નિસર્ગ અને અધિગમ. અધિગમ સમકિત વચનથી થાય; પણ નિસર્ગ હોય તો વચન ન હોય. તો કેવળીને ધર્મ રહિત માનવા? કેમ શાસ્ત્રના આધારે પ્રવર્તવું તેને ધર્મ કહેવો તો કેવળી શાસ્ત્રના આધારે પ્રવર્તતા નથી માટે તેમને ધર્મ ન માનવો?

મહાનુભાવ ! વાત વિચાર. તેઓ કેવળજ્ઞાન પામ્યા તે કયા આધારે? વચનના આધારે. માટે વચનપ્રયોગ તો બરોબર છે. પણ **હંમેશાં શ્રોતાની લાયકાત પ્રમાણે ઉપદેશ કરવાનો હોય.** જે વખતે આઠે કર્મથી ઘેરાયેલાં હોય તે વખતે આઠે કર્મ બંધાયેલાં છે. કેવળી સિવાય જે શ્રોતા હતા તે આઠ કર્મવાળા હતાં. **શ્રોતાની અપેક્ષા એ શ્રોતાને લાયક ઉપદેશ કરવામાં આવે.** ઉપદેશ સાંભળી રહેલા શ્રોતાને વચનની આરાધનાનો નિયમ છે. કેવળી નિસર્ગ સમકિતવાળા છે, માટે તે શ્રોતાનો વિષય નથી, માટે કોઈ પણ પ્રકારે દૂષણ, અતિ વ્યાપ્તિ, અવ્યાપ્તિ નથી. શ્રોતાઓ વચનના આધારે પ્રવર્તે તો જ ધર્મ પામે; માટે શ્રોતાને અંગે વચનની આરાધના તે નિયમ. વચન પ્રીતિ અનુષ્ઠાનવાળાને આ નિયમ નહિ. અહીં અધિકાર વચનની આરાધનાવાળો છે, પરંતુ શ્રોતાએ ખ્યાલમાં રાખવું કે જિનેશ્વરનું વચન કેવું છે? જે પ્રમાણે વચન છે તે પ્રમાણે વર્તન છે.

आणाभंगाऊ च्चिय 'धम्मो आणाए पडिबद्धो'।। (पंचा० गा. २९६)

આજ્ઞા દ્વારાએ આરાધક. જે આજ્ઞા દ્વારાએ આરાધકવાળો હોય તેની અપેક્ષાએ "**वचनाराधनया**" કહેવામાં આવ્યું છે. વચન જે કહ્યું તે કેવું? કોનું લેવું? આરાધના કેમ લીધી? અને તેથી જ ધર્મ થાય તે જે અધિકાર જણાવશે તે અત્રે વર્તમાન.







મુક્તિ પામેલો જીવ ફરીને સંસારમાં આવતો જ નથી. ફરીને સંસારમાં આવે તેને મુક્તિ કઈ રીતે કહી શકાય?




જૈનશાસન વીતરાગપણું પ્રાપ્ત કરાવવા માટે જ જન્મ્યું છે.



વ્યાખ્યાન ૯ આરાધના અને શક્તિ

વ્યક્તિ-પરમેશ્વર કે ગુણો?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં જૈનો અને જૈનેતરો બન્ને પરમેશ્વરને માને છે. આસ્તિક માત્ર દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ પદાર્થ માટે મતભેદ-વાળા નથી. દરેક આસ્તિક દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે તત્ત્વને માને છે. જ્યારે દરેક આસ્તિક 'દેવ' તત્ત્વને માને છે. તો ભેદ શામાં? વ્યક્તિમાં ને? તમે પરમેશ્વરને **મહાવીર, ઋષભદેવ** વગેરે નામે માનો છો ને બીજાઓ **વિષ્ણુ, મહાદેવ, બ્રહ્માને** નામે માને છે. માટે નામ કે વ્યક્તિમાં ભેદ કે બીજું કંઇ? વાત ખરી, પણ ફરક કયો છે, તે વિચારે ત્યારે માલુમ પડે. વિચાર ન કરનારને પદાર્થનું સ્વરૂપ માલુમ પડતું નથી. ગમારને કાચ-હીરો, સોનું-પિત્તળ,ચાંદી-કલાઇ વચ્ચે ફરક હોતો નથી. ગમારને તો આ એ પીળું ને તે એ પીળું. તેને તો પીળું એટલું સોનું. તેમ અહીં પણ એ વ્યક્તિભેદે દેવભેદ માન્યો છે. તમે **મહાવીરને** માનો તો માનીએ, તેમ અહીં નહિ, કેમકે પ્રથમ તો જૈનો વ્યક્તિને પરમેશ્વર માનતા નથી. ધ્યાન રાખજો આ વાતનું સમાધાન આગળ આવશે. **જૈનો વ્યક્તિને પરમેશ્વર નથી માનતા પણ ગુણીને પરમેશ્વર માને** છે. તેથી જેટલા ગુણવાળા થયા તે બધાને 'પરમેશ્વર' માને છે. તેથી જૈનો અનેક પરમેશ્વરને માનનારા ગણાય. વ્યક્તિને—પરમેશ્વર માનનારાને એક જ પરમેશ્વર માનવો પડે.

જેમકે એક જ માલિક.તેનું ફલાણું નામ એટલે બલાસ. ફલાણું આમ કરે તે 'માલિક.' આ ગુણ ઉપર ગયા. તેવા જે હોય તે માલિક ગણાય.

જૈનેતરોએ પરમેશ્વર વ્યક્તિ તરીકે માન્યા પણ ગુણ તરીકે નથી માન્યા. તેઓ તો બૈરી, છોકરાં, ધન, માલમિલકત કુટુંબ આપનારાને 'પરમેશ્વર' માને છે, હવે તે ગુણો કયા? તેનો વિચાર નથી.

શબ્દની પ્રીતિ, નહિ કે પદાર્થની

અજ્ઞાની તે પરમેશ્વર કહે, ધારે; ગમે ત્યાંથી બાહ્ય 'પરમેશ્વર' શબ્દ દાખલ કર્યો. **જગતમાં શબ્દની પ્રીતિ જબરજસ્ત ગણાય છે, પણ પદાર્થની પ્રીતિ નથી હોતી.** તો તે કેમ જુદા પડે છે? આટલી મોટી સભા જેમાં ચકલું સરખું ન ફરકી શકે તેથી સભામાં બેઠેલા દરેકને પૂછીએ કે સંપ સારો કે કુસંપ? 'સોએ સો ટકા સંપ સારો' એમ કહે, પણ કુસંપ સારો કહેવા કોઇ તૈયાર નથી. હવે તેમને બીજી વખત પૂછીએ કે સંપનાં અને કુસંપનાં કારણો કયાં? અને તેનો અમલ કેટલાએ કર્યો અને તેને દૂર કેટલાએ કર્યો? તે જણાવવામાં ૯૦-૯૫ ટકા નીકળી જશે. પછી ત્રીજી વખત પૂછીએ કે સંપનાં કારણોનો અમલ કોણ કરે છે? અમલ કરનાર એકે નહિ નીકળે. ત્યારે આનું શું કારણ? 'શબ્દની પ્રીતિ પણ પદાર્થની પ્રીતિ નહીં', આનું કારણ છે.

સંપ કરનારની લાયકાત

સંપ કોણ કરી શકે? કોણ વધારી શકે અને કોણ ટકાવી શકે? તો જે આ ત્રણ વસ્તુમાં તૈયાર હોય તે. પહેલાં એ કે કોઇના નુકશાનમાં આપણે આવવું નહિ. એ જેની તમન્ના હોય, અને આપણી માનસિક, કાયિક પ્રવૃત્તિ કોઈને નુકશાન કરનાર ન હોય તો આ સંપનું પહેલું કારણ.

પણ "મેંને પીઆ, મેરા બેલને પીઆ, અબ કૂવા ધસ પડો." તેમ મારા માટે બીજાના જીવ જાય તો મારે કંઈ નહિ. માટે કેટલાક કહે છે ને કે 'પરની તારે શી પડી? તું તારી સંભાળ.' આવી સ્થિતિવાળો કહે કે હું સંપને ચાહું છું તે કેવો ગણાય? તેમ આ ઉપાધિવાળા પુદ્ગલો છે, તેની તારે શી પંચાત? પણ તું તારા આત્માનું સંભાળ. આ વાકય અહીં યુક્ત હતું તેને દુનિયામાં આરંભ, પરિગ્રહનું કામ જલદી કરી લેવું. છોકરો અધૂરો હોય તો પરણાવી દેવો. ઘર બાંધવાનું હોય

તો બાંધી દો. કેમ? તો કાલ મર્યા કે જીવ્યા તેની ચિંતા થાય, પણ ધર્મનું કામ હોય તો આ સાલ નહિ પણ આવતી સાલ વાત.

'ઘડીની કોને ખબર?' આ વાક્ય ધર્મના કામમાં આવ્યું ખરૂં? 'છ મહિના, બારમહિના ને પછી કરીશ' પણ કાલ કોને દેખી છે? માટે આજ કરી લો. આ સ્થિતિ ધર્મના કામમાં નથી આવતી. આરંભ-વિષયાદિના કામમાં કોને કાલ દેખી તે આવે છે, તેમ "પરની તારે શી પડી? તું તારૂં સંભાળ. પુદ્ગલની તારે શી પડી છે? તું તારા આત્માનું સંભાળ." તેને બદલે અહીં 'બીજા જીવોની તારે શી પડી છે? પણ તું તારૂં સંભાળ.' બીજા માટે શું બોલાય છે? 'જહન્નમમાં જાય, ખાડમાં જાય.' આ બોલનારો, 'સંપ સારો છે' એમ કયા મોઢે બોલે છે? એ ભાન વગરનો છે.

જેમ ફોનોગ્રાફમાં પહેલું ગાયન આનંદનું, બીજું અફસોસનું ને ત્રીજું વિવાહનું હોય તો તે પ્રમાણે તે ગાય. પણ આગળપાછળ તે જોતું નથી. તેમ આપણો એક જાતના ફોનોગ્રાફ છીએ. દુનિયામાં સંપ સારો છે. તેથી તે બોલી દેવો, પણ 'મારૂં માનસિક, કાયિક ને વાચિક વર્તન કોઈ દિવસ, કોઈ કાળ કોઈ પણ જીવને નુકસાન કરનાર ન હોવું જોઈએ.' તે સંપનું પહેલું કારણ, પણ તે 'જહન્નમમાં જાય, ખાડામાં પડે' તો તે બીજાના કુસંપનું કારણ. તેથી કુસંપનું બીજ વવાઇ ગયું. માટે સંપનું સ્થાન મન, વચન, કાયાથી. 'હું કોઇના અપકારમાં વર્તવાવાળો ન થાઉં, હું ગુનેગાર ન બનું, ગુનામાં આવું નહિ. બીજા ગુનો કરે છતાં હું ગુનેગાર થાઉં નહિ.'

બીજી જડ એ કેબીજાએ કરેલા ગુનાની ગાંઠ બાંધું નહિ.

જેમ નાનું બચ્ચું ધાવતાં ધાવતાં દાંત મારે તેથી તેને કોઇ બૈરીએ ઉકરડે નાખ્યો? લાત મારે છે, વાળ ખેંચે છે. 'કંઈ નહિ, આપણું છે, બચ્ચું છે' તેમ કહો છો ને?

સંપ જાળવવાના ત્રણ રસ્તા.

જેને સર્વ આત્મા પોતાના જેવા માન્યા છે તેને સર્વ જીવોને આપણા પોતાના જેવાં ગણતાં વાર નહિ. તેથી તેઓ ગુનાની ગાંઠ ન બાંધે. માટે ગુનાની ગાંઠ ન બાંધવી-સંપનું આ બીજું કારણ. તો પણ સંપનો સંબંધ

થયા છતાં એટલે સંપ થવા છતાં ઉપકારનો વખત કોઈ પણ વખત પણ જવા દેવો નહિ. (૧) **પોતે ગુનેગાર બનવું નહિ**, (૨) બીજાના ગુનાની ગાંઠ વાળવી નહિ અને (૩) ઉપકારનો વખત જવા દેવો નહિ. સંપ સારો ગણનારાએ આ ત્રણ રસ્તા કોઈ દહાડો વિચાર્યા કે નહિ? પણ ત્યાં સાવચેતી રાખવી નથી. 'આપણે ગુનેગાર બનીએ તો શું કહીએ છીએ? હોય, થઈ જાય.' બીજા કરે તો 'નાનો નથી, કાળો નથી, પાણીને 'ભૂ' કહેનાર નથી.' તેમ કહેવા તૈયાર થઈએ. પણ પોતાના ગુના વખતે એવો વિચાર આવ્યો?

આપણે જેને ગુનેગાર ગણીએ તેને મોટો 'સમજુ' ગણીને ચાલીએ પણ તેને અણસમજુ ગણીએ તો ગુનાની ગાંઠ ન વાળીએ. તેને અણસમજુ ગણીએ તો ગુનાની ગાંઠ વળાય નહિ. તેથી આપણે તેના કરતાં સમજુ ગણાઈએ? એ જો અણસમજુ છે તો તેની ગાંઠ શાથી બાંધે છે? અણસમજુ તો ગુનો કરે, તાડન કરે ને મારી પણ નાંખે.

અજ્ઞાનથી અનર્થો થતા ન હોત તો અજ્ઞાનને ખરાબ ગણવાનું કારણ ન રહેત. માટે અજ્ઞાન નિર્વેવેકનું કારણ છે. પોતે અજ્ઞાન બનીને પોતાનો ગુનો ઉઘાડી દે છે. ગુનો કરીને કોર્ટમાં કેસ વખતે અજાણ્યો હતો, બુદ્ધિ ઠેકાણે ન હતી. બીજાને બચાવના આ શબ્દો વાપર્યા. અજ્ઞાનના નામે રોષ કરે. આવી મૂર્ખાઈ કરે અને પાછો ક્રોધ કરે છે. તે ક્રોધ શાના ઉપર કરે? તો મૂર્ખાઈ ઉપર કરે. ગુનાથી બચવા માટે આપણે અજ્ઞાનની ઢાલ ધરીએ અને બીજાનો ગુનો હોય તો તેને કહીએ: આવી મૂર્ખાઈ કરી? આમ કહેવાનો અર્થ શો થયો? તો ગુનાને વધારવામાં પણ તેના બચાવમાં નહિ.

જે મનુષ્ય 'પોતે ગુનગાર ન બનવું,' તેવી સ્થિતિમાં રહે અને 'બીજાનો ગુનો થયો હોય તો તેની ગાંઠ ન વાળવી' એમ ઇચ્છે તે જ સંપ જાળવી શકે.

અપકાર ઉપર ઉપકાર

કાલની વાત ધ્યાનમાં લઈએ. **ચંડકોશિયા**એ ત્રણ ત્રણ વખત અગ્નિની જવાલાઓ ફેંકી. તેથી ભગવાનને અસર ન થઈ. ભગવાનને

અસર ન થાય તો પણ તે તો ઊભો છે. છેવટે ડંખ્યો એટલે તેના આત્માને એટલો બધો ભરોસો કે 'આ પડવાનો. એ પડશે તો હું ચગદાઈ જઈશ.' આ સાપ આવી દશામાં છે, ત્યારે ભગવાન આવી દશામાં છે, છતાં ભગવાન શું વિચારે છે? આ જીવ અજ્ઞાન દશામાં છે. અજ્ઞાની છે, માટે 'બૂઝ બૂઝ ચંડકૌશિયા' એમ ભગવાન બોલે છે. બીજાના ગુનાને પોષણ કરનારા તે આવા શબ્દો બોલે ખરા! આપણે મૂર્ખાના ગુનાના પોષણ કરવાવાળા છીએ. આવા વખતમાં ઘણુ સફળ ઉપયોગ નિષ્ફળ ન થાય તેવો ઉપયોગ કોનો? ચંડકૌશિયાનો. કેમ?

જેની દૃષ્ટિવિષના પ્રતાપે આખું વન બળી ગયું, જાનવરો બધાં ભાગી ગયાં, બગીચા બધા બળી ગયાં તેવો સાપ અહીં જ્વાલા ફેંકે છે. તે પણ ત્રણ ત્રણ વખત! જેની એક વખતની દૃષ્ટિમાં વનોનાં વનો સાફ થઈ ગયાં, તેવી દૃષ્ટિ ત્રણ વખત નાંખી, છતાં તે સફળ ન થઈ. ત્યારે તે ડંખ્યો. ડંખ મારીને ખસી ગયો. પોતાના કાર્ય ઉપર કેટલો બધો ભરોસો હશે? ત્યારે ભગવાન **મહાવીર** શું કહે છે? 'બૂઝ, બૂઝ, સમજ, સમજ ચંડકૌશિયા!' આટલા બધા અપકાર વખતે 'સમજ સમજ' કહેનારા ભગવાનના આપણે સેવક છીએ, તેમની છત્રછાયામાં રહેનારા છીએ, છતાં તેમના છત્રને છૂંદી નાંખીએ છીએ!

કુસંપનાં કારણો

(૧) આપણા ગુનાને ઢાંકવા, (૨) પારકાના ગુનાને મોટા ગણીને ગાંઠ બાંધવી અને (૩) ઉપકારનો બદલો જવા દેવો. કુસંપનાં આ ત્રણ કારણો છે. 'સંપ ચાહીએ છીએ' તે કયા મોઢાથી બોલાય છે? સંપનાં સાધનો કયાં? તે પૂછીએ તો પાંચ કારણો પણ તે નહિ બતાવે. અને તેના અમલનું પૂછીએ તો તે કોઈ જવાબ નહિ આપે. જગતમાં શબ્દની પ્રીતિ હોવાથી 'સંપ સારો, સંપ સારો' તેમ ગણાયો, પણ સંપ કેવો તેનો વિચાર નહિ. તેમ જૈનેતરો છે. જેમ આપણા જૈનો ગણાતા કેટલાક અજ્ઞાની પરમેશ્વરને માને છે. પણ તે શા માટે? તેમ ગણે છે? આબરૂ, કીર્તિ વગેરે તે આપશે એ માટે. અન્યમતવાળાએ 'પરમેશ્વર' માટે અંદર ડોકિયું ન કર્યું, પણ પરમેશ્વરનો મહિમા ગાયો. પરમેશ્વર

પહેલાં કેવા હતા? તેમણે શું કર્યું? અને પરમેશ્વર કેવી રીતે થયા? તેમાંથી તેમને કંઈ ખબર છે? ના નથી.

જૈન અને જૈનેતરોની પરમેશ્વર સંબંધી માન્યતા

જૈનેતરોએ વ્યક્તિને પરમેશ્વર માનીને તેનાં કારણો તપાસવાનું રાખ્યું નથી, ત્યારે જૈનો વ્યક્તિને પરમેશ્વર તરીકે નથી માનતા. તો પછી ભગવાન **મહાવીર, ઋષભદેવ, પદ્મનાભ** તેમને માનો છો ને? તે વ્યક્તિ છે. તે વ્યક્તિ છે તેથી અમે નથી માનતા. હીરાનો વેપારી હીરાને 'હીરો' માને છે. પણ તે હીરો રાખમાં ગયો તો ઝવેરી તેની કિંમત કરવા નથી બેસતો. **નંગના હિસાબે હીરાની કિંમત નહિ, પણ સ્વરૂપના હિસાબે હીરાની કિંમત કરવામાં આવી.** તેમ અહીં **ઋષભદેવાદિને** વ્યક્તિ માનીએ છીએ તે વ્યક્તિ તરીકે નહિ પણ અરિહંતપણા તરીકે. ભૂતમાં અનંતા થયા, વર્તમાનમાં ચોવીશી, વીશી અને ભવિષ્યમાં જે થશે તે બધા પરમેશ્વરો વ્યક્તિઓ છે. પણ એકેનું વ્યક્તિ તરીકે શાસનમાં સ્થાન નથી. આ વાત વિચારશો તો જૈનોમાં પરમેષ્ટિમાં '**નમો અરિહંતાણં**' રાખ્યું પણ **નમો મહાવીરસ્સ** કે **નમો ઋષભસ્સ** ન રાખ્યું. અમે **ઋષભદેવ, મહાવીર**ને વ્યક્તિ તરીકે નથી માનતા પણ તેઓ અર્હત્પણાવાળા છે માટે તેમને માનીએ છીએ.

સર્વ કાળમાં કોણ?

જૈન ધર્મમાં અરિહંતોને શાશ્વતા માનવા લાયક માન્યા છે. જેમ વૈષ્ણવમાં વિષ્ણુ, શૈવમાં મહાદેવ, વેદમાં બ્રહ્મા વગેરે સર્વ કાળ ક્યાંથી હોય? **વ્યક્તિઓ સર્વ કાળની હોય જ નહિ. ઋષભદેવ; મહાવીર** મહારાજા વગેરે સર્વકાળ નથી પણ અરિહંત તે સર્વ કાળ છે. સર્વ કાળમાં ગુણ હોય, પણ વ્યક્તિ ન હોય.

વૈષ્ણવો, શૈવો વગેરેને નિત્ય ધર્મ માનવાનો વખત નથી. તેઓ તેમ માનતા નથી. ધર્મને નિત્ય માનવો, સર્વ કાળનો માનવો તે હક્ક કોને? તે હક્ક છે જૈનોને કે જેઓ ગુણોને આગે માને છે, પણ

વ્યક્તિને નથી માનતા. સર્વને એકસરખો, સર્વકાળ નમસ્કાર રહે માટે 'નમો અરિહંતાણં' રાખ્યું. ગુણ ઉપરથી એ ગુણવાળા, અરિહંતો– દેવો છે. જૈનેતરોએ દેવ માન્યા વ્યક્તિગત; જેનોએ દેવ માન્યા, વ્યક્તિને પણ તે વ્યક્તિગત તરીકે નહિ પણ ગુણ તરીકે.

નવ પદ અને વીશ સ્થાનક–

અરિહંતની આરાધના એટલે શું ?

અરિહંત એટલે શું ? 'અરિહંત'નો સામાન્ય અર્થ કરી દઈએ કે વીશ સ્થાનક આરાધી જિન–નામકર્મ બાંધી દેવલોકમાં ગયા ને ત્યાંથી આવીને થયા તે અરિહંત. બહારનું સ્વરૂપ તો તેમ જ છે, પણ અંદર અરિહંતની જડ, સ્કંધ અને ફળ. તે ત્રણ તરફ લક્ષ્ય દેશો તો માલુમ પડશે કે અરિહંતની જડ કઈ ? આપણામાં નવ પદ અને વીશ સ્થાનકની આરાધનામાં નવું શું હતું ? જૈનોને આરાધ્ય નવ ચીજ છે. તે સિવાય બીજું કંઈ નથી. વીશ સ્થાનકમાં જુદા જુદા બેવડાવ્યાં છે, તેનાં નામ જુદા જુદા રૂપે રાખ્યાં.

નવ પદને છોડીને વીશ સ્થાનકમાં જવાની જરૂર શી હતી ? નવ પદ અને વીશ સ્થાનકમાં પહેલી અરિહંતની આરાધના છે. નવ પદ ને વીશ સ્થાનક જુદાં નથી તો નવ પદ અથવા વીશ સ્થાનક આરાધવાં હતાં. અરિહંતને આરાધતાં, અરિહંતની પૂજા, ભક્તિ, બહુમાન, સન્માન કરનારાની બે દૃષ્ટિ હોય. જેમ નાવડીમાં ખલાસી અને મુસાફર બે ય બેઠા હોય તો તે બેયની બે દૃષ્ટિ જુદી હોય છે. મુસાફરની દૃષ્ટિ એ હોય કે 'હું સામે કાંઠે જાઉં,' ત્યારે ખલાસીની દૃષ્ટિ એ હોય કે 'આ મુસાફરોને સામે કાંઠે પહોંચાડું.'

તેમ અહીં આગળ ભવ્ય જીવો શાસનને કેમ સમજે ? કેમ શાસનને પામે ? કેમ આગળ વધે ? કેમ આત્મકલ્યાણમાં જોડાય ? અને કેમ ભવાર્ણવાદિનો પાર પામે ?

આવી ભાવના એ અરિહંતની આરાધના છે. પોતે નિરપેક્ષ રહે તો તેમ નહિ, પણ પોતે સાથે હોય. આ દૃષ્ટિની આરાધનાવાળો વીશ સ્થાનકમાં જાય. તે વખતે એમ વિચાર કરે કે ભગવાન અને હું એક

છીએ તો તે ભવ્ય જીવોના ઉપકાર કરનારા નહિ. ભવ્ય જીવોને તો માળ ઉપર ચડી કે ભોંયરે બેસીને અરિહંતની આરાધના થઈ શકે, પણ વીશ સ્થાનકની આરાધના માળે કે ભોંયરે બેઠા થાય નહિ. પણ ભવ્ય જીવો ધર્મમાં કેમ વધે? કેમ ટકે? કેમ મજબૂત થાય? તે કેમ આત્મકલ્યાણવાળા થાય? તેમ પોતે અરિહંતની આરાધના જે કરે તે જીવોને સ્વતંત્રતાના રસ્તે વાળવા.

કર્મની ગુલામી કોને?

બીજાઓ પરમેશ્વરને સૃષ્ટિના સર્જનહાર માને ત્યારે આપણે સ્વતંત્રતાના સર્જનહાર તરીકે માનીએ છીએ. પણ તે ન હોય તો કૂતરી, ભૂંડણ વગેરે પણ સૃષ્ટિનું સર્જન વધારે કરે છે, માટે **સૃષ્ટિનું સર્જન કોઈનું કર્યું થતું નથી, પણ આપોઆપ થાય છે.** તેને અંગે ઈશ્વરને દોરવો તે જરૂરનું નથી, પણ સ્વતંત્રતાના સર્જનમાં આત્મા પુદ્ગલથી જુદો છે, કર્મપાંજરામાંથી મુક્ત થાય તેને માટે અરિહંતની જડ. સ્વતંત્રતાના સર્જન માટે અવતાર લેવો પડે? અવતાર લેવો તે જીવને આધીન છે? હા. **અજવાળું કરવું તે આપણે આધીન નથી, પણ દીવો કરવો તે આપણા હાથની વાત છે. તેમ અંધારું કરવાની આપણી તાકાત નથી, પણ બારીબારણાં બંધ કરવાની તાકાત છે. તેમ આવતો જન્મ આપણા હાથમાં નથી, પણ જે કર્મ બંધાય તે આપણા હાથની ચીજ છે.**

આપણે સારાં કર્મ કરીએ તો તાકાત નથી પરમેશ્વરની કે આપણને તે દુર્ગતિમાં ધકેલી શકે! સૃષ્ટિના સર્જનહાર તરીકે પરમેશ્વરને માનનારાને કર્મની ગુલામીમાં તો ચાલવું જ પડે.

જૈનો જીવને જવાબદાર અને જોખમદાર માનનારા છે. હિંસા કરે તો તે હિંસાની જવાબદારી જીવની છે; અને તેનાં ફળ ભોગવવાની જોખમદારી પણ તેની છે. પોતે હિંસા કરી તેની જવાબદારી પોતાની ગણે છે. પોતે ધર્મ કર્યો હોય તો સારું થયું. આ તે શાથી માને? પોતાની જવાબદારી ગણી તેથીને? જે પોતાની જવાબદારી નથી માનતો તેને

હિંસા કરી કે દાન કર્યું તે પરમેશ્વરે કરાવ્યું એમ માને તો તેમાં પોતાને શું ? પાનાભાઇ જેવા કહે કે કર્મ તો જડ છે, તે કેવી રીતે સારૂં કે ખરાબ ફળ આપશે ? માટે તે આપનાર બીજો જોઈશે ને ? પણ વિચાર કરે તો માલુમ પડે કે આપણે સાકર ખાધી અને ઠંડક થઈ તો તે ઠંડક ખાનારને થઇ, નહીં કે બીજાને. મરચાં ખાધાં અને બળતરાં થઈ, તો તે બળતરા કોને કરી ? તેં કરી કે બીજાએ કરી ?

'મરચાંએ કરી' એમ ન બોલીશ.

કેમ ?

મરચાં તો જડ છે. કવીનાઇનથી તાવ ગયો પણ કવીનાઇન તો જડ છે.

શરદી થાય તેમાંથી ન્યૂમોનિયા થાય, યાવત્ મરી જાઇએ તો તે કરનારને બીજો હોઈને ? ના. કેમ ? શરદી તો જડ છે. જ્યારે તું સાકરથી ઠંડકની, મરચાંથી બળતરાંની, શરદીથી તાવ વગેરેની શક્તિ માને છે તો કર્મ–પુદ્ગલોએ તારું શું બગાડ્યું ? કે 'તે કરનાર બીજો જોઈએ' એમ તું શું જોઈને બોલે છે ?

ઇશ્વર ઠોર !

સુખદુઃખ બધાંને અંગે દેખીએ છીએ તો તે સુખદુઃખ પુદ્ગલ છે ને ? માટે પુદ્ગલ પુદ્ગલ ઉપર અસર કરે છે. પુદ્ગલ સુખદુઃખ કરે છે. સુખદુઃખ કોને થવાનું ? જડને કે ચેતનને ? પુદ્ગલ અસર ન કરતો હોય તો પુદ્ગલને બાંધી રાખો અને કહો કે 'તું જા', તે કેમ નથી જતો ? તો તે પુદ્ગલને આધીન છે. જો સાકર, ઘી, મરચાં, કવીનાઇન વગેરે પુદ્ગલોની અસર થતી દેખીએ છીએ, તો પછી કર્મ જડ છે એટલે ? 'તે શું કરશે' ? એમ તું શું જોઈને બોલે છે ? 'દુનિયામાં પદાર્થો નથી,' તેમ નહિ બોલતાં, 'હું તેમને નથી દેખતો' તેમ આંધળાઓ બોલે; નહિ તો તે કેવો ગણાય ? તેમ 'આ નજરે જે દેખે, છતાં જગતમાં તે નથી,' તેમ બોલે છે. પુદ્ગલ શું કરે ? તે જડ છે ને ? પુદ્ગલના આધારે જીવ સુખદુઃખ, જીવનમરણ, મન, વચન, કાયાને અનુભવે છે, છતાં પુદ્ગલ છે તો જડ, તેથી તે શું કરશે ?

આ તો "કહેતા ભી દિવાના ઔર સુણતા ભી દિવાના" જેવી સ્થિતિ છે, જો આવી સ્થિતિ ન હોય તો આ બોલે તે આપણે સાંભળીએ કેમ? પુદ્ગલની જરૂરી શક્તિ દેખી શકીએ છીએ. કર્મ કેવાં બાંધવાં તે આપણે આધીન છે. તેથી તીર્થંકરો જાણી જોઈને તીર્થંકરપણું પોતાના હાથે લે છે. અવતાર લેવાનું પ્રભુત્વ છે. પરભવના અવતારને લેવાના પ્રભુત્વ સુધી જવાબદારી અને પરભવમાં નારક, તિર્યંચ, દેવ, મનુષ્ય ને સિદ્ધિ ગતિમાં જોખમદારી જીવે ભોગવવાની. માટે જીવની જવાબદારી અને જોખમદારી માનનાર હોય તો તે 'જૈન'; છે, પણ જૈનેતરો જીવની જવાબદારી અને જોખમદારી માનતા નથી. એ તો ઈશ્વરને ઢોર માને છે. જેમ તમારે ત્યાં ગાય હોય તેને કયાં ઊભા રહેવું, કયાં જવું, શું ખાવું, શું પીવું, તેનું તેને કંઇ ન હોય પણ તે તો તમારા ઉપર આધાર રાખે તેમ જૈનેતરો જીવને ઈશ્વરનું ઢોર માને છે.

પોતાનું ઢોરપણું કબૂલ કરવું. હું જવાબદાર કે જોખમદાર નથી પણ પરમેશ્વર છે. તે જૈનેતરોના મતે, અને જવાબદારી અને જોખમદારીની દશા તે જીવની નહિ પણ પરમેશ્વરની છે તે માનવું જૈનેતરોનું કામ.

પરમેશ્વર આપણાં કૃત્યો માટે જવાબદાર અને જોખમદાર નથી પણ આપણાં કૃત્યો માટે આપણે જવાબદાર અને જોખમદાર છીએ તે માનવું જૈનનું કામ. પણ જેને ગુનેગારીનું ખત લખ્યું હોય તે બોલે કે 'ઈશ્વરે મને લબાડી, ધાતકી, જૂઠ વગેરેપણું કરાવ્યું, એનો હુકમ થયો તેથી મેં કર્યું'. હું તો હુકમને આધીન! 'તે કહેવાવાળા અન્યમતવાળા. ત્યારે જૈનપણું તેમાં જવાબદારી અને જોખમદારી આત્માની માને છે. તેથી પરમેશ્વરનો અવતાર લેવો,' તેને માટે પોતે પ્રયત્ન કરે અને તેથી વીશ સ્થાનકની આરાધના કરે.

આપણે બોલીએ છીએ ને કે "ત્રીજે ભવે વીશ સ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિન નામ." હવે જે વાત કહું છું તે સાંભળીને

આશ્ચર્ય ન પામશો. જિનેશ્વર મહારાજા ત્રીજે ભવે સંસારને મૂળથી ઉખેડવા તૈયાર થયા, પણ તે કેટલો ઉખડે ? તો ત્રણ ભવ બાકી રાખીને ઉખેડે. એમ કેમ ? તીર્થંકર થવાનું છે માટે. અનંતો સંસાર ઉખેડતાં છતાં પણ ત્રણ ભવને રહેવાનો અવકાશ છે. તીર્થંકરના યોગે રહે, તેથી રાખ્યો છે. માટે કહો કે **તીર્થંકરપણું બાંધવું તે હાથની વાત.** તેથી તે ત્રણ ભવ રહે. તીર્થંકરના સંયોગે ત્રણ ભવ ન કપાય. તીર્થંકરપણું પોતે મેળવે છે તે ત્રણ ભવને ખસવા દેતું નથી, ત્રણ ભવ ન ખસે તે કબૂલ, પણ તીર્થંકરપણું લેવું છે. માટે [1]**નિર્યુક્તિકારે** જણાવ્યું કે ત્રીજા ભવને જુદો કરીને બાકીના સંસારનો નાશ કર્યો.

ત્રણ ભવ રાખીને કહો કે 'જન્મ સ્વાધીન કરી લીધો. તીર્થંકરોએ જન્મ સ્વાધીન કર્યો. ત્રીજે ભવે અરિહંત થવું, તે ત્રણ ભવથી વધારે નહિ.' આ કયા દ્વારાએ ? પોતાની જવાબદારી અને જોખમદારી દ્વારાએ. જૈનપણું એ જ કે જે જીવને જવાબદાર અને જોખમદાર ગણે. જૈનેતરો એ જે કે જીવને ગુલામ ગણે. તેઓ જવાબદારી અને જોખમદારી પરમેશ્વરના નામે ચડાવે, માટે પરમેશ્વરના સ્વરૂપમાં ફરક છે. જૈનોના પરમેશ્વર જીવને જવાબદારી અને જોખમદારીવાળો માને છે. તે સમજાય ત્યારે સ્વતંત્રતાનો રસ્તો લઈ શકાય. માટે **જૈનો પરમેશ્વરને સ્વતંત્રતાના સર્જનાર તરીકે માને છે.**

પરમેશ્વરની શક્તિનું માપ

તે સ્વતંત્રતાના સર્જનહાર છે તો અનંતા ભટક્તા કેમ રહ્યા ? અનંતા ભટક્તા રહ્યા તે વાત નક્કી છે. સૂર્ય જગતના બધા પદાર્થોને પ્રકાશ કરે છે, એ એનો સ્વભાવ છે. હવે દુનિયામાં આંધળા વધારે કે દેખતા વધારે ? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય બધાં આંધળાં. ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયમાં કેટલાક આંધળા ? આ બધાંને આંધળાં માનો અને સૂર્યના પ્રકાશને ગણો. તે સૂર્ય બીજાની આંખો ઉઘાડીને દેખાડે નહિ. પણ જે આંખો ઉઘાડીને જુએ તે જોઈ શકે, ન ઉઘાડે

---

૧ **वक्खइ तं तु भगवओ तइयभवोसक्कइत्ताणं (आवनि०गा०८६)**

તે ન જોઇ શકે. તેથી સૂર્યના પ્રકાશપણામાં ન્યૂનતા નહિ. તેમ જિનેશ્વર મહારાજા છયે કાયના જીવોના ઉદ્ધાર માટે તૈયાર થયા. તે માટે તેઓ પ્રયત્ન કરે છે. વચન, ઉપદેશ દ્વારા જિનેશ્વરો ઉપકાર કરે, પણ ખરેખર તે સમજનાર કોણ?

જિનેશ્વર ભગવાનના વચનની આરાધના કરવી જોઈએ, 'તે વચન આત્માના કલ્યાણનું કારણ છે, મોક્ષ આપનાર વચન જ છે' આ નિશ્ચય થવો જોઈએ. વચનથી નિરપેક્ષ થઈએ અને ધર્મ ન થાય તેમાં નવાઈ શી? પદાર્થ જોવો હોય તો તે કયારે જોઈ શકીએ? આંખ ઉઘાડીએ ત્યારે પદાર્થ જોઈ શકીએ. તેમ અહીં જિનેશ્વર મહારાજથી ઉપકાર થાય પણ તે કયારે થાય? તેમના વચનની આરાધના કરીએ ત્યારે જ.

હવે ધર્મ શી ચીજ છે? વચન શી ચીજ છે? આરાધના શી ચીજ છે? તે જે જણાવશે, તે અગ્રે વર્તમાન.







સર્વજ્ઞપણું એક સમયમાં મળે ત્યારે વીતરાગપણું અનંત જન્મોની મહેનતે મળે છે.






દુનિયાદારીનાં દુઃખો એ પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યને જગાડનાર છે.




આશ્રવના કાર્યોમાં જે મન પ્રવર્તતું હોય તેથી બચવા માટે સમતાભાવ એ પરમસાધન છે.





વ્યા ખ્યા ન

સામાન્ય કેવળી અને તીર્થંકર

૧૦

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં દરેક આસ્તિક મતવાળાઓ, આસ્તિક ગણાતા દર્શનો, ધર્મો અને મતો તે બધાં ત્રણ વસ્તુ માનવામાં એકમત છે. કોઇ પણ ત્રણ વસ્તુ માનવાને અંગે મતભેદવાળો નથી. તે ત્રણ વસ્તુ છે : દેવ, ગુરુ અને ધર્મ. કોઈ પણ આસ્તિક 'દેવ, ગુરુ અને ધર્મ નહિ માનવા' એમ કહેવા તૈયાર નથી. એટલે દરેક આસ્તિક દેવ, ગુરુ, ધર્મ–આ ત્રણને માનનારો છે. આસ્તિકોમાં જૈનેતર અને જૈન એવો ફરક કેમ ? જૈન દર્શન ધર્મની કિંમત પહેલાં ગણે છે; દેવ અને ગુરુની કિંમત પછી ગણે છે, કારણ જૈનોને દેવ માનવા તે ધર્મના પ્રભાવે છે. થયેલા ધર્મને તેઓ કહેનારા છે, તે પ્રમાણે કરનારા અને તેનો ઉપદેશ દેવાવાળા જે હોય તે દેવ.

સામાન્યકેવળી અને તીર્થંકરમાં ફરક શાનો ?

ચોવીસ તીર્થંકરને દેવ માનીએ તેનું કારણ શું ? વીતરાગ, સર્વજ્ઞો અસંખ્યાતા છે. અરે ! આ અવસર્પિણીમાં વીતરાગની સંખ્યા અસંખ્યાતી છે. ઋષભદેવ અને અજિતનાથની વચમાં અસંખ્યાતા સર્વજ્ઞો અને વીતરાગો થયા તો પછી અરિહંત ચોવીસ જ કેમ ?

અરિહંત ચોવીસ માન્યા તેમાં અને વીતરાગ, સર્વજ્ઞ બીજા માન્યા તેમાં ફરક કયો ? બે બદામનોયે નહિ. જેવું અરિહંતને કેવળજ્ઞાન તેવું જ સામાન્ય કેવળીને કેવળજ્ઞાન. જેવું અરિહંતને કેવળદર્શન, ક્ષાયિક દર્શન, વીતરાગપણું, અનંત સુખ, અનંત વીર્ય તેવું જ સામાન્ય કેવળીઓમાં. આ કારણથી ફેર નથી. પણ ચોવીસને

તીર્થંકર કેમ માન્યા? કેવળજ્ઞાનીઓ પણ પુણ્ય પ્રકૃતિએ સરખા હોતા નથી. તેઓ આત્માના ગુણો અંગે સરખા હોય.

આ તીર્થંકરની પુણ્ય પ્રકૃતિ વિચિત્ર છે. તેમને જે વચન કાઢવાં હોય, જે શંકાઓ થવાની હોય તેનાં સમાધાનો તેનાથી થાય, તેવાં જ વચનો નીકળે અને શ્રોતાને શંકા તેવી જ થાય. વકતાના હાથમાં શ્રોતાની શંકા. તે શંકા એવી જ થાય કે જે વચન બોલે તેનું તેમના વચનથી સમાધાન થાય. એ શંકા નિયમિત કરે તો તેમનું પુણ્ય કેટલું બધું જબરજસ્ત હોય! તે વચન પુણ્ય બીજા કેવળીઓમાં નહિ. હજારોને જે શંકા થાય તે એક જ વચનથી નાશ પામે. જે વચન બોલવાના હોય તેનાથી જેનાં સમાધાનો થાય તેવી જ શંકા શ્રોતાને ઉપજે. શાથી? પુણ્ય પ્રકૃતિથી તે ઉપજે. કેમ? સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપણું એક જિંદગીની કમાણીમાં મળી શકે.

અરિહંતપણું એટલે અનેક ભવની કમાણી

સીધો વનસ્પતિમાંથી આવ્યો હોય તો સિદ્ધ, આચાર્ય વગેરે થાય, પણ અરિહંત ન થાય. **અરિહંતપણું તે તદ્ભવની કમાણી નથી, પણ અનેક ભવની કમાણી છે.** આ પ્રમાણે હોવાથી ત્રીજો ભવ એ તીર્થંકરમાં રાખ્યો, પણ સિદ્ધ, આચાર્યાદિમાં નહિ. માટે સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય ને સાધુને અનેક જિંદગીનો નિયમ નહિ, પણ અરિહંતપણું એક જ જિંદગીમાં પામીને સિદ્ધ કરવાની ચીજ નથી. તે અનેક જિંદગીઓએ સિદ્ધ કરવાની છે. તે પણ એક જ વિચારે કરવાની: "આ બિચારા જગતના જીવો જિનેશ્વર મહારાજરૂપી સૂર્ય ઝગઝગતો છે, છતાં અંધકારમાં કેમ કુટાય છે? તે આખા જગતના અંધકારને દૂર કરું અને તેમને પ્રકાશ આપું, તે માટે મારું જીવન." સાધુપણું લેનાર દેશ, વેશ, માલમિલકત વગેરેનાં રાજીનામાં દઇ સાધુપણું લઈને સાધુપણાનો વેશ ભજવે તો તે ઠગારો ન ગણાય, પણ શ્રાવક આવો વેશ લઇને ફરે તો ઢોંગ જ ગણાય.

ફકીરનો બાદશાહને જવાબ

એક ફકીર બાદશાહને ત્યાં આવી માંગવા લાગ્યો. ત્યારે બાદશાહે સિપાઇને કહ્યું કે 'અરે સિપાઇ! આને અહીંથી બહાર કાઢો' ત્યારે ફકીર સામો આવ્યો અને કહ્યું કે 'મને કયાંથી કાઢીશ? અમે તો બધાથી બહાર નીકળેલા છીએ. અમે ગામ, દેશ, ઘર, ખેતર વગેરેવાળા નથી. જે વસ્તુ સ્થિર હોય તેને કાઢવાની જરૂર હોય, પણ જે વસ્તુ નિયમિત સ્થિર ન હોય તે વસ્તુને કાઢવાની કયાંથી?' આ વાતથી બાદશાહને ચૂપ થવું પડયું.

સાધુએ આપેલું રાજીનામું

સાધુપણું લેનારે ગામ, નગર, ઘર, બધાંનું રાજીનામું આપ્યું છે. સાધુપણું લેનારને દેશ, વેશ, માલ વગેરેનું રાજીનામું આપવું પડે તેથી કાયદો પણ એમને સીવીલૂલી ડેડ નામે કહે છે. એટલે તે લેવડદેવડ કંઈ પણ કરી શકે નહિ. માલમિલકત, ધન વગેરેનું રાજીનામું પોતે દીધું છે અને દુનિયાએ તે કબૂલ કરેલું છે. આથી જ શ્રાવકના સામાયિક, પૌષધ કરતાં કહો છો : 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ'. તે રાજીનામું નહિ, કારણ કે સામાયિક વગેરે પાર્યા પછી તમે સામાયિકમાં હો તે વખતે તમારા મુનિમે જે લેવડદેવડ કરી હોય છતાંય કહો કે મારા મુનિમે કરી. તે વખતે રાજીનામું ન હોય. શ્રાવકના સામાયિક, પૌષધ તે દેશ, વેશ વગેરેનાં રાજીનામાં નહિ. એક કલાક સાધુપણું લઈને પાછો ઘેર આવે અને તે સાધુપણાનો દાવો કરે તો કાયદો તેના નામે ગણે નહિ વારસના નામે હક્ક ચાલે નહિ. કારણકે દેશ, વેશ, માલમિલકત કુટુંબકબીલા વગેરેનું રાજીનામું આપ્યું છે.

મૂળ વાત પર આવીએ. અત્યારે ત્યાગની વાત ચાલે છે. પોતાનાં જે જમીન, માલમિલકત, કુટુંબકબીલો, બગીચો, મહેલ, બંગલો વગેરેમાં માલિકી ન ચાલે, કારણકે બધું વોસરાવીને તે નીકળ્યો છે. ગૃહસ્થે ભલે દોઢ મહિનો ઉપધાન વહ્યાં હોય, પણ તે રદ થતું નથી, કારણ કે તેણે રાજીનામું નથી આપ્યું. સામાયિકાદિમાં અનુમોદનાદિ રાખીને છોડયું હતું, પણ સર્વથા છોડયું ન હતું.

સર્વથાના ભોગો સાધુ થવાવાળાને આપવા પડે છે. આર્થિક, કૌટુંબિક, અને શારીરિક પદાર્થનો ભોગ દરેક સાધુએ આપ્યો છે. ત્યારે તીર્થંકર દુનિયાનું ભલું કરવા, જગતનો ઉદ્ધાર કરવા, અને જગત કર્મબંધથી બંધાયેલું છે તેનાથી છોડાવવા માટે ભોગ આપે છે.

તીર્થંકર પરમાત્મા દીક્ષા કેમ લે ?

શાસ્ત્રકારે કહ્યું કે–

जन्मजरामरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥ (तत्वा०का०१५)

આ જગતને નિરાધાર, અસાર, જન્મ, જરા, મરણથી પીડાએલું દેખીને પોતે દીક્ષિત થયા. જગતની પીડાથી પોતે દીક્ષિત કેમ થયા ? [1]હરિભદ્રસૂરિ મહારાજે જણાવ્યું કે તેમનું સાધુપણું તે જગતના ઉદ્ધાર માટે હોય છે. અન્યલિંગે અને ગૃહલિંગે કેવળજ્ઞાન પામનારાઓ ને મોક્ષે જનારા હોય પણ તીર્થંકરો ન હોય, પણ તે તો સાધુપણામાં કેવળજ્ઞાન પામે અને મોક્ષે જાય. કોઈ પણ કાળે, કોઇ પણ ક્ષેત્રે, સાધુપણા સિવાયના તીર્થંકર કેવળી નહિ. બીજાઓ અન્યલિંગે, ગૃહલિંગે, કેવળજ્ઞાન અને સિદ્ધિ પામનારા હોય પણ તીર્થંકર મહારાજા ન થાય.

પણ સાધુપણે કેવળજ્ઞાન અને મોક્ષવાળા કેમ ?

તીર્થંકર પરોપકાર માટે તીર્થંકર નામકર્મ બાંધીને આવ્યા છે માટે તેમને પરોપકાર માટે દીક્ષા લેવી પડે. તેમનું સાધુપણું, તેમનાં વ્રતો અને તેઓ પરીષહ, ઉપસર્ગ સહન કરે તે પણ પરોપકારને માટે હોય છે. જગતના સુખને માટે, જગતનાં કર્મો ખપાવવા માટે, કર્મક્ષય કરવા માટે, જગતમાં શાંતિ કરવા માટે તેમની દીક્ષા હોય છે. આવી સ્થિતિવાળા, આવી પરિણતિવાળા તે પણ જગતનું કલ્યાણ સાધુપણા દ્વારા જ કરી શકે.

---

૧ 'शमाय धीमान् प्रवव्राज' शमाय तीर्थप्रवर्त्तनेन प्रक्रान्तजगत धीमान्-अतिशयवान् 'प्रवव्राज' प्रव्राज्यामभ्युपेतवान् (तत्वा० हारि० टी० पृ० ९)

મનઃપર્યવજ્ઞાન ક્યારે થાય?

ગમે તેવો ભાવનાવાળો હોય, ત્યાગવાળો હોય પણ સંસારને 'વોસિરે વોસિરે' ન કરે તો તેને કુદરત મનઃપર્યવજ્ઞાન થવા દે નહિ. પારસમણિને લોહું અડે તો સોનું થાય, પણ ચાંદી અડે તો કંઇ ન થાય. માટે પદાર્થનો વિચિત્ર સ્વભાવ છે. લોહચુંબક લોઢા વગેરેને ખેંચે પણ પિત્તળ વગેરેને ન ખેંચે. માટી-રજ હલકી છતાં તેને નહિ ખેંચે; લોહચુંબક ફક્ત લોઢાને જ ખેંચે. જેમ ચમક-પાષાણ કે પારસમણિનો આ સ્વભાવ છે, તેમ મનઃપર્યવ જ્ઞાન કુદરતી સ્વભાવે જ. ધન, માલમિલકત વગેરેનું રાજીનામું આપીને નીકળે તેને જ તે જ્ઞાન થાય.

રાજકુટુંબમાં પણ મહાવીરસ્વામીનું ત્યાગી જીવન

ભગવાન **મહાવીર** મહારાજા અઠ્ઠાવીસમા વર્ષ પછી જે ઓગણત્રીસ અને ત્રીસમા વર્ષે કેવી દુષ્કર ચર્યામાં રહ્યા? તેમની ચર્યાને રાજકુટુંબમાં મૂકો પછી ખબર પડે. બે ગોઠિયા મળ્યા હોય, ધર્મિષ્ઠ હોય, છતાં બગડતાં વાર નથી લાગતી. ત્યારે અહીં આખું રાજકુટુંબ આરંભ-પરિગ્રહમાં આસકત હોય, તેમની વચમાં ત્યાગીપણે રહેવું. તેમાં પણ તેમની વિરૂદ્ધપણે રહેવું તે દુષ્કર છે તે વિચાર કરો તો માલુમ પડે. સ્નાન નહિ કરવું. દુનિયા ઢેઢ, ભંગી માટે સ્નાન માને છે, રાજકુટુંબમાં સ્નાનનો નિયમ નહિ તેમ નહિ, પણ સ્નાનમાં શોભા માનવાની હોય છે. અલંકાર પહેરવાં, વેશ ચડાવવાનું સ્થાન સ્નાન પછી હોય છે. જે સ્નાન ન કરે એને રાજકુટુંબમાં રહેવું કેટલું મુશ્કેલ? સચિત્ત દ્રવ્યનો તમારે ત્યાગ કરતાં મુશ્કેલ પડે છે તો પછી રાજકુમારને સચિત્ત દ્રવ્યનો ત્યાગ કેટલો આકરો પડે તે વિચારો. કારણ કે રાજકુળ રહ્યું એટલે તેમાં ભેટ વગેરે આવે ત્યારે શું હોય? ત્યાગી થઇને નીકળે તે વાત જુદી, પણ રાજકુટુંબમાં રહીને સ્નાન વગેરે ન કરવું તે કેટલું મુશ્કેલ? બાબુઓમાં શાક, દાળ ઠંડા હોય તો શું કહે? કયા? અમારા બાબુ ઠંડા ખાયગા? તો રાજકુટુંબમાં શું હોય તેમાં પણ 'પોતાના માટે કંઇ પણ નહિ રાંધવું' તે પ્રતિજ્ઞા કેમ થઈ

હશે ? "સ્નાન ન કરવું, સચિત્ત દ્રવ્ય ન વાપરવું, મારે નિમિતે કરેલું મારે ન ખપે", તે પ્રતિજ્ઞા રાજકુટુંબમાં કેમ પાળી શકયા હશે ? સામાન્ય ગરીબની સ્ત્રી હોય અને ચોથું વ્રત લેવા નીકળે તો આડાઅવળા ચાલીશ કહેનારા નીકળે. તો પછી રાજકુટુંબમાં રહીને જે બ્રહ્મચર્ય વ્રત લીધું હોય તેમાં શું ન થાય ? કેટલું સહન કર્યું હશે ? આટલું બધું બે વર્ષ સુધી સહન કર્યું.

દીક્ષાપર્યાય કયારથી ?

મહાવીર સ્વામી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. કાઉસ્સગ્ગમાં વસ્ત્ર, અલંકાર પહેરીને રહેલા છે. તેમની મૂર્તિ વિદ્યન્માલીએ બનાવી છે ને ? કાઉસ્સગ્ગ કરવા. આપણે તો પ્રતિક્રમણના કાઉસ્સગ્ગ આવે ત્યારે આટલો મોટો કાઉસ્સગ્ગ આવ્યો છે ! એમ નિરાશા અનુભવીએ છીએ ત્યારે આ તીર્થંકરપણામાં સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગ વગર કાઉસ્સગ્ગોમાં મુહૂત કાઢી હશે તે કઈ પરિણતિએ? છતાં શાસ્ત્રકારે તેનું મીંડું મૂકયું. ભગવાન **મહાવીર** મહારાજને મનઃપર્યવજ્ઞાન ત્રીશમે વર્ષે થયું. શાસ્ત્રકારે દીક્ષાપર્યાય કયાંથી ગણ્યો ? ૨૮મા વર્ષથી કે ૩૦મા વર્ષથી ? અત્યારે ભાવસાધુપણું છે ને ? દ્રવ્ય સાધુપણું ન લીધું તેમાં વાંધો શો ? આ બોલનાર 'લમાડી' ગણાય. કેમ ? તો કહે **મહાવીર** મહારાજનું વૃત્તાંત વિચાર. તે શા માટે તે ન ગણ્યું ? દ્વેશ, માલ વગેરેનું રાજીનામું ન હતું. **'अणगारिय'** એટલું જ લખવાનું હતું, છતાં ઘરમાંથી નીકળીને સાધુપણું લીધું તે શા માટે કહેવું પડયું ? અણગાર એટલે અગાર નથી તેવી અવસ્થાને પામ્યા તે કહ્યા છતાં અગાર કહેવાની જરૂર શી ? પાંચવીશી કહ્યા પછી 'સો ' કહેવાની જરૂર નથી. તેમ અહીં ઘર છોડીને અણગારપણું લીધું તે કહેવાની જરૂર શી ? અણગારપણું લીધું એટલે ઘર છોડીને તેમ આવી જતું હતું. અગાર તો રાજીનામું દઈ ને અણગારપણું લે તેને માટે છે. પણ તે શાને માટે છે ? ફકત જગતના હિત માટે અણગાર બન્યા છે. આવા પુરૂષો હોય તેમને પણ જગતનાં કલ્યાણની દશા સાધવી હોય તો આ દશાએ જવું જોઇએ

એક જ ધ્યેયવાળો આત્મા તે કલ્યાણને સાધી શકે. **સંયોગોને સહન કરનાર કલ્યાણ સાધી શકે.** સંયોગ બાધિત આત્મા કલ્યાણ સાધી શકતો નથી. માટે આ બતાવ્યું. આત્મકલ્યાણનો માર્ગ અમલમાં મૂકયો તેટલા માટે આ કર્યું અને દેખાડી આપ્યું. સંયોગની પ્રતિકૂળતામાં સાધ્યને સાધવાવાળા સાધી શકે. પોતાના ગુનાને અંગે દુનિયાના અપવાદમાં આવેલો ન જોઈએ. પણ પોતાનાં સારાં કામોમાં દુનિયામાં અપવાદ હોય તો પણ તે ન ગણાય કે તે ન હોય.

પ્રથમ વહેણ કોણે શરૂ કર્યું?

ભગવાન **પાર્શ્વનાથ** કે ભગવાન **મહાવીર** મહારાજા વહેણમાં બેસી જનારા. વહેણ શરૂ કર્યું **ઋષભદેવ** ભગવાને. **ઋષભદેવ** ભગવાન નવું વહેણ ખૂલ્લું કરનારા હતા. તે વખતે કોઈ ગોચરી આપવાનું સમજતું નથી. અને પાછા મહાવીરને 'મુરબ્બી' ગણે છે. આ વખતમાં વહેણ ચલાવવું કેટલું મુશ્કેલ? તે વખતમાં યુગલિયાની સ્થિતિમાં ત્યાગ, વૈરાગ્ય કેટલો આકરો લાગે? યુગલિયામાં કર્તવ્ય તરીકે ભોગ ને ઇન્દ્રિયનાં સુખો હોય છે, તેઓ તેને જ ઇષ્ટ કર્તવ્ય તરીકે ગણી રહેલા હોય તે વખતે પોતે ઉચ્ચાર કરવો કે ભોગો છોડવા લાયક છે, તે અકર્તવ્ય છે. જે ત્યાગ કરવા લાયક છે, તે જ આત્માનો રસ્તો છે. અઢાર કોડાકોડ સાગરોપમે 'ત્યાગ' શબ્દ ઉચ્ચાર્યો હોય તો તે ભગવાન **ઋષભદેવ** મહારાજે. તે સમયમાં કહેનાર ન હોય તો માનનાર, વર્તનાર હોય ક્યાંથી? તેવા સમયે પોતે એકલા, પણ તેમની સાથે ૪૪,૦૦૦ દીક્ષા લેનારા હતા. પણ પહેલવહેલા ત્યાગની ભાવનાવાળા પોતે એકલા તૈયાર થયા. યુગલિયાની છાયામાં ભોગ ઇષ્ટ મનાતા. સુખ કર્તવ્ય તે વ્યાપેલાં છે. આ પ્રમાણે દુનિયામાં છે, ત્યાં ત્યાગ એ ઇષ્ટ કર્તવ્ય અને સુખનું સાધન છે એમ બોલે એ, તે વખતે દુનિયાને ગાંડો લાગે કે બીજું કંઈ? ભોગો એ દુઃખ છે અને છોડવા લાયક છે, તે અનિષ્ટ છે. તે દુઃખ કેટલી મુશ્કેલીવાળું છે તે કરી દેખાડયું. એટલે **ઋષભદેવ** ભગવાને વહેણ નવું શરૂ કર્યું. **પાર્શ્વનાથ** વગેરે વહેણમાં ભળ્યા છે,

લોક વિરુદ્ધમાં બાકી ન રહ્યું. દુષ્કૃત્ય ખરાબ છે. જે કાંઈ લોક વિરુદ્ધ હોય તે બધું વર્જવું.

લોક વિરૂદ્ધ કાર્ય કયું ? નિંદા.

કોઈની પણ નિંદા કરવી તે લોક વિરુદ્ધ ગણાય. તેથી ગુણવાળાની નિંદા વિશેષે ન કરવી. આ ઉપરથી તત્ત્વ શું ? સત્પુરૂષોને આપત્તિ આવે તો સહન કરાય છે. જે દુષ્કૃત્ય અને લોકવિરૂદ્ધ હોય તેનો પ્રથમ ત્યાગ કરવો.

દૃષ્ટિ શાની રાખવી ? સાધ્યની કે સંયોગની ?

મૂળ વાતમાં આવીએ. **મહાવીર** મહારાજા રાજકુળમાં રાજકુંવરપણામાં આવી ત્યાગની પરિણતિમાં બે વર્ષ લાગલાગાટ રહેલા હશે. સંયોગ ને તપાસ્યા છતાં સાધ્યને તપાસો. **સાધ્યને તપાસનાર મનુષ્ય કલ્યાણ સાધશે, પણ સંયોગને સાધનાર મનુષ્ય કલ્યાણ નહિ સાધી શકે.** માટે સાધ્યની દૃષ્ટિવાળો સાધ્યને સાધી શકશે. તે ભગવાન **મહાવીર** મહારાજે બતાવ્યું, છતાં શાસ્ત્રકારે કે કુદરતે તે બે વર્ષના ત્યાગને જમે ખાતે લીધું નહિ. માટે ત્રીસ વર્ષ ગૃહસ્થાવસ્થાનાં ગણ્યાં. તેવી રીતે કુદરતે પણ બે વર્ષ ન ગણ્યાં. એટલે ત્રીસમે વર્ષે મનઃપર્યવજ્ઞાન થયું. 'ઘેર બેઠાં ધર્મ કયાં થતો નથી ?' આમ બોલનારે વિચારવું જોઈએ કે કુદરત અને શાસ્ત્રકાર તેની ના પાડે છે. તો તું શા માટે તેવું માનવા તૈયાર થયો ? આ ભગવાન **મહાવીરે** આટલો ત્યાગ કર્યો, છતાં શાસ્ત્રકારે અને કુદરતે તે ત્યાગ હિસાબમાં ન લીધો.

મરીચિનું વૃત્તાંત

મરીચિનું એક જ વચન એને ક્રોડાક્રોડ સાગરોપમમાં ભમાડનાર થયું. તે ખરાબ છતાં ચડતી દશા ગણાય. કપિલ મરીચિ પાસે પ્રતિબોધ પામે છે. મરીચિ ઘા ખાઈ ગયો છે. તે વખતે તેનો વિચાર ફર્યો છે. મારા પ્રતિબોધેલા ધર્મગુરૂ બની જાય પણ ગમે તેવું થાય તો પણ તે મારી સેવા કરતા નથી. મરીચિની સેવા કોઈએ ન કરી. તે કરે તે વ્યાજબી પણ નથી. મારે સેવા કરાવવી તે વ્યાજબી નથી. કારણકે હું અવિરતિ છું, તેઓ વિરતિવાળા છે. તેઓ ધર્મમાર્ગ દેનારા છે તેવો હું નહિ. માટે તેમને શાસ્ત્રની સરણી કામ લાગશે.

સાધુ મરીચિની સેવા કરતા નથી. મરીચિ આટલો માંદો હોવા છતાં, પોતે કહે છે કે મારી સેવા કરવી તે સાધુને યોગ્ય નથી. એણે પોતે હજારો અને સેંકડોને પ્રતિબોધેલા છે. તેઓ સાધુપણામાં હાજર છે. પોતે સન્નજડ બિમારીમાં ઘેરાયલો છે. છતાં તે વિચારે છે કે મારે એમની પાસે કોઈ કામ કરાવવું તે લાયક નહિ. ધર્મ પ્રતિબોધક એવો તે મરીચિ ધર્મ પમાડવાનો દાવો નથી કરતો, પણ તેને એ વિચાર આવ્યો કે 'આમાંથી સાજો થઉં પછી તો એક માવજત કરનાર જોઈશે.' આવી આપત્તિમાંથી ઉઠયો તોપણ તે મનુષ્ય પેલો કપિલ પ્રતિબોધ પામ્યો ત્યારે અસલની સ્થિતિ પ્રમાણે જ મરીચિ વર્તે છે. તેથી તેને કહ્યું કે 'જા સાધુ પાસે, ત્યાં દીક્ષા લે, પણ મારો સાથી થા તેમ નહિ.' એમ ના કહ્યું. પેલો માણસ સાધુ પાસે જઈને આવે છે. ત્યારે કપિલને મરીચિ કહે છે કે 'હું આવો છું, આવો છું, પણ ધર્મ ત્યાં છે.' આ પ્રમાણે કહીને પાછો ત્યાં ભગવાન પાસે તેને મોકલ્યો.

આમ ત્રણ ત્રણ વખત કપિલ સાધુ પાસે જઈ ને પાછો આવ્યો. હવે કપિલ મરીચિને કહે છે કે 'તમારામાં કંઈ યે છે કે નહિ? તે બોલોને?'

ત્યારે મરીચિ કહે છે કે 'પૂરેપૂરું ત્યાં છે. કિંચિત્ માત્ર અહીં છે.' તે કિંચિત્ માત્ર કહ્યો તેથી કોડાકોડી સાગરોપમ ભવ કોટે વળગાડયો. તો પછી 'ઘેર બેઠાં ધર્મ ક્યાં નથી થતો?' તે બોલવામાં કેટલો બંધાશે તેનો વિચાર કર્યો ? મરીચિના બધા સંયોગો વિચારો. તેમાં 'કિંચિત્' કહેનારા એવા તેણે કોડાકોડી સાગરોપમ ભવ કોટે વળગાડયો.

લુલીબાઈની છૂટ

આ શાસન ક્ષત્રિય સુભટોનું પ્રવર્તાવેલું છે, પણ સ્ત્રીના ચાળાનું નથી. તીર્થંકરના જીવોને બીજો કહે કે 'નવરો દેખીને નખોદ વાળે' તેમ અહીં નહિ. તીર્થંકરના જીવોને આટલા સિવાય મારે ખપે નહિ. તેવામાં કંઇક કહ્યું તેમાં કોડાકોડ સાગરોપમ કોટે વળગે તો આપણને શબ્દ બોલવાની છૂટ! હાડકાનો સંબંધ ન હોય તો માત્ર જીભને ગમે તેવું બોલો તો પણ તેને ધક્કો વાગવાનો નથી. લોલતી લુલી માની લુલી. તે

લુલીને છૂટ એમને? નહિતર કેવી રીતે બોલાય? લુલીની છૂટ એટલે વળગ્યાનો ભય નહિ.

તીર્થંકર નામકર્મની વિશેષતા

મૂળ વિષયમાં આવીએ. તીર્થંકર મહારાજા ફક્ત જગતના ઉદ્ધારને માટે છે. પહેલાં ભવથી દીક્ષિત થયા પછી પણ જગતના ઉદ્ધારને માટે. તીર્થંકરપણું એક ભવનું કાર્ય નથી, આચાર્યાદિપણું તે ભવમાં મેળવી શકે. પણ અરિહંત તે તો ત્રીજા ભવે મેળવાય. નહિતર તો અંતઃકોડાકોડી પણ જઘન્ય ત્રણ ભવ તો ખરા. બાંધતી વખતે તે જોઈએ? ના. પણ બાંધ્યું સત્તામાં આવે અને ઉદયમાં ન આવે તો ત્યાં કંઈ નહિ. આયુષ્ય બાંધ્યું હોય, સમકિતવાળા હોય તો પણ તેમાં લેવાદેવા નહિ. જેમ બીજાં કર્મો, તેવાં આ નહિ. આ તો જ્યાંથી બંધાય ત્યાંથી પોષાતું જવું જોઈએ. જ્યાં સુધી ક્ષપક શ્રેણિ માંડે, બે ઘડી કેવળજ્ઞાનને બાકી હોય ત્યાં સુધી પોષવું જોઈએ, જો એ પડયો ન હોય તો પણ નિકાચિત કર્યા પછી તેને લાગલાગટ પોષાવવું જોઈએ. બીજા એકે કર્મમાં બંધઉદયથી પોષાવાનો નિયમ નહિ. ત્યારે તીર્થંકર નામકર્મ ત્રીજે ભવે નિયમિત થાય અને તે પોષાતું રહે. વળી તે લાગલાગટ રહે.

તીર્થંકરપદ તે એક જન્મની કમાઇ નથી, પણ અનેક જન્મની લાગલાગટની કમાઈ છે. તે જગતના ઉદ્ધારની ભાવના માટે છે. તે જન્મે ત્યારે તેમનું કર્તવ્ય જગતના ઉદ્ધારનું. પહેલાના ત્રીજા ભવે ધર્મ આચર્યો તેના પ્રતાપે. તે જૈનો દેવનું દેવપણું ધર્મની જડથી માને છે. ત્યારે કિંમત કોની? અરિહંત ભગવાનની કિંમત ખરી, પણ ધર્મથી અરિહંત થયા. પહેલા ભવમાં ધર્મની બુદ્ધિ, ધર્મનું આચરણ વગેરે હોવાથી 'દેવ' મનાયા, તેમ ગુરુ પણ દેશ, વેશ, જાતિ કુળ વગેરેના અંગે નહિ, પણ ત્યાગ જ ધર્મને લીધે હોય. દેવ, ગુરૂ માનવાના ધર્મના નામે, ત્યારે જનેતરો દેવ અને ગુરુને ધર્મ સાથે સંબંધવાળા ન માને. અહીં જૈનોમાં આગળ ગાદીએ

બેસવાથી, કુળમાં જન્મ પામવાથી ગુરૂપણું નથી, પણ ધર્મને અંગે ગુરૂપણું મનાયું અન્ય મતોએ ધર્મ માન્યો તે ફક્ત જણાવવા માટે માન્યો. **અન્યમતવાળા અને જૈનોએ બંનેએ ધર્મ ફળ તરીકે સરખો માન્યો, પણ સ્વરૂપ તરીકે જુદો માન્યો.**

दुर्गति प्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः ।
चैतान् शुभे स्थाने, तस्माद्धर्म्म इति स्मृतः ॥

આ ફળ દ્વારા સકલ મતવાળાને ધર્મ કબૂલ, ધર્મ દુર્ગતિને રોકનાર અને સદ્ગતિને આપનાર છે, તેમાં કોઈને વાંધો નહિ, પણ તેનાં સ્વરૂપમાં આકાશપાતાળનું અંતર. જૈનો વચનની આરાધનામાં ધર્મ માને છે, તે કેમ માને છે તે સ્વરૂપ જે જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન..

શ્રોતાના ચૌદ ગુણ.

૧ વક્તા ઉપર ભક્તિ, ૨ ગર્વરહિતપણું, ૩ શ્રવણની રુચિ, ૩ ચંચલતાનો અભાવ, ૫ મર્મજ્ઞતા. ૬ પ્રશ્નનું જ્ઞાન, તે ક્યારે અને ક્યાં કરવો તેની સમજ, ૭ વાંચન અને શ્રવણ ઘણું કર્યું હોય તે, ૮ પ્રમાદરહિતપણું, ૯ ઉંઘ વિનાની આંખ રાખવી, ૧૦ બુદ્ધિશાળીપણું, ૧૧ દાનશીલતા, ૧૨ શ્રવણ સિવાય બીજી વાતનો ત્યાગ કરવો, ૧૩ કર્યા ગુણનું જાણપણું, ૧૪ નિન્દાનો ત્યાગ કરવાની વૃત્તિ.

વ્યાખ્યાન ૧૧ દેવ અને ધર્મની પરીક્ષા

નિકાશના પ્રતિબંધ વગરની ચીજ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન **હરિભદ્રસૂરીશ્વર**જી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ જગતભરમાં એક જ ચીજ નિકાશના પ્રતિબંધ વગરની છે. જગતની બીજી બધી ચીજો નિકાશના પ્રતિબંધવાળી છે. આ જગત જે દોરાય છે તે કંચન, કામિની, કુટુંબ અને કાયાના નામે દોરાય છે. આ ચારે પદાર્થો દોરવણી આપે છે, દોરે છે. જીવનપર્યંત દોરે છે, પણ તે ચારે નિકાશના પ્રતિબંધવાળી છે.

આસ્તિકનો પ્રયાસ

જેઓ નાસ્તિક છે, તેઓ જીવોને માનતા નથી, જેને 'જીવ બીજે ભવ જાય છે,' તેમ માનવું હોય તેને આ વસ્તુ બીજે ભવ આવશે કે નહિ, તેનો વિચાર હોય; પણ જેને 'જીવ બીજે ભવ જાય છે તે માન્યું નથી.' તેને આ વિચાર ન આવે. તે માને છે કે જીવ નથી તેથી આ બધી મહેનત ધૂળમાં છે. આસ્તિકની અપેક્ષાએ જીવનભરમાં જે મહેનત કરવામાં આવે તો તેનું ફળ ધૂળ છે એમ નાસ્તિક માને છે. લાખો, અબજો મેળવ્યા છતાં તે બધું મૂકીને જવાનું. જાદવોની માફક કરોડોનું કુટુંબ હોય તો તે પણ મૂકીને જવાનું. ચક્રવર્તીની માફક લાખો સ્ત્રીઓ મેળવી તો તે પણ મૂકીને જવાનું; કાયા પણ ભીમસેન જેવી મેળવી છતાં તે પણ મૂકીને જવાનું. આ વસ્તુઓ મૂકીને જવા માટે છે એમાં આસ્તિક કે નાસ્તિકને મતભેદ નથી, પરંતુ આસ્તિક તે સમજે છે કે આ મૂકવી પડશે, માટે તેમાંથી જેટલો સાર લેવાય તેટલો લઈ લો. જેમ ઘર સળગ્યું હોય તો તેમાંથી બચાવાય તેટલું બચાવી લેવું. તેથી આસ્તિકને પર ભવમાં

નિકાશનો પ્રતિબંધ ન લાગે તેવું લઈ લો. પણ નાસ્તિકને તેમાંનું કંઈ નથી. જેને જીવ અને બીજો ભવ માન્યો તે તમામ આસ્તિકો ધર્મને નિકાશના પ્રતિબંધ વગરનો માનનારા છે.

જો કે પાપ પણ નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે પણ તેનો પ્રતિબંધ હોત તો જ સારૂં હતું. આ પુણ્યનો પ્રતિબંધ થાય તો ઈષ્ટ નથી. તે ઇષ્ટ થતું નથી. જેને અંગે નિકાશનો પ્રતિબંધ ન હોય તો તે માત્ર પુણ્ય. જે નાસ્તિક હોય, તેને પૂછીએ કે 'તારો જન્મ કઇ રીતે થયો ?' શું પિતાની પ્રાર્થનાથી થયો ? માતાના મનોરથથી થયો ? કે તારી ઇચ્છાથી થયો ? જો એકેથી ન થયો, તો થયો શાથી ? તું મનુષ્યપણામાં આવ્યો શાથી ?

નાસ્તિક હરામખોર ખરો ને ?

નાસ્તિકને કહી શકીએ કે તું ખોટું ન લગાડીશ. પણ કહેવું પડશે કે તું હરામખોર છે, કારણ કે તારા બાપની લાખની મિલકત છે તેનો 'હું માલિક' તે તું કયાંથી કહેવા લાગ્યો ? તેને માટે તેં પ્રયત્ન કયારે કર્યો ? પ્રયત્ન કર્યા વગર નકામો માલિક થયો, માટે તું હરામ-ખોર ખરો ને ? ત્યારે આસ્તિક હરામખોર નહિ. આસ્તિક કહે કે 'વસ્તુ માટે ભાગ્ય પેદા કર્યું છે માટે તે અમને મળ્યું છે.' વસ્તુનું ભાગ્ય ન મેળવ્યું હોત તો દરિદ્રને ત્યાં કેમ ન જન્મ્યો ? નીરોગી માબાપને ત્યાં કેમ જન્મ્યો? રોગી માબાપને ત્યાં જન્મ પામવાવાળો તે રોગ દેખીને આવ્યો છે ? ના. તો તે ત્યાં આવ્યો શાથી ? આનો જવાબ આસ્તિક આપે છે કે 'મેં પૂર્વભવે પુણ્ય કર્યું હતું તેથી નીરોગી ધનવાનને ત્યાં જન્મ્યો. પાપ કર્યું હતું તેથી રોગી માબાપને ત્યાં ઉત્પન્ન થયો.' નાસ્તિકને તેવો જવાબ નથી. પુણ્ય-નસીબ જન્મ્યા પહેલાં કયાંથી થયું ? તો કહો કે ગયા ભવથી અહીં આવી શકયા તેથી તે પુણ્ય-નસીબ થયું. પુણ્ય નિકાશના પ્રતિબંધ વગરની ચીજ છે.

દુનિયાદારીની દૃષ્ટિએ ચક્રવર્તી મરી ગયોને તે દરિદ્રને ત્યાં જન્મ્યો. ત્યાં તેને જાતિસ્મરણ થયું, અને કેવળીના સંયોગો મળ્યા. પહેલાની બધી વાત મળતી આવી. હવે તેને પૂછો કે છ ખંડમાંથી એક ખંડનું પણ રાજ્ય

આપવા તૈયાર છો ? 'ના, ? કારણ કે આ ચક્રવર્તીનો ખોળિયામાં હતો ત્યાં સુધી સંબંધ હતો. કુટુંબમાં 'સસરો જમાઈ' કયાં સુધી કહે છે? બીજો ભવ થયો તેમાં ખાતરી થઈ કે આ સસરો ને જમાઈ હતા. બીજા ભવમાં તેને સસરાજમાઈનો સંબંધ હતો તે ગણે છે ? ના. કારણકે જ્યાં સુધી ખોળિયા સાથે સંબંધ હતો ત્યાં સુધી તે સંબંધ હતો. પૈસો, કુટુંબ, સસરો; જમાઈ, મા, બાપ વગેરેનો સંબંધ ખોળિયાથી છે, ત્યારે કહો કે એ બધી નિકાશના પ્રતિબંધવાળી ચીજો છે.

કેવળી મહારાજાઓ હાથ ઘસે છે

પરંતુ જૈન સિદ્ધાંત એ કે-"पुढो सत्ता, पुढो कम्मा" દરેક જીવો જુદા; દરેક જીવોનાં કર્મો જુદાં. કોઈનાં કર્મો કોઈ ને જતાં નથી. જેમ બે નામવાળી હુંડીમાં પૈસા લઈ જાય ત્યાં એક તે ન આપે તો બીજાને ભરવા પડે, તેમ કર્મમાં તે નથી. કર્મ પોતાનામાંથી બીજામાં જતાં નથી, બીજાનાં કર્મો પોતાનામાં આવતાં નથી. માટે સીધા શબ્દોમાં કહીએ તો કેવળી હાથ ઘસે છે, કારણકે જ્યારે કેવળી ક્ષપક શ્રેણિ માંડે ત્યારે એમની એટલી બધી તાકાત છે કે જગતના સર્વ જીવોનાં જેટલાં કર્મો છે તે બધાં ભેગાં થઈને એક જ આત્મામાં આવે તો તે બધાને અંતર્મુહૂર્તમાં બાળી નાંખે. તેથી કેવળી હાથ ઘસે છે, કારણકે કોઈનાં કર્મો કોઈમાં આવતાં નથી, તેથી કેવળી જગતના જીવોનાં કર્મોને બાળી શકતા નથી. માટે તેઓ જીવને તારી શકતા નથી.

દેવ, ગુરૂ, ધર્મ માનવાથી સમકિત કેમ આવ્યું તે વિચાર્યું. આ એ દેવ, ગુરૂ, ધર્મ ને આ એ દેવ, ગુરૂ, ધર્મ ! બીજાઓ પોતાના કુદેવ, કુગુરૂ ને કુધર્મ હોય પણ તેમને દેવ, ગુરૂ, ધર્મ ધારીને માને છે. તમે દેવ, ગુરૂ, ધર્મ ધારીને કહો છો તો તમારામાં સમકિત પેઠું અને બીજાઓમાથી નીકળી ગયું તો તેનું કારણ શું ? તે તમે સમજવા ઊંડાણમાં વિચાર કરો. અમારા દેવ, ગુરૂ, ધર્મ કઈ ભાવનાથી ઊભા થયા છે તે અને બીજાના દેવ, ગુરૂ, ધર્મ કઈ ભાવનાથી ઊભા થયા છે તેની જડ તપાસો.

દેવાદિની જડ

અમારા દેવ, ગુરૂ, ધર્મની જડ આ વિચારવાળી છે. "मा कार्षीत् कोऽपि पापानि" આ જગતમાં–ચૌદ રાજલોકમાં બધા જીવો–પછી તે મારા શત્રુ હો કે મિત્ર હો પણ તે પાપો ન કરો. એ પહેલો વિચાર. આખું જગત પાપ રહિત થાય. એ ભાવના અમારા દેવ, ગુરુ, ધર્મના મૂળમાં છે. બીજામાં એ ભાવના લાવો. જ્યાં પાપ વગેરેની જવાબદારી અને જોખમદારી નથી માની ત્યાં જગતના જીવો પાપ ન કરો તે કયાંથી બને? માટે અમારા દેવાદિમાં જડ એ છે કે કોઇ પણ જગતનો જીવ પાપ ન કરો.

તમારી ધારાસભાની ધારણા એ હોય કે પ્રજા ગુનેગાર ન થાય અને જે ગુનેગાર થાય તેને સજા કરવી. એટલે ગુનેગારને સજા થવી જોઈ એ, પણ ગુનેગાર બચવો ન જોઇએ અને બિનગુનેગાર ન મરી જવો જોઇએ. તે પ્રમાણે શાસ્ત્રમાં નથી, કારણ કે તમે ગુનો કરવા જાવ ત્યારે પહેલો સવાલ એ પૂછાય કે જગતમાં દયા, મહેર, કરૂણાનજર દુઃખી તરફ હોય કે સુખી તરફ હોય? પણ હવે કરૂણાનજર, દયા, મહેરનું રાજીનામું આપી દો. કેમ? તમે કહો છો ને કે ગુનેગાર ઉપર દયા ન થવી જોઇએ. તે જીવ દુઃખી શાથી છે? પરભવમાં હિંસાદિ કર્મો કર્યાં તેથી તે દુઃખી છે ને? તેથી તે જૂના પાપી છે અને તે કારણથી તે દુઃખી છે. જૂના ગુનેગાર એટલે દુઃખી, ત્યાં દયા, મહેર નહિ પણ તેવા થાવ તો તમારે બોલવું. તમારે કોઇને પણ 'અરર' કરવું જોઇ એ નહિ. કુદરતી પાપની સજા થાય. ગુનાની સજામાં તમે 'અરર' કેમ કરો છો? માટે દયાને દાટી દેવી હોય તે તેમ બોલે કે ગુનેગારને સજા થવી જોઇએ. પણ અહીં તો પાપ ન કરો તેની જોડે આ વિચાર 'मा च भूत् कोऽपि दुखितः' જેને પાપ કર્યાં હોય તે પણ દુઃખી ન થાવ. આ તો અસંભવિત થાય. પાપ બાંધ્યા પછી તે સજા ભોગવ્યા વિના ન રહે. પાપ બાંધે પણ તેનું ફળ ખરાબ ન આવે તો પાપથી ડરે કેમ? ત્યારે તમે કહો છો કે 'કોઇ દુઃખી ન થાવ' તે કેમ બને? વાત ખરી.

જૈનશાસનનો નિયમ

કર્મ બાંધ્યાં તે ભોગવવાં પડે તે સિદ્ધાંત જૈનનો નથી. આસ્તિકને પૂછીએ કે કર્મ બાંધ્યાં તે ભોગવવાં પડશે તો ધર્મ વચમાં શું કામ કરશે ? દરેક શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત, દાનાદિ વગેરે કહેલાં છે, તે શું કામ કરશે ? અસંખ્યાત ભવો પછી એક ભવે વિવેક થયો તો તે વિવેક નકામોને ? અસંખ્યાત ભવો સુધી જે અજ્ઞાની હતો તેમાં જે કર્મો બાંધ્યાં તે તૂટે ત્યારે જ જ્ઞાનનો વખત આવે, માટે બાંધેલાં પાપોને ભોગવવાનું ને ન ભોગવવાનું પણ થાય. બાંધ્યાં તે ભોગવવાં નહિ. શાસ્ત્રમાં આ નથી. બાંધ્યાં હોય તે જ ભોગવવાનાં હોય છે તો ઇરિયાવહિયા, તસ્સ ઉત્તરી, તપસ્યા વગેરે શા માટે છે ? હિંસા કરી, જુઠ બોલ્યા, અપ્રામાણિકતામાં જે કર્મો બંધાયાં તે ભોગવવાનાં. તો પછી ઇરિયાવહિ વગેરે શા માટે કરવાનાં ? બંધાયાં પ્રમાણે ભોગવવાં પડે તે નિયમ જૈનશાસન રાખતું નથી.

સમકિતને માર્ગે મોક્ષ પામવાનો વખત આવે. "**कडाण कम्माण न मोक्खो अत्थि**" (**उत्त० अ० ४, गा० ३**) કરેલાં કર્મોને ભોગવ્યા વગર છૂટકો નથી.' આ નિયમ કયાં લાગુ થાય ? જે ભોગવ્યાં ન હોય, જેનો તપસ્યા વગેરેથી ક્ષય કર્યો ન હોય તેને **नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठज्जा** (**दश० अ० ९ उ० ४**)

મોક્ષ કયારે ? કર્મ ભોગવીએ કે તપસ્યાથી ક્ષય કર્મ કરે ત્યારે કર્મ છૂટે માટે પછી પ્રતિક્રમણ, તપસ્યા, આલોયણ તે બધાં સફળ બને. માટે કહ્યું કે તે બિચારા પાપ બાંધનારા દુઃખી થઈને ભોગવે તે કરતાં તપસ્યા, આલોયણ દ્વારા પાપ ભોગવાઈ જાય, તો તે જાણે કે પાપથી દુઃખી થવાય છે માટે તે પાપ કરનારો ન થાય, પણ કદાચ જાણતાં અજાણતાં પાપ થઇ ગયું તો તે તપસ્યા, આલોયણથી ખપાવવાવાળો થાવ; પણ વેદનાને ભોગવવાવાળો ન થાય. આ કયાં સુધી ચાલે ? જગત કર્મથી છૂટી જાય ત્યાં સુધી ચાલે, તીર્થંકરપણું મેળવે ત્યાં સુધી ચાલે.

ત્રણ જ પ્રકૃતિ સારી કેમ ?

શાસ્ત્રકારોએ ૧૨૦ પ્રકૃતિનો બંધ જણાવ્યો. તેમાં ત્રણને સારી

ગણી, ૧૧૭ બરાબર ગણી કારણકે બીજી બધી પ્રકૃતિઓ કર્મના ઉદયથી બંધાય છે. આ ત્રણ પ્રકૃતિ કર્મના ક્ષયોપશમથી બંધાય છે. આત્માની નિર્મળતા થાય ત્યારે તે ત્રણ બંધાય; ૧૧૭ આત્માની મલિનતાથી બંધાય. તીર્થંકર-નામકર્મ, આહારક-શરીર અને આહારક-અંગોપાંગ આ ત્રણ જ પ્રકૃતિ આત્માની નિર્મળતામાં બંધાય. નિર્મલ આત્મા જ તે બાંધી શકે. પહેલામાં સમકિત કારણ છે. બીજા બેમાં સંજમ કારણ છે. આ ત્રણ પ્રકૃતિ નિર્મળતામાં બંધાતી હોવાથી શાસ્ત્રકાર એ ત્રણને 'સારી' ગણે છે, તે આદરવા લાયક છે. બેમાં સંજમ જડ છે તેથી સમકિત આવી ગયું. સમકિત કયાં છે? જ્યાં એવી ભાવના હોય કે જગતનો કોઈ જીવ પાપ ન કરો, દુઃખી ન થાવ ને મોક્ષ પામો- એવી ઇચ્છા થાય ત્યાં સમકિત છે.

શેઠની ભાવના કેવી?

આ બાબુની ભાવના જેવું હોય તો? કોઈ ઓચ્છવ મહોત્સવ હશે. સ્વામી-વાત્સલ્ય થતાં હશે, આપણે પણ કરવાં સારાં છે. માટે મુનિમજીને શેઠે કહ્યું, 'મુનિમજી! આટલા ખર્ચે આપણે સ્વામી-વાત્સલ્ય કરવું.' મુનીમ તે સાંભળી બધી સાધનસામગ્રી તૈયાર કરીને નોતરાં દઈ આવ્યો.

ત્યારે શેઠે કહ્યું કે આ કોનું સ્વામી-વાત્સલ્ય?

મુનીમે કહ્યું કે 'આપનું.'

શેઠ : મારૂં કેમ?

આપે સવારે કહ્યું હતું ને?

ત્યારે શેઠે કહ્યું કે તે મારી ભાવના હતી.

આવી પણ તમારી બુદ્ધિ હોય છે ને?

ભાવના કઇ? આખું જગત મોક્ષે જાવ. તો પછી તમારાં શાસ્ત્ર-શાસન ખોટાં, કારણ કે જગતમાં બધા ભવ્ય નથી, તેથી તે બધા મોક્ષે જાય નહિ. છતાં તમે કહો છો કે 'બધા મોક્ષે જાવ' તો તે શાસ્ત્ર ખોટું ગણાયને?

સાચો સમકિતી કોણ?

એક માણસ બિમાર પડ્યો ત્યારે ફેમીલી ડોકટર કે ગામનો ડોકટર આવી ગયો. તેને કહ્યું કે 'બે કલાકમાં આ જવાનો છે', છતાં આપણા મનમાં આવે ખરૂં કે 'તે મરે?' પરંતુ તે જીવે તેવી ભાવના મનમાં આવે છે. તેમ અમારી ભાવના એ છે કે આખું જગત તરે પણ તેમાં લાયકાત હોય તે તરે તે વાત જુદી. અભવ્ય દૂમતો રહે તેવી ભાવના અમારી નથી, પણ તે તરી જાય તે અમારી ભાવના. પણ તેનું નસીબ ન હોય ને તે ન તરે તે વાત જુદી માટે જે સમકિત પામે તેની ભાવના એ હોય કે આખું જગત પાપ કરવાથી દૂર રહો ને કર્મથી છૂટું થાવ. આવી ભાવનાથી જ દેવ, ગુરુ અને ધર્મ માને તેથી જ તેને સમકિતી ગણીએ છીએ. દેવાદિની જડ આખા જગતના કલ્યાણની ભાવનામાં છે.

કોઈ જીવનમાં ઘાતક, દ્રોહબુદ્ધિ નહિ. ત્યારે બીજામાં "ઊઠો રે મુરારિ! તમારા વિના કંસનો ખોડો કોણ કાઢશે રે?" ખોડો કાઢવા માટે પરમેશ્વર માન્યા. દહીંનાં મટકાં ફોડવા અંગે, ગોપીઓનાં ચીર ચોરવાને અંગે દેવ માનવા છે તેવાને સમકિતી અમે કેવી રીતે કહીએ? તે તો તમે કહો. ત્યાં તો જગતની દ્રોહ, ઘાતક, દુઃખ બુદ્ધિ ચાલુ હતી.

હવે સૃષ્ટિવાદીને પૂછીએ કે 'આ બધાં દુઃખી કેમ?' તો તે કહેશે કે તેમની ઈચ્છા; તેમની લીલા.' તો આવું માનનારાઓએ અમારી પાસે સમકિતી કહેવડાવવું છે તેમ અમે કેમ કહીએ? "કોઈ પાપ બાંધો નહિ, કોઇ દુઃખી થાઓ નહિ ને કોઈ સંસારમાં રખડો નહિ." આવી ભાવનાવાળાને દેવ, ગુરૂ, ધર્મ માનવા તૈયાર છીએ. તેવાને માનનારાને સમકિતવાળા માનીએ છીએ.

અ, બ, ક, ડ, એ આંધળું અનુકરણ

અમે **મહાવીર**ને માન્યા તેથી બીજાને ન મનાય તેવું નથી. બીજામાં એક માન્યા તેથી બીજા મનાય નહિ. અહીં જૈનદર્શનમાં તો જે જે ગુણી હોય, તે બધા 'પરમેશ્વર' ગણાય. અરે! આપણી

માતૃભાષાને ઊંધીવાળી. આપણે બોલીએ છીએ અ, બ, ક, ડ. તો તે આંધળું અનુકરણ છે ને? તમારામાં વર્ણની ઉત્પત્તિક્રમ હતો. સ્વર વાયુ કંઠમાં આવે ત્યારે બોલાય. ત્યાંથી આગળ વધીએ તો કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય અને ઓષ્ઠ્ય. આ ક્રમ વ્યંજનમાં હતો. આ ઉત્પત્તિક્રમને નાખ બાડમાં અને અ, બ, ક, ડ કરતાં શીખ્યો. કોનું અનુકરણ આ છે? આંધળું અનુકરણ છે કે બીજું કંઈ? અ, બ, ક, ડ નામ તો જંગલી છે. તે જંગલી છતાં આપણો ધર્મ તેને માને છે અને તેને માન્યો તેથી બન્ને ન મનાય. અમારે તો જે જે ગુણવાળો હોય તેને, તેને 'દેવ' માનવામાં અમને વાંધો નથી. ગુણને અંગે દેવ, ગુરુ, ધર્મપણું માનનારા; તેથી દેવાદિ માને તેને અમે સમકિતી કહીએ છીએ.

ગુણની દરકાર વગર દેવાદિને રિવાજ માત્રથી માની લે તેવાને અમે 'સમકિતી' કહેવા તૈયાર નથી. તેવું જે સમક્તિ તે દેવ, ગુરુ, ધર્મની જડ અને સમક્તિની જડ તે ઉપર જણાવેલા ત્રણ વિચાર છે.

ધર્મની પરીક્ષા શી રીતે?

આ ધર્મ છે કે આ અધર્મ છે? તેની પરખ માટે તમારી પાસે કંઇ નથી. સોનું છે કે પિત્તળ છે? તેની પરખ માટે કસોટી છે. ચાંદી છે કે કલાઈ છે? તેની પરખ માટે લીંપણ છે પણ ધર્મની પરખમાં તમારી પાસે સાધન કયું છે? ધર્મની પરીક્ષામાં સ્થાન નથી. બીજી વસ્તુઓને પારખવામાં સ્થાન છે. પરભવમાં જેનો નિકાશ કરી શકીએ અને જેના ઉપર નિકાશનો પ્રતિબંધ નથી તેવો જે ધર્મ છે તેની પરીક્ષાનો અવકાશ નથી. ત્યારે શાસ્ત્રકાર કહે છે કે ધર્મની પરીક્ષા કરવાનો અવકાશ છે. વીતરાગ ભગવાનનાં વચનો તે કેવાં જોઇએ? જે સર્વથા રાગ દ્વેષ રહિત એટલે ચેતન પદાર્થ તરફ રાગ કે જડ પદાર્થ તરફ દ્વેષ ન હોય દુનિયામાં ન્યાયાધીશ કોણ બને? જે વાદી કે પ્રતિવાદી તરફ રાગદ્વેષવાળો ન હોય તે ન્યાયાધીશ બને.

આ શુભ કે આ અશુભ? આ આશ્રવ કે આ સંવર? આ બંધ કે આ નિર્જરા? આ મોક્ષ કે આ ભવ? આ બધાં કારણ કોણ કહી

શકે ? આખા જગતમાં એક પરમાણુ કે મેરુ જેવી ચીજ હોય તો તેના તરફ રાગદ્વેષ ન હોય માટે તે 'વીતરાગ'; છતાં બોધ ન હોય તો શું થાય ? માટે બોધ વગરનો, જ્ઞાન વગરનો મનુષ્ય તે ચુકાદો આપવાને લાયક નથી. જે મનુષ્ય વસ્તુને સંપૂર્ણપણે જાણતો હોય અને જેનામાં રાગ, દ્વેષ ન હોય તે ન્યાય આપવાવાળો ગણાય અને તે કારણથી તેનું વચન પ્રામાણિક ગણાય. આનું નામ છે 'વીતરાગ'. તેનું જે કહેલું તે જ વચન. તે વચન જગતની જેટલી ચીજો તે બધી જાણનાર હોય તેમજ વર્તમાન, ભૂત, ભવિષ્ય કાળની હોય, નજીકની હોય કે દૂરની હોય પણ તે બધી ચીજો જાણનારા હોય તેવા વીતરાગ મનુષ્યનો ન્યાય કરે તે કોણ નાકબૂલ કરે ? જેને શ્રદ્ધા ન હોય, જેનું ભવિષ્ય સારૂં ન હોય તેવા જ તે નાકબૂલ કરે.

ધર્મ થાય શામાં ?

હરિભદ્રસૂરિ મહારાજ જણાવે છે કે–'**वचनाराधनया खलु.**' જિનેશ્વર ભગવાનના વચનની આરાધનામાં જ ધર્મ છે. હવે અહીં કહેવામાં આવે કે વીતરાગની, સર્વજ્ઞની, ગુરૂની કે ધર્મની આરાધના ન લીધી પણ વચનની આરાધના કેમ લીધી ? વકતા અને તેની આરાધના, તેનાં અનુષ્ઠાન અને તેનાં વચનમાં તેની આરાધના, અને તેના અનુષ્ઠાનમાં તે પ્રધાનપણું છે તો તેમાં કયો ફરક છે તે અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

દુર્જનનું લક્ષણ બાંધતાં દુર્જનને દુઃખ થાય, તો પણ સજ્જનની સૃષ્ટિને પગભર કરવા સારૂ દુર્જનનું લક્ષણ સ્પષ્ટતાથી પ્રતિપાદન જરૂર કરવું.

વ્યા
ખ્યા
ન

જેલ, મહેલ ને આરાધના

૧૨

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં દરેક આસ્તિક, દરેક બુદ્ધિમાન, દરેક દીર્ઘદૃષ્ટિવાળો મનુષ્ય આવતા ભવને અંગે વિચાર કરવાવાળો હોય છે. તે માટે જણાવી ગયા કે ભગવાન **સુધર્માસ્વામી**એ બાર અંગની રચના કરી. તેમાં પહેલું **આચારાંગ** રચ્યું. તેમાં પણ પહેલો શ્રુતસ્કંધ, તેમાં પણ પહેલું અધ્યયન, તેમાં પણ પહેલો ઉદ્દેશક અને તેમાં પણ પહેલું સૂત્ર કહ્યું : **अत्थि मे आया उववाइए।**

આ જીવન જેલરૂપ છે કે મહેલરૂપ ?

તમે તમારા જીવનને જેલખાનું જન્મોજન્મ બનાવ્યું છે માટે હું તમને કહું છું કે તમે જીવનને મહેલરૂપ બનાવો. તે કેવી રીતે બને ? જેલ એટલે દુનિયાના વ્યવહારથી કપાયેલું સ્થાન, પછી ભલે તેમાં ગાડી, ઘોડા, પલંગ ચાહે તે હોય છતાં નજરકેદમાં; પણ દુનિયાનો વહેવાર બંધ.

ત્યારે મહેલ કોને કહીએ ?

જ્યાં બધી જાતની છૂટ; બહારનો આવે ખરો અને પોતે બહાર જાયે ખરો. મહેલમાં રહેલો ચારે બાજુ દૃષ્ટિ રાખી શકે ખરો. તેમ આપણે અનાદિ કાળથી જન્મ-મરણો કરતાં ગયાં. આપણો કોઈ પણ ભવ જીવન વગરનો નહોતો. આ ભવ પણ જીવનવાળો છે ને ? તે જીવન જેલ છે કે મહેલ ? એમ કેમ ? **જેમાં જગતનો વહેવાર હોય તે 'મહેલ' અને જેમાં જગતનો વહેવાર ન હોય તે જેલ**

જૈનો જ જીવનને મહેલરૂપ બનાવી શકે

અહીં વિચાર કરો કે આ જીવન કેમ મળ્યું ? આ જીવનનું

ફળ કયું ? જે મળેલા જીવનનો, તેના કારણો ને મળેલાં ફળોનો વિચાર ન કરે તેવા મનુષ્યનું જીવન કેવળ 'જેલ'. મહેલ કોને ગણવો ? આ જીવનનાં કારણો ને ફળો કયાં તેનો વિચાર કરે તે મનુષ્ય પોતાના જીવનને 'મહેલ' બનાવી શકે. તે મહેલ કોણ બનાવે ? કેવળ જૈનો. જૈનો સિવાય જૈનેતરોને પોતાના જીવનને મહેલ બનાવવાનો હક્ક નથી. તેમને હક્ક કેમ નહિ ? શું તમોએ ઈજારો લીધો છે ?

અમારે ઈજારો લેવાની જરૂર પડતી નથી. સૂર્યે અજવાળું કરવાનો ઈજારો નથી લીધો, પરંતુ તેનું તેજ એટલું બધું છે કે જેમાં ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા ડૂબી જાય છે; તે ઈજારા દ્વારા સૂર્ય બધાને ડૂબાડતો નથી, પણ પોતાનું તેજ તેવું છે તેથી ચંદ્ર વગેરે આપોઆપ ડૂબી જાય છે. તેમ અહીં આગળ જૈનો જિંદગીને મહેલ બનાવી શકે, બીજા ન બનાવી શકે અર્થાત્ જેલમાંથી કાઢી શકે નહિ, કારણ કે બીજા–જૈનેતરોએ જીવને જવાબદાર કે જોખમદાર માન્યો નથી.

જોખમદારી અને જવાબદારી

હિંસાદિ કાર્યો કર્યાં હોય, જૂઠું બોલ્યાં હોય કે અઢારે પાપસ્થાનકમાં પ્રવર્ત્યા હોય તો તેમાં પાપ કર્યું એમ જૈનો માને, તેને પોતાની ભૂલ ગણે, ત્યારે જૈનેતરો 'ભગવાને સૂઝાડયું તેમ મેં કર્યું.' એમ બોલે, ત્યારે જવાબદાર કોણ ? ભગવાન, પોતે નહિ. એવી જ રીતે જવાબદારી ન રાખી તેમ છતાં જોખમદારી રહી, પણ જેમ પેઢી ઉપર મુનિમ અવળા સવળા કરે તેમાં જવાબદારી મુનિમની. પણ ગણવા કોને પડે? શેઠને. માટે જોખમદારી શેઠની ગણાય.

તમે દસ્તાવેજ વગેરે લખો તો તેમાં શું લખો છો ? તમારા નામે અને તમારા જોખમે લખો છો. નામે લખવાથી જોખમ આવતું હતું, છતાં જોખમે લખો છો. છતાં અહીં જવાબદારી કે જોખમદારી નથી વહોરવી. કોણ જાણે ભગવાનની મરજી હશે તો સ્વર્ગે લઈ જશે; તેમ તેમની મરજી હશે તો નરકે લઈ જશે. મારાં સારાં કર્મ હશે તો સ્વર્ગે જઈશ અને ખરાબ કર્મો કર્યાં હશે તો નરકે જઈશ. 'આ

બોલવાનો હક્ક જૈનોને છે. પોતે સત્કર્મ કર્યું તેથી પોતે સુગતિનો ભાગીદાર થશે; દુષ્કર્મ કર્યાં તો દુર્ગતિનો ભાગીદાર પણ હું થઈશ. આથી તેમણે જવાબદારી અને જોખમદારી પોતાના માથે રાખેલી છે.

મુસાભાઈનાં વા ને પાણી

ન્યાતનો માલ ન્યાત ખાય અને મુસાભાઈનાં વા-પાણી. એક મુસાભાઇ હતો. તેમને ન્યાત જમાડવાનો વિચાર થયો. તેથી પોતે ન્યાતનાં બમણાં વાસણો લાવ્યો. તેમાંથી અડધાં વેચીને રસોઇ બનાવી અને ન્યાતને જમવા બોલાવી. ન્યાત જમવા બેઠી ત્યારે મુસા ભાઈએ પોતાની પત્નીને કહ્યું કે તું બધાને પાણી આપ અને હું બધાને પંખો નાખું. આવી રીતે મુસાભાઇ પંખો નાખતા જાય અને બોલતા જાય કે 'નાતનો માલ (વાસણ) ન્યાત ખાય, મુસાભાઇનાં વા ને પાણી.'

તેમ અહીં આગળ જૈનેતરો કહે છે કે 'ઈશ્વર સુગતિ અને દુર્ગતિ મોકલે છે !' તો શું ઈશ્વર જીવોને જાનવર માફક દોરતા હશે? જેને જીવની જવાબદારી અને જોખમદારી નથી પણ જવાબદારી અને જોખ-મદારી ઈશ્વરની ગણે છે. જેને લીધે બીજાઓએ પોતાના વડવાપણું પશુપતિમાં રાખ્યું. પશુ એટલે જગતના જીવો; પતિ એટલે તેના માલિક તે 'પશુપતિ.' પશુપણું જીવોનું કબૂલ કરવું તે જૈનેતરોમાં. માટે જીવની જવાબદારી અને જોખમદારી નહિ પણ ઈશ્વરની તે માને છે. કેમ મેં આ ગતિ કેવી રીતે મેળવી અને કેવાં કર્મ કરૂં તો સદ્ગતિમાં જાઉં તેવો વિચાર એ જીવો કયાંથી કરે ?

વિચાર કરવાને હક્કદાર કોણ ?

જેમાં ત્રણ વસ્તુ હોય તે વિચાર કરવાને હક્કદાર છે. નહિ તો માથું દુખાડવા જેવું થાય. કયી તે ત્રણ વસ્તુ? (૧) કર્તુમ્ (૨) અકર્તુમ્ (૩) અન્યથા કર્તુમ્

(૧) જે વસ્તુ કરવાની, (૨) જે વસ્તુ થતી બંધ કરવાની અને (૩) જે વસ્તુ ઊથલાવવાની પોતાનામાં તાકાત હોય તો તે મનુષ્ય વિચાર

કરે તો તે વિચાર સફળ થાય. જેની અંદર (૧) કર્તુમ્–બનાવવાની (૨) અકર્તુમ્–રોકવાની અને (૩) અન્યથા કર્તુમ્–ઊલટાવવાની તાકાત નથી તેને અંગે વિચાર કરવા તે માથું દુખાડવા જેવું થાય.

જીવનની ત્રણ શક્તિ

શલ્ય કાઢવો એટલે અહીં આગળ પાપનો ઉદય સમજવો, આપણે પુણ્ય પામવું. પાપથી આવેલાં દુઃખો ઉપર કાબૂ મૂકીને સારા વિચારમાં જઈએ. પાપથી પાપ બંધાય છે તે કરનારાએ પાપ-બંધ રોકયો અને તે જગ્યા પર પુણ્યનો બંધ લાવી દીધો. એ આપણે ક્રોધાદિ કરનારા. તેને રોકનારા આપણે, તેને રોકીને અન્યથા કરનારા આપણે, તો આ આપણા માટે છે.

જૈનો જીવની ત્રણ શક્તિ માને છે–(૧) પાપ–પુણ્ય બાંધવાની, (૨) તેને પલટાવવાની અને (૩) તે બંધ કરવાની. આ કેવળ પુણ્ય, પાપનો બંધ રોકી શકે. જ્યાં તેરમે, ચૌદમે જાય ત્યાં પુણ્ય ન બાંધે. પાપના પલટાને રોકીને પુણ્યના પ્રભાવમાં જાય.

માટે શાસ્ત્રકારે કહ્યું કે

सम्मत्तंमिउ लद्धे पलियपुहुत्तेण सावओ होइ ।

चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ॥ (વિ૦ આ૦ ગા૦ ૧૨૨૨)

જો સમકિતને પામેલો, શુભ પરિણામવાળો હોય તો તે વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે. બંધ કરનાર, બંધ રોકનાર અને બંધ પલટા-વનાર જીવ છે. આશ્રવ અને બંધનાં કારણો પલટાવીને સંવર અને નિર્જરાને મોક્ષનાં કારણો બનાવવાં તે કામ જીવનું છે. જૈનો જીવને કરનાર, રોકનાર અને પલટાવનાર માને છે. તેથી તેને વિચાર કરવાની તાકાત છે. હું શું કરું ? કેવી જિંદગી આવી ? કેવી આવશે? અને તે કેવી રીતે આવશે ? તે વિચાર કરવાનો હક્ક આ ત્રણ વસ્તુવાળાને છે.

કર્મને કરનાર, કર્મને રોકનાર અને પાપની જગ્યા પર પુણ્ય તરીકે પલટાવનારો જીવ છે, તેમ તે જૈનો માને છે. તેથી તે જીવને અંગે

ગયા જન્મનો અને આવતા જન્મનો પોતે વિચાર કરી શકે. ગયા ભવમાં સત્કાર્યોની અનુમોદના અને આવતા ભવનાં સત્કાર્યો તે કરી શકે, જે જીવને જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તા માનતો હોય. આ જે ન માને તેને 'મારો જીવ કેવો હતો ? અને કોણ હતો ?' તે વિચારવાનો હકક નહિ. જેમ તમારે ત્યાં રહેલા કૂતરાને કયાં રહેવું, કયાં જવું તેને માટે તે હકકદાર નહિ; પણ તેના માલિકની મરજી હોય ત્યાં તે રહે અને ત્યાં જાય.

જૈનેતરો એ જગતના જીવો બધા કર્તા, અકર્તા, અન્યથા કર્તાની શકિતવાળા ન માન્યા. જૈનોએ ધ્યાનમાં રાખવું કે મૂળચંદભાઇ જેવા કહે કે 'દુનિયામાં બધી એ પ્રજા છે. તેમાં તમે બે પાંચ કરોડમાં નહિ, માત્ર દસબાર લાખમાં છે, તો આ શું જોઇને જૂદું લઇને બેઠા છો ? ગમે તેમાં ભળી જાવને ?

અમને વાંધો નથી. પણ સ્વતંત્ર–પોતાને જવાબદાર અને જોખમદાર સમજનાર માત્ર જૈન પ્રજા છે. એકલા જૈનો હોય તો અમને ફિકર નથી. પણ તેના સિદ્ધાંતને તમે કોઇ આર્ય માની શકો તેમ નથી. બીજા બધાને ગુલામી માનવી. પહેલાં પ્રજા જ્યારે ગુલામીમાં હતી ત્યારે સ્વાતંત્ર્ય ઉત્થાન કરનારી સંખ્યા મુઠીભરની હતી. મુઠીભર હોવાથી કાર્ય બંધ કરવું તે બુદ્ધિમાનનું કામ નહિ, પણ કાર્ય સાચું છે કે નહિ તે તપાસવું જોઇએ. અહીં આખું જગત, જૈનેતર બધા વર્ગમાં ભલે પછી આર્ય હોય, અનાર્ય હોય, પૌર્વાત્ય કે પાશ્ચાત્ય વર્ગ હોય પણ તે બધા જીવને જવાબદાર અને જોખમદાર વગરના માનનાર છે, પણ તેઓ જીવ જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તા માનનારા નથી.

જૈન સિદ્ધાંતની વિશિષ્ટતા

તમારે ત્યાં રેડિયમ કેટલું ? થોડું છે ને બીજી વસ્તુઓ વધારે છે તો તેમાં નાખી દો ને ? તેને જૂદું કેમ રાખ્યું છે ? કહેવું પડે કે તેની સ્થિતિ બધાથી જુદી છે. તેમ અહીં પણ આની સ્થિતિ જુદી છે. માટે જ કહ્યું કે

'एगो साहु एगा य साहुणी सावओ य सट्ठी ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ (सं० स० गा० २९)

જૈન સિદ્ધાંતને અનુસારનારો એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા હોય તો પણ જૈન સિદ્ધાંત અલગ રહેવાનો પણ કોઈનામાં ભળશે નહિ. જીવ પોતે પોતાના અંગે જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા અને અન્યથા કર્તામાં શકિતવાળો છે, માટે ભગવાન **સુધર્માસ્વામીજી**એ જણાવ્યું કે જૈનેતરોમાં તમે જીવનને 'મહેલ' બનાવી શકશો નહિ, પણ તેને 'જેલ' તરીકે રાખવાના. ગયા જીવનનો ને આવતા જીવનનો વિચાર કરવાનો હકક જૈનેતરોને મળવાનો નથી, પણ ગયા ભવનો કે આવતા ભવનો વિચાર કરવાનો હકક જૈન શાસન આપે છે.

સુથારનું મન બાવળીએ

બીજાઓ સદ્‌ગતિ કે દુર્ગતિ વિચારતા નથી. ત્યારે શું વિચારે છે ? જેમ જગતમાં સુથારનું મન બાવળીએ. સુથાર રસ્તે જતો હોય ત્યાં ઝાડ જુએ ત્યારે વિચાર શું કરે ? આનાં પાટડા, બારણાં વગેરે સારાં થશે. હવે કોનું ખેતર, કોનું થડ તેનો વિચાર તેને નહિ કરવાનો, પણ નથી તેને કરવાની તાકાત, નથી તેને રોકવાની તાકાત કે નથી તેને પલટાવવાની તાકાત. પણ તેની ટેવ પડી છે તેમ જૈનેતરો વિચારે કે આ જીવનું શું થશે ? તો તે સુથારના બાવળીઆ જેવું.

જીવ જ જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તામાં સર્જાય છે માટે **સુધર્માસ્વામીજી** કહે છે કે 'તમે જૈન થાવ અને તેને છોડી દો' તેમ કહેતા નથી. પણ તમારા જીવનને 'મહેલ' બનાવો. જે રસ્તે જીવન 'મહેલ' બને, તે રસ્તો લો જેમ 'રસોઇયાને રસોઈ કર' તેટલું કહેવું પડે તેથી લાકડાં, આંધણ, ચૂલો સળગાવવો વગેરે બધું તેમાં આવી જાય. તમે જૈન થાવ તેમ નથી કહેતા, અન્ય ધર્મ છોડી દો તેમ નથી કહેતા પણ તમારા જીવનને મહેલરૂપ બનાવો અને જેલ તરીકે છોડો. જેલનું જીવન તમે પસાર કરો છો તેનું સ્વરૂપ જોઈ લો. તમારા જીવનને જેલમાંથી કાઢી નાંખો અને મહેલની ગણત્રીમાં લાવો.

જૈનોમાં ધર્મ ગણો તેમ દેવ માનવાનું, ગુરૂ માનવાનું અને તત્ત્વ ગણો તેમાં જીવનને જેલપણામાંથી મહેલપણામાં દાખલ કરો. મહેલ ઉપર ઊભા હોઇએ તો ચારે બાજુ દૃષ્ટિ થાય. તમારૂં જીવન 'મહેલ' બન્યું હોય તો ગયા જીવન અને આવતા જીવનના વિચારો જરૂર આવે.

આ જ ગણધર મહારાજે જીવનને અંગે કહેલું. પણ તે મહેલ બને કોને અંગે ? જેલપણામાંથી નીકળે શી રીતે ? અનાદિ કાળથી આ જીવન જેલપણામાં છે તે મહેલપણે બનાવવું છે તે કઈ રીતે અને કેવી રીતે થાય ? તો તેના ઉપાયો સમજુ માણસ જરૂર ખોળે. અન્યમતવાળા દેખાદેખીથી ફસાવવા, ભરમાવવા માટે એ માનનારા છે, આપણું જીવન સારૂં થાય, ખરાબ ન થાય તે શાથી થાય ? ધર્મ કરે તો થાય. જ્યાં સુધી પોતાના જીવને જવાબદાર, જોખમદાર, કર્તા, અકર્તા, અન્યથા કર્તા વગેરે ત્રણ સત્તાવાળો જણાવે નહિ. ત્યાં સુધી પોતે આવતી જિંદગી સુધારી શકે નહિ. આવતી જિંદગીમાં સદ્ગતિ મેળવવાનાં કારણો ને તે મેળવવાની તાકાત જોઈએ. તેમાં આ જગતમાં નિયમ છે કે 'સારા શબ્દો સૌને ગમે' ક્રોધ આવ્યો હોય. લાલ આંખ થઈ હોય તે વખતે કોઈ કહે કે, ભાઈ ! આમ છે તો હો, હો. ક્રોધ ચડયો તો હાં, હાં.' ક્રોધ વગરની સ્થિતિ સારી છે, પણ તેથી તેને બોલવું પડે.

સારા શબ્દનું આકર્ષણ

એક માણસે ખૂન કર્યું. એ પકડાયો. પૂરાવાથી સાબિત થયું કે તે ખૂની છે. કોર્ટે પણ નક્કી કર્યું કે આ ખૂની છે. પણ દુનિયામાં સજાનો અમલ ગુના સાથે નહિ. ગુનો થયો હોય, પણ સાબિત ન થાય ત્યાં સુધી 'બિનગુનેગાર' માનીને ચાલવું પડે. પૂરાવાથી ખૂન સાબિત થયું. કોર્ટે પણ ગુનેગાર તરીકે માન્યો. ચાર્જ ફાઇલ કર્યો. છતાં પૂછવામાં આવે તો તે કહે કે 'હું મારી જાતને 'બિનગુનેગાર"

જાહેર કરૂં છું.' આ શબ્દની પ્રતીતિ, છે ક્રોધ નહિ હોવો, અભિમાન આવવું નહિ, કપટી નથી, લોભી નથી તે શબ્દો સારા. પછી ભલે પોતે ક્રોધ, માન, માયા, લોભ કરનારો હોય, છતાં ઉપર કહ્યા પ્રમાણે સારો લાગે છે. તેથી 'હું ક્રોધી વગેરે નથી' આવા શબ્દો પોતાના માટે કહેવા તૈયાર છે.

ધર્મનું સ્વરૂપ

આ અન્યમતવાળા જીવને જવાબદાર, જોખમદાર, 'કર્તુમ્, અહિ શક્તિવાળો માનતા નથી. છતાં પણ ધર્મ એવી ચીજ છે કે આપણી દુર્ગતિ રોકે ને આપણને સદ્ગતિ આપે. ઈશ્વરમાં લઈ લીધો ધર્મ પછી આ ધર્મધારી કેટલા ? માટે ઈશ્વરને એક બાજુ મૂકે છે તો આમે બોલાય અને આમે બોલાય. ઊંડા ન ઊતરીએ તો શું થાય ? હવે એક વસ્તુ કબૂલ કરીને તેના ઉપર ચાલીએ; પછી ગમે તે રીતે કબૂલ કરી હોય. ફળની અપેક્ષાએ બધા આસ્તિકો એક રૂપે છે. કોઇ પણ એમ નથી માનનાર કે મારો ધર્મ સદ્ગતિ નહિ આપે !' સદ્ગતિ રોકશે, દુર્ગતિ નહિ રોકે ને દુર્ગતિ આપશે. પણ સદ્ગતિ આપનાર અને દુર્ગતિ રોકનાર એવો ધર્મ છે. એ વાત સર્વ આસ્તિકોએ એકમતે કબૂલ કરેલી છે. હંમેશાં નિયમ છે કે એક વખત કબૂલ કરી લે પછી તેની મહેનત હોય, અને પછી આગળ ચાલવાનું કામ હોય. માટે **ષોડશકમાં** સીધા ધર્મની પરીક્ષામાં આવ્યા, કારણ કે દરેક મતે કબૂલ કરી લીધું કે દુર્ગતિ રોકનાર અને સદ્ગતિ આપનાર 'ધર્મ' છે. આ માની લીધું.

તેના ઉપર આગળ ચાલીએ.

"**सिद्धस्य गतिःचिन्तनीया.**" જે વસ્તુ સાધી લઈએ તેનો આગળ ઉપયોગ વિચારવાનો. અર્થાપત્તિથી ધર્મ કરીશું તો સદ્ગતિ મળશે; અધર્મ કરીશું તો દુર્ગતિમળશે. ફળો બધાએ નક્કી કર્યાં. અધર્મ કરી લીધો તો તેના ફળ તરીકે પોતાના જીવની જવાબદારી અને જોખમદારી. આડું નાક છે માટે પડી ગયો. તેવી રીતે અહીં આગળ દુર્ગતિ રોકનાર અને સદ્ગતિ આપનાર આપણે ધર્મને કબૂલ

કરી લીધો. ઠેકાણે ઠેકાણે ધર્મનું સ્વરૂપ ફળ દ્વારાએ દેખાડયું, સર્વ પર્ષદાની અપેક્ષાએ. દુર્ગતીત્યાદિ શ્લોક છે.

સિદ્ધાંતના પ્રકાર

સર્વ સામાન્ય રીતે સિદ્ધાંત ચાર પ્રકારનો છે : (૧) સ્વતંત્ર, (૨) પરતંત્ર, (૩) અભ્યુપગમ અને (૪) અધિકરણ.

(૧) **સ્વતંત્ર સિદ્ધાંત** કયો ? આપણે જેને માનીએ તેને બીજાઓ ન માને તેનું નામ સ્વતંત્ર. જેમ ધર્માસ્તિકાય વગેરે જૈનો માને છે, બીજાઓ નથી માનતા તો તે સ્વતંત્ર સિદ્ધાંત.

(૨) પણ પુદ્ગલાસ્તિકાયમાં આવો. ઔદારિક ભાષા, મનના પુદ્ગલો, શ્વાસોશ્વાસના પુદ્ગલો કહેવા માંડો ત્યારે તે કોઈને માન્યા વગર ચાલે તેમ નથી તેથી તે **પરતંત્ર સિદ્ધાંત**

(૩) **અભ્યુપગમ.** એક વાત કબૂલ કરવી નથી. પેલાએ ખડી કરી, તેનું ખંડન કરવું પડે ત્યારે તે વસ્તુ લઈ ને તેને બાધ આપીએ ત્યારે ને ? અશુદ્ધિ લાગી હોય ને ધોવી પડે તો હાથ બગાડવો પડે. બીજાએ કંઈ કહ્યું તે કહેવું પડે. જો તે કહ્યું તે પ્રમાણે માનીએ તો આમ અડચણ આવે. આમ માનીએ તો અડચણ ન આવે તેથી માનવું તે **'અભ્યુપગમ સિદ્ધાંત'** પળવાર માટે માની લો કે આમ હોય તો તેમાં આ વાંધો તેમ, જેમ આ દુનિયાદારીમાં કહેવાય છે તે પ્રમાણે.

(૪) **અધિકરણ સિદ્ધાંત** : અધિકરણ વસ્તુ સાબિત કરીએ તો તેમાંથી બીજી કહેવાઈ જાય "નમો અરિહંતાણં" બોલ્યા. અહીં કોઈ કહે કે શાસ્ત્રકારને લગામ વગર બોલવું પડે. કેમ ભાઈ? નવકાર ગણ્યો તેમાં ૫૦૦ સાગરોપમ નરકનું આયુષ્ય તૂટયું. નવકારશીના પચ્ચક્ખાણમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય તોડયું. 'લગામ નથી' તે બોલનારે વિચારવું જોઈએ કે નવકાર 'અધિકરણ સિદ્ધાંત' માનીને કહ્યો છે.


નવકારશીના પચ્ચક્ખાણમાં જિનેશ્વરે આત્માને કર્મબંધ ન કહ્યો. તપ કરવાનું તેથી કર્મ તુટવાનું છે તે સાચું છે. માટે આટલું તપ કરું છું. તેમાં કર્મ તોડવાની બુદ્ધિ છે. એક જ 'નવકારશી' શબ્દ

માટે છે. તેને કેટલા સિદ્ધાંતો માન્યા ? જીવને જવાબદાર, જોખમદાર અને જિનેશ્વરના વચનને 'તહત્તિ' માને. તપસ્યાને નિર્જરા માને છે. તેથી આટલી તપસ્યા કરે છે.

આ બધો વિચાર કરશું તો માલમ પડશે કે 'નમો અરિહંતાણું' તે સૃષ્ટિના સર્જનહાર તરીકે કે જન્મ આપનાર તરીકે માનતો નથી. પણ હું સ્વતંત્રતાના સર્જનરૂપ એવાને નમસ્કાર કરૂં છું. જો અધિકરણ-સિદ્ધાંત' ન સમજે તો એક નવકારશીના પચ્ચક્ખાણમાં શું ? તે અહીં નથી હોં. જરાક અધિકરણ-સિદ્ધાંત વિચારો, એક વાતથી કેટલા સિદ્ધાંતો માન્યા ? આવી જેની માન્યતા થઇ તે શું ન તોડે ?

અહીં આગળ બીજા લોકો ઈશ્વરને કર્તા માનતા જાય. તે પણ દુર્ગતિને રોકનાર અને સદ્ગતિને આપનાર માની લે છે. માટે જૈન સિદ્ધાંતમાં આવો ભાવ આવે છે. આ ભાવ સૃષ્ટિના સર્જનમાં છે નહિ. અધિકરણ-સિદ્ધાંત જેણે માન્યો તેણે સ્વતંત્રતાનું સર્જન માની લીધું છે. આ ફળ દ્વારા સર્વવાદીઓ સ્વતંત્રતાના સિદ્ધાંતને વળગવા આવેલા છે. તેથી તે વાત કહે છે.

માટે **શય્યંભવસૂરિએ** સાધુને સંયમમાં ચલાવવા હતા તેથી આ સ્વરૂપ કહ્યું, ફળ નહિ એવો 'ધર્મ' શબ્દ માત્ર લીધો, પણ 'ધર્મ' શબ્દ માન્યાથી ધર્મનું કાર્ય ન થાય. ત્યારે ધર્મ સ્વરૂપે હોવો જોઈએ. તે શી રીતે જણાય ? તો તેને માટે ત્રણ વસ્તુ બતાવી. બાળક પ્રીતિ બાહ્યમાં જ કરે છે, એટલે જે વર્તનને પોતે દેખે છે. મધ્યમ બુદ્ધિ લિંગ દેખે છે; આચાર, વિચારને દેખે છે. જે આગમ તત્ત્વની પરીક્ષા કરે તે પંડિતો. તેને ધર્મના ધોરી ગણવામાં આવે છે. તેમની દૃષ્ટિ કઈ હોય ? માત્ર વચન ઉપર લીન હોય માટે ' **वचनाराधनाया खलु**'. સિદ્ધાંતો માટે એક જ માર્ગ છે. વચનની આરાધના તે જ 'ધર્મ' છે. હવે વચનની આરાધનાથી ધર્મ કઇ રીતે થાય ? તેનું સ્વરૂપ, વિષય શું ? તે જણાવશે તે અત્રે વર્તમાન.



ધર્મનું નિરૂપણ



આર્યનું લક્ષણ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ જગતભરમાં આર્ય પ્રજા માત્ર ધર્મને માનનારી છે. તેથી શ્રુતકેવલી ભગવાન **ભદ્રબાહુસ્વામીજીએ** જનસમુદાયની અપેક્ષાએ આર્ય ને અનાર્યનું લક્ષણ કરતાં જણાવ્યું કે જ્યાં ધર્મ એવા અક્ષરો સ્વપ્નને પણ ન હોય તેને 'અનાર્ય' કહેવો. સ્વપ્ન ક્ષેત્રને ન હોય, પણ મનુષ્યને હોય. જગતમાં પણ શબ્દ પ્રસિદ્ધ હોય તો તેનો પદાર્થ કોઈ વિચારવા બેસતો નથી, પણ શબ્દનો સીધો વ્યવહાર દુનિયા કરે છે.

આર્ય શબ્દની સમજણ

જગતે અને જૈનેતરોએ 'ઈશ્વર' એવો વ્યવહાર કર્યો પણ તે સર્વજ્ઞ, વીતરાગ છે માટે પરમેશ્વર માનીએ છીએ તેમ નથી રાખ્યું' પણ 'જગત' કરીને ચાલ્યા માટે તેઓ પરમેશ્વર માને છે. પણ તેનું સ્વરૂપ કયું? તે અંગે વિચાર ન કરે. 'આર્ય' શબ્દ દરેકના ખ્યાલમાં છે ને દરેક વાપરે છે. પોતે 'આર્ય' કહેવડાવવા માંગે છે, પણ 'આર્ય' શબ્દ કેમ બન્યો તેનો ખ્યાલ નથી. માટે જણાવે છે કે–**आराद्–हेयधर्मेभ्यो याताः–प्राप्ताः उपादेयधर्मैरित्यार्याः (प्रज्ञा० पृ० ५९)** પહેલેથી છોડવા લાયક વસ્તુથી દૂર રહેલા તે 'આર્ય', આપણે હિંદુને માટે લઈએ તો જન્મથી માંસ, મદિરાથી દૂર રહેલા. જૈન અંગે લઈએ તો જન્મથી રાત્રિભોજન, કંદમૂળથી દૂર રહેલા. તેમ આર્યમાં જે જે પાપનાં કારણો તેનાથી દૂર રહેલા છે તે માટે આર્ય. પાપથી દૂર રહેવું–ધર્મમાં

તમન્નાવાળા રહેવું. **આરાદ્૦** આ વિચાર કરીએ ત્યારે **ભદ્રબાહુ સ્વામીએ** જે લક્ષણ કર્યું કે અનાર્યથી ભિન્ન તે 'આર્ય'. જેમાં ધર્મ એવા અક્ષરો સ્વપ્ને પણ ન હોય તે જનસમુદાય 'અનાર્ય' અને જેને ધર્મની તમન્ના હોય તેને 'આર્ય' કહીએ. માટે આર્ય માત્ર ધર્મની ઈચ્છાવાળો છે, પણ ધર્મ તે ઇન્દ્રિય અને વ્યવહારનો વિષય નથી.

મતભેદ ક્યાં હોય?

જગતમાં ઇન્દ્રિય અને વ્યવહારના વિષયમાં કોઇને મતભેદ હોતો નથી. ભલે પૂર્વ છેડાથી પશ્ચિમ છેડે જાઓ. ત્યાં બે ને બે 'ચાર' કહેશે પણ કોઈ પાંચ નહિ કહે. તેમ ગોળને મીઠાશવાળો અને લવણને ખારું કહેશે, પણ બીજું નહિ કહે, માટે તેમાં મતભેદ નહિ પડે. પણ **જગતમાં જે બુદ્ધિનો વિષય હોય કે જે અક્કલનો વિષય હોય ત્યાં મતભેદને અવકાશ છે.** તમારે બજારમાં કોઇને મંદી અને કોઇને તેજી લાગે તેમાં મૂર્ખો કોણ! બેય રાજા પરસ્પર લઢે છે, બેય જીતનારા છે. એકેને હારવાનું લાગતું નથી. તેથી જણાવે છે કે ભવિષ્યના, અકકલ-બુદ્ધિના વિષયમાં મતભેદ હોય છે પણ મતભેદ ન હોય તેમ નથી. ઇન્દ્રિય અને વ્યવહારના વિષયમાં મતભેદ રહેલો છે. તો પછી આ તો 'ધર્મ' શબ્દ. એ બોલવો ઘણો સહેલો પણ તેના દાખલા, ગુણ વગેરે વિચારીએ ત્યારે મુશ્કેલ.

ધર્મનું નિરૂપણ કોણ કરી શકે?

પહેલાં તો આ આત્મા 'જીવ' પદાર્થ દેખે. જ્યારે શુદ્ધ પરિણતિ થાય તેને ધર્મ અને અશુદ્ધ પરિણતિ થાય ત્યારે તેને અધર્મ માનનારો થાય, પણ 'જીવ' પદાર્થ ન દેખે તો શુદ્ધને શુદ્ધ અને અશુદ્ધને અશુદ્ધ કહી શકે કયાંથી? હવે ધર્મ, તેનાં અનુષ્ઠાનો ને તેના રિવાજો તે બીજાઓને અનુકરણ કરવાં પડે. કોને? જેઓ આત્માને સાક્ષાત્ જાણતા નથી તેમને માટે ધર્મને કહેનારા હોય તેને સર્વજ્ઞપણું હોવું જોઈએ. તે સિવાય અરૂપી એવો 'આત્મા'-પદાર્થ જાણી શકાય નહિ.

માટે જ કહે છે કે જે આત્માની પરિણતિ શુભ-શુદ્ધ થઈ કે અશુભ-અશુદ્ધ થઈ તે ન જાણે તો પછી આત્માએ શું પરિણામ નીપજાવ્યું તે તો કયાંથી જાણે? માટે ધર્મનું નિરૂપણ કરી શકે; તો કેવળ સર્વજ્ઞ વીતરાગ ભગવાન જ કરી શકે તે સિવાય ધર્મનું નિરૂપણ કરવાનો કોઈને હકક નથી. જેઓએ પોતાના પરમેશ્વર માન્ય છતાં તેને સર્વજ્ઞ ન માન્યા હોય તેવા લોકો જીવને જાણતા નથી. અને તે જીવો ધર્મની વાત કરે તે પારકું સાંભળીને-અનુકરણ કરીને બોલે છે.

હવે અહીં તમે કહેશો કે સર્વજ્ઞ ધર્મ કહે તે સિવાય કોઈ જાણે નહિ અને જ્યારે જાણે નહિ તો ધર્મ કહી શકે નહિ! તો પછી તમે કેવળજ્ઞાની તીર્થંકરો સિવાયના વખતમાં શાસનને કેવી રીતે માનો છો?

તમારી વાત ખરી. પણ તીર્થંકર, અને સામાન્યકેવળી સિવાયનાને ધર્મનું નિરૂપણ કરવાનો હકક નહિ તે શાસનને કેવી રીતે માનો?

ત્યારે કહ્યું કે શાસન કેવી રીતે ચાલે છે તે તપાસ્યું? તો તીર્થંકરોએ જે સ્થાપેલું તે ચાલે છે, પણ સ્થપાતું નહિ. ત્યારે સ્થાપેલામાં પણ તે કહી, ગયા છે તે અમે કહીએ છીએ. માટે **जिणपन्नत्तं तत्त**'' આપણું નહીં હું કહું છું તે પણ નહિ; પણ આ કહે છે તે આપણે કહેવું પડે છે. જ્યારે કોઈ કહે કે હું કહું છું. તે વખતે આપણે પૂછીએ કે 'મહારાજ! આ કયા શાસ્ત્રમાં છે.?' માટે અમે તો શાસ્ત્રના અનુસારે બોલવાને બંધાયેલા છીએ તેથી તમે પૂછોને કે 'કયાં શાસ્ત્રમાં?' તમે જૈન સાધુને પૂછો કે 'કયાં પુરાણમાં?' તો તે કહેશે કે હું તે કહેવા બંધાયેલો નથી. પણ કોઈ પૂછે કે કોઈ પંચાંગી સૂત્રમાં લખ્યું છે? તો તેનો ઉત્તર દેવો પડે કે 'ફલાણા શાસ્ત્રમાં છે.' ત્યારે કેવળજ્ઞાનીને શાસ્ત્રમાં આમ કહ્યું છે માટે હું કહું છું' તેમ નહિ પણ "**मए पन्नत्तं**" મેં કહ્યું (હું કહું છું).

જીવાદિના મૂળ તત્ત્વોનું નિરૂપણ જેમ સર્વજ્ઞોનું છે, તેમ ધર્મનું નિરૂપણ સર્વજ્ઞોનું છે. જે આત્માને શુભ, અશુભ, શુદ્ધ, અશુદ્ધ

પરિણતિ શાથી થાય તે જાણે, તેનાં ફળો જાણે, તેમજ કર્મ કેવી રીતે બંધાય છે? કર્મ કેવી રીતે નાશ પામે છે? ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવ કઈ રીતે થાય છે? તે બધી વસ્તુ જાણે તેથી તેને નિરૂપણ કરવાનો હક્ક છે. આપણે તો તેને નામે હવાલો નાંખનારા છીએ. જેમ શેઠનો મુનિમ ગમે તેટલી લેવડદેવડ કરે, પણ લખાવે શેઠના નામે. તેમ અહીં ગમે તેટલું નિરૂપણ કરે પણ તે તેમના નામે. ધર્મ તત્ત્વ આર્ય માત્રે ઇચ્છેલું છે, પણ તે પ્રગટ કરવાની તાકાત કોની? તે જાણવાની તાકાત કોની? કેમકે તે કહેનારની યોગ્યતાને વિચારવા જૈનેતરો તૈયાર નથી. તેઓ એ વિચારવાને તૈયાર નથી કે જીવને શુભ, અશુભ, શુદ્ધ, અશુદ્ધ પરિણતિ અને પરિણામ થાય તે જીવનું સ્વરૂપ છે, પણ તેને જાણવાની તાકાત નં હતી, છતાં સર્વજ્ઞ માનવાને તૈયાર છે. કોઇ પણ પોતાના પરમેશ્વરને અપૂર્ણ માનવા તૈયાર નથી. પછી ગમે તે આસ્તિકો લો. તે બધા જ્ઞાનમાં પૂરો માનવાને તૈયાર છે. તેમને જ્ઞાનમાં અધૂરો માનવો પાલવતો નથી.

કર્મના બંધનાં દ્વાર

જ્ઞાનને રોકનારાં કર્મો બંધાય શાથી? રાગદ્વેષની પરિણતિથી બીજાં કર્મો તે તો પગથિયાં છે. ખરેખર બંધનું દ્વાર રાગ અને દ્વેષ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયાદિ કર્મ બંધાય તે રાગ ને દ્વેષ દ્વારાએ. સર્વ કર્મની સ્થિતિ રાગદ્વેષ વગરની હોય નહિ. જોગા પયડિપએસં ઠિઇઅણુભાગં કસાયાઓ (કર્મ૦ ૬, ગા૦ ૯૬)

કર્મબંધ કયારે ન થાય?

જોગની પ્રવૃત્તિ એટલે કષાય અને ઇન્દ્રિય વગરના વિચારો, સાધ્ય વગરના વિચારો અને તે વગરના આચારો અને તે વગરના ઉચ્ચારો ટકાઉ કર્મ બાંધી શકતા નથી. જેમ સૂકી ભીંત ઉપર કાંકરીની મુઠીના જેવાં કર્મ બાંધે, જેમ તે કાંકરી ભીંતને લાગી નહિ તેમ અહીં પણ જ્યાં કષાયની, પ્રમાદની ને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ નથી ત્યાં આગળ આચાર, વિચાર, ઉચ્ચાર થયે કર્મ બંધાય.

ખરાં પણ તે સૂકી ભીંત ઉપર નાખેલી કાંકરી જેવાં બંધાય છે. જેમ તે કાંકરીની મુઠી ભીંત ઉપર નાંખી તે જેમ એક મિનિટ પણ ભીંતને ચોંટતી નથી તેમ કષાય, પ્રમાદ, ઈન્દ્રિયોથી કર્મ ન ભરાય. પછી ભલે મનથી, વચનથી, કાયાથી વિચારો, ઉચ્ચારો, પ્રવૃત્તિ થાય પણ તેથી જે કર્મ આવ્યાં તે ચાલ્યાં જવાનાં, તેથી કર્મને ટકવાનું સ્થાન નથી. કર્મને કષાય અને ઈન્દ્રિયો રસ્તા બતાવે છે.

ઈન્દ્રિયોની આસક્તિ અને કષાયનો વેગ તે વગરના પરિણામ હોય તો કર્મબંધ થતો નથી. આંખ મીંચીને ઊઘાડીએ તેટલામાં અસંખ્યાતા સમયો વીતી જાય. એ ઉચ્ચારણનો અસંખ્યાતમો ભાગ તે કેટલો બારીક ? તેમાં બંધાયાં, ભોગવ્યાં અને તૂટયાં. કેવાં ? જેમાં કષાય અને ઈન્દ્રિયની પરિણતિ ન હોય અને આચાર, વિચાર, ઉચ્ચાર પ્રવર્તતાં હોય તેવાં.

હિંસા પાપનું સ્થાનક છે, પાપ નહિ.

આ વાત વિચારશો તો તમે સમજી શકશો. પહેલા પાપસ્થાનકનાં પ્રાણાતિપાતનું સ્થાન. તમે અઢાર પાપસ્થાનક કેમ બોલો છો? પાપ બોલોને ? તે માટે કહે છે કે ઈન્દ્રિય અને કષાય મળે તો હિંસાથી પાપ થાય તે ન મળે તો આપોઆપ પાપ રોકાય. એક માણસ સવારે સામાયિક કરવા બેઠો છે તે વખને કોઈ આચાર્ય મહારાજ આવે છે. તે વખતે એક માણસ કહે કે 'મારે સામાયિક છે, માટે હું સામે જતો નથી, પણ જેને સામાયિક નથી થતું તે સામો જાય છે. તો તે બેમાં આરાધક કોણ? તેમજ મહાફળ કોને મળે? "महाणस्स समणस्स वा" ત્યારે કહે છે કે સામા જનારના ફળનો પાર નહિ, તો તે કયાંથી આવ્યું ?

પૂંજો તેટલી ક્રિયા થઇ. તેમાં તો તમે શામાં વધશો ? પડિલેહણ કરશો કે નહિ ? શા માટે કરશો ? ત્રસની જયણા અને સ્થાવરની જયણા થાય પણ તેની વિરાધના ન થાય તે બુદ્ધિથી પડિલેહણ કરવાનું. પાત્ર પડિલેહણ તે નિર્જરાનું કારણ છે. આંખ મીંચીને ઊઘાડે તેટલામાં કાયિક, વાચિક ને માનસિક એ ત્રણ ક્રિયા લાગી કે નહિ ? પૂંજણીમાં

તો તે ધર્મની ક્રિયા કે પાપની ? માટે જણાવે છે કે ધર્મના નામે પાપથી ભરમાવતા હોય તેને કહીએ કે તમે પૂંજણીથી પડિલેહણ કર્યું તે ધર્મની બુદ્ધિથી કે પાપની બુદ્ધિથી?

માટે મહાનુભાવ, સમજ કે ધર્મની બુદ્ધિએ મહાપાપ કર્યાં ? જે યજ્ઞ આદિ ધર્મો જેમાં પંચેન્દ્રિયનો વધ થતો હોય તેવો યજ્ઞ જેઓએ માન્યો તેથી આ જાનવરો પેદા કર્યાં ને તે યજ્ઞમાં હોમવા માટે કર્યાં ! માટે યજ્ઞમાં જે હિંસા થાય તે હિંસા નથી. હિંસા કરતાં ધર્મ અને ધર્મ કરતાં હિંસા થાય તેમાં ફરક છે. સાધુ માટે અસૂઝતું કર્યું. કેમ? તમે ચૂલો શાંત કર્યો હતો ત્યાર પછી સાધુમહારાજ આવ્યા. તેથી તમે નવેસરથી ચૂલો સળગાવ્યો, તો આને એકાંતે મહાફળ થયું કે નહિ? ત્યારે સૂત્રના નિયમે અલ્પ પાપ અને બહુ નિર્જરા થઇ કહેવું પડશે. [૧]ભગવતીજીમાં ને ઠાણાંગજીમાં પણ અનેષણીઅ, અફાસુ આહારાદિ સંયમીને વહોરાવે તો બહુ નિર્જરા ને અલ્પ પાપ કહ્યું છે. હવે તું કહે કે આ બહુ નિર્જરા કોના ઘરની? ધર્મના નામે હિંસાથી બહુ પાપ થતું હોય તો આ બહુ નિર્જરા શાથી? માટે હિંસા પાપનું સ્થાનક છે પણ પાપ નથી.

દહેરાવાસી કે મંદિરમાર્ગી?

સ્થાનક શા માટે? સ્થાનકવાસીનો અર્થ શો? પાપસ્થાનકને અંગે સ્થાનક પ્રસિદ્ધ છે. શાસ્ત્રની અપેક્ષાએ સ્થાનકવાસી કહેનારા શું પોતાને તેના સરખા ગણે છે? કારણ કે એક ઈતર માને પણ જ્યાં બે સંબંધી જ્ઞાન હોય ત્યાં પાસે ને પાસે રહેનારા હોય તો પાસે યાદ આવી જાય. જેમ રામ યાદ કરો એટલે લક્ષ્મણ, સીતા યાદ આવી જાય. પાપ સ્થાનકમાંના 'સ્થાન' શબ્દને પકડ્યો તેથી બીજો શબ્દ કયો યાદ આવે? પાપ. પાપ અને સ્થાનક એટલે તેમાં વસનારા. આપણામાં પણ કેટલાક એમનું જોઈને 'દહેરાવાસી' શબ્દ વાપરે છે. પણ તેમને પૂછીએ કે

---

૧ समणोवासगस्स णं भंते! तहारुवं समणं वा महाणं वा अफासुएणं २ असणं ४ पडिलाभेमाणस्स किं कज्जइ?, गोयमा! बहुतरिया निज्जरा कज्जइ अप्पतरे से पावे कम्मे कज्जइत्ति (भ० टी० ५० २२६)

તમે 'દહેરાવાસી' ક્યાંથી થયા? 'મંદિરમાર્ગી' કહો તે તો ઠીક છે. તેઓએ તમારે માટે 'દહેરાવાસી' કહ્યું તે તમે કબૂલ કર્યું કેમ? તેઓ 'સ્થાનકવાસી' બન્યા તેથી તેઓ તમોને 'દહેરાવાસી' કહેવા લાગ્યા.

ભાટ અને ચારણ

જેમ રસ્તામાં એક ચારણ જતો હતો. ત્યાં રસ્તામાં ભાટ મળ્યો. ત્યારે ચારણે પૂછ્યું કે તમે કોણ છો? ત્યારે પેલાએ કહ્યું કે હું ભાટ છું ત્યારે ચારણે મશ્કરી કરતાં કહ્યું કે–" ભાટ ભાટ ભાટુડો ગળે બાંધ્યો ચાટુડો" તેથી તમે ખુશ થાવ પણ તે ચારણ માફક બોલી ન જાણો. પણ ભાટે પોતાની મશ્કરી થયેલી જાણીને તેને પણ ચારણને કહ્યું કે–"ચારણ ચારણ ચારણિયો ગળે બાંધ્યું ઘંટીનું પૈડું." કહો આમાં કવિતા છે? ના. સામો બોલ્યો એટલે આપણે પણ બોલવું, તેમ સ્થાનકવાસીએ તમને 'વાસી' શબ્દ જોડી 'દહેરાવાસી' કહ્યું તમે તે કબૂલ કરી લીધું. ઓઢી નાંખેલી મૂર્ખાઈ કોણે ઊભી કરી? પેલાઓએ ભૂલ કરી તેથી.

સ્થાનક શબ્દનો ઉપયોગ

સ્થાનક શબ્દો ક્યાં જોડાય? અઢાર પાપનાં કારણો છે તેથી પાપ સાથે દુઃખ સાથે જોડાયો છે.

હવે તમને પૂછીએ કે સામાયિકવાળો આરાધક કે સાધુને સામે લેવા જનારો આરાધક? સામો જવાવાળો તે બોલને? શાસ્ત્રકારે અલ્પ પાપ અને બહુ નિર્જરા કેમ કહી? પણ તમારે અંગે સામા આવનારે તો ધર્મને અંગે પાપ કર્યું ગણાયને તેથી તમારે બધી છૂટ એમને? માત્ર ભગવાનનું નામ ન આવવું જોઈએ. માત્ર ભગવાનનાં વચનો પકડે. તમારા સામા આવે તેનો નિષેધ કર્યો? તમને દીક્ષા, મરણના વરઘોડા કબૂલ, પણ ભગવાન ન જોઈએ. ત્યારે તે લોકો વેરી કોના? ભગવાનના, બીજાના નહિ! તેઓ એને જ 'ધર્મ' ગણે છે આ ધર્મ નહિ ગણનારો સામા જવાને પાપ ગણે છે? ના. પણ મોટું ફળ ગણે છે.

રેવતીનું ઉદાહરણ

મહાવીર મહારાજ માટે **રેવતી**એ પાક કર્યો તેથી તેણે

નરકનું આયુષ્ય બાંધ્યું કે નહિ? અને તે નરકમાં ગઈ કે નહિ, તે તે જણાવને? **મહાવીર** મહારાજ કેવળજ્ઞાની હતા તો તેમને રોકી કેમ નહિ? છતાં **રેવતી** આવતી ચોવીસીમાં તીર્થંકર થશે ખરૂંને? શાથી? તીર્થંકર માટે કર્યું તેથી? તમારે હિસાબે તો નરકમાં રખડીને તેનો દમ નીકળી જવો જોઈએ ને? પણ રેવતી તીર્થંકર શાની? બીજા સાધુઓ અજાણતાનો લાભ લઈ શકે. અહીં તેવું નથી; તો પછી તે કેમ ડૂબી નહિ? કહો કે ધર્મને માટે છે તેથી તે ડૂબી નહીં. કાકાકાકી, મામામામી વગેરેને માટે હોય તો તે વાત જુદી છે. આતો 'મારે માટે તે પાક કર્યો છે.' તે લેતાં રોકયા કેમ? અને આવી રીતે રખડશે તેમ કહેવું હતું ને! હિંસા એ જ જો પાપ ગણવા જઈએ તો ક્ષીણમોહી થયા છતાં ક્રોડ સુધી રહે તે શું? કેવળી થયા પછી ફૂલ વગેરે નાંખ્યાં. જોજન જોજન સુધી ભૂમિ સાફ કેમ દેવતાએ કરી હશે? તૃણ, ઘાસ વગેરે બધું કેમ કાઢી નાખ્યું હશે? વગેરે આ બધું કોના અંગે? શું ઔરી છોકરાને અંગે? વળી તમારી અપેક્ષાએ તે બધા નરકે જવા જોઈએ ને? ત્યારે ધર્મને અંગે કર્યું તેથી તે કર્યુંની દશામાં આવવાના.

ભગવાન પોતે દક્ષિણ દિશાના નારકનો નિષેધ કરે કે નહિ? પાપસ્થાનકના શબ્દનો ઉચ્ચાર નથી. હિંસાને પાપ માન્યું પણ સ્થાનક માનવાનું હતું તે ન માન્યું. પાપસ્થાનક એટલે પાપનું રહેવું, સ્થાનકમાં તો કોઈ હોય પણ ખરૂં કે ન પણ હોય.

હિંસા વગેરે પાપના સ્થાનક કેમ? પરિણામ ઈન્દ્રિયની આસક્તિ અને કષાયના વેગના હોય તો બંધાવે, નહિ તો ન બંધાવે, માટે 'સ્થાનક' શબ્દ કહ્યો.

જીભને હાડકું નથી

મૂળ વાતમાં આવો. યોગની પ્રવૃત્તિ થવાથી અને આહારાદિથી કર્મ આવી ગયું તોપણ તેમાં ઇન્દ્રિય અને કષાયો ભળ્યા ન હોય તો તે કર્મ ટકી શકતું નથી. પણ જેમાં ભળ્યા હોય તો તે કર્મ ખસી શકતું નથી.

સર્વજ્ઞ કોણ હોઈ શકે ?

જેને જ્ઞાનાવરણીય કર્મ બંધમાં ન હોય ને ઉદીરણામાં પણ ન હોય. ઉદીરણાના કારણભૂત, ઉદયના કારણભૂત એવા રાગદ્વેષ ન હોય તે જ સર્વજ્ઞ હોઈ શકે. તે સિવાય બીજા સર્વજ્ઞનો દાવો ભલે કરે. કેમ ? મોઢેથી બોલાવામાં વાંધો કોઈને નથી, કારણકે જીભમાં હાડકું નથી. તદ્દન કર્મના ભરેલા હો અને બોલો કે હું 'સર્વજ્ઞ' છું. તે બોલવાથી કાંઇ ગોદો વાગતો નથી. આટલા જ માટે આડુંઅવળું બોલાય છે. સર્વજ્ઞ હોય ક્યાં ? જ્યાં રાગ ને દ્વેષ ખસ્યા હોય ત્યાં સર્વજ્ઞ હોય. વળી જ્યાં ઈન્દ્રિય અને કષાયની પરિણતિ ન હોય, ત્યાંથી રાગ ને દ્વેષ ખસે; જ્યાં ઈન્દ્રિય અને કષાય ન ખસે તો ત્યાંથી રાગ ને દ્વેષ ખસે નહિ. પણ તેથી કર્મબંધ હોય અને કર્મબંધ હોવાથી સર્વજ્ઞ ન હોય. જેઓ સર્વજ્ઞપણાનો દાવો કરનારા હોય તેને વીતરાગપણું પહેલાં મેળવવું પડશે.

આપણામાં 'સર્વજ્ઞ' શબ્દ નહિ વાપરતાં 'વીતરાગ પરમાત્મા' શબ્દ વધારે વખત વાપરીએ છીએ. **પંચસૂત્રીમાં** મંગળાચરણમાં **નમો વીયરાગાણં** કહ્યું છે. આટલા માટે જ **હરિભદ્રસૂરીશ્વરજી** જેવા કહે છે કે આવા અપાયાપગમાતિશય, પૂજાતિશય વગેરેવાળા તે 'વીતરાગ.' **વીતરાગ વગર સર્વજ્ઞપણું હોતું નથી.** સર્વજ્ઞપણા વગર ધર્મનું જાણવું હોતું નથી અને આથી જ આવા વીતરાગપણા વગર ધર્મનું કહેવું હોતું નથી.

વીતરાગ પરમાત્માનો તડાકો

જૈન ધર્મ કહેનારા, નિરૂપણ કરનારા વગેરે માનીએ, તેને સર્વજ્ઞ વીતરાગ માનવા પડે. હવે તેઓ તેવા હતા તે શાથી માનવું ? આપણે જિન, વિષ્ણુ, મહમદ, બ્રહ્મા વગેરે દેવતા છે તેમાં ભગવાન કયા તે આપણે શું જાણીએ ? અને તેને પથ્થર માનો કે બીજું કંઈ ? 'આ આવા છે અને આ આવા છે' તે કહેવાનો હુકક શો ? આપણે મકાનમાં સૂતા છીએ, બાર વાગ્યા છે તેવામાં વાઘનો બૂમરાટો આવ્યો. તેથી 'વાઘ આવ્યો' કેમ બોલો છો ? તમે દેખ્યો

નથી છતાં 'આવ્યો' એ શાથી બોલ્યા ? અવાજ દ્વારાએને ? તેનો અવાજ જગતથી વિચિત્ર હોવાથી જણાય. વાઘને ઘુઘવાટા અને સિંહને તડાકા દ્વારાએ વગર દેખ્યો જાણ્યો. તેમાં શંકા રહે છે ? સાપના લીસોટામાં આપણને શંકા રહે છે પણ વાઘના ઘુઘવાટ અને સિંહના તડાકામાં શંકાને અવકાશ નથી. **શબ્દ એવી ચીજ છે કે પોતાના સ્વરૂપને પહેલાં જણાવે.** તેમ અહીં સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને દેખ્યા નથી પણ તેમનો તડાકો તૈયાર છે. કયો તડાકો ? ધર્મનું નિરૂપણ. ધર્મને નિરુપણ કરનારાં જે વચનો છે તે સિંહના તડાકા જેવાં તૈયાર છે. ધર્મ એ એક જ એવી ચીજ છે કે આ વચનથી–તેની આરાધનાથી ધર્મ થઈ શકશે.

હવે એક વાત વિચારો. દેવ, ગુરુ અને ધર્મનું આરાધન સીધું નહિ કહેતાં વચનને કયાંથી પકડયું ? દેવની અસલ જડ, ગુરુની અસલ જડ અને ધર્મની અસલ જડ હોય તો તે 'વચન' છે. વચન વગર એ ત્રણની કોઈ જડ નથી. તો હવે વચન એ બધાની જડ કેમ ગણી? અને તેની આરાધનામાં ધર્મ કઈ રીતે થાય ? એ અધિકાર જણાવશે તે અગ્રે વર્તમાન.








સુવર્ણને સુવર્ણ તરીકે જાહેર કરતાં ચોકસીએ પિત્તળ અને પિત્તળના વહેપારીઓની દરકાર લવલેશ કરવાની નથી. તેવી રીતે ધર્મને ધર્મ તરીકે જાહેર કરતાં ધર્મીએ અધર્મ અને અધર્મીઓને અંશભર પણ શરમ રાખવી ન પાલવે.







વચનની આરાધના



શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન હરિભદ્રસૂરિજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારભરમાં સર્વ આસ્તિક વર્ગ ને સર્વ આર્ય વર્ગ ધર્મની ચાહનાવાળા છે. કોઈ પણ જીવનને 'મહેલ' બનાવાવાળો મનુષ્ય ધર્મને માન્યા વગર રહે નહિ, પણ જેને જીવન જેલરૂપ બનાવવું છે તે ધર્મને ન માને. કેમ? કેદીની દૃષ્ટિ મકાનની આગળપાછળ ન જાય, કારણ કે તે કેદખાનું છે. જેઓએ આ જીવનની બહાર દૃષ્ટિ ફેરવી નથી તેમને તો ઉત્તર પૂર્વ વગેરે ભવોમાં ફરવાનું કયાંથી હોય? કેમ? તો પહેલાં આ જીવન શાથી મળ્યું? આનું ફળ શું? તે જેને વિચાર્યું નથી એટલે કે મનુષ્યો ગયા જીવન ઉપર વિચાર કરતા નથી. ગયા જીવનમાં જેણે દૃષ્ટિ ફેરવી નથી, જેની જતી નથી, જેણે આવતા જીવન ઉપર દૃષ્ટિ ફેરવી નથી, જેની જતી નથી. તે આ ભવને જ દેખે છે. માટે આ ભવની કોટડીમાં દેખનારો તે 'કેદી.' આ ભવની કોટડીમાં તો જાનવરો પણ દેખે છે, જાનવરો પોતાનાં સુખ, સ્થાન, શરીર અને સંતાનોનું રક્ષણ કરે છે.

મનુષ્યપણાની વિશેષતા

આ જન્મને અંગે જાનવરો, પશુ, પંખી બધાં પણ વિચાર ધરાવનારા હોય છે તો પછી મનુષ્યપણામાં અધિકતા શી? દુનિયાદારીની દૃષ્ટિએ શાસ્ત્રકાર ગર્ભજ મનુષ્યમાત્રને વિચારવાળા ગણે છે. પણ તે કોની દૃષ્ટિએ? જગતના વ્યવહારની, પણ તત્ત્વદૃષ્ટિએ નહિ. તત્ત્વદૃષ્ટિએ ગર્ભજ મનુષ્ય, દેવતા, નારકી કે ગર્ભજ તિર્યંચને વિચારવાળા ગણવા તૈયાર નથી. એકે એક

દેખતો છે, આંધળો નથી. ગયો અને આવ્યો. બીજો કહે: 'અથડાયો કેમ?' કે ત્યારે કહે કે 'દેખે છે કે આંધળો છે?' શાથી? આંખનું કામ જોવાનું છે, છતાં તે કામ ન કર્યું. દેવતામાત્ર નારકીમાત્ર મનવાળા હોય, પણ **એકે દેવતા કે નારકી મન વગરનો અસંજ્ઞી ન હોય** ત્યારે બધા મનવાળા, વિચારવાળા દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા છતાં દુનિયાદારીમાં શાસ્ત્રની દૃષ્ટિમાં નહિ, કારણ કે જેમને ભૂત, ભવિષ્યની જિંદગીનો, આત્માનો, તેના સ્વરૂપનો, તેની મલિનતાનો, નિર્મળતાનો પરમ દશાનો વિચાર ન હોય તો તેમને કર્યું શું?

વિષયોને અંગે તો અત્યારે વિચારવાળો છે. તે વિચારો વિકલેન્દ્રિયને છે. અહીં પતાસું હોય તો કીડીની દરથી લાઈન લાગે પણ ફેંકો તો લાઈન તૂટી જાય. ગોળની કાંકરી મૂકો તો માંખી આવે પણ ફેંકી દો તો બધી ભાગી જાય. વિષયના વિકારો જો સંજ્ઞાનાં કારણો હોય તો એ વિકલેન્દ્રિયમાં હતાં. મનુષ્ય કરતાં વિકલેન્દ્રિયમાં એક એ અપેક્ષાએ વધારે છે. કીડીમાં ગંધ પારખવાની જેટલી તાકાત છે તેટલી આપણામાં નથી.

દીર્ઘકાલિકી સંજ્ઞા અને તત્ત્વદૃષ્ટિમાં ભેદ

પ્રાચીન કાળમાં રાજાઓ ખાવા બેસતા ત્યારે ચકોર પક્ષી રાખતા. કારણ? તેનો એવો સ્વભાવ કે ઝેરી વસ્તુ હોય તો રાડારાડ પાડે. તમને **સમરાદિત્યને** અંગે માલુમ હશે. કેમ? જ્યારે ઝેર દેવું હતું ત્યારે પરચુરણ ખાણા તરીકે વડાં કર્યાં, ભોજન કરી લીધું ચકોરને બેસેડયો પછી પેલી ઝેરી ગોળી આપી દીધી. ત્યારે પેલો પક્ષી દેખવા માત્રથી ઝેર પારખનારો. આપણે મનુષ્યોમાં છતાં સુંઘવામાં કે ગળીવાળું ઝેર હોય તો તે સીધું ચાલ્યું જાય–અસર કરે. **અર્થાત્ વિષયની દૃષ્ટિએ કીડી, માંખો જેવી છે તેવી દૃષ્ટિ પહોંચીએ તેવા નથી.** હવે જો આપણે પરભવનો વિચાર ન કરીએ તો આપણે કઈ દૃષ્ટિવાળા? તમે વિચારવાળા થયા એટલે શાસ્ત્રકારે દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા કહ્યા. પણ તત્ત્વદૃષ્ટિવાળા ન કહ્યા. પણ જેઓને

પહેલાંની અને પછીની જિંદગીનો વિચાર હોય તેને વિચારવાળો ગણે છે. એ વગેરેવાળા માટે આ 'સંજ્ઞા' શબ્દ રાખ્યો. કોને? તો મારો આત્મા ઉત્પન્ન થવાવાળો છે. આ કેટલાકને માલુમ નથી હોતું.

હું પૂર્વ–પશ્ચિમ વગેરેમાંથી આવ્યો છું; અહીંથી જવાનો છું. આ વિચાર અને સંજ્ઞા કેટલાકને હોય છે. માટે કેટલાકને દીર્ઘ-કાલિકી સંજ્ઞાએ વિચારવાળા ગણ્યા. છતાં શાસ્ત્રકાર આયંદે-ભૂતની, ભવિષ્યની જિંદગી માટે વિચાર કરનારને વિચારવાળા ગણે છે. તે જેને ન હોય તેને 'સંજ્ઞા' નથી હોતી. અહીં ઓઘ–હેતુવાદિકી કે દીર્ઘ–કાલિકી ન લીધી, આપણને પૂર્વાપર ભવનું અવલોકન, પૂર્વાપર જિંદગીનો વિચાર ન આવે પણ છતાં અમે મનુષ્ય છીએ તેમ કહેવા તૈયાર છીએ.

તમે મનુષ્ય કેમ? ઓસવાળ, પોરવાડ, શ્રીમાલી તે કુળમાં જન્મ્યા માટે તમે મનુષ્ય શાના? એનો જ પ્રશ્ન મનુષ્યને છે.

આ નરભવ તમોને કેમ મળ્યો? પેલાને કેમ ન મળ્યો? પણ આ તો વિચારવાળા હોય તે વિચારે. ગયા ભવમાં મનુષ્ય–ગતિ, મનુષ્ય–આયુષ્ય ને સાતાવેદનીય કર્મ બાંધેલાં છે તેથી તું આ મનુષ્ય થયો છે. **કષાયની અત્યંત મંદતા હોય તો દેવ થાય. કષાયની તીવ્રતા હોય તો નારકીમાં જાય. મંદતા હોય તો મનુષ્ય થાય** પરંતુ તેવાં ભાવોભવ જીવનનાં સાધનો ન હોય. ગતિ ને આયુષ્ય એ બન્ને મળ્યાં. ગર્ભમાં જન્મીને મરવાવાળા તે મનુષ્ય–ગતિ અને મનુષ્ય આયુષ્યવાળા છે? હા છે. પરંતુ તેની સાથે સાધન નથી.

પરાધીન જીવન કોનું?

મનુષ્યપણું એવું છે કે પારકા સાધને તે ટકે, તે સિવાય ટકે નહિ; બીજા જીવો તો સ્વતંત્ર હક્કોવાળા, ત્યારે મનુષ્યોનું જીવન પરાધીન કેમ છે?

પૃથ્વી વગર તમારે ચાલે કે તમારા વગર પૃથ્વીને ચાલે?
પાણી વગર તમારે ચાલે કે તમારા વગર પાણીને ચાલે?
અગ્નિ વગર તમારે ચાલે કે તમારા વગર અગ્નિને ચાલે?

વાયુ વગર તમારે ચાલે કે તમારા વગર વાયુને ચાલે ?
તમારા વગર વનસ્પતિને અટકે કે વનસ્પતિ વગર તમારે અટકે?

યાવત્ હાથી, ઘોડા, ગાય, ભેંસ આ બધાને તમારા વગર અટકે કે તેનાં વિના તમારે અટકે ? ત્યારે કહેા કે બધાંને તમારા વગર નથી અટકયું પણ તમેાને તેના વગર અટકયું છે. આ કારણથી પરાધીન જીવન કેાનું ? પૃથ્વીકાયાદિનું કે તમારું ? આ બધા પદાર્થોને તમારા વગર અટકયું નથી, પણ આ બધા પદાર્થો વિના તમારું અટકયું છે. તેથી તમારું જીવન કેટલી ગુલામીવાળું ? તમે એવું કેાઈ પુણ્ય કર્યું છે કે જેથી તે બધા તમેાને આવીને મળે છે. પૃથ્વી, પાણી વગેરે તમારી તાકાતે આવે છે કે તેમની ભૂલે આવે છે? કહેવું પડશે કે તે વસ્તુઓ તમારી તાકાતે કે તેમની ભૂલે આવતી નથી. તેા આવે છે શાથી ? કહેા કે તમે પુણ્ય કર્યાં છે તેથી તે મળી રહેવાનાં,

હવે કેાઇ કહે કે કર્મ જડ છે તેા તે શું ફળ આપે ? માટે ફળ દેનાર બીજો જોઇએ ને ? આવું કહેનારે ઉપર જણાવ્યું તે પ્રમાણે વિચારી લેવું. **કર્મની તાકાત–તેમાં શુભ કર્મની તાકાત એટલી બધી છે કે બધાં સાધનો આવી મળે.**

આપણે મનુષ્યપણામાં જીવીએ કયારે ?
આ બધાં સાધનો મળે છે ત્યારે.
તે કેાણ મેળવી દે ?

જે નસીબ કે પુણ્ય માનો છે તે. જે જીવનમાં મદદગાર નથી, પણ વર્તનમાં મદદગાર અને સહકાર કરનાર છે. એકલા જંગલમાં હેાઇએ અને તેમાં પણ મધ્યમાં હેાઇએ તેા શું થાય ? તેથી સહકાર અને તેને લાયકનાં કર્મો કર્યાં હેાય તેા જ આ મનુષ્ય જીવનમાં આવવાનું બને, પણ કેાને આવવાનું બને? જેને આ વિચારવું હેાય તેને. આવા વિચારવાળાને અમે વિચારવાળા ગણીએ છીએ.

વિચાર શાનો કરવો ?

"गतं न शोच्यं" ગઈ વાત ન વિચારવી. થઈ ગયેલું ન વિચારવું.

સાધ્યતાથી નવું ઉત્પન્ન થયું તેમાં મનુષ્યપણું સિદ્ધ છે, માટે તેનો ઉપયોગ કેમ કરવો તે વિચારવાનું. આપણે જેવો મનુષ્યભવ, જેવું આયુષ્ય, જીવન અને નસીબ બાંધ્યાં તેવાં બંધાઈ ગયાં અને મળ્યાં. હવે એને ઉપયોગમાં કેવી રીતે લેવાં. જે વસ્તુ સિદ્ધ થઈ હોય તેનો ઉપયોગ કર્યા કરવો, તે વિચારવાનું હોય. જે ભવિષ્યકાળમાં થવાનું હોય તેને અંગે ઉપયોગનો અવકાશ જ આ ભવનાં કારણો છે, માટે ભવિષ્યના વિચાર આવતા ભવ માટે છે. કયાં કર્મો મનુષ્ય માટે છે, તેમજ કયાં સાધનો ને કયા સહકારો હું મેળવું, એવો જેઓ વિચાર કરે તેઓને શાસ્ત્રકાર વિચારવાળા ગણે છે, માટે તમારી જિંદગીને 'મહેલ' બનાવો; જેલરૂપ છે તેને સુધારી નાખો. એકલો આ ભવનો વિચાર કરે. છોકરા તે ખાલી કરાવશે તેની ચિંતા. તું ખાલી થાય તેની ચિંતા. છોકરા પાસે ખાલી કરાવે તે ચિંતા. હજારો પ્રયત્ન કર્યા છતાં પણ આ ખાલી થાય છે તેનું શું ? ત્યારે તેનું જ નામ 'જેલનું જીવન.' આ ખાલી થાય છે માટે બંદોબસ્ત કરું. આવો વિચાર થાય ત્યારે તેને મહેલનું જીવન ગણવું.

પહેલામાં પહેલા એવા **આચારાંગમાં**, તેના પહેલા શ્રુતસ્કંધમાં તેના પહેલા અધ્યયનમાં, તેના પહેલા ઉદ્દેશકમાં અને તેના પહેલા સૂત્રમાં જણાવ્યું કે વિચારવાળા કયારે ગણ્યા, તો ભૂત અને ભવિષ્યનો વિચાર કરો ત્યારે. એટલે **ભૂત અને ભવિષ્યનો જે વિચાર કરે તે 'વિચારવાળો' ગણાય.** ઇતિ પ્રયોજન અર્થમાં છે તેથી માર્ગણાને અંગે સંજ્ઞાવાળા ગણાય. પણ તે વ્યવહાર પૂરતા, તત્ત્વથી નહિ. પરંતુ ભૂતકાળનું, ભવિષ્યકાળનું જીવન તે વ્યવહારમાં આવે અને તેને અંગે વિચાર કરો તો 'વિચારવાળા' ગણાવ. આવી રીતે આર્યમાત્ર આસ્તિકમાત્ર વિચારવાળો કયારે ગણાય ? ભૂત ભવિષ્યના જીવનનો વિચાર કરે ત્યારે.

જીવની તાકાત

ભૂતકાળના જીવન માટે કહી શકીએ નહિ, પણ ભવિષ્યકાળનું જીવન અમારા હાથમાં છે. જેના માટે પ્રયત્ન ન ચાલે તો તે

માટે વિચાર કરવા શા કામના ? જે કર્તા–અકર્તા અને અન્યથા કર્તા-વાળો હોય એટલે જે બનાવી શકતો હોય, રોકી શકતો હોય અને પલટાવી શકતો હોય–આ તાકાત જેનામાં હોય અથવા તો આ ત્રણુ-માંથી એક તાકાત જેનામાં હોય તેનો વિચાર સફળ ગણાય, નહિ તો નકામો. અહીં તમને આવતો ભવ ખરાબ થતો હોય તો રોકવાની શક્તિ, તેમ આવતો ભવ સારો કરવાની શક્તિ અથવા તો ખરાબ થતો હોય તો સારો કરવાની શક્તિ. એમ ત્રણુમાંથી એકે શક્તિ નથી તો પછી તમે આવતા જીવનનો વિચાર કરવાનો શાથી કહો છો ? જે જીવમાં ત્રણુ તાકાત માને તે જ આવતા જીવનને માટે કરી શકે.

જૈન દૃષ્ટિએ જીવ અને દેવ

હવે કહે છે કે 'તાકાત નથી, એમ તમને કોણે કહ્યું, ભાઈ ? આ જીવમાં આવતા ભવ માટે ત્રણુ તાકાતો નથી તે કોણે કહ્યું ? જીવને ગુલામ રાખવા સર્જ્યો હોય તે તેમ બોલે. આ જીવ એટલે શું ? તે ચાહે તેવો હોય તો પણ 'ગુલામ.' જે ગુલામ હોય તેને જવાબદારી અને જોખમદારી નહિ. ખાણમાં જે મજુરો મોકલો અને તેને મળેલા માલને અંગે **જવાબદારી** તેમજ મળેલા માલને અંગે ભોક્તાપણું છે ? ના, ત્યારે તેને તો મજૂરી લઈને બેસી રહેવાનું છે, ત્યારે ખાણની જવાબદારી ને **જોખમદારી** કોની ? તેના માલિકની, પણ મજૂરની નહિ.

નોકર રાખ્યો હોય પછી ચાહે તો તેની પાસે નામું લખાવો કે ખેતરે મોકલો તો પણ તેની જવાબદારી અને જોખમદારી નહિ. તેવી રીતે જીવોને જેને માર્યા હોય તેવાને માટે તેવા માનનારા જીવો ત્રણે શક્તિમાં નથી. પરંતુ જૈન આલમ એમાં નથી, પણ તે જીવને જવાબદાર, જોખમદાર, તેમજ કરનાર, રોકનાર અને પલટાવનાર એમ એમ ત્રણે માને છે. જૈન આલમ સ્વતંત્રતાના સર્જનને માનનાર છે તેથી તે દેવ, ગુરુ અને ધર્મને સ્વતંત્રતાના સર્જન અંગે માને છે. સૃષ્ટિના સર્જનથી નહિ, પણ સ્વતંત્રતાના સર્જનથી માને છે. જે

પુદ્ગલની પેટીમાં, કર્મના પાંજરામાં હતા, તેમાંથી છૂટવા માટે દેવ. બીજાને છોડાવે છે તેથી દેવ.

ધર્મ એ એક અપૂર્વ સાધન

ગુરુનાત-જાતિ વગેરેથી છૂટયા છે ને બીજાને તેઓ છોડાવે માટે તેમને 'ગુરુ' માનીએ. દહેરામાં પેસીએ, બારણા આગળ જતાં ત્યાં નિસીહિ, નિસીહિ કહીએ છીએ. નરદમ કર્મની જાળ ખસેડો. પુદ્ગલની જંજાળ ખસેડો. દરવાજામાં પેસો ત્યારે ધર્મ સિવાય બધાને ખસેડો. સ્વતંત્રતામાં દેવ, ગુરૂ અને ધર્મપણું છે જેઓ સૃષ્ટિના સર્જનપણામાં દેવપણું માનતા હોય તે તેને જાણ ન હોય, પણ સ્વતંત્રતાના સર્જનમાં માનતા હોય તો તે જીવને ત્રણ તાકાતવાળો માને છે.

ત્રણ તાકાત કેવી રીતે અજમાવો છો? એક જ વસ્તુમાં ત્રણે તાકાત છેઃ અહિત દૂર કરે, પ્રકાશ કરે, પલટો કરે. આ ત્રણે કરો તો એક જ કે બીજું કોઇ? અમારી પાસે એવું સાધન છે કે જે ત્રણે વાનાં કરે : કરવું, રોકવું અને ઊથલાવવું. તે કયું સાધન છે? ધર્મ તે એક એવી ચીજ છે કે જે ભવિષ્યની સદ્ગતિને કરે, ભવિષ્યની દુર્ગતિને રોકે અને પહેલાં અજ્ઞાનપણામાં જે કર્મો બાંધ્યાં હોય, પાપો કર્યાં હોય તેને ઊથલાવી નાંખે. માટે જ ધર્મને માન્યો.

'दुर्गतिप्रसृतान् जन्तून्' દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને ધારે અને સદ્ગતિમાં સ્થાપે તેનું નામ 'ધર્મ.' ધર્મની ઉત્કૃષ્ટ આરાધના લાયક કોઇ પણ ગતિ હોય તો તે મનુષ્ય ગતિ છે. ત્રણે શક્તિ ધર્મમાં છે. એક વાત વિચારવી કે હથિયારમાં શક્તિ, પણ તે ઉપયોગમાં કયાં આવે? તો હથિયાર વાપરવાની હોંશિયારીમાં ઉપયોગમાં આવે પણ જો હોંશિયારી ન હોય તો તે શક્તિ નકામી છે. તેમ અહીં પણ જીવ ત્રણે તાકાત ધરાવે. છે : દુર્ગતિમાં જતા રોકવાની, સદ્ગતિમાં સ્થાપવાની અને દુર્ગતિ થતી હોય તો તેને પલટાવવાની. આવો ધર્મ કરવા માટે અમે સ્વતંત્ર છીએ. એ ધર્મ બને કયારે? પચાવવા લાયક વસ્તુ આવી અને ગળે ઉતારીએ તો ફળ આપે, તેમ ધર્મમાં ત્રણે વાનાં કરવાની

તાકાત છે. તો પછી એવા ધર્મને સાધવો અને મેળવવો શી રીતે ? ત્યારે કહેવું પડયું કે વચનની આરાધના દ્વારાએ સાધવો ને મેળવવો.

કાણી હાથણી અને બે વિદ્યાર્થીઓ

અહીં આગળ તમે કાણી હાથણી જેવું કામ ગણો. કેમ ? તો બે વિદ્યાર્થીઓ પંડિત પાસે ભણતા હતા. તેઓ પંડિતજી પાસે ભણીને કોઇ ઠેકાણે જતા હતા, ત્યાં રસ્તાણાં એક વિદ્યાર્થીએ કહ્યું કે આ હાથી જાય છે, ત્યારે બીજાએ કહ્યું કે એ હાથણી છે. આગળ ચાલતાં કહ્યું કે તે હાથણી ઉપર રાણી બેઠી છે. તે ગર્ભવાળી છે અને હમણાં થોડી મુદ્દતમાં જન્મ આપશે અને તે પણ કુંવરને જન્મ આપશે. હાથણી ડાબી આંખે કાણી છે, હજી તેમાંનું કંઈ દેખાયું નથી:

થોડેક આગળ ગયા ત્યારે તે બધું જોયું. તેથી પેલા વિદ્યાર્થીએ વિચાર્યું કે ખરેખર ગુરૂએ ભણાવવામાં રહસ્ય આને આપી દીધું છે. કેમ ? તેની કહેલી બધી વાતો મળી. તે કાણી છે તે માહિતી શાથી મેળવી તે કહે, ત્યારે પેલાએ કહ્યું કે જો વાડ વાડ. તેમાં એક બાજુનાં પાંદડાં ખાધેલાં છે ત્યારે બીજી બાજુનાં અખંડ છે. પેશાબ કર્યો તેથી માલુમ પડયું કે તે હાથણી છે. હાથણી ઊભી હતી તેથી માલુમ પડયું કે માણસો છે. તેમાં રાણી છે. જમણી બાજુ ભાર છે. બહુ વેદનાથી ખાડો પડયો છે, તેથી જન્મ આપનારી છે.

ગુરૂજીએ આને બધું શીખવાડી દીધું–કળાઓ આપી પણ મને ન આપી. તેથી તેણે ગુરૂજીને કહ્યું કે તમોને તે વહાલો છે તેથી બધું શીખવ્યું.

ત્યારે ગુરૂજીએ કહ્યું કે તેં બધું જાણ્યું શાથી ? તે શિષ્યે પૂછ્યું, ત્યારે ગુરૂએ કહ્યું કે તેમાં વિચારનું કામ છે, તેમાં શબ્દને સંબંધ નથી. પેશાબ દેખ્યો, માણસો દેખ્યા તેમાં સંબંધ શો ? જમણી બાજુ ભાર આવ્યો તેનો શો સંબંધ ? આ તારે વિચારવું નહિ તે વિચાર કરે અને તું ન કરે અને પાછો દોષ કાઢે શાસ્ત્રનો ?

એક જ બાજુ તમે શાસ્ત્રકારનો કહો છો કે તમે કાણી હાથણી

જેવું કરો છે. તમે આગળ કહી આવ્યા કે બાહ્ય ચારિત્ર આચરવું અને તેને કહેવું 'ધર્મ' કરીકે. તેમજ અષ્ટ પ્રવચનમાતાને 'ધર્મ' તરીકે કહી આવ્યા. બાહ્ય તપસ્યા, વિહાર વગેરે સાધુના આચારને કહી ગયા. અત્યારે વચનની આરાધના એ 'ધમ' કહ્યો. આ વચનનું ઠેકાણું શું? વાત ખરી બાહ્ય ચારિત્રો, આઠ માતાઓ કહી તેમ વચનની આરાધનાને 'ધર્મ' શા માટે કહો છો! ચૂલે આંધણ મૂકયું ચોખા ચડાવ્યા અને એ તરત થાળીમાં પીરસાય અને તેમાં ઉતાવળ કરે તો શું ગણાય! કાચા પચે, રાંધેલા પચે પણ અધકચરા દુઃખે તેમ તું પ્રશ્નમાં આવ્યો. તે બાહ્ય ક્રિયા કોની કહેલી બતાવી? શાસ્ત્રની કે પ્રવચન–માતાની? ત્યારે કહો કે શાસ્ત્રની. કેમ? શાસ્ત્રની વિરુદ્ધ બાહ્ય આચરણ નહિ. અષ્ટ પ્રવચનમાતા શાસ્ત્રથી, પણ તેની વિરુદ્ધ નહિ.

બાહ્ય ચારિત્રની–અષ્ટ પ્રવચનમાતાની દેશના તે આગમની, પણ તે વચનના આધારે. બાળ બુદ્ધિને દેખવા માટે બાહ્ય વર્તન કહેવું તે પણ આગમમાં કહેલું; મધ્યમબુદ્ધિને પ્રવચનમાતા કહેવી તે આગમમાં કહેલી છે. માટે શ્રોતાને અંગે દેખવું બાહ્ય ચિહ્ન બાળબુદ્ધિવાળાને; વિચાર કરવો અને વર્તન દેખવું તે મધ્યમ બુદ્ધિવાળાને; અને તત્ત્વની પંડિત બુદ્ધિવાળાને પરીક્ષા કરવી, તેને બાહ્ય વર્તન શાસ્ત્રના આધારે કહેવાં પડે. આગળ વધતા એવા તે તત્ત્વ પરીક્ષાવાળાને જીવાદિ તત્ત્વો શાસ્ત્રના આધારે કહેવાં જોઈએ.

વચનની આરાધનાએ 'ધર્મ' તો તમામ જૈનેતરો આરાધના કરનારા જ છે. તમે જેમ વચનની આરાધના કહો છો તેમ શ્રુતિ, સ્મૃતિ વગેરેમાં કહેલાને અન્ય 'ધર્મ' કહે છે. ભગવાનના મહત્ત્વના અંગે ધર્મ તેમ જિન શાસ્ત્રમાં ભગવાનનું, ગુરુનું કે ધર્મનું સ્વતંત્ર મહત્ત્વ નથી, પણ વચનના આધારે તે છે. તત્ત્વવાદવાળું વચન હોય તો 'પરમેશ્વર' માનીએ. તેમના કેવળજ્ઞાનને દેખતા નથી, પણ તેમના પદાર્થના નિરૂપણથી જણાય છે માટે કેવળજ્ઞાન મેળવવા માટે મોહનીયનો ક્ષય અને કેવળજ્ઞાનાવરણીય તોડવાનું માનવું પડે તે વચનને અંગે છે.

વચનની આરાધનાથી તીર્થંકર તીર્થને પ્રવર્તાવે છે તોપણ પહેલ-વહેલું કેવળજ્ઞાન તીર્થંકરને થાય અને દેવો સમવસરણ રચે. પહેલા કેવળજ્ઞાનમાં સમવસણની સંભાવના છે તે વચનના મહત્ત્વને અંગે છે. માટે એમની–તીર્થંકર દેવની પૂજા છે. તેમને જેમ કેવળજ્ઞાન માનીએ તેમજ મોહરહિત વીતરાગ માનીએ તે પણ વચનના આધારે છે.

ઉત્કૃષ્ટ આરાધના કઈ?

જૈન શાસનમાં દેવની, ગુરુની તથા ધર્મની આરાધના કરતાં પણ વચનની આરાધ્યતા પહેલે નંબરે ગણી છે. દેવ એ એકલા આરાધાય તેની કિંમત કોડીની નહિ. દેવ વચન દ્વારાએ આરાધાય તો તેની કિંમત સોળે આની છે. તે એકલાને વચનથી આરાધાય કેમ? ગુણ ઉપકારને ન જાણે, પણ ભગવાન છે માટે પૂજવા જોઈએ તેથી પૂજીએ. જ્યારે સ્વતંત્રતાના સર્જક દેવ, જ્ઞાનવાળા, વીતરાગતાવાળા છે તેમ માનીને પૂજીએ ત્યારે તેમની કિંમત છે.

देवगुणपरिज्ञानात्तद्भावानुगतमुत्तमं विधिना। स्यादादरादियुक्तं यत्तद्देवार्चनं चेष्टम्॥ (षो० ५ श्लो० १४) દેવના ગુણના જ્ઞાનથી તેના ભાવને અનુસરતું ઉત્તમ આદર આદિથી યુકત એવું જે વિધિપૂર્વક જિનપૂજન તે વાસ્તવિક માર્ગમાં ઈષ્ટ છે વચનને આગળ રાખીને કરાતું પૂજન તે સોળે સોળ આની કિંમતવાળું છે. દેવની આરાધના, પૂજન તે વચનો ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો તે કરેલી ગણાય. દેવ તો સાક્ષાત્ નથી તેમજ સંદેશો નથી આપ્યો તો પછી તેને ઓળખાવે કોણ? શાસ્ત્ર ઓળખાવે કે બીજો કોઈ? માટે વચનની આરાધના એ જ ધર્મ છે. અહીં 'આરાધના' કેમ લીધી? 'આજ્ઞા' નહિ કહેતાં 'વચન' શબ્દ કેમ વાપર્યો? આ અધિકાર જે જણાવવામાં આવશે તે અત્રે વર્તમાન.



વ્યા
ખ્યા
ન

કેવળી અને તીર્થંકર

૧૫

શાસ્ત્ર એ ધર્મનો કાંટો

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જે જે આર્ય પ્રજા છે તે તે ધર્મની તરફ લાગણી ધરાવવાવાળી હોય છે. જેને ધર્મ તરફ લાગણી ન હોય તેને **ભદ્રબાહુસ્વામીજી** 'અનાર્ય'ની કોટિમાં ગણે છે. 'धम्मोत्ति अक्खराइ' જ્યાં ધર્મ જેવા અક્ષરો સ્વપ્નમાં ન આવે તેવા મનુષ્યોનો સમુદાય જ્યાં રહેતો હોય તેને 'અનાર્ય' કહેવો. **સૂયગડાંગની** નિર્યુક્તિમાં કહ્યું છે કે ધર્મની તમન્નાવાળા હોય તે જ 'આર્ય પ્રજા' કહેવાય. આમ **ભદ્રબાહુસ્વામીજી** નક્કી કરે છે. આર્ય પ્રજા, માત્ર ધર્મની ઇચ્છાવાળી છે, છતાં ધર્મ તે કંઈ દેખાય તેવી ચીજ નથી. તે નથી ઈન્દ્રિય કે વ્યવહારનો વિષય. વળી આપણી અક્કલ કે બુદ્ધિનો પણ તે વિષય નથી.

જેમ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર ઇન્દ્રિયોથી સ્પર્શાદિની પરીક્ષા કરી શકીએ છીએ તેમ અહીં નથી, તેમજ વ્યવહાર, અક્કલ કે બુદ્ધિથી. ધર્મની પરીક્ષા થતી નથી, તો ધર્મની પરીક્ષા થાય શાથી? તેની પરીક્ષાનું એક જ સ્થાન છે. એ કયું સ્થાન છે? તે છે શાસ્ત્ર. જે મતવાળા જે શાસ્ત્રને માને તે પ્રમાણે વર્તન થાય ત્યારે તેને 'ધર્મ' ગણે. જો આસ્તિકો પોતાના શાસ્ત્રમાં જણાવેલાથી વિરૂદ્ધ કરે તો 'અધર્મ' ગણે. તેથી શાસ્ત્ર સિવાય ધર્મ–અધર્મ જાણવાનો કાંટો નથી. આ વાત તો બધાને અંગે થઈ કે ધર્મ, અધર્મ માનવો તે શાસ્ત્રના આધારે માનવો. શાસ્ત્રમાં આ કહેવાથી 'ધર્મ' થવાનો કહ્યો છે, તે મેં

કર્યું માટે 'ધર્મ' થયો. તેમ અધર્મને માટે કહેલું જેવું છે તે કરે તો 'અધર્મ' થાય. આ બધું પોતાના શાસ્ત્રના આધારે માને.

૨૪ને આગળ કેમ કર્યા ?

બધા મતવાળા પૈકી કોઇ શ્રુતિમાં, કોઈ સ્મૃતિમાં, કોઈ પુરાણમાં, કોઈ બાઈબલમાં, કોઇ કુરાનમાં કહેલાને આધારે ધર્મ, અધર્મ માને છે. જૈન ને જૈનેતર વર્ગ ધર્મમાં શાસ્ત્રને આધારભૂત ગણે ત્યારે જૈનો એક નવી રીતિમાં જાય છે કે દેવ ગણવા, ગુરૂ ગણવા, ધર્મ ગણવો પણ તે શાસ્ત્રને આધારે ગણવા. આ વિચારશો ત્યારે તમે કેવળીની અવજ્ઞા કરનાર નથી, પણ માનનારા–આરાધના કરનાર છો. આરાધ્યને તમે માનો, છતાં અસંખ્યાતમાંથી ૨૪ને પાસ કર્યા. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં અસંખ્યાત કેવળી હોય, છે, છતાં ૨૪ને આગળ કેમ કર્યા ? કેમકે તેમના અને કેવળી-પણાવાળામાં નથી કેવળજ્ઞાનમાં ફરક, નથી કેવળદર્શનમાં ફરક, નથી વીતરાગતામાં ફરક, નથી દાનાદિ ગુણોમાં ફરક. તો પછી કયા ગુણોમાં ફરક છે કે જેથી બધાને ખસેડીને ૨૪ને આગળ કર્યા ? "चउवीसंपि जिणवरा" (आवश्यकसूत्र नामस्तवाध्ययन) તેથી ૨૪ને માન્યા ને પેલા બધાને ખસેડી દીધા. તમે ચોવીસને મુખ્ય કહ્યા અને બાકી-નાને સામાન્યમાં મૂકયા. તે વચનથી કહ્યા. શાસનને પ્રવર્તાવે તેથી ગણ્યા. શાસનને પ્રવર્તાવનારા ચોવીસ. અસંખ્યાતા કેવળીઓ છે. તેમને આત્માના ગુણો ઉત્પન્ન થયેલા ખરા, તેમાં ફરક નહિ. માત્ર ફરક વચનમાં છે. વચન કેટલું ગણીએ છીએ તે આ અસંખ્યાતમાંથી ૨૪ ચૂંટયા તે અંગે વિચારો.

જ્ઞાન સાથે શુદ્ધ વર્તનની આવશ્યકતા

બીજાઓ તો એ કહેવાવાળા હતા કે આપણે તો શાસ્ત્રના બોધથી કામ છે. જેમકે જોવાવાળાને દીવાથી કામ છે; પછી તે દીવો ચાહે તો ઘાસલેટનો, દીવેલનો કે સરસીઆ વગેરેનો હોય, પણ અજવાળું થવું જોઇએ–અક્ષર વંચાવવા જોઇએ. તેમ બીજા મતવાળાઓએ માન્યું કે

આપણે તો જ્ઞાનથી મતલબ છે. એટલે એ બધા જ્ઞાનથી મતલબવાળા **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन !**

જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે તે માટે જ્ઞાન જોઈએ. અર્થાત્ વક્તાના ગુણ કે દોષ હો કે ન હો તેની આપણને જરૂર નથી, પણ આપણને જ્ઞાન મળવું જોઈએ. કાગળ, શાહી, લેખન વગેરેને કયું જ્ઞન છે, તો પછી તેનાથી બોધ થાય છે કે નહિ? કાગળ શાહી, લેખનથી થયેલા આકાર આપણને બોધ કરે છે; તેથી વક્તાનાં, શાસ્ત્રનાં વચનો હોય તો બસ છે. એમનું કહેવું છે કે વકતાની અવસ્થાને જોવી જોઈએ નહિ. આપણે તો વકતામાં વચનથી કામ છે.

આપણે તો **चारित्रेण विहीनः श्रुतवानपि नोपजीव्यते सद्भिः । शीतलजलपरिपूर्णः कुलजैश्चाण्डालकूप इव ॥** (દશ૦ ટી૦ પૃ૦ ૬) ગમે તેવા જ્ઞાનવાળો વકતા હોય પણ બોલે તે વર્તનમાં ન મૂકે, આત્માને સુધાર્યો ન હોય તો સજ્જનો તેનો આશરો લેતા નથી. દુનિયામાં પરીક્ષા સાથે વર્તણુંકનો સંબંધ લેવામાં આવ્યો છે. વકીલની પરીક્ષામાં પાસ થયા છતાં તે વિશ્વાસઘાતી જણાય તો તેની સનદ રદ થાય. કાયદો જાણનાર ગુનેગારી કે બિનગુનેગારીને નહિ જાણનાર ખરો, પણ કોર્ટને–ન્યાયાધીશને મદદગાર રહે તો જ ખરો. કેસમાં વકીલોએ બેરીસ્ટરોએ પોતાની અક્કલ, બુદ્ધિ, અભ્યાસના આધારે સારી મદદ કરી કહેવાય, પણ વર્તનમાં વતેરડું (વકતા) હોય તો તે કામ ન લાગે. તેવી રીતે સત્પુરુષો જ્ઞાનવાળાને સદ્વર્તન રહિત હોય તો આદરવા લાયક મનાતા નથી.

માટે દૃષ્ટાંત આપે છે કે:–એક કૂવો છે. તેમાં પાણી જરાક સારૂં છે. ઠંડા પાણીથી તે ભરેલો છે, પણ તે ચંડાળનો છે. ઠંડા પાણીએ ભરેલો કૂવો ચંડાળનો હોય તો કોઇ પણ સ્થિર (કુળવાન) મનુષ્ય ત્યાંથી પાણી લેવા માગે નહિ. જૈનશાસ્ત્રને અનુસરનારો ચારિત્ર વગરનો મનુષ્ય હોય ને પછી તે નિર્મળ જ્ઞાનવાળો હોય તો પણ તેને આશ્રિત કરવા માંગે નહિ. માટે જૈન સિદ્ધાંતે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ

રાખ્યો, પણ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ નથી રાખ્યો. ત્યારે બીજા મતવાળા કહે કે તમારે તેના વર્તન તરફ જોવાનું નહિ, તમારે કાગળ લખવો, વાંચવો હોય તો અજવાળાથી કામ, તેમ તમારે શાસ્ત્રનાં વચનોથી કામ છે તો પછી વક્તાના વર્તન સાથે તમારો શો સંબંધ ?

આ વાત બોલવા માટે સારી છે. પણ જેમ એક વકીલ ગમે તેટલી પરીક્ષામાં પસાર થયો હોય પણ તે લુચ્ચો છે એમ જણાય તો તેની સલાહ કેટલી લો છો તે બોલોને ? **જ્ઞાન નિર્મળ હોય તો જ શ્રોતાના આત્માને તે શરણાગત થાય.**

નિર્મળ જ્ઞાન કયું ?

શુદ્ધ વર્તનવાળાનું જ્ઞાન નિર્મળ ગણાય છે. આ વાત કેવળ જૈનોને માન્ય છે, પણ બીજાને નહિ; કારણકે પોતાના દેવ જે કહે તે પ્રમાણે વર્તે છે કે નહિ, તેવી રીતે પોતાના ગુરુ કહે છે તે પ્રમાણે વર્તે છે કે નહિ તે જોવાનું નહિ. માટે શાસ્ત્રકારે પંચવસ્તુમાં ગાથા કહી– **जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अण्णो ? वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ (गा० ११६६)**

જે મનુષ્ય બોલવા પ્રમાણે કરે નહિ તેના જેવો વિશ્વાસઘાતી કોઈ નહિ, કારણ કે જીવોમાં અનાદિ કાળનું મિથ્યાત્વ છે તેને વધારનારો તે થાય. બીજાને શંકા કરવા અંગે આ વાત છે. તેમને સીધી રીતિ દાખલ કરવી તે ઘણી અસંભવિત અને મુશ્કેલ છે. આથી તો સમકિતવાળાએ વીતરાગને 'દેવ' તરીકે ન સમજાવવા; કારણ કે પોતે વીતરાગ નથી અને તે સમજાવે તો તે મિથ્યાદૃષ્ટિ છે સકષાયી છદ્મસ્થ સાધુ નિષ્કષાયી અને કેવળીની વાત જણાવે તો તે મિથ્યાદૃષ્ટિ. અને વાત કરે તો તે મિથ્યાદૃષ્ટિ સમજવી. જે બોલે તે કરે નહિ એના જેવો મિથ્યાદૃષ્ટિ બીજો કોઈ નથી. સમકિતી દેશવિરતિ અને સર્વવિરતિની વાતકરે તો મિથ્યાદૃષ્ટિ એમ નહિ. પણ એનો અર્થ શો ? અધિકારી બનીને જો **जहवायं न कुणइ'** પેલા દેવપણાવાળા બને છે પણ દેવ દેવપણાનું લક્ષણ બતાવે અને તે પ્રમાણે વર્તે નહિ અને ઉપરથી ગુરૂપણાનો દાવો કરે, તેનું નિરૂપણ કરે અને પોતે તે પ્રમાણે ન વર્તે તો તે મિથ્યાદૃષ્ટિ ગણાય.

જેમ **મરીચિ** જ્યારે પૂછનારને કહે છે કે 'હું આવો છું', ત્યારે પેલા મહાપુરૂષ છે' તો તે દાવો કરનાર નથી. તેથી **મરિચી** સાધુપણાનું નિરૂપણ કરતો હતો, છતાં તેને મિથ્યાદૃષ્ટિ ન ગણવો. તેનો તે અધિકારી બનતો નથી, કારણ કે 'હું આવો છું' તેમ તે કહેવડાવતો નથી. પણ તે કહે છે કે હું તો પતિત થયેલો છું અને સાધુઓ ત્રિદંડથી વિરત છે. હું તો ત્રિદંડવાળો યાવત્ પોતાના વેશની હકીકત કહી પોતાની સ્થિતિ બતાવે છે પણ અધિકાર બતાવે, તેનું નિરૂપણ કરે અને તે પ્રમાણે વર્તન ન કરે તો તેના જેવો મિથ્યાદૃષ્ટિ કોઇ નહિ. દરેક મતના દેવો, ગુરુઓ, પરમેશ્વરો જગતના કલ્યાણનો માર્ગ દાન્તો, શાન્તો, મુમુક્ષુ તે જણાવે છે.

ઉપદેશ કરવાને લાયક કોણ ?

આત્માનું કલ્યાણ કોણ કરે ? જેને ક્રોધાદિ શાંત થયા હોય, ઇન્દ્રિયોને દમી હોય અને સંસારથી રાગ ઉતારીને મોક્ષમાર્ગે જોડયો હોય તે જ આત્માનું કલ્યાણ કરી શકે. પણ પોતાને માટે શાંતાદિમાં બંધાયલો કોણ ગણે છે ? કોઈ નહિ. **વિષ્ણુ, મહાદેવ** વગેરે કોઈ પણ લો. તે પોતે જગતને શાંતિ આદિનો ઉપદેશ આપે છે, પણ પોતાને શાંતિ આદિના શરણે રહેવું છે ખરૂં ? માટે શાસ્ત્રકારે કહ્યું કે મનુષ્ય અધિકારી બને, પોતાનો અધિકાર જાહેર કરે અને તે પ્રમાણે વર્તે નહિ તો તેના જેવો 'મિથ્યાદૃષ્ટિ' બીજો કોઇ નહિ. તે પ્રમાણે વર્તે નહિ તો શ્રોતાને શંકા થાય કે આ મોટા છે, એ કહ્યા પ્રમાણે કરતા નથી તો તેમાં શું હશે ? આ વસ્તુ જૈન શાસ્ત્રકારે રાખી. તેથી કેવળી જ ધર્મને કહે તે કહેવું પડયું કારણ કે બીજાને બોધ નથી.

આપણે જાતિસ્મરણમાં માનનારા છીએ અને ભવાંતરથી ત્રણ જ્ઞાન લઇને આવનારા જીવો છીએ એમ પણ માનીએ છીએ. તો કેવળી ધર્મ કહે છે તે શાથી ? પહેલા ભવથી જાતિસ્મરણ કે અવધિજ્ઞાની કહેનારો હોય તેમ કહો તે બરાબર; પણ કેવળી કહે છે, તે શાથી કહો છો ? જાતિસ્મરણવાળો કે અવધિજ્ઞાની હોય, પણ જે અધિકાર જણાવે તેમાં પોતે વર્તેલો છે, તો યથાવાદમાં ધર્મને ધર્મ કહેનારા કોણ ?


તે કેવળી તીર્થંકરો છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન હોય, રાગદ્વેષ ગયા ન હોય, સંપૂર્ણ જ્ઞાન થયું હોય નહિ, જે જાણવા લાયક વસ્તુને ન જાણી શકે તે યથાસ્થિત ન કહી શકે. માટે વીતરાગ કેવળીમાં આવેલા તે જ ઉપદેશને લાયક છે. આપણે અસંખ્યાતા કેવળીમાંથી ચોવીસ **તીર્થંકર** માનીએ, તેમાં કારણ શું? તેમાં કારણ વચન છે.

પોતાના આત્મામાં અમલ કરીને પછી બીજાને કહેનારા **તીર્થંકરોને** દીક્ષા લે ત્યારે ચોથું જ્ઞાન થાય છે. હજાર વર્ષ સુધી કેમ ઉપદેશ નહિ દેતા હોય? ચાર જ્ઞાન છે તો ધર્મોપદેશ કેમ દેતા નહિ હોય? તેમણે ધર્મોપદેશ વીતરાગતાનો કે સરાગતાનો દેવો? જો વીતરાગતાનો ધર્મપ્રદેશ બતાવવો હોય તો બીજાને નામે તે કહેવો જોઈએ. અનુભવથી કહેવું હોય તો અનુભવ થવો જોઈએ. ધર્મનું મુખ્ય ફળ કેવળજ્ઞાન છે. તે થયા વિના બીજાને દાખલામાં બતાવી શકે નહિ. માટે **જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ધર્મને કહેવાની યોગ્યતા ગણાતી નથી.** માટે જૈનોએ વચનના કારણોમાં તીર્થંકરની છદ્મસ્થાવસ્થા, અને અસંખ્યાતા કેવળીઓને અસેડી નાખ્યાં.


  

પ્રિય, પથ્ય અને તથ્ય કહેવું, રોષ થાય અગર તોષ થાય તો પણ કહેવું, સાચું હોય છતાં અપ્રિય ન બોલવું વગેરે વગેરે બોલવાના અનેકાનેક પ્રસંગો (શાસ્ત્રોમાં કથન કરેલા છે તે) ને અપેક્ષાપૂર્વક વિદ્વાન્–વક્તા જાણી શકે છે.



ધર્મ અને વચન



સાચો વિચારવાળો કોણ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્ર-સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** પ્રકરણની રચના કરતાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં જે જે આર્ય પ્રજા છે, જે જે આસ્તિક વર્ગ છે તે સર્વ ધર્મને શરણ તરીકે ગણનાર છે. કોઈ પણ આર્ય કે આસ્તિક ધર્મને જરૂરી માન્યા વગર રહેતો નથી. દરેક આર્ય–આસ્તિક આવતો ભવ માનનાર છે. તે માનતા હોવાથી તેણે પોતાના જીવનને જેલમાંથી કાઢીને મહેલમાં દાખલ કર્યો ગણાય. જેઓ ભૂત અને ભવિષ્યનાં જીવન તરફ દૃષ્ટિ કરનારા નથી તેઓ પોતાના જીવનને મહેલરૂપમાં લાવી શકતા નથી. માટે ભગવાન **સુધર્માસ્વામીજીએ** પહેલો ઉપદેશ એ આપ્યો કે તમારા જીવનને જેલના સ્વરૂપમાંથી મહેલના સ્વરૂપમાં લાવો.

આ જૈન શાસ્ત્ર તેને જ 'વિચારવાળો' ગણે છે, જેને ભૂત અને ભવિષ્યનાં જીવનના વિચારો હોય છે. બાકીના ભલે વિચાર પામેલા હોય, છતાં જૈન શાસ્ત્ર તેને વિચાર કરવાવાળો ગણવા તૈયાર નથી, પણ ભૂત અને ભવિષ્યના જીવનની વિચારણા હોય તેને માટે સંજ્ઞા છે. તે સંજ્ઞાવાળો હોય તે જ 'સંજ્ઞી' કહેવાય. જેને ભૂત અને ભવિષ્યની, કર્મની સત્તાની માન્યતા અને ભવિષ્યના જીવનનો તેમજ કર્મની સત્તાના ફળનો વિચાર ન હોય તેને વિચારવાળો ગણવા તૈયાર નથી.

નાનાં બચ્ચાં ભમરડો, પતંગ વગેરેના વિચારો ધરાવે છે, તો તેને તમે સમજણવાળો કહો છો? લખોટી, ગેડીદડો વગેરે રમનારો સમજણ

વગરનો છે? ના. તેનાથી નાનાં બે ત્રણ વર્ષના છોકરામાં ભમરડા, લખોટીની રમત નથી. દમ ગોટીલા કરનારો સમજવણવાળો છે? તેને બેસમજવાળો કેમ ગણો છો? ૧૮ વર્ષનો ન થાય ત્યાં સુધી તે 'સગીર બાળક' કઈ અપેક્ષાએ ગણાય છે? તમારા વેપારમાં, તમારા આર્થિક, કૌટુંબિક સંયોગોમાં તે સમજણ ધરાવતો નથી, માટે તેને અણસમજુ 'સગીર' કહો છો. બાળક અણસમજુ, સગીર કે સમજણ વગરનાં નથી, કારણ કે તેઓ કોળિયો મોઢાને બદલામાં નાકમાં નથી નાખતા., છતાં તેમને સમજણ વગરના તમે કહો છો, કારણ કે તમારે વેપાર, આર્થિક, કૌટુંબિક સ્થિતિની સમજણવાળાનું કામ છે. તેથી તેવી તેની સમજણ હોય તો તેને 'સમજુ' માનવા તમે તૈયાર છો. તમે જે રૂપે વ્યવહાર કરવા માંગો તે રૂપે સમજણ ન હોય, પછી ભલે બીજી સમજ હોય પણ તેને 'અણસમજવાળા' તમે કહો છો. લખોટી રમનારા, પતંગમાં કેળવાએલા મોટાને પણ તે સમજણ નથી તેમ પણ નથી, પણ વ્યાવહારિક, આર્થિક, કૌટુંબિક સંયોગ માટે સમજણવાળો હોય તેને તમે 'સમજણવાળો' ગણો છો.

ચૌદ વર્ષનો છોકરો એસ. એસ. સી.માં પાસ થયો. તમને એ. બી. સી. ડી. ન આવડતી હોય છતાં તે અણસમજુ અને તમે સમજુ, કારણ કે તે આર્થિક વગેરે બાબતમાં સમજણ ધરાવતો નથી માટે તેને "અણસમજુ" કહીએ છીએ. તેમ અહીં પણ શાસ્ત્રકારો પણ આત્માના કલ્યાણ માટે કહે છે કે એને પહેલી જરૂરિયાત સમજણની છે. જે તે ધરાવે તેને 'વિચારવાળો' ગણે. તે છે: 'કર્મને, કર્મનાં ફળોને, અને આત્માને માનવો.' તેને ન માને તો તેનામાં ધર્મની જડ જ નથી. કર્મની જડ આ ત્રણ વસ્તુમાં છે. માટે આ ત્રણ માને–સમજે તો તેને 'વિચારવાળો' અને 'સમજણવાળો' ગણીએ. વ્યાવહારિક સંયોગને ન સમજે ત્યાં સુધી તે બાળક–અયોગ્ય ગણાય. ગયા ભવનો વિચાર, ભવિષ્યના ભવનો વિચાર કરવાવાળા આત્માને કર્મ કરવાવાળો, તે કર્મના ફળો તે ભોગવશે તેમ માનવાવાળો નથી–તે વિચાર આવે નહિ તેવાને અમે અણસમજુ–વિચાર વગરનો કહીએ છીએ. કહો કે

'અયોગ્ય' શબ્દ તમે વાપરેલો છે. તે જ શાસ્ત્રકારને નામે વાપરીએ છીએ.

ધર્મનું બીજ કયાં?

ધર્મને માટે લાયક કયારે? વ્યવહારમાં લાયક કયારે ગણાય? આર્થિક-કૌટુંબિક સ્થિતિને સમજે તો 'લાયક.' તેમ અહીં ભૂત અને ભવિષ્યના ભવો વિચારવાવાળો હોય તેને જ 'લાયક' ગણીએ છીએ; એ ન માને તો તે 'નાલાયક' ગણાય. બીજાના માટે જે શબ્દ વપરાય તે પોતાને માટે વપરાય ત્યારે જ સમજે, માટે તે 'સમજુ' ગણાય.

ધર્મનું બીજ શું?

ગયો જન્મ, આ જન્મ ને આવતો જન્મ એમ ત્રણ જન્મ માનવાં તે ધર્મનું બીજ છે, તે ન માને તે 'નાલાયક' છે. ધર્મને અંગે કહીએ તો જેઓ ગયો ભવ, આ ભવ અને આવતો ભવ એ ત્રણને અંગે વિચાર કરે નહિ તે ધર્મના બીજમાં નથી. માટે ધર્મને અંગે નાલાયક કહે તેમાં નવાઈ શી? આ કહેવાથી આ સમજણ ઘણા ઓછામાં હોય છે.

'હું કોઈ ભવથી આવ્યો છું અને અહીંથી કોઈ ભવમાં જવાનો છું.' આ સમજણ કેટલાકોને હોતી નથી. કેટલાકને સંજ્ઞા હોતી નથી તેને ધર્મનું બીજ જ નથી. ત્યારે ધર્મનું બીજ કયાં? વૈષ્ણવ, શૈવ, જૈન, ગયો ભવ, આવતો ભવ માનવા ઉપર ધર્મનું બીજ છે. માટે ક્રિશ્ચનોએ અને મુસલમાનોએ બીજો જન્મ માન્યો પણ ભવપરંપરા ન માની.

હિન્દુ શબ્દનો અન્ય જનોએ કરેલો અર્થ

આપણે 'હિંદુ' શબ્દ વાપરીએ છીએ. પણ હિંદુપણું એટલે શું તે કહેશો ખરા? આ ખબર નથી એટલે કે શબ્દની પ્રીતિ છે પણ પદાર્થની ખબર નથી. 'હિંદુ' શબ્દનો અર્થ શો? 'સિંધુ'

નદીની આ બાજુ રહેનારા 'હિંદુ'. આમ બલુચિસ્તાન, અફઘાનિસ્તાનવાળા ભલે તે નદીના હિસ્સાએ તેમ માને પણ ચીનવાળાને સિંધુ નદી આવતી નથી, તો તે શું કહેશે? 'હિંદુ' શબ્દનો અર્થ ન સમજાય ત્યારે જેમ તેમ ગોઠવી દેવું પડે.

ગડબડ તિથિ અને ગડબડ વાર

એક માણસ હતો. તેને વારની ખબર ન પડે, માટે તેણે એક લાકડું મૂકયું, બીજે દિવસે બે લાકડાં મૂકયાં રવિવારે વધારે મૂકયાં. તેણે આવી રીતે લાકડાં ગોઠવ્યાં. માટે કોઇએ પૂછયું કે આજ કઇ તિથિ?

ચોથ. (લાકડાની ગણતરી કરીને તે જવાબ આપે.)

એક વખત છોકરાઓએ લાકડાં આડાઅવળાં કર્યાં અને તેવા વખતે કોઇ પૂછવા આવ્યું તો જવાબ આપ્યો કે ગડબડ તિથિ અને ગડબડ વાર. ગડબડ તિથિ અને ગડબડ વાર કરવાની માફક 'હિંદુ' શબ્દનો સાચો અર્થ સૂઝયો નહિ, પણ સિંધુની આ બાજુ રહેનારા 'હિંદુ' તેમ ગોઠવી દીધું.

હવે આપણે વિચારીએ. 'હિંદુ' શબ્દ પ્રસિદ્ધ છે. પણ તેનો અર્થ ખબર નહિ. તેથી આપણે શબ્દની પ્રીતિવાળા કહેવાઈએ. તું 'હિંદુ નહિ' તેમ કોઇને કહો તો તે લાકડી લઈને ઊભો થાય. પણ તેને પૂછીએ કે 'હિંદુ' શબ્દનો અર્થ શો? તો બોલે તે બે થાય, કારણ કે જ્યાં સુધી, તેનો અર્થ જાણવામાં આવે નહિ તો તે પ્રીતિ કયાંથી થાય? જો 'હિંદુ, શબ્દ મુસલમાનોને અંગે થયો હોય તો મુસલમાનોએ 'હિંદુ' માટે 'કાફર' શબ્દ મૂકયો છે. તેથી કાફર અને સિંધુને શો સંબંધ છે તે કંઈ વિચાર્યું? જેમ પેલાએ ગડબડ તિથિ અને ગડબડ વાર કહ્યો, તેમ અહીં 'સિંધુ' ઉપરથી હિંદુ કયાંથી કાઢયો? મુસલમાને તેનો 'કાફર' અર્થ કેમ કર્યો?

હિંદુ એટલે?

સૂત્રકાર ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી કે ગૌતમસ્વામીજી

સરખા 'હિંદુ એટલે આત્મા' એમ કહે છે. હિંદુની વ્યુત્પત્તિ જણાવે છે **भवात् भवांतरं हिंडते इति हिंदु'** (**भग० पृ० ७७६**). એટલે એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, ચોથે ભવ, પાંચમે ભવ આમ ભવાંતર કરનાર આત્મા તે 'હિંદુ.' આ માનનાર તે 'હિંદુ' તમે આ પ્રમાણે માનો તો મુસલમાનની અપેક્ષાએ 'કાફર', મુસલમાનો કહેવાય. મુસલમાનોએ મર્યા પછી એક વસ્તુ કહી કે ત્યાં આગળ ખુદા ન્યાય કરશે. તે પુણ્ય કરનારાને બેસ્ત (સ્વર્ગ)માં અને પાપ કરવાવાળાને જહન્નમ (નરક)માં મોકલશે, પણ 'તેઓ ત્યાંથી કયારે નીકળશે?' એમ પૂછો તો તે ખાસડું લઈને ઊભો થશે, કારણકે તેને આગળ કંઈ નહિ. તે જ્યાં ગયો ત્યાં ગયો, પછી તેને નીકળવાનું નહિ. તેના ઈશ્વર અને શાસ્ત્રોને કોઈ ખોટાં પાડે તે તેને કેમ પાલવે? તેથી તે તમને 'કાફર' ગણે તેમાં નવાઈ શી?

ન્યાયાધીશ ચોરને સજા કરે ત્યારે ચોર ને ચોરનું કુટુંબ 'હરામખોર' કહેવાયને? તેમ તમે તેનાં શાસ્ત્રો અને દેવોની વિરુદ્ધ પોકાર કરો કે એક ભવથી બીજે ભવ, ત્રીજે ભવ, કર્મનો ક્ષય કર્યા વગર અનેક ભવોમાં તું રખડયા કરવાનો, આવું તેનાથી કેમ સંભળાય? માટે એ તમને 'કાફર' કહે છે. 'હિંદુ' શબ્દ વ્યાપક છે, પણ તેનો અર્થ શો? મીંડું. સોમાં એક પણ જાણતા નહિ હોય. પોતાનો શબ્દ ગણાય, તેનો અર્થ જે ન સમજે. હિંદુ–આર્યપણાના મૂળમાં જડ છે. ગયો ભવ, આવતો ભવ વગેરે બધું માનનાર જે આત્મા તેનું નામ 'હિંદુ.' તેને માનનારા તે 'હિંદુ,'

બધા હિંદુઓ કેમ કહેવાય છે? વૈષ્ણવ હોય, શૈવ હોય પણ તે બધા **भवात् भव०** માનવાવાળા છે. જેમ મુસલમાનમાં બેસ્તમાં ગયા હોય કે જહન્નમમાં ગયાં હોય ત્યારપછી કાંઈ નહીં. તેના જેવા કોઈ નથી. માટે 'ભવાત્ ભવાંતર 'જે માનનારા છે તેઓ હિંદુ.'

તેનો અર્થ અર્થપણે વિચારો તેમ ધર્મની જડ કઈ તે વિચારો. ગયા ભવમાં મેં મનુષ્યપણાને લાયકનાં કર્મ કર્યાં છે માટે અત્યારે

મનુષ્યપણું મળ્યું. છે. વળી તેવું આયુષ્ય ભોગવું છું પણ 'અત્યારે કેવાં કર્મો કરું છું કે જેથી કયો જન્મ મળશે–આ જે વિચારે તે 'વિચારવાળો;' માટે શાસ્ત્રકારે તેને 'સંજ્ઞી' કહ્યો છે.

વ્યવહારથી નાના બચ્ચાને 'મનુષ્ય' કહો છો, પણ પાછા કહો છો કે તેનામાં માણસાઇ હજી નથી આવી. એક બાજુ 'મનુષ્ય' કહો છો અને પાછા વળી 'માણસાઈ' નથી એમ કહો છો. તો પછી માણસાઇ વગર મનુષ્ય બન્યો કયાંથી? અમે જે કહેવા માગીએ છીએ, તે બીજી વાત. તમે તો વ્યવહારની કુશળતાથી 'માણસાઈ' કહો છો તેથી બચ્ચું મનુષ્ય છતાં પણ માણસાઇમાંથી તેને બાતલ કરો છો. તેમ જેઓ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા.મનવાળા, અને મરણ સુધીની અવસ્થાનો ખ્યાલ કરનારા હોવા છતાં પણ તેને શાસ્ત્રકાર કહે છે કે તેઓ હજી વિચારવાળા નથી. તો પછી વિચારવાળા કોણ ગણાય?

તો ગયા ભવ અને આવતા ભવની સમજ–વિચાર કરાવે તે જ 'વિચારવાળો–સમજવાળો' ગણાય.

ત્રણ સંજ્ઞાઓ

દૃષ્ટિવાદ સંજ્ઞા આવે ત્યાં કંઈક હશે, તેમ મૂકી પણ દે. માટે ત્રણ વસ્તુ કહેવી પડી તે તો દુનિયામાં સિદ્ધ છે.

(૧) ઓઘ સંજ્ઞા–જેમ સ્થાવરોમાં વેલાઓ. જો વાડ આ બાજુ હોય તો તે બાજુ વેલો આવશે પણ બીજી બાજુ નહિ જાય, કારણકે તેને સંજ્ઞા છે. ઓઘ સંજ્ઞા ઝાડ માત્રને છે.

(૨) હેતુવાદિકી–વિષયને અંગે દોડવું તે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વગેરેમાં છે.

(૩) અતીત અને અનાગતના વિચારની સંજ્ઞા. તેવો મનવાળો ન હોય, તેથી મનવાળા ને અતીત અનાગતવાળો કંઈ દૃષ્ટિમાં ગણાય? દૃષ્ટિવાદિકીમાં. દૃષ્ટિવાદની જડ જ છે તે જગ્યા પર કે જીવને ગયા ભવમાં તેવાં કર્મો બાંધ્યાં તેથી આ જન્મ પામ્યો છું અને અહીંથી બીજે જવાનો

છું તે માનો તો દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. આવી દૃષ્ટિવાળા હોય તે 'સંજ્ઞી.'

ચકરીનો ઉપાય

શાસ્ત્રકાર વિચારવાળા તેને ગણે છે, કે જેણે ગયેા ભવ અને આવતો ભવ ખ્યાલમાં લીધેા છે, તેને વિચારવાળેા ધર્મવાળેા કહ્યા છે. છતાં આટલી સ્થિતિએ ચઢેલાએ ધ્યાનમાં રાખવું કે ઊંચે ચઢેલાને ચકરી પહેલી આવે. પણ ભૂમિ ઉપર રહેલાને ચકરી આવતાં વાર લાગે. તેમ અડીંયા ગયા ભવને, આવતા ભવને કર્મબંધને માનનારા થયા, પરંતુ મિથ્યાત્વમાં પડવાની ચકરી આવાને પહેલી આવે. તેનેા બચાવ શેા? ચકરીમાં એક જ બચાવ કે આંખને બંધ કરેા, તે સિવાય બીજો બચાવ નહિ. સ્થિર સ્થાને સ્થિર થાવ. બીજે ત્રીજે જતી દૃષ્ટિને રોકી દેા.

સ્થિર સ્થાન કયું? તે માટે જણાવે છે કે 'વચન' સ્થિર સ્થાન છે. સર્વજ્ઞ ભગવાનનાં વચનેા તે આ આત્માને માટે સ્થિર સ્થાન છે. તે જ દૃષ્ટિ રોકવાનું સ્થાન અને તેથી ચકરી આવતી બંધ થાય. માટે કહે છે કે-**'वचनाराधनया खलु'** વચનની આરાધના કરે તેને જ ધર્મ કહેવાય.

સ્વતંત્ર ધર્મ

શાસ્ત્રમાં આજ્ઞા શબ્દ આવે છે. **आणाए आराहित्ता चाउरंतसंसारकंतारं वीईवइंसु (સમ૦ સૂ૦ ૧૪૮; નં. સૂ૦ ૫૮)** દ્વાંદશાંગીનેા આરાધક છે કે વિરાધક છે તેા તે પણ આજ્ઞાએ છે. આજ્ઞાએ તપસ્યા, આજ્ઞાએ સંયમ, દાન તે પણ આજ્ઞાએ.

દાન, સંયમ અને તપમાં સ્વતંત્ર ફળ દેવાની શક્તિ છે તેા પછી આજ્ઞા કહેવાની જરૂર શી? ગેાળમાં મીઠાશ છે તેા માખાપના કહેવાથી પણ ગેાળમાં મીઠાશ નથી તેમ કહેા તેાપણ મેાંમાં નાખેા એટલે ગળ્યેા લાગશે. ગેાળની મીઠાશમાં બીજાની પ્રેરણાનેા અવકાશ જ નથી. સ્વતંત્ર નિયમ છતાં આજ્ઞાએ કરેા. આજ્ઞા વગર કરેા, તેા પણ ફળ થવું જોઈએ. તેમાં નિયમ સ્વતંત્ર છે. ગેાળમાં સ્વતંત્ર ગળપણ છે; તેમ દાનમાં, શીલ અને તપમાં સ્વતંત્ર ધર્મ કારણભૂત છે.

દાન, શીલ અને તપની બીજ સાથે તુલના

એક વાત ખ્યાલમાં રાખવાની કે બીજમાં ઝાડને ઉત્પન્ન કરવાનો ગુણ રહેલો છે, પણ તે ફળવાળું કયારે થાય ? પૃથ્વી, હવા, પાણી વગેરેનો સંયોગ મળે ત્યારે તે ફળવાળું બને. તેમ દાન, શીલ, તપ અને ભાવમાં સંપૂર્ણ ફળ દેવાની તાકાત કયારે? આજ્ઞાનું કર્મ પણું હોય ત્યારે. ખેતરમાં વાવેલાને ઊગતાં વાર લાગે. કિનારે પડેલાના અંકુરા થાય ખરા, પણ તે ત્રીજે દહાડે બળી જવાના. પણ તેનાથી બીજું કંઈ થવાનું નહિ. અનાજની નિષ્પત્તિ શામાં ? વાવેલામાં, પણ કાંઠે પડેલામાં નહિ. બીજ તો બન્ને છે ને? બેયમાં શક્તિ છે ને? છતાં ધાન્ય શામાં થાય ? તો વાવેલા બીજમાં કે કાંઠે પડેલા બીજમાં ?

જેમ બીજમાં ઉત્પાદનશક્તિ, છતાં તેનું ઉત્થાન ખેડાણથી હોય. તે પાણીથી મૂળ બાઝયું હોય તો જ ધાન્ય થઈ શકે. કાંઠે વાવેલા છતાં અંકુરો થાય પણ ધાન્યનો વખત નહિ, તેમ અહીં. દાન, શીલ અને તપ ત્રણે ચીજો બરાબર બીજ જેવી, પરંતુ સમકિત વગર કાંઠે પડેલા બીજ જેવી તેની સ્થિતિ છે. સમકિત વગરનું દાન, શીલ અને તપનું પૌદ્ગલિક ફળ આવે ત્યાં રોકાઈ જાય, પણ આગળ ન ચાલે. માટે જેણે પૂર્વ ભવોમાં દાન, શીલ, તપ અને ભાવ કરેલાં છે પણ સમકિતપૂર્વક નથી કરેલાં તે આ ભવમાં ઋદ્ધિવાળો થાય, ચક્રવર્તી થાય પણ તેમાં ધર્મ નથી કારણકે તે સમકિતની આરાધના વગરનું છે.

માખીના ચાર પ્રકાર

માખીમાં ચાર પ્રકાર છેઃ

(૧) કેટલીક માખીઓ પથ્થર ઉપર બેસનારી : તેને તેમાં સ્વાદ કંઈ નહિ પણ ભય લાગે ત્યારે તે ઊડી શકે પણ ત્યાં બંધાઈ ન જાય.

(૨) શ્લેષ્મની કેટલીક માખીઓ : સ્વાદ ન લે પણ ત્યાં ઝપટાઈ જાય.

(૩) કેટલીક મધની માખીઓ : સ્વાદ લે ને તેમાં લપટાઈ જાય.

(૪) કેટલીક સાકરની માખીઓ : સ્વાદ લે અને ઉડવું હોય ત્યારે ઊડી પણ જાય.

સમ્યક્ત્વપૂર્વક, આજ્ઞાપૂર્વક અને જિનેશ્વરોના વચનપૂર્વક દાન, શીલ, તપ કરનારા જીવો સાકરની માખ જેવી સ્થિતિને ધારણ કરે. તેઓ દેવલોકમાં જાય, પણ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાવાળા ન હોય. માટે શાસ્ત્રકારોએ તિર્યંચ અપર્યાપ્તામાં અવધિજ્ઞાન ન માન્યું, કારણ કે સમકિત લઈને ગયેલો હોય તે દેવલોકથી ચ્યવે તો તે તિર્યંચમાં ન આવે. મનુષ્યમાં પણ જ્યાં આરાધના મળે ત્યાં જાય. **से दसंगेऽ भिजायइ'** (उ० अ० ३ गा० १६) જે આરાધના કરીને દેવલોકે ગયો હોય તે ચ્યવે તો તેને દશે અંગ સંપૂર્ણ હોય. તે આજ્ઞા, વચન અને સમ્યક્ત્વના પ્રતાપે હોય. **आणाई तवो (संबोधसप्तति)** તપસ્યા પણ આજ્ઞાપૂર્વકની હોય તો તે ઠેઠ સુધી ફળ દે. દાન અને શીલ તે પણ આજ્ઞાપૂર્વકનાં હોય તો તે સંપૂર્ણ ફળ દે.

આવી રીતે દાન, શીલ અને તપ માટે આરાધના તેમજ વિરાધનાનો આધારછે.માટે, **धम्मो आणाऐ पडिबद्धो ॥'(पंचाशक गा०२९६)**, ધર્મ આજ્ઞાએ થાય. આવા શાસ્ત્રકારોનાં સેંકડો વચનો હોવા છતાં તેના ઉપર પાણી ફેરવીને 'વચન' શબ્દ કેમ મૂકયો?

તારી વાત સાચી. છતાં **હરિભદ્રસૂરિ** આખા ગ્રંથમાં એક પણ ઠેકાણે 'આજ્ઞા' શબ્દ નથી. વાપરતા. તેઓ આટલા જુદા કેમ થયા ? **ઉપદેશપદ, પંચાશક** વગેરેમાં આજ્ઞાથી કામ કર્યું. અહીં વચનથી કેમ ? પરંતુ વસ્તુ શી છે તે તમે સમજો. એમાં શું વિશેષ છે તે સમજો. કહેનારો તે વચન તરીકે કહે, પણ તે આજ્ઞા તરીકે કંઈ કહે નહિ.

'ઇચ્છાકારેણ' શબ્દનું મહત્ત્વ'

તીર્થંકર મહારાજે સમગ્ર રીતે દ્વાદશાંગીનું નિરૂપણ કરી બતાવ્યું, પણ તે આજ્ઞા દ્વારાએ નહિ. 'બસ' કરવું જોઈશે, આમ નહિ કરો તો મારી આજ્ઞાનું ખંડન થશે એમ નથી; માટે દેશનામાં, ક્રિયામાં

ઈરિયાવહિયા, કરવામાં, 'ઇચ્છકાર'માં અને ગુરૂવંદનમાં ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અર્થાત્ તમારી ઇચ્છા હોય અને ઉત્તર દેવો હોય તો જ દેવો, હું પૂછું છું માટે ઉત્તર દેવો જોઈએ એમ હું નથી કહેતો. દરેક ઠેકાણે 'ઇચ્છાકારેણ' શબ્દ વાપરેલો છે તે શું જણાવે છે? તમારી ઇચ્છાએ ઉત્તર દેવો.

વચન એટલે શું?

જે નિરૂપણ કરનારા જિનેશ્વરો, ગણધરો અને આચાર્ય મહારાજાઓ છે તે આજ્ઞા રૂપે નિરૂપણ કરતા નથી. પણ શ્રોતા પરિણતિવાળા હોય તો વચનને 'આજ્ઞા' માને અને એમનું કથન 'આજ્ઞા' તરીકે ગણવું તે શ્રોતાનું કામ છે. માટે **आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए। आणारहिओ धम्मो पलालपूलव्व पडिहाइ॥ (संबोधसप्ततिo गाo ३२) "आणाए आराहए भवई"** આ બધું જે કહેવામાં આવ્યું તે સમજુ શ્રોતાના ફળની અપેક્ષાએ સમજવું. વકતાના વચનની અપેક્ષાએ અહીં વાત થાય છે. આ આખું **ષોડશક પ્રકરણ** બાળ જીવો, મધ્યમ જીવો અને પંડિત જીવો આ ત્રણને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. શાસ્ત્ર બધાંને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે.

સર્વના અધિકાર માટે વચન હોવાથી 'આજ્ઞા' નહિ રાખતાં 'વચન' રાખ્યું છે. આજ્ઞા તે જ 'વચન', વચન તે જ 'આજ્ઞા.' વિનયવાળા અને સમજણવાળા તેને જિનેશ્વરનું વચન તે 'આજ્ઞા' ધર્મથી સુખ-કલ્યાણ થાય. જો શ્રોતા સમજુ હોય તો ભગવાને ધર્મ કરવાનો કહ્યો છે તેથી તે માને. વકતા નિરૂપણ સ્વરૂપે જે કરે છે, તે સમજુ સમકિતવાળો શ્રોતાને માટે નથી કહેતા, પણ સર્વ સામાન્ય જીવો માટે કહેવામાં આવે છે. માટે 'આજ્ઞા' શબ્દ નહિ મૂકતાં 'વચન' કહેવામાં આવે છે,

મહાનુભાવ! આ આત્મા આરાધન માટે નીકળેલ છે, માટે તેણે આગમનાં વચનો પકડવાં જોઈએ. માટે વચનની આરાધના. વચનનું તત્ત્વ વિચારીને વર્તન કરવું જોઇએ, તેને મુખ્ય વચનની અમૂલ્ય આરાધના સમજાય.

વચન પર તેને આરાધવાનું કહો છો, પણ વચન તો ચતુઃસ્પર્શી છે તો તે કેમ બને? તે અધિકાર જે જણાવવામાં આવશે તે અંગે વર્તમાન.

વ્યા
ખ્યા
ન

વચનની વિશિષ્ટતા

૧૭

ભૂતકાળ પહેલાં, પછી ભવિષ્ય

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્ર સૂરિ-શ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપવા **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડતો રખડતો ભટકયા કરે છે, અર્થાત્ આ જીવ ભટકતી પ્રજા નહિ પણ રખડતી પ્રજા છે. અનાદિ કાળથી રખડયા કરે છે. અનાદિ કાળથી રખડવાનું થાય છે તે પહેલાં ધ્યાનમાં કોને આવે? જેઓ પોતાની જિંદગીને જેલ સ્વરૂપમાંથી પલટાવીને મહેલ સ્વરૂપમાં લાવવા માંગે તેને ભવિષ્યના વિચારો આવે. મહેલ સ્વરૂપ ન કરવા માગે તે પોતાની જિંદગીને જેલ સ્વરૂપ રાખી આ ભવના વિચારો કરે. હું અહીંથી ચાલીશ ત્યારે મારૂં શું થશે એવા ભવિષ્યના વિચારો જેને ન આવે તેને ભૂત કાળના વિચારો કયાંથી આવે? પહેલા કયા વિચારોની જરૂર? ભૂત કે ભવિષ્યના? ભવિષ્યની પ્રતીતિ માટે ભૂતના અને ઉદ્યમને માટે ભવિષ્યના વિચારોની જરૂર છે. એટલે ભૂતકાળના જીવનનો, તેમાં કરેલાં કર્મોનો, અને તેનું આ ફળ, છે, તેનો વિચાર કરવાની જરૂર છે.

આ જીવન પણ એનું ફળ છે. આથી કેટલીક જગ્યા પર મનુષ્યને વૃક્ષ ગણીને મનુષ્યરૂપી વૃક્ષોનાં ફળો જણાવ્યાં છે. જ્યારે જગતમાં દેખીએ તો ફળનો સ્વભાવ ભોગમાં આવે અને પાછો નવો ઉત્પન્ન કરે. ફળમાં જ જે સ્વભાવ છે તે ભોગમાં આવે. અને તેનો એવો અંશ હોય છે કે જેમાંથી આખું વૃક્ષ ઊભું થાય. તેમ આ જીવન એ કર્મનું ફળ છે. આ જીવન જીવીએ, તેમાં જે કર્મો કરીએ

તેનાથી બીજું જીવન થાય. પરંતુ આ જીવન એ અમુક કર્મો દ્વારાએ આવ્યું તે પ્રતીતિ કયારે? તો ભૂતકાળના વિચાર કરીએ ત્યારે મુશ્કેલ એવી મનુષ્યની આ જિંદગી તે આપણને કેમ મળી ? આપણે કયારથી સમજણા થયા, આપણને અક્કલ આવી ? કહો કે ગમે ત્યાંથી આવી, પણ આવી. તો મનુષ્યપણામાં.

બાદશાહ અને બીરબલ

આપણા વિચારે તો એ મનુષ્યપણાની કિંમત જ નહિ. કેમ ?

તો બાદશાહને જેમ બાજના ભૂક્કાની કિંમત નહિ તેમ. કેમ ? બાદશાહ અને બીરબલ ગોખમાં બેઠા છે. તેવામાં ત્યાંથી એક ભિખારી નીકળ્યો. તેને જોઈને બાદશાહે બીરબલને પૂછયું કે 'હે બીરબલ ! આ ભિખારી દૂબળો કેમ છે ? '

ત્યારે બીરબલે કહ્યું કે 'જહાંપનાહ ! તેને ખાવાનું નથી મળતું માટે તે દૂબળો છે.'

ત્યારે બાદશાહે કહ્યું કે 'સાલો, ગદ્ધો, બેવકૂફ ખાવાનું ન મળે તો બાજનો ભૂક્કો ખાય પણ ભૂખ્યો કેમ રહે ?

વાત સાચી, બાદશાહ સમજણો થયો, ઉછર્યો અને વર્ત્યો છે બાદશાહતમાં. તેથી એને જગતનો ખ્યાલ નથી. તેથી પોતે પોતાની સ્થિતિ દેખે છે કે ભૂકકો ફેંકી દેવાની ચીજ છે. બીજી ચીજો ભાંગતાં કરચ પડે તેવો નિયમ નહિ. બાજનું આખું બાજ નહિ. અને તેની કરચ પડયા વિના રહે નહિ. તે કરચ બાદશાહ વીણવા બેશે નહિ. માટે પોતાની અપેક્ષાએ કહે છે કે ભૂખ્યો કેમ રહે છે? તે (ભૂક્કો) ખાઈ ને પેટ ભરે. બાદશાહે આ કહ્યું તે સાચું છે. પણ શ્રોતાની અપેક્ષાએ કે જગતની અપેક્ષાએ વિચારે તો બાજ જોવાં કેટલાકને તો મુશ્કેલ છે તો પછી ભૂક્કો કયાં ?

તેમ આ જીવ પણ એકલો પોતાના જીવનનો વિચાર કરે છે. તેથી મનુષ્યપણું દુર્લભ નથી પણ સ્વાભાવિક છે. કેમ? તો પાદશાહ

જગતની દૃષ્ટિએ જુએ તો બાજા કેટલાકને મળવાં અને જોવાં મુશ્કેલ પણ આપણે આપણા જીવનનો જ વિચાર કરીએ તો મુશ્કેલ ન લાગે.

દેવપણું મુશ્કેલ કે મનુષ્યપણું ?

ઇતર કોમને જૈન કોમ કરતાં ઘણી મુશ્કેલી પડે. કેમ ? તો જે મનુષ્યપણું જૈનને છે તે જૈનેતરને પણ છે. જૈનોને તે વધારે મુશ્કેલ લાગે છે, કારણ, જૈન અને જૈનેતરો જીવ કોને માને ? જૈનો પૃથ્વી-કાયાદિને જીવ માને છે, જૈનેતરો તેને જીવ માને નહિ. માત્ર કીડી, મંકોડા વગેરેને જીવ માને છે. તેને વિચાર ત્રસ જીવોની અપેક્ષાએ કરવાનો. ત્યારે જૈનોને ત્રસ અને સ્થાવર એ બંને જીવની અપેક્ષાએ વિચાર કરવાનો. આપણે વિચાર કરવાનો છ કાયની અપેક્ષાએ. પૃથ્વીકાયાદિના જીવો છે તે સ્થાવર છે. તે સિવાયના બીજા છે તે ત્રસ છે. તે જૈનો વિચારે કે બધાંને મનુષ્યપણું ન મળ્યું અને મળ્યું તો તે કેટલું દુર્લભ હોય ? જે ચીજ દુર્લભ હોય તે થોડાને મળે છે. પણ જે સુલભ હોય તે જ્યાં ત્યાં મળે છે અને ઘણાને મળે છે. આ બધા જીવો મનુષ્યપણા વગરના ગણાય. માટે **જૈનને દેવપણું સહેલું છે પણ મનુષ્યપણું મુશ્કેલ છે,** દેવતા મોટા જબરજસ્ત છતાં મુશ્કેલ તો નહિ. જૈન કોમ વિચારે તો માલુમ પડે કે દેવપણું સહેલું, મનુષ્યપણું મુશ્કેલ છે.

'રાશિ' કોની ઓછી ?

સર્વ જીવોની રાશિમાં ઓછામાં ઓછી રાશિ કોની ? તો ગર્ભજ મનુષ્યની. તેનાથી ઓછી સંખ્યાના કોઇ જીવો નહિ. ૨૯ આંકથી વધારે નહિ. આના કરતાં બધી રાશિઓ અધિકાધિક ગણાય છે. તે પણ અસંખ્યાત ગણી. કોઈ પણ આ મનુષ્ય રાશિથી સંખ્યાત ગુણમાં નહિ, અસંખ્યાતા ગુણમાં. બધી રાશિઓના અનંતમા, અસંખ્યાતમા ભાગે મનુષ્યની રાશિ છે. તો મનુષ્યની સંખ્યા કેટલી ઓછી ! દેવતાની સંખ્યા તે નારકી કરતાં અસંખ્યાત ગણી. સાતે નારકીના

નરકના જીવોની જે સંખ્યા તેના કરતાં દેવતાની સંખ્યા અસંખ્યાત ગણી. આવા દેવતાના સ્થાનોમાં જગ્યા મળવી સહેલી કે મુઠ્ઠીભર મનુષ્યમાં જગ્યા મળવી સહેલી? તો પછી સહેલું સ્થાન કયું? જેમાં અસંખ્યાત સ્થાનકો હોય તેમાંથી કોઈ હાથ લાગે. મુઠ્ઠીભર સ્થાનકોમાંના ગર્ભજ મનુષ્યો. સ્થાનની અપેક્ષાએ મનુષ્યપણું અલ્પ. તેથી તે મળવું મુશ્કેલ. મનુષ્યપણા માટે ઉમેદવારો ઘણા. દેવતામાં તેટલા નહિ. દેવપણું પામવા માટે લાયક ઘણા ઓછા. જ્યારે આ સ્થાન છે મુઠ્ઠીભર, ત્યારે પામવા લાયક (મેળવનાર) છે ઢગલો.

અનંતકાયના જીવો ત્યાંથી નીકળી સીધા મનુષ્યમાં આવે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચો, દેવતા, નારકીઓ આ બધા આવે. વનસ્પતિમાં અનંતનો જથ્થો, બધા દેવતા, તિર્યંચ, પંચેન્દ્રિય, નારકી મનુષ્યપણાને લાયક છે. તેના ઉમેદવારો અનંતા, લાયક અનંતા, ત્યારે સ્થાન મુઠ્ઠીભર છે. તેથી તેમાં ઉત્પન્ન થવું મુશ્કેલ. જ્યારે દેવના અસંખ્યાત સ્થાનકો, તો તેને લાયક કેવળ તિર્યંચ, પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્ય છે. તેમાં પણ ઘણા ભાગે લાયક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય. ત્યારે ઉમેદવાર મુઠ્ઠીભર. તો પછી આ બેમાં કયું મેળવવું સહેલું? આ વિચાર જૈન કોમ કરી શકે.

એક શરીરમાં અનંતા જીવ

અનંતકાય માનનારી જૈન કોમ છે. બીજાને અનંતકાય શબ્દ સાંભળે તો શૂળ થાય. તેને માનવું પડે છે કે કાળ તો અનંત ખરો. ભૂત, ભવિષ્ય કાળ અનંતો કહેવો પડે. તેમ તેને અનંતનું શૂળ થાય છે માટે મોક્ષે ગયેલાને પાછા લાવવા પડે છે. અનંત સંખ્યા સાંભળે તો શૂળ થાય. પરંતુ મોક્ષવાળાને કચરામાં પટકવા કબૂલ, પણ અનંત સંખ્યા ન માનવી. તેને અનંત સંખ્યા શૂળ જેવી લાગે. મનુષ્યને પેટ કે માથામાં શૂળ થાય તો તેને કંઇ ગમે નહિ, તેમ તેઓ અનંત શબ્દ સાંભળે તો શૂળ ઉપડે, માટે અનંત શબ્દ ખસેડવો જ જોઇએ. માટે એક શરીરમાં અનંતા જીવો રહે તે કયાંથી માને? ન માને તે વાત જુદી.

ચાર આંગળના દલાલણ

મોતીભાઈ જેવા કહે છે કે એમાં અનંતા જીવ કેમ કહ્યા ? તે કહેવાવાળો એમ શંકા કરાવીને પેલાને માર્ગથી ખસેડે છે. પેલાને કહેનારનો વિચાર આવે તેથી અહીં સોયની અણીનું દૃષ્ટાંત લઈએ. એક હોલમાં લાખ દીવા હોય તેમાં સોય ઊભી કરીએ તો લાખ દીવાનું અજવાળું સોયની અણી ઉપર છે કે નહિ ? સોયની અણીમાં લાખ ભાગ બતાવો તો ખરા. અજવાળા જેવી રૂપી ચીજ પરસ્પર આધારરહિત રહી શકે છે, તો પછી અરૂપી એવા જીવો, એમાં અનંતાને રહેવામાં શો વાંધો આવ્યો ?

વાંધો એક જ આવ્યો કે આ ચાર આંગળની દલાલણ લુચ્ચી-દલાલણ છે. કેમ ? જેમ માલિક પાસેથી દલાલ માલ લે અને ઘરાકને સોંપે, તેમ દાંત તે અનાજના કોળિયા પીસે પણ તે હાથે લે. આ પેટ ઘરાક, તેમાં તેને વચમાં રસ લેવાની દલાલી. ઘરાક ધરાઈ જાય તો પણ દલાલ કહેઃ લો લો., તેમ પેટ ભરાઇ ગયું હોય, 'છતાં બે કોળિયા ખાવા દે. આ ચાર આંગળની દલાલણને કોઈ દહાડે સંતોષ ન થાય. તેઓ માલ લેનાર અને દેનાર ધરાયા પછી તેઓ સંતોષ પામે પણ દલાલને સંતોષ ન થાય, લાખો મણ ઘી ખાય તો પણ ચીટકી એક અંશ પણ નહિ, દલાલ દલ્લો લે પણ દેખાવમાં નહિ, તેમ આ ચાર આંગળની દલાલણ લુચ્ચી સ્વાદ લે પણ દેખાવમાં નહિ.

વાંધો ત્યાં છે કે અનંતકાય માનીશું તો શકરિયાં ગાજરિયાં બાધા વિના રહી જવાશે. આ ખાવાનું રહી જાય તે કેમ પાલવે ? અનંતકાય માને તો તે બંધ કરવું પડે. દલાલણને તે બંધ કરવા પાલવે નહિ., માટે અનંતા કેમ રહે તેવો પ્રશ્ન કરે. તેને કહીએ કે અજવાળાનું દૃષ્ટાંત વિચારી લે.

સ્થાનમાં અનાબાધપણે જીવનો રહેવાનો સ્વભાવ, તો પછી તેમાં અનંતા રહે તેમાં તને વાંધો શો આવ્યો ? વનસ્પતિમાં અનંતકાય માનવા મુશ્કેલ, ત્યારે ચંપકભાઈ જેવા કહે કે મોક્ષે જાય તે ત્યાંથી

પાછા આવે નહિ તો અનંતા કાળે અનંતા મોક્ષે જશે તો જીવો ખૂટી નહિ જાય? આ સંસારના બધા જીવો મોક્ષે જાય એટલે ખૂટી જવાના. તેવી શંકાવાળાને ઉપરની દલીલથી શાસ્ત્રની વાતને રજુ કરે છે. કેટલીક વાત શાસ્ત્રની સમજવામાં ન આવે તો દલીલથી કહી શકાય છે.

મુદ્દદક અને મિથ્યાત્વીઓ

મદ્દદક નામનો શ્રાવક છે. તે ભગવાનને વંદના કરવા જતો હતો. ત્યાં રસ્તામાં મિથ્યાત્વીઓ **કાલોદાયિ** વગેરે બેઠેલા છે. **મદ્દદુક** આવે છે તેમ જોયું, એટલે તે રસ્તા ઉપર આવ્યા.

'**મદ્દદુકજી** કયાં જાઓ છો?'

ત્યારે **મદ્દદુક** કહે છે કે ભગવાન **મહાવીર** આવેલા છે તેમને વંદન કરવા જાઉં છું.

'તમારા શ્રમણ ભગવાન આ જગતમાં જીવ અને જડ એમ દુનિયાને માને છે. પણ જડ વસ્તુ ઘટપટાદિ છે. ત્યારે તમારા **મહાવીર** જડ શબ્દથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયાદિ લે છે. તેમાં આકાશાસ્તિકાય દેખીએ તેથી માનીએ, પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તો તમે માનો છો ને?

'તો **મદ્દદુક** કહ્યું કે તેવું માનું છું. ભગવાને જેવું કહ્યું તેવું માનું છું.

ત્યારે કાલોદાયિ વગેરેએ કહ્યું કે 'ધર્માસ્તિકાય કયાં છે?

ત્યારે **મદ્દદુક** કહ્યું–આખા ચૌદરાજલોકમાં વ્યાપક માનેલો છે.

"**મદ્દદુક**! તમારા **મહાવીર**ના કહેવા પ્રમાણે છે તો તમે દેખો છો, જુઓ છો અને તેથી માનો છો? જો દેખતા કે જોતા ન હો તો તમારા જેવા આંધળી શ્રદ્ધાવાળા કહેવાય., કારણ કે દેખે નહિ, જુએ નહિ અને છે એમ માને–કબૂલ કરે તેના જેવો આંધળી શ્રદ્ધાવાળો કોણ?"

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિષે સમજણ

કાલોદાયિએ મદ્દદુકને કઈ જગ્યા પર મૂકયો તે વિચારો. અન્ય ધર્મની પ્રીતિ કરવાની? ના પાડે છે, તે આવા ચક્કરમાં નાખનારા છે. તે ચક્કરમાં નાખવા માટે ભગવાન કહે છે તે અહીં કહે છે. તે

કબૂલ કર્યું. ત્યારપછી તે કહે છે કે 'તું અહીં દેખે છે, તે જુએ છે, હું દેખતો નથી, જોતો નથી, તો તારા જેવો આંધળો કોણ ? આમ કહીને કહે છે કે 'જે છતી આંખે જુએ નહિ અને હા હા કહે તેને કેવો ગણવો ?''

ત્યારે મદ્દુકે કહ્યું કે ''આ ગંધ આવે છે તે કોની?'' તો મોગરાની.

મોગરો આટલામાં દેખાય છે,? તેની ગંધ દેખાય છે ? તે નીકળતી કે પેસતી દેખાય છે ?

તો ના.

તો પછી તે ગંધ મોગરાની-છે તે કેમ બોલ્યા ? મોગરાની ગંધ, મોગરો હોય તો આવે છે, મોગરો ન હોય તો તેની ગંધ નથી આવતી. સાક્ષાત ન જણાય, ન દેખાય છતાં અનુમાનથી ને ! નાકે આવતી ગંધ તે જાણી નથી. દેખી નથી. મોગરો હોય તો આવે છે; નહિ તો તે નથી આવતી. તો આ મોગરાની ગંધ છે તે કેવી રીતે ? એમ હું તને પૂછું છું. આ જગતનો કોઈ છેડો છે કે નહિ ?

છેડો છે.

તું કહે છે કે છેડો નથી તો તું અને હું મળ્યા ક્યાંથી ? આ જીવો મળ્યાં છે તો તેવા સંયોગો થયા માટે મળ્યા છે સંયોગો મળ્યા ત્યારે જીવોનું મળવું થયું. જો સંયોગો ન હોત તો જીવો અને પુદ્ગલો કયાંય વિખરાઈ જાત તેનો પત્તો ખાત નહિ. મર્યાદાવાળું સ્થાન હોય ત્યાં મળવાનો પ્રસંગ થાય. માટે જગત મર્યાદાવાળું છે. આ તો પુદ્ગલનો સ્કંધ છે. આપણે ભેગા થયા છીએ જગત માટે મર્યાદાવાળું છે. તો તે મર્યાદા કોની ? તે કહે કે તે મર્યાદા ધર્માસ્તિકાયની છે. અહીં ને અહીં રાખે તેનું નામ અધર્માસ્તિકાય. માટે **ગતિમાં જે મદદ કરે તે ધર્માસ્તિકાય. સ્થિતિમાં જે મદદ કરે તે અધર્માસ્તિકાય** માનવા પડે.

વીતરાગ પરમાત્મા એ જ પ્રામાણિક સાધન

કાલોદાયિ આદિએ પાછો તેને પ્રશ્નમાં ઉતાર્યો. કેટલાક ભૂત,

ભવિષ્યના પદાર્થોમાં અનુમાન નહિ. જેમ ચોવીશીમાં ચોવીસ થયા. આવતી ચોવીશીમાં પદ્મનાભાદિ થશે તેનું અનુમાન કયું? માટે જ આગમ માનવા ને? મદ્દુકે કહ્યુ કે ભાઈ, દરિયો છે. તેની બીજી બાજુ દેશ છે કે પાણી! જો પાણી છે કે દેશ છે તેમ કહો તો તે પૂછે કે તમે ત્યાં જઈ આવેલા છો? તો ના. તો પછી તમે શાથી કહો છો? જઈ આવેલાએ, ભરોસાવાળાએ કહ્યું તેથી તમે માનો છો ને? જે દૂર રહેલી ચીજ, વસ્તુ વગેરે, દેશ, કાળ સ્વભાવ વગેરે ન દેખીએ, છતાં માનીએ. તે પણ પ્રામાણિક પુરુષના વચનથી માની શકીએ. અહીં આગળ સર્વજ્ઞ, વીતરાગ પરમાત્મા સિવાય પ્રામાણિક સાધન કયું? ભોગરાની ગંધ, દરિયાપારના દેશો કબૂલ કર્યા તે અનુમાન અને આપ્ત વચનથી. તેમ હું પણ અનુમાન અને આપ્ત વચનથી માની શકું, પણ મારી આંખે નથી દેખી શકતો. આમ કહીને તે ભગવાન પાસે ગયો.

મદ્દુક અને ભગવાન

'હે મદ્દુક! તેં સારું કર્યું. તે વખતે તેં એમ કહ્યું હોત કે હું દેખું છુ ત્યારે તે કહેત કે તું મને દેખાડ. ત્યારે તું કહેત કે ગાંડો છે, સ્વપ્નું છે તે જુએ? સુખ તું વેદે છે કે નહિ? તેનું વેદન બીજાને દેખાડે છે ખરો? સ્વપ્નું ચીજ એવી કે તે પોતાને દેખાય પણ બીજાને દેખાડાય નહિ. માટે હું શ્રદ્ધાવાળો છું તેથી દેખાય છે. તેમ તું કહી શકે પણ તે ઉત્તર દેવાનું સ્થાન ન હોવું જોઈએ.'

જો ઉપર કહ્યું તેમ બોલ્યો હોત તો તું તીર્થંકર, ગણધર અને કેવળીઓનો વિરાધક થાત. કેમ? તો કેવળીઓ શું કહે? **છદ્મસ્થ જીવ અરૂપી પદાર્થોને જોઈ શકે નહિ. જે મનુષ્ય સૂત્ર વિરુદ્ધ બોલે તે મનુષ્ય સૂત્રને અનુસરનાર છતાં ઉન્માર્ગી મનાય.** આંધળો હોય તેને એમ કહીએ કે હું તને આંધળો કયાં કહું છું? એમ કહેવાથી આંધળો કહી દીધો. અહીંયાં હું બીજાને ઉન્માર્ગી નથી

કહેતો. પણ તારા માર્ગને સન્માર્ગ કહે એટલે બીજાનો ઉન્માર્ગ આપોઆપ આવી ગયો. દેખે છે એમ કહેત તો છદ્મસ્થ જીવ અરૂપીને દેખી શકે તેવું નિરૂપણ કરત. જેઓએ જ્ઞાને દેખ્યું ને નિરૂપણ કર્યું. કે છદ્મસ્થ અરૂપી દેખે નહિ, સાક્ષાત્ જાણે નહિ તેથી તે કહેનારા ખોટા. સાક્ષાત્ ન કહે પણ આમ બોલ્યો હોત તો આનો અર્થ એ આવત કે 'મેં તને દેવાળીઓ કયાં કહ્યો છે?;

ઉન્માર્ગગામી ન કહ્યા છતાં મારો માર્ગ સાચો તેમ કહ્યું તો બધા ઉન્માર્ગગામી ગણાયા. હું જાણું છું તેમ તું કહેત તો તે કહેત કે અમે દેખતા નથી. તો તું કયાંથી દેખે છે? તો તને શ્રદ્ધા નથી માટે તને ન દેખાય. કાપડ ફાડવાનું કોણ કરે? કાપડિયો. કેમ? એને એની પ્રવૃત્તિ છે, તેમ શ્રદ્ધા હોય તે દેખી શકે. તે પ્રમાણે સમાધાન કરત તો તેનું પરિણામ અનંતા સિદ્ધો, તીર્થંકરો. કેવળીઓ, ગણધરોએ જે નિરૂપણ કર્યું તેને ફટકો માર્યો ગણાત. **જેઓ ઉન્માર્ગે જવાવાળા છે તેઓ પોતાના માર્ગને સાચો કહે તો સન્માર્ગને ફટકો માનનારા થાય.**

વિરાધક કોણ?

શાસ્ત્રમાં કહેલા, માનેલા પદાર્થ યુકિતથી સાબિત કરવામાં કોઈ જાતનો વાંધો નથી. **જે પદાર્થ યુકિતથી સાબિત થાય તેને યુકિતથી ન કહે તે માણસ જૈનશાસનનું વાકય બોલવા લાયક નથી.** આવશ્યકનિર્યુકિતમાં ભદ્રબાહુ સ્વામીજીએ કહ્યું છે કે आणागिज्झो अत्थो (૧૭૬૬) गा. આજ્ઞાગ્રાહ્ય કહેઃ 'ભગવાને કહ્યું, તે બધું સાચું.' જેમાં દૃષ્ટાંત, હેતુ, યુકિત મળતા હોય તેમાં તે દ્રષ્ટાંત, હેતુ, યુકિતથી કહેવું જોઈએ. તે ન કહે તો તેને સ્વસમયનો વિરાધક, અનુયોગવિધિનો વિરાધક સમજાવો જે આજ્ઞાસિદ્ધ હોય તે પણ દૃષ્ટાંત હેતું, યુકિતથી સાબિત થાય તો તે કરવા. આ વાત વિચારશો તો જ્યાં, જ્યાં, તે કહેવામાં આવે છે કે આત્મા ને કર્મનો સંબંધ અનાદિનો છે. જો તેમ ન માનીએ તો શુદ્ધ આત્માને કર્મો લાગે તેથી મોક્ષ જેવી ચીજ

ન હોત. માટે અનાદિનાં કર્મો માનવાં પડે છે, છતાં દૃષ્ટાંત તરીકે **कांचनोपलवत्** અનાદિમાં દૃષ્ટાંત સોનું અને માટી.

શંકા–દૃષ્ટાંત સાચું કે સાવ ખોટું ! તે દૃષ્ટાંત તો સર્વથા ખોટું ! કારણકે તમે તે પુદ્ગલનો સંબંધ અનાદિનો માનતા નથી. પણ તેને તો તમે અસંખ્યાત કાળનો માનો છો. તો પછી અહીં અનાદિનો કયાંથી થયો ? માટી પણ પુદ્ગલો, કાંચન તે પણ માટી છતાં તેને અનાદિનો કેમ કહ્યો ! આ વાત સ્વસમય(મીમાંસક)ની છે.

સાબિત શું કરવું

જે મીમાંસકો જગતને અનાદિનું માને છે. ઈશ્વર અને મોક્ષને માનતા નથી માટે **कांचनोपलवत्** અનાદિનો વિયોગ તે જેમ માને છે, તેમ આત્મા અને કર્મ અનાદિનો સંયોગ પામીને વિયોગી થાય છે. જેમ પ્રતિવાદી તેનો સિદ્ધાંત પ્રમાણે સિદ્ધ કરે. આપણે ન માનેલી ચીજ બીજા દૃષ્ટાંત દ્વારાએ સમજાવ્યા હોઇએ, તેવી રીતે સિદ્ધ કરે તેમ શાસ્ત્રને અંગે જણાવવી જોઈએ. કર્મવાળો આત્મા પણ નિર્મળ થાય છે. જેમ કાંચન–ઉપલનો સંયોગ અનાદિનો માન્યો અને તેનો નાશ માને છે, તેમ આત્માનો સંયોગ અનાદિનો માને અને તેનો નાશ માને તો વાંધો નથી. સાબિત શું કરવું છે ? શાસ્ત્ર અને કેવળીનું કથન દૃષ્ટાંત, હેતુ આપણા કે બીજાના હોય પણ સિદ્ધ તો શાસ્ત્રનું હોવું જોઇએ. જિનેશ્વરોએ કહેલા પદાર્થો માટે આપણે નહિ માનેલી યુક્તિ કે દૃષ્ટાંત બીજાએ માનેલા હોય તે કહી શકાય, માટે આ મુદ્દાથી જે જણાવ્યું કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય નથી જાણતો, નથી દેખતો, છતાં માનું છું. એમાં દૃષ્ટાંત કર્યું ? મોગરાની ગંધ, હરિયાપારના દેશોનું દૃષ્ટાંત હેતુ, યુક્તિ તે બીજાના માનેલા હોય તે રજુ કરાય, પણ સાધ્ય પદાર્થ શાસ્ત્રનો માનેલો, તીર્થંકરનો નિરૂપણ કરેલો હોવો જોઈ એ. તેથી શાસ્ત્રકારોને અનુમાનો મૂકવાં પડે છે. ગણધરવાદ વખતે અનુમાન લેવાં પડયાં શાથી ? જે વસ્તુ દૃષ્ટાંત, હેતુ, યુક્તિથી સાબિત થાય તેને તેનાથી સાબિત કરવી જોઇએ.

નિગોદનો અનંતમો ભાગ

આ જીવ અતીન્દ્રિય જ્ઞાનવાળો છે, કારણ કે સિદ્ધ મહારાજે તેવો દેખ્યો છે. જ્ઞાની સિવાય જવાબ કરવાની જરૂર નથી. માટે અનંતકાયમાં અનંતા જીવો તે જ્યોતના દૃષ્ટાંતથી મદ્દુકુક શ્રાવક સમજાવી શકયા. હવે મોક્ષને અંગે શંકા ઊભી કરી. જીવ નવો થતો નથી અને મોક્ષે અનંતા જાય છે તો સંસાર ખાલી થશે કે નહિ, આ શાથી માનો છો? જીવ માનો થોડા અને તેથી તેમાંથી આવે તેમ માની લો ત્યારે. ચંપકભાઈએ કહ્યું કે પાનાભાઇ, અમરચંદભાઈ દરિયા તરફ ગયા ત્યારે અમરચંદભાઈ ટાંકણીમાં પાણી લઈને બહાર નાંખે છે. ત્યારે પાનાભાઈ કહેઃ મૂર્ખા છો. આમ કરીને દરિયો ખાલી કરવો છે?

ટાંકણીના પાણીથી દરિયો ખાલી થશે, તે કહેનાર સાચો ઠરે કે હાંસીવાળો ઠરે? કેમ? કયાં દરિયો અને કયાં ટાંકણીનું પાણી? તેમ અમરચંદભાઈએ ઠપકો દીધો. ટાંકણીને દરિયામાં નાખી અને બહાર કાઢી ત્યારે તેના ઉપર કેટલું પાણી માયું? તેથી દરિયો ખાલી થશે તેમ કહેવું પડયું. દરિયો અને ટાંકણીની અણી વચ્ચે અંતર દેખીએ તો તે સંખ્યાત, અસંખ્યાતગણું છે, અનંતો કાળ ગયો અને જેટલા મોક્ષે ગયા તે એક નિગોદના અનંતમે ભાગે. તો કેટલું અંતર છે? આટલો બધો ભૂતકાળ ગયો અને તેમાં મોક્ષે ગયા છતાં તે એક નિગોદને અનંતમો ભાગ છે. કેવળીને જ્યારે પૂછીએ ત્યારે જવાબ મળે કે એક નિગોદનો અનંતમો ભાગ છે. હજારો ટાંકણીઓ દરિયામાં નાખી અને બહાર કાઢી તો દરિયો કેટલો ખૂટયો તે કહો ને? તેમ અહીં અસંખ્યાત નિગોદો, અસંખ્યાત ગોળા એમાં જીવોનો સમુદાય એટલો બધો કે જેટલા મોક્ષે ગયા, મોક્ષે જાય છે અને જશે તે બધાને ભેગા કરીને કેવળીને પૂછીએ તો કહે છે કે એક નિગોદનો અનંતમો ભાગ તે છે.

જિનેશ્વરનું વચન કયારે રૂચે ?

જીવનની શ્રદ્ધા નથી, અનંતપણું માનવું નથી. માટે જૈનેતરોને અનંતા શબ્દથી પેટમાં ચૂંક આવે, તે આપણામાં તો અનંતા જીવો મનુષ્યપણાના ઉમેદવાર છતાં તે પામ્યા કેટલા ?

તો મુઠ્ઠીભર.

તો મુશ્કેલી કોની? દેવની કે મનુષ્યની? મનુષ્યની. આવી મુશ્કેલીવાળો મનુષ્યભવ મળ્યો તો જે પોતાના જીવનને મહેલરૂપ માને એટલે ભૂતકાળના ઉપર દૃષ્ટિ કરે તે પોતાના જીવનને મહેલરૂપ બનાવી શકનારો થાય. આવી રીતે પોતાના જીવનને જેલમાંથી મહેલરૂપ બનાવે તે કયારે ? તો ભગવાનના વચન ઉપર વિશ્વાસ રાખે તો. માટે ભગવાન **હરિભદ્રસૂરિજી** ચોકખું કહે છે કે જેમ તાવમાં તેનો અવધિ થાય ત્યારે ઔષધ કામ કરે છે. વારંવાર ઉથલો મારે છે તે કાચા તાવને ઔષધિથી દબાવ્યા તેથી તેમ થયું. તેને ઊથલો મારતાં વાર નથી લાગતી. પાકયા પછી કાઢેલો તાવ સંપૂર્ણ જાય, તેમ અહીં આગળ જ્યાં સુધી આ જીવને ભવસ્થિતિ પાકી નથી., ત્યાં સુધી જિનેશ્વરનું વચન રૂચે નહિ.

ભવસ્થિતિ પાક

ભવસ્થિતિ પાકી એટલે શું ? તે બતાવે છે કે દુનિયાને લૂંટી જાય. દુનિયા શાહુકારીના વચનમાં લૂંટાય છે, પણ દેવાળિયાના વચનમાં લૂંટાતી નથી. પાંચ પંચા પચીશ કરે તેની પાસે હિસાબ કરવા બેસે. તેમ અહીં આ જૈનશાસનમા પાકેલા ઝેરી કીડાઓ તે પણ રજુ કરે વચન શાસ્ત્રનાં. દેવાળિયો વચનશાહુકારનાં બોલે પણ બીજે દહાડે પાટિયું ફેરવી નાંખે, તેમ જૈન શાસનનાં ઝેરી જીવડાં તે શાસ્ત્રનું નામ લઈને 'ભવસ્થિતિ પરિપાક તમે પામ્યા નથી' એમ કહે. ભવસ્થિતિ પાકયા વગર જિનેશ્વરના વચન નહિ માને. તે વાત સાચી પણ પામ્યા તેથી પાકી છે. માટે જેનેજિનવચનની પરિણતિ થઇ તે એક પુદ્ગલ પરાવર્તથી વધારે રખડવાનો નથી. તેને ધર્મ, અધર્મ, મોક્ષ, નિર્જરા, સંવર, આશ્રવની વાત વિષે રૂચી થાત નહિ. જેને છેલ્લો પુદ્ગલ પરાવર્ત બાકી

હોય તેને આ વચન રૂચે છે. તે શાસ્ત્રના વચનની જગ્યા પર તે ઉથલાવવા માટે છેલ્લો પુદ્ગલ પરાવર્ત આવશે ત્યારે વચન રુચશે.

આનો અર્થ શો ? શાસ્ત્રકારે વચનની રૂચિ દ્વારાએ છેલ્લો પુદ્ગલ પરાવર્ત સાબિત કર્યો ત્યારે આને ઉડાડી મૂકયો. તમે જિનેશ્વરનું વચન માનો. પણ જ્યાં સુધી છેલ્લો પુદ્ગલ પરાવર્ત ન આવે ત્યા સુધી રૂચિ થઇ હોય તો નથી થઈ તેમ માનશો. જ્યારે છેલ્લા પુદ્ગલ પરાવર્તની સિદ્ધિ માટે શાસ્ત્રકારે કહ્યું છે કે-


આગમવચન૦ (ષોડ૦ ૫ શ્લો૦ ૯)

આ નિયમ કે જો એક પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી ન હોત તો જિનેશ્વરનું વચન રૂચત નહિ. જેથી રૂચ્યું તેથી એક પુદ્ગલ પરાવર્તની સાબિતી કરી. ત્યારે એને ઉપર પ્રમાણે ઊથલાવી નાંખી.


દેશવિરતિના પરિણામ થાય ક્યારે ?

મોહનીયમાં ૬૯ અંતઃકોટકોટિમાં પલ્યોપમની સ્થિતિ ખપે અને તેની પલ્યોપમ પૃથક્ત્વ સ્થિતિ જાય ત્યારે દેશવિરતિ થાય તે નક્કી. ચારિત્ર સંખ્યાતા સાગરોપમની સ્થિતિ જાય ત્યારે થાય. તો તે તું દેખે છે તો શાનું ચારિત્ર કહે છે ? આમ કહીને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિને ખસેડે છે તે અયોગ્ય છે. વચનની પરિણતિ થઈ, પાપથી વિરમવાનો વિચાર થયો, સાધુપણું લેવાનો ભાવ થયો તેથી તે થયેલાં છે. તે જગ્યા પર ઝેર જીવડાઓ કર્મને નામે કાર્યને ખસેડે છે. શાસ્ત્રકારો કાર્યને માટે કારણ જણાવે છે. માટે જિનેશ્વરનું વચન દિલમાં પરિણમે. સત્યભાવ, શ્રદ્ધા, વર્તવાનું, આરાધવાનું મન થાય તો તે આત્મા ચરમ પુદ્ગલ પરાવર્તમાં આવેલો હોય, માટે આ બન્યું તેથી ભવસ્થિતિ અનંતી કાપી નાંખી છે. માટે તેને અપૂર્વકરણ જાણ. ચિંતામણિ કલ્પવૃક્ષ મળ્યું તે શાથી કહે છે ? ફળ દેખાય છે તેથી. તેમ અહીં અનંતા ભવ નથી. તેની છાપ મારી, માટે ધર્મ ચિંતામણિ તેમજ કલ્પવૃક્ષ જેવો છે. જિનેશ્વરોનાં જે વચનો તેની આરાધનામાં ધર્મ છે.

વચન કેમ ? તેની આરાધના કેમ તે જે જણાવશે, તે અગ્રે વર્તમાન.



વચનનો અર્થ



દળી દળીને ઢાંકણીમાં

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્ર **સૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકારણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી જન્મ-મરણ જન્મ-મરણ કરતો કરતો રખડપટ્ટી કરી રહ્યો છે એટલે આ રખડેલ છે. ધ્યાનમાં રાખશો કે સમકિતી જીવ પહેલાં સમકિત પામીને એમ કહે કે હું રખડેલ છું.' કારણ કે ભવોભવ જઉં છું, ને ભવોમાં મેળવું છું, છતાં પરિણામ મીંડું છે. દુનિયામાં કહેવત છે કે 'દળી દળીને ઢાંકણીમાં વાળ્યું' તે આનું નામ. તેમ આને મહેનત કરીને ધૂળમાં નાંખ્યું તે ખરાબ કર્યું ? દરેક જિંદગીમાં જહેમત ઉઠાવીને તમે જે મેળવ્યું તે અંતે મિનિટમાં ગયું. એક સમય પહેલાં માલિક અને એક સમય પછી લેવા કંઈ નહિ. છેવટે કંચનાદિ માટે જેમ, તેમ કાયા માટે પણ. જીવન-મરણ સુધીનો બધો ટાઈમ કાયાને જાળવવા, વધારવાનો પ્રયત્ન ખરો કે નહિ ? જિંદગીની જહેમતે મેળવેલી કાયા તેનો એક સમય ગયો ત્યારે શું થયું ? પહેલા સમયે આપણી, પછી પારકી, માટે શાસ્ત્રકારે તેનો સર્વત્યાગ, કહ્યો. આખા શરીરમાંથી તેના એક ભાંગનો ત્યાગ તે દેશત્યાગ સર્વથા શરીરનું છોડવું તે સર્વત્યાગ. તે છેલ્લા સમયે. બાકીના સમયમાં પુદ્ગલો પોષણ પામે અને વિખરાય.

શરીરમાં આહાર લઇએ તેમાંથી મેલ, થૂંક વગેરે બધું થાય. શરીરથી પરિણમેલા તે પુદ્ગલો છોડવાના છે. પરસેવા દ્વારા ગ્રહણ કરેલા જાય છે. નવા લેવાય છે ત્યારે છેલ્લા સમયે નવું કંઈ નહિ ત્યારે જવાનું સર્વથા. કોઈ પણ જન્મ સર્વથા શરીરના ત્યાગ વગર

થતો નથી. એ બધો સંઘાત ક્યારે કર્યો.? આખા જીવનમાં જહેમત ઉઠાવી ત્યારે. જ્યારથી માતાની કૂખમાં આવ્યા ત્યારથી કાયાને બાંધતા આવ્યા, પોષતા આવ્યા. કયા જન્મમાં કાયાનું બાંધવું, પોષવું નથી ? તો એવો એક ભવ નથી કે જેમાં કાયાનું બાંધવું, પોષવું, ત્યાગ કરવું ન હોય.

મહેનતનું ફળ મીંડું.

નાનાં બચ્ચાં એક વર્ષ નાપાસ થાય, તેની મહેનતનું ફળ કંઈ ન આવે, તો રોઈને આખો દિવસ કાઢે. કેટલાક છોકરાઓ આપઘાતો કરીને મરી ગયા કારણ કે આગળની મહેનત નિષ્ફળ માલુમ પડી. બચ્ચાંઓ ધૈર્ય ધારી શકતાં નથી. ત્યારે આપણે ગયો જન્મ, આ જન્મ પણ પલ્યોપમની મહેનતે મેળવેલું શરીર તેને મૂકતાં મહેનતનું મીંડું કર તો કર્યા કરીએ છીએ. વિચારોઃ–છોકરાની એક વર્ષની મહેનત નિષ્ફળ જાય તો તે હતાશ થઈ જાય છે અને તેને તે અકારું કરનાર થાય છે, ત્યારે તમારી અનાદિ કાળની મહેનતનું ફળ શું ? અનાદિકાળથી રખડયા તેમાં અત્યારે તમારી પાસે શું છે ? જે જીવને અનાદિકાળનો માનશે તે ભવો પણ અનાદિકાળના માનશે. જો તે માનો તો તેં રખડીને મેળવ્યું શું ? માલિક હોય, નવ નિધાનનો માલિક હોય,દેવો સેવા કરતા ચક્રવર્તીપણું મેળવ્યું તેમાં ભલે ચક્રરત્નો હોય તો પણ મરણમાં'ચક્રમ.'

આ જીવ અનાદિથી ભટકયો, મહેનત બહુ કરી, પણ તેનું ફળ શું ? મીંડું. મહેનતમાં એકડો કોઈને નહિ. માટે શાસ્ત્રકાર કહે છે કે એમાં ચેતાય ક્યારે. ?

તો જ્યારે મીંડું વાળવાવાળો તેને રોકી શકે ત્યારે.

તેમ આત્મા શક્તિ દાખવે તો મીંડાનો એકડો કરી શકે. એવા પ્રકારની શક્તિ આ આત્મામાં છે તે વિચારે ક્યારે? આ ત્રણ વસ્તુ હોય ત્યાં સુધી વિચારનો અવકાશ છે, નહિ તો નથી હોતો. જેમ અહીં આગળના ભાગમાં આંખો છે, પાછળ નથી, તેથી અડચણ પડે છે.

અકસ્માત્ થાય તેને માટે ત્રણ આંખો કરી શકતા નથી. અર્થાત્ તેને ફેરવવાની તાકાત નથી. જ્યાં કર્તુમ્, અકર્તુમ્,

અને અન્યથાકર્તુમ્–આ ત્રણ ન હોય ત્યાં વિચાર કરતા નથી. માટે તાલ ઉપર, બોચી ઉપર, આંખો હોય તો કેવું સારૂં ? તેનો વિચાર કોઈ દિવસ કર્યો ? ના. જો તે હોત તો અકસ્માત્ થવાનો પ્રસંગ ઘણો ઓછો થાત.

કર્તુમ્ એટલે માથા ઉપર આંખ કરવાની. અકર્તુમ્ એટલે જ્યાં થયું હોય તે રોકવાની અને અન્યથાકર્તુમ્ એટલે તે જગ્યાથી બીજી જગ્યા પર ગોઠવવાની, પણ તે શક્તિ નથી. માટે તેનો વિચાર શા કામનો ? તો તે આંખને માટે કોઈ દિવસ વિચાર કરતો નથી.

જીવને ગુલામ કોણ ગણે ?

આખું જગત જન્મ–મરણ, મહેનત કરે છે, મીંડાં વાળે છે, તે પણ અનાદિકાળથી. તેમાં આપણું કરેલું કાંઈ થતું નથી, રોકાતું નથી, પલટાતું નથી. તેવું કોણ માને ? જેઓ જીવને ગુલામ માને તે જ માને કે જીવને કરવાની, રોકવાની કે પલટાવવાની તાકાત નથી, પણ જે જીવને સ્વતંત્ર ભોકતા, કર્તા માનનાર છે તે આ ત્રણ વસ્તુ માન્યા વગર નહિ રહે. જેઓ જીવને સ્વતંત્ર, કર્તા, ભોકતા માનનાર નથી તે જ માને કે આ ત્રણ તાકાત આ જીવની નથી. આ શક્તિનો અભાવ કોણ માને? તો જીવને ગુલામ ગણતા હોય તે તેમ માને. જેઓ ગુલામીમાં માનતા નથી, જેઓ આ ત્રણ માને છે છે તે જ વિચાર કરે કે આ જીવ રોકવા, કરવા, અને પલટાવવાને સમર્થ છે.

આત્માની બંને પ્રકારની તાકાત

કર્મના કારણભૂત ગતિ, આયુષ્ય વગેરે કર્મને બાંધનારો આ જીવ છે. કોઈએ કર્મ બાંધ્યાં અને તે મને વળગ્યાં તેમ નથી. કર્મ કરનાર હું જ છું, છતાં કરવું હાથમાં, પણ પછી પલટાવવું હાથમાં નહિ ! મરચાં ખાવાં તે મરજીની વાત, મરચા ખાધાં પછીની બળતરા તેને રોકવાનું આપણા હાથમાં, રેચ, ઝાડની દવા લેવી તે આપણા હાથની વાત પણ ઝાડા, રેચ થવા માંડયો તે રોકવો મુશ્કેલ છે તેમ નહિ. મરચાં તીખાં વધારે ખાધાં હોય તો ઉપર ઘી ખાધું અને બળતરા રોકી. ઝાડાનું

અધિકપણું થયું, તેના ઉપર ઝાડો રોકવાની દવા લીધી. કહો અકર્તુમ્ રોકવાની તાકાત આપણે લીધી. થાય છે, રોકાય છે ને પલટાવાય છે આ ત્રણ બાબત હાથમાં છે.

રોજનો તાવ, એકાંતરિયો થાય અને એકાંતરિયો તાવ રોજનો થાય તે શાથી ? તો તાવે આપણા વર્તનથી પલટો ખાધો. જેમ પલટાવવામાં, રોગનો ઊથલો ખાવામાં બીજો કોઈ જવાબદાર નથી, પણ આપણી પ્રકૃતિ જવાબદાર છે, તેમ અહીં **કર્મ રોકવાં, પાપનાં ફળ નહિ આવવાં દેવાં અને પુણ્યનાં ફળ બેસાડવાં તે આપણા હાથની વાત છે.** પાપનાં કર્મો બાંધ્યાં હોય તે જીવ પુણ્યના ફળમાં પલટાવી શકે. પુણ્યનાં કર્મો પાપનાં ફળમાં લઈ જઈ શકે. આત્મામાં કર્મ રોકવાની તાકાત છે. પુણ્યને પાપમાં અને પાપને પુણ્યમાં પલટાવવાની તાકાત આત્મામાં છે.

આ વાત ખ્યાલમાં આવશે તો મૂલબંધ અને સંક્રમણ બંધની સમજણ પડશે. દેવની અને ગુરૂની આશાતનાથી ચીકણાં જ્ઞાનાવરણીય કર્મો બાંધ્યાં. જ્ઞાનથી જ્ઞાનવરણીય બંધાયું. વળી કેવળી વગેરેની આશાતનાથી મોહનીય બંધાયું. અમુક વખતે અમુક કર્મ તીવ્ર બંધાયું. એ કર્મના બંધમાં સમજવાનું છે કે કર્મ લેવાનું કામ એકલા જોગનું છે. રાગ દ્વેષની પરિણતિનું કામ કંઈ કર્મ પુદ્ગલોને લેવાનું નથી. તેનું કામ તો વિભાગ પાડવાનું છે. એટલે એ કામ કોનું ? એ કામ પ્રમાદનું છે. મન, વચન અને કાયા એ યોગ છે અને તે માત્ર કામ કર્મ લે છે પણ વિભાગ પાડવાનું કામ તેમનું નથી. જો મન, વચન અને કાયા કર્મ લે અને વિભાગ પણ પાડે તો સંયોગી –કેવળીને યોગ હોવાથી આઠે કર્મો માનવાં પડે. તેમને ત્રણે જોગ છે એટલે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ તે કર્મને લેવાવાળી ચીજ છે પણ કર્મનો વિભાગ પાડવાવાળી ચીજ નથી.

જ્ઞાનાવરણીય અને મોહનીય એમ બે કર્મ બંધાયાં તે વિભાગ પરિણામથી છે. કર્મ બાંધનાર અને વિભાગ પાડનાર મોહ છે અને તે પરિણામની ખરાબી છે. વળી જ્યારે પરિણામનો પલટો થાય ત્યારે પહેલાં

બાંધેલાને બીજા સરખાને તે પ્રમાણે સંક્રમાવે અને તે બધાની રસ તથા સ્થિતિને ગાઢ કરે. જે વખતે શ્રુતજ્ઞાનની આશાતના કરી હોય ત્યારે પહેલાંની તે કર્મની જે બાંધેલી સ્થિતિ હોય તેને પલટાવે અર્થાત્ શ્રુતજ્ઞાનાવરણીયની સ્થિતિ મંદ હોય તોપણ તીવ્ર કરે. કેવળીની આશાતનાથી મોહનીય બંધાય તો જ્ઞાનાવરણીયના વિભાગથી આ મોહ બાંધતાં આ સંક્રમણના વિભાગમાં ફરક પડતો નથી, તેટલા જ માટે શાસ્ત્રકારે કહ્યું કે–અન્ય પ્રકૃતિનું–જ્ઞાનાવરણીયનું દર્શનાવરણીયમાં સંક્રમણ ન થાય.

મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ?

આ જીવ અન્યથા કર્તુમ્વાળો છે. કર્મ બાંધવાવાળો, રોકવાવાળો, પલટાવવાવાળો, નિર્જરાવાળો, સંક્રમણવાળો એવો આ જીવ તે કોણ માને ? જેઓ પોતાના આત્માને ગુલામ ન માને, અને કર્તા, ભોક્તા, જવાબદાર અને જોખમદાર માને તે જ માની શકે. આવું માનનારા સમજી શકે કે આ આત્મા કર્તા, ભોક્તા છે માટે આ આત્માએ સાવચેત થવાની જરૂર છે. આ માન્યતા થયા પછી ખ્યાલમાં આવે કે આત્માની તાકાત કેટલી ? તો કાચી બે ઘડીની મહેનતમાં એટલો બધો બળનો મેળવે કે તેનો પાર નહિ. બે ઘડી પહેલાનો મિથ્યાત્વી તે બે ઘડીમાં સમકિત પામીને, શ્રેણિ માંડીને, અંતકૃત્ કેવળી થઈને મોક્ષે જાય. તો મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ? તો તે અંતર છે બે ઘડીનું.

અર્થનો અનર્થ

નિર્ભાગીઆને અર્થ અવળા સૂઝે. સાસુએ વહુને ઠપકો દેતાં કહ્યું કે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મર. ત્યારે વહુ દાંત કાઢવા માંડી. કેમ ? તો સાસુ એવડી ઢાંકણી બનાવે પછી એમાં એટલું પાણી ભરે ત્યારે હું ડૂબી શકું ને ? તો વહુએ આ વાકયને સીધું ન સમજતાં અવળું લીધું. એને ઓલંભા રૂપે કહ્યું હતું ત્યારે એણે ઊંધો અર્થ લીધો, કે મારા જેવડી ઢાંકણી બનાવે અને તેટલું પાણી ભરાવે કે

જેમાં હું ડૂબી શકું. આનું નામ અવળચંડાપણું. વાકય કયા મુદ્દાનું ? છે અને તેને લઈને મૂકે કયા મુદ્દા પર ?

'આત્મા અહીંથી મોક્ષમાં અંતર્મુહૂર્તમાં જાય.' આવા શાસ્ત્ર-કારના વચનને અવળચંડા શું કહે છે. આ જીવને અંત-મુહૂર્તમાં મોક્ષ થશે માટે સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરવાનું શું કામ ?

કેવળી મહારાજે પેલાને સાત ભવ કહ્યા ત્યારે તેણે અર્થ શો કર્યો ? ચાહે તેટલું પાપ કરીશ તો સાતના આઠ ભવ થવાના નથી. ઊભો ઊભો સુકાઈ જાઉં તો સાતના છ થવાના નથી. કેવળીનાં વચનનો આવો ઉપયોગ કરે તો આજકાલના નિર્ભાગીઆ શાસ્ત્રનાં વચનનો અનુપયોગ અને દુરૂપયોગ કરે તેમાં નવાઈ શી ? વચનનો તમે દુરૂપયોગ ન કરશો. અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વી, વિરોધી કંઈ પણ કરનાર ન હોય તો પણ જીવ ચૌદમે ગુણઠાણે જઈ શકે એટલી તાકાત છે, તે માટે જણાવેલું વચન સંયમ, તપ, પરિષહ સહન કરવાં વગેરેના નિષેધ માટે નથી, પણ તેનો ઉપયોગ કરી લેવા માટે છે.

'મન ચંગા તો કથરોટમાં ગંગા.' તેનો અર્થ 'મન પવિત્ર હોય તો ઘરમાં ગંગા છે.' ત્યારે મન શેમાં ? પવિત્રતામાં. પણ દુર્ભાગીએ તેને ફેંકી દેવાનું કર્યું. શાસ્ત્રકારે આ વાકય શા માટે કહ્યું ? તપ, જપ વગેરે મૂકવા માટે કે મન માંકડાને વશ કરવા માટે ? તો તેને વશ કરવા માટે કહેલું છે. ત્યારે દુર્ભાગીએ તેનો ઉપયોગ કયાં કર્યો ? તો તપ, જપ ત્યજી દેવા માટે કર્યો. આ વાકયનો દુરૂપયોગ થાય તેમાં નવાઈ નથી. માટે જણાવવું પડે કે મિથ્યાત્વી અંતર્મુહૂર્તમાં મોક્ષ પામી શકે. આ વાકય જીવની શક્તિના વર્ણન માટે છે, પણ તે બને કયારે ? તો અનંતા કાળે કોઈક જ જીવને બને.

એક તણખલું ગામ બાળે

અનાદિ કાળનો મિથ્યાત્વી હોય, તે કોઇ વખત સમકિત પામે, પડે, પાછો મિથ્યાત્વમાંથી ઊંચે આવે અને મોક્ષ પામે તે વાત જુદી. અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવી શકે તેટલી તાકાતવાળો જીવ છે, પણ તે

મેળવનારો જીવ અનંતકાળમાં કોઇક જ હોય. જેમ કહેવત છે કે 'એક એક તણખલું ગામ બાળે,' તો કેટલા તણખલાંએ ગામ બાળ્યાં ? તે બોલો ભાઇ ! તો બોલ્યા તે શું જૂઠું ?ના. તે સાચું છે, પણ તણખો ઘાસમાં પડે, પવનનું જોર લાગે તો ગામ આખાને બાળી નાંખે. તણખાની શક્તિ ગામ આખાને બાળવાની છે. ઘાસ, કાપડ, રૂનો વેપાર હોય ત્યાં એક તણખો આખા ગામને બાળે. અહીં ગામ બળ્યાં નથી પણ તેની તાકાત કેટલી ? તાકાત ગામ બાળવાની છે, પણ તેવું થવાનો પ્રસંગ કોઇકિ જ વખત આવે, તેમ આત્માની તાકાત તેટલી છે. અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળે અને ચૌદમે ગુણઠાણે જાય. તે તાકાત અજમાવવાનો વખત અને તે અજમાવનાર જીવ અનંતા કાળે કોઇકિ નીકળે.

સ્ત્રી તીર્થંકર, તીર્થંકરનો ગર્ભાપહાર, કેવળી અવસ્થામાં ઉપસર્ગ વગેરે આશ્ચર્યો અનંતી ઉત્સર્પિણી–અવસર્પિણીએ બન્યાં. તેમ આ પણ અનંતા કાળે બને. આ શક્તિનો અર્થ આશ્ચર્યનો ભાઇ. મિથ્યાત્વ ગુણઠાણે અનાદિથી રહેલો હોય તે અંતર્મુહૂર્તમાં મોક્ષ મેળવે તે તાકાત જીવની છે. પણ તેવું બને અનંત કાળે. માટે તે આશ્ચર્યનો ગણાય ભાઇ.

આડી ઊભી લીટીમાંથી એકડો !

આ વાત આચાર્ય ભગવાન **હરિભદ્રસૂરીશ્વરજી**ને **પંચવસ્તુ**માં જણાવવી પડી કે **દુનિયામાં કાયાની ક્રિયા–એ અભ્યાસ છે.** આપણે જન્મ લીધો પણ તેમાં એકડો કોણે કર્યો ? કેમ ? તો એકડો ભણ્યો ન હતો. એકડાની વાત કેમ ? તો લીટા આડા ઊભા કરતાં કરતાં સીધો એકડો થયો. કાયાની ક્રિયાએ તો અભ્યાસ છે. એ અભ્યાસ આટલો કે કાયાની ક્રિયાને જીતવી તેમાં મુશ્કેલી છે તો પછી મન માંકડું કયાંથી સીધું થાય ? તેને માટે **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજે કહ્યું કે અનંતી વખત મન માંકડું વાંકું થાય તેથી અનંતકાળ ગયા પછી સીધું થાય. આ વાત શાસ્ત્રની દૃષ્ટિએ મેળવીશું તો કબૂલ કરવું પડશે કે અનંતી વખત જીવ નવ ગ્રૈવેયક જઈ આવ્યો. વ્યવહાર રાશિમાંથી

આવેલા જે જીવોને અનંતો કાળ થયો છે તેઓ બધા તેવો એકડો કયારે કરે? ચારિત્ર લીધું હોય તો તે શકય બને.

અનંતા દ્રવ્યચારિત્ર વગર સીધું ભાવચરિત્ર માત્ર મરૂદેવા માતાને

શાસ્ત્રકાર આઠ વખત ચારિત્ર કહે છે, તેનું શું? આમ બે વાત જણાવે છે. એક બાજુ આઠ ભવ, ત્યારે બીજી બાજુ વધારે દ્રવ્ય-ચારિત્ર. અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે તો ભાવચારિત્ર આવે. ક્ષયોપશમ ભાવમાં ચડે અને પડે. છદ્મસ્થના ભવો તો ચડવાવાળા અને પડવાવાળા. અગ્યારમા ગુણઠાણે ગયો હોય તે મરતી વખતે દેવમાં જાય તો ચોથે દેવલોકમાં જાય અને અદ્ધાક્ષયે પડે તો યાવત્ પહેલે ગુણ ઠાણે આવે. કોઇક જ જન્મ એવો આવે કે જેવો ચડયો તેવો ચડયો, પછી પડવાની વાત જ નહિ. જે ભાવચારિત્ર આવે છે તે અનંતા દ્રવ્યચારિત્ર આવ્યા પછી આવે છે, પણ એનો અર્થ એમ નહિ કરવાનો કે ભાવચારિત્ર માટે અનંતા દ્રવ્યચારિત્ર કરવા પડે.

સેંકડો વખત મીંડાં અને લીટા થશે ત્યારે એકડો આવશે. સમજદારે સમજવાનું પણ પ્રવૃત્તિવાળાએ લક્ષ્યમાં નહિ લેવાનું. દ્રવ્યચારિત્ર કરૂં તે ધારવાનું નહિ અને તેનાથી ભાવચારિત્ર આવશે એમ પણ ધારવાનું નહિ. આથી અનંતા ભવ થાય ત્યારે એવો ભાવ આવશે પણ દ્રવ્યચારિત્ર કર્યા પછી એમ ન ધારવું.

જાણી જોઈને દ્રવ્યપણું કરે તેને કેવો ગણાય?

ભાવની યથાવસ્થિતિ સ્થિતિ અનંતા દ્રવ્યચારિત્રો થાય ત્યારે આવે. અનંતા દ્રવ્યચારિત્ર નહિ થતાં સીધા ભાવચારિત્રમાં દાખલ થવાવાળા અનંતા કાળે એક મરૂદેવા માતા જ. જેને પહેલાં દ્રવ્ય-ચારિત્ર અને ત્રસપણું નથી આવ્યું. તે પહેલા ભવે મનુષ્યપણું પામીને મોક્ષે ગયા તે એક જ મરૂદેવા.

આ જીવની તાકાત અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી મોક્ષ મેળવી

શકાય એટલી છે. આથી તો કર્તા, અકર્તા, અન્યથાકર્તામાં તેવી જ રીતે પુણ્ય-પાપ બાંધવામાં, રોકવામાં, પલટાવવામાં તાકાતવાળો જાણીએ અને તેનું ફળ પણ માનીએ.

આત્માનો વિમો ઉતારનાર મોક્ષ

બીજાઓએ 'મોક્ષ' શબ્દ રાખ્યો પણ તેનો ભાવાર્થ નહિ વિચાર્યો. આ જગતમાં એવું સર્ટિફીકેટ આપનાર ઓફિસ છે કે તારે કોઇ દહાડો જન્મ નહિ લેવો પડે? એવી એકે દુન્યવી ઓફિસ નથી, પણ એક જ એવી ઓફિસ છે કે જન્મ, મરણ, જરા, રોગ, શોકનો અને ભવિષ્યનો બંદોબસ્ત કરે. ભવિષ્યના જીવન-મરણના વીમા ઉતારનાર કોઈ નહિ. ભવિષ્યમાં જન્મ-મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ ન થાય તેને માટે જુમ્મેદાર કોણ? એક જ મોક્ષ.

જિંદગીનો વીમો નહિ પણ માલનો વીમો. તમારે જગતમાં માલનો વીમો ઉતારે છે પણ આત્માના માલનો વીમો ઉતારનાર કોઇ નથી. બુદ્ધિ-જ્ઞાનનો વીમો કોઈ ઠેકાણે ઉતર્યો? ત્યારે આ ચારિત્ર, જ્ઞાનનો વીમો ઉતારનાર છે. જેટલું ભેગું કર્યું તેમાંથી એક અંશ ઓછો થાય, પલટો થાય, જ્ઞાન ચાલ્યું જાય તો તેની જવાબદારી મારી. આત્માનો વીમો ઉતારનાર કોઈ આવો સર્વ ગુણવાળો હોય તો તે માત્ર મોક્ષ. મોક્ષ સિવાય તેવું કોઇ સ્થાન નથી કે જે જન્મ, મરણ, જરા, આધિ આદિનો વીમો ઉતારે! જો આવો મોક્ષ છે તો તે મેળવી શકે કોણ?

કયાં તો શક્તિ, કયાં તો ભક્તિ!

દુનિયામાં કાર્ય કરનાર બે હોય છે. તે સિવાય ત્રીજો હોય નહિ. એક-કયાં તો શક્તિવાળો અને બીજો-કયાં તો ભક્તિવાળો. આ જીવ મોક્ષ સાધવા નીકળ્યો. તે સાધે ક્યારે? તો જીવમાં શક્તિ કે કયાં તો ભક્તિ હોય ત્યારે જીવ મોક્ષ સાધે. શક્તિ કઈ? તો સંસારસમુદ્ર તરવાની, કર્મનો વિચ્છેદ કરવાની શક્તિ.

મોક્ષ મેળવવા માટે સ્વયં તાકાતવાળો કોણ?

તો કેવળ તીર્થંકર મહારાજા.

પર્યુષણના વ્યાખ્યાનમાં સાંભળીએ છીએ કે ઇન્દ્રે ભગવાનને કહ્યું કે તમને ઉપસર્ગ, પરિષહ આવશે માટે હું સેવા કરવા રહું.

ત્યારે ભગવાને કહ્યું કે હે ઇન્દ્ર! જિનેશ્વરો જે સાધના કરે તેમાં બીજો કોઈ મદદ કરે તે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ.

આપણને તો મદદ કરે તો પણ આગળ વધવું મુશ્કેલ છે, તેથી શક્તિવાળામાં નામ લખાવી શકીએ નહિ. નિર્બળ સમકિતવાળાને સ્વયં શક્તિ છે. પણ આપણને ભવજળ તરવામાં એક જ આધાર 'ભક્તિ' છે. સો વખત આવું સાંભળીએ છતાં સાવધાન થવાવાળા થઈએ છીએ? ના. તો પછી આપણે શક્તિવાળા છીએ તે ગણાવવા હકદાર નથી, તો ભક્તિ કઈ રીતે કરાય? મુગટ, ફૂલ ચઢાવવાં તે ભક્તિ કહેવાય? તો હા. પણ તે મુખ્ય ભક્તિ નહિ. છોકરાને ખવડાવવું, મોજમાં રાખવો તે આરોગ્યને અંગે, તેમ જિનેશ્વરની ભક્તિ, પૂજા સેવા, સત્કાર, સન્માન તે શાને અંગે છે? તો એમનાં વચન, એમના શાસન, એમના ઉપદેશ અને હુકમને હું 'તહત્તિ' ગણુવાવાળો છું એમ જ્યારે થાય ત્યારે ખરી ભક્તિ આવે.

તેમના શાસ્ત્રને અંગે કેટલાક કહે છે કે 'આ ખોટાં, અપ્રમાણ, ગપ્પાં,' જતિનાં, એમ બોલનાર કેવો ગણાય?

બે પગે ચાલનાર મનુષ્ય કહે કે તારા જેવાને ઘરમાં પેસવા નહિ દઉં, પણ આવ્યો છે માટે શું કરૂં? તેથી બેસ.' તેમ જે મનુષ્ય કહે કે 'શાસ્ત્ર જૂઠાં છે, અપ્રમાણ છે, કબૂલ નથી' તો તું હે ભગવાન! હે ભગવાન! શું કરે છે?

આવું તો જે નાકકટ્ટા હોય તે કહે કે ભગવાને કયાં કંઈ આપ્યું છે? કારણ કે ભગવાન તો વીતરાગ છે. તેમ ભગવાનને કહેનારો લુચ્ચો, ઠગાઈ કરનારો નાલાયક છે.

વચનનો મહિમા

જિનેશ્વરોનાં વચનોની આરાધના જેટલી કરો તેટલો જ ધર્મ છે. માટે ધર્મને માટે વચનની આરાધના ઉપર તત્પર રહેવું જોઇએ.

આજ્ઞા, ભક્તિ, જિનનું નામ નહિ ને વચન કેમ?

તો તીર્થંકર માનીએ છીએ તે તેમના વચનથી. તીર્થંકર જન્મના મૂંગા હતા તેથી અમને તીર્થંકર મનાવવા માંગે તો માનવા તૈયાર નથી. શાસ્ત્રકારે કહ્યું છે કે–**मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि॥ केवलमधिगम्य विभुः स्वयमेव ज्ञानदर्शमनन्तम् लोकहिताय कृतार्थोऽपि देशयामास तीर्थमिदम्। (तत्त्वा० का० १७-९८)**

મોહાદિને હણીને, કેવળજ્ઞાન પામીને લોકના હિતને માટે આ શાસન સ્થાપવા દેશના દીધી તેથી તેની વ્યક્તિ વગેરેનો મહિમા. જો મૂંગા હોત તો 'વોસિરે,' કહેતાં આ શાસનને વાર નથી લાગતી. ચોત્રીસ અતિશય સમોસરણમાં હોય. કેવળજ્ઞાન પામ્યા પહેલાં ચોત્રીસ અતિશય પૂરાં ન હોય. દેવતા અને ઇન્દ્રોએ જે મહિમા તીર્થંકરનો લીધો તે વચનનો મહિમા છે, દેવતા તીર્થંકરપણું વચનને અંગે માને છે. અજ્ઞાન દેશનાએ તીર્થંકરપણું ભોગવવાનું તે વચનની અપેક્ષાએ ભોગવવાનું. માટે વચનની આરાધના તે જ ધર્મ.

વચન કોને કહેવું? વચન આઠ સ્પર્શવાળું નથી છતાં આરાધના કહી તે અધિકાર અંગે વર્તમાન.



કર્મશત્રુઓના સંહાર માટે ધર્મીઓએ ધર્મ અને ધર્મના સાધનોનો સત્વર ઉપયોગ કરવો ઘટે છે.



વ્યા
ખ્યા
ન

નિશ્ચય અને વચન

૧૯

રખડપટ્ટીને ક્રોધની ઉપમા

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ નામના ષોડશક પ્રકરણને જણાવતાં આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિ કાળથી રખડી રહ્યો છે. જેમ જગતમાં ક્રોધ એ જબરજસ્ત શત્રુ છે પરંતુ તે સજ્જન છે દુર્જન નથી. કેમ તેને સજ્જન કહો છો ? જેમ કોઈ પેશાબ કરવા બેઠો ત્યારે સામે માણસ આવે તો તે ત્યાંથી ખસી જાય, તેમ ક્રોધ આવ્યો ત્યારે હા આવ્યો, પછી તે આગળ વધવાની શક્તિ ધરાવતો નથી. ક્રોધ જેના પર આવ્યો, તેની ઉપર નજર પડે. તેની નજર જો તેના ઉપર પડે તો તે (ક્રોધ) શમી જવાનો, કારણ કે તે શાંત છે, તેથી તે સજ્જન. તમે દૃષ્ટિ આડી-અવળી ફેરવો ત્યારે ચાહે તે થાય, તેમ જગતનાં જીવો રખડપટ્ટી કર્યા કરે છે. તે અનાદિ કાળની છે છતાં પણ ક્રોધની માફક સજ્જનતામાં છે. પણ દુર્જનતામાં નથી, કારણ કે તેને ભાસ્યું કે આત્માને રખડપટ્ટી થાય છે, કરાવે છે, તેમ થાય તો તરત જ રખડપટ્ટી બંધ થવાનો ઈજારો મળે છે.

એક પુદ્ગલ પરાવર્ત્તમાં રખડપટ્ટી બંધ

ચીજ બનાવનાર બનાવે પણ તે ચીજ ઈજારાવાળાને હાથે પસાર થાય. તેમ અહીં રખડપટ્ટી છોડાવવાનો ઈજારો 'મોક્ષનો.' મને રખડપટ્ટી થાય છે, હું રખડપટ્ટી કરનારો, અનાદિથી પડેલો છું, તે દૃષ્ટિ થઈ. તેને માટે શાસ્ત્રકાર કહે છે કે અર્ધ પુદ્ગલ પરાવર્ત્તમાં રખડપટ્ટી બંધ, બંધ, ને બંધ. માટે ઓછામાં ઓછે દરજ્જે એટલમાં

બંધ થાય જ. વીજળીનો ઝબકારો શાંત થયા પછી કંઇ નહિ, પણ રખડપટ્ટી બંધ કરવી જ છે. તેમ વીજળીના ઝબકારાની જેમ સિદ્ધાંત થાય, 'રખડપટ્ટી બંધ કરું' તે વિચાર આવે તે સાથે જ તેને ઇન્ડરો મળે. અને તે એક પુદ્ગલ પરાવર્તે મોક્ષે જાય. અર્થાત્ વીજળીના જેવો વિચાર આવે તો પણ ઉપર પ્રમાણે ઇન્ડરો મળે છે. 'અનાદિથી આ જીવ રખડપટ્ટી કરે છે હું, બંધ કરૂં તે આ વિચારવાળાને એક પુદ્ગલ પરાવર્તે રખડપટ્ટી બંધ **मुक्खासओ वि नन्नत्थ**''(વિ. વિ. ૪ ગા૦ ૨) એક પુદ્ગલ પરાવર્તનથી વધારે રખડવાનો હોય તેને આ વિચાર જ ન આવે કે અનાદિ કાળથી રખડપટ્ટીમાં હું છું, તેમાંથી બહાર નીકળું. પણ આ વિચાર છેલ્લો પુદ્ગલ પરાવર્ત હોય તો જ આવે. જેને વીજળી જેવો વિચાર આવે તેને એક પુદ્ગલ પરાવર્તની મુદતની મોક્ષ માટેની હુંડી જેમ છે. ત્યાંથી આગળ વધ્યો ત્યારે બીજું બધું કામ નકામું. એક જ કામ : રખડપટ્ટી બંધ કરવી, કરવી ને કરવી.

દુનિયામાં શૂરો સરદાર કેસરિયાં કરે ત્યારે જે **देहं पातयामि कार्यं साधयामि**' રાખે છે, તે ભવાભિનંદીઓ કરે પણ અહીં તો **कार्यं साधयाम्येव**' આ ભવે સાધું. અહીં ન સધાય તો આવતા ભવે તો જરૂર સાધું જ. કેસરિયાવાળાને મરી ગયા પછી કંઈ નહિ. તેમ આને બે ત્રણ ભવો લઇને સાધું, પણ મરણથી પાછો ન હઠું. આ કેસરિયાવાળાને તો અનંતા જન્મે, અસંખ્યાતા જન્મે; ગણત્રીના જન્મે સાધું, સાધું ને સાધું.

कार्यं साधयामि० પાંડવોની માફક દ્રૌહ્યલો પંથ નહિ. પાંડવોની દ્રૌપદીને ધાતકીખંડનો પદ્મોત્તર લઇ ગયો. કુંતીએ કૃષ્ણને ખબર આપી કે આમ થયું છે, મારા કુટુંબની કન્યા, પરણેલી કન્યા ઉપાડી જાય. ! સામાન્યના તાબામાંથી લઇ જાય છે તો જીવતર નકામું ગણે, અવિવાહિતને લઇ જાય તો લોકો લઢવાડ કરે. તો પછી આ તો વિવાહિત સ્ત્રી, તેને લઈ જાય! એ વાત ત્રણ ખંડના માલિકે સાંભળી ત્યારે તેની શી દશા થઈ હશે ? કેમ ? તો બન્ને મામા ફોઈના છે.

બે લાખ જોજન જેટલો દરિયો ઓળંગીને બીજા ક્ષેત્રમાં જવાનું જોખમ ખેડવું. બે લાખ યોજનનો દરિયો ઓળંગીને સામાના દેશમાં જવું, રાજ્યમાં જવું અને તેના તાબેદાર રાજાને રણમાં રોળવવો.

રાવણ પવિત્ર કેમ. ?

દુનિયામાં હારી ગયેલો તે સહેજે કન્યા પાછી ન આપે. જેમ પવિત્રતાવાળો રાવણ.

જેઓ રામચંદ્ર, સીતાને માનનારા છે, તેમને પૂછીએ કે રાવણે સીતાનું શીલખંડન કર્યું હતું ? ત્યારે બધા ના કહેશે. કારણ સીતા ઘણી મુદ્દત ત્યાં રહી છતાં શીલખંડન નહિ. રાવણ પ્રાર્થના કરે પણ સીતા કબૂલ ન કરે તો તેને મારે સંઘરવાની નહિ, તેની મરજી વગર મારે સંઘરવાની નહિ, માટે રાવણને ઉત્તમ કહું છું. તો પછી રાવણને સીતા પાછી આપવામાં વાંધો શો ? તો રાવણ વિચારે છે કે શું હું એનાથી ડરું છું કે પછી આપું? હું નિર્બળ છું કે લીધેલું આપી દઉં ? કાવ્ય કારોને લખવું પડ્યું કે અભિમાન ખાતર રાવણે સીતાને પાછી ન આપી પણ તેનું શીલખંડન કર્યું. નથી. કહેવાનું તત્ત્વ એ કે જેમાં પોતાનું કાર્ય સરતું નથી, તેમાં પણ નબળો દેખાવ થાય તે પાલવે નહિ. નબળાઇ ન દેખાય તે માટે આખા કુટુંબનો નાશ થાય તો ભલે.

આવી સ્થિતિમાં બીજાના દેશમાં વાસુદેવને જવું, ત્યાં પણ અવધિ છે. 'છ મહિના સુધી મારી વહારે કોઇ ન આવે તો પછી વિચાર કરીશ;' તે શરત અંગીકાર કરી. આવી જગ્યા પર જવું. જનાનામાં રહેલી સ્ત્રીને રાવણે બગીચામાં રાખી હતી ત્યારે પદ્મોત્તરે જનાનામાં નાખી છે. કોઇના જનાનામાંથી ખોળવી અને લેવી, બીજાના ખંડમાંથી અને બીજાના તાબાવાળામાંથી લેવી તે બાબત કલ્પનાથી વિચારો તો કેટલી મુશ્કેલીથી ગળે લેવી પડી હશે ? કૃષ્ણ મહારાજ ચાલ્યા. વાસુદેવ, છતાં ઘણી વગર હક્ક શો ? માટે પાંચ પાંડવોને સાથે લીધા.

દરિયો ઉતરીને પાંડવોને કહ્યું કે તમે યુદ્ધ કરીને હરાવો છો

કે હું હરાવું ? પાંડવો વિચારે છે–અમારી ચૌરી માટે અમે જ લઢીએ કારણ કે બીજો તે લાવી આપે તો દુનિયામાં ફિટકાર પડે, કે આટલા શક્તિમાન અને લડવૈયા, ચૌરી ગઈ છતાં હાથ જોડીને બેસી રહ્યા ! પાંડવો લઢવા ગયા, કૃષ્ણને કહ્યું કે 'બેસો.' તેમને બેસાડીને લઢવા નીકળ્યા. કૃષ્ણ પાસેથી નીકળતી વખતે પ્રતિજ્ઞા કરી કે કાં તો અમે જીતીએ કે કાં તો તે જીતે.' યુદ્ધની તૈયારી કરીને ગયા. સામા પદ્મોત્તરે નીકળીને જોર કર્યું. પેલાના લશ્કરથી જીતાવાની તૈયારી તેથી આ પાંચે પાછા નાઠા અને કૃષ્ણને વાત કહી. ત્યારે કાં તો શબ્દ નીકળ્યો. તે વખતે કૃષ્ણે નક્કી કર્યું કે 'કઈ તેનામાં તાકાત છે કે હું પદ્મોત્તરને ન જીતું ?' વૈક્રિયરૂપ કરીને ઘેરો તોડી નાંખ્યો. સિંહનું રૂપ ધારણ કરીને એક એકને પકડયા અને તેના જનાનામાંથી દ્રૌપદી લીધી.

'કાં તો' કાંતનારીનો સિદ્ધાંત

'કાં તો' કાં તો' તે સિદ્ધાંત તો 'કાંતનારીનો છે, 'મરદમાં' નહિ. મરદમાં તો એમ જ હોય કે 'કરવું જ છે.' એવી રીતે અહીં રખડપટ્ટીનો નાશ કરવો જ છે. આ જન્મે, નહિ તો આવતા જન્મે, પણ નાશ કરું, કરું અને કરું. એટલે કહેવાની વાત એ છે 'કાં તો' એ નારીના કિલ્લામાંથી બહાર નીકળેલા કયારે થાય ? **देहं पातयामि–कार्यं साधयामि** તે કાંતનારીના કિલ્લામાં. આ જન્મે, આવતા જન્મે તે સાધું જ એ સિદ્ધાંત જેને હોય તે જ કહે કે રખડપટ્ટી બંધ કરું, કરું ને કરું.' આવા સિદ્ધાંતવાળો થાય ત્યારે કાંતનારીના ટોળામાંથી બહાર નીકળ્યો ગણાય.

અણાઇજીવે૦ આ જીવ છે, અનાદિનો છે, સંસાર અનાદિનો છે. **પંચસૂત્રકારે** જણાવ્યું કે–**અણાઈજીવે, અણાઈજીવસ્સ ભવે, અણાઈ-કમ્મસંજોગનિવ્વત્તિપ દુકખરુવે, દુકખફલે, દુકખાનુબંધે (પંચસૂ૦પ૦૨** કાંતનારીના સિદ્ધાંતમાંથી નીકળનાર જીવ અનાદિનો છે. અનાદિની રખડપટ્ટી કર્મસંયોગે થયેલી છે. તે સિદ્ધાંતના રૂપે નક્કી કરે કે "આ ટાળવી, ટાળવી અને ટાળવી જ છે." એને હુંડી મળે 'અર્ધ પુદ્ગલ પરાવર્તમાં મોક્ષની.'

કાર્યની સફળતાનો આધાર

હંમેશાં દુનિયામાં **નિશ્ચય તે કાર્યની પહેલમાં પહેલી ભૂમિકા છે.** આપણને ત્રણ વસ્તુ એ કાર્યની સિદ્ધિ માટે જરૂરની છે. પહેલાં કાર્ય કરવાનો નિશ્ચય, બીજું કાર્યના સાધનોની પૂરી સમજ અને ત્રીજામાં પ્રવૃત્તિ કરવી. એટલે જે સાધકો હોય તેને પડખે રાખવા અને બાધકોને દૂર કરવા તેનું નામ કાર્ય. **નિશ્ચય, સમજ અને રચના આ ત્રણ થાય તો કાર્ય થાય.** સમજણ થાય અને કાર્ય કરવા માંડે એટલે બસ છે? તો ના. જ્ઞાન અને ક્રિયા બસ છે. **ભાષ્યકારે** કહ્યું છે કે **'णाणं किरियाहिं मोक्खो'** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે. તો પછી વચમાં નિશ્ચયરૂપી વાડો શા માટે રાખો છો?

નિશ્ચયનું બખ્તર

શૂરો સરદાર બખ્તર પહેરે તો તેથી તેને શું કાયર ગણવો? હથિયાર લે તો તેને શું કાયર ગણવો? ના. એ તો સાધન છે. શૂરા સરદારને જીતનાં સાધનોને લેવામાં નામોશી નથી. ઊલટી સમજણ ડહાપણની નીતિ ગણાય. જેઓ મોક્ષ માટે શૂરા સરદાર બને, તેને નિશ્ચયનું બખ્તર પહેરવું પડે. તે બખ્તરવાળો મોટા વિઘ્નોને 'કાંકરા' જેવા ગણે. બખ્તર વગરનો કાંકરા જેવા વિઘ્નને પહાડ જેવા ગણે. નિશ્ચય ન હોય તો 'છોડોને પંચાત' એમ થાય, પણ નિશ્ચય હોય તો ગમે તેમ હોય તો પણ આમતેમ કરીને પણ તે આડખીલીઓને દૂર કરનારો થાય. પણ તેમાં જો બહાદુરીવાળા ન હોય તો તેઓ કોઇને વિઘ્ન થયું તે જોઇને એમ વિચારે કે આપણે ગયા નથી તો વાંધો શો?

દુરાચારી વેશ્યાને વખાણે

વેપાર કરનારને કોઈ વખત ખોટ ગઈ તો તે પેલા વેપારીને કહે કે બંદાને જપ્તી છે. તેથી નથી કરવી લેવડદેવડ કે નથી કરવો વેપાર. એ બંદા ઉપર જપ્તી છે, હુકમનામું છે તે શાના ઉપર

બોલાય છે ? અહીં આગળ દરિદ્રપણું જપ્તી વગરનું ગણીને પોતાની બહાદુરી ગણે છે તેથી ને ? તેમ નિશ્ચય વગરના મનુષ્યો આગળ પ્રવૃત્તિ કરવામાં પાછા પડયા તેને લઈ ને. પછી તે બડાઈ હાંકે છે કે 'વ્રત લઈને વ્રત તોડે તેના કરતાં વ્રત ન લેવું તે સારૂં છે.' પતિવ્રતાને મોંકાણ મૂકવી પડશે પણ તેથી વેશ્યા સારી ને ! ભલે વેશ્યા પતિવ્રતાની હાંસી કરે પણ તેની કિંમત તે કોઈ પણ સમજુ ઉપરથી કરે નહિ. જે મનુષ્યને કરવું નથી અને કહે કે કલ્યાણને આમ થયું. તો તેને કહો કે જે તે ચાળા શાના કરો છો ? પહેલાં કરી બતાવો અને પછી કહેજો. એક તો કરવું નથી, ને કરનારને લગીર ગડબડ થઇ તેથી તું વેશ્યાના જેવા ચાળા કરે છે ? કુલવતીને કોઇથી હાલતાં ચાલતાં અડચણ આવી તોય તે ઘરની બહાર ન નીકળે. અહીં આગળ જેઓ કાર્ય કરનારા છે, કાર્યને અંગે વિઘ્ન થયું હોય તો તેઓ તેના પડછાયે ન જાય, માટે ભગવાન જિનેશ્વર મહારાજે બ્રહ્મચર્ય પાળનારાને માટે નવ કિલ્લા રાખ્યા. તેમાં રહો તો લાજ. પડદાવાળી સ્ત્રી એક કિલ્લામાં રહે, ત્યારે તમે નવ કિલ્લામાં રહીને તમારી રક્ષા કરો.

નિશ્ચયવાળો ન ડગે

વેશ્યા કહે કે મારે રાંડવાનું નહિ ચૂડો ભાંગવાનો નહિ, તો આ વાતને કોઈ અનુમોદન ન આપે, કેમકે દુરાચારી વગર તેનું અનુમોદન કોણ કરે ? કાર્ય કરનારને ખત્તા લાગી હોય, છતાં તેને તે ગણકારે નહિ. જો કાર્ય કરવા જતાં ખત્તા ખાધી તેના લીધે કંઈ કરી બતાવ્યું તો તું વેશ્યાની સ્થિતિમાં છે, માટે જે દુરાચારી હોય તે જ વેશ્યાને વખાણે. કુળવાળી પાસે આવીને વેશ્યા કહે કે "તું પરણી તો આ પ્રમાણે રાંડવાનું થયું માટે પરણવામાં કંઈ સાર નહિ. માટે તમારા કરતાં અમે સારાને ?" આ વચન કઈ સ્ત્રી સાંભળે ? કુળવતી સ્ત્રી સાંભળી શકે ખરી ? કોઈ પણ કુલીન સ્ત્રી વિધવા થઇ, ખૂણે બેઠી છતાં તે આવું નહિ સાંભળે.

તેમ અહીં આગળ 'કાર્ય કરનાર વિઘ્નમાં પાછા પડયા' તે

વેશ્યાના અખંડ' સૌભાગ્ય જેવું સાંભળે કોણ? 'અમારે પ્રત્યાખ્યાન, પ્રતિજ્ઞા કરવી નથી. અમારે આરે ભાળોળો છૂટી તે કોણ સાંભળે ?' વેશ્યાના અખંડ સૌભાગ્ય જેવું આ વચન છે. તેવા વચનને સાંખી કોણ શકે? જે દુરાચારી હોય તે જ. ધર્મનું બીજ ન હોય તે તેને સાંખે, પણ જો ધર્મનું બીજ હોય તો તે ન સાંખી શકે. સારી વસ્તુને કોઇ ખરાબ ગણાવે તો તે સાંખવા તૈયાર નથી. સત્તરને પડેલા જુએ છતાં નિશ્ચયવાળા તેથી ડગે નહિ.

કોઈ કાળ એવો ન હતો કે જે વખતે શાસનમાં વિરુદ્ધ પડનારો ન હોય. **ઋષભદેવજી** પાસે **મરીચિ**એ દીક્ષા લીધી. તેમાંથી તે નવો વેષ રચે છે. તે ઉપદેશ આપે છે. તેના પ્રતિબોધેલા સાધુ પાસે દીક્ષા લે છે. તે સાધુ જોડે વિચરે છે તે વખતે પતિત પરિણામ હોય તો આપણા કરતાં આ સારૂં. સતી સ્ત્રી વિધવા થાય તો ખૂણે બેસે પણ મારા કરતાં વેશ્યા સારી એમ સ્વપ્નને પણ ન લાવે. બીજાને સ્વકાર્યથી ખસેલો જુએ છતાં તે કાર્ય ખરાબ છે, તેવું સદાચારીના રૂંવાડે પણ આવે નહિ.

ભગવાન **મહાવીરસ્વામી** વખતે **નંદીષેણ** વેશ્યાને ત્યાં રહે છે. ત્યાં રોજ દસ દસને પ્રતિબોધ પમાડે છે. તે વેશ્યાવાડે જવાવાળા કેવી રીતે પ્રતિબોધ પામતા હશે? પતિત પરિણામી ન હોય તો તે પડતાંને જોઇને પણ કાર્યની ઉત્તમતા જુએ. પતિત પરિણામીને ઘરે વધામણાં પતિતનાં હોય. સુંદર ચઢતા પરિણામીને ત્યાં વધામણાં ચઢતાનાં હોય.

બે પ્રકારના ગોર

તમારે ન્યાતમાં બે પ્રકારના ગોર હોય છે. એક કાઇટીઆ અને બીજા ન્યાતના. કાઇટીઆ ગોરને ત્યાં નોંધ શાની? કોણ કયારે મર્યા તેની જ નોંધ અને ન્યાતના ગોર હોય તેના ચોપડે મરણની નોંધ નથી. મર્યા ભલે પણ ન્યાતના ગોરને ત્યાં તેનો હિસાબ નહિ. ચડતા પરિણામીવાળાને ત્યાં ચડેલા અને કાર્ય કર્યાં હોય તેની નોંધ હોય. પતિત પરિણામીને ત્યાં કાઇટીઆ જેવી નોંધ હોય. ફલાણા પડી ગયા. આમ થયું જ ને? જ્યાં પતિતનો હિસાબ નહિ. પડવાવાળો તે કર્મથી પડે.

આપણે તો ચડવાવાળા કોને યાદ કરીએ ? આપણે યાદ કરીએ ન્યાતના ગોર જેવા હોય તેને. રથનેમિ, સિંહ ગુફાવાસીને આમ થયું ને ? તેવી નોંધ કાઇટીઆના ચોપડે હોય. ગોરના ચોપડે તો **સ્થૂલભદ્ર, જંબૂસ્વામી** જેવાની નોંધ હોય. જો એમણે આમ કર્યું તો આપણે કેમ ન કરીએ ? જો આત્મામાં બનાવની નોંધનો ફેર પડે તો તે નિશ્ચયની તાકાતમાં ઓછાપણે વર્તે, માટે નિશ્ચયની પહેલી જરૂર.

સમ્યક્ જ્ઞાન અને ચારિત્રની જરૂર

આત્મા ગોરના ચોપડા જેવો થાય તો જેઓએ પરિષહો, ઉપસર્ગો સહન કરીને કામ કર્યાં છે તેની ત્યાં નોંધ હોય. આ નોંધો શાને અંગે છે ? કહો કે નિશ્ચયને લીધે છે. નિશ્ચય હોય તો ત્યાં ચડતા પરિણામ રહે. 'લાગ્યું તો તીર, નહિ તો તુક્કો' તેવી સ્થિતિવાળા તે કાઇટીઆની માફક નોંધો રાખે. માટે નિશ્ચયની પ્રથમ જરૂર. તે થયા છતાં સાધનો બરાબર ન મેળવે તો તે નકામું. માટે સાધનો મેળવો અને તેની સાથે બાધકોને દૂર ખસેડો. સાધકો અને બાધકોની જે સમજણ, તે સમ્યગ્ જ્ઞાન. તે થયા છતાં ઉદ્યમ ન કરો અને આંગળી ન હલાવો તો શું થાય ? માટે સાધકોનો અમલ અને બાધકોને દૂર કરવાનો અમલ તેનું નામ છે ચારિત્ર.

કર્મરૂપી શત્રુ સામે જિનેશ્વરનાં વચન રૂપી 'જનરલો,

સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર તે ત્રણ મોક્ષના રસ્તો. જેને રખડંપટ્ટી દૂર કરવાનો વિચાર થયો હોય, જે અનાદિની રખડપટ્ટી થાય છે તેને દૂર કરવી તે નિશ્ચયવાળો છે તેને મોક્ષની હુંડી મળે. તે કાર્ય સાધવાની દિશા સમજે કાં તો શક્તિથી, કાં તો ભક્તિથી. જે શક્તિ કે ભક્તિમાં નથી તે કાર્ય ન સાધી શકે. સૈનિક કે જનરલ જે બને તો જ દેશને તે બચાવી શકનાર થાય પણ જનરલ કે સૈનિક ન બને તો તે દેશને ન જ બચાવી શકે. તેમ આ આત્માને કર્મથી બચાવવો હોય તો બેમાંથી એક દિશા લેવી પડે. શક્તિની દિશા તેને જ હોય કે જે ઘર ભવથી ત્રણ જ્ઞાન સાથે લઈને જન્મ્યા હોય, તે જ

શક્તિવાળા ગણાય. જેને બોધ, જ્ઞાન, સમજણ, સાધન વગેરે પારકા પાસેથી લેવું છે તે કહે કે 'હું શક્તિવાળો છું' તેવો દાવો કરવો, તે તેને શોભતું નથી. તીર્થંકર મહારાજ સિવાયના બીજા બધા શક્તિ વગરના સમજવા. જેને ભક્તિ રહે તેને જનરલના હુકમને ધ્યાનમાં રાખવાનો. સૈનિકની ફરજ જનરલ-ના આદેશ ઉપર રહેવી જોઈએ. જ્યારે આ કર્મરૂપી શત્રુના લશ્કર સામે ચડ્યા તો જનરલ એવા જોઈએ કે 'એમના વચનને તાબે રહું તો જ હું જીતનારો થાઉં' માટે જનરલના વચનને જેટલો આરાધ્યો તેટલો જ ધર્મ.

વચન, આજ્ઞા અને હુકમમાં ભેદ

વચનને સીધો હુકમ કહોને, સીધી આજ્ઞા કહોને ? આજ્ઞા કયારે ? જ્યારે ભક્તિભાવમાં આવે અને તેનો હુકમ માને ત્યારે આજ્ઞા. બીજી વાત એ છે કે બીજાઓ વેદને આજ્ઞારૂપ માને છે, અનાદિ માને છે, કોઈના કરેલા માનતા નથી, તેવાને 'વચન' શબ્દ ભારે લાગે. બોલાય તેનું નામ વચન. જેઓને સર્વજ્ઞનાં કહેલાં શાસ્ત્રો માનવાં નથી તેવાને 'વચન' શબ્દ શૂળ જેવો લાગે. તેવાને માટે તેઓને જણાવવું પડ્યું કે– **नोदनालक्षणो धर्मः** વેદના વચનોમાં જે પ્રમાણે છે તે પ્રમાણે વર્તવાનું.

અહીં આગળ હુકમનો સવાલ નથી, પણ પરિણામ દેખાડવાના. આમ કરવાથી આમ પરિણામ આવે, તેમ કરવાથી તેવાં પરિણામ આવે. તેમાં પણ ઇષ્ટ અને અનિષ્ટને સમજો. તે તમને સમજાય તો તેમાંથી ગમે તે કરો. તે ઇષ્ટની પ્રવૃત્તિ કરાવે છે, અનિષ્ટથી નિવૃત્તિ કરાવે છે, પણ તે હુકમ તરીકે નહિ. પણ 'આમ કરવાનું પરિણામ આમ આવે, માટે ઇષ્ટાનિષ્ટાનુબંધિપણું જણાવવું–તે માત્ર જૈનશાસનનું કામ છે આમ કરો તો જ ધર્મ, આમ ન કરો તો અધર્મ. વિધિની આજ્ઞા, કે નિષેધની આજ્ઞા કરે તો જ ધર્મ. તેમ અહીં નથી, પણ અહીં તો ઇષ્ટાનિષ્ટાનુબંધિપણામાં છે, તે માટે શ્રોતાઓને હિતમાં પ્રવર્તાવવા અને અહિતથી નિવર્તાવવા માટે 'આજ્ઞા' શબ્દ ન મૂકયો પણ 'વચન' શબ્દ મૂકયો.

આવવું હોય તો આવ

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષનો માર્ગ છે માટે તે રસ્તે જવું હોય તો આવો. 'અહીં આગળ આત્મકલ્યાણનો આ રસ્તો છે "તેટલું જ વચન' પણ તે 'કર' તેમ નહિ. માટે તારે આવવું હોય તો આવ. આ **જૈન શાસનમાં સ્વરૂપનિરૂપણ કરવાનું પણ 'તું કર' તેમ કહેવાનું નહિ.** આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ આજ્ઞા, નોદના, પ્રેરણા નહિ કહેતાં 'વચનની આરાધના' એ જ ધર્મ કહ્યો. તેથી નાની નાની ક્રિયામાં પણ આજ્ઞા માંગવી પડે છે. 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, ઇરિયાવહિયં પડિક્કમામિ ? સજ્ઝાય કરૂં ?' એમ કહી તે કાર્યનો હુકમ લેવો. તે કરે ત્યારે હુકમ મંગાય. પહેલાં પચ્ચક્ખાણ પારૂં ? પછી પચ્ચક્ખાણ પાર્યું પણ સીધું પાર્યું તેમ કેમ નથી બોલતા ? પહેલાં હુકમ માંગવો તે પછી હુકમ મંગાય. વિનંતી કરવી હોય તો પહેલાં વિનંતી કરવાની, રજા માગવાની તે પછી વિનંતી કરવાની. તેમ આજ્ઞા પણ હુકમ પહેલાં હોય, સુખ સાતા પૂછવાની હોય ત્યારે ઇચ્છકાર બોલાય છે. તેનો અર્થ એ છે કે પ્રશ્ન કરૂં પણ જો તમારી રજા મળે તો. આ વાત ખ્યાલમાં લેશો તો ખ્યાલ આવશે કે હુકમ, નોદના વગેરે નહિ પણ આ તો ઇષ્ટનાનિષ્ટનાં સાધનો દેખાડનાર છે. તે કરવું, ન કરવું તે તેની મરજીની વાત. આ બધી વસ્તુ કહીને શાસનમાં સ્પષ્ટ જણાવવા માટે નોદના, પ્રેરણા શબ્દ નહિ લખતાં **'वचनाराधनया खलु** "વચનની આરાધના તે જ ધર્મ" એમ કહ્યું.

વચન કઇ ચીજ ? તે વિશેષ લેવું કે સામાન્ય લેવું ? તેથી સર્વજ્ઞનાં વચનની આરાધના કઇ રીતે લેવી તે અધિકાર જે જણાવશે તે અગ્રે વર્તમાન.



વ્યા
ખ્યા
ન

જ્ઞાન અને આરાધના

૨૦

છેવટે તો છેહ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી કેવળ રખડંપટ્ટી કરી રહેલો છે. અર્થાત્ દરેક ભવમાં જન્મ લેવો, જહેમત ઉઠાવવી, જર, જોરૂ અને જમીન ભેગાં કરવાં અને મિનિટમાં મૂકીને નીકળવું પડવું. લવારિયા વગેરે ભટકતી પ્રજા છે, છતાં તે રાચરચીલું મૂકીને નીકળતી નથી. જે મેળવે છે,તે સાથે લઇને જાય છે. એક ગામથી બીજે ગામ યાવત્ ગામેગામ ભટકે ખરી. છતાં મેળવેલું લઈને જાય. મૂકીને જવાની જાત હોય તો આ જીવની છે. આ જીવ એવી ભટકતી જાતનો છે કે જીવન પર્યંત મહેનત કરીને મેળવે છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ, વચન, મન, કાયાની શક્તિ મેળવે છે, એ રીતે છ પર્યાપ્તિઓ જેને કહેવાય છે તેને ખીલવે છે છતાં અંતે મીંડું.

પહેલાં જન્મમાં જેટલી આહારશક્તિ કેળવી છે તેમાં જતી વખતે ગળથૂથીની પણ મુશ્કેલી છે. આ ભવમાં આવ્યો, તેમાં આહારશક્તિ ખીલવતાં વધ્યો. ક્રમે જન્મ્યો. જન્મ્યો ત્યારે શરીર એક વેંતનું હતું. ઈન્દ્રિયોની, શ્વાસોચ્છવાસ લેવાની, બોલવાની, વિચારની શક્તિ ખીલવી. જેમ જેમ અવસ્થા થતી ગઈ તેમ તેમ તે બધી શક્તિઓ ખીલવતો ગયો પણ છેવટે તો તે શક્તિઓ છેહ દેવાની. જ્યાં ભવનો છેડો આવ્યો ત્યાં એક પણ શક્તિ આગળ રહેવાની નહિ. આ સંસારમાં રહેલા દરેક જીવનું આ થતું આવ્યું છે.

જો કાંટાવાળા રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો હોય તો તે રસ્તે જઈએ. બીજો રસ્તો ન હોય તો કાંટાવાળા રસ્તે જાળવીને ચાલવું પડે. અહીં આગળ ચૌદ રાજલોકના જીવો તે રસ્તે ચાલ્યા, ચાલે છે અને ચાલશે. જીવનમાં આહારાદિ જે શક્તિઓ બીલવી છે, તે છેહ આપે તોપણ તે બધું સહન કરવું છે, જ્યારે બીજો જન્મ મેળવ્યો ત્યાં પણ છેહ દે તો તે સહન કરવું, એ તે વળી કેવો માર્ગ!

જે આપણો દોસ્ત હોય ને તે છેહ દે તો પછી તેનામાં આપણે વિશ્વાસ રાખીએ છીએ? એ ત્રણ વખત છેહ દે, છતાં વિશ્વાસ રાખીએ તો માનવું પડે કે આપણું કાળજું ઠેકાણે નથી.

વાઘે વાંદરું પકડ્યું ત્યારે વાંદરાએ કહ્યું કે કેમ મને પકડ્યો છે? તો વાઘે કહ્યું કે મારે તારું કાળજું ખાવું છે.

ત્યારે વાંદરાએ કહ્યું કે 'કાળજું તો ઝાડ ઉપર છે.'

'તો લઈ આવો.'

તો તે લાવે કયાંથી? તેમ આપણે ખરેખર કાળજું એક બાજુ મૂકયું છે, આટલી આટલી શક્તિઓએ અનંતી વખત છેહ દીધો છતાં તે શક્તિને પોષવી ને તેનો છેહ સહન કરવો! વાત કરતી વખતે સમજીએ છીએ કે શક્તિ છેહ દે છે, પણ બીજો રસ્તો નહિ તેથી શું કરીએ? બીજો રસ્તો કોને નહિ? અભવ્યને બીજો રસ્તો નહિ, છેહ દે અને છેતરે તો પણ છેડો (પલ્લો) પકડવો.

ભવ્યમાં લાયકાત છે ત્યારે અભવ્યમાં નથી

ભવ્ય જીવ જે હોય તેમાં લાયકાત છે, પણ કેટલાક ભવ્યો અનંતા કાળથી નિગોદમાં રહ્યા, અનંતો કાળ ત્યાં રહેશે, ત્યાંથી નીકળશે નહિ. તો તે ભવ્ય અને અભવ્યમાં ફરક કયો?

વાત ખરી છે. બીજ અને કાંકરામાં ફરક ખરો કે નહિ?

હા.

કેમ? તો કાંકરાનો અંકુરો ન થાય ત્યારે બીજનો અંકુરો

થાય. જગતમાં જેટલાં બીજ છે તે બધાં દાણાના અંકુરા ખરાં ? તો જેટલા દાણા છે તે બધાના અંકુરા થવાના. તેમાં અને કાંકરામાં ફેર ખરો. બીજમાં અંકુરો થવાની લાયકાત છે, તેમ ભવ્ય જીવો જેઓ અનાદિ કાળથી નિગોદમાં રહ્યા છે અને રહેશે તેમાં લાયકાત છે. ત્યારે અભવ્યમાં લાયકાત જ નથી. બાદરપણામાં, ત્રસપણામાં, પંચેન્દ્રિયપણામાં, મનુષ્યપણામાં ભવ્યને છએ શક્તિઓ છોડવાનું હોઇ શકે પણ અભવ્ય હોય તેને તો છએ શક્તિઓથી છેતરાવાનું થાય ત્યારે ભવ્ય જીવને તે નથી. ભવ્ય જીવ જો સાવચેત થાય તો તેનામાં એટલી બધી તાકાત રહે છે કે એક અંતર્મુહૂર્તમાં મિથ્યાત્વમાંથી નીકળીને ચૌદમે ગુણઠાણે યાવત્ મોક્ષમાં આવી શકે છે.

આ છેતરપીંડીનો છેહ ખમાતો નથી, માટે બંધ કરવો છે, આટલો વિચાર જેને આવે, આ આહારાદિકની શક્તિ, કાયા વગેરે પ્રાણો જીવન સુધી સાથે રહે છે, પરંતુ ખરેખર અંતે છેહ દે છે, માટે તેનાથી બચવું છે. જેને આ છેતરવાવાળાની સોબત છોડવાનો વિચાર થાય તે જરૂર છૂટી જવાના. એક પુદ્ગલ પરાવર્તમાં જરૂર એ છેતરવાવાળાની સોબત છૂટી જવાની. જેને વિચાર થાય કે આ છેતરવાવાળા છે તેની સોબત છોડવી છે, તેનાથી આગળ વધીને મારૂં આ જગતમાં બીજું કંઈ કર્તવ્ય નથી, પણ આ ધૂતારાના પંજામાંથી છૂટી જવું એ જ કર્તવ્ય છે. એવી સ્થિતિ આવે ત્યારે અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલામાં તે જીવ છૂટી જવાનો.

ભરોસો કોનો રાખવો ?

છાયા જેવી સોબત નથી ગણાતી પણ છાયા કરતાં આ વધારે ગાઢ છે. સૂર્ય વગેરેના કારણથી છાયા પડે, ત્યારે આ છેતરપીંડી તો હંમેશાં ચાલુ રહે, 'આનાથી છેટો થાઉં. આ છ શક્તિઓ, પ્રાણો છેતરપીંડી કરવાવાળા છે, તેનાથી છેટો થાઉં ને મારા આત્મસ્વરૂપમાં રહું.' આમ જ્યારે મતિ સ્ફુરે ત્યારે જ અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર રહે. પ્રાણની છેતરપીંડીનો, શક્તિની છેતરપીંડીનો જન્મોજન્મ એકઠો

કરવા પડે છે તેનો અને તે અંતે છેવટે છે તેનો વિચાર તે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર કે મનનો વિષય નથી, તો કયા પ્રમાણથી એને માનવું ? ધૂર્તથી સાવચેત કયારે રહેવાય ? તો તેના ધૂર્તપણાને જાણીએ ત્યારે. તેમ આ દસે પ્રાણો, છ શક્તિઓ છેતરપીંડીવાળી છે તે શાથી ઓળખવી ? તો વચનથી, સર્વજ્ઞ ભગવાનનાં વચન દ્વારા એ ઓળખવી.

રેડિયો ઉપરથી જે સમાચાર આવે છે તેમાં તેના નાયક વગેરેના કે તેના જાણનાર અધિકારી હોય તો તેના વચન ઉપર જ આધાર રહે છે. તેમ અહીં આપણે કોના વચન ઉપર રહેવાનું ?

જેઓને આત્માનું સાક્ષાત્ જ્ઞાન હોય, તેના ગુણો સાક્ષાત્ જાણ્યા હોય, આવરણો, તેને રોકવાનાં કારણો, ખસવાનાં કારણો, તે ખસવાથી થતું શુદ્ધ સ્વરૂપ—આ બધું જેના જાણવામાં આવ્યું હોય તેવાના વચન ઉપર ભરોસો રાખી શકાય.

જેને આત્માનો ખ્યાલ નથી એવા જૈન અને જૈનેતર બન્ને જીવ, આત્મા શબ્દ વાપરે છે, પણ તે કોના માટે ? માટે 'આત્મા' શબ્દ જૈન પાસેથી જૈનેતરે લીધો? કે જૈનેતરો પાસેથી જૈને લીધો ? આ જીવ–આ આત્મા શબ્દ, રૂપ, રસ, ગંધ, વગરનો છે તે તો સર્વ મતવાળાને કબૂલ છે. ઈન્દ્રિયના જ્ઞાનથી તે આત્મા જણાય તેમ નથી. તેથી આત્મા, જીવ શબ્દને પહેલવહેલો ઉચ્ચારનારા તે મહાપુરુષ : કેવળી અરૂપી પદાર્થોને જાણનારા હોવા જોઈએ.

વસ્તુની ઉત્પત્તિ પહેલાં વસ્તુનું નામ નથી હોતું, જેઓ જીવને હંમેશાં ઉત્પન્ન થયેલો માનનારા, જીવને સ્વરૂપે જાણનારા છે તેવા કોણ? જગતમાં કર્મને લાવવાવાળી ચીજમાં મુખ્ય ભાગ કોઈ પણ ભજવે તો તે રાગદ્વેષ છે. **જ્યાં સુધી રાગદ્વેષ હોય ત્યાં સુધી કર્મો બંધાયા વગર રહે નહિ,** જ્ઞાન દર્શનને રોકનારાં કર્મો છે. રાગદ્વેષથી જીવ બંધાતો જાય ત્યાં સુધી સર્વજ્ઞપણું ન થાય. તો સર્વજ્ઞપણું શાથી થાય?

મતિજ્ઞાન અને કેવળજ્ઞાનમાં તફાવત

મતિજ્ઞાનાવરણ બંધાતું પહેલાનું હોય તો પણ ચાલે. જેમાં

અંશે વસ્તુ રહેલી છે, તેમાં કેટલાંક આવરણો રોકાયલાં હોય, કેટલાંક રોકાત હોય અને કેટલાંક ઝળકતાં હોય, પણ એક સ્વરૂપવાળી ચીજમાં એક-જ અંશ-એક પરમાણુ. તેમાં લાલ, પીળો, ધોળો હોય તે બને ખરૂં ! લૂગડાં વગેરે સ્કંધોમાં તે બને. જેમ પરમાણુ ભાગ વગરની ચીજ હોવાથી તે કાળો પીળો દેખાતો નથી. સ્કંધ અંશવાળો હોવાથી લાલ, પીળો, કાળો, સુગંધી હોય છે. તેમ મતિજ્ઞાનાદિ જ્ઞાનો તે બધાં અંશવાળા. તેમાં કેટલોક અંશ અવરાય, અને કેટલોક અવરાતો અંશ ખૂલ્યો હોય.

કેવળજ્ઞાન અખંડ સ્વરૂપવાળું છે. તેમાં આવરણ આવ્યું હોય, આવતું હોય અને પ્રકાશ રહેતો હોય તે ત્રણે ચીજ ન બને. જો આ વાત ખ્યાલમાં આવશે, તો મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદ જેમ છે તેમ કેવળજ્ઞાનના ભેદ કેમ નહિ ? તે ખ્યાલમાં આવશે. કેવળજ્ઞાન જબરજસ્ત છે, માટે અખંડરૂપ છે. સર્વ કાળ, દેશ, અવયવ સંપૂર્ણ હોય એવું તે જ્ઞાન થયા પછી તેના ઉપર જુદા જુદા શબ્દો લગાડવામાં આવે છે. જિન, સર્વજ્ઞ, સર્વદર્શી વગેરે ન લગાડવામાં આવે તો બધું એકી સાથે; તેમ કેવળજ્ઞાનમાં માનવું પડે, માટે જુદા જુદા શબ્દો છે. જેને જ્ઞાનાવરણીય, સત્તા, ઉદય. બંધમાં નહિ તેનો આત્મા કોણ ? તો તે છે વીતરાગ. જેને જગતના કોઈ પણ પદાર્થ તરફ પક્ષપાત અને અરૂચિ નથી.

કોઇ પણ પદાર્થ સંબંધી રાગ કે દ્વેષ નહિ તેવો જીવ જ્ઞાનાવરણ કર્મ વગરનો હોય. તેને જ્ઞાનાવરણ કર્મ સત્તામાં, ઉદયમાં અને બંધમાં ન હોય, પણ જે મારા તારાની રમતમાં પણ પડેલા છે, જેમકે 'મારો ભગત એટલે તારવો. તું મારે શરણે આવ્યો તેથી હું તને સર્વ વાતથી છોડાવીશ. શત્રુ હશે તેને હરાવીશ.' જેને આવી રીતે રાગદ્વેષ છે તે જ્ઞાનાવરણ બાંધ્યા વગર રહે નહિ. માટે તે બંધ, ઉદય, સત્તામાં હોય તેને અખંડ જ્ઞાન હોય જ નહિ. તેથી તો આત્મા, જીવ જોવાનો વખત જ નહિ. પણ આત્માનું જ્ઞાન કોણ ધરાવે ?

અતીન્દ્રિય જ્ઞાન ધરાવનાર જીવ કે આત્મા. એ નામ હોય જૈનના ઘરનું. બીજાએ તે ઉછીનું લીધું છે તેને જીવ કે આત્માનો, તેને રોકનારાં કર્મનો, તે કર્મનું ઘટવું, બાંધવું, વધવું કેમ થાય છે તેનો વિચાર જ નહિ.

તમે કોઇને ત્યાંથી દાગીનો ઉછીનો લાવો તેનું તમારે ત્યાં નામું હોય જ નહિ. જીવ, આત્મા શબ્દ જૈનેતરે ઉછીનો લીધો છે, માટે ત્યાં તેનો વિચાર જ નહિ. કેટલાક ભણેલા સાધુ કહે કે આ કડાકૂટ શી? જીવ, અજીવ વગેરે નવ તત્ત્વ કહો છો તેમ તેઓ દ્રવ્ય, ગુણ, સામાન્ય, પ્રમાણ, પ્રમેય વગેરે તરીકે વિચાર કરે, સત્ત્વ, તમો, રજોગુણ કહીને ચાલે તો જગતના પદાર્થો તેમને આવી ગયા. તેમને આવી રીતે જણાવ્યા. તમે જીવ અજીવ રૂપે જુદું જણાવ્યું તેમાં નવાઈ શી? આ તો સમકિતી છે, કારણકે જીવાજીવાદિ સ્વરૂપે જાણે. તેઓ દ્રવ્યાદિ રૂપે, પ્રમાણરૂપે, પ્રમેય પ્રકૃતિ રૂપે માને છે તેથી તેઓ સમકિતી નહીં.

વિધવિધ દૃષ્ટિ

એક જ પદાર્થ હોય તો કોઈ તેને કુંભ કહે, કોઇ કળશ કહે, કોઇ ઘટ કહે તો શું? જગતના બધા પદાર્થો બધાંને કહેવા છે, જો નૈયાયિકને, વૈશેષિકને, સાંખ્યને, બૌદ્ધને, જૈનને જગતના પદાર્થો કહેવા છે તો ફરક શો? છોકરો છબી જૂએ, અને કારીગર છબી જૂએ, બંને છબી તો એક જ જૂએ છે. આંખો એક જ છે ને! માટે બે ય સરખા છે? હવે છોકરો છબી જૂએ તેમાં તેચળકાટને દેખે છે. પણ કયા મુદ્દાને અંગે, કઈ સ્થિતિએ આ છબી છે તે છોકરો સમજે નહિ, તેમ પદાર્થોમાં હેય, જ્ઞેય-ઉપાદેય વિભાગરૂપે અહીં જૈન શાસનમાં કહેવામાં આવ્યું છે અને અન્ય આગળ હેયાદિ રૂપે પદાર્થો નથી માટે જીવાદિ પદાર્થોનું જે કથન છે તેને તત્ત્વ માને તો તેનું નામ સમકિત, તેમ ઉમાસ્વાતિવાચકજી કહે છે. જેણે જીવાદિ પદાર્થોને તત્ત્વ માન્યા તેઓને હેયાદિનું જ્ઞાન રહે. જ્યારે બીજાઓ બધાં તત્ત્વોને પદાર્થો માન્યા તેમ કહે તો તેમાં હેયાદિના વિભાગો

પાડ તો ખરો ? માટે કહે છે કે જીવાદિક તત્ત્વોનું **નિરૂપણ કરનાર સર્વજ્ઞ પરમાત્મા જ છે.** નિરૂપણ કર્યું તેમાં આપણને શી ખબર પડે? એના આત્મામાં આપણે પેઠા છીએ ? તેથી તે કહે છે તે સાચું ?

સર્વજ્ઞ ભગવાનનાં વચનની વિશિષ્ટતા

જે વખતે સર્વજ્ઞ ભગવાન નિરૂપણ કરે તે વખતે જે સાંભળવાનું હોય તે પણ વચનનો યોગ. સર્વજ્ઞ ભગવાન સિવાય બીજો બોલે તેનું નામ દ્રવ્યશ્રુત. સર્વજ્ઞ ભગવાનનું જે વચન તે દ્રવ્યશ્રુત જ નહિ. ભૂતકાળમાં થયેલો, ભવિષ્યમાં થવાવાળો જે ભાવ તે થવાનો બધામાં હોય, પણ સર્વજ્ઞના વચનમાં ભાવિનું દ્રવ્યશ્રુત નથી. માટે કેવળી ભગવાન કેવળજ્ઞાનથી પદાર્થો જાણે, નિરૂપણ કરવા લાયકને નિરૂપણ કરે તે શાસ્ત્ર નહિ પણ વચનયોગ. શ્રોતાને દ્રવ્યશ્રુત સાંભળીને ભાવશ્રુત થવાનું. આ વસ્તુ ખ્યાલમાં રાખીએ તો **'वचनाराधनया खलु'** વચનની આરાધના. તીર્થંકરે જે વચનયોગથી કહ્યું તે શ્રુત–આગમ, તે સીધું આપણી અપેક્ષાએ. તેમને ખુદની અપેક્ષાએ તે નહિ. તો આગમ શ્રુત આજ્ઞા કહી નથી, ત્યારે શું કેવળ વચનયોગ ? કેવળી ભગવાનને જે નિરૂપણ કરવાનું બને તે કેવળ વચનયોગ, માટે **'वचनाराधनया'** કહ્યું.

'उच्यते इति वचन'' જેટલા જેટલા જીભવાળા એટલે બેઈન્દ્રિયથી બધા વચનયોગવાળા છે. તે બધાની આરાધના કરવી એમ ને? હા. વાત ખરી. પણ 'સામાન્ય' શબ્દ પ્રકરણને અંગે 'વિશેષ'માં દાખલ થાય. 'ચોકસી' એ જગતનો સામાન્ય શબ્દ છે. જ્યારે અહીં આગળ એક જ ઘર ચોકસીનું હોય તો બોલીએ 'ચોકસી' તો પ્રતીતિ એક ઘરવાળાની થવાન તેમ સમર્થ વિશેષણ વિશેષ્યને ન કહ્યું હોય તો પણ વિશેષ્યને જણાવે.

તેમ અહીં આગળ આ વચન કયા મુદ્દાએ કહેવામાં આવ્યું ?

ધર્મની આરાધનાના મુદ્દાએ.

કયું વચન ?

તો સર્વજ્ઞનું.

परलोकविधौ० પરલોકની વિધિમાં પ્રમાણભૂત શું ?

ત્યાં આપણી ઇન્દ્રિયો કામ નથી લાગતી. તો પછી કામ લાગે શું? તો કામ લાગે વચન.

તે કયું વચન કામ લાગે? અતીન્દ્રિય પદાર્થોને દેખનારા, જાણનારા, તેવાએ કહેલું તેનું નામ 'વચન.' અતીન્દ્રિય પદાર્થને દેખનારા મહા પુરૂષનું વચન કામ લાગે. માટે પ્રગટ કહેલું તે વચન અહીં લેવાય.

જયણાની શરૂઆત

સર્વજ્ઞ ભગવાને કહેલાં વચનોની આરાધના શા માટે? જેમ બીજા લોકોમાં અષાઢ સુદ ૧૧ને દેવપોઢી અને કાર્તિક સુદ અગ્યારસને દેવઉઠી અગ્યારસ કહેવાય છે. તે દેવઉઠી અગ્યારસે ઉઠયા એટલે ચારે મહિના ઉંઘ્યા તેમાંથી શું દેવ ઉઠયા! ચારે મહિના દિવસ અને રાત ઉંઘ્યા કર્યું તેવા ભગવાનને માનનારની બલિહારી! પણ ખરી વસ્તુ શી છે? કૃષ્ણ મહારાજને જ્યારે વિરાધના વધારે માલુમ પડી, 'હું પોતે દરબાર ભરૂં, રાજવાડી નીકળું ત્યારે જીવહિંસાનો પાર કેટલો?' તે માટે તેમણે દરબાર ભરવાનું બંધ કર્યું.' રાજવાડી બંધ કરી તેથી તે અંતઃપુરમાં જ રહ્યા. અષાઢ સુદ અગ્યારસથી અંતઃપુરમાં દાખલ થવું અને કાર્તિક સુદ અગ્યારસે નીકળવું, તેથી આરંભ પરિગ્રહના ત્યાગની પ્રવૃત્તિ થઈ અને આવી રીતે ચોમાસાની જયણાની શરૂઆત થઈ.

બૌદ્ધોએ પણ પહેલાં ચોમાસામાં ફરવાનું રાખ્યું હતું પછી લોકોમાં નિંદા થવા લાગી ત્યારે બુદ્ધે બધાને ભેગા કરીને કહ્યું કે વરસાદ વખતે સ્થિર થવાનું રાખો. બૌદ્ધને તે ઓલંભા કોણ દેનાર? લીલોતરી, બારીક જીવને કચડતા ફરે છે તે ઓલંભા દેનાર. કોણ? તે વિચારો. જે ચોમાસામાં સ્થિર રહે છે તે ઓલંભા દેનાર. ડુંગળીને બાળી નાંખીએ તો પણ તે ગંધ ન છોડે. તેમ તેમણે ચોમાસાનો નિયમ કર્યો, પણ ત્રણ મહિના સ્થિર રહેવું તેવો નિયમ કર્યો એટલે પછી ચારમાંથી ગમે તે ત્રણ મહિના સ્થિર રહેવું. એક મહિનો છૂટનો ખરો! એટલે શું થયું? ચોમાસાની અસલ સ્થિતિને પેલાએ દેવપોઢીમાં મૂકી દીધી. બીજાએ ચારમાંથી ત્રણ મહિનામાં મૂકી દીધી! બીજા રાગદ્વેષથી ભરેલા હોય તે જ આ રૂપે ફરે.

રાગદ્વેષરહિત હોય તેને સાચી વસ્તુને ઉથલાવવાનું ન બને. માટે અતીન્દ્રિય અરૂપી પદાર્થોને, અતીત, અનાગત, વર્તમાનના પદાર્થોને જાણનારા જે મહાપુરૂષ હોય અને તેમને પ્રગટ કહેલું જે હોયતે'વચન'કહેવાય.

હવે આ ઉપરથી બીજાના વચનને કુવચન કેમ માનું છું ? જે કેવળી ભગવાને પદાર્થો જાણીને દેશના આપી તે વચનોની આરાધના તે કેમ ? તે સમજાશે. કેમકે અષ્ટસ્પર્શી પદાર્થોની આરાધના થાય. જેને આપણે પર્યુપાસના કહીએ છીએ તે અષ્ટસ્પર્શીની હોય.

'तिक्खुत्तो आयाहिण'જેવા શબ્દોસમજ્યા વગર કેટલાક બોલનારા છે. એક માણસ જે દેશથી આવ્યો. તેને એક કાગળ તે દેશવાળાએ તમારા ઉપર લખીને મોકલ્યો કે તેને સાચવશો, રાખશો, વિદાય થાય ત્યારે વિદાય કરશો પેલાએ કાગળ આપ્યો. પેલાએ વાંચીને કહી સંભળાવ્યું. એટલે શું તેણે કાગળનો અમલ કર્યો? તેમ આ તિકખુત્તોવાળા છે. શાસ્ત્રકારના કથનમાં તો એ છે કે ઘેર રહેલા માણસ વિચાર કરે કે ગુરૂ મહારાજ આવે છે તો તેમને પ્રદક્ષિણા, સત્કાર, સન્માન કરીશ. 'કરૂ'' એ કર્તવ્યના જે વિચારો હતા, તેનો જે ઉલ્લેખ હતો, તે તેમણે બોલવાનો રાખ્યો.

'तिक्खुतो आयाहिणं पयाहिणं' એટલે શું?તેનો ઉત્તર નહિ દઇ શકે. [1]'वंदामि नमंसामि પહેલાં કેમ? कल्लाणं मंगलं देवयं चेइयं'' પહેલાં કેમ ન મૂકયું ? 'पज्जुवासामि' છેલ્લું કેમ મૂકયું ? શું કલ્યાણ રૂપી ચૈત્યને વંદન., નમસ્કાર નથી કરતો ? લગીર અકકલ પહોંચે તો સમજો. આ મંગલ, કલ્યાણ વગેરે ચીજ કલ્યાણ કરવા માટે છે. કલ્યાણ, મંગળ મૂર્તસ્વરૂપ છે તેથી તેની સેવા કરી શકાય. માટે પજ્જુવાસામિ છેડે જોડયું છે. વંદનના ઠેકાણે ન જોડયું. જેને વ્યાકરણ વ્યાધરણ હોય તેને સૂત્ર એટલે સુતર કહેવું પડે. આવા મનુષ્યોને વિચાર શાનો આવે? ઉપર કહેલાના મતે कल्लाणं मंगलं देवयं चेइयं नमंसामि० એમ મૂકી શકાત. પણ પર્યુપાસના કરવા

---

१ ते भगवंते वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि (स्था० सू० १७७)

લાયક આ ચાર પદાર્થો છે. વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન કરવા લાયક આ ચાર સેવનીય પદાર્થો છે. જેને સેવનીય, નમસ્કરણીય કયા તે ખ્યાલ ન હોય તેવા મનુષ્યો ગમે તેવું બોલે.

આરાધના વિષે સ્પષ્ટીકરણ

તેમ અહીં, 'તમે આરાધના કરો' કહો છો પણ વચન ચઉસ્પર્શી છે, તેની આરાધના કઇ રીતે ! અષ્ટસ્પર્શી હોય તો પર્યુપાસના, આરાધનામાં લેવાનો વિષય નથી, તો આરાધના શાથી કહો છો ? સીધી આરાધના થતી નથી, માટે આરાધના શબ્દ મૂકીએ છીએ અને પર્યુપાસના નથી મૂકતા. આરાધના કે પર્યુપાસના કઇ ચીજ છે તે સમજવું જોઈએ. વચનમાં કહેલી વાત સમજવી અને તે પ્રમાણે વર્તાવ કરવો, તેનું નામ વચનની આરાધના. આથી જેટલો આત્માને વચનમાં વર્તાવવાને તૈયાર કરે તેટલો જ ધર્મ થાય. માટે ત્યાં વચનની 'આરાધના' એટલે વચનમાં કહેલું તે મારે કરવા જ લાયક છે.' તે કરી શકો કે ન કરી શકો પણ નિશ્ચય તો તે જ હોવો જોઈએ, કે તે કરવા લાયક જ ચીજ છે. 'જેઓ દેશથી વિરતિવાળા છે તેઓ હોયને છોડવા લાયક ગણે ને તેઓ સર્વવિરતિની બુદ્ધિવાળા હોય. એ પ્રમાણે **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે હકક ન કર્યા હોય માટે વંચન. **જે શાસ્ત્રોનું કથન અને તે કથનની લેશ્યા સાચી માનીને અને તે અમલ કરવાની ધારણા રાખીને જે પ્રવૃત્તિ હોય તેનું નામ આરાધના.**

આરાધનાની દૃષ્ટિ વિષે સૂચન

આ વાતથી ચાહે અરિહંત, સિદ્ધ વગેરે ગમે તે પદ આરાધે પણ દૃષ્ટિ સર્વની આરાધ્યપણામાં હોય. એકની પણ આરાધ્યતા નથી, તે આવે તો બધી આરાધના નકામી જાય. જેટલા પદાર્થો આરાધ્ય હોય તે બધાની આરાધના કરવી જોઈએ, પણ શક્તિ તો જેમાં ફોરવાય તેટલી ફોરવવી.

જ્યારથી જિનેશ્વર મહારાજના વચનને અંગીકાર કર્યું ત્યારથી જીવનના અંત સુધી અસ્ખલિપતપણે પ્રવૃત્તિ રહે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં પણ ગ્રહણ કર્યાથી માંડીને જીવનપર્યંત પ્રવૃત્તિ થાય ત્યારે તે આરાધના કહેવાય.

માટે જ્યારથી તીર્થંકરના વચનને સમજે ત્યારથી જીવનપર્યંત તેમ વર્તવું છે માટે આરાધના અને આથી જ તેવી આરાધનાથી ધર્મ થાય છે

વચનની આરાધના કેમ લીધી અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ક્રિયા કેમ ન લીધી ? કારણ તરીકે બીજાં કેમ ન લીધાં ? બીજાં બધાં કારણો છે, પણ આ કારણ છે, તો તેમાં ફરક શો તે સમજાવશે અને બીજાં કારણો તે કારણ કેમ નહિ અને આ કારણ કેમ તે સમજાવશે તે અગ્રે વર્તમાન.







બિલાડી પહેલું ઢોળે અને પછી ખાય, તેવી રીતે જગતમાં કેટલાકોનો સ્વભાવ સીધી રીતે સાંભળવાનો કે સમજવાનો હોતો નથી તેમાં કર્મની વિચિત્રતા છે.





વ્યા
ખ્યા
ન

પુદ્ગલ, ગુણ અને ગુણી

૨૧

જીવની વિધવિધ સ્થિતિઓ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકારણની રચના કરતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડંપટ્ટી કરી રહેલો છે. તે કરતાં કરતાં અનંતા પુદ્ગલપરાવર્તો (એકેંદ્રિય) નિગોદમાં ગયાં. તે પણ સૂક્ષ્મ એકેંદ્રિયમાં. જીવની અનાદિકાલીન સ્થિતિ સુધી સૂક્ષ્મ નિગોદમાં. તેમાંથી અકામ નિર્જરાએ બહાર નીકળે.

નિગોદમાં તો શરીરની પણ ભાગીદારી

જગતમાં જોઈ શકીએ છીએ કે એકેંદ્રિય શરીરવાળા જીવો જે પૃથ્વીકાયાદિમાં છે તેમાં એકલું શરીર હોય, તે શરીરને ધારણ કરનારી જે **એકેંદ્રિયપણાની અવસ્થા** હોય, તેમાં પણ સૂક્ષ્મ એકેંદ્રિય હોય અને તેને પણ એકલું શરીર હોય. તે પણ દેખી શકીએ નહિ તેવું અને અનંતા જીવો વચ્ચે એક જ શરીર! અનાદિ કાળથી તેને અનંતાની ભાગીદારીની ટેવ પડી. દુનિયામાં માલમિલકત અને ચીજમાં ભાગીદારી હોય, પણ શરીરમાં ભાગીદારી કોઈ પણ જગ્યાએ હોતી નથી, ત્યારે સૂક્ષ્મ નિગોદમાં તો શરીરની ભાગીદારી છે. કોઈનું શરીર સ્વતંત્ર નથી. મિલકત, મકાન વગેરે ભાગીદારીનું, પણ એકલું જો કંઈ હોય તો એક શરીર. તેમાં કોઈની પણ ભાગીદારી નહિ. ગર્ભમાં રહેલાને પણ શરીર સ્વતંત્ર. તેનાથી સુખદુઃખ ભોગવવું તેમાં સ્વતંત્ર. પોતાનું સુખદુઃખ બીજો ભોગવે નહિ. બીજાનાં સુખદુઃખ પોતે ભોગવે નહિ. જગતના દરેક જીવો જુદા છે અને કર્મો જુદાં છે

કારણ કે તેમના સુખદુઃખમાં કોઇની ભાગીદારી નથી. આ જગતમાં જે ભાગીદારી સંબંધ નથી તે ત્યાં એટલે નિગોદમાં રહેલો છે.

સૂક્ષ્મ નિગોદમાં જ અનાદિપણું

શરીરમાં ભાગીદાર કેટલા ? વીમા લેવાની હરકત ન હોય તો તેને અંગે ગાદું ભરેલા દલાલ મળે. અહીં તો અનંતા ભાગીદાર ! એક શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું, ન દેખાય એવું, તેના અનંતા ભાગીદાર, અને તે તેમાં અનાદિ કાળથી રહ્યાં. આ જગ્યાએ જ અનાદિ કાળ જીવ રહ્યો પણ બીજી કોઈ જગ્યાએ નથી રહ્યો. પૃથ્વીથી માંડીને યાવત્ પંચેન્દ્રિય સુધીમાં અનાદિપણું ન હોય. માત્ર સૂક્ષ્મ નિગોદમાં જ અનાદિપણું હોય.

મનુષ્યપણાની સાર્થકતા કયારે ?

તેમાંથી ક્રમે જીવ બાદરમાં આવ્યો અને ક્રમે શરીર જૂદું મળ્યું, છતાં રસ જાણવાની તાકાત ન મળી. જ્યારે અનંતા પુણ્યનો ઉદય હોય અને અનંતી અકામ નિર્જરા થઈ હોય ત્યારે રસ જાણવાની તાકાત મળે. તેનાથી અનંતા પુણ્યનો ઉદય થયો અને તેટલી અકામ નિર્જરા થઇ ત્યારે ગંધની તાકાત મળી. તેનાથી અનંતા પુણ્યે રૂપની, તેનાથી અનંતા પુણ્યે શબ્દની, તેનાથી અનંતા પુણ્યે વિચારની અને તેનાથી અનંતા પુણ્યે મનુષ્યપણું પામ્યા. કેટલાં પગથિયાં ચઢયાં ? તે વિચારો.

સૂક્ષ્મ નિગોદીઓ ધરતી ઉપર રહેલો છે. ધરતી ઉપર રહેલાને પડવાનું હોય નહિ. ઊંચે ચઢેલો અગર એક બે પગથિયાં ચઢયો હોય, તેને પડવાનો ભય હોય. ઊંચે ચઢેલો પડે તો તે હેરાન વધારે થાય. તેમ અહીં મનુષ્યપણામાં આવ્યા પછી સિત્તેરનો થોકડો બાંધે. એકેન્દ્રિયથી માંડીને યાવત્ અસંજ્ઞી પંચેંદ્રિય સુધીમાં સિત્તેર બાંધવાની તાકાત નથી. બાદર, ત્રસ, પંચેન્દ્રિયપણું, અને મનુષ્યપણું, તેની સાથે આર્ય દેશ, ઉત્તમ કુલ, જાતિ, લાંબું આયુષ્ય, નિરોગીપણું, દેવ, ગુરુ અને ધર્મની જોગવાઈ. આટલાં પગથિયાં ચઢયાં ને છતાં જો સાધ્ય

સાધી ન શકીએ, તો જેમ હથિયાર છે, સાધનસામગ્રી છે છતાં શત્રુના ટપલાં ખમે તે કેવો ગણાય ? તેમ આપણને આ મનુષ્યપણું, આર્ય ક્ષેત્ર વગેરે સાધનો મળ્યાં કે જેના વડે કર્મ રાજાનો સર્વથા નાશ કરી શકાય તેવાં તે મળેલાં છે, છતાં આપણે કર્મને આધીન ચાલ્યા કરીએ અને કહીએ કે જેવો કર્મનો ઉદય. વાત ખરી. પણ તું બાયલો થયો તેનો વિચાર આવ્યો ?

આ વાત વિચારશો તો જૈન ધર્મવાળાએ બધી વાત એક બાજુ મૂકી અને દેવ, ગુરુ કેમ માન્યા તે સમજાશે. શાથી ?

ગુણથી.

ગુણ કયારે ?

તો કર્મને હણ્યા ત્યારે. કર્મ હણ્યાં તેથી ગુણો અનંતા છે તો આપણું કેન્દ્ર કર્મને હણવા માટે **નમો અરિહંતાણં** બોલીએ છીએ.

છેલ્લા પુદ્ગલમાં મનુષ્યની સ્થિતિ

હરિભદ્રસૂરિજી કહે છે કે જે મનુષ્યમાં ઉદ્યમ અને કર્મ બળવાન હોય પણ આત્માને કર્મના કરતાં બળવાન બનાવતા નથી તે મનુષ્યો છેલ્લા પુદ્ગલપરાવર્તનમાં નથી. જે કર્મને હણવાની ઇચ્છાવાળો નથી તે છેલ્લા પુદ્ગલપરાવર્તનમાં નથી. **હરિભદ્રસૂરિજી**એ બે જ વાડા પડયા. એક છેલ્લાનો અને એક વધારેનો. તેની નિશાની શી? 'કર્મ કરશે તેમ થશે' તો આ છેલ્લા પુદ્ગલ સિવાયનો સમજવો. છેલ્લા પુદ્ગલમાં હોય તે તો કર્મના ઉદયને કાળૂમાં લઉં, નવાં કર્મ બાંધું નહિ તથા નવાં કર્મો બાંધીને તેનાં ફળો ભોગવવાનો વખત લાવું નહિ.' આ વિચાર છેલ્લા પુદ્ગલમાં જીવ આવે ત્યારે જ આવે અને ત્યારે જ 'ધર્મ' શબ્દ બોલવાને તે લાયક થાય.

આ વિચારો આવે ત્યારે 'મારો જીવ કર્મ કરતાં બળવાન, કર્મના ઉદયને દાબવો અને કર્મનો ઉદય ન જાગવા દેવો તે મારૂં કર્તવ્ય છે;' આ વિચાર આવે. આ વિચાર આવે ત્યારે જ ધર્મ.

દુર્ગતિમાં જતા જીવોને રોકે તેવું અનુષ્ઠાન કે જે સદ્ગતિ ન મળતી હોય તો મેળવી આપે તેનું નામ ધર્મ.

દુર્ગતિ થવાની હતી તે શાના ઉદયે ? તો કર્મના ઉદયે.

તે રોકાય કયારે ? તો 'મારો કરેલો ધર્મ એટલો શક્તિવાળો હોય કે તે દુર્ગતિનાં બાંધેલાં કર્મોને તોડી નાખે.'

ઉદ્યમ પણ ગેરરસ્તે થાય તો કર્તાને નુકશાન

ધર્મ સીધી રીતે દુર્ગતિ રોકી શકતો નથી, પણ તેનાં કારણ રૂપી કર્મોને ધર્મના વિચારો (ક્રિયા) રોકી શકે. જો જીવ બળવાન ન હોય અને કર્મ બળવાન હોય તો ધર્મ જેવી ચીજ જ નહિ. ધર્મને બળવાન માનશો તો કર્મને દબાવવા માટે ધર્મની કર્તવ્યતા રાખી શકશો. કર્મ દબાય નહિ તો દુર્ગતિ રોકાય કઈ રીતે ? અને સદ્ગતિનાં કર્મો ન બાંધો તો સદ્ગતિ થવાની કયાંથી ?

છેલ્લા પુદ્ગલમાં જીવની સ્થિતિ કઈ ? કર્મને નિર્બળ બનાવે તેવી જીવની સ્થિતિ. બાકીના પુદ્ગલોમાં કર્મ બળવત્તર છે. વનસ્પતિ, બેઈન્દ્રિયાદિ જીવોએ જેવાં કર્મો કર્યાં તે પ્રમાણે જન્મ્યાં. જીવન પૂરૂં થયું અને તેઓ હાલતા થયા, પણ દુર્ગતિનાં કર્મોને તોડું તે સ્થિતિ કયાં છે ? તો જ્યાં પુરૂષાર્થ બળવાન હોય ત્યાં તે છેલ્લો પુદ્ગલ પરાવર્ત સમજવો. જ્યાં કર્મનું બળવત્તરપણું હોય ત્યાં છેલ્લો પુદ્ગલપરાવર્ત ન સમજવો પણ વધારે સમજવો. રસ્તા સર થયેલો ઉદ્યમ કાર્યની સિદ્ધિ કરે. તે ઉદ્યમ ગેરરસ્તે થયો હોય તો તે કર્તાને નુકશાન કરે છે. તો બેય ઉદ્યમ જ. અહીં તો બેય ઉદ્યમ જ કરે છે.

અંત્ય પુદ્ગલ સાથે જિનેશ્વરના વચનની આવશ્યકતા

આ જીવને અંત્ય પુદ્ગલપરાવર્તમાં ઉદ્યમ કેવો સૂઝે ? તો એક જ પ્રકારનો, જિનેશ્વરના વચનની પરિણતિનો 'સૂઝે.' જિનેશ્વર ભગવાનનું વચન પરિણમે ત્યાં સૂઝે. છેલ્લા પુદ્ગલ પરાવર્ત સિવાય જિનેશ્વર ભગવાનનું વચન પરિણમે નહિ. જ્યાં સુધી અંત્ય પુદ્ગલ ન હોય ત્યાં સુધી વિષયસંયોગમાં સુખબુદ્ધિ હોય, છેલ્લો હોય તો તેમાં દુઃખ

બુદ્ધિ થાય દૃષ્ટિસંમોહ, વિષય વગેરે અવગુણો તે છેલ્લો પુદ્ગલ ન હોય ત્યાં સુધી મળ કરે. છેલ્લો હોય અને જિનેશ્વરનું વચન પરિણમે તો આ દૃષ્ટિસંમોહ વગેરે કારસ્થાન ન કરે.

ભગવાનની સેવા, ભક્તિ અને આરાધના સર્વ મતમાં છે. ભગવાનની આરાધના, ભક્તિ અને સેવા મૂકીને વચન કયાં પકડયું ? 'અમે ભગવાનની ભક્તિ વગેરે મૂકયું નથી પણ વચનની આરાધના છે, ત્યાં તેના વક્તાની આરાધના છે. પણ **જ્યાં વકતાની આરાધના છે, ત્યાં વચનની આરાધનાનો નિયમ નહિ.**

યથાર્થ પૂજન કયું ?

ગુણની આરાધનામાં ગુણીની આરાધના જરૂર છે. ગુણીની આરાધનામાં ગુણની ભજના છે. ગુણ ગુણી સિવાય રહેતો નથી, માટે તીર્થંકર મહારાજને સાધુપણું છે, ચાર જ્ઞાનવાળા છે, છતાં ચોમાસી તપનું પારણું છે તેવાને ગોચરી આપી. એના જેવો પાત્રવિત્તનો સંયોગ કયો ? તે છે, પરંતુ ગુણીનો સંયોગ થયો, છતાં ત્યાં ગુણબુદ્ધિ નથી તેવા અભિનવ શેઠે ચોમાસી તપનું પારણું કરાવ્યું, અને ગુણબુદ્ધિવાળા જીરણ શેઠ ઝૂરતા રહ્યા. ફળ જીરણ શેઠને કે અભિનવ શેઠને? તો પારણું નહિ કરાવનારે ફળ મેળવ્યું ! પારણું કરાવનાર ખાલી !

તેને શું મળ્યું ? પાંચ દિવ્યો ને ધન મળ્યું, આત્માનું કામ જીરણ શેઠે સાધી લીધું.

ગુણી અને ગુણ કોને મળ્યા? અભિનવ શેઠને. બુદ્ધ ગુણી મળ્યા, પારણું કરાવ્યું છતાં દ્રવ્યથકી ગુણીનો સંયોગ, પણ ગુણ દ્વારાએ ગુણીનો નહિ. ત્યારે જીરણ શેઠને ગુણ દ્વારાએ ગુણીનો સંયોગ મળ્યો.

તમે કેસરીઆજી વગેરેમાં જેવી પૂજા કરો છો તેવી અન્ય મતવાળા કરે છે. ગુણીને પૂજ્યા તેથી તે આરાધનામાં પામવાના શું ? કારણ કે **ગુણધ્યાન રાખ્યા વગર ગુણીનું પૂજન ફાયદો કરતું નથી.** અહીં માનતા માનીને ચડાવ્યાં. તે ચડાવ્યાં તો ગુણીને, પણ કોઇએ કલ્યાણની બુદ્ધિથી ચડાવ્યાં તો તે પૂજન આત્માનું

કાર્ય કરનારૂં થયું. ગુણીનું પૂજન ગુણ દ્વારાએ થાય તો જ સફળ ગણાય. ગુણસંબંધી ચીજ ગુણીમાં રહેલી જ છે, તેથી ગુણ દ્વારાએ ગુણીનું પૂજન તે યથાર્થ પૂજન છે.

ચિતારો અને ભરવાડ

છોકરાની ચોપડીમાં એક ચિતારાએ છ મહિના સુધી મહેનત કરીને એક ચિત્રામણ બનાવ્યું. તે લઈને તે રાજા પાસે ગયો. તે ચિત્ર રાજાને બતાવ્યું રાજાએ તે વખાણ્યું. પાંચસોની કિંમત કરી. આટલી બધી મહેનતવાળા ચિત્રામણના મને પાંચસો આપો છો? સજાએ યાવત પાંચ હજાર કહ્યા, છેવટે દસ હજાર કહ્યા પણ છતાં ચિતારાએ ના કહી. જ્યાં રાજગઢની બહાર નીકળે છે ત્યાં સામો ભરવાડ મળ્યો.

ભરવાડે તેને ઉદાસીન જોઈને પૂછયું કે "કેમ ઉદાસીન? હાથમાં ચિત્રામણ છે ને ઉદાસીન કેમ જણાવ છો? મને બતાવવામાં અડચણ ન હોય તો બતાવો," ભરવાડને ચિત્રામણ બતાવ્યું.

ભરવાડે જે જે ભાવથી જે જે કર્યું હતું તે તે ભાવથી કહેવા માંડયું અને કહ્યું કે આ ભાવે કરેલું છે,

ત્યારે પેલો ચિતારો કહે કે તારે લેવું છે?

'હા, પણ મારી શકિત નથી.'

ત્યારે ચિતારો કહે: શકિતનું કામ નહિ,

ત્યારે ભરવાડે કહ્યું કે મારી પાસે લાકડી અને કામળો એ બે કિંમતમાં છે તે હું આપું.

ભરવાડે બે આપ્યાં અને ચિતારાએ ચિત્રામણ તેને આપ્યું. પેલા રાજા વગેરે મનુષ્યો જોઈ રહ્યા છે. તેઓએ બધું જોયું અને તેને પાછો બોલાવ્યો,

'અરે! શું કર્યું?'

'વેચી દીધું.'

'કોને?'

'ભરવાડને.'

'શા પેટે ?

'કામળા અને લાકડી પેટે.'

'શાથી ?'

'તમે જે દસ હજાર આપવાના કહ્યા તે તમારી સાહેબીના,મારી કળાના નહિ, રાજદરબારમાં આવેલો ખાલી જાય નહિ પણ હું તો ચિત્રામણની કિંમત લેવા આવ્યો ન હતો, પણ ચિત્રામણની કળાની કિંમત લેવા આવ્યો હતો, પેલો કારીગરી સમજ્યો અને મેં તેને તે ચિત્ર આપ્યું.

નહિ તો છાર ઉપર લીંપણું

તેમ અહીં આગળ તીર્થંકરની કિંમત તેમના જીવ શરીરને અંગે નહિ પણ તેમના ગુણોને અંગે છે, માટે વચન પરિણમ્યું તો વાસ્તવિક પૂજનારો ગણી શકીએ, નહિ તો નહિ. હુકમ ન માને અને ગમે તેટલું સન્માન કરે તો રાજાને તેની કિંમત કેટલી ? રાજાને કહે કે 'તમને હું રાજા માનતો નથી,' અને કહે કે "અન્નદાતા, ચિરંજીવ' તો તે બધું છાર ઉપર લીંપણું થાય, તેમ અહીં આગળ **ભગવાન જિનેશ્વરનાં વચનની કિંમત મનમાં વસે નહિ ત્યાં સુધી તેમનું પૂજન વગેરે છાર ઉપર લીંપણું છે.**

છેલ્લા પુદ્ગલપરાવર્તમાં જ ભગવનનું વચન પરિણમે

છેલ્લો પુદ્ગલપરાવર્ત હોય, તેને જ ભગવાનનું વચન પરિણમે. જો પરિણમે તો છેલ્લામાં જ, બીજામાં ન પરિણમે. વચનને અંગે સાધુપણું, કે શ્રાવકપણાનો નિયમ નહિ; પણ આ નિયમ–વચન લે તો તે માને. છેલ્લા પુદ્ગલમાં જ વચનને માને. તે સિવાય કોઈ દહાડો માને નહિ. ભૂલા પડેલા મનુષ્યને કોઈએ સાચો રસ્તો બતાવ્યો હોય છતાં તદ્દન અજાણ્યો છે એમ ગણી તે તેના ઉપર ભરોસો રાખે નહિ તો અહીં નસીબનો દોષ. જો હેરાનગતિ લખાયેલી ન હોય તો તેના બતાવેલા માર્ગે ચાલ્યો જાય, પણ હેરાનગતિ લખાયેલી હોય તો જડ જેવો બેસે. નસીબ જો સીધું હોય તો તે સીધું કહેનારો મળે અને તેના ઉપર ભરોસો રાખવાનું મન થાય. નસીબ પાંસરું ન હોય તો

સીધું બતાવનારા મળે નહિ અને મળે તો તેનો ભરોસો રાખે નહિ. આ બેય આપણી અકકલ ઉપર નહિ. કેમ ? તો તે ભવિતવ્યતા ઉપર.

જે સીધો રસ્તો બતાવનાર મળે તે તમને ઓળખતો પણ નથી. પણ ભવિતવ્યતા સીધી હોય તો સીધો માર્ગ દેખાડનાર મળે અને ભરોસો રાખવાનું બને. અરણ્યમાં ભટકતાં ભટકતાં કમે પેલા માર્ગના છેડેથી કઈ નિશાની મળે ! પણ પુણ્યવંતને પેલો રસ્તો દેખાય છે. પણ અહીં તો અંતર્મુહૂર્ત પહેલાં ઠેકાણું નહિ. જે જે મેળવવું તે અંતર્મુહૂર્તમાં મેળવવાનું.ભરોસો અંતર્મુહૂર્ત પહેલાં નહિ. અંતર્મુહૂર્ત પહેલાં ભરોસા લાયક ન લાગે તે પર અંતર્મુહૂર્ત પછી ભરોસો રાખીએ. આ શાની ઉપર ? તીર્થંકરના વચન ઉપર ભરોસો તે અર્ધ પુદ્ગલપરાવર્તવાળાને હોય. જો વકતાનો ભરોસો હોય તો તેના ભરોસે અભવ્ય મિથ્યાદૃષ્ટિઓ પણ નવ ગ્રૈવેયક જાય.

વચન નહિ પણ વ્યકિત જ આરાધવા લાયક

તીર્થંકર મહારાજ વિદ્યમાન હોય, ઇન્દ્રો તેમને પૂજા કરે, ત્યાંથી તેઓ દેવલોકમાં જાય. વળી ત્યાંથી વંદન કરવા આવે. ત્યાં તીર્થંકર મહારાજ નિરૂપણ કરે. આ બધું સાંભળીને આ ઠીક છે તેથી તપ, જપ કરે અને તેથી નવ ગ્રૈવેયક જાય. વચનના ભરોસા ઉપર જ્યારે આવે ત્યારે અર્ધ પુદ્ગલ પરાવર્તવાળો હોય, તેનાથી વધારે સંસારવાળો ન હોય. આ વાત વિચારશો ત્યારે **अरिहंतो महदेवो** કહ્યાં છતાં **जिनपन्नत्त तत्त** ફરીથી કેમ કહેવું પડયું ? જિનેશ્વરની પ્રરૂપણા અને જિનેશ્વર એક જ હતા, છતાં બે કેમ કહ્યાં ? **अरिहंत તે વ્યકિતનું પ્રાધાન્ય અને जिनपन्नत्त તે વચનનું પ્રાધાન્ય છે,** માટે બે કહેવાં પડયાં. જે વચનનું પ્રાધાન્યપણું માનનારો મનુષ્ય હોય તે છેલ્લા પુદ્ગલપરાવર્તમાં હોય. તે સિવાય થાય જ નહિ. માટે વચનની આરાધના. ધર્મની જડ તે વચન. તેથી વચનની આરાધના, પણ વચન તે વ્યકિત સિવાય સ્વતંત્ર આરાધવા લાયક ચીજ જ નથી. સ્વતંત્ર વ્યકિત આરાધવા લાયક હોય તે માટે પંચ પરમેષ્ઠિ ગણવામાં આવ્યા.

'નમો' પદની સમજુતી

પંચ પરમેષ્ઠિમાં **નમો દંસણસ્સ નમો નાણસ્સ** વગેરે કેમ ન લીધા ? તેનું કારણ એ છે કે જે મનુષ્ય ન સમજે તેને માટે અહીં સંબંધ ન હોય, ગમે તેવો ઉસ્તાદ હોય, તે ગધેડાને રાગ શી રીતે શીખવાડશે ? જેને વિચારવું નથી, સમજણ લેવી નથી, તેને તો દૂર રાખીએ, પણ જેને સમજણ લેવી હોય તેને 'નમો' એટલે શું? નમસ્કાર. નમસ્કાર યોગ્ય બીજાં પદો છોડીને અવ્યયમાં શા માટે ગયા ? 'નમો' ને બદલે 'નમ' બોલો તો 'નમો'ની જરૂર નથી, 'નમ' ક્રિયાપદ લીધું હોય તો છઠ્ઠી નહિ કરવી પડે, માટે એમ બોલોને ! તેમ (**નમ**) બોલ્યા તેથી કહેવું પડ્યું કે છઠ્ઠી વિભક્તિ થાય માટે. નમસ્કાર માટે જો 'નમ' ક્રિયાપદ લઈએ તો ચતુર્થી નહિ થાય. **દેવાન્** કરશો પણ **દેવેભ્યઃ** નહિ કરો. નમસ્કારવાચક જે અવ્યય લીધું તે દ્રવ્ય–ભાવના સંયોગને જણાવવા માટે છે. જેના અવગ્રહમાં રહીને તેની બરાબર થવાને વિયોગ, સંયોગપૂર્વક જે શાસ્ત્રોક્ત સામર્થ્યયોગ પામવાની ઇચ્છા તે ઇચ્છાયોગે નમસ્કાર કરવો છે. તે માટે 'નમો' પદ મૂક્યું, પૂજાઅર્થના 'નમસ્' યોગે ચતુર્થી લાવવી છે, તે જો ક્રિયાપદ મૂક્યું હોત તો ન આવત. અવ્યય છે માટે ચતુર્થી આવી છે. નામ ધાતુને પૂજા અર્થ હોય તો જ **ય** લગાડાય.

ગુણી જ સીધા લીધા

દશવૈકાલિકની ગાથા ઘણી જગ્યાએ બોલો છો **દેવાવિ તં નમંસંતિ** બોલો છો પણ **નમંતિ** કેમ નથી બોલતા ? તે બોલોને !

નમંસંતિ જે કહ્યું છે તે નામ ધાતુ લઈને કહ્યું છે. પૂજા અર્થ સિદ્ધ કરવો છે માટે **નમંસંતિ** કરવું પડ્યું.

જો એમ છે તો ધાતુ અને અવ્યયમાં ફેર શો ?

પૂજાના આ અર્થમાં આ અવ્યય છે. માટે પાંચ ગુણીને જ લેવા પડે. આથી અહીં ગુણી સીધા લીધા. જેઓની આરાધના, પૂજા, સેવા અને ભક્તિ હોઈ શકે છે માટે સીધા તે લીધા. ક્રમ જણાવવા, સત્કાર, સન્માનમાં ન લેતાં **પર્યુપાસ્યામિ** લખ્યું.

પર્યુપાસનાને લાયક ચીજ કઈ?

कल्लाणं मंगलं देवयं चेइयं પછી પજ્જુવાસામિ કેમ મૂકયું અને વંદન વગેરેમાં તે કેમ ન મૂકયા? તો વંદન વગેરે પર્યુપાસનાને લાયક ચીજ જ નથી, માટે મૂર્તિમાન ચીજોમાં પર્યુપાસના હોય. તમે વચનની આરાધના કહો તે ચતુસ્પર્શી માટે. તે મૂર્તિમાન ચીજ હોવી જોઇએ. તો વચન તેવું નથી. વકતાની આરાધના ખરી એ કહેવાય કે તેના વચન પ્રમાણે વર્તવું. રાજાની વફાદારી કઈ? તો તેમના હુકમ પ્રમાણે વર્તવું તે. હુકમ તો વિદ્યમાન ચીજ નથી પણ તેના હુકમ પ્રમાણે વર્તવું, તેના હુકમ પ્રમાણે પ્રવૃત્તિનિવૃત્તિ કરવી તેથી વફાદારી થાય, તેમ જિનેશ્વરનાં વચનો જે હેયને જણાવનારાં હોય તેને છાંડવા લાયક, ઉપાદેયને આદરવા લાયક, જ્ઞેય હોય તેને જાણવા લાયક માનીએ, જાણીએ તે માટે વચનની આરાધના છે. વચન અનંતી વખત સાંભળવાનું, જાણવાનું મળે છે પણ તેની આરાધના હેયાદિ કહ્યા તેને હેયાદિ માનવા, તે નથી મળ્યા તેથી વચનની આરાધના નથી મળી. વચન ન મળ્યું હોય તો સાધુપણું પાળ્યું કેવી રીતે? તે વખતે વચન મળ્યું પણ હેયાદિ વિભાગ માનવો નહોતો!

નકામો આડંબર નથી?

તીર્થંકર મહારાજે નવ તત્ત્વોનો નકામો આડંબર શા માટે કર્યો? જીવ, અજીવ બેને તત્ત્વ કહ્યાં હોય તો તે કેમ કહ્યાં? કારણ કે તે સિવાયની કોઈ ચીજ જ નથી, માટે બે તત્ત્વ કહીને બેસવું હતું ને?

આશ્રવાદિ તો તેના પેટાભેદો છે, તે સ્વતંત્ર, જુદાં નથી. જીવ, અજીવ સિવાય કંઈ નથી, કારણ કે એક કહે કે રૂપીઓ, બીજા કહે બે અડધા, ચાર પાવલી, સો પૈસા, આમાં નવું શું? તે તો પેટાભેદો છે! અહીં આગળ જીવ, અજીવ કહ્યા તેથી આશ્રવાદિમાં નવું શું? તેમાં જીવ, અજીવ, સિવાયનું તત્ત્વ છે? શા માટે બોલ્યા? તે વચન જિનેશ્વર શા માટે બોલ્યા?

આદરવાલાયકનું જ્ઞાન, છાંડવાલાયકનું જ્ઞાન, જાણુવાલાયકનું જ્ઞાન જાણુવા, છોડવા અને આદરવાલાયક થાય માટે બોલ્યા, જો જીવ અને અજીવ બે જ બોલે તો એ વિભાગ ન આવે.

ઘડામાં માટી મુખ્ય, બીજાં સહકારી


હેયાદિથી જે જ્ઞાન કરાવવું તે પ્રયોજન છે, તેથી જીવ. અજીવમાં બધું આવતું હતું છતાં જૂદું કહેવું પડયું તો વચનની આરાધના શામાં?

છાંડવાલાયકને છાંડવાલાયક માને. આદરવા લાયકને આદરવાલાયક માને અને જાણુવાલાયકને જાણુવાલાયક માને ત્યાં વચનની આરાધના છે. બધા મતવાળા જગતના પદાર્થોને કહેવા માડે છે પણ હેય, જ્ઞેય, અને ઉપાદેયરૂપે એકેમાં વિભાગ નથી; ગમે તે દર્શનવાળા હોય તેમાં તે વહેંચણ નથી. હીરા વેચનારા કાંકરા, વાલ ચણા ભેગાં કરીને ઝવેરી થઈને વેચવા બેસે તો તે કેવો ગણાય ? તેમ જેને હેયાદિના વિભાગો રાખ્યા નથી, ઘટના રાખી નથી અને વાત કરે તો તે કહેવાતા ઝવેરી જેવા ગણાય. જીવાદિ નવ તત્ત્વોને હેયાદિરૂપે પ્રતિપાદન કરનારાં વચનોને સાંભળીને હેયાદિકપણે પ્રતીતિ કરવી તેનું નામ વચનની આરાધના છે, અને તે દ્વારાએ જ ધર્મ છે.


તે શાથી ? સાધનોથી.

વચન એકલું છે કે જેથી એમ કહો છો ?

તો ના. જેમ ઘડો ચક્રથી થયો, કુંભારને હાથે થયો, પણ છે માટીનો ઘડો. તેમાં માટી મુખ્ય છે, તેમ અહીં ધર્મને અંગે વચનની આરાધના મુખ્ય, છે બીજાં સહકારી છે, તે હવે જણાવશે, તે અધિકાર અગ્રે વર્તમાન.



કરણ અને કારણ



આધિ, વ્યાધિ ને ઉપાધિમાં જબરજસ્ત કોણ ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન **શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં સર્વ આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરેલાં છે. તે આધિ, વ્યાધિ, ઉપાધિ કઈ ? જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ અને બધી જગતવ્યાપી ઉપાધિઓ છે, તેમાંથી કોઈ પણ સંસારી જીવ બાકી રહેતો નથી. તે 'ઉપાધિ' આધિ વ્યાધિ કરતાં પણ જબરજસ્ત અસર કરે છે. વ્યાધિ મનની વિહ્વલતા કરે પણ ખરી અને સહનશીલતાવાળો હોય તો ન પણ કરે. જેને ધૈર્ય, સ્થૈર્યની ખામી હોય તેને ચંચળતા થાય, પણ જેને સ્થૈર્યતાની પૂરેપૂરી સ્થિતિ આવી હોય તેને મરણાંત ઉપસર્ગો ચંચલ કરવા સમર્થ થતા નથી. જેની અસત્ કલ્પના કરીએ તો પણ આપણું કાળજું કામ ન કરી શકે.

કેવી અજબ સ્થિરતા !

દૃષ્ટાંત લો–**ગજસુકુમાલ** જંગલમાં કાઉસ્સગ્ગમાં રહ્યા છે. ત્યાં માથે માટીની પાળી બાંધી. અંગારા ખેરના તેમાં ભરાય છે : ઘાસના ભડકામા દાઝીએ તો કેમ થાય છે ? બેબાકળો થાય. ઘાસના તાપમાં ચમકનારા, તણખામાં ચમકનારા આપણે જો તે વિચાર કરીએ તો અંગારામાં આપણું શું થાય ? ઊના પાણીમાં આંગળી નાખીએ તો બૂમ નાખીએ તો દાઝયાને અંગે તો પૂછવું જ શું ! હવે પેલી દશાનો વિચાર કરો.

જે વખતે અંગારા ભરાયા તે વખતે આત્માનું શું થાય ? તે

આત્મા તે વખતે કેવી રીતે સ્થિર–રહ્યો હશે ?

નાનાં બચ્ચાંને પણ આગ ચમકાવનારી ચીજ છે, વાયરો નહિ ચમકાવે પણ આગ ચમકાવે. તેમાં પણ અંગારા ખેરના, તે પણ હાથેપગે નહિ પણ માથે ! આમાં સ્થિરતા રહે તેમ તમે કલ્પનામાં પણ કરો છો ! તેની કલ્પના પણ આવતી નથી. કલ્પનામાં કાળજું કંપે છે. જે ઉપસર્ગની કલ્પનામાં કાળજું કંપે છે તે સાક્ષાત્ થયે ત્યાં સ્થિર રહેવું, આગળ વધો–શુભ ધ્યાનમાં તેમાં જવું, આગળ વધો–શુકૂલ ધ્યાનમાં જવું, તેની (ઉપસર્ગની) કલ્પનાને અવકાશ આવવા ન દેવો, કેવી મનની સ્થિરતા !

બાહ્ય દુઃખોના ઉપાય તે તો બહારનો રૂઝ

જે ચિત્તનો સ્થિર અધ્યવસાય તે ધ્યાન, જે ચલાયમાન વિચારોનું સ્થાન તે પણ ચિત્ત કહેવાય. જે ધ્યાન તે પણ તેવું જ. જ્યાં મનની સ્થિરતા મુશ્કેલ છે ત્યાં ધ્યાન છે તે જગ્યાએ. શાને અંગે ? એવી જાતનું સ્થૈર્ય અને ધૈર્યને અંગે. આવા ધૈર્ય અને સ્થૈર્યવાળાને આધિ, વ્યાધિ ચિંતા નહિ કરાવે. ઉપાધિ એ એવી વિચિત્ર છે કે મનને ફેરવ્યા વિના રહે જ નહિ. આધિ, વ્યાધિ અને ઉપાધિ નો રોગ જગતમાં લાગુ પડેલો છે. મનુષ્ય રોગ ન જાણે ત્યાં સુધી દવા માટે તૈયાર ન થાય, રોગ–દર્દને સમજે ત્યારે મનુષ્ય દવા માટે તૈયાર થાય, ડૉકટરો પણ દર્દ ન જણાય તો છેટા રહે છે. દર્દનું જ્ઞાન ન થાય તો ખરેખર દવા ન થાય; પણ દવા થાય કયારે ? તો વ્યાધિનું ભાન થાય ત્યારે.

આ જીવ જે દુઃખો ને સુખો અનાદિથી ભોગવે છે, જન્મ, મરણ, રોગ, શોક, જરા, આધિ, વ્યાધિ અને ઉપાધિ વગેરે ડગલે ને પગલે ભોગવે છે પણ તેનું કારણ એ છે કે તેનું મૂળ જાણ્યું નથી. મૂળ જાણવામાં ન આવે ત્યાં સુધી વ્યાધિનું ઔષધ થાય નહિ. અને દર્દ મટે નહીં માટે આપણે વૈદ્ય જોઈ એ. વૈદ્ય કયો જોઈએ ? તો કે ઉપચાર અને દર્દનું જે નિદાન જાણે તે વૈદ્ય જોઈએ. કયા કારણથી દર્દ થયું, તે જાણ્યા વગર દર્દની દવા કરવામાં આવે તો અંદર

પાકતું રહે અને ઉપર ચામડી આવે તેવી દવાને અક્કલ વગરનો સારી ગણે, પણ અકકલવાળો સારી ન ગણે, માટે બાહ્ય દુઃખોના ઉપાય કરવા તે બહારની રૂઝ.

આધિ અને વ્યાધિ તે તો કર્મના કાંટાઓ

એક ગૃહસ્થને ત્યાં બાવળીઓ હતો. આંગણે એક ભાઈને કાંટો વાગ્યો તેણે પથરાથી કાંટાનો ચૂરો કર્યો. તે પણ કરચની કણ કરતાં નાનો તેમાં થયું શું ? કાંટા વાગતા બંધ થયા ? ના કારણકે બાવળીઓ દૂર થયા વગર કાંટા વાગતા બંધ થવાના નહિ. જે આધિ-વ્યાધિ તે કર્મના કાંટાઓ, છે; તેથી કર્મરૂપી ઝાડ ઉખેડાય નહિ. ત્યાં સુધી કાંટારૂપી આધિ, વ્યાધિ બંધ થાય નહિ. આવેલી વ્યાધિ રોગના ઉપાયો કરો, પણ જડ ન જાય તો તે ઊભા છે. અહીં આગળ એક રોગ ગયો, બીજો રોગ આવ્યો. તેની દવા કરી. આધિ અને વ્યાધિની દવા કરી પણ મૂળ ન ખસ્યું તો ભવિષ્ય માટે બંધ થાય જ નહિ. ભવિષ્ય માટે બંધ ક્યારે થાય ? જ્યારે તેનું નિદાન સમજીએ, કારણો સમજીએ, કારણો અને નિદાનને સમજીને દવા કરીએ તો સફળ, નહીંતર અંદર પાક અને ઉપર રૂઝ:

મૂળમાં જોવાની જરૂર

અહીં આગળ પણ આપણને આવી પડતાં દુઃખોનો ઉપાય કરીએ. તાવ, ઝાડા વગેરેનો ઉપાય કરીએ, પણ તેની જડ તપાસી નહિ. કારણ ન જણાય અને તે ખસેડાય નહિ ત્યાં સુધી કાર્યને ખસેડાય નહિ. જ્યાં સુધી બાવળીઓ ખસ્યો નથી ત્યાં સુધી કાંટા દૂર થાય નહિ. તેમ અહીં આગળ આધિ અને વ્યાધિનાં કારણો નાશ કરવામાં ન આવે ત્યાંસુધી દુઃખનો નાશ કરવા માટે ગમે તેટલા ઉપાય કરો તો પણ ભવિષ્યના દુઃખોનો નાશ થાય નહિ. વર્તમાન દુઃખોનો નાશ થાય તે બહેત્તર.

બાહ્ય ઉપચારો તે કર્મના વાયદા

પ્રાચીનકાળના રાજાઓ મહેતલ માંગે નહિ. વાયદો કોણ કરે ?

લેણદાર લેવા આવ્યો હોય, ત્યારે કહે : કાલ–પરમ દહાડે આપશું ? તે વાયદો કોણ કરે ? તો જેની કોથળીમાં કાણું હોય તે. ભરેલી હોય તે વાયદો ન કરે. આપણે દરેક રોગનો ઉપાય કરી લીધો અને વાયદો કર્યો પણ રોગ મટયો નથી. અત્યારે લગીર બંધ કર્યો, પણ ભવિષ્યમાં તે આવવાનો કારણ કે જ્યાં સુધી તમારી અસાતાની વ્યાધિરૂપ જડ ખસેડી નથી, ત્યાં સુધી તમારી દવા-ઉપાયોથી ખસેલું દર્દ-દુઃખ તે હંમેશ માટે ખસેડેલું સમજવું નહિ. જગતના જે બાહ્ય ઉપચારો તે કર્મના વાયદા જેવા છે, એટલે કે મહાપુરુષો કર્મનો વાયદો ન કરે, તે તો ઉદીરણા કરીને વેદે. જેમ આગળનું ન પાકતું હોય તો વ્યાજ કાપીને પતાવી દે. કેટલાક વાયદો કરે અને કેટલાકો કહેવડાવીને દઈ દે. પ્રાચીન પુરુષો કહેવડાવીને દઈ દેનારા હતા.

પૂંજણી નહિ પણ સાવરણીનું કામ

ભગવાન મહાવીર મહારાજે કહેવડાવીને દઈ દીધું : 'અરે વેદનીય ! તારૂં લેણું લઈ લે, આગળ હું મોક્ષમાં જવાનો છું. તારે લઈ લેવું હોય તે લઈ લે. અનાર્યના દેશમાં જાણી જોઈને તે ભગવાન ગયા. જ્યાં આવા પરિષહો, ઉપસર્ગો, વળી પેલા હિંસાકારી તેમને કૂતરા કરડાવે. આર્ય લોકો ભિખારીને આપવાનું હોય તો આપે, નહિ તો બારણું બંધ કરે, પણ પેલા અનાર્ય તો ભગવાનને મારે. તેવી જગ્યાએ ભગવાન ગયા. તેને માટે એક ખેડૂતનું દૃષ્ટાંત લે છે. એક ખેડૂત છે. તે થોડું વાવેતર હોય તો પોતાના હાથે કાપીને ઘરભેગું કરે. પોતાનાથી અને કુટુંબથી પહોંચાય નહિ તો મજૂરો લાવીને પોતાનું ખેતર સાફ કરાવે. તેમ 'અહીં, મારે અહીંના કોઈ પણ સંયોગે મારાં કર્મો શાંત (પૂરા) થાય તેમ નથી. અહીં આગળ મારા'ભાની (બાપની) છાયા પડી છે. પણ જ્યાં કોઈ જાણે નહિ, એક દયાપાત્ર તરીકે ઓળખે, તેવી જગ્યા પર જવા દે. વિચારો, જાણીજોઈને આવા અનાર્યદેશમાં જનારા મહાવીર અને તેના આપણે અનુયાયી ! લગીર ખીલી વાગે તો આપણે સત્તર લેપ કરીએ. આંખે જરાક ખટકો થાય તો અઢાર વખત આંખો આંજીએ. જેઓ કર્મને નોતરાં દઈને તેનું લેણું પતાવતા હતા.

તે વિચારો. આ શાને અંગે? તો કર્મનો કચરો આવરણી વગર સાફ થવાનો નથી, પૂંજણીથી કામ નથી થવાનું.

તેમ અહીં આગળ પોતે સમજે કે આ આત્મામાં એવાં ચીકણાં કર્મ લાગેલાં છે કે જેનો ક્ષય આ દેશમાં થવાનો નથી પણ ત્યાં થશે. તેમ વિચારીને ભગવાન અનાર્ય દેશમાં ગયા.

તપસ્યાને ઉડાડવાનું જૂઠ્ઠાણું

આવી ભગવાનની તપસ્યા અને અભિગ્રહોને દેખીને ધ્રૂજી જવાય તો તે કરવાની કલ્પના કયાં રહી? અરે! સાંભળે તો પણ અરર થાય. જેને કરતાં દેખીને, જેનું વર્તન દેખી કાયરો કંપી ઉઠે. જે તેમાંથી ખસ્યા અને માર્ગ છોડયો, તે કર્મભેત્તા (કર્મ ભેદનારા) કહેવાય નહિ. માર્ગ પાલવે નહિ, પણ કર્મ કબૂલ, પરંતુ આ કર્મક્ષયનો રસ્તો નથી તપસ્યા. પરિષહ અને ઉપસર્ગ. એ બધાં તે કર્મક્ષયના રસ્તા નહિ. દુષ્કરચર્યા તે સાંભળી કે દેખી, તે સહન થઈ શકે તેવી ન હતી, એટલે આપણે સાંભળીએ છીએ કે શિયાળે દ્રાક્ષને માટે ફાળ મારી. દ્રાક્ષ ન મળી એકલે દ્રાક્ષને ખાટી કહીને શિયાળ પાછો ફર્યો.

દુનિયામાં માર્ગથી ખસેલાને પોતાનું દૂષણ દેખાય નહિ, પણ તે બીજાનું દૂષણ દર્શાવે. તે દુષ્કરચર્યા કલ્પી પણ ન શકે, જે ભગજને સ્થિર ન રાખે તે દેખી પણ ન શકે અને કરવાનો સંકલ્પ પણ ન કરી શકે, તેમાં વાંક કોનો? હવેના કાળની દુનિયા માને નહિ. કહેવા માત્રથી માનતા નથી, તેને તો દલીલ આપો તો માને. દલીલ ન હોય તો તેઓ માનવા તૈયાર નથી, માટે દલીલ કઇ કરવી? આ તપસ્યા, પરિષહ અને ઉપસર્ગ સહન ગમતું નથી, કરવું નથી, તેને ખરાબ બતાવવી તે કઈ રીતે બતાવવું? હંમેશાં જૂઠ્ઠી વસ્તુને યુક્તિમાં લાવવા માટે જૂઠ્ઠાણાં ઊભાં કરવાં પડે. એક જૂઠ્ઠાને સાબિત કરવાં ચૌદ જૂઠ્ઠાં ઊભાં કરવાં પડે તેમ તપસ્યાને ઉડાડવાનું જૂઠ્ઠાણું ઊભું કર્યું,

જન્મે પાપી પણ પાપની કબૂલાત નહિ

તમને આ તપસ્યાદિ કરવાનું કહ્યું કોને?

તીર્થંકરે.

શા માટે ?

પાપના ક્ષય માટે.

હવે વાત પલટાવી અને કહ્યું કે તમે બધા પાપી જન્મ્યા છો કે બીજું કંઈ? જિનેશ્વરોના જેટલા ભક્તો જે પાપી હોય તે જ જન્મે. 'તપસ્યા પાપના ક્ષય માટે જિનેશ્વરે કહી. તેને ઉથલાવીને પેલાએ કહી દીધું કે, તીર્થંકરના ભગત જેટલા થાય તે પાપી હોય. પાપી ન હોય તો તપસ્યાની જરુર શી ?' આંખની પીડા ભોગવીએ પણ તે દેખાય નહિ, આંખે ફૂલું આવે તે આપણને દેખાય છે ? તને તે દેખાયું કે તારામાં રહેલું બીજાએ દેખ્યું ? તને કેવળજ્ઞાન છે કે તેં તે દેખ્યું કે કેવળજ્ઞાન વગરના બીજાએ દેખ્યું ? કારણકે બીજા અવીતરાગ જન્મ્યા છે તે અવીતરાગ, તે કેવળજ્ઞાન વગરના શાથી છે તે કહીશ ! પુણ્ય કે પાપના ઉદયે. ત્યારે પાપથી જન્મે અને પાપની કબૂલાત ન કરે એમ ને ?'

'માનતા નથી' તે બચાવ નહિ

અહીં આગળ જન્મે અવીતરાગ. કોઇ દિવસ કોઈ પણ જન્મથી વીતરાગ હોય નહિ. જો જન્મથી વીતરાગ હોય નહિ તો પછી જન્મથી સર્વજ્ઞ હોય કયાંથી ? જો સર્વજ્ઞ નથી તો પાપનો ઉદય છે, છે ને છે. તારે તે પાપનો ઉદય કબૂલ કરવો નથી. જેમ ગૂનેગારો ગૂનાની કબૂલાત નથી કરતા તેથી શું જજ તેમને સજા કરતા નથી ? પાપીઓ પાપની કબૂલાત ન કરે, અને 'પાપ, કર્મ કે જીવ માનતા નથી' તેમ કહી દે, તો તેથી પાપ ચાલી જતું નથી. તારા નહિ માનવાથી વસ્તુ ચાલી જતી નથી, તારા શરીરમાં દર્દ આવશે, તે નથી તે માની લે ને ? તો ત્યાં ના. તે તો આકરૂં પડે છે. તે નહિ માન્યું કેમ ચાલે ? તેમ કર્મ, પાપ, જીવ કે નરકને તમારા ભક્તો માનનારા નહિ માનવા માત્રથી તેનાથી બચી જતા નથી.

જિનેશ્વરનાં વચનો એ ઉપાધિનું ઔષધ

તીર્થંકરોના ભક્તો પાપી જન્મ્યાં અને તારા પાપી નથી.

જન્મેલાં, એમને ? તારા બધા ભક્તો અષ્ટ કર્મથી નિર્લેપ છે એમ ને? તારે પાપ માટે કર્મનાં ક્ષયનો રસ્તો લેવો નથી. અમારે કર્મક્ષયનો રસ્તો લેવો છે. આટલા માટે જ ભગવાન **મહાવીર** મહારાજને કર્મની **ઉદીરણા** કરવી પડી, [1]'મારે જે ઉપસર્ગો ત્યાં (લાઢ દેશમાં) છે તે અહીં નથી. માટે મારે ત્યાં જવું. વળી તેમાં મજૂરનું દૃષ્ટાંત પણ લીધું. કાપણીવાળા કણબીને જો પોતાનો પાક પોતાનાથી ન લણાય તો મજૂરો રાખીને કપાવી લે, તેમ હું 'મારે અહીં તેવાં કર્મનો ક્ષય થાય તેમ નથી, માટે અનાર્ય દેશમાં જઈ ને હું કર્મો ખપાવું.'

જે ધૈર્યવાળા, સ્થૈર્યવાળા છે તેને થયેલાં દર્દો, વ્યાધિઓ ચંચળતા કરનારાં થતા નથી; પણ ઉપાધિ તે વિચિત્ર ચીજ છે તેમાં ચંચળતાને સ્થાને સ્થાને અવકાશ છે.

વ્યાધિનાં અને દર્દોનાં ઔષધો ચૈદકમાં છે પણ ઉપાધિનાં ઔષધો ચૈદકમાં નથી. **માત્ર જિનેશ્વર ભગવાનના વચન સિવાય ઉપાધિનું ઔષધ નથી.** માનસિક રોગની દવા કોઈ પણ ન હોય. **આર્ત્ત અને રૌદ્રધ્યાન બંધ કરવાની અને ધર્મ અને શુક્લધ્યાનને વધારનારી દવા જિનેશ્વરનાં વચનો છે, માટે મોક્ષનાં કારણ તરીકે વચન એ ધર્મ છે.**

પહેલો પાયો તે તો વચન

શુક્લધ્યાન અને ધર્મધ્યાન, તેમાં ધર્મધ્યાનમાં પહેલો પાયો વચનનો વિશ્વાસ–**આજ્ઞાવિચય.** જિનેશ્વરે જે પ્રમાણે નિરૂપણ કર્યાં, છ દ્રવ્ય. ધર્માસ્તિકાય, બંધ, ઉદય વગેરે નિરૂપણ કર્યાં તે પ્રમાણે માનવું. નિશ્ચય કરવો આમ જ છે ત્યારે તે આજ્ઞાવિચય. ધર્મધ્યાન વગેરે બોલીએ પણ તે ધર્મધ્યાન કોને કહેવાય? ધ્યાન એ ક્રિયાની કે મનની ચીજ છે ? તે ચીજ કોની ? મનપૂર્વક ક્રિયા હોય તો

---

૧. लाढेसु य उवसग्गा घोरा० (आव० नि० ४८२); ततो सामी चिंतेइ बहुं कम्मं निज्जरेयव्वं, लाढाविसयं वच्चामि, ते जणारिया, तत्थ निज्जरेमि, तत्थ भगवं अच्छारियादिट्ठतं हियए करेइ(टी० पृ० २०६)

ધ્યાનમાં લેવાય. પણ મન વગરનું નહિ. તે અંગે શું ધ્યાન ? "દરેક જગ્યાએ દરેક જિનેશ્વરોએ કહેલું છે તે સાચું છે. માટે તે હું માનું છું," આનું નામ આજ્ઞાવિચય.

આ વાત આગળ જણાવી હતી કે–**નમો અરિહંતાણં** ને ગણનારાનાં નરકનાં આટલાં સાગરોપમ તૂટે. તેમાં તું ચમકે છે પણ **નમો અરિહંતાણ** તે કોનું કહેલું બોલ્યો ? તે નૂરીઆજમાલિયાનું કહેલું છે ? તો ના. ત્યારે તે જિનેશ્વરનું કહેલું છે. કર્મની દવા તરીકે **નમો અરિહંતાણ** કહ્યું છે. તે દવા મન વગર કરી. તમારા છોકરાને દવા કરો, તે છોકરો દવા અને પરેજીમાં સમજે છે ? તો ના. તો ગુણ થાય છે કે કેમ ? જેમ રોગની દવા અણસમજમાં ફાયદો કરનારી થાય છે, તેમ જિનેશ્વર ભગવાને નિરૂપણ કરેલું શાસન, શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મમાં સામાન્ય રીતે પ્રવર્તો તો પણ તમને ફાયદો થાય, થાય ને થાય. અજાણપણે ગોળી આપે તો તે દર્દ મટાડનાર થાય.

નમો અરિહંતાણં કહેલું કોને ? અરિહંતે. તે કલ્યાણ માટે કહ્યું છે તેથી જિનેશ્વરના કહેલામાં કલ્યાણની શ્રદ્ધા થઈ. આમાં આટલું બધું ફળ. આમાં ઊંડાણ કેટલું છે તે વિચાર ! 'આ કર્મને કાઢવા લાયક આ જ તેનું ઔષધ, એ નિશ્ચયપૂર્વક તે ગણવામાં આવે તો તેનું ફળ જૂદું આવે. અજાણપણે મળેલું રત્ન તે દરિદ્રતાના રોગને દૂર કરે, પણ ગુણો જાણ્યા પછી તેનો ફાયદો કોઈ જૂદો જ થાય. અહીં આગળ **નમો અરિહંતાણં** રત્ન જે અજાણપણે આવેલું તે ફાયદો કરે પણ જાણ્યા પછી કાંઇ જૂદા જ પ્રકારનો આત્માને ફાયદો કરે.

કોનો અજબ પ્રભાવ ?

સુદર્શન શેઠની વાતથી કોઈ અજાણ્યો નથી. એ કોટી કોના પ્રભાવથી! **નમો અરિહંતાણ** પદના પ્રભાવથી. પહેલા ભવમાં ગોવાળિયો છે. ઘરે આવતાં નદીમાં તે તણાયો. ત્યાં માત્ર સાધુના પરિચયે નવકાર શીખ્યો ત્યાં ખીલો વાગે છે, મરણદશા વખતે **નમો અરિહંતાણ**

કહે છે, તેના પ્રભાવે મરીને સુદર્શન શેઠ થાય છે, ફળની દશા કયાં આવી ? સુદર્શનપણામાં. આ પ્રભાવ જાણે તો માલુમ પડે. ઘરમાં આવેલું શુકનવાળું મોતી કે રત્ન ઘરમાં ફાયદો કરે છે. તેનો ગુણ, કલા જાણતા હોઇએ તો ફાયદો વિચિત્ર થાય એ જૂદી વાત. આ **નમો અરિહંતાણં** આવ્યા માત્રથી ફાયદો કરે, માટે તેને 'વિષય શુદ્ધ અનુષ્ઠાન' કહે છે. એ વાત વિચારીએ તો નવકારમાં એક પદ બોલ્યા તેમાં આટલા સાગરોપમ તૂટી ગયા. આ વિચારે. જો વિચાર કરે કે સારાં લક્ષણવાળાં રત્ન, ઘોડા વગેરે ઘરમાં આવે તો ફાયદો કેટલો બધો થાય છે ? તેમ અહીં **નમો અરિહંતાણં** આવે તો ફાયદો કરે તેમાં નવાઇ શું ? આટલા માટે અહીં સુદર્શન શેઠનું દૃષ્ટાંત જણાવ્યું.

ધર્મધ્યાનનું પહેલું પગથિયું તે આજ્ઞાવિચય

કર્મને હઠાવવાનું કોને કહ્યું ? તેને હઠાવવામાં કયાં સાધનો કહ્યાં? તે ધ્યાનમાં લો તો તમને ધર્મધ્યાનનું પહેલું પગથિયું મળ્યું. ભગવાનની આજ્ઞાનો વિચય તે આજ્ઞાવિચય. કર્મ બંધાવાનું, રોકાવાનું અને તૂટવાનું જે સ્વરૂપ કહ્યું તે ઉપરની શ્રદ્ધા તે આજ્ઞાવિચય. તેની પહેલાં જરૂર છે. તેથી તે પહેલો પાયો કહેવાય.

મોક્ષના પાયા બે; ધર્મ અને શુકૂલ.

આર્ત્ત ને રૌદ્ર સંસારના પાયા.

માટે ધર્મ અને શુકૂલધ્યાન મોક્ષનો હેતુ છે. તેમાં મૂલ કોણ ?

ધર્મધ્યાન.

તેમાં પહેલો પાયો કોણ ?

આજ્ઞાવિચય.

તેનું નામ તીર્થંકરના વચનનો નિશ્ચય.

'**वचनाराधनया खलु**'–વચનની આરાધનાએ આજ્ઞાન આરાધના. એ આરાધનાથી મનની સ્થિરતા અને મનની સ્થિરતા દ્વારા ધર્મ થઈ શકે. આ વાત ખરી પણ તમે તો બધા કેવળીને ધર્મરહિત

કરી નાખ્યા. નિસર્ગ સમકિત જેવી જ ન રાખી. શું કેવળી શાસ્ત્રમાં આમ લખ્યું છે તેથી મારે આમ કરવું તેમ માને છે? જો તેઓ તેમ નથી માનતા તો તેમને ધર્મ નહિ? તે દ્વેશોના ક્રોડ પૂર્વ સુધી વળી રહે છે ત્યાં ધર્મ નહિ? નિસર્ગ, અધિગમ સમ્યક્ત્વ છે. તેમાં અધિગમ સમ્યક્ત્વ તે વચન-ઉપદેશ દ્વારાએ છે. નિસર્ગ પોતાના સ્વભાવે, તો નિસર્ગ સમ્યક્ત્વવાળા બધાને ધર્મ વગરના ગણ્યા? હું કોને કહું છું તેનો ખ્યાલ ન કરે તો તને શું કહેવું? શ્રોતાઓને ઉપદેશને અંગે આ કહેવામાં આવે છે કે શ્રોતાઓને વચનની આરાધના દ્વારા ધર્મ છે. નિસર્ગ સમ્યક્ત્વવાળી અને કેવળી તે શ્રોતામાં નથી. **उद्देसो पासगस्स नत्थिं** નિસર્ગ સ્વાભાવિક છે તે ઉપદેશથી થાય જ નહિ. આ શ્રોતાને અંગે લક્ષણ છે, જે શ્રોતા ન હોય, કેવળી કે નિસર્ગ સમ્યક્ત્વવાળા માટે આ લક્ષણ નથી. અધિગમ સમ્યક્ત્વવાળા માટે આ લક્ષણ છે.

વચનની આરાધના વગર તરાય નહિ

અહીં અવ્યાપ્તિ થતી નથી. સિદ્ધમાં વચનની સ્થિતિ જોઇને પ્રવર્તાવાનું નથી. વચનની આરાધનાથી ધર્મ છે, તેવો ધર્મ ક્યાં માનીએ છીએ? ધર્મ શા માટે છે? રસોઈ થયા પછી ચૂલો સળગાવે તો તે કુવડ કહેવાય. અહીં સિદ્ધ થઈ ગયા, તેમને દુર્ગતિનો ભય નથી ત્યાં ધર્મની જરૂર શી? નિસર્ગ સમકિત અને કેવળી તે શ્રોતાની પર્ષદમાં નથી. તેથી અવ્યાપ્તિ નથી. શ્રોતાને અંગે વચનની આરાધના છે. તેને અંગે ધર્મધ્યાનનો પહેલો પાયો **આજ્ઞાવિચય.** ૧

વચનના નિશ્ચયના આધારે વચનની આરાધનાવાળા તર્યા. તે વગરના ડૂબ્યા. આ નિશ્ચય કે કોઇપણ વચનની આરાધના વગર તરી શકતો નથી માટે **અપાયવિચય** ૨

આજ્ઞાને નહિ માનનારા તે ચારે ગતિનાં દુઃખો ભોગવે માટે **વિપાકવિચય** ૩

કર્મ એવાં બાંધે કે તેથી દુઃખો ભોગવવાં પડે, તે ભોગવવા આખા ચૌદ રાજલોકમાં ફરે માટે **સંસ્થાન વિચય** ૪.

જેને આજ્ઞા માની ન હોય તે બધે દુઃખી થાય. આજ્ઞા માનનારો તે સુખ પામનારો થાય; અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય તે આજ્ઞાવિચય ઉપર આધાર રાખે, માટે તે પહેલો પાયો. તેને ધ્યાનમા રાખીને વચનની આરાધના છે.

કરણ અને કારણમાં તફાવત

સેવાભક્તિ કોની થાય? અષ્ટસ્પર્શી દેખાતી ચીજ હોય તેની. ચઉસ્પર્શી દેખાતી નથી. જેને અડકી શકતા નથી તેની સેવાભક્તિ શું? વચન ચઉસ્પર્શી ચીજ, તેની આરાધના, તેની સેવાભક્તિ કઈ રીતે થાય? વાત તો ખરી, માટે વચનની આરાધના કઈ? આરાધના કઈ રીતે? **તદુક્તે:** તેમાં જે કહેલું અનુષ્ઠાન-વિચય તે પ્રમાણે વર્તવું તે વચનની આરાધના. તે માટે **વચનારાધનયા૦** જિનેશ્વરના શાસનમાં જે પ્રમાણે વર્તવાનું કહેવામાં આવ્યું છે તે પ્રમાણે વર્તે તો ધર્મ થાય દાનાદિ વગેરે ધર્મ છે તે નકામાં અને વચન પ્રમાણે વર્તવું તે ધર્મને? તારી વાત ખરી. અહીં કરણપણું જણાવ્યું તેથી બીજાનું કારણપણું જતું નથી.

કરણ કોને કહેવું; કારણ કોને કહેવું તે જણાવશે તે અગ્રે વર્તમાન.






પર પ્રાણની પીડાના રક્ષણ માટે બોલાતું જૂઠું જૂઠું તે જૂઠું નથી પણ સત્ય છે.



દર્શનમોહ નામનું કર્મરૂપી કાળકૂટ ઝેર પીધેલા આત્મા હિતમાર્ગ દેખી શકતો નથી.



વ્યા ખ્યા ન

જીવન અને જીત

૨૩

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન શ્રીમાન્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** નામના પ્રકરણને રચતાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં શરીરના વ્યાધિનું ઔષધ કરનારે પહેલાં નિદાન તપાસવું જોઈએ, દવા અને દર્દ તપાસવાં જોઇએ. જે વૈદ્ય દવા, દર્દ અને નિદાનને તપાસી ન શકે, જાણી ન શકે, છતાં દવા આપીને કોઈ જુવાન સમજૂને ફાયદો કરી આપે તોપણ કાયદાની દૃષ્ટિએ તેને 'ગૂનેગાર' ગણવામાં આવે છે.

દર્દ મટાડે છતાં ગૂનેગાર !

જૂના કાળમાં એક સાહેબને જબરજસ્ત દર્દ થયું ડોકટરોને ભેગા કર્યા, ફાયદો ન થયો. ત્યારે એક વૈદ્ય સારો છે એમ સાંભળી તેને બોલાવ્યો, તેનાથી એને ફાયદો થયો. તેથી એણે એને શિરપાવ આપ્યો, અને કહ્યું કે જે શાસ્ત્રથી દર્દ, નિદાન વગેરે પારખ્યું હોય તે શાસ્ત્ર મને આપો તો જગતના કલ્યાણ માટે બહાર મૂકું અને તે જગતને ફાયદો કરે. એમ સાહેબે જ્યારે કહ્યું, ત્યારે પેલાએ કહ્યું કે–નથી જાણતો તે શાસ્ત્ર, નથી જાણતો તે દવા, પણ આ દવા હાથમાં લીધી છે માટે દઉં છું.

સાહેબે કહ્યું કે તેં મને ઉપકાર કર્યો તેથી શું કરૂં ? પણ ખરી રીતે તો તું 'ગૂનેગાર' તરીકે ગણાય, કારણ કે જેને તેને જે તે દેવું તે તારો ધંધો. મારૂં દર્દ, તેનું નિદાન, દવા વગેરે જાણ્યાં નથી અને જે તે ઘસીને દેવું કે જેથી કંઈ થશે તો ઠીક છે. મને ફાયદો થયો, પણ કોઈનું આખું જીવન ચાલ્યું જાય તેની તને દરકાર નહિ. એ દવા ફાયદો કે નુકશાન શું કરે છે તે તું જાણતો

નથી ને દવા આપે છે. ખરેખર જો ઉપકાર ન કર્યો હોત તો તને સળિયા પાછળ મોકલત.

કહેવાનું તત્ત્વ એ છે કે નિદાન, દર્દ અને દવાને ન જાણે તેને વૈદું કરવાનો હક્ક નથી. તેવો માણસ એક વખત દર્દ મટાડે તોપણ નીતિની અપેક્ષાએ તે ગુનેગાર થાય.

તેણે તો આંધળાની માફક પથ્થર માર્યો, આંધળાનો પથ્થર ભલે ગોખલામાં પડ્યો, પણ તેથી કોઈ તેને તાકોડિયો ન ગણે, તેમ જેને દર્દ, નિદાન, તથા દવાની સમજણ નથી તે શારીરિક દવા માટે લાયક નથી. તો પછી આપણે તો આત્માની દવા કરવા તૈયાર થયા છીએ, તો તેના માટે લાયક કોણ?

મડદાના અને જીવતાના શણગારમાં ફરક

શારીરિક દવા એટલે શરીરનું શણગારવું. મડદાને શણગારો અને જીવતાને શણગારો તે બેમાં ફરક કયો? જીવતાનું શરીર શણગારવું તે જીવનને અંગે ઉપયોગી. મડદા અંગે શરીર શણગારવું તે કુળની લજ્જાને અંગે. આપણું ખરાબ ન દેખાય તે અંગે. તેમાં જીવનની શોભાનું તત્ત્વ નથી. તેમ અહીં આગળ આપણે અનાદિ કાળથી જીવનનાં સાધનોને શણગારતા રહ્યા પણ આખા જીવનને કોઈ પણ દહાડો શણગાર્યું?

દસ પ્રાણમાંથી કોઈને ગડબડ હોય તો તેને સાચવી લઈએ. શ્રોત્ર, ઘ્રાણ, ચક્ષુ, રસના, સ્પર્શન, ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોચ્છવાસ, અને આયુષ્યને પોષણ આપીને સાચવ્યાં. તે બધું શું? જેમ દુનિયામાં જીવ વગરનું મડદું તેમ અહીં ભાવપ્રાણ તરફ લક્ષ્ય દીધા સિવાય દ્રવ્યપ્રાણનું જે સાચવવું તે મડદાની શોભા. આપણે દસને, કુટુંબને છોડીએ. બધું ધારણ, રક્ષણ કરેલું તેનું ફળ પાણીમાં જાય. મડદાના શણગારનો છેડો ચિતામાં બળે ત્યાં હોય અને જીવતાના શણગારનો છેડો ઘરમાં હોય; તેમ આ જીવે પણ ભવોભવ આ દસ પ્રાણોને ધારણ કર્યાં–પોષ્યાં–ટકાવ્યાં–બધું કર્યું, પરંતુ આયુષ્યના છેડે બધાનો છેડો.

ખરેખર ટકે ને જીવનની જોડે આવે તેવી વસ્તુ કઈ? તેનો વિચાર કોઇ ભવમાં કર્યો નથી. એકેન્દ્રિયમાં હતા ત્યારે જીવવાનો કે મરવાનો વિચાર નહિ. કર્મના ઉદયે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુપણે તેનાં કારણ મળ્યાં એટલે તે થયાં. કારણ રહ્યાં ત્યાં સુધી જીવ્યા અને કારણનો વિયોગ થયો એટલે મર્યા. મરણ કેમ આવે છે, કેમ થાય છે તેનો વિચાર કંઈ છે?

એકેન્દ્રિય આદિમાં શું?

અનંતા પુદ્‌ગલ સુધી એકેન્દ્રિયમાં હતા. તે વખતે જીવવું અને મરવું, તેનાં કારણો મેળવવાં, તે વગેરેમાંથી કંઈ પણ નહિ. તે કયાં સુધી? તે અનંતો કાળ. અનંતો કાળ કહી દઈએ પણ તેનાં ઊંડાણમાં ઉતરીએ તો જેમ જગત્ શબ્દ કહીએ, પણ જગત્ એટલે શું? લોક, અલોક, 'તેના જેટલા પદાર્થો' અલોકની જે સ્થિતિ, તે બધાનો ખ્યાલ આવે ત્યારે જગત્ શબ્દ બોલાયો ગણાય. નથી રૂપી અરૂપીનો ખ્યાલ, નથી જીવ–અજીવનો ખ્યાલ, નથી કર્તા, અકર્તાનો ખ્યાલ.

કેટલાક સામાન્ય શબ્દો તેનું સ્વરૂપ જાણ્યા વગર બોલવામાં આવે, તેમ અહીં અનાદિ કાળ વગેરે બોલીએ છીએ. તેમના ઊંડાણમાં ઊતરીએ તો એક પુદ્‌ગલપરાવર્ત કેમ થાય તે વિચારો. પછી અનંતાની વાત કરો. સો એટલે સોએક. હજાર એટલે હજારએક. અસંખ્યાત એટલે અસંખ્યાતા એક. અર્થાત અસંખ્યાત એકને છોડીને અસંખ્યાત નથી. નિર્યુક્તિકાર મહારાજા **ભદ્રબાહુસ્વામીજીએ** ચાઉરંગીની નિરૂપણાના ચારના નિક્ષેપમા ચારને બદલે એકનો નિક્ષેપો કર્યો (**ઉ૦ નિ૦ ગા૦ ૧૪૧**). **દશવૈકાલિકમાં** દસને બદલે એકનો નિક્ષેપો કર્યો (**દ૦ નિ૦ ગા૦ ૮**).

કાળ અનંતો ખરો કે નહિ?

દસ, ચાર, છ એટલે શું? છ એકડાનું નામ છ, ચાર એકડાનું નામ ચાર, દસ એકડાનું નામ દશ. તેમ અનંતા પુદ્‌ગલપરાવર્ત એટલે એક એક કરતાં અનંતા. એ એક ખુલાસો થયો. અનંતા તેનો છેડો

કેમ આવ્યો ? છેડો આવ્યો તો અનંતા કહેવાય કેમ ? વાત ખરી. જો અનંતાનું સ્વરૂપ સમજશો તો આ માલુમ પડશે કે અનંતા કાળે એક એક થાય, દરેક મતવાળા બુદ્ધિવાળાને માનવું પડે કે કાળ અનંતો થયો, તે કહેવું પડે. કેમ ? નાકકટ્ટાને આ કાળ ગયો તેની પહેલાં શું ? તેની જવાબદારી તેના માથે આવે.

જેમ લેણદેણના દાવામાં લેણની સાબિતીની જવાબદારી વાદીના માથે, પણ કેટલીક વખત જવાબદારી પ્રતિવાદીને માથે આવે. ચોરીનો ગુનો દઈને ફરિયાદી કરી. હવે ચોર બચાવ કરે તે ખોટો કે ખરો, તેમાં તમારે ઊભા રહેવું પડે તે વાત જુદી. ચોરીની ફરિયાદ જેના ઉપર કરવામાં આવે તેને મુશ્કેટાટ બાંધે. તે છૂટવા માટે પોતાનો બચાવ કરે. છૂટવા માટે બધું તેને સાબિત કરવું પડે. તેમ અહીં જેઓ કાળને અનાદિ ન માને, પરમેશ્વરને અનાદિથી થતા ન માને, તો તેને એની શરૂઆત કયારથી થઈ તે કહેવું પડે. અનાદિ નહિ માનનારના માથે તે જવાબદારી ચોંટે.

બોલવાની લુચ્ચાઇ

અહીં લુચ્ચી વહુનું દૃષ્ટાંત છે. એક શેઠ છે. તેને બે છોકરા છે. તે બન્ને પરણેલા છે. તેમાં જે જેઠાણી છે તેનું પિયર સારી સ્થિતિમાં છે. દેરાણી લુચ્ચી છે. એના પિયરનું લગીર ઠેકાણું નથી. દેરાણીનો ભાઇ રોજ બેનને ઘેર જમે અને રાતના પોતાને ઘેર સુવા જાય. જેઠાણીને તો પોતાના ભાઇને વર્ષમાં એકાદ બે વખત નોતરવો પડે.

એક વખત એ બંનેને તકરાર થઈ. તે વધારે ચાલી ત્યારે દેરાણીએ જોયું કે જેઠાણી એમ કહેણું મારશે તેથી બોલી કે હું જાણું છું. આખું ઘર તેં એને ખવડાવી દીધું. તારો ભાઈ બેણ અને પોર રોજ આવે છે. ત્યારે મારો ભાઈ તો આજ આવે તે-કાલ....લ આવે. આમાં વચનની શાહુકારી. આજ અને કાલ એ શબ્દ છેટા વાપરવા અને બેણ અને પોર નજીક વાપરવા તે બોલવાની લુચ્ચાઈ છે.

અહીં જે જગતને, પરમેશ્વરને અને સિદ્ધોને અનાદિ નથી

માનતા તે પોતાના માથાની જવાબદારી ઉઠાડવા માટે છે. તેમાં છેડો હોા તો 'હશે' એમ કહીને ઉઠાડે. જો અનાદિ ન હોય તો તેના પહેલાં શું હતું તે તું બોલને ?

કાળનો કોળિયો કરનાર કોણ ?

કાળનો કોળિયો દુનિયામાં કોઈ કરનાર છે ? જેને શાશ્વતા પદાર્થો કહીએ તેમાં એક કાળ કોળિયો કરે. તેના પુદ્ગલોમાં પણ ફેરફાર થાય છે. બાળપણમાં આ માથું હતું તે અત્યારે છે, પણ તેમાં ફેરફાર થાય છે. કહેવાતા પદાર્થોનો પણ કોળિયો કાળ કરે છે. કાળ આખા જગતમાં બધાનો કોળિયો કરે. કાળનો કોળિયો કરનાર એક જ વસ્તુ સિદ્ધપણું છે. તેમાં જે સિદ્ધપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગપણું, અનંત વીર્ય, સુખ તે કોઈ દિવસ પલટાવાનું, નાશ પામવાનું કે ન્યૂન થવાનું નથી. કાળનો કોળિયો કર્યો તેથી તેનું જોર ત્યાં નથી ચાલતું. અનંતો કાળ ગયો કે ચાલ્યો જશે તો પણ સિદ્ધપણું નાશ થવાનું કે પલટાવાનું નથી. કાળનો **કોળિયો કરનાર સિદ્ધપણું**. તે સિવાય કાળનો કોળિયો કરનાર બીજી કોઈ ચીજ જ નથી.

આ ધ્યાનમાં રહેશે ત્યારે શાસ્ત્રકારે જણાવ્યું કે જિનેશ્વરનાં વચનો ઉપર સ્થિર રહેવાવાળો આ નિશ્ચયમાં આવે. **'सव्वाणि-ठाणाणि असासयाणि' જગતમાં બધાં સ્થાનકો આશાશ્વતા છે. શાશ્વતપણું હોય તો કેવળ સિદ્ધપણું, કેવળજ્ઞાન, દર્શન, વીતરાગપણું, અનંત સુખ, વીર્ય, ક્ષાયિક ચારિત્ર** તે મેળવનાર જ કાળનો કોળિયો કરે છે.

જગતને અંગે કાળનો કોળિયો કરવા માંગે તો તેમાં પહેલું શું અને પછી શું તે બોલ ? અનાદિ અને અનંતથી તું ભડકે છે તેથી બીજાને ભડકાવે છે. લાખ તે એક કે લાખ ? લાખ એટલે લાખ વખત એક તેનું નામ 'લાખ.' ક્રોડ કોનું નામ ? ક્રોડ વખતે એક તેનું નામ ક્રોડને ? અનંતા કોનું નામ ? અનંતી વખત એક એક થયા તેનું નામ અનંતા. અનંતા પુદ્ગલ-પરાવર્તો રખડ્યા તે

બોલીએ છીએ. જેમ 'જગત્' શબ્દ વપરાય છે પણ તેનો ખ્યાલ નથી. તેમ અનાદિ ને અનંત શબ્દ વાપરીએ છીએ તેથી તેના સ્વરૂપનો ખ્યાલ નથી આવતો.

પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ.

વર્ષ તે કાળનું માન છે અને તે જગતમાં જાહેર છે. તેવા સો સો વર્ષ જાય એટલે એક યોજન લાંબો ઊંડો; ત્રણ યોજન પહોળાઈવાળો અને એક યોજન ઉંડા ખાડો કર્યો હોય અને તેમાં જુગલિયાના વાળના અસંખ્યાતા કકડા કરીને તે ઠાંસી ઠાંસીને ભર્યો હોય, તે પાછો અગ્નિથી બળે નહિ, પાણીથી ભીંજાય નહિ અને કોહાય નહિ તેવો ભર્યો હોય. અગ્નિથી બળે નહિ તે વગેરે કેમ બને ? ઘાસની ગાંસડી એવી બંધાય છે કે તેમાં તણખો પડે તો ઉપરનું બળે પણ અંદરનું બચે. ઘાસનું એટલું બધું સજ્જડપણું થાય તો શાસ્ત્રકારે તેને અગ્નિ બાળે નહિ એવો ભરેલો ખાડો કહ્યો એમાં ખોટું શું ? તેમાંથી સો સો વર્ષે એક કકડો કાઢો તો કેટલા વર્ષ થયાં ? આટલો વખત એકઠો થાય તેનું નામ 'પલ્યોપમ.'

તેવા દસ ક્રોડાક્રોડ પલ્યોપમ થાય ત્યારે એક 'સાગરોપમ' થાય.

તેવા દસ ક્રોડાક્રોડ સાગરોપમે એક 'ઉત્સર્પિણી' થાય. તેવી જ રીતે અવસર્પિણી થાય તે બે ભેગાં તેનું નામ 'કાળચક્ર.' તેવા અનંતા કાળચક્ર થાય ત્યારે એક પુદ્ગલ-પરાવર્ત થાય.

આવા અનંતા પુદ્ગલ-પરાવર્ત એકેન્દ્રિયમાં રખડ્યા. આત્મા પૃથ્વીકાયાદિમાં રખડ્યો. પૃથ્વીકાયાદિમાં કેમ જન્મવું, કેમ જીવવું, કેમ મરણ આવશે, કેમ બચીશ તેનો વિચાર નહિ. તેનાથી-એકેન્દ્રિયમાંથી લગીર બેઇન્દ્રિયમાં આવ્યા જન્મવું, જીવવું કેમ તે વિચાર નહિ પણ મરણનો ડર ઊભો થયો. તેવી જ રીતે અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં પણ તે દશા. સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવ્યા ત્યારે જીવન, તેનાં સાધન, સ્થાન, શરીર અને સંતાન તેનો વિચાર થયો. તેનાં રક્ષણ અને વૃદ્ધિમાં પ્રયત્ન થયો એટલે જડ-જીવનમાં પ્રયત્ન થયા.

જડ-જીવન શાથી ?

જીવનું જીવન બે પ્રકારે છે: (૧) જડ-જીવન અને (૨) જીવ-જીવન. આ જે દશે પ્રાણો તે જડના આધારે જીવન. કાનના પુદ્ગલો હોય ત્યાં સુધી સાંભળવાની તાકાત રહે છે. તેમ ચક્ષુ, નાક, જીભ અને સ્પર્શના વગેરેની તાકાતમાં સમજવું. મન વચન, કાયાના લાયક પુદ્ગલો હોય તો પ્રયોગની તાકાત. શ્વાસોચ્છવાસ આયુષ્યને લાયક પુદ્ગલો મળ્યા તો તે પ્રમાણે કરી શકીએ. જડ મળ્યા ખરા પણ જડના ઘેર ઘરાણે મૂકાયેલા. તમારે કામ પડે ત્યારે ઉપયોગ કરી લો પણ તેના માલિક તમે નથી. જેને ત્યાં ઘરેણે મૂકયું હોય તે સારો હોય તો વિવાહને વખતે તેની પાસેથી મેળવીએ છીએ. તેમ આ બેઇમાની સાથે ચાલે છે.

તેમ આ જીવન ગીરવી દશામાં છે. તેમાં પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ય એ ગીરવી મૂકાયેલું જીવન. તેની મહેરબાની હોય તો તેનો ઉપયોગ કરી શકીએ. તેની કફા મરજી હોય તો તેનો ઉપયોગ ન કરી શકીએ. તેનો ઉપયોગ કરવાની તાકાત તમારી નથી. જેને ત્યાં ઘરાણે મૂકયું હોય તેની મહેરબાનીથી ઉપયોગ કરી શકીએ; તેના ઉપર આપણો દાવો નહિ. આ જીવે પોતાનું જીવપણું આને ત્યાં ઘરાણે મૂકયું માટે તેનું નામ 'જડ-જીવન' કહીએ છીએ.

પારકા આધારનું જીવન છે-જીવનું જીવન નહિ. સિદ્ધ મહારાજને પ્રાણરહિત હોવાથી જડ-જીવન નથી. સિદ્ધોને પ્રાણ નથી. તો જીવ કેમ કહેવા ? પ્રાણ તે જડ-જીવન છે. તે ન હોય તેથી સિદ્ધપણું ચાલી જતું નથી.

આત્મા જ્ઞાનમય કે જ્ઞાનનો આધાર ?

જીવનું જીવન કયું ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. જૈનો સ્વરૂપને લઈ ને ચાલે છે. પણ જૈનેતરો સ્વરૂપને વળગતા નથી. જે ગુણ જાહેર છે તે ભૂંસાય એટલો ભૂંસ્યો. જ્ઞાન એ જીવનો ગુણ છે એમ માન્યા વિના છૂટકો કોઈનો નહિ. અન્યોએ જ્ઞાન ઘરની ચીજ નથી માની, ભાડૂતી માની છે, કોઈ

ભાડૂતી ચીજ પહેરીને નીકળે તેને આભરૂદ્વાર ન ગણીએ, કારણ કે તું માંગી લાવીને પહેરે છે. તેમ જીવનો ગુણ તે માંગેલો ગણ્યો, ઘરનો નહિ. જ્યારે જૈનોએ એને જ્ઞાનમય ગણ્યો ત્યારે જૈનેતરોએ એને જ્ઞાનનો આધાર માન્યો. 'ज्ञानाधिकरणमात्मा' જ્ઞાન આધિકરણ માન્યું. જ્ઞાનમય આત્મા માન્યો હોય-તે આત્માનું સ્વરૂપ છે તેમ માન્યું હોય તો તે કેવળ જૈનોએ જ. તે સિવાય કોઇએ જ્ઞાનને આત્માના ઘરનું નથી માન્યું પણ ભાડૂતી માન્યું છે.

સાંખ્યોને લેવાદેવા નહિ. જેઓએ જીવને ચેતના-સ્વરૂપવાળો ન માન્યો, તેઓએ તેને પરમેશ્વરનું ઢોર માન્યું. તમારે ત્યાં ઢોર હોય જ્યારે તમારે છોડવું, બાંધવું, ખવડાવવું, પીવડાવું હોય ત્યારે તમે કરો, તેમાં તેનું ચાલે નહિ. તેમ જૈનેતરોએ જગતના બધા જીવોને ઈશ્વરના 'ઢોર' માન્યા. તેવી રીતે જેનો જીવોને ઢોર માનવા, જ્ઞાનના ભાડૂત માનવા તૈયાર નથી. આટલા જ માટે જ્ઞાનમય માને. માટે જીવજીવન-ભાવજીવન-ભાવ પ્રાણ માનીએ છીએ. જીવ-જીવનનો ત્યા ખ્યાલ નથી આવતો. ક્યાં? મનુષ્ય તિર્યંચ વગેરેમાં. મનુષ્યમાં આવ્યા છતાં જીવજીવનનો ખ્યાલ કોને? જિનેશ્વરના શાસનને માને તે જ આત્માને કેવળજ્ઞાન, સર્વજ્ઞસ્વરૂપ માને. તેમાં જોડાયા વગરનો કોઈ પણ જીવનું જીવન જ્ઞાનસ્વરૂપ માનવા તૈયાર નથી. તે શાથી માને? કાનમાં કહી ગયા તેથી? ના. કહી ગયા નથી, પણ જિનેશ્વર મહારાજના જીવન સાથે જેનું જીવન હોય તે સાંભળી શકે.

જિનેશ્વર ભગવાનના વચનની મહત્તા

જિનેશ્વરના જીવનને બંધ થયાને ૨૫૦૦ વર્ષ થઈ ગયાં છે તે આપણે સાંભળીએ. તો પછી સર્વજ્ઞપણું, શાશ્વતપણું ને અનાદિનું રખડવું ક્યાંથી જાણીએ? બરોબર, પણ વિલાયતથી કે અમેરિકાથી વાયરલેસથી ટેલિગ્રામ આવે તેમાંયે પણ મિનિટ નથી લાગતી. છતાં ક્યાંથી સાંભળ્યા? તો શબ્દ દ્વારાએ. જેમ શબ્દ દ્વારાએ દૂર દેશના સમાચારો જાણો તેમ અહીં શબ્દ દ્વારાએ દૂર કાળમાં બનેલી હકીકત


જાણી શકો, અનાદિ કાળની હકીકત જાણી શકો. અનંતા પુદ્ગલ-પરાવર્ત જાણવા માટે સાધન જિનેશ્વર ભગવાનનાં વચનો.

જીતનો આધાર શાના ઉપર ?

યુદ્ધમાં ઊતરેલાં સૈનિકો પોતાનું ડહાપણ કરે તો પરાજીતમાં જ ઉતારે જનરલના વચન ઉપર જીત અવલંબે છે. લશ્કરને તે ધ્યાન આપે છે કે નહિ તે જોવાનું હોય નહિ. સૈનિકપણામાં દાખલ થવું તે પોતાની વાત, પરંતુ નોકરીમાં દાખલ થયા પછી ડહાપણ ડોળવનો હક્ક રહેતો નથી. જેના સૈનિકો ડહાપણ ડોળવે તેનો નાશ થયા વગર રહે નહિ. પણ જનરલના વચન ઉપર વર્તનારૂં લશ્કર જીતે. **નેપોલિયન** બોનાપાર્ટે લશ્કરના મડદાથી મેદાન ભરી દીધું. તેના ઉપર થઈને નીકળ્યા. લશ્કરને એ જોવાનું ન હોય કે મારૂં શું થશે ? **ડચોને જાવાની** લડાઈ પહેલાં **પોર્ટ સાઉથ** બંધ કરવું પડયું હતું. ત્યાં સ્ટીમર ડૂબાડવી. લોહીની સહીઓથી અરજીઓ આવી.. **જર્મન** સ્ટીમર **અમેરિકામાં** સપડાઈ. પોતે સ્ટીમરને દરિયામાં લાવીને સળગાવી અને પોતે બળી ગયો તો તે લશ્કર જીતે, તેમ તમે જૈનશાસનમાં મોહ સામે લશ્કરી તરીકે દાખલ થયા છો તેથી તમારૂં ધ્યેય શું ? જનરલનો હુકમ માટે **'વચનાધનયા ખલુ.'** ધર્મ એક જ સ્થાને. વચનની આરાધનામાં. તેના વચન પ્રમાણે ચાલવું તેમાં જીત છે. માટે વચનની આરાધના.

તે વાત ખરી, પણ આ વચન જિનેશ્વર ભગવાનનું કે બીજાનું ? તેની પરીક્ષા કઈ ? **હિટલર**ના નામે હુકમો કર્યા તેમાં શું થયું ? તેમ અહીં મોહ રાજાની સામે ધર્મ રાજાના જનરલ બન્યા છો.. એને-સડાને દબાવવો છે, તેથી સડાથી કેમ બચવું અને તે કેમ પારખવું તેની પરીક્ષા કરવી જોઈએ. તે કઈ રીતે તે જણાવશે તે અગ્રે વર્તમાન.

[ષોડશક પ્રકરણ (વ્યા. સં.) પ્રથમ ભાગ સમાપ્ત]



ત્રણ પ્રકારના જીવો



દુનિયાના જીવો એટલે સગીર

बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ (પો૦ ૧ શ્લો ૨)

શાસ્ત્રકાર મહારાજા **શ્રીમાન્ હરિભદ્રસૂરિજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં સૂચવી ગયા કે–

આ જગતમાં પોતાની માલિકીની જે ચીજ તેને જે ન સમજી શકે તે તેનો સદુપયોગ શી રીતે કરે ? તથા તેનો દુરુપયોગ પણ શી રીતે કરી શકે ? કારણ ? હક્કદાર કે માલિક છતાં પણ વસ્તુ શી ચીજ છે તે વાત સમજનારા બહુ જ ઓછા હોય છે. અર્થાત્ સ્વતંત્ર માલિક છતાં પણ તેને વસ્તુના માલિક તરીકે જગતમાં સ્વીકારનારા ઓછા હોય છે અને આથી '**સગીર**' શબ્દ વાપરીએ છીએ. જેમ સગીર એ મિલકતનો માલિક છતાં તે કબૂલ કરાતો નથી અને માલિક છતાં કબજો તેને સોંપાતો નથી, કારણ કે મિલકતનો સદુપયોગ કે દુરુપયોગને તે નથી સમજતો, માટે માલિકી તેને સોંપાતી નથી. જ્યારે તે સદુપયોગાદિ સમજે, ત્યારે જ તેને માલિકી સોંપાય. અહીં મિલકતની વ્યવસ્થા કરવાનો હક્ક પોતે માલિક છતાં પણ તેને રહેતો નથી. આ દુનિયાની વાત. જ્યારે બીજી બાજુ દુનિયાના જીવોને સગીર ગણવા, પણ ઉંમર લાયક ન ગણવા એમ હરિભદ્રસૂરિજી કહે છે.

ભીલ ને મોતીનું પાણી

દુનિયાના જીવોને પોતાને મળેલી મિલકતનો જ ખ્યાલ પોતાને નથી. કારણ ? કોઇ પણ મનુષ્ય જન્મે છે, તે સર્વ ખાલી મુઠીએ જ

અવતરે છે, બલકે ભરેલી મુઠીએ જન્મતા નથી. હવે કેટલાએ 'લઈને જન્મે છે,' એમ કહે છે તે વાત ખરી છે પણ તે વિચારવા જેવું છે.

જેમ ચાર ઝવેરી છે. સાથે તેઓ જાય છે. એક રસ્તામાં ભીલો ભેગા થયા છે, ત્યાં ઝવેરીઓ વાત કરે છે કે આ મોતીમાં પાણીનો તો દરિયો છે. આ સાંભળી ભીલો મોતીની પરીક્ષા કરે છે. લૂગડું મૂકી ભીંજાવવા ગયા પણ તે ભીંજાયું નહિ. અહીં હકીકત એ છે કે ભીલ તળાવ કે નદીના પાણીને પાણી સમજે છે પણ તે મોતીનું પાણી સમજતા નથી. તેમ આ દુનિયા પૈસો–સોનું–ઘર–મકાન આદિને જ મિલકત સમજે છે, બીજી કોઈ પણ ચીજને તે મિલકત તરીકે સમજતો નથી.

જીવ આગળ કેમ વધ્યો ?

પ્રથમ તે જીવ મન, વચનની કંપની વિનાનો હતો. કાયા પણ સૂક્ષ્મ, તે પણ કેવી ? તો આંગળના અસંખ્યાતમા ભાગે જ હતી. વળી તે અનંતા જીવોની મિલકત હોય છે. અનાદિથી આ જીવ આવી મિલકતવાળો હતો. સૂક્ષ્મ–આંગળના અસંખ્યાતમા ભાગની કાયા હતી. તેમાં અનંતમો ભાગીદાર આ જીવ છે, તેમાંથી પુણ્યજોગે આગળ વધ્યો ત્યારે જ એક શરીરનો સ્વતંત્ર ભાગીદાર થયો એટલે પ્રત્યેક થયો. નજરે જોઈ શકાય તેવો તે બન્યો. તેનાથી આગળ વધ્યો એટલે રસ જાણવાની શક્તિવાળો તે બન્યો. જો પાછળ પડયો હોત તો પાછી જ દશા–મૂળની. આ વાત જેમ દરિયાના મૂળમાં જે ચીજ ધૂમે, તે પાછી કાંઠે આવવી મુશ્કેલ બને. તેમ અહીં પણ સમજવું.

પુણ્યયોગે બેઇંદ્રિયમાં અને તેનાથી આગળ વધે તો તેઇન્દ્રિયમાં આવી જાય, ત્યારે ઘ્રાણ એટલે ગંધ જાણવાની તાકાત મળે. તે વખતે જો પાછો ચક્કરમાં પડે તો પાછો એકેન્દ્રિયાદિમાં આવે અને જાય, પણ કોઈક પુણ્યસંજોગે તે રખડપટ્ટીમાંથી ચક્ષુરિન્દ્રિયની તાકાતવાળો–ચાર ઇંદ્રિયવાળો બને. ત્યાં પણ ચક્કાવો ખાય તો પાછો એકેન્દ્રિયાદિમાં જાય અને વળી કદાચ પાછો શ્રોત્રેન્દ્રિયની તાકાતવાળો બને. આ પાંચ શક્તિઓ કોઈ પણ બચ્ચું જન્મે છે ત્યારે સાથે પાંચ ઇન્દ્રિય

લઈને આવે છે. બાકી રોડાં કે રોકડા તો ભલે સાથે નહિ લાવતો હોય. એ તો એના ભાગ્યમાં હશે તેવાં મળશે.

મનુષ્યપણું કયારે ?

આ પાંચ તાકાત છતાં પણ જેમ વરસાદનાં દેડકાં છે, તેને વિચારની તાકાત એટલે મન નથી. અહીં પંચેન્દ્રિય મનુષ્ય રૂપે જે બાળક જન્મે છે, તે વિચારની શક્તિ વિના જન્મતું નથી, એટલે પાંચ શક્તિ સામે મન લઈને અવતરે છે અને તેથી મનુષ્યત્વનું દુર્લભપણું બતાવ્યું છે.

આપણે જોઈએ છીએ કે અગ્નિમાં પ્રવેશ કરનારા બધા મરી જતા નથી પણ એક બે જીવી પણ જાય. તેમ પાણીમાં તરનારા બધા ડૂબી ન જાય. અહીં સેંકડે એક બેને બચનારા જાણીએ છીએ, છતાં ત્યાં ભય નથી લાગતો, અહી અનંતા જીવોમાંથી એક બે જીવો મનુષ્યપણે આવે છે એમ પણ ચોક્કસ નથી, પણ અનંતામાંથી અનંતમો ભાગ બચવાવાળા હોય છે. તેની ગણત્રીમાં આપણે આવેલા છીએ. જો એમ ન હોત તો આ મનુષ્યપણામાં કોઇ જીવ આવી શકત જ નહિ. આવું પંચેન્દ્રિયયુકત મન સહિતપણું જે આપણા જેવા ભાગ્યશાળીઓને મળેલું છે તે ભાગ્યયોગે આવી સ્થિતિ જ્યારે જીવોને અંગે જુએ છે, ત્યારે કહે છે કે ન હોય તેને થશો નહિ પણ હોય તેનું જશો નહિ ! તેના કરતાં શાસ્ત્રકાર કહે છે કે–મિલકતને અવળે રસ્તે ફના કરે તેના કરતાં બીજી રીતે જાય તે બહુ જ ખરાબ ગણાય. વ્યાપારમાં ખોટ જાય તો હજી વ્યાપારમાં ગયા એમ કહેવાય, પણ જે રાંડોમાં કે જૂગટામાં ખોએ તે તો બહુ જ ખરાબ ગણાય.

સગીરના વાલી તીર્થંકર

કોટિધ્વજનો છોકરો દુર્વ્યસનોમાં મિલકતને ઉડાવે, તેથી સજ્જનને તો દયા જ આવે. જેમ ગધેડો પારકા ખેતરની દ્રાક્ષ ખાય છતાં સજ્જનને તો દયા જ આવે. તેમ અહીં પણ ભવ્ય જીવો પોતાને મળેલી અપૂર્વ ચીજ–પાંચ શક્તિરૂપી ઇન્દ્રિયો, મન તેમજ

મનુષ્યપણું આદિનો દુર્ગતિમાં જવારૂપે ઉપયોગ કરે, અગર તે મળેલી મિલકતને સમજે નહિ, તેમજ પોતાની મિલકતના સદુપયોગ કે દુરુપયોગને સમજે નહિ તો તેઓ બીજાના વચનના આધારે પ્રવર્તવાવાળા ગણી શકાય.

હવે જેઓ ન સમજે તેઓને પંચેન્દ્રિયપણા આદિ, સંજ્ઞીપણા આદિનો ઉપયોગ સદ્ગતિમાં કરવા માટે ઉપદેશ દેવાવાળા તરણતારણહાર તીર્થંકર મહારાજ હોય છે. જેમ સગીરની માલમિલકતનો વહીવટ કરવો પડે પણ સગીરને તો જોવા પૂરતું હોય, ધ્યાન તો ટ્રસ્ટી રાખે. આમ પોતાની જાત અને માલ માટે બીજો જ ઉપરી હોય, તેમ અહીં આપણી જાતમિલકતના માલિક તીર્થંકર મહારાજ છે. જો ત્રિલોકના નાથ તીર્થંકર મહારાજ માલિક બન્યા છે તો પછી તેઓએ પોતાના કબજામાં આવેલા સગીરને ઊંચી સ્થિતિએ લાવવો જોઈએ.

વાલીનું કામ શું ?

સગીરનું હિત તપાસવું તે. નહિ તો વાલીપણું રદ કરાય. જો સગીરનું હિત ન સચવાય તો વાલીપણું રદ કરાય.

તેમ અહીં સંસારના જીવોના વાલી કોણ ?

તીર્થંકર મહારાજા.

કેમ ?

જીવોને મિલકતનો ખ્યાલ નથી. તેમજ સદુપયોગ કે દુરૂપયોગનો પણ તેને ખ્યાલ નથી. હવે જે જે અવસ્થામાં જે વાલી હોય તેણે તે તે અવસ્થાનું હિત જાળવવું જોઈએ. જે રીતે હિત જળવાય તે રીતિએ વાલીએ જાળવવું. ભગવાન્ જિનેશ્વર મહારાજ ત્રણ જગતના માલિક તરીકે વાલી હોવાથી યોગ્યતા પ્રમાણે જીવોના હિતને માટે તેમણે ધ્યાન રાખવું જોઈએ. તેમના હિતને માટે કટિબદ્ધપણું ન રહે તો નવું ન મળે અને મળેલું હોય તો તે જતું રહે. તેમ

અહીં તીર્થંકર મહારાજ જગતના જીવોની મિલકત અને માલિકી સમજાવી તેનો જો સદુપયોગ ન કરાવે તો તેમનું વાલીપણું ન રહે.

સર્વ મળે ત્યાંસુધીના વાલી તીર્થંકર મહારાજ

સૂર્ય દયા લાવીને અજવાળું ખૂબ ફેંકે પણ આંખ જ ન ઉઘાડે ત્યાં શું થાય ? તેમ અહીં જિનેશ્વર મહારાજે તો આખા જગતના જીવોના ઉદ્ધારને માટે શાસનની પ્રવૃત્તિ કરી પણ જે શાસનમાં જ ન રહે તેનું શું થાય ? તેમ અહીં આ જીવ સગીર હોય પણ વાલીના કબજામાં ન રહે ત્યાં શું વળે ? સગીર કાંઈક કબજામાં રહે તેવો હોય, કહ્યા પ્રમાણે ચાલે તેવો હોય તો કામ લાગે, પણ વાલીના માથાના વાળ કાઢે તેવો સગીર હોય તો પછી તેનું હિત ન થાય. જેમ વાલીને અમુકનું જ સંભાળવું, પાંચ કે દસ વર્ષ સુધી સંભાળવું અને પછી નહિ, એમ નહિ, પણ કાયદા પ્રમાણે નીમાયેલો વાલી એકવીસ વર્ષ સુધી સંભાળે. નહિ તો અઢાર વર્ષે સગીર સ્વતંત્ર થવાથી પછી જરૂર ન જ રહે. એકવીસ પછી તો લાયકાત હોય કે ન હોય તોપણ ચાલે-સ્વતંત્ર ગણાય. અહીં તીર્થંકર મહારાજનું વાલીપણું તેવું નથી. અહીં તો મિલકત સંપૂર્ણપણે, સર્વ કાળ સ્થાયીપણે છે, તેમાં જરા યે ઓછું ન કરે તો જ સગીર-પણામાંથી છૂટે. દુનિયામાં એકવીસ વર્ષ પછી સગીરતા ટળે ત્યારે તીર્થંકરના વાલીપણામાં સંપૂર્ણ મિલકત મેળવે. કોઈ દિન આત્માના ગુણોમાં ન્યૂનતા નહિ થાય. આત્માના સંપૂર્ણ ગુણો મળેલા છે એવી ખાતરી થાય તો જ તે તીર્થંકરના વાલીપણામાંથી નીકળી શકે.

રસ્તો તન્મયતાનો

આવી અક્ષય, અવ્યય, અવસ્થિત મિલકત જીવ મેળવે ત્યારે જ તીર્થંકર મહારાજના વાલીપણામાંથી તે જીવ સ્વતંત્ર થાય, તેથી ઉપાધ્યાયજી કહે છે કે-પોતાનામાં સર્વ ગુરુપણું ન આવ્યું-પ્રાપ્ત ન થયું તો તેની પ્રાપ્તિ શાથી ? તીર્થંકરનાં જે વચનો-ઉપદેશો કે શિક્ષામાં આ આત્મા તન્મય બને તો તેની પ્રાપ્તિ થાય. હવે તન્મય

શી ચીજ છે? તો દુકાને કાપડ માટે ઘરાક આવે. તે રાત્રિએ સ્વપ્નામાં તે આવે તોપણ તમો છાતી ઠોકીને એ જ બપોરનો ભાવ કહો. અહીં ઘરાક નથી, કાપડ વેચવાનું નથી, છતાં તન્મયતા તેની છે. આપણને બેભાન અવસ્થામાં કે શૂન્ય ઉપયોગમાં પણ તીર્થંકરના વચનોનો, આચારનો કે ઉપદેશનો કે શિક્ષાનો ખ્યાલ આવે ત્યારે તે તન્મયતા કહેવાય. આ તન્મયતા થાય તો જ માલિકી મળે. પછી પોતાના આત્માના સંપૂર્ણ તત્ત્વનો ખ્યાલ આવે અને જ્યાં સુધી આત્માનો ખ્યાલ ન આવે ત્યાં સુધી ઉત્તમ ગુરુઓની સેવા કરવી જ જોઈએ. અહીં તીર્થંકર મહારાજના વાલીપણાની વાત ચાલે છે. તેમાં સંપૂર્ણ જ્ઞાનવાળા તમો ન થાઓ ત્યાં સુધી તીર્થંકરના વાલીપણામાંથી તમે સ્વતંત્ર નહિ થાઓ. દુનિયાદારીમાં પણ એકવીસ વર્ષ સુધી વાલીપણાએ રહેવું જ પડે. હવે જે મનુષ્યો પોતાના આત્માનું જ્ઞાન મેળવે નહિ અને વાલીપણું પણ ન રાખે, ત્યાં શું થાય? તો તે જંગલીપણામાં ખપે. મિલકતની મરામત કે રક્ષણ ન હોય તો તે જંગલીપણાની સ્થિતિ ગણાય. તેમ અહીં આત્માની સ્થિતિને અંગે તીર્થંકરના વાલીપણા વિના જંગલી તરીકે ગણાય. અહીં હવે એક જ માર્ગ એ છે, કે સર્વ જીવોએ તીર્થંકર મહારાજરૂપી વાલીના કબજામાં રહેવું, તે સિવાય તો જંગલીપણાની સ્થિતિ સમજવી.

સગીરના ત્રણ પ્રકાર

હવે બધા સગીરો એક અવસ્થાવાળા હોતા નથી. તાજો જન્મેલો હોય, દૂધ પીતો હોય, કોઈ વળી ધૂળમાં રમતો હોય, તેમ કોઈ શિક્ષણવાળો હોય, તેમ અહીં શાસ્ત્રકારો પણ સગીરના ભેદો પાડે છે. ષોડશકના કર્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે–બધા સગીરો સરખી રીતે રખાતા નથી. જેમ રબારી બધા બકરાઓને એક લાકડીએ ન જ હાંકે. જેવા ઢોરો હોય તેવી જ રીતે તે હાંકે. તેમ અહીં તીર્થંકર મહારાજા એક લાકડીએ અનંતા જીવોને હાંકતા નથી. તેમ હાંકી પણ ન જ શકે માટે સગીરના ત્રણ પ્રકાર છે. જેમ દુનિયામાં બાળ,

જુવાન અને વૃદ્ધ છે, તેમ અહીં પણ સગીરના ત્રણ ભેદો છે. તે કયા? તેમાં એક વાત તો ચોક્કસ છે કે દરેક જાનવરો ચરવાની ઇચ્છાવાળા છે. હવે દેહમાં જાડા, મધ્યમ, દુબળા એ સર્વ ચરવાના તો સ્વભાવવાળા છે. હવે અહીં જીવો પણ ધર્મની સન્મુખ છે એટલે બાલ, જુવાન કે વૃદ્ધ એ પણ ધર્મના સ્વભાવવાળા છે.

ધર્મની કિંમત કોને ?

ખાવા પીવા ઓઢવા વગેરે ચીજોનો ઉપયોગ પ્રત્યક્ષપણે દેખાય, પણ આ ધર્મ એવી ચીજ છે કે જેનો વપરાશ કે ઉપયોગ પ્રત્યક્ષ જણાતો નથી. ખાવા-પીવા-ઓઢવાદિની જરૂર ડગલે ને પગલે જોઈએ, પણ ધર્મ તો તે કંચનાદિ ચારમાં ઉપયોગ આવતો નથી. ભૌતિક અડચણને ભાંગતો નથી, પછી તે ધર્મની જરૂરિયાત શી રીતે ગણાય? દુનિયામાં જરૂરિયાત તે જ છે કે જે ખાવા પીવા ઓઢવા પહેરવાની અડચણને નાબૂદ કરે. હવે જે ચાર અડચણને ભાંગે તે વસ્તુની ઉપયોગિતા તો જાનવર પણ ગણે. આ ધર્મ તો કોઈ પણ અડચણને ભાંગનાર જણાતો નથી. તેને ઉપયોગી કે જરૂરી શી રીતે ગણીએ?

ફક્ત તમારા કહેવાથી માની લઇએ એ જ કે બીજું ખરું?

મહાનુભાવ! વાત ખરી, પણ પ્રથમ જે કહેલ છે તે ભેંસ આગળ ભાગવત છે કે બીજું કંઈ છે? કારણ? શ્રોત્રેન્દ્રિય કે રસનેન્દ્રિયાદિની તાકાત કઇ ચીજથી મળી? તેવી જ રીતે ઘ્રાણ કે ચક્ષુરિન્દ્રિયની તાકાત પણ કયાંથી મળી? આવી રીતે જો જગતમાં ચક્ષુરિન્દ્રિયની તાકાતવાળી કોઈ ચીજ હોય અને તે ચીજનો સ્પર્શ કીડીને કરાવો કે જેથી તે દેખતી થાય? કહો કે કોઈ એવી ચીજ નથી. ફક્ત આ ધર્મરૂપી એવી ચીજ છે કે જેને પ્રતાપે આ સર્વ ઇંદ્રિયોની પ્રાપ્તિ થઈ શકી છે અને છતાં આ સર્વ ભેંસ આગળ ભાગવત જેવું તને લાગ્યું! **ધર્મના પ્રતાપે જ સર્વ દુનિયાદારીની સામગ્રી મળી આવે છે.** જેમ ગમારે જ મોતીના પાણી ઉપર લૂગડું ફેરવ્યું પણ છેડો ભીનો ન જ થયો અને તેથી તે

ઝવેરીને ગપ્પીદાસ જ માને, તેમ અહીં ખાવા, પીવા, ઓઢવાને જરૂરી માનનારો ધર્મને નિરૂપયોગી માને, તેમાં આશ્ચર્ય નથી. જેમ ઝવેરી મોતીના પાણીને સમજે, તેમ અહીં જેઓ સમજુ છે, આત્માના તત્ત્વને ઝવેરી વિચારનારા છે, તેના સદુપયોગ, દુરૂપયોગ કે અનુપયોગને સમજનારા છે તેઓ તો ધર્મને ઉપયોગી ગણે પણ દુરૂપયોગી કે નિરૂપયોગી તો ન જ ગણે

જરૂરી ચીજ કઇ ?

હવે એક વાત ખ્યાલમાં રાખીએ કે ચાર જણા રસ્તામાં જતા હતા. વચમાં એક ઝાડ આવેલ. ત્યારે દરેકે ફળ, ફૂલ, પાંદડાં, થડને ઉપયોગી ગણાવ્યાં, પણ તેઓ બોલ્યા કે તેનું મૂળ શું કામ લાગે ? કહો, આને શું કહેવું ? મૂર્ખના સરદાર સિવાય બીજું શું કહેવાય ? આ થડ, પાંદડાં કે ફળ તે કોના પ્રતાપે છે? કહો કે મૂળના પ્રતાપે જ તે બધું. તે ચારમાં મૂળને નકામાં કહેનારો મૂર્ખ ગણાય. તેમ અહીં ખાવાપીવામાં કામ ન લાગે તેવો આ ધર્મ છે તેથી તે નકામો છે એમ કહેનાર મનુષ્ય મૂર્ખ છે, પણ તે નથી સમજતો કે ખાવા, પીવા કે ઓઢવાના સંજોગોને અનુકૂળ કરનાર કોણ ? કહો કે પુણ્યના પ્રતાપે છે એટલે જ ધર્મ જરૂરી છે. તમે તપાસો તો ખાતરી થશે કે પુણ્યના પ્રતાપ વિના કેટલાક જીવો ખાવા–પીવા વિનાના, અરે ઓઢવા પાથરવા વિનાના હોય છે, કારણ કે પુણ્યની ઓછપને લઈ ને તે વસ્તુની પ્રાપ્તિ થઈ નથી. આથી **દુનિયામાં જરૂરી ચીજ ધર્મ અને પુણ્ય જ છે.**

પરભવની બેંક કઈ?

શાસ્ત્રકાર કહે છે કે જેમ વિલાયતમાં બેન્કો હોય છે તેથી અહીં રૂપિયા ભરો કે ત્યાંની સ્લીપ મળે. પરદેશી બેન્કો નાણાંની હેરફેરી કરવામાં સફળતા મેળવે છે તેમ આ ધર્મ એ પણ પરદેશી બેન્કની જેમ પરભવની બેંકરૂપ છે. અને પરદેશી બેંકમાં જે નાણાં જમે ન કરાવે તે વ્યાપાર ન જ કરી શકે. તેમ આ ધર્મ એ પણ પરદેશી બેંક પરભવ માટે છે. તેમાં જેટલું જમે કરાવો તેટલું જ મળવાનું

છે, માટે **આ જીવને અંગે પુણ્ય એ જ પરભવની બેંક છે,** તે વિના પરભવની બેંક જ નથી. અમુક દેશનું નાણું ભેગું થયેલું જમે કરાવ્યું હોય તો જ ત્યાં મળે. હવે પુણ્ય, પાપ, સ્વર્ગ ને નરકાદિ કેટલાકો માનનારા છે અને કેટલાકો માનનારા નથી, પણ જીવની ઉઠાંતરીમાં મતભેદ નથી. એટલે દરેક જીવને મરવાનું છે એમાં મતભેદ નથી. હવે કહો કે અહીં કાયદો છે–જેમ અમેરિકામાં સોનાની લેવડદેવડ બધી ત્યાં કરો પણ બંદરે તો તેનો પ્રતિબંધ છે. એક તોલો પણ સોનું લઈને ત્યાંથી ન જ આવવા દે. જેમ રાજાએ બંદરમાં પ્રતિબંધ કર્યો, તેમ કર્મ રાજાએ પણ પ્રતિબંધ રાખેલો છે ગમે તેટલી મિલકત, સ્ત્રી, ધન હોય તો પણ તે સર્વ અહીં છોડીને જવાનું. ભલે પછી અબજોની મિલકત હોય કે પછી સ્ત્રીઓ ઘણી હોય તો પણ તે સાથે લઇ ન જ શકાય, પણ બેંકમાં તે જમે કરાવી શકાય. અહીં પરભવમાં મેળવવા માટે ધર્મરૂપ બેંકમાં જમે હોય તો જ મળે.

પ્રથમ તમો અહીં જ વિચારો કે આ પંચેન્દ્રિયપણું, ધન, માલમિલકત વગેરે શાથી મેળવ્યાં ? કહો કે પરભવની ધર્મરૂપ બેંકમાં નાણું છે તેથી તે મળ્યું. વિચારો, જે ધર્મરૂપી બેંકે તમારા ચેકને સ્વીકારી દીધો છે, તેને માનવાને તમો તૈયાર ન થાઓ; તો પછી દેખેલા ફળને ન માનો એવી દશા આવીને? આ સર્વ પ્રત્યક્ષ જોઈ રહ્યા છો.

કહેશો કે માતાપિતાના કુળમાં આવ્યા છો, પણ તેમણે જન્મવા પહેલાં તમને પારખીને કુખમાં લીધા એમ નથી. તેમ તમો માતાપિતાને જોઇ વિચારીને તો નથી આવ્યાને? કહો કે બન્નેએ પારખ્યા નથી છતાં ત્યાંથી અહીં લાવ્યું કોણ? એમાં નથી માતાનો પ્રયત્ન કે નથી તમારો પ્રયત્ન. માટે કહો કે વીમાવાળી ધર્મની કંપની તમોને લાવી દે છે.

જેમ વીમો ઉતરાવેલો હોય છતાં નુકસાની માટે માલિક ન લડે, પણ વીમા કંપનીવાળો જ નુકસાનકારકથી બચાવી લે. તેમ અહીં પ્રથમના પુણ્ય સિવાય કોઈ વસ્તુ બચાવી શકાતી નથી. હવે જે બેંકમાંથી

ક્ષણે ક્ષણે નાણું મળે છે એ અંકને ન માનો તો પછી કમઅકકલ સિવાયની શી વાત કરવી ? એ અંકનું દીધેલું નાણું જે છે તેનો જ ઉપયોગ ક્ષણે ક્ષણે કરીએ છીએ છતાં ધર્મ શી ચીજ એમ કદાપિ થાય છે ?

ધર્મ એ મુદ્દતિયા બેંક

કેટલાકો મુદ્દતિયા બેંકને નામે ધર્મને વગોવે છે તે રોકડી બેંક નથી; જૂઠ ચોરી સર્વ આ ભવમાં કરીએ પણ તેનાં ફળ ભોગવીએ પરભવમાં. આ ફળ મુદ્દતિયા બેંકનો મોટો ગોટાળો છે.

અહીં સરકારે જેમ વારના અંગે લોન કાઢી છે, તમે વચમાં વ્યાજ ખાઓ પણ નાણું તો એક વર્ષે જ મળે. તેમ અહીં પણ ધર્મશાળાએ મુદ્દતિયા લોનો રાખી છે, તે જ પંચાત છે, સવારે હિંસા કરી કે સાંજે મર્યો, લંપટપણું કર્યું કે નપુંસક થયો. એની તત્કાળ શિક્ષા થાત તો તે દુનિયા બંધ કરી જ દેત., નાણું મુદ્દતિયા ભરે તો પછી રોકડિયો હિસાબ કયાંથી મળે ? અમુક તારીખે નાણું મળે તેવી રીતે ચેક લખો, પછી નાણું તે જ મુદ્દતે મળે. તેમ પુણ્ય પણ અમુક સાગરોપમનું બાંધો, પછી તેટલા સમયે જ મળે, વીતરાગ મહાત્મા જ રોકડિયું નાણું મેળવે છે એટલે પ્રથમ સમયે પુણ્ય બાંધે, બીજે સમયે તેનું ફળ ભોગવે. મુદ્દતિયું ભરાવે અને રોકડિયું માગે તે તો માંગનારની મૂર્ખાઈને ?

હવે પ્રથમ ભવનાં જે નાણું મુદ્દતનાં મૂકેલાં છે તે વેદાય પછી જ પરભવનાં વેદવાનાં થાય, જેમ દુનિયામાં આપણે બચપણમાં પડી ગયા, ચોટ લાગી, પછી આરામ થયો, જુવાની આવી ત્યાં સુધી ખબર ન પડે પણ લોહીનું જોસ ગયું કે પછી ઘડપણ આવે, ત્યારે તે કળતર આવે. તે કયારે આવી ? જેમ બાળપણામાં વાગેલા ઘાની કળતર જુવાનીમાં હોય નહિ, પણ ઘડપણમાં જ આવે, તેમ અહીં પરભવનાં બાંધેલાં કર્મ વેદાયાં ન હોય, ત્યાં સુધી આ ભવનાં બાંધેલાં ભોગવવાનો પ્રસંગ ન જ આવે, અને તેથી ધર્મની બેંકની રીતિ સમજ્યા સિવાય હવે રહેશો નહિ.

શબ્દ, આકાર, ને વર્તાવથી માનનારા બાળકો

એક વાત ચોક્કસ છે કે દરેક બાળક પોતાની મા સામે દૃષ્ટિ રાખે, પણ તદ્દન નાનું બચ્ચું શબ્દને સમજે પણ આકારને ન સમજે. મધ્યમ બાળક શબ્દને અને આકારને સમજે પણ વર્તાવને ન સમજે, પણ ત્રીજા નંબરનું બાળક શબ્દ, આકાર ને વર્તાવને પણ સમજે.

જેવી રીતે અહીં ત્રણે બાળક માને માપણે જ જુએ છે, તેવી જ રીતે અહીં પણ ધર્મને દેખવાવાળા જીવો ત્રણ પ્રકારના છે : ૧. કેટલાકો બાહ્ય વર્ત્તાવને દેખનારા છે, ૨. કેટલાકો સાધુને કે બુદ્ધ તીર્થંકરના શારીરિક વર્ત્તાવને દેખવાવાળા છે, અને ૩. કેટલાકો દેવગુરુની પરિણતિને જોવાવાળા હોય છે, એના માટે હરિભદ્રસૂરિજી કહે છે કે ભલે દેવ, ગુરુ કે ધર્મની પરીક્ષા કરવાવાળા જીવો હોય, તોપણ તે ત્રણે પ્રકારના હોય છે, જેમ માતાની પરીક્ષાને અંગે ત્રણ વસ્તુ જોવા મળી, તેમ અહીં તત્ત્વત્રયીની પરીક્ષા જુદાં જુદાં રૂપે કરે છે.

ધર્મપરીક્ષામાં બાળક કોણ ?

હવે કયા કયા મનુષ્યો કયા કયા રૂપે કાર્ય કરે છે. "**बालः पश्यति लिंग**" એટલે ઘોડિયામાં સુનારો નહિ, પણ મધ્યમ વિચારનો જે નથી થયો તેવો બાળક લેવો, અસંજ્ઞી નહિ લેવા, પણ જે મધ્યમ બુદ્ધિ પણ ધરનારા ન થયા હોય; જેમ હજાર કોને કહેવાય તો લાખ ન થાય ત્યાં સુધીની સંજ્ઞાનો હજાર કહેવાય, તેમ અહીં બાળક મનગમતા ન લેવા, પણ જેઓ મધ્યમ બુદ્ધિને પણ ધારણ ન કરી શકયા હોય તે જ બાળક. આવાઓને દેવગુરુધર્મની પરીક્ષાનાં લિંગને એટલે બાહ્ય વર્તાવ જે તપસ્યાદિ તેને જુએ, લિંગ શબ્દથી ભેખ લઈએ છીએ પણ અહીં આગળ તો લિંગ શબ્દથી વિહાર–તપ આદિ પણ કહેવાશે. અહીં આગળ બહારની રીતિભાતિને દેખનાર બાળક હોય છે.

પાંચ સમિતિ જોનાર મધ્યમ

"**मध्यमबुद्धिर्विचारयति वृत्तं**" !" "–લાખ પૂરેપૂરા થયા એટલે હજાર નહિ, એટલે તત્ત્વને વિચારવાળો ન થાય ત્યાં સુધી મધ્યમ

કહેવાય, તે ખુદના ચાલવાના, ખાવા–પીવાના વર્ત્તાવને જુએ, શાસ્ત્રના શબ્દો તમોને ભારે નહિ લાગે, કારણ ચાલવાના ઢંગને જુએ, એટલે ઈરિયાસમિતિ, બોલવવાના વર્ત્તાવને જુએ એટલે ભાષાસમિતિ અને ભોજનનો વર્તાવ એટલે એષણાસમિતિ. લેવા મૂકવાની વાત એટલે વિવેક તે અહીં આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ. ફેંકતાં પણ આવડવું જોઈએ. જેમ કચરો ઘરમાંથી ફેંકતાં વાયરો સામો આવે તો આંખમાં પડે અને આંધળો થાય. તેથી ફેંકવામાં પણ અક્કલ જોઈએ. આથી પારિષ્ઠાપનિકા સમિતિ છે. આ શાસ્ત્રીય શબ્દ તમોને કિલષ્ટ લાગશે. જેને ચાલતાં, મૂકતાં અને ફેંકતાં વગેરેમાં વ્યવસ્થા આવડે તેને ગુરુ માને, તેવી જ રીતે તીર્થંકરમાં અને ધર્મમાં પણ વર્ત્તાવને મધ્યમ બુદ્ધિવાળો દેખે.

આગમના અંગે તત્ત્વદૃષ્ટિ

હવે તત્ત્વદૃષ્ટિવાળો શું કરે? તો તે કહે કે આ સારું છે. એમાં કોઈથી ના કહેવાય નહિ. બહારનો ત્યાગ, વર્ત્તાવ સારો છે એમાં ના નહિ, પણ કર્મનો બંધ અને નિર્જરા થવી તેમાં બાહ્ય આચાર સાથે સગાઈ છે કે નહિ? તો સગાઈ છે, પણ તે રખારીની નાત જેવી નહિ. "લે તારી છાલી, આ તો હું ચાલી." તેને જીવનના લેખમે ભરતાર કે ઘર ન હોય. અનુકૂળતાના અભાવે ઘર એ છોડવાનું બને, અહીં આ ચીજ વર્ત્તાવને અંગે સારી હોય, ઊંચામાં ઊંચી સ્થિતિનો વર્તાવ હોય પણ આત્માની પરિણતિ ન હોય તો શું વળે? જેમ અભવ્ય જીવનો વર્તાવ ઠેઠ નવ ગ્રૈવેયક સુધી જવાનો છે પણ સરવાળે તો મીંડું! તત્ત્વદૃષ્ટિવાળો જુએ શું? આગમને અંગે કેટલા વિચારવાળો છે! તે જોઈ તપાસીને પછી જ દેવ, ગુરુ અને ધર્મ તે માને, આગમવિરુદ્ધ તે ત્રણેમાંથી એક પણ નહિ. પરિણતિ જ્ઞાનવાળો જ તત્ત્વદૃષ્ટિએ વસ્તુ કે માર્ગને જુએ.

આવી રીતના ત્રણે પ્રકારના જીવો ત્રણે તત્ત્વની પરીક્ષા કરે છે. હવે તેમાં દેવ, ગુરુ અને ધર્મને અંગે જુદી જુદી રીતે શી પરીક્ષા કરાશે તે અગ્રે જણાવાશે.

વ્યા
ખ્યા
ન

ત્રણ તત્ત્વની પરીક્ષા

૨૫

મિલકતનો ખ્યાલ ન હોય તે સગીર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા **ષોડશક પ્રકરણ**ની રચના કરતાં જણાવી ગયા કે–**बालः पश्यति लिङ्गम्**। ભવ્ય જીવોમાં જે શ્રોતાઓ છે, તેઓએ પોતાને મળેલી મિલકતનો વિચાર કરવો જોઈએ. પોતાને મળેલી મિલકતનો સદુપયોગનો વિચાર કરી શકતા નથી, અગર તેના સદુપયોગ કે નિરુપયોગનો વિભાગ ન કરી શકે તે સગીર ગણાય. તેમ અહીં જે ભવ્ય જીવો તે આત્માની સ્વાભાવિક ઋદ્ધિને સમજતા નથી તો પછી તેને મેળવીને તેના રક્ષણ માટે સદુપયોગ વગેરે તો સમજે જ શી રીતે? કારણ કે તેમને મિલકતનો જ ખ્યાલ નથી.

આસ્તિક દર્શનો જુદે રસ્તે પણ નવ તત્ત્વો માને

સામાન્ય રીતે દરેક આસ્તિકો નવે તત્ત્વ માને. વૈષ્ણવો પણ જીવ, અજીવાદિ ચીજો નથી એમ કહેવાને તૈયાર નથી. પુણ્યના દળિયાં આવવાં અને બંધાવવાં, એ નથી થતું એમ કહેવાને તો તે પણ તૈયાર નથી. હવે તે ભોગવવાથી પુણ્ય, પાપનો ક્ષય થાય છે એમ પણ તેઓ માને છે. એ રીતે સંવરને અર્થાન્તર તરીકે, તેમજ મોક્ષને પણ માને છે, એટલે શૈવ કે વૈષ્ણવ વગેરે કોઇ પણ આસ્તિક વર્ગને અંગે વિચારીએ તો દરેક નવે તત્ત્વોને માને છે. કયું તત્ત્વ એ આસ્તિક વર્ગ નથી માનતો? કહો કે નવેને તેઓ માને છે. નવ તત્ત્વોની શ્રદ્ધાને તમો સમ્યક્ત્વરૂપે કહો છો કે જેના પછી સંસાર અર્ધ-પુદ્ગલપરાવર્ત રહે છે, તે નવે તત્ત્વોને તો દરેક આસ્તિક વર્ગ માને જ છે, ઓછું માનનારો કોઈ નથી, તેમજ ઓછું માને પાલવે

તેમાં પણ નથી. કારણ નવે તત્ત્વોનો સાર ગ્રહણ કર્યા વિના છૂટકારો નથી. અરે ! બૌદ્ધો પણ તે તત્ત્વોને માને જ છે. બુદ્ધના પગે કાંટો વાગ્યો ત્યારે શિષ્યે પૂછયું કે શાથી વાગ્યો ? તો બુદ્ધે કહ્યું : (આ એકાણુંમો કલ્પ છે.) તે પહેલાં મેં જીવને માર્યો હતો, તે કર્મે કરી કાંટો વાગ્યો. આ ભોગવવો પડયો. અહીં ક્ષણિક માનીને પર્યાયોને માને

હવે સર્વ આસ્તિક મતવાળાને નવે તત્ત્વો માનવાં જ પડે છે, તો તમે ઈન્દિરો કેમ લઈ બેઠા ? બીજા બધા મિથ્યાત્વી છે એમ કેમ બોલો છો ? નવે તત્ત્વોને માને એટલાથી શ્રદ્ધા અને સમ્યક્ત્વ કહો તો દરેક નવ તત્ત્વોને માનવાવાળા આસ્તિક મતવાળાને સમ્યક્ત્વ હોય જ. છતાં મિથ્યાત્વી કેમ કહો છો ?

બચ્ચાનો અને ઝવેરીનો હીરો

વાત ખરી, પરંતુ નાનું બચ્ચું રમતાં કાચના કટકાને હીરો કહે તેથી ઝવેરી કાચના કટકાને હીરો ન કહે અને તેને સંગ્રહે પણ નહિ. અરે ! પેટીમાં મૂકી તાળું ન જ મારે. નાનું બચ્ચું પોતાના કાચના ટૂકડાને પેટીમાં મૂકી સંગ્રહે તેથી તે ઝવેરી ન ગણાય, કારણ કે સાચા હીરાને હીરારૂપે જાણે અને ગણે તો જ ઝવેરી કહેવાય. પેટીમાં મૂકવા માત્રથી ઝવેરીપણું નથી આવતું, પણ હીરો સ્વરૂપે હોય અને તેને તે રૂપે ઓળખે, તેની કિંમત કરી લે અને પછી તેનું રક્ષણ કરે તો તે ઝવેરી ગણાય.

જ્ઞાનમય આત્મા

સ્વરૂપે આ જીવ કેવળજ્ઞાન ને દર્શનવાળો છે, તે રૂપે બીજા દર્શનકારો માનતા નથી. આવા સ્વરૂપવાળા જીવની માન્યતા માત્ર જૈન દર્શનકારે જ કરી છે, અર્થાત્ છોકરાની માફક કાચના કટકાને હીરો કહેવા રૂપે નથી. કેવળજ્ઞાનસ્વરૂપ આ આત્માને જૈન દર્શનકારે જ માન્યો છે. બીજાઓ જ્ઞાનનો આધાર જીવ કહે છે. જેમ તિજોરી તે હીરાનો આધાર. જ્ઞાનમય આત્માને કોણ નથી માનતા? વૈશેષિક અને

નૈયાયિક અર્થાત્ જ્ઞાનનો આધાર આત્મા એટલે જ્ઞાન ઉત્પન્ન થાય તો આમાં જ થાય. જેમ તિજોરીમાં હીરો મૂકાય તેમ.

દરેક દર્શનકાર જીવને માને પણ જ્ઞાનનું સ્થાન, જ્ઞાન વગરના આત્માને માને. આપણે જૈનો જ્ઞાનમય આત્માને માનીએ છીએ. જીવ છે એ માન્યતા સર્વ તત્ત્વકારોની સરખી છે, પણ જીવના સ્વરૂપમાં ભેદ છે.

હીરાનું સ્વરૂપ જાણવું, તેની પરીક્ષા કરવી, એ બાળકમાં ન હોય. તેમ અહીં જીવને જાણવો ખરો પણ તેના સ્વરૂપને ન માનવું, આત્માનાં જે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યરૂપ લક્ષણો માનનાર હોય તો તે જૈન દર્શન જ છે. જીવ નામની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહીએ તો દરેક દર્શનકાર સમ્યક્ત્વી બને, પણ તેમ નથી. અહીં તો "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" એટલે સ્વરૂપે કરીને જે જીવાદિક પદાર્થોની શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યક્ત્વ છે. ત્યારે હવે કહો કે ઇતર દર્શનો-નૈયાયિક, સાંખ્ય, બૌદ્ધ શૈવ કે વૈશેષિક આદિ કોઈ પણ દર્શનમાં કેવળજ્ઞાનવાળો જીવ માનવામાં આવ્યો નથી. કેવળજ્ઞાનવાળો જીવ જેણે માન્યો હોય તેણે જ્ઞાનને રોકનારાં કર્મો માન્યાં હોય. દીવાને તેજસ્વરૂપ માને તે જ તેના આચ્છાદનને માને.

હવે ફક્ત-જૈનોએ જીવને કેવળજ્ઞાનસ્વરૂપ માન્યો છે, તેથી જ્ઞાનાવરણીય કર્મ માન્યું છે અને તેથી ઇતર દર્શનમાં આવારક કર્મો છે જ નહિ અને તેથી જ કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માનતા નથી એમ નક્કી થયું. હવે આવરણો માનતા નથી તેમ કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માનતા નથી. માત્ર જીવ શબ્દ પકડી કે મર્યાદા કરનારો પદાર્થ કોઈક હોય તો તે ગતિની છે. હવે જીવ પદાર્થ રાખ્યો છે. તેથી સ્વરૂપે શ્રદ્ધા થઈ ન ગણાય. આથી સમ્યક્ત્વ પણ ન હોય. જેમ બચ્ચાએ કાચના કટકાને હીરો શબ્દ કહીને પેટીમાં રાખ્યો તેથી ઝવેરી ન ગણાય. તેમ અહીં પણ જ્ઞાન રહિત-કેવળજ્ઞાનસ્વરૂપ વિનાના જીવને માનવાવાળા તે સમ્યક્ત્વ વિનાના છે.

ઇતરોને અજીવ પદાર્થો

હવે અજીવ પદાર્થને તો સૌ માને છે. અરે ! નાસ્તિક પણ પ્રત્યક્ષ દેખાતા ભૂતોમાં પૃથ્વી, પાણી આદિ પદાર્થોને માને છે. તેમ ઘટપટાદિ પદાર્થોનેં પણ દરેક દર્શનકારો માને છે, પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવના ભેદો માનવાની રીતિ કોઈનામાં નથી. હવે જો ઇતર દર્શનકારો ધર્માસ્તિકાયાદિને માને તો પછી વ્યવસ્થા લોક, અલોકની કરવી પડે.

શંકા—જીવ અરૂપી હોવા છતાં સુખ, દુઃખરૂપ અનુભવો થવાથી તે માની લઈએ. અજીવતત્ત્વમાં ઘટપટાદિનું પ્રત્યક્ષ હોઇ માનીએ, પણ આ ધર્માસ્તિકાયને તો મનાય શી રીતે ? કારણ તે પ્રત્યક્ષ છે જ નહિ. એ તો ઘરની બાજી છે. કોઇની સાક્ષી મળી શકે તેમ નથી વૈષ્ણવ, શૈવ, સાંખ્ય આદિ કોઈ પણ દર્શનમાં ધર્માસ્તિકાયાદિ અજીવ તત્ત્વો મનાયેલાં જ નથી. અરે ! કોઈ નામથી પણ જાણતું નથી, છતાં તે મનાવવા હોય તો તમો કહો તે જ માનીએ.

સમાધાન—વાત ખરી, પણ જરાક શાંતિથી વિચાર કરો કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની સ્થિતિ જેવી કોઇક ચીજ છે, કારણ કે અનંતા પુદ્ગલો એકઠાં થઈ ને એક ટેબલ બનેલ છે, તેમાં અનંતા પરમાણુઓ એકઠા થયેલાં છે. એમાં કોઇનાથી ના પડાય તેમ નથી, અને તેમાં ધર્માસ્તિકાય આવી ગયો. જગતનો છેડો છે અને તેવી મર્યાદાવાળી જગ્યા હોવાથી તેમાં આપણે રખડવું પડે છે, જો મર્યાદા ન હોય તો પરમાણુને કે જીવને ભેળા થવાનો પ્રસંગ આવે જ નહિ, પણ આવું નિયમિત સર્કલ છે એટલે તેમાં જ ભટકવાનું થાય છે અને ભેગા થવાનું બને છે. આથી સ્કંધરૂપે ભેગા થવાય છે.

બસો માઇલનો દરિયો હોય અને તેમાં પૂર્વ–પશ્ચિમ બે બાજુએ બે દેડકાં મૂક્યાં હોય તો કયારેક ભેગાં થાય, પણ આ અનંત લોકના જીવો ભેગા થાય કેવી રીતે ? જો લોકનો છેડો જ ન

હોત તો આગળ ને આગળ જીવ ચાલ્યા જાત અને ભેગા ન થાત, પણ કહો કે ભેગા થવાનું બને છે, સ્કંધરૂપે થવાય છે. એટલે માનો કે મર્યાદા કરનારો પદાર્થ કોઈ છે. શાની મર્યાદા? તો તે મર્યાદા ગતિની છે. જો ગતિની મર્યાદા કરે તો પછી સ્થિતિની મર્યાદા કરનાર પણ કોઈક બીજો પદાર્થ જોઇએ. ગતિની મર્યાદા કરનારનું નામ ધર્માસ્તિકાય છે અને સ્થિતિની મર્યાદા કરનારનું નામ અધર્માસ્તિકાય છે.

અજીવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યક્ત્વ

આ ધર્માસ્તિકાયાદિ ભેદોરૂપે અજીવને માને ત્યારે જ સમ્યક્ત્વ સાચું ગણાય, નહિ તો સામાન્ય અજીવને માનનાર તો દરેક દર્શનકાર છે, પણ આવી રીતે ધર્માસ્તિકાયાદિ પાંચ જડ પદાર્થોને પણ અજીવ-તત્ત્વ તરીકે માને ત્યારે જ સમ્યક્ત્વી ગણી શકાય.

જેમ કાચના ટૂકડાને હીરો કહેનાર છોકરો ઝવેરી ન ગણાય, તેમ ઘટપટાદિ પદાર્થોને અજીવ માનનારો સમ્યક્ત્વી ન ગણાય. તત્ત્વે કરીને પદાર્થનું શ્રદ્ધાન વાસ્તવિકપણાએ–સ્વરૂપે કરીને પદાર્થનું શ્રદ્ધાન તેનું નામ જ સમ્યક્ત્વ છે. નામ માત્રે કરી સમ્યક્ત્વ ન હોય. અર્થાત્ ધર્માસ્તિકાયાદિ ભેદોએ કરી અજીવ પદાર્થોનું શ્રદ્ધાન થાય તો જ સમ્યક્ત્વ! જીવ અને અજીવ એ બે પદાર્થોનું સ્વરૂપ જુદું અને નામ પણ જુદું છે, જેમ હીરાનું સ્વરૂપ જુદું અને નામ પણ જુદું છે, અને કાચના ટૂકડાનું નામ પણ હીરારૂપે જુદું.

વિરમે નહિ તે ડૂબે

દરેક આસ્તિક દર્શનવાળા સુખના સાધનને પુણ્ય માને અને દુઃખના સાધનને પાપ માને એમાં બે મત નથી, તેમજ ફરક પણ નથી. જેવો જીવના સ્વરૂપને અંગે ફરક હતો તેવો સ્પષ્ટ દૃષ્ટિએ પુણ્ય–પાપમાં ફરક નહિ લાગે પણ જરાક વિચાર કરો. જેમ દુનિયા કહે છે કે–'કરશે તે ભોગવશે, કરશે તે પામશે,' પણ જૈન દર્શનને પ્રથમ પગથિયે ચઢેલો મનુષ્ય તેમ ન બોલે કે કરશે તે

ભોગવશે કે ભરશે. હવે આશ્ચર્ય થશે કે ત્યારે જૈનો શું બોલે ? તો વાંધો ત્યાં જ છે. **'જેઓ નહિ વિરમે તે ડૂબશે. એટલે પચ્ચક્ખાણ નહિ કરે—વિરતિ નહિ કરે તે ડૂબશે જ.** 'કરે તે ડૂબે' એ તો અન્યમતમાં છે;

એનારકીસ્ટની ટોળી

દૃષ્ટાન્ત તરીકે–એનારકીસ્ટની ટોળીમાં જેનું નામ હોય અને તેનો મેમ્બર જે થઇ ગયો હોય, પછી તે ઘરે બેસીને કંઈપણ ન કરે છતાં પણ તે ગુનેગાર છે, પણ તે તેમાંથી બચે કયારે ? તો રાજીનામું આપીને નામ પેશ (બાતલ) કરેલ હોય ત્યારે તે બચે. જે ટોળીને ગેરકાયદેસર ગણી છે તે ટોળીમાંથી રાજીનામું આપી ખસ્યો ન હોય તો તેની પણ ધરપકડ થાય જ અર્થાત્ સપડાય.

તેમ અહીં આપણે કોણ છીએ ?

અઢારે પાપસ્થાનકની ટોળીના મેમ્બર છીએ.

કયાં ભવમાં તે ટોળીમાંથી નીકળ્યા હતા, તે તો કહો? હિંસકપણાની કે જૂઠની ટોળીમાંથી કે ઉઠાઉગીરની ટોળીમાંથી કયારે નીકળ્યા હતા ? કહો કે અઢારે પાપસ્થાનકોની ટોળીમાં રહ્યા હતા. હવે તે મનુષ્ય ઘરે બેસી રહ્યો હોય છતાં તેને ગુનો આવ્યેથી પકડે જ છૂટકારો થાય. અર્થાત્ ટોળીમાં રહેવાવાળાને હાથકડી થાય જ. રાજીનામું ન આપે ત્યાં સુધી તે ગુનેગાર જ ગણાય, તેમ અહીં અઢારે પાપસ્થાનકની ટોળીમાંથી રાજીનામું ન આપે તો તે ધર્મ રાજાનો ગુનેગાર છે.

તીર્થંકરોને પણ રાજીનામાં

આ વાત જ્યારે ધ્યાનમાં લેશો ત્યારે શાસ્ત્રકારો જણાવે છે કે–તીર્થંકરના જીવોને પણ રાજીનામાં પેશ કરવાની જરૂર પડી છે. મહાનુભાવો ! દરેક પર્યુષણમાં કલ્પસૂત્ર તમે સાંભળો છો. તેમાં કહે છેકે **"अगाराओ अणगारिअ पव्वइए"** એટલે ઘેરથી નીકળીને સાધુપણું

લીધું'' એમ કેમ બોલો છો? સીધું કહો કે 'સાધુપણું લીધું' એમ નહિ કહેતાં 'ગૃહસ્થપણાનું રાજીનામું આપીને સાધુપણું લીધું.' એમ કહો છો. આવી રીતે તીર્થંકરના જીવોને પણ રાજીનામું અઢારે પાપસ્થાનકનું આપવું પડે છે. આ વાત કુદરતે પણ સ્વીકારી છે.

જેમ **મહાવીર** મહારાજ પૂજ્ય રાજકુમાર છે. દેવદેવેન્દ્રોથી પૂજાયેલા છે. જેની સેવામાં જન્મથી ચંડપ્રદ્યોત, ઉદાયન, શ્રેણિક આદિ રાજાઓ હાજર છે. તે રાજકુમાર એ પ્રતિજ્ઞા લે કે–" મારા નિમિત્તે કરેલ ખોરાક મારે નહિ ખાવો. અરે! એકેક દિન સ્નાન નહિ કરવું. અરે! બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પાળવી. તેમ સચિત્ત પાણી પીવું નહિ એટલું જ નહિ પણ વાપરવું કે સ્પર્શ પણ ન કરવો." આવી અડગ પ્રતિજ્ઞાઓ જેમણે બે વર્ષ સુધી સતતપણે પાળી છે, છતાં કુદરત ના કબૂલ કરે છે, કારણ કે મનઃપર્યવ જ્ઞાન તેમને થયું નથી. જો કુદરતને તે ત્યાગ કબૂલ હોત, તે સાધુપણું કબૂલ હોત તો મનઃપર્યવ જ્ઞાન થાત. અરે! શાસ્ત્રકારે પણ ગૃહસ્થપર્યાયના ૨૮ વર્ષ નહિ માનતા, ત્રીસ વર્ષ માન્યાં, કારણ કે સંસારમાંથી રાજીનામું પેશ થયું નથી. શાસ્ત્રકારો ત્યાગ ત્યારે જ માને કે અઢારે પાપસ્થાનકની ટોળીમાંથી રાજીનામું પેશ કરે તો જ.

હવે કેટલાકો કહે છે કે–ઘરે ત્યાગધર્મ શું નથી થતો?

અરે! કુદરત પણ ઘરના ત્યાગને ત્યાગ માનતી નથી. ખુદ તીર્થંકર મહારાજે ઘરે ત્યાગ કરેલો હોવા છતાં કુદરત કબૂલાત રાખતી નથી. અરે! રાજીનામા વિના લેખું ન ગણાયું, હવે શાસ્ત્રકારો પણ રાજીનામા વિના ત્યાગને લેખે ગણતા નથી. તેથી જ ગૃહસ્થપર્યાય અઠ્ઠાવીસ ન માનતાં ત્રીસ જ માન્યો.

પૂજ્ય રાજકુંવરની અવસ્થામાં ત્યાગધર્મને સ્વીકાર્યો, છતાં ગૃહસ્થપર્યાય ત્રીસ વર્ષનો ગણ્યો અને તેથી જ 'अगाराओ अणगारिअं०' એમ લખ્યું અને કહ્યું. પુણ્ય–પાપ આખી દુનિયા માને છે. હવે

પુણ્યપાપ જૈન દર્શન સ્વીકારનારને ભોગવું પડે એમ નહિ, પણ પચ્ચક્ખાણ ન કરે તે સર્વને ભોગવવું પડે. હવે જેટલું વિરમાય નહિ, તે સર્વ કર્મનું કારણ છે. પાપથી ન વિરમાય તેથી કર્મબંધ. જો અન્યમતના હિસાબે 'કરશે તે ભરશે' એમ લઈએ તો આખી જૈન 'થીઅરી' મરી જાય.

નિગોદિયો હિંસાનું કારણ ન બને

નિગોદની વાત ઊડી જાય. નિગોદની વાત ત્યારે જ કબૂલ કરાય કે 'વિરમે નહિ તે કર્મબંધ કરે' એમ થાય ત્યારે અનાદિના નિગોદિયા જીવની કાયા સૂક્ષ્મ છે. એમની કાયામાં કેવળજ્ઞાનીની કાયા પણ 'નીચી' ગણાય. અહીં અપેક્ષા ધ્યાનમાં રાખજો. કેવળી મહારાજની કાયા અયોગીપણામાં હોય, તો પણ તેનાથી જીવની વિરાધના થાય, ભલે પછી પોતાના પ્રયોગથી વિરાધના અટકેલી છે, પણ આ સૂક્ષ્મ નિગોદની કાયા કોઈના ઘાતમાં કારણ ન બને. અજવાળું કોઈને ધક્કો ન મારે. તેનાં પુદ્ગલો આપણા બહારનાં પુદ્ગલોથી બારીક છે એટલે ધક્કો લગાડી શકતાં નથી. તેમ આ સૂક્ષ્મ નિગોદના જીવોનાં પુદ્ગલો કોઈની અથડામણમાં આવે નહિ અને બીજાની હિંસા પણ ન જ કરી શકે.

આવી ઉચ્ચ સ્થિતિ કાયા જો કોઈની હોય તો તે સૂક્ષ્મ એકેન્દ્રિયની છે, કારણ કે તેનાથી પરજીવોની હિંસા ન થાય. તેમ બીજા જીવોને હિંસાના કારણરૂપ પોતે ન જ બને. આ વાત સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઘટે. બીજામાં તો પોતે હિંસા કરે અને હિંસાના કારણ પણ બને. આથી ઉચ્ચ કાયાની સ્થિતિ માત્ર સૂક્ષ્મ એકેન્દ્રિયની છે. આવી સ્થિતિ કેવળી મહારાજ અયોગી થાય ત્યાં પણ નથી, તો પછી આવી એકેન્દ્રિયની સ્થિતિમાં–નિગોદમાં કેમ પડી રહ્યા છે?

પુણ્યબંધ શામાં ?

વચન, મન તો છે જ નહિ અને કાયા તો સૂક્ષ્મ છે. એટલે 'કરે તે ભરે' એ ઇતરના મતે તો આ અતિઉચ્ચ ગણાય છતાં નીચેના

સ્થાનમાં કેમ? જૈન દર્શનકાર તો મિથ્યાત્વની માફક અવિરતિપણાને કર્મબંધનું કારણ માને છે. જ્યારે સર્વ દર્શનકારો પાપને કારણ માને છે, પણ **'પાપથી ન વિરમે તોપણ પાપ બંધાય' એવું માનનાર તો જૈન દર્શનકાર જ છે.** 'પ્રતિજ્ઞા ન કરે તો બંધાય જ એવું માનનારો જૈનમત છે, અને તેવા સ્વરૂપે પાપ માનનારો ઈતર દર્શનકાર નથી. પાપની જેમ પુણ્યમાં તો વાંધો નથી ને ? તો દુનિયાએ જે પુણ્યબંધન માન્યું છે તે વસ્ત્રપાત્રાદિના દાનમાં માન્યું છે, પણ આશ્રવના રોકાણને લઈ યોગની શુભતા, તેને લીધે પુણ્ય બંધાય એવી માન્યતા કોઈની નથી. એવી માન્યતા માત્ર જૈન દર્શનની છે.

સંવર, નિર્જરા

આપણાથી શુદ્ધ ચારિત્રના પાલનથી વૈમાનિકપણું યાવત્ પાંચ અનુત્તરવાસી બની શકાય છે. સર્વ સંવરવાળા યોગોમાં ઊંચામાં ઊંચપણું મનાયું છે. જો સંવરને ન માને તો પછી ઊંચામાં ઊંચપણું રહે જ કયાંથી ? જ્ઞાની ત્રણ ગુપ્તિવાળો–એટલે મન, વચન અને કાયાના રક્ષણવાળો એવો જ્ઞાની–ક્ષણમાં સાગરોપમનાં પાપો ખપાવે છે,' એવી નિર્જરાની વાત કોણ માને? કહો કે એવી નિર્જરાની માન્યતા અન્યોની નથી.

જૈનદર્શનનો મોક્ષ

શંકા–ભલે તે ન હોય, પણ મોક્ષની માન્યતા તો છે ને? ગમે તેવા રસ્તે પણ મૂળ ધ્યેયે તો આવ્યો, એટલે મોક્ષ નક્કી છે. પણ સંવર નિર્જરા ગમે તે રીતનાં માને તેથી શું વાંધો ? મુખ્ય ધ્યેય સાચું હોય તો બસને ?

સમાધાન–આટલા માટે કહે છે કે–મોક્ષનું ધ્યેય માન્યું પણ બીજાઓએ મોક્ષ કેવો માન્યો છે ? જેમાં જ્ઞાન–દર્શન, વીર્ય કે સુખ અનંતા હોય તેવો મોક્ષ કોઈએ માન્યો નથી. આત્માનાં જન્મ–મરણ ન થાય તેવી રીતનો મોક્ષ ઈતરોએ માન્યો છે. પણ સર્વ કાળ અક્ષય અને અવ્યાબાધ હોવા સાથે અનંત ઋદ્ધિસિદ્ધિનો ધણી

જેમાં થાય, તેવો મોક્ષ કોઈએ માન્યો નથી. અને તેથી કહેવું પડે છે કે "कृत्स्नकर्मक्षयो मोक्षः" એ લક્ષણ મોક્ષનું બાંધવું પડે છે, એટલે સર્વ કર્મનો ક્ષય છે જેમાં તેવો મોક્ષ હોય. આવા લક્ષણવાળો મોક્ષ કોઈ દર્શનકારે માન્યો નથી.

બાળક પણ ભાગ્યશાળી

આથી આત્માની ઋદ્ધિ કેવી છે તે જેણે ઓળખી કે જાણી નથી, કે સમજ્યા નથી, તો પછી તેના સદુપયોગ કે દુરુપયોગને તો શી રીતે જાણે ! સદુપયોગ કે દુરુપયોગને ન જાણે કે ન સમજે તો પછી તેવાને સગીર જ કહેવો પડે. મિલકતનો માલિક અને હકદાર છતાં ઉંમર લાયક ન થાય ત્યાં છોકરાને સગીર ગણીએ શાને માટે ? વ્યવસ્થા માટે. છોકરાને જેમ વ્યવસ્થા માટે નાલાયક ગણીએ છીએ, તેમ અહીં આ આત્માની ઋદ્ધિ જે અન્ય દર્શનકારોએ જાણી, માની કે કહી પણ નથી, તેવી આત્માની ઋદ્ધિને જાણ્યા, માન્યા કે વ્યવસ્થા કર્યા વિનાના હોઈએ તો પછી સગીરમાંથી આપણે છૂટતા નથી. સગીર બાળક પણ જન્મતાં નસીબ લઈને જ આવેલ છે. નહિ તો ઉચ્ચ કુળમાં આવે જ કયાંથી ? ભલે તે બાળક મિલકતને કે તેની વ્યવસ્થાને કે સદુપયોગ કે દુરુપયોગને ન સમજતો હોય પણ ઉચ્ચ-કુળમાં તે જન્મ્યો માટે તે ભાગ્યશાળી છે. તેમ આ જીવ પણ ભાગ્યશાળી છે, કારણ કે બાદર એકેન્દ્રિયમાં આવ્યો ત્યારે તેણે તેનો વિચાર નહોતો કર્યો. યાવત્ મનુષ્યપણા સુધી આવવા માટે વિચાર નહોતો કર્યો. યાવત્ મનુષ્યપણા સુધી આવવા માટે તે વિચાર નહોતો કર્યો, છતાં અહીં કુદરતે તેને તે રસ્તે જોડયો અને તે આવી પહોંચ્યો.

મનુષ્યપણું પણ તિર્યંચપણું કેમ નહિ ?

કષાયની પરિણતિ મંદ કરી, પરિણામો સુંદર બનાવ્યા, અને તેથી મનુષ્યાયુષ્ય બંધાયું છે. કષાયની તીવ્રતા હોય તો નરક, તિર્યંચ ગતિ બંધાય અને કષાયની મંદતાએ મનુષ્ય કે દેવગતિ થાય.

શંકા–એ શાથી કહો છો ? "બાળાવાક્યં પ્રમાણું" નહિ બને. તમો કહો તો માની લઇએ, પણ કઈ રીતેએ તે સમજાવો તો ઠીક.

સમાધાન–વાત ખરી. એક વાત ધ્યાનમાં રાખો કે જેને અફીણનું વ્યસન છે તેને ઘરે જમવા બોલાવો, તેને પાંચ પકવાન આપો અને અફીણનો કાઢો ન આપો તો બધું ફોક, પણ અફીણનો કાઢો આપીને છાશ ને રોટલો જમાડો તો પણ તે સારું જ કહેશે, કારણ કે તે પોતાની ટેવનો રસિયો હતો અને તે ચીજ તેને મળી છે. તેમ અહીં તીવ્ર ક્રોધાદિવાળા તે કહેવાય કે જેણે મગજનો કાબૂ ગુમાવ્યો હોય. અહીં મનુષ્યપણામાં તો મગજનો કાબૂ ગમે તે ભયથી રાખવો પડે. કાબૂ ન હોય તો સર્પાદિની ગતિમાં જવું પડે, એટલે તિર્યંચ કે નરક ગતિમાં જવું પડે. ગાય, ઘોડા આદિ ક્રૂરતાવાળા કહેવાય. તે છોકરાને શીંગડું માર્યા વિના ન રહે. હવે 'છોકરો લાકડી મારે તો ગાયને કેટલું નુકશાન !' આવો વિચાર જાનવરને ન હોય, પણ મનુષ્યને તે વિચાર હોય છે. એને તો મગજ ઉપર કાબૂ છે જ નહિ. ગુસ્સો કરે કે પછી તેનું શું પરિણામ આવે તેનો વિચાર તે ન કરે, તે જીવોનું સ્થાન નીચ ગતિ હોય. અફીણિયાની બેઠક તો કારખાનામાં હોય એટલે ત્યાં આખો દિન અફીણ જ ઘોળાતું હોય.

તેમ જે જીવો ક્રોધને આધીન થાય તેવાઓનું ઘર કયાં હોય?

કાબૂ વિનાનો ક્રોધાદિ હોય ત્યાં.

હવે તેવી જાતિ કઈ?

તો નરક અને તિર્યંચ. હવે ક્રોધાદિ કંઈક મંદતાવાળા હોય અને આયુષ્ય બાંધ્યું, તેથી મનુષ્યપણામાં આવ્યા. આ બધું કુદરતે કર્યું.

મનુષ્યપણાથી આગળ કુદરત નહિ લઈ જાય.

હવે અન્યમતનું પકડોને કે 'કુદરત અહીં સુધી લાવી તો હવે ઠેઠ પહોંચાડશે, 'જેને દાંત આપ્યા તે ચાવવાનું પણ આપશે જ,' પણ બેતરમાં કોઈ જગાએ કોઇએ રોટલા પકવ્યા ? જેમ વરસાદે અનાજને પકવ્યું, તેમ દળીને રોટલા પણ તે કરી દેશે ? વરસાદનું કામ તો

અનાજ વાવેલું હોય તેને ફળ તરીકે કરી દેવાનું. અનાજને લણવું વગેરે કામ તો મનુષ્યનું છે. ત્યાં કુદરતનું કામ નથી, કદાચ અનાજ સુધી કુદરતે કર્યું પણ રોટલા તો કુદરત નહિ જ કરે. હવે તમે માનો કે મનુષ્ય સુધીમાં કુદરતે લાવી દીધા, એટલે આગળ પણ લઈ જશે એમ નહિ બને. આ એક વચન ભગવાન **મહાવીર**નું વિચારશો તો ખ્યાલ આવશે.

મનુષ્યપણા પછી ઉદ્યમની જરૂર જ

ભગવાન મહાવીર મહારાજ ઉદ્યોગ, નિયતિ, કર્મ, કાળ અને સ્વભાવ એમ પાંચ વસ્તુને માનતા હતા છતાં "**अत्थि बले० वीरिए**" વગેરે એક જ કેમ બોલ્યા ? '**सहावे**' આદિ કેમ ન બોલ્યા ? કહો કે પાંચે કારણોને માનનારા છતાં એકનો જ પોકાર કેમ ? "**संते बले संते वीरिए**" એમ **पन्नि**ખસૂત્રમાં બોલીએ છીએ, તે **संसहावे** એ કેમ નથી બોલતા? કાલે, સ્વભાવે કરી કર્મ કરવાનું જીવે કરી લીધું છે, તેમાં અત્યારે જીવની સાધ્યતા નથી રહી. જીવોમાં ત્રસપણું તેમાં પણ પંચેન્દ્રિયપણું, તેમાં મનુષ્યપણું, ઉચ્ચ કુળ, સામગ્રી, બળ વગેરે મળેલાં જ છે. તે સર્વ કુદરતના પ્રતાપે થવાનું થયું, પણ હવે જે બાકી છે તે તો જીવે જ કરવાનું છે.

જેમ ખેતરમાં વરસાદ તો વરસી ગયો પણ ખેડીને વાવવું કે ઢળાવી 'રોટલા' બનાવી ખાવું, તે તો પુરુષને આધીન છે. તેમ અહીં સર્વ વસ્તુઓ કુદરતે આપેલી છે, પણ હવે તો બીજું જીવે કરવાનું રહ્યું, અને તેથી ભગવાન મહાવીર મહારાજને કાળ-સ્વભાવ-નિયતિ-ભાવિ એ ચાર કબૂલ છતાં વાત એક જ કહે છે કે '**अत्थि बले० पुरिसकार परक्कमे**' ઊઠવાની ક્રિયા, ઇચ્છાની ક્રિયા-બળ-કર્મ-વીર્ય-પુરૂષકાર ક્રિયાનું ફળ વગેરે તમારામાં છે, માટે તમારે તે સફળ કરવાની જરૂર છે, એટલે આ ઉપરથી તમારા વીર્યને ફોરવો એ જ ઉપદેશ છે. આ તમારૂં કર્ત્તવ્ય બાકી છે. તેથી '**अत्थि बले**' આદિ વચનો બોલ્યાં.

આ ઉપરથી તેઓ ઉદ્યોગ, નિયતિ આદિ માનનારા ન હતા તેમ નથી. એક વેંતની જગામાં કોલસા હોય અને ચારે બાજુ ચાર ચાર આંગળ રાખોડો હોય, વચમાં કોલસા છે તેમાં અગ્નિ નાખીએ તો કોલસા જ બળશે, પણ રાખોડો નહિ બળે, કારણ કે અગ્નિનો સ્વભાવ છે કે 'નહિ બળેલાને બાળવું' તેમ ઉપદેશકોનો સ્વભાવ છે કે–નહિ સિદ્ધ થયેલાની સિદ્ધિ માટે જ ઉપદેશ આપવો. તેમ અહીં આ મનુષ્યપણા સુધી કુદરતે લાવી દીધા. તેમાં આવતાં કેટલી મુશ્કેલી આવી છે તેનો ખ્યાલ કરી, તેમાં આત્માની ઋદ્ધિ જાણી, તેનો સદુપયોગ કે દુરુપયોગ સમજવા સાથે વ્યવસ્થા કરતાં શીખીએ તો જ ખરા માલિક ગણાઈએ.

મળેલી મહેરમાં પણ ત્રણ વર્ગ

કુદરતે જેને સાધન મેળવી આપ્યાં, તેમાં ત્રણ કલાસના વિદ્યાર્થીઓ હોય. જેમ કલાસમાં ત્રણ વર્ગ હોય, તેમ અહીં કુદરતે જેના ઉપર સંપૂર્ણ મહેર કરી છે, તેના પણ ત્રણ વર્ગ છે : બાળ, મધ્યમ બુદ્ધિ અને બુદ્ધ.

લિંગ, વર્તન અને તત્ત્વથી બાળાદિ

કોઈને બાળ કે મધ્યમ રહેવું નથી ગમતું. સહુને બુધ કે પંડિત થવું ગમે છે. બાળ કોને કહેવો, તે સમજીને આત્મા તે સ્થિતિમાં છે છે કે નહિ તે વિચારો. તેવી જ રીતે મધ્યમ બુદ્ધિવાળા અને બુધ કોને કહેવા તે વિચારો.

દ્રષ્ટા અને દર્શનીયના સ્વરૂપના અંગે વિચારીએ તો **બાહ્ય વર્તનના અંગે વિચારનારા બધા 'બાળક.' શારીરિક પ્રવૃત્તિ દ્વારાએ વિચારનારા તે 'મધ્યમ' અને તત્ત્વ દૃષ્ટિએ વિચારનાર તે તત્ત્વજ્ઞ એટલે ઉત્તમ** તરીકે ગણાવ્યા. આ બધા દર્શનીય તરીકે જોયા. દેવ, ગુરૂ અને ધર્મને અંગે બાહ્ય પ્રવૃત્તિ આદિ જોઈને જે ગણી લે, તે દર્શનીય પદાર્થને અંગે બાળ, મધ્યમ અને ઉત્તમ પણ એ રીતે કહેવાય.

હવે સ્વરૂપે ગણીએ તો તે કેવી રીતે? ધર્મમાં લિંગ, વર્તન અને માર્ગ દ્વારા પરીક્ષા છે. તેમ ગુરૂ અને દેવમાં પણ સમજવું એટલે દેખવાની જે ચીજ તેની અપેક્ષાએ ભેદો થયા. હવે દેખનારાઓની અપેક્ષાએ ભેદ પાડીએ. જેમ લીલા કાચના ચશ્માં પહેર્યાં હોય તેથી તે ચીજો લીલી દેખાય. અહીં મૂળ ભેદ કયાંથી? તે ભેદ ચશ્માંથી છે કારણ કે જેવા રંગના ચશ્મા, તેવા પદાર્થો દેખાય. તેમ અહીં બાળ, મધ્યમ અને બુધ એ ત્રણમાં જો ફરક હોય તો દર્શનીયમાં ફરક થાય. હવે બાળકાદિ ત્રણનું સ્વરૂપ કેવું ગણવું? તો તો તે માટે જણાવ્યું કે **દૃષ્ટિપ્રધાન બાળક** હોય, તે લિંગદ્વારાએ પરીક્ષા કરે. **મધ્યમ બુદ્ધિવાળો વિચારપ્રધાન**વાળે હોય અને તત્ત્વવાળો તો માર્ગ ઉપર દૃષ્ટિ રાખી, **પરીક્ષાપ્રધાન** હોય તેથી તે બુધ ગણાય. આ ત્રણ ભેદો સ્વરૂપે પાડયા. દર્શનપ્રધાન માટે બાળ, વિચારપ્રધાન માટે મધ્યમ અને પરીક્ષાબુદ્ધિ હોવાથી બુદ્ધ. હવે તે ત્રણ શું? લિંગ વૃત્ત અને તત્ત્વ એ ત્રણ દર્શનીયના ભેદો છે, તેમ અહીં દર્શન, વિચાર અને પરીક્ષા એ ત્રણ ભેદો શી રીતે? તે અગ્રે સમજાવાશે.







જે સત્યથી હિંસા થાય તે સત્ય નહીં પણ અસત્ય

છે, કારણ કે અહિંસાના રક્ષણ માટે બીજાં વ્રતો છે, 
જેમ ચીભડાના રક્ષણ માટે વાડ કરાય છે, તેમ.





વ્યાખ્યાન ૨૬ દર્શન, વિચાર અને પરીક્ષા

તેર કાઠિયા જાણ્યા વિના તેનાથી બચવું મુશ્કેલ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજ **પોડશક પ્રકરણમાં** આગળ જણાવી ગયા કે જે કોઇ ભવ્ય જીવ આ મનુષ્ય ક્ષેત્રમાં આવી પંચેન્દ્રિય, સંજ્ઞીપણું, ઉચ્ચ કુળ, દેવ, ગુરુ અને ધર્મની ભેગવાઈ પામેલો છે તે હવે તેર કાઠિયાઓથી ઘેરાયેલો ન હોય, તે જ દેવ. ગુરુ અને ધર્મની પરીક્ષામાં ભેડાય, અને તેના સ્વરૂપને જાણે પણ ખરો,

સામાન્ય રીતે 'તેર કાઠિયા' એ શબ્દ આપણામાં પ્રસિદ્ધ છે, પણ તે કયાં? એ પૂછે તો કહેવા કોઈ તૈયાર નથી. અરે! ડગલે ને પગલે તેનો વ્યવહાર કરતા હોઈએ, પણ તેને ન જાણીએ ત્યાં સુધી તેના નિવારણનો ઉપાય શી રીતે? જેમ ગ્રહ જાણ્યા વિના તેની પીડાથી દૂર રહી શકીએ નહિ, પણ જ્યાં ગ્રહો જ જાણતા ન હોઇએ ત્યાં શું થાય? તેમ કાઠિયાઓ માથા ઉપર આવીને રાજ્ય કરી જાય ત્યાં સુધી ખબર પણ ન પડે. કારણ કે કાઠિયા કયા તે જાણતા નથી; માટે કાઠિયાઓને જાણવાની જરૂર છે.

સંખ્યાથી મનુષ્યપણું મુશ્કેલ

આથી મનુષ્યપણા આદિની દુર્લભતા જણાવતાં જણાવ્યું છે કે ચૌદે રાજલોકમાં આ વસ્તુ અતિ મુશ્કેલ છે. કઇ અને કેમ? તો નારકી તિર્યંચપણામાં મુશ્કેલ કહો તો ઠીક, પણ દેવગતિમાં મુશ્કેલી? કેમ? તો મનુષ્યપણું દેવગતિને મેળવે, એટલે દેવપણું મળવું સહેલું છે. દુનિયાદારીની દૃષ્ટિએ મનુષ્યપણું સહેલું લાગે, પણ 'જેની જગ્યા મોટી તે સહેજે મળી શકે.' પણ 'જેની જગ્યા ઓછી

તે મળવાની મુશ્કેલી'. આ વાત દુનિયામાં દેખીએ, સમજીએ અને માનીએ પણ છીએ. તો હવે દેવની સંખ્યા એટલી બધી જબરજસ્ત છે કે મનુષ્ય કરતાં સંખ્યાતગુણી. ત્યારે ગર્ભજ મનુષ્યની સંખ્યા ઓગણતીસ આંકવાળી છે. આ હિસાબે કહો કે મનુષ્યની સંખ્યા ઘણી જ ઓછી, વેઢે ગણાય તેટલી, ત્યારે દેવની સંખ્યા અસંખ્યાતી. આથી દેવપણું મળવું સહેલું છે.

સ્થાનની અપેક્ષાએ મનુષ્યગણું મળવું મુશ્કેલ

વળી દેવના ઉમેદવાર કેટલા? એટલે તે પામવાને લાયક કેટલા? તો કહો કે એકેન્દ્રિય તો નહિ જ ને? તેમજ વિકલેંદ્રિય પણ નહિ જ ને? દેવતા કે નારકીઓ પણ મરીને દેવગતિમાં ન જ ઉપજે. હવે રહ્યા ફક્ત મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય; જ્યારે દેવનાં ઉત્પન્ન થવાનાં સ્થાનો અસંખ્યાત ગુણા અને ત્યાં ઉમેદવાર માત્ર બે જ! પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એ બે જ છે. દેવ ગતિના આ બે જ ઉમેદવારો છે, અહીં મનુષ્યનાં સ્થાનો વેઢે ગણાય તેટલાં છતાં તેના ઉમેદવારો ઘણા. દેવગતિવાળા, નરકગતિવાળા તેમજ એકેન્દ્રિયાદિ પણ મનુષ્યપણાને મેળવી શકે, એટલે સર્વ ગતિવાળા મનુષ્યપણા માટે લાયક છે.

જેના ઉમેદવાર ઘણા હોય ને જગ્યા થોડી હોય તો તે મળવી મુશ્કેલ કે જેના ઉમેદવાર ઓછા અને સંખ્યા ઘણી હોય તે મળવું મુશ્કેલ? આ બન્નેમાં મુશ્કેલ કયું?

હવે મનુષ્યપણું સંખ્યામાં ઓછું હોવાથી અને ઉમેદવાર ઘણા હોવાથી તે મળવું મુશ્કેલ છે. ત્યારે દેવપણાનું સ્થાન મોટું અને ઉમેદવાર ઓછા એટલે તે મળવું સહેલું છે. તેથી મનુષ્યપણું ચૌદ રાજલોકમાં મળવું મુશ્કેલ છે.

મુશ્કેલ એવું-આર્યપણું; ઉત્તમ કુળ પંચેન્દ્રિય સંપૂર્ણપણું

તે મનુષ્યપણું પામ્યા છતાં આર્યપણું મુશ્કેલ છે. બત્રીશ હજાર દેશમાં રપા દેશ માત્ર આર્ય છે. હજારમાં ભાગ કરતાં પણ

આર્યના દેશો ઓછા છે, તેવું આર્યપણું પામ્યા છતાં ઉત્તમ કુળમાં આવવું મુશ્કેલ, કદાચ અધમ કુળમાં ગયા તો સીંગમાંથી જ સળ્યા. હવે ઉત્તમ કુળમાં આવવા છતાં ગળથુથી પડતી હોય તો તે માતા તરફથી. તેનાથી બાલ્યપણામાં સંસ્કાર પડે, કારણ કે સમજણ આવ્યા પછી તો પિતાના સંસ્કારો પડે. માતા જો ઉત્તમ સંસ્કારવાળી ન હોય તો ઉત્તમ સંસ્કાર બાળકમાં ન આવે. તેમ છતાં પંચેન્દ્રિય સંપૂર્ણપણું મળવું મુશ્કેલ એ મળવા છતાં તેર કાઠિયાઓ મળે તો મુશ્કેલ, કયા ? આલસ્ય, મોહ આદિ જે તેર છે તે.

આ તેર કાઠિયાઓ જ્યાં સુધી હૃદયમાં વસ્યા હોય ત્યાં સુધી દેવ, ગુરુ ને ધર્મ પ્રત્યે ઝૂકવાનું મન ન થાય, કેટલાક જીવો એવા આળસુ હોય છે કે જરાકે હરવું ફરવું હોય તો તેમને ઘણું જ મુશ્કેલ થાય.

આળસુ જાંબુ ખાનાર

જેમ જાંબુ માટે ઘોડેસ્વારને એક મુસાફરે બોલાવ્યો. શા માટે? પેલું પડેલું જાંબુ લઈ મુખમાં નાખવા માટે. હવે પેલો કહે છે કે– તું આળસુપીરનો 'પીર' છે. ત્યારે પેલો કહે છે–તમો કે હું ? વાડ ઓળંગી ખેતર વટાવી અહીં આવ્યા અને એક નજીકમાં રહેલા જાંબુને આપતાં શું થાય છે ?

ત્રણ ચોગે આળસ કરાવનાર કાઠિયો 'આળસ'

આવા મનુષ્યો દેવ, ગુરૂ અને ધર્મની પરીક્ષા શી રીતે કરી શકે ? હવે જેઓ મનુષ્યપણું વગેરે પામેલા હોય પણ કાઠિયો એવો જબરજસ્ત હોય કે તે ઉઠવા જ ન દે. આપણે શું ? 'કરશે તે ભરશે' એ આપણે વિચારવાનું ન હોય. આમ આળસ પોતાની દશાને બતાવે. આવી રીતે કાયાની જ દશા છે એમ નહિ પણ વિચારમાં ય તે 'આળસ' નામનો કાઠિયો આગળ થાય જ. કાઠિયો એકલો કાયિક આળસ કરે તેમ નહિ, પણ વાચિક અને માનસિક પણ **'આળસ'** કાઠિયો કરે અને કરાવે. એટલે ધર્મથી દૂર જ રાખે.

કર્મના ફળમાં ઈશ્વરની જરૂર નથી

આળસ છોડી અને પરીક્ષામાં ઉતરે ત્યાં બુદ્ધિ પરોવવી પડે ત્યારે મૂંઝવણ થાય. તે સીધો રસ્તો કાઢી ન શકે. જેમ જગત્ પરમેશ્વરે કર્યું હશે તો? હવે જો **જગતને પરમેશ્વરે બનાવ્યું હશે તો જૈન ધર્મ માનવો નકામો અને જો પરમેશ્વરે નહિ બતાવ્યું હશે તો ઇતર ધર્મો માનવા નકામા,** કારણ અહીં ઈશ્વર જ સર્વ ચીજોનો અને કર્મોનો કર્તા બને છે. તેમાં પોતાની જવાબદારી હોતી નથી. એમ ઇતર ધર્મમાં ફરમાવ્યું છે, ત્યારે જૈન દર્શન તો પોતાની જવાબદારી રાખવા સાથે 'કર્મના કર્તા તમો પોતે જ છો અને સદ્ગતિ કે દુર્ગતિના ભાજન તમો પોતે.' તમારા કર્મના હિસાબે તમે સુખી-દુઃખી થયા છો. આવતો જન્મ કેવો લેવો એ પોતાના હાથમાં છે, એટલે 'જેવી કરણી કરો તેવો જન્મ મળશે.' તમો કરણી સારી કરો તેથી ખરાબ જન્મ ઈશ્વર આપે એમ બનતું નથી. જો કરણી સારી કરી તો હવે સદ્ગતિ જ મળશે, એટલે કરણીની જવાબદારી પોતાના શિરે જ છે.

શંકા–ગુનેગારને આપોઆપ સજા જ થતી નથી, તેને માજીસ્ટ્રેટ કે રાજા હોય તો જ સજા કરે, નહિ તો તે બને શી રીતે? તેમ અહીં કર્મ કરનારને સજા કરનાર કોઈકે બીજો જોઈએને?

સમાધાન–વાત ખરી, પણ તું મરચું ખાય છે અને તને બળતરા બળે છે. તે સજા કરવા કોણ આવ્યું? તેમ હરડે ખાવાથી રેચ, ઘી સાકર ખાવાથી ઠંડક—આ કોણે કર્યું? કહો કે ન્યાયાધીશ વિના આ બન્યું શાથી? તારા હિસાબે તો ઝાડો કરવા પણ ન્યાયાધીશ જોઈએને? જગતના પદાર્થો પોતાની મેળે પોતાનું કાર્ય કરે જ છે તેમ શુભ કે અશુભ પુદ્ગલો બંધાય તે પોતાનું કાર્ય કરે જ. તેમાં ન્યાયાધીશની જરૂર ન હોય.

જો તું કર્મમાં ન્યાયાધીશને લાવીશને તો પછી બળતરા, ઠંડક આદિમાં પણ જોઈશેને? કહો કે પદાર્થ જડ હોવા છતાં

તેનો સ્વભાવ છે કે તે તે રૂપે પરિણમે છે. તેમ અહીં કર્મોનો સ્વભાવ છે કે જે જે રૂપે હોય તે તે રૂપે પરિણમે. એટલે પાપના પુદ્ગલનો સ્વભાવ છે કે–તે દુઃખરૂપે પરિણમે જ. તેવી જ રીતે પુણ્યના પુદ્ગલનો સ્વભાવ છે કે તે સુખ રૂપે જ પરિણમે. અરે ! ક્ષણે ક્ષણે આપણી પરિણતિ ફેરફાર થાય છે, તેમજ ક્ષણમાં કોઈના પ્રત્યે ક્રોધ થયો અને તેને ગાળ દીધી, તેથી ઈશ્વરે ગાળ દેવડાવી એમ કહેવાય કે?

બીજાના સંસ્કાર—ભૂંડામાં ભગવાન

હવે જેને લોકો પાસેથી ભગવાનના નામે ધૂતી ખાવું છે તે લોકો જ ઈશ્વરને કર્તા કહે છે. ઈશ્વરના દલાલરૂપે વચ્ચે રહેવાથી બ્રાહ્મણો શ્રાદ્ધ આદિમાં કમાઇ ખાય છે અને તેથી જ પોતાના કુટુંબના નિભાવ માટે વચ્ચે ઈશ્વરને ગોઠવે, એટલે જવાબદારી બધી તેના શિરે નાખે. સારાં-નરસાં કરવાનું કામ ભગવાનને માથે. આપણામાં પણ તેવા 'સંસ્કારો' છે, જેમ 'ભગવાન કરશે.' **કાળિયાની જોડે ધોળિયો રહે તો સાન ન લે પણ વાન તો લે.** એટલે તમો મિથ્યાત્વી ભલે ન થયા પણ વાત તો તેની લીધી. જેઓ નિરંજન, નિરાકાર છે, જેણે જગતને પોતાના કર્મોથી ઉદ્ધાર કરવાના રસ્તામાં જ જોડ્યું છે, તેને માટે જવાબદારી સુખ-દુઃખની નંખાય જ કેમ ? કાગળ લખવામાં પણ જુઓને—

પરણાવવામાં પંડ, જણવામાં જોરૂ અને ભૂંડામાં ભગવાન

જેમ કોઈની કાળોતરી લખે ત્યારે લખે કે ફલાણાભાઇ મરી ગયા, તેમની પાછળ બાળ સંતાન છે, કોઇ બીજું છે નહીં. 'ભગવાનને ગમ્યું તે ખરું. હવે અહીં મિથ્યાત્વીના પરિચયમાં આવવાથી આપણે ભલે મિથ્યાત્વી ન થયા, પણ તેમના સંસ્કારો તો લીધા. કહો કે ભૂંડામાં જ ભગવાનને આગળ કરવા છે. પરણાવવામાં પંડને આગળ ધરે છે. જણવામાં સ્ત્રીને આગળ કરે છે. અહીં જૈનમતમાં પોતાની કરણી માટે પોતે જ જવાબદાર છે, તેમાં ઈશ્વરને કંઈ સંબંધ નથી.

હવે તમો કહેશો કે જો ઈશ્વર કંઈ સુખ, દુઃખ કે સદ્ગતિ કે દુર્ગતિ નથી કરતો. તો પછી તેને માનવો શા માટે ?

તીર્થંકર મહારાજ કુમાર્ગ, સુમાર્ગને બતાવે

માસ્તરો સ્કૂલમાં જે શિક્ષણ આપે છે તે શા માટે ? માસ્તરનો અધિકાર શિક્ષણ આપવાનો અને તે પણ ઉત્તમ. પછી જીવનનિર્વાહ કેમ કરવો તે વિદ્યાર્થીનો અધિકાર છે. માસ્તરે તો ઉપાયો કીર્તિ મેળવવાના કહ્યા હતા, પણ વિદ્યાર્થી પછી કીર્તિ મેળવે કે અપકીર્તિ મેળવે, તેમાં માસ્તરની જવાબદારી ન ગણાય. સૂર્ય કે અજવાળાની જવાબદારી કેટલી ? કાંટો કે કાંકરાને બતાવી આપે તેટલી, પણ તે ત્યાંથી ઉપાડી બીજે ન મૂકે ખાડો, ટેકરો કે કૂવો આદિ તે બતાવે, પણ તેનાથી દૂર રહેવું કે બચવું, એ કામ દેખનારનું છે. તેમ અહીં ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ માસ્તરની જેમ કુમાર્ગ, સન્માર્ગ બતલાવે અને તેના ફાયદા જણાવે.





ડૂબેલા અને ડૂબતાઓને દેખીને દયા આવી, અને તરવાની ઇચ્છાવાળાઓને તરત બચાવવા એ જૈન શાસનની રીતિ છે.



વ્યાખ્યાન ૨૭ દેવ, ગુરુ ને ધર્મની પરીક્ષા

બેદૂત વગેરે ધર્મી ગણાય

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિ મ. ભવ્યોના ઉપકારને માટે **ષોડશક** પ્રકરણમાં જણાવી ગયા કે-" **बालः पश्यति लिङ्गं** " મનુષ્યમાત્ર ધર્મને લાયક. પણ ધર્મને લાયક છતાં તે ધર્મને મેળવે કેવી રીતે ? પોતપોતાની દૃષ્ટિએ પરીક્ષા કરીને તે મેળવે. સામાન્ય રીતે ધર્મની પ્રીતિ આખા જગતને રહેલી છે. જગતમાં જે વસ્તુ વહાલી લાગે તેના જુદા પણ શબ્દો પ્રીતિ કરનારા થાય છે. જગતમાં ઋદ્ધિ સિદ્ધિ વહાલી હોય તોય બ્રાહ્મણના આશીર્વાદથી મળી જાય એમ નથી હોતું, છતાં તેવા જ આશીર્વાદથી ખુશ થાય, નાખુશ ન જ થાય. કોઈ અષ્ટસિદ્ધિ કે નવનિધાન કે ચિરંજીવી કહી દે, તેથી ભંડાર કે મૃત્યુ થવાનું હશે તો તેમાંથી કોઈ બચશે નહિ, છતાં તેનાથી ખુશી જ થાય, વળી કોઇ ગાળો બોલે તેથી નખ્ખોદ થતું નથી, એટલે તેના કહેવા પ્રમાણે બનવાનું નથી, છતાં જૂઠ્ઠા શબ્દો અનિષ્ટવાચક હોવાથી પોતાને ક્રોધ કરનારા નીવડે છે. આવી જાતની સ્થિતિ છે, એટલે **કહેપેલો જૂઠ્ઠો શબ્દ પણ અનિષ્ટ લાગે છે,** તેવી રીતે અહીં પણ આર્યમાત્રને ધર્મિષ્ઠ-ધર્મી કહે તો તે રાજી રહે, જેમ " અખંડ ઋદ્ધિવાળા થાઓ " એમ જૂઠ્ઠું બોલે છે, કારણ સમૃદ્ધિ કરવાનું કહેનારના હાથમાં નથી, છતાં તે કહેવાથી સાંભળનારને ક્રોધ ચઢતો નથી. તેમ અહીં ધર્મનું આચરણ ન કરતો હોય છતાં જૂઠ્ઠો પણ ધર્મિષ્ઠપણાનો શબ્દ ક્રોધ કરાવનાર થતો નથી. તેવી જ રીતે 'અધર્મી' શબ્દ કહેવામાં આવે તો તેને ક્રોધ ચઢે છે. તેનું કારણ તે અનિષ્ટ શબ્દ છે. માટે 'પુણ્યવાન્' કહેવાથી રાજી થવાય છે અને

'પાપી' કહેવાથી નાખુશ થવાય છે. આમ કેમ બને છે? તો ધર્મ ઈષ્ટ છે, પાપ અનિષ્ટ છે. માટે હવે તે ધર્મને કરી શકે કે નહીં, પાપને છોડી શકે કે નહીં તે વાત જુદી.

આર્ય મનુષ્યમાત્રને ધર્મ ઈષ્ટ છે, પાપ અનિષ્ટ છે તે ચોક્કસ થયું. આચરણ ગમે તેવું કરતો હોય તે જોવાનું નથી, પણ માન્યતા તો ઉપર પ્રમાણે છે. આમ છતાં ધર્મી છે તેમ ન કહી શકાય, પણ તેઓ ધર્મને સારો ગણનારા છે.

ધર્મને સારો કેવી રીતે ગણે ?

શ્રેણિક રાજાની સભામાં લોકો વાત કરે છે કે, "લોકો અધર્મી થયા છે, તેઓ પાપ કરતાં ડરતા નથી. જીવનમાં ધર્મનું નામ પણ નથી." ત્યારે અભયકુમારે કહ્યું કે આ લોકો માત્ર સફાઈની જ વાત કરે છે, પછી વિચાર્યું કે એક વખતે સ્વપ્નમાં "હું રાંડ્યો" એવું મને લાગ્યું એટલે બાયડી કહે કે હું મરી એના કરતાં તમે જ મરોને ! અહીં દુનિયા અધર્મી છે એટલે હું તો ધર્મી ને !"

અભયકુમારે કહ્યું કે જૈનધર્મનો મુદ્દો એ છે કે–પોતે પાપથી વિરમ્યો ન હોય ત્યાં સુધી તે પોતાને પાપી જ ગણે, આ વિચાર જેને નથી આવતો, તે પોતાને ધર્મી માને અને લોકોને પાપી માને પણ તે વાત સમજાવવી કેવી રીતે ? એક કોયડો કર્યો. એટલે અભયકુમારે કહ્યું કે–પાપી થોડા હોય છે અને ધર્મી ઘણા હોય છે. પ્રધાન તરીકે અહીં અભયકુમાર છે. એટલે બે માસ વીતી ગયા. પછી લોકો કાર્તિક માસે ઓચ્છવની ઉજવણી કરવા જ્યાં જાય છે, ત્યાં બે મહેલ રંગાણા : એક સફેદ અને બીજો કાળો. "જે લોકો ધર્મિષ્ટ હોય તે સફેદમાં જાય અને જે અધર્મી હોય તે કાળામાં જાય," એમ જાહેર કરાયું. બધા ધોળા મહેલમાં ગયા. ફક્ત ચાર જ શ્રાવક કાળા મહેલમાં ગયા. અહીં ખેતીવાળો પણ સફેદ મહેલમાં ગયો છે. તેને ધર્મ માટે પૂછ્યું, તો તે કહે છે કે ખેતી કરવાથી અનાજ થાય, તે લોકો ખાય અને તેનાથી તે જીવે છે. માટે તે ધર્મ છે.

ખાટકી આવેલો તેને પૂછ્યું કે તું અહીં કેમ ? તો હિંસક-પ્રાણી એટલે માંસાહારી પ્રાણીઓનું હું પોષણ કરું છું, નહિ તો તેમનું શું થાય ?

હવે ચોર ત્યાં આવેલ તેને પૂછ્યું કે તું કેમ ધર્મીપણામાં આવ્યો ? 'તો દરેક પર મારો ઉપકાર છે, કારણ અમારા લીધે લોકો જાગતા રહે. વળી સુથાર-લુહારને તો અમારા લીધે કમાણી છે. જો ચોર ન હોય તો પછી તેમની કમાણી શાના ઉપર થાય ?'

એમણે ધર્મ સારો માન્યો, પણ કયો? પોતાની દૃષ્ટિનો. અહીં સર્વ વાનાં કરવાનાં છે પોતા માટે, છતાં તે સ્વાર્થને ધર્મ કહેવો છે!

હવે અહીં કાળા મહેલ ઉપર આવી જોયું તો ત્યાં ચાર શ્રાવક હતા. તેમને પૂછ્યું કે-તમે અહીં કેમ ? તો તેમણે કહ્યું: અમે પાપી છીએ-અઢારે પાપસ્થાનકોમાં પ્રવર્તેલા છીએ પછી અમે ધર્મી શી રીતે હોઇએ ? આ બન્ને ઉપરથી લોકોને ધર્મઅધર્મની ખબર પડી. તેમાં અહીં ધર્મની દૃષ્ટિદૃષ્ટિમાં ફરક હોય.

બાળજીવોની બાહ્યલિંગથી દેવોની પરીક્ષા

અહીં જે "બાળક" શબ્દ સામાન્ય દુનિયાદારીમાં વપરાય છે, પણ શાસ્ત્રકાર કહે છે કે રાગ અને દ્વેષથી ભરાયેલો એટલે રાગદ્વેષની પ્રવૃત્તિ ઉપર કાબૂ ન રાખી શકે તે બાળક. જુગલીયા પ્રથમ જેમ અગ્નિને પકડવા ગયા હતા, પણ તેમાં અનર્થ શો થશે તેની ખબર તેમને ન પડી. બાળક કામ પડે તો માના પણ ઝીંયાં ખેંચે, એટલે રાગ અને દ્વેષે કરીને વ્યાપ્ત હોય તેને દૂર કરવાનો અવસર ન હોય તેનું નામ બાળક. એટલે વિચાર પ્રમાણે વર્તન કરનાર, પરિણામ તે જુએ નહિ તે. અર્થાત્ જેની રાગદ્વેષવાળી અશુભ પ્રવૃત્તિ હોય તેનું નામ બાળ. હવે તેવો બાળક ધર્મની પ્રવૃત્તિ કે દેવગુરુ આરાધનાની પ્રવૃત્તિ કરે તે વ્યવહારથી કરે, વ્યવહાર પૂરતી જ તેની દૃષ્ટિ હોય.

હવે મધ્યમ બુદ્ધિવાળો શું વ્યવહારને નહિ દેખે? તત્ત્વ-દૃષ્ટિવાળો શું વ્યવહારને નહિ દેખે?

તો તે વ્યહારને જરૂર જોશે. મધ્યમબુદ્ધિવાળો મુખ્યતાએ વર્તનને દેખે અને વ્યવહારને તો સહાયક તરીકે જ દેખશે, તેમજ બુધ તત્ત્વને જ જોશે, એટલે દેવને અંગે વ્યવહાર, વર્તન અને તત્ત્વને જોશે.

હવે પ્રથમ બાળ બુદ્ધિવાળો દેવને અંગે શું જોશે ?

ચાર અતિશય અને આઠ પ્રાતિહાર્ય. ચોવીસ અતિશય વગેરે બાહ્ય લક્ષણો જેમાં હોય તેને જ દેવ તરીકે તે માને, તે સિવાયનાને દેવ તરીકે ન માને આઠ પ્રાતિહાર્ય તે શું છે? તે બાહ્ય લક્ષણો જ છે. બાહ્યદૃષ્ટિવાળાને દેવપણાની પરીક્ષા માટે ઉપરની ચીજો જ જોવાની હોય, અને તે દ્વારા જ દેવને પારખી શકે. આ દેવનું બાહ્યલિંગ થયું, તેથી શાસ્ત્રકારોએ પણ બાહ્યલક્ષણવાળા દેવને નમસ્કાર કરવા જણાવ્યું છે, વળી–"**चउतीसअइसयजुआ अट्ठमहापाडिहेरकयसोहा**" એવું વિશેષણ આપીએ છીએ. વળી ચૌદ સ્વપ્ન સહિત, તીર્થંકર કુળમાં જે અવતાર્યા હોય, તે જ વીતરાગ થઈ શકે.

હવે કલ્પસૂત્રમાં જેમ ગોશાળાને અંગે વાત ચાલી છે, ત્યાં "ગૌશાળા"માં જન્મેલો છે–એટલે જ ગૌશાળામાં જન્મેલો હોય તે ગૌશાળો. એક સદ્‌ગૃહસ્થ જેવાના ઘરે પણ નહીં–સુમંગળા અને મંખલિના ઘરે જન્મેલો હતો. હવે ગોશાળાનું તત્ત્વજ્ઞાન કે વર્તન કેવું ખરાબ છે તે જણાવવું જરૂરી હતું, તે જ જણાવતાં તેના જન્મનું સ્થાન, માબાપનું દરિદ્રપણું વગેરે ભગવાન્ મહાવીર મહારાજા જણાવે છે. કેમ ? તો તેમનું તીર્થંકરનું લિંગ ગૃહસ્થપણું બહારનું જે હોય તે તપાસવાનું હોય. એટલે કે રાજકુળમાં જેનો જન્મ નથી તે આવી રીતે તીર્થંકર બની શકે નહિ.

વળી ગર્ભસંહરણ વખતે ઇંદ્રમહારાજા બોલે છે કે–રાજ્યકુળાદિ જે ઊંચા કુળો હોય અને રાજ્યલક્ષ્મી વધતી હોય ત્યાં જ તીર્થંકરનું ગૃહસ્થપણામાં પાલન થાય. અરે ! બુદ્ધવીતરાગપણામાં અશોકાદિ પ્રાતિહાર્યનાં ચિહ્નો હોય. વળી **ઉવવાઈજીમાં**—તીર્થંકરના વિહારને

અંગે જણાવાયું કે–આકાશમાં ચક્રાદિ વગેરે લક્ષણો યુકત જ તીર્થંકર હોય.

આ ઉપરથી દિગમ્બરો કહે છે કે–અમે ત્યાગને માનીએ, ભોગને ન માનીએ. તો પછી તીર્થંકર કેવળીને દરિયાને કિનારે મોકલવા, કારણ કે પ્રાતિહાર્યાદિ વિનાના જે હોય તે સામાન્ય કેવળી છે. તેને તીર્થંકરથી ય ઉચ્ચ માનો. પ્રાતિહાર્યાદિ સહિત જે તીર્થંકર હોય છે તેમને તું ત્યાગી માનીશ અને તેથી **"नमो अरिहंताण"** પદ તું માનીશ નહિ કે જંપીશ નહિ. પછી તો **"नमो केवलीण"** એ પદ બોલવું પડશે કારણ કર્માદિ શત્રુઓને જીતેલાને નમસ્કાર નહીં કરાય, કારણ તીર્થંકરમાં બાહ્યસમૃદ્ધિ જરૂર હોય. અતિશયો દેશના વખતે હોય અને પ્રાતિહાર્યો તો કેવળજ્ઞાનથી તે ઠેઠ મોક્ષ સુધી હોય. પહેરેગીર જેમ આઠે પહોર હાજરી આપે તેમ આ પ્રાતિહાર્યો ચોવીસે કલાક હાજર રહે અને તેથી જ તેનું નામ પ્રાતિહાર્ય. આવી રીતે દેવતત્ત્વની પરીક્ષા માટે બાળક જે બાહ્યલિંગ જુએ તે આઠ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશય આદિ. તેથી હરિભદ્રસૂરિજીને કહેવું પડ્યું કે **"यस्य संक्लेशजननो रागो नास्ति"** અર્થાત્ સંકલેશજનક રાગ નથી, એટલે આત્માને દુર્ગતિમાં લઈ જનારો રાગ છદ્મસ્થપણાની દશામાં પણ ન જ હોય. અને આવી સ્થિતિ છદ્મસ્થપણામાં હોય છે. ભગવાન્ તીર્થંકર–મહારાજા દેવનું બહારનું લિંગ પ્રાતિહાર્યાદિ છે.

તેમનું વર્તન કેવું હોય? તો **"प्रशमरसनिमग्नं दृष्टि युग्मं प्रसन्नं"** એટલે-સ્ત્રી કે રાગ, અજ્ઞાનથી વિમુકત, હથિયારાદિથી રહિત અને બન્ને દૃષ્ટિ જેની શાંતરસમાં મગ્ન હોય તે **વીતરાગ**. તે માટે **હેમચંદ્રસૂરિજી** કહે છે કે–જગતમાં નાટકીયા જે હોય તે મૂળ પ્રમાણે વર્તન તો કરે, એટલે **શિવાજી** થઈને આવનારો દક્ષિણી પાઘડી આદિ પહેરીને અનુકરણ કરે પણ આ બીજા મતવાળાઓ તો સાચા દેવ તરીકે ન બને એ તો ઠીક, પણ નાટકીયા દેવ પણ નથી બની શકતા.

वपुश्च ज्ञिनेन्द्रमुद्रा तवान्या-" આત્મકલ્યાણના આદર્શરૂપ બનવું હોય તો બહારના શરીરના અવયવો તો ઠીક રાખવા પડે. જેમને ક્રોધ નથી. એમ કહેનારનાં હોઠ ફફડતા હોય, આંખ લાલ હોય, તો પછી તેમનામાં ક્રોધ નથી એ કેમ મનાય? વળી, અહીં શરીરના જે અવયવો હસ્તાદિ તે ઊંચા કેમ? ક્રોધ, રાગ, લોભ, હાસ્યાદિ નથી તો આ શરીરને દેખીને બીજો કેમ માની શકશે કે આમાં ક્રોધાદિ નથી? વળી શરીર પર્યાંકાસને જોઈએ, પણ તે છે નહીં, એટલે હાથ પગાદિ ઊંચા છે. પ્રથમ તો શરીરની જે વીતરાગપણાની દશા તે પણ નથી. વળી દૃષ્ટિ-તે જે માણસને કંઈ પણ લેવાદેવા ન હોય, તેની જગ્યાએ આ નાસિકા ઉપર દ્રષ્ટિ જ નથી, આવી જે દેવપણાની મુદ્રા તે પણ શીખ્યા નથી. અરે! આત્માને આદર્શ રૂપ રાખી શકતા નથી એટલે નાટકિયો તો ઢબછબમાં દાખલ થઈ તે વેશને તો ભજવે, પણ આ તો તેવા વેશને પણ ભજવી જાણતા નથી. પછી તેમને દેવ કેવી રીતે કહેવા? એટલે શરીર–નાસિકા–દૃષ્ટિ આદિ મુદ્રાને જેઓ ન સાચવી શકે તેને દેવ મનાય કેમ? આમ વર્તનની પરીક્ષા થઈ મુખરૂપી કમલ જેમનું પ્રસન્ન હોય, વળી જેનો ખોળો સ્ત્રી વિનાનો હોય, આ વર્તનદ્વારા વીતરાગ દેવની પરીક્ષા થઈ. એમ પ્રથમ લિંગ દ્વારા દેવની પરીક્ષા થઈ.

મધ્યમબુદ્ધિ અને બુધની દેવપરીક્ષા

હવે તેથી આગળ વધેલા જીવો કહે છે કે એમ નહીં, કારણ કે રાજકુટુંબમાં કોઈ એવા પણ અવતરે છે. વૈક્રિયબુદ્ધિ ફોરવે, ઢોંગીઓ પણ હોય, તેથી કહે છે કે–આગમતત્ત્વવાળો અશોકવૃક્ષાદિના લીધે દેવતત્ત્વ ન માને. તે હોવા જોઈએ એ વાત જુદી. તેમાં વ્યતિરેક ખરો, અન્વય નહીં એટલે જ્યાં જ્યાં અશોકાદિ હોય ત્યાં દેવ, એમ ન માને, પણ જ્યાં જ્યાં અશોક ન હોય ત્યાં દેવ નહીં એમ તો માને. વળી મધ્યમ દૃષ્ટિવાળાની અપેક્ષાએ પ્રશમરસનિમ૦ દેવ વગેરે વર્તનને જુએ ખરા, પણ તે વિનાનાને દેવ ન માને.

માળા, હથિયાર, સ્ત્રી આદિ ચિહ્નો પૌષધવ્રતી શ્રાવકને કે સાધુને પણ ન હોય તેથી તેમને દેવ ન મનાય, પણ જ્યાં દેવપણું હોય ત્યાં પ્રશમાદિ હોય. વળી સર્વજ્ઞો "त्रैलोक्यपूजितः" હોય તેથી આ વાત જ્યાં હોય ત્યાં જ દેવપણું. બધા સર્વજ્ઞ હોય તે કેવળીઓ હોય જ. આ સર્વજ્ઞો જુદી જાતના.

કેવળજ્ઞાન જ્યારે એક પ્રકારનું માને છો તો પછી કેવળીપણાના બે ભેદ કેમ ?

વાત ખરી, તમે એક ગુફામાં બધા ગયા છો, ત્યાં અંધારૂં ઘોર છે ત્યાં કોઈએ દીવાસળી સળગાવી કાકડો કર્યો, તેનાથી બીજાઓએ પણ કાકડાઓ કર્યા. અહીં કાકડાના સ્વરૂપમાં ભેદ નથી છતાં બધાનો તારક કાકડો પ્રથમવાળાનો જ ગણાય. તે સ્વરૂપે જુદો નથી છતાં મુખ્ય તારક તો તે જ ગણાય. નહિતર નવાણું કાકડાવાળા ગુફામાં હેરાન થાત, તેમ જ્યારે મોક્ષ માર્ગ પ્રવર્ત્તેલો નહોતો, એટલે દુનિયામાં ત્યાગમાં સુખ છે એવો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો પણ ભોગમાં જ સુખ એ વાત મનમાં હતી. ભગવાન્ ઋષભદેવજી જન્મ્યા હતા તે પહેલાં અઢાર કોડાકોડી સાગરોપમ સુધી લોકોની એ જ માન્યતા હતી કે મેળવવામાં સુખ, મઝા, પણ છોડવામાં નહીં. ત્યાગમાં સુખ કે મઝા ? એ થીઅરી કાઢી કોણે ? બહારના પદાર્થોને છોડવામાં જ સુખ નિરૂપાધિકપણું કરો તેમાં જ મજા. આવી વાત ઊભી કરનાર કોણ ? પ્રથમ જોઈ કે સાંભળી હોય તો તે વાત જુદી.

સ્વપ્નામાં નહિ એવી 'ત્યાગમાં ધર્મ' એ વાત જેણે ઊભી કરી તેનો ઉપકાર કેટલો ? વળી ચારિત્ર લઈને સર્વજ્ઞપણાનું દૃષ્ટાંત પૂરું પાડનાર તીર્થંકર સિવાય બીજો કોઈ નહિ. પ્રથમ દૃષ્ટાન્ત તરીકે આ તીર્થંકર છે અને તેથી તેનું સર્વજ્ઞપણું તે દૃષ્ટાન્તરૂપ છે. તેથી પહેલવહેલા સર્વજ્ઞપણું પ્રથમ તીર્થંકરનું છે. હવે પાર્શ્વનાથ પ્રભુ પછી કેવળજ્ઞાનની શરૂઆત થાય તો તે મહાવીર પ્રભુ જ સમજવાના આટલા માટે શાસ્ત્રકારોએ મોક્ષની સ્થિતિ બે પ્રકારની કહી; એટલે એક

તીર્થંકર મહારાજની પાટની પરંપરાએ અને બીજી અમુક કાળસુધી. એમ બે પ્રકારની ભૂમિ કેવળીપણા માટે કહી છે. વળી રાગ, દ્વેષ અને મોહ એ ત્રણનો સર્વથા ક્ષય જે પ્રથમ કોઈ કરે તો તે તીર્થંકર જ હોય. વળી "त्रैलोक्यपूजितः" અર્થાત્ રાગાદિનો ક્ષય કરી સર્વજ્ઞપણું મેળવવાથી દુનિયામાં પૂજ્ય બને અને ન પણ બને.

જેમ ઝવેરીના હાથમાં બધા હીરા આવી ગયા હોય એવો નિયમ નથી. તેમ જે ગુણી હોય તે દેવેન્દ્રોથી પૂજાયા હોય એવો નિયમ નથી અને તેથી તે ગુણી નહિ એમ તો નહિ ને? જેમ અંધક-મુનિ આદિ કેવળી થયા પણ દેવેન્દ્રોથી પૂજાયા નહિ, એટલે તે કેવળી નહીં? હવે અહીં કોઇ પણ તીર્થંકર રાગ, દ્વેષ અને મોહનો ક્ષય કરીને થયેલા હોય તો તે દેવેન્દ્રોથી પૂજાયેલા જ હોય.

ભલે ગુણી ઘણા હોય પણ તે "દેવેન્દ્રોથી પૂજાયા હોય તો ગુણી" એવો નિયમ છે અને તેથી કેવળજ્ઞાન થાય ત્યારે એક ક્રોડ દેવોને પ્રથમ સમવસરણ બનાવવું જ પડે. પર્ષદા હોય કે ન હોય અને તેથી ઋજુવાલુકામાં જઈને પ્રભુનું સમવસરણ બનાવવું પડ્યું. ત્યાં નથી સભા કે પર્ષદા. વળી મહાસેન વનમાં સમવસરણ કર્યું તે વ્યાજબી છે કારણ કે ત્યાં ગણધરાદિની સ્થાપના થઈ. અહીં ઋજુવા-લુકામાં સમવસરણની રચના થઈ તે વખતે સાધુ, સાધ્વી કે શ્રાવક શ્રાવિકા નહોતા થવાના તે પ્રભુ જાણતા હતા, છતાં ત્યાં બેઠા કેમ? કહો કે તીર્થ પ્રવર્તે કે ન પ્રવર્તે તેમ જ સાધુ, સાધ્વી કે શ્રાવક કે શ્રાવિકા અને કે ન બને પણ તીર્થંકર થયા એટલે દેવોથી પૂજનિક બન્યા અને તેથી સમવસરણની રચના થાય જ.

હીરો ઝવેરીના હાથે પડયો એટલે ચોપડે તે નોંધાય જ, તેમ અહીં કેવળજ્ઞાન થાય એટલે તીર્થંકરો દેવેન્દ્રોથી પૂજાય અને તે નિયમિત પૂજાય.

તો જેનું મન હંમેશાં ધર્મમાં છે તેને દેવો પણ પૂજે છે તે કોની અપેક્ષાએ?

તીર્થંકરની અપેક્ષાએ. સંપૂર્ણ કેવળી થવા છતાં બિચારા ઉપાધિમાં ઘેરાયેલા હોય છે, જેમ અરણિક મુનિવર કેવળી થવા છતાં દેવોથી પૂજાયા નહિ. કેવળીઓ પૂજાય જ એવો નિયમ તો માત્ર તીર્થંકર માટે જ લેવાય. કોઈ પણ તીર્થંકર દેવોથી પૂજાયા વિના હોય જ નહીં. એટલે જન્માભિષેકથી લઈને યાવત્ મોક્ષ સુધી પૂજાય છે.

તત્ત્વદૃષ્ટિવાળો વળી "**યથાસ્થિતઃ**" એટલે શાસન પ્રવર્ત્તાવવું, મોક્ષ માર્ગ પ્રવર્ત્તાવવો તેના અંગે પદાર્થોની યથાર્થ દેશના આપે.

બીજાઓ કહે તે યથાસ્થિત નહિ અને તમે કહો તે પદાર્થો બધા યથાસ્થિત છે તેની ખાતરી શી ? વળી દરેક આસ્તિક નવે તત્ત્વોને માને છે. કોઇ પણ આસ્તિક જીવાદિ તત્ત્વોને માન્યા વિના રહી શકતો નથી, તો પછી તે યથાસ્થિત તત્ત્વવાદી નહિ અને તમે સાચાબોલા એ શી રીતે ? બોલવામાં ફરક કેમ પડે છે ? જૈન શાસ્ત્રકાર જીવાદિ તત્ત્વો બોલે ત્યારે બીજાઓ પ્રમાણાદિ ને દ્રવ્યાદિદ્વારા તત્ત્વોને કહે છે. આમાં કારણ શું ?

તો ત્યાં છે અભ્યંતર દૃષ્ટિ અને બાહ્યદૃષ્ટિ. જીવાદિરૂપે ઓળખે તે અભ્યંતર દૃષ્ટિએ અને બાહ્ય દૃષ્ટિએ બોલે ત્યારે દ્રવ્યાદિ. એટલે ઈતરો ગુણનું વિવેચન કરતાં સ્પર્શાદિ કહેશે, ત્યારે જૈનો સ્પર્શાદિ ગુણો બોલશે. એટલે જ્ઞાનાદિ ગુણો જે આત્માના સાધ્યરૂપ છે, તેને મુખ્ય રાખે છે. બીજાઓને આશ્રવ સર્વથા છોડવો, સંવર આદરવો તે પાલવતું નથી. તેનું નિરૂપણ જ નથી. ત્યારે જૈનોને આશ્રવ છોડવો, સંવર આદરવો વગેરે પાલવે છે અને તેથી તેની પ્રરૂપણા સાચી ગણી. તેથી યથાસ્થિત રૂપે જીવાદિ તત્ત્વોની પ્રરૂપણા કરનારને દેવ માન્યા. આવી રીતે બાળ કે મધ્યમબુદ્ધિએ અને બુધે પણ પરીક્ષા ત્રણ રૂપે કરી, છતાં બાળક ને મધ્યમ બુદ્ધિમાં ફરક કયાં પડે ?

તો બાળક તો પ્રાતિહાર્ય હોય ત્યાં જ દેવ માને, પ્રાતિહાર્ય વિના દેવ ન જ માને.

મધ્યમ બુદ્ધિવાળો શાંતરસાદિ જુએ ત્યાં જ દેવ માને.

જ્યારે બુધ સર્વજ્ઞપણાદિને મુખ્યતાએ જુએ ત્યાં જ દેવ માને. બુધ ચાર મૂળ અતિશયોમાં આવ્યો. અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશયાદિને તપાસે.

ગુરુ અને ધર્મની પરીક્ષા

આવી રીતે દેવતત્ત્વની પરીક્ષાને અંગે ત્રણે જણા જુદી રીતે તપાસે, તેવી રીતે ગુરુતત્ત્વને અંગે ત્રણે જણા જુદી રીતે જ તપાસે.

બાળક ગુરુપણું શામાં ગણે? વેશ હોય, વિહાર કરતા હોય, ગોચરી લાવતા હોય, માસખમણાદિ તપ, પ્રતિક્રમણાદિ કરતા હોય કે લોચ કરાવતા હોય. આવો ત્યાગ જોઈને તેમને સાધુ તરીકે માને.

જ્યારે મધ્યમ બુદ્ધિ જો કે એ દેખે, પણ સાથે બોલવા–ચાલવાની વ્યવસ્થા તેમજ ગોચરી લાવવામાં પણ વ્યવસ્થા છે કે નહિ? એટલે પારિષ્ઠાપનિકા સમિતિ સાચવે છે કે નહિ? તેમજ મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ પાળે છે કે કેમ? અર્થાત્ આઠ પ્રવચન માતાને જોઈને મધ્યમ બુદ્ધિવાળો તેમને ગુરુ તરીકે માને.

હવે બુધ–બાહ્ય ત્યાગને જરૂર માને, ઈરિયાસમિતિ આદિ પણ જુએ. એ બે હોવા માત્રથી માને એમ નહિ; છતાં શાસ્ત્રવચન માનવા સાથે ઉત્સર્ગ–અપવાદને માનનારા છે કે નહિ? એ વગેરે તપાસીને ગુરુ તરીકે માને.

આવી રીતે ત્રણે જુદી જુદી દૃષ્ટિએ ગુરુતત્ત્વ માને અને શાસ્ત્રકારે કહ્યું છે કે–**સાધુઓએ ત્રણે વાતો ધ્યાનમાં રાખવી. દેવને અંગે લિંગ, વર્તન અને તત્ત્વ, તેમ ગુરુ અને ધર્મને અંગે પણ સમજવું.**

ધર્મના લિંગમાં કહેવાય છે શું?

અઢારે પાપસ્થાનકોનો ત્યાગ છે કે નહિ? વળી અધ્યયનાદિ છે કે નહિ? એમ જોઈને બાળક ધર્મને માને. વળી "**જબ લગ**

ઘટમેં પ્રાણ" ત્યાંસુધી દયા પાળવી એમ નહિ, પણ દયાનાં સાધનો કયાં? કોઈ પણ ધર્મમાં દયાનાં સાધનો નથી. ફકત જૈન ધર્મમાં જ દયાનાં સાધનો છે. રજોહરણ, મુહપત્તિ, કાંબળી, પલ્લાં વગેરે. અરે! શ્રાવકને અંગે પણ ચરવાળો, ગળણાં વગેરે દયાના સાધનો છે. "જા કુત્તા બિલ્લીકું માર," એમ બોલ્યામાત્રથી એ બનતું નથી. પણ પ્રથમ દયાનાં સાધન બતાવે, પછી જબ લગ ઘટમેં પ્રાણ બોલે તો તે યથાર્થ ગણાય. બીજે દયાનાં સાધન ન હોય અને તેની ક્રિયા ન હોય પણ જૈનોમાં ઈરિયાસમિતિ આદિ સાધન હોય તેમજ પાળવાના ઉપાયો હોય. માટે જબ લગ૦ એમ બોલતાં વિચાર કરી લેવો.

જ્યાં માત્ર વચનનું કથન છે, પણ સાધન, ઉપાય નથી તેને ધર્મ ન કહેવાય.

હવે મધ્યમ બુદ્ધિવાળો સાધનાદિને તપાસે અને બુધ તત્ત્વ દ્વારા ધર્મને તપાસે. નિહ્નવો બધું રાખે છે.

મહાવીરના સાધુઓ અને જમાલિના સાધુઓમાં ફરક શું?

કહો કે તે પ્રતિકમણાદિ કરતા, તેમજ ગોચરી આદિ લાવવા સાથે આઠ પ્રવચન માતાનો વર્તાવ પણ કરતા હતા. આ બધું રાખતા છતાં ખાટલે મોટી ખોડ શી 'કડેમાણે કડે' 'કર્યા પછી કર્યું' એમ કહે પણ 'કરાતું હોય તે કર્યું' ન કહે. સ્થૂલ દૃષ્ટિવાળાને કર્યા પછી કર્યું કહેવું ગમે, પણ બારીક દૃષ્ટિએ વિચારે તો ખ્યાલ આવે કે સમય પછીની વાતોમાં શુભ પરિણામ આવે અને નિર્જરા થશે કે પરિણામ પૂર્ણ થયા પછી નિર્જરા થશે?

કહો કે જે શાસ્ત્રકારનો સિદ્ધાંત છે તે બગડી ગયો. એટલે **જં જં સમયંમિ જે જીવ જે જે** સમયે શોક અગર અશોક પરિણામમાં આવે, તે વખતે શુભ-અશુભ કર્મોનો બાંધનાર છે. એટલે આખી નવે તત્ત્વની સ્થિતિ બગડી જાય. **જાણવા માંડયું તે વખતે જાણ્યું ન કહેવાય,** તો પછી બીજે સમયે દર્શન થયું. એટલે આખા કેવળજ્ઞાન

અને દર્શનની સ્થિતિ પલટાઈ જાય. આઠ કર્મસહિત થાય તે વખતે મોક્ષ નહિ પણ બીજે સમયે મોક્ષ થાય એમ માનવા જતાં આખા શાસનની પરિસ્થિતિ બદલાય.

હવે સમય જુદો લઈએ તો પછી કેવળજ્ઞાન કે દર્શનને લેવા ન પડે. અહીં તત્ત્વનો વાંધો પડે તો તે બુધ પુરુષ ન જ માને, કારણ કે તત્ત્વનો વાંધો આવ્યો. અહીં લિંગ કે વર્તનનો વાંધો નથી.

આવી રીતે દેવ, ગુરુ અને ધર્મ–એ ત્રણની લિંગ, વૃત્ત અને તત્ત્વ દ્વારા તપાસ કરનાર બાળક, મધ્યમ અને બુધ હોય છે. આમ છતાં **હરિભદ્રસૂરિજી** એકલા ગુરુત્વને અંગે લિંગ, વૃત્ત અને તત્ત્વ છે એમ કેમ કહે છે ? એટલે સાધુને અંગે તે કેમ કહ્યાં? જો હવે એકલા સાધુને અંગે હોત તો "**सद्धर्मपरीक्षकादि०**" એ પદ મૂકયું તે ન મૂકત, પણ સદ્‌ગુરુની પરીક્ષા કરનારા કરત. હવે પોતાને ઇષ્ટ ધર્મી અને ધર્મની પરીક્ષા આવી જાય અને તેની જ પ્રતિજ્ઞા કરેલી છે, છતાં ગુરુ માટે ત્રણ કહ્યાં તેનું કારણ છે. જગતમાં ગુરુને આધારે જ દેવ કે ધર્મ છે.

તમો એ જિનેશ્વરને દેવ શાથી માનવા લાગ્યા ?

કહો કે તમને ગુરુએ **શીખવ્યું** તેથી. કદાચ શૈવ કે વૈષ્ણવને માનતા હોત તો તે ગુરુઓ મહાદેવને દેવ તરીકે મનાવત. દેવ અને ધર્મ એ બોલનારી ચીજો નથી. દેવ બોલનારા હોય પણ તેમની હયાતીમાં એ પોતાના ક્ષેત્રોમાં બોલે. પછી તો ગુરુઓ જ કહે અને તેથી **અધ્યાત્મકલ્પદ્રુમમાં મુનિસુન્દરસૂરિજી**એ કહ્યું–સર્વ તત્ત્વોને લાવનાર ગુરુમહારાજ છે અને તેથી લિંગ, વૃત્ત અને તત્ત્વપરીક્ષા ગુરુ દ્વારા જ છે. તેના આધારે દેવ અને ધર્મ સમજાશે. તેમાં બાળકાદિ ગુરુ તત્ત્વની પરીક્ષા શી રીતે કરે ? તે અધિકાર આગે જણાવશે.

વ્યા ખ્યા ન

પરિણામ, તત્ત્વ અને ભાવના

૨૮

ધન, સ્ત્રી અને કુટુંબનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ૦ ભવ્યોના ઉપકારાર્થે **અષ્ટકજી** પ્રકરણમાં આગળ જણાવી ગયા કે "**बालः पश्यति लिङ्गं**" આ સંસારમાં સામાન્યરીતે ચોરાસી લાખ જીવયોનિ કહેવાય, પણ ભ્રમણની અપેક્ષાએ ગણીએ તો સંખ્યાનો પાર નથી. સાત લાખ પૃથ્વીકાય, પણ તેમાં કેટલી વખત આવ્યા તેનો પાર નથી. ચોરાસી લાખ જીવયોનિ-તે તે જાતિની અપેક્ષાએ છે. સાત લાખ પૃથ્વી આદિ સ્થાનો છે તેવી રીતે અનંતી પુદ્ગલપરાવર્તોની સ્થિતિ સુધી જીવ રખડયો છે. રખડતાં રખડતાં કોઈક ભવિતવ્યતાને યોગે બાદરમાં, યાવત્ ત્રસમાં પણ મનુષ્યપણું પંચેન્દ્રિય સંજ્ઞિપણું, યાવત્ ઉત્તમ કુળ આદિ સર્વ ભવિતવ્યતાએ આવ્યું પણ જેમ વરસાદનું કામ અનાજ પકવવાનું છે પણ રોટલો થઈ કોળિયો કરવાનું નહીં અર્થાત્ આગળ પ્રયત્ન ખાવાવાળાનો જોઈએ, તેમ અહીં પણ મનુષ્યપણા સુધીની લાયક સામગ્રીએ મૂક્યા તે કામ ભવિતવ્યતાનું હતું.

હવે આપણું કામ છે, તે શું છે ? મનુષ્યમાત્રનો સિદ્ધાંત સુખની ઈચ્છા. કોઈ પણ સ્થિતિમાં જીવનું સાધ્ય સુખ જ હોય છે. કુટુંબ કે ધનનું સાધ્ય હોય તો પણ પરિણામ તો સુખ જ સરજાયેલું હોય છે. એટલે સાધ્ય સુખનું જ હોય. તે માગે કેવી રીતનું ? ગળ્યું ખાતાં મુખ થાકી જાય તો ખારું કે તીખું ખાવાની ઈચ્છા થાય, પણ આ સુખને ભોગવતાં અનંતો કાળ વ્યતીત થવા છતાં તેના વળાવિયા તરીકે સાથે કોઈને જીવ ઈચ્છતો નથી. અરે ! લાગલાગટ સુખ ભોગવવાની વાંચ્છા કરે છે અર્થાત્ સુખનો છેડો નથી !

તેને આડો હાથ ન દેવાય, ભોજન પાણીમાં તો આડો હાથ ન દેવાય. ટાઢ તાપને માટે આડો હાથ ખરો, પણ સુખમાં આડો હાથ ન દેવાય તેવું સુખ જોઈએ–એટલે દુઃખ ન થાય તેવું, હવે તેવું સુખ છે ક્યાં? તે વિચાર્યું?

હીરાની ઈચ્છા હોય તો હીરાની ખાણ તરફ જવું જોઇએ. પ્રથમ ખાણનો ખ્યાલ જ ન હોય તો હીરો કયાંથી મળે? દુઃખ ન થાય, સુખ નાશ ન પામે અને સંપૂર્ણ તેવું સુખ છે ક્યાં? સ્થાનના નિશ્ચય વિના ઉપાયનો નિશ્ચય કરે કોણ? ઉપાયના નિશ્ચય વિના પ્રવૃત્તિ પણ કોણ કરે? ધન માલમિલકત આદિ જે દુનિયામાં મેળવે છે તેના માટે સર્ટિફિકેટ છે કે તે મૂકીને જવાનું. તે મૂકાવવા રૂપે કાયદો આડે આવશે. જે કોઇ વસ્તુની પ્રાપ્તિ આ દુનિયામાં કરો, તે સર્વ મૂકીને જવાનું, પણ તે સાથે લઈ જવાનું નથી. ધનમાલરૂપ જે સુખનાં સાધનો તે તો મૂકી જવાનાં છે એટલે પાછા નિરાધાર બન્યા.

વળી કહીએ છીએ કે "**द्रव्याणि तिष्ठन्ति गृहे**" એટલે પાછા કરોડો ભેગા કર્યા અને મમ્મણ શેઠ જેવાએ અબજો ભેગા કર્યા, જતાં એ બધું રહે તો ઘરે રહે. બે દિવસમાં કોઈની સાથે એવી મહોબત થાય છે કે તે વળાવવા પણ આવે, પણ આ દ્રવ્ય તો મરતાં સમયે ઘરે જ રહે છે. જેની પાછળ તમોએ તમારી જિંદગી વેડફી નાખી છે, તે "આવજો" એમ કહેવા પણ નથી આવતું. હવે તે જડ છે એટલે ન બોલે પણ ચેતન હોય તો? તે વિચારોને.?

તે માટે કહે છે કે "**नार्यो विश्वासभूमय**; સ્ત્રી ચેતન છે એટલે તે પણ ચોક સુધી આવે ને પાછી વળે. ચકલાથી પાછી જ ફરે. સ્ત્રી સુખદુઃખની ભાગીદાર છે, આબરૂની ભાગીદાર તે નહિ; પણ કુટુંબ છે. ખાવા પીવાની ભાગીદાર સ્ત્રી છે. "અમારું કુળ, વંશ, કે કુટુંબ' કહેનાર તો કુટુંબી જ નીકળે, પણ તે સ્મશાન સુધી જ આવે. હવે તે કોઇક આબરૂના–ભોગના ભાગીદાર છે પણ સુખદુઃખના

ભાગીદાર કોઈ નથી. અંગુઠો કપાય તેની વેદનાનું ફળ તો માત્ર શરીર જ ભોગવે. ધન, સ્ત્રી, કુટુંબ તે દુઃખ લે ખરા ?

શરીર તે જન્મથી જોડાયું અને મરણની છેલ્લી ઘડી સુધી રહ્યું અને છેવટ ચિતામાં બળી ગયું છે. મૂળે બધામાં મતભેદો છે. એટલે પુણ્યપાપ માને અને ધન પણ મૂકવું પડે છે એમાં મતભેદો નથી. નાસ્તિક પણ સમજે છે કે જે મેળવ્યું તે મૂકવાનું જ છે. આપણા ધનમાલ કુંટુંબકબીલા રહેનાર નથી તેમ તે પણ આપણા હંમેશાં રહેવાના નથી. **જિંદગીમાં જે પોતે કર્મો કરેલાં છે તેને અનુસારે જ જીવને જવું પડે છે.** એટલે આવતી ગતિને માટે દોરનારો કોણ ? એટલે શરીર, ધન-માલ, કુટુંબ કે સ્ત્રી જુદાં પડશે તે વખતે આપણાં કર્મો જ આગળની ગતિ માટે દોરશે. કર્મો વિના કોઈ બીજું દોરનાર નથી. સર્વ મૂકીને જવાનું છે તેના ઉપર સુખની ઈચ્છા રાખી તે આ ભવ પૂરતી-જિંદગીના છેડા સુધી. આગળ શું ? કહો કે સુખ જોઇએ સર્વકાળનું અને સાધન મેળવે છે આ ભવ પૂરતાં-જિંદગીના છેડા સુધી; પણ આગળ શું ? કહો કે; સુખ જોઈએ સર્વ-કાળનું અને સાધન મેળવે છે આ ભવનું, તો એ કેમ બને ?

તો સાધન એવું મેળવો કે સર્વકાળ એક સરખું રહે. તે સાધન કયું ? તો ધર્મની બેંક, જે આવતા ભવમાં જવાબ દેશે. ધન માલ, કુટુંબ સ્ત્રી આદિ પરભવમાં જવાબદાર નથી માટે ધર્મ જ પરભવમાં જવાબદાર છે અને તેથી લોકોની લાગણી ધર્મ પ્રત્યે થાય તો આશ્ચર્ય નથી અને તેથી આર્યમાત્ર 'ધર્મ'શબ્દ સાંભળે. ખાસ વાત ધ્યાનમાં રાખવી કે જેમ વસ્તુ કિંમતી વધારે, તેમ ઠગાઈનો ડર વધારે. હીરા, મોતી, સોનું-ચાંદી સર્વ બનાવટી થાય પણ લોઢું કે ધૂળ બનાવટી નથી થતાં, કારણ કે તેની કિંમત નથી.

જેની કિંમત વધારે હોય તે વધારે બનાવટવાળું હોય. હવે અહીં ધર્મ કિંમતી છે. કિંમતી કેમ ? તો પૈસાની ત્રણ પાઇઓ હોય તો તેમાં કિંમતી પૈસો જ ગણાય, કારણ એકથી અનેક થયો,

તેમજ રૂપીઆના અને પૈસામાં–રૂપીઓ કિંમતી. જેનાથી વધારે મળે તે વધુ કિંમતી ગણાય, તેમ અહીં પણ આ ધર્મ એ મનુષ્યપણું, પંચેન્દ્રિયપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, જાતિ, ધનમાલ, સ્ત્રી કુટુંબ અને તમામ સુખની સામગ્રી મેળવી દે એટલે તે ધર્મને પછી કિંમતી કહેવો જ પડે.

જેનાથી અનેક વસ્તુ મળતી હોય તે મૂળ વસ્તુ કિંમતી લેખાય. સામાન્ય દૃષ્ટિએ વિચારીએ તો પણ ધર્મ કિંમતી લાગ્યા વિના ન જ રહે. હવે ધર્મ જ પરભવમાં સાથે આવનાર અને તે ધર્મ જ ભવોભવ માટે એકરૂપ છે. હીરામાં જેટલો દગો ન હોય તેનાથી વધુ દગો ધર્મમાં રહેલો છે, કારણ તેની કિંમત સર્વશ્રેષ્ઠ છે. પાઈમાં ઠગાયા તો પાઈ ગઈ. પૈસા, આના કે રૂપીઆમાં ઠગાયા તો તેટલું જ નુકશાન થાય, પણ ધનમાં જો ઠગાયા તો તેટલું જ નુકશાન થાય. શાકમાં ઠગાયા તો દિન બગડે પણ બાયડીમાં ઠગાયા તો જિંદગી બગડે અને ધર્મમાં ઠગાયા તો ભવોભવ બગડે. ત્યારે કરવું શું? તો ધર્મની પરીક્ષા કરવી.

શાકભાજી, કાપડ કે દાગીના લાવવા માટે બીજાને ભળાવે, પણ મોતી જેવી કિંમતી વસ્તુ લાવવાની હોય અને ઠગાવાનું જણાતું હોય તો તે લેવા પોતે જ જાય, જ્યારે પાઈ, પૈસો કે રૂપિયામાં ઠગાવાનું હોય તો તેથી સાવચેત થઈએ છીએ તો જેનાથી ભવોભવ સુધી ઠગાવાનું થાય તેની પરીક્ષા કરવી જોઈએ.

હરિભદ્રસૂરિજી કહે છે કે–ધર્માર્થી પ્રાણીએ સૂક્ષ્મ બુદ્ધિએ ધર્મને તપાસવો જોઇએ. **सूक्ष्मबुद्धया सदा ज्ञेयः** હીરામોતી પારખવામાં જે બુદ્ધિ રાખો તેના કરતાં પણ અતિ સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણવો જોઈએ, કારણ કે ભવિતવ્યતા સારી હશે તો ધર્મ સારો મળશે અને ભવિતવ્યતા વાંકી હશે, તો ખરાબ ધર્મ પ્રાપ્ત થશે. વળી સારો મળવા છતાં ભવિતવ્યતા વાંકી હશે તો તે પાછો ખરાબ પ્રાપ્ત થશે,

માટે ભવિતવ્યતા ઉપર જ આધાર રાખવો કે નહીં? ભવિતવ્યતાનું કામ તો યોગ્ય સ્થાને પહોંચાડી દેવાનું. પછી પ્રવૃત્તિ જીવે પોતે કરવાની છે. યથાપ્રવૃત્તિકરણ સુધી ભવિષ્યતતા પણ અપૂર્વકરણ તો આત્માના ઉદ્યમ સિવાય બને જ નહીં. અપૂર્વકરણ ભવિતવ્યતા ન જ બતાવે તો પછી અનિવૃત્તિકરણ તો ભવિતવ્યતાને બતાવે જ કયાંથી? પુરુષપ્રયત્નનાં કાર્યો છે. તમે માનો છો કે ભવિતવ્યતા અનુકૂળ થશે પણ તે સર્વ, તેમ નહીં બને.

બુદ્ધિવિના ધર્મના પરિણામ, છતાં ત્યાં અધર્મ થશે.

સૂક્ષ્મબુદ્ધિએ ધર્મને તપાસો. હવે 'ક્રિયાએ કર્મ અને પરિણામે ધર્મ.' અહીં અમારા પરિણામ ધર્મના હશે એટલે કર્મબંધ નહીં થાયને?

શાસ્ત્રકાર કહે છે કે-જો પરિણામ કામ **નથી** લાગતા તો આ વાકય અનુપયોગી છે? તો ના, છે તો ઉપયોગી, પણ પ્રસંગે તે ઉપયોગી છે. જેમ કોઇકિ આકસ્મિક યોગે જીવહિંસા થાય ત્યારે પરિણામ સારા હોય, તેથી કર્મબંધ થાય પણ તે ધર્મી જ ગણાય. હવે કોઇક જીવને મારવાના હિસાબે વિષ આપ્યું પણ તેના શરીરમાં રોગ ન હતો અને તેથી તે બચી ગયો. પણ અહીં આકસ્મિક યોગે બચ્યો છે, છતાં તે ધર્મ ન ગણાય, પણ તે કર્મબંધ જ ગણાય.

આકસ્મિક યોગે "ક્રિયાએ કર્મ" અને "પરિણામે બંધ" એ વાકય સર્વ સ્થળે આગળ કરાય તો મુસ્લીમો ગાયની કતલ કરે તે પણ ધર્મ ગણાય! અહીં તેના પરિણામ તો ધર્મના ગણાય, છતાં ધર્મ ન જ ગણાય. ધાગાપંથીઓ બકરા, ઘોડાગધેડાના હોમો કરે, તેથી પરિણામ તો ધર્મના છે, છતાં તે ધર્મી ન જ ગણાંય. આવા વિચારો ઉપર ધોરણ નહીં રાખવું પણ સૂક્ષ્મબુદ્ધિએ ધર્મને તપાસવો. હવે જો નહિ તપાસીએ તો ફળ નહીં મળે ને? તો ના. બુદ્ધિ ધર્મની હોવા છતાં એ પ્રમાણે વર્તવાથી ધર્મનો નાશ થશે. બીજી રીતે ધર્મની બુદ્ધિએ રહેલા છતાં ધર્મનો નાશ ડગલે ને પગલે થશે.તે કેવી રીતે બનશે?

ત્યારે **હરિભદ્રસૂરિજી મહારાજે** બે દાખલા આપ્યા છે. તેમાં

એક એ છે કે–કોઈક રાજા મહારાજા છે. તે જંગલમાં ગયો છે. ત્યાં કોઈક ગરીબ, ભૂખ્યો, તરસ્યો ભટકતો હતો, તે ગરીબને ખાવાનું સાધન મળ્યું છે, તેવામાં પેલા રાજાએ તેને દેખ્યો, પણ તે મૂર્છાગત હતો. ભટકતાં ભટકતાં એક વખત ગરીબને રાજાએ વાઘથી બચાવ્યો. ગરીબે વિચાર કર્યો કે–જગતમાં અનાજ એ ખાવાની ચીજ ખરી, પણ ઉપકાર તો વાળવાની ચીજ છે, ખાવાની નથી. હવે આ રાજાનો ઉપકાર શી રીતે વાળું ? તેથી તેણે વિચાર કર્યો કે–કોઈક ભવિતવ્યતાએ આ રાજા પદભ્રષ્ટ થઈ ગરીબપણે જંગલમાં રખડે અને હું રાજાની સ્થિતિમાં આવી તેને ઉપકાર કરું તો સરખો ઉપકાર વળે.

આવા વિચારવાળાને શું હિતચિંતક ગણવો ? જો કે દૃષ્ટિ તો ઉપકારની છે પણ ઉપકારની જગ્યાએ અહીં અપકાર વિચારવામાં આવે છે. કંઈ કમીના છે ? અહીં અહિતચિંતનનો પાર નથી. કેમ ? ગરીબમાં બારીક બુદ્ધિ નથી. યાને તીર્થંકર મહારાજે આપણને ધર્મ આપ્યો છે પણ તેમનો ઉપકાર વળે શાથી ? ફરી પાછા તે સંસારમાં આવે, રખડતા થાય અને હું ધર્મસ્વરૂપ બની તીર્થંકરપણે થઈ દેશના આપું તો બદલો ઉપકારનો વળે. અહીં પણ વિચાર ઉપકારનો બદલો થવારૂપ છે, પણ દૃષ્ટિમાં અપકારનો પાર નથી.

એક આચાર્ય વિહાર કરતા કરતા એક ગામમાં ગયા છે. ત્યાં વ્યાખ્યા ચલાવી છે કે–એક જ્ઞાન એવી ચીજ છે કે તે અપ્રતિપાતી છે. સમર્થ જ્ઞાનીએ એમ વિચાર્યું કે હું કયાં આ ભણ્યો ? આ તો ઘોંચપરોણો કરે છે, આ વિચારથી બીજા ભવે જ્ઞાનનો છાંટો ન આવ્યો અને તે મૂર્ખ બન્યા.

અપૂર્વ શ્રદ્ધાવાળા હોય, ચારિત્ર પણ પ્રતિપાતી હોય, છતાં અગીઆરમા ગુણઠાણેથી પડી જાય. **અપ્રતિપાતિ કોઇ પણ હોય તો વૈયાવચ્ચ છે.** વૈયાવચ્ચ કર્યા પછી તેનું ગર્હણ, નિંદન કરે તો પણ તેને તો તેનું ફળ મળ્યા વિના ન જ રહે, **અભિમાને જ્ઞાન જાય. ક્રોધે તપનું ફળ જાય પણ વૈયાવચ્ચનું ફળ તો**

અભિમાને, ક્રોધે કે માયાથી પણ ન જાય, તેનું ફળ તો જરૂર મળે, ને મળે જ,

ભગવાનૂ મહાવીર મહારાજ ગૌતમને જણાવે છે કે-જે બિમાર સાધુની માવજત કરનારો તે જ મને માનનારો, અને મને માનનારો તે અવશ્ય માંદાની માવજત કરનારો, તે જ મને માનનારો તે અવશ્ય માંદાની માવજત કરનારો હોય જ. ચક્રવર્તી દુનિયામાં શૂરવીર, પણ તેને ચૂરી નાંખવાની તાકાત કોનામાં ? કહો કે બાહુબલજીમાં. પણ બાહુબલજીમાં એ તાકાત શાથી ? કહો કે વૈયાવચ્ચના પ્રભાવે. અહીં જો કે ચક્રવર્તીપણાના પ્રભાવે મૂઠ્ઠી પડી નહિ, અને કદાચ ઉપાડતાંની સાથે જો પડી હોત, તો ભરત અને ચક્ર બન્નેનો ઘાણ વળી જાત. આવી તાકાત વૈયાવચ્ચના ગુણે જ મળી છે. આવો રીતે વ્યાખ્યા કરી ત્યારે કોઇક ભદ્રિક સાધુએ પચ્ચક્ખાણ માગ્યા કે માંદા સાધુની વૈયાવચ્ચ કરવી. ગુરુ પચ્ચક્ખાણ આપે અને પેલો પચ્ચક્ખાણ લે. ઉપાશ્રય ઘણા હોય, સાધુની જોગવાઇ હોય એટલે સહેજે વૈયાવચ્ચનો લાભ મળે, પણ કોઇક દિન એવો આવ્યો કે જ્યાં કોઇ માંદો જ નહીં ! પેલા સાધુ વિચારે છે કે આચાર્ય મહારાજે વૈયાવચ્ચનું ફળ કેટલું બધું બતાવ્યું હતું ? મારો ઉત્તમ અભિગ્રહ પણ છે, છતાં કોઇ સાધુ માંદો ન પડયો ! બુદ્ધિ વૈયાવચ્ચની હોવા છતાં કોઇ સાધુ માંદો ન પડયો અંને તેથી હું નિર્ભાગી છું એમ બોલે છે. સાધુ માંદા ન થયા તેથી પોતાનું વાંછિત ન થયું, એટલે વૈયાવચ્ચનો વખત ન મળ્યો. અહીં આની બુદ્ધિ વૈયાવચ્ચની એટલે શ્રેષ્ઠ અભિગ્રહ પાળવાની, છતાં શાસ્ત્રકાર તેને અધર્મ જ કહે છે. કારણ સાધુ બિમાર થાય, તેમાં પોતાનું ભાગ્ય માને છે. આમ ધર્મની બુદ્ધિ છતાં ધર્મનો જ નાશ થાય છે.

હિંદુઓ બીજાને મારે ત્યારે ધર્મનું કામ સમજે, પણ થાય છે અધર્મ. કેમ ? તેથી કહે છે કે-**જો તમને ધર્મની ઇચ્છા હોય તો ધર્મને બારીક બુદ્ધિથી જોવો પડશે.** બુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ કરનાર થયો.

આ ઉપરથી એ નકકી કર્યું કે–ધર્મના અર્થીઓએ ધર્મની પરીક્ષા કરવી જોઈએ. ધર્મ તે રખડતી ચીજ નથી કે વગર પરીક્ષાએ તે આવી જાય. વળી ધર્મબિન્દુમાં પણ લખ્યું છે કે–ધર્મની પરીક્ષા કરીને તે ગ્રહણ કરવો. ધર્મની પરીક્ષા કરવામાં, જીવો બધા એક સરખા હોતા નથી. કેટલાકો બાળક જેવા લિંગદ્વારાએ પરીક્ષા કરે. મધ્યમો વર્ણનથી અને તત્ત્વોદ્વારા બુધ લોકો પરીક્ષા કરે. એટલે પરિણામ, તત્ત્વ અને ભાવનાએ ધર્મની પરીક્ષા પંડિતો કરે.

આ કંઇ ધ્યાનમાં ઉતર્યું—નહિ, કારણ આ આખું શાસન લિંગ ઉપર જ આધાર રાખીને બેઠેલું છે. ભગવાન્ ઋષભદેવજી 'સો'એ પુત્રોને સો રાજ્યો આપી ને વિહાર કરતાં ભિક્ષાને માટે ભમે છે, છતાં કોઇ ભિક્ષા નથી આપતું હવે તેમની સાથે ચાર હજાર સાધુ હતા, તે ભિક્ષા નહીં મળવાથી એક જ વર્ષમાં બધા ખસી ગયા અને તાપસો થયા. છતાં શ્રેયાંસે, ભગવાન્ ઋષભદેવજીને પારણું કરાવ્યું. તેમાં હેતુ શો ? પારણામાં તે સમજ્યો શી રીતે ? ભગવાન ઋષભદેવજીનો બાહ્યત્યાગ કે ચિહ્ન દેખીને. તેણે વિચાર્યું અને તેથી તેમને જાતિસ્મરણ થયું પછી સાધુ આચાર જાણ્યો અને રસ વહોરાવ્યો. આ સર્વની જડ બાહ્યલિંગ છે.

આ શાસનમાં જે દાનાદિ ધર્મો સાધુપણાની લાઈનના પ્રવર્તાવ્યા છે, તે બાહ્યલિંગના પ્રતાપે જ. વળી શાસન કહે છે કે–તત્ત્વ હોય પણ બહારનાં લિંગ ન જણાતાં હોય તો તે માનવાં નહિ. જેમ ભરત મહારાજને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયું. ઇંદ્રો દેવલોકમાંથી આવ્યા, છતાં તેમણે ભરતને વંદન ન કર્યું. અહીં કેવળજ્ઞાન જેવી તાત્ત્વિક દશા છતાં બહારનાં ત્યાગનાં ચિહ્નો ન હોવાથી વંદન ન કર્યું. અને મુખે જણાવ્યું કે, 'તમો ત્યાગ કરો તો જ વંદન કરું.' જ્યાં સુધી ત્યાગ ન કરો ત્યાં સુધી તમે વંદનને લાયક નથી અને હું પણ વંદન કરવાને લાયક નથી. અહીં બાહ્ય લિંગને—શાસ્ત્રકારોએ કેટલું બધું પ્રાધાન્ય

આપ્યું ? કહો, કેવળજ્ઞાન છતાં પણ બહારના ત્યાગ વિના ન જ માન્યા. તેમ શ્રેયાંસકુમારનું તીર્થંકરના ત્યાગધર્મ પ્રત્યે લક્ષ્ય ગયું. પછી જ જાતિસ્મરણ થયું અને દાનધર્મ પ્રવર્ત્યો.

ન્યાયની દૃષ્ટિએ વિચારીએ તો સાધ્ય હોય ત્યાં સાધન હોય, ન પણ હોય; પણ **સાધન હોય ત્યાં સાધ્ય હોય** જ. અનુમાનની દૃષ્ટિએ વિચારશો તો ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય કે ન પણ હોય. જેમ લાકડા છાણાના અગ્નિમાં ધૂમાડો હોય પણ લોઢાના અગ્નિમાં ધૂમાડો ન હોય. તેમ અહીં સમ્યક્ત્વ હોય ત્યાં પ્રશમાદિ ચિહ્નો હોય અને ન પણ હોય, અને પ્રશમાદિ હોય ત્યાં સમ્યક્ત્વ જરૂર હોય એટલે સાધન કે હેતુ હોય ત્યાં સાધ્ય જરૂર હોય.

હવે સાધન દ્વારા સાધ્યને માનનારાને તમો બાળક શી રીતે કહો છો ? સાધ્ય સિવાય સાધન હોતું નથી. નિયમ હોવા છતાં બાળક પણું કેમ ?

અમે એકલા લિંગદ્વારાએ બાળક કહીએ છીએ એમ નહિ, પણ દૃષ્ટિ પ્રધાન છે. એટલે શ્રેયાંસકુમારે એકલા જોવા માત્રથી દાન નથી આપ્યું, પણ વિચાર્યું, અને જાણ્યું. પછી દાન ધર્મ શરૂ થયો. ત્યાગ તો બાર માસથી લોકોએ જોયો હતો પણ કોઈએ દાન ધર્મ ન પ્રવર્તાવ્યો. પણ કહો કે વિચાર અને પરીક્ષાને અવકાશ બીજાને નહોતો મળ્યો. તેમ અહીં ઇંદ્રમહારાજે ત્યાગ માટે ભરતને કહ્યું. હવે અહીં ભરત પાસે ઇંદ્ર આવ્યા. કેમ ? અને દીક્ષાદિની વિનંતી કરી. કેમ ? કહો કે બાહ્ય ત્યાગ તત્ત્વદૃષ્ટિ ધ્યાનમાં છે માટે. વિચાર વગરના બાહ્ય ત્યાગને નથી જોતા હવે બાળક માત્ર દેખે અને તેથી તેમ કહ્યું, અને તેથી વિચાર કે પરીક્ષા બાળકને હોય, દુનિયામાં નાનાં બચ્ચાં ઢીંગલીને 'મારી બહેન' કહી ઉપાડી ફેરવે. તે માત્ર બાહ્ય આકારને જ જોઈને ફેરવે છે. તેના જીવન કે પ્રાણ જોતાં નથી. તેમ ધર્મની પરીક્ષા કરનાર હોય તે જ બુધ ગણાય.


જેઓ વિચાર કે પરીક્ષા કર્યા વિના માત્ર બાહ્ય લિંગને જ જુએ તે બાળક. સાધન દ્વારાએ સાધ્યનો નિશ્ચય કરનારો છે તેને બાળક કેમ કહેવાય? અન્વય વ્યતિરેક વ્યાપ્તિ વિચારી અને કાર્યકારણ ન વિચાર્યા તેથી થયું શું? ધૂમાડો છે એટલે અગ્નિ છે એટલો વિચાર તો ખોટો નથી! વાત સાચી.

ચિહ્નો બે પ્રકારનાં છેઃ એક અભ્યંતર, બીજું બાહ્ય. અભ્યંતર ચિહ્નો કયાં? જેમ રાજાના રાજ્યની પ્રાપ્તિ અને સંચાલન શક્તિ તે અભ્યંતર અને છત્ર ચામરાદિ તે બાહ્ય ચિહ્ન. નાટકીયામાં પણ બાહ્ય ચિહ્નો હોય તેથી રાજા ન ગણાય. તેમ અહીં ધર્મમાં પણ અભ્યંતર ચિહ્નો હોય છે. જે વિચાર કે તત્ત્વરૂપ અભ્યંતર ચિહ્ન ન જુએ, તે માત્ર બાહ્ય ચિહ્ન જુએ તે બાળક.

ગૌતમસ્વામીજી બહારથી ધમધમી પ્રભુ વીર પાસે આવ્યા ત્યાં 'ગૌતમ' એ શબ્દો કહ્યા, તે દુનિયા જાણે છે. માત્ર અહીં શંકાનું જ્ઞાન થાય તેથી પ્રભુ વીરના સર્વજ્ઞપણાનો નિર્ણય કરે છે. તેથી બાળક ગણવાને?

કયા લિંગ દ્વારાએ બાળક? બાહ્ય લિંગ દ્વારા.

રાજાના બાહ્ય અને અભ્યંતર ચિહ્નો હોય છે. તેમ અહીં બાળક તેનું નામ કે જે દેખવા માત્રથી સાધ્ય માને. તે બાહ્ય લિંગ દ્વારા જુએ, વિચારે કે પરીક્ષા ન જ કરે તે બાળક. અહીં બાહ્ય લિંગ લેવું છે તે ધર્મ સાથે સંબંધવાળું નથી. મધ્યમ કે બુધ કેવી રીતે ધર્મને માનનારા હોય તે અગ્રે વર્તમાન.



આપણે જેલમાં કે મહેલમાં ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારાર્થે ષોડશક પ્રકરણની રચના કરતાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં જીવ સ્પર્શ, રસ, રૂપ, ગન્ધ અને સારા શબ્દોવાળા પદાર્થોની પરીક્ષા કેટલાય કાળથી કરતો આવ્યો છે. જ્યારે જ્યારે તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્ય થયો ત્યારે સારાસારા સ્પર્શાદિને ખોજતો રહ્યો છે, પણ તેણે પોતાની તપાસ કરી નથી.

ભાડૂત જીવે ભાડે રાખેલો પ્લોટ

આ જીવનું કમનસીબ છે કે આવું ભાડે રાખે છે. કર્મરાજાએ આપણી પાસે ભાડાચિઠ્ઠી લખાવી છે કે, હું જે પ્લોટ આપું છું તેમાં મારા આપેલા નકશા પ્રમાણે મકાન કરવું. વળી દરેક ક્ષણે, દિવસે કે મહિને તેને વધારવું ને સમારવું. જો ગફલત થાય તો દંડ તરીકે વસુલ કરવું, પણ તે જીવને તે ન જણાવવું. વળી ભાડાચિઠ્ઠી પૂરી થાય કે હું ખાલી કરાવું. તેની નોટીસ પણ ન આપું. પછી તમે ગમે તેટલું ભાડું આપો તોપણ તમને ત્યાં તો ન જ રહેવા દઉં.”

આવી શરત પ્રમાણે કર્મરાજા આપણને પ્લોટ આપે. દુનિયાદારીની નોટીસમાં તો અઠવાડિયા, પંદર દિનની મુદત કે મર્યાદા હોય, પણ અહીં તો જે સમયે કહું તે સમયે ખાલી કરવાનું ! વળી તેનો રાજકબાલો કે જે કંઈ સગવડો ઊભી કરી હોય તેના ઉપર તમારો હક્ક નહિ. આવી રીતનો પ્લોટ તમને ભાડે આપવાનો છે.

જો આવો પ્લોટ સરકાર પાસેથી લેવાનો હોય તો તે લેવાને કોણ

કબૂલ કરે? કહો કે કોઈ ન નીકળે, છતાં આ જીવ તેવો નીકળ્યો છે, એટલે આ જીવ માતાની કૂખરુપ પ્લોટમાં રહ્યો છે. ક્ષણે ક્ષણે કાયા વધારે અને નવી બનાવે. આયુષ્ય તો પ્રથમથી જ બાંધેલ છે. એટલે ભાડું તો પ્રથમથી જ ભરવાનું છે. વળી તે આયુષ્ય પૂરું થવાનું છે તે જાણવાનું નહીં પણ જે ક્ષણે પૂરું થાય તે જ ક્ષણે નીકળવાનું. આ શરીરના અંગે જે પાપસાધન કર્યું હોય અને જે રસાલો કે કુટુંબસામગ્રી વસાવી હોય તે સાથે લેવાનું નહીં. અરે! તે ઉપર તમારો હક્ક નહીં! આવો પ્લોટ સરકાર આપવા માંડે તો દુનિયામાં કોઈ ન લે, છતાં અહીં મકાન લીધું છે તો હવે કંઈક સાર્થક તો કરવું જોઇએ ને?

જેમ રેલ્વેનાં ભાડાં ખરચીએ છીએ તે શાને માટે? બીજા મોટા વ્યાપારોમાં ફળ દેખીએ છીએ તે માટે. તેમ અહીં મનુષ્યપણામાં આવું સારું શરીર મળવા છતાં એક ફળ જો મેળવે તો પણ તે સફળ છે.

કયું ફળ મેળવે એમ **સુધર્માસ્વામીજી** પૂછે છે?

તો બહાર દૃષ્ટિ કરવી તે.

બહાર તે કયાં?

તો જન્મની પહેલાં અને મરણની આગળ જે દૃષ્ટિ કરે તે જ ભાગ્યશાળી. આવી રીતના બહાર વિશે આચારાંગના પહેલા અધ્યયન, પ્રથમ ઉદ્દેશ, પ્રથમ શ્રુતસ્કંધ અને પહેલા જ સૂત્રમાં જણાવે છે.

આપણી ચીજ ખોવાઈ ગયેલી છે, પણ તે કોઈને જડેલી માલુમ પડે તો પછી તે લીધા વિના ન જ રહીએ. માલુમ ન પડે તે વાત જુદી, પણ તે ચીજ મારી છે એમ માલુમ પડી એટલે તો તે લેવાની જ. તેમ અહીં અગ્નિ જાણ્યા પછી તેના ઉપર કોઈ પગ નહીં જ મૂકે. કારણ તેનાથી બળવાનું જ છે માટે.

તેથી **સુધર્માસ્વામીજી** કહે છે કે—જન્મમરણની ભીંતની બહાર જાઓ અને જુઓ તો બસ છે. જેમ જાણ્યા પછી અગ્નિ ઉપર પગ

મૂકવો મુશ્કેલ છે તેમ અહીં જન્મતાં પહેલાંની સ્થિતિ, મરણ પછીની સ્થિતિને જો જાણો તો તમો ધર્મ કર્યા વિના અને પાપથી દૂર બસ્યા વિના રહો નહિ. અગ્નિ જાણ્યા પછી બીજો માણસ તેમાં હાથ નાંખવા જાય તોપણ તમે ખેંચી લો. આમ પોતાનો દાગીનો પાછા મળતો હોય તો તે લેવા કેટલા ઉત્સુક બનો છો ? એટલે જન્મમરણની દિવાલની બહાર દૃષ્ટિ ગઈ એટલે પાપથી ડરવાના અને ધર્મ કરતા થશો. જો જોવાનું ન બને તો કંઈ ન થાય.

કેદખાનાના કેદીઓ ભેગા બેસીને ખાય, ઉઠે, બોલે-ચાલે તેના જેવું સમજવું. જે જન્મની કે મરણની ભીંતથી બહાર જુએ, તેનો આત્મા કોઈ પ્રકારે પાપથી બંધાશે નહીં અને ધર્મનું આચરણ કર્યા વિના રહેશે નહીં. દુનિયામાં વૈરાગ્યની વાતો બધા કરે છે. પણ એક જ વૈરાગ્યનો શબ્દ ગોખી રાખે તો વૈરાગ્યની ખરી જડ સમજાય. જડ શી ? જવું છે કયાં ? એટલે જ આગલા ભવમાં જવું છે એટલું નિશ્ચિત રાખો તો તે ખરેખર વૈરાગ્યનું સ્થાન છે.

જન્મમરણની ભીંતમાં કાણું રાખીને જોતાં શીખો, અને ' હું આવ્યો તે જવાનો છું, આવો નિશ્ચય કરો તો તમો દેવ, ગુરુ અને ધર્મને વળગ્યા સિવાય રહેશો નહિ, પણ તેમાં કેટલાક બાળબુદ્ધિવાળા, કેટલાક મધ્યમ બુદ્ધિવાળા અને કેટલાક વિચક્ષણો હોય છે. બધા બાળકો કે બધા વિચક્ષણો હોતા નથી. જેમ માતાને ૩-૧૩-૨૩ વર્ષના છોકરા હોય છતાં બધાને પાળવા પડે. ૨૩ વાળાએ પીરસેલી થાળી ફેંકી દીધી હોય છતાં તેને સમજાવીને મા ખવડાવે. તેરવાળો હોય કે ત્રણવાળો હોય છતાં પોષણ કરવું એ જ માતાની ભાવના હોય.

જેઓ આત્મકલ્યાણની ભાવના રાખે તે (તીર્થંકરો) તો દરેકનો ઉદ્ધાર કરવાની ભાવનાવાળા હોય " એ આત્મતત્વ સમજવું હોય તો સમજો, ન સમજો તો કંઈ નહિ " એવી રીત અખત્યાર કરવી તેમને ન પાલવે. એટલે બાળ, મધ્યમ કે વિચક્ષણમાંથી જે કોઈ

હોય તે દરેકને ધર્મમાર્ગે જોડવા અને ધર્મ પમાડવા શાસ્ત્રકારો કટિબદ્ધ રહે છે, અને તેથી ત્રણે ચીજો રાખવી પડી.

ધર્મીએ કરવાની ત્રણ વસ્તુ

જો તમે તમારી જાતને ધર્મી ઠરાવવા માંગતા હો તો **ત્રણ વસ્તુ કરવાની જરૂર** છે : સંયોગી પ્રવૃત્તિ. શારીરિક પ્રવૃત્તિ અને આત્મીય પ્રવૃત્તિનો સુધારો. શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારીએ તો સંયોગી પ્રવૃત્તિનો સુધારો કેમ ન રહે ? આત્માનો સ્વભાવ કોઈપણ ત્રણ પ્રવૃત્તિમાં શુદ્ધ રહેવાનો છે, જો આત્માનો સંયોગની પ્રવૃત્તિમાં શુદ્ધ રહેવાનો સ્વભાવ હોય તો ચારિત્ર મોહનીય કર્મ માનવાનું હોત જ નહિ.

ચારિત્રમોહનીવ કર્મ શાને આધારે, શા રૂપે માનવું ?

કહો કે પહેલવહેલાં સમ્યક્ત્વ એટલે શુદ્ધ શ્રદ્ધા, એટલે ગમે તેવા સંજોગો હોય, તેને છોડી શકે કે ન છોડી શકે પણ ધર્મને ધર્મ અને પાપને પાપ માનનારો થા ! સંયોગો ઉપર કાબૂ રાખવો, એટલે પાપમાં પ્રસંગવશાત્ પ્રવર્તવું થયું હોય તો પણ પાપને પાપ માન !

મોક્ષમાર્ગને અંગે શંકાકારે શંકા કરી હતી કે જગતમાં એવું કોઈ કામ નથી કરતું કે જે થયું કે નથી થયું, તેવું કામ કરવા કોઈ તૈયાર થતું નથી, સ્ત્રીઓ રાંધવા બેસે ત્યારે કાચું, અર્ધપકવ, કે પૂર્ણ પાકું જે સમજે તો જ તે રાંધવા બેસે. જેને સીઝયું, ન સીઝયું કે કાચું રહેલની ખબર ન હોય તે રાંધવા ન બેસે, તો પછી તમો અમને શી રીતે દોહો છો ? મોક્ષ મોક્ષ બોલો છો તે શું ? અમને ખબર નથી કે આ મોક્ષમાર્ગની શરૂઆત છે કે આ વચલો ગાળો છે ? મોક્ષનું સ્થાન કયું છે તે પણ ખબર નથી, તો 'હાલો મોક્ષ માર્ગે' કહો, એ શી રીતે બને ? જેવું કરાવવા તમો માગો છો તે તો આંધળીયા લાગે છે. હવે જેમ નાની છોકરીને માતા રંધાવે, તે સીઝયા, ન સીઝયાની ખબર પાડે. તેને રાંધવા બાબત સમજણ કે માહિતી આપે. એટલે માતાના કહેવા પ્રમાણે છોકરી કરે.

તેમ અહીં અમને છોડીની સ્થિતિમાં મૂકો છો ? કારણ અમે મોક્ષ-માર્ગ સંબંધી કાંઇપણ જાણતા નથી.

ચાર ખીંટાઓમાંથી આપણે કયાં ?

અમે ખીંટા ઠોકી દીધા છે, છતાં ન દેખે તો અમારો ઉપાય નથી. અમદાવાદથી આણંદ જવા માટે માઇલે માઇલે ખીંટા ઠોકેલા છે છતાં તે ન જોઇએ તો વાંક કોનો ? ન જોનારનો જ વાંક કહેવાય. સડકવાળાનો કે ખીંટા ઠોકનારનો વાંક ન જ ગણાય.

તીર્થંકર મહારાજે મોક્ષમાર્ગે જવા માટે ખોડો લગાવેલાં જ છે, પણ તે ન જોઇએ તો વાંક કોનો ? પ્રથમ ખીંટો એ ઠોકયો છે કે અઢારે પાપોને પાપસ્થાનક તરીકે માનો, આમ મનાય તો પ્રથમ ખીંટે આવ્યા ગણાઓ. પાપ છોડો કે ન છોડો તે વાત દૂર રાખો. **પ્રથમ પાપના દરેક કાર્ય કે પ્રવૃત્તિને પાપ તરીકે માનો. સંવરના દરેક કાર્યને સંવર તરીકે માનો ત્યારે જ મોક્ષ-માર્ગના પ્રથમ ખીંટે આવેલા કહેવાઓ.**

બીજા સંયોગમાં જોડાયા એટલે પાપપ્રવૃત્તિમાં જોડાયા હો, છતાં તેને પાપરૂપ ન માનો તે ન બને. જેમ અફીણીયાને ત્યાં કાવાખાનું થાય છે અને તેમાં જે ખર્ચ થાય છે તેનું ફળ શું ? એમ દિવાને બાદશાહને પૂછ્યું. કઇ સંપત્તિથી તે ચલાવાય છે ? બાદશાહ શારીરિક, કૌટુમ્બિક કે પ્રજાકીય સંપત્તિથી પણ કહી શકે તેમ નથી, અહીં ત્રણમાંથી એકે કારણ નથી. પણ ફોગટ ખર્ચ છે. એટલે જેનાથી એક પણ ફાયદો જણાતો નથી તે નકામું છે, એટલે તેને બંધ કરવું જોઇએ. કચરો બહાર ફેંકવામાં પણ અક્કલ જોઈએ, નહિ તો અંધા. જેમ કચરો ઘરમાંથી નીકળ્યો અને સામા પવનમાં કચરો નાંખવા જાય તો તે પાછો આંખમાં પડે અને ફેંકનાર અંધો થાય. એટલે કચરો ફેંકવામાં પણ અક્કલ જોઇએ. અક્કલ વિના ફેંકી દેવું તેમાં તો નુકશાન છે. તેમ અહીં કાવાદાવાખાતું બંધ કરવું વ્યાજબી છે. પણ તે આસાનીથી કરવું.

જે માણસોએ આમાં કામ કરીને પોતાનું જીવન ગાળ્યું છે તેનું શું થાય?

વાત સાચી છે પણ પ્રથમ આપ બંધ કરવાની વાત કબૂલ કરો. પછી તે માણસોની વ્યવસ્થા હું કરીશ. એમ કહી રાત્રિના સમયે લાકડાની ભારીઓ લાવીને દિવાને મૂકાવી. અને સળગાવી ત્યાં અબકચરાઓ તો પોટકી લઈને ચાલતા થયા, પણ જે મક્કમ હતા તેઓ લ્હાયને મોટી દીવાળી ગણનારા છે તેથી મોજમજાહ માને છે.

અહીં પાપના સંજોગોથી ડૂબવા છતાં જીવ માને છે; હા....શ ! જેમ કાવાદાવામાં કેળવાયેલો લ્હાયને આનંદરૂપ માને છે, તેમ આ જીવ મોહમદિરામાં ચકચૂર બનેલો હોય ત્યારે પાપની પ્રવૃત્તિઓને હા....શ કહેનારો હોય છે. તેથી સંયોગી સંબંધોમાં સાવચેત થાઓ. શારીરિક કે આત્મિક સંબંધોની વાત દૂર રાખો, પણ પ્રથમ અઢારે પાપમાંથી કોઈ પણ પાપની પ્રવૃત્તિને પાપરૂપ માન્યા સિવાય ન જ રહો. સાધુ સંયમનિર્વાહ માટે અહીંથી સો ડગલાં ઉપર ગયો. જ્ઞાન માટે કે દેવદર્શન માટે ગયો. આ સર્વમાં ધર્મ સિવાય બીજું કંઈ નથી, છતાં આવો એટલે ઈરિયાવહિયા પડિક્કમો. કહો કે સાધુના પવિત્ર આચારોને લીધે પણ થયેલી વિરાધના શાસ્ત્રકારોને ક્ષમ્ય નથી. આ વાત ધ્યાનમાં લો. સાધુ જોતો ચાલ્યો છે, જ્ઞાનાદિક કારણના અંગે તેને ચાલવું થયું છે, છતાં પણ સો ડગલાંની અંદર વિરાધનાની સંભાવના છે, ત્યાં પણ ઈરિયાવહિયા કરવા પડે. તમે કહો કે કેમ ? શાના અંગે ?

જ્ઞાનાદિક કારણને અંગે જ આવસ્સહી કહીને નીકળ્યો છે. આગળ ગુરુમહારાજ છે, છતાં ત્યાં જઈને ઈરિયાવહિયા પડિક્કમવા પડે. એટલે અજાણે થયેલી પણ જીવની વિરાધનાને ખમાવ્યા વિના ન જ ચાલે એમ જૈનશાસન માને છે. અહીં ઈરિયાવહિય પડિક્કમે એટલે જ દંડ થયો. સમિતિગુપ્તિપૂર્વક વર્તેલો છતાં અને જ્ઞાનાદિક

માટે નીકળી તે જ કાર્ય બજાવે છતાં પણ "જે મે જીવા વિરાહિયા" વગેરે પદો બોલવા પડે. તેથી ધર્મને નામે પણ વિરાધનાને જૈન-શાસન ક્ષમ્ય નથી ગણતું. વિરાધનાનાં ભયે ધર્મનાં કાર્યો બંધ કરવાં નહિ જ એમ કહે. જો કે ધર્મપ્રવૃત્તિ સર્વ વિરાધનાવાળી છે, તેથી તેને બંધ કરવા નહિ જ કહે. નહિ કરો તો દૂષણ માત્ર લાગવાનું એમ શાસ્ત્રકાર કહેશે. તો જે જ્ઞાનાદિની પ્રવૃત્તિ કરવામાં, ન કરવામાં શાસ્ત્રકાર દૂષણ કહે, તેવી પ્રવૃત્તિમાં લાગતી વિરાધનાને ફજુલ ગણતા નથી. પ્રતિક્રમણ કરવામાં પણ ઇરિયાવહિયા પડિક્કમવી જોઈએ. સો, બસો કે તેથી પણ વધારે ડગલાં આગળ જાઓ તેટલામાં વીર્યોલ્લાસ વધારે ગણાય, પણ દંડ તરીકે તો ઇરિયાવહિયા સર્વને કરવાની. આવી વિરાધના પણ જૈનશાસનમાં ક્ષમ્ય નથી.

કોઈ વખત વચનનો દંડ આપે એટલે માફી મંગાવે અને કાયિક દંડમાં કાયોત્સર્ગ કરાવે. જેવો ગુન્હો તેવો દંડ આપી શકે. જ્યારે આવી રીતે વિરાધના નિયમિત નથી, તો પછી તેનું કાર્ય શું ? ખાવા માટે હાથ ધોવો પડે અને એંઠો પણ કરવો પડે, કારણ કે ખાધા વિના પોષણ નથી. એ વાત નક્કી હોવાથી હાથ ધોવરાવવાના જ છે. બચ્ચાનું પોષણ તેમાં છે. એટલે પોષણનો વિચાર અને ધોવાનો ઓર્ડર માબાપ જરૂર કરશે,

જ્ઞાન, દર્શન અને ચારિત્રના માર્ગો આત્માના ઉદ્ધાર માટે કહેવાશે તેની સાથે વિરાધનાની માફી માટે ઇરિયાવહિયા પણ કરવાની રહેશે. વળી બીજી બાજુ પણ શાસ્ત્રકાર કહે છે કે જગતમાં પગ ઉઠાવવો આપણા હાથમાં છે, પણ ઉઠાવ્યા પછી ઢળ્યો તે વખતે હાથની વાત નથી, કારણ કે આખા શરીરનો બોજો તેના ઉપર આવેલો છે માટે ઊંચો નહિ જ રખાય. અહીં ઇરિયાસમિતિથી પ્રથમ પગ જોયેલો છે. વળી નકામો પગ આમ કરે છે એમ નહીં. પણ આગળ જવા માટે સંક્રમણ થાય છે. ત્યાં કોઈ જીવ આવ્યો. જેમ ચાલતાં ખિસકોલી આવી તે મોટો જીવ હોવાથી કદાચ બચી જાય,

પણ કોઈ નાના જીવની વિરાધના થઈ, તે તો પગ પડવાથી મરી જ જાય, છતાં તેને તેના નિમિત્તે ઉત્તમ, બંધ જ નથી. કારણ કે પ્રયોગથી તે નિરવદ્ય છે. એટલે બંધ નથી. છતાં તમો ઈરિયાવહિયા કરવા કહો છો એટલે લાગેલા પાપોનું આલોવવું. અહીં પાપ લાગવાની જ ના પાડો છો તો પછી બંધ જ નથી તો આલોવવાનું કેમ ?

વાત ખરી, પણ તેમાં બે પ્રકારો છે. ભવાંતરે હિંસાનાં ફળો ભોગવવાં પડે એવો સાંપરાયિક જે બંધ છે તે આ ઈરિયાસમિતિવાળાને થતો નથી, પરંતુ એક વાત સાથે બીજી વાત સમજાવે છે કે– ઈરિયા સમિતિવાળા ઈરિયાવહિયા માત્રથી વિરાધના ચાલી જાય– આનો અર્થ શો ? ભવાંતરે ભોગવવો પડે તેવો બંધ નહિ પણ ઈરિયાવહિયા પડિક્કમવાથી તે વિરાધનાના બંધનો નાશ થાય.

કેવળી હોય અને તેનાથી વિરાધના થઈ તો પ્રથમ સમયે બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે ક્ષય કરે. આટલા માટે ઈરિયાવહિયા રાખી.

હવે મૂળ વાત ઉપર આવીએ કે અઢારે પાપસ્થાનકોને પાપ તરીકે માનવા અને શ્રદ્ધા કરવી તે મોક્ષનો પ્રથમ ખીંટો છે. આ ખીંટે જ્યારે તમારો આત્મા આવે ત્યારે સમજજો કે તમે પ્રથમ ખીંટે આવ્યા. તેના બે પ્રકારો છે. કેટલાક એવી સ્થિતિના હોય છે કે મહાજન મારા માથા ઉપર પણ ખીંટી મારી ખસે નહિ. એટલે શારીરિક, કૌટુમ્બિક વગેરે સંયોગોના કારણો સિવાયના પાપ– સ્થાનકોથી નિવર્ત્તે. બીજો વર્ગ શરીર કે જીવનના ભોગે પણ સર્વથા હિંસાદિનો ત્યાગ કરે. પહેલો પ્રકાર સંયોગી છતાં શારીરિક, જ્યારે બીજો આત્મીય. તે વીતરાગ ને ક્ષીણમોહી બને જેનું ગમે તેવા સંજોગોમાં રુંવાડું ન ફરકે.

પ્રથમ ખીંટો પાપસ્થાનકોને તે રૂપે માને,
બીજો આર્થિક શારીરિક સંજોગો છોડીને પાપ નહિ કરે,
ત્રીજો ખીંટો શરીર કે જીવનના ભોગે પણ ત્યાગ,

અને ચોથો મનથી પણ હિંસા ન જ કરે.

આવી રીતના ચાર ખીંટામાંથી કયા ખીંટે આપણેછીએ તે વિચારો.

બાહ્ય લિંગથી પરીક્ષા કરનાર બાળક કેમ ?

અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીની ચોકડી જે છે તે શા માટે ?

કહેા કે દેશથી કે સર્વથી પાપને રોકવા માટે જ છે. જે બાળક છે તે બાહ્ય સંયેાગની સુધરેલી સ્થિતિને દેખે. અને તે શાસ્ત્રકારોને ઈષ્ટ છે અને તેથી અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીયની ચોકડીઓ માનવી પડી, તેથી એ શાસ્ત્રકારોએ નક્કી કર્યું કે–" **बालः पश्यति लिंगं** " એટલે સંયેાગની સ્થિતિને જ જુએ. તે ત્રણમાં નિર્ણય શેા ? જેમ " રૂપી પુદ્ગલેા એટલે વર્ણાદિ વિના પુદ્ગલેા હેાય નહિ. જે રૂપવાળા હેાય તે જ પુદ્ગલેા અને પુદ્ગલેા જ રૂપી. આ બે નિશ્ચય જેમ કર્યા તેમ અહીં બાળકના અંગે ત્રણ વસ્તુ છે. તેમાં કેાનેા નિર્ણય ?

બાળક જ લિંગને દેખે એમ કહેા તેા શાસ્ત્રકારે સાધુપણાને અંગે જે વેશાદિનું નિયમિતપણું રાખ્યું, તેથી બાળક જ લિંગને દેખે એ ન રહ્યું. વિદ્વાનેા પણ લિંગને જુએ છે. તીર્થંકરેા પણ સર્વ સાવદ્યના ત્યાગને જ જુએ છે. કેવળજ્ઞાનાદિ પછી અહીં તેા સંસાર ત્યાગ જ માત્ર છે. બાળકેા લિંગને જ જુએ છે એટલે બાળકને દેખવાનું જ હેાય, વિચારવાનું કે પરીક્ષાનું ન હેાય. " **एव** " કાર " **पश्यति** " માં મૂકવાનેા છે. સાંયેાગિક સુધારાને દેખનારેા બાળક હેાય.

એ વાત ચેાક્કસ, છતાં **બહારનેા સંયેાગ તે ખરેખર કાર્ય છે.** જેમ અગ્નિનું કાર્ય ધૂમ, જેમ અગ્નિની પહેલાં ધૂમાડેા ન હેાય પણ પછી જ હેાય, તેથી ધૂમાડાને આધારે ચાલનારેા હેાય તે અગ્નિથી ઠગાય નહિ. તેમ અહીં બહારની પ્રવૃત્તિનેા બગાડ શાથી ?

આત્માને પાપનેા ઉદય છે માટે.

કહેા કે તે કાર્ય છે. તેનેા સુધારેા તે ધર્મિષ્ટોનું કાર્ય છે. આવી રીતે કાર્યદ્વારાએ દેાડનારેા છે તે ઠગાય કેમ ? વિચાર કરી

દોડનારા નહિ જ ઠગાય એ નિયમ નથી. કારણ વસ્તુ કયા રૂપે હોય અને વિચારે કઈ રીતે? તેમાં અનિયમિતપણું છે, તેમ પરીક્ષામાં પણ. જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તે થાય. વિચાર અને પરીક્ષા ઉપર આધાર રાખનારને તમે ઊંચા ગણો અને બાળકને નીચે ગણો તે કેમ?

લિંગ એ કાર્ય છે. કાર્ય દ્વારા નિશ્ચય કરનારો ઠગાય જ નહિ, પણ વિચારદ્વારા કે પરીક્ષાદ્વારા પ્રવર્ત્તવાવાળો તો ઠગાય. વાત સાચી, પણ શાસ્ત્રકાર કહે છે કે–**व्याख्यातो विशेषार्थसंपत्तिः**। કલાણાભાઇ છાણીના. એ વાત બોલનારો જે બોલ્યો તેનો ખુલાસો કર્યો ત્યારે સાચી વાત ખ્યાલમાં આવી. પ્રત્યક્ષ બેઠલા નગીનભાઈ છતાં છાણી કેમ? તો તે જુદા. હવે અહીં લિંગદ્વારાએ પરીક્ષ કરવાનું કહેલ છે, તે બાહ્ય લિંગ પણ અનિયમિત. જેમ અગ્નિની સાથે ધૂમાડો તે અનિયમિત ચિહ્ન, પણ તાપ કે અજવાળું તે નિયમિત ચિહ્ન ગણાય. અગ્નિનું સ્થાન સગડી એ નિયમિત નથી. એકબીજાના પારસ્પરિક સંબંધો છે. ચૂલામાં જ અગ્નિ હોય, સ્થાન વગર અગ્નિ ન હોય, આધારમાં જ હોય. પણ તે સંબંધ બહારનો હોય. કાર્યરૂપ લિંગ ન લે તો બાહ્ય લિંગ લેવું એટલે બાહ્ય લિંગને અસાર કહેશે અને તેથી બાળક બહારના સંયોગોની પ્રવૃત્તિને જોઈને તેને જ ધર્મનું સ્થાન ગણે. મધ્યમ બુદ્ધિવાળો વિચારોને જોઈને ધર્મપ્રવૃત્તિ કરે, પણ તે પરીક્ષકના વિચારો નથી લેતા, પણ ધર્મિષ્ઠોના વિચારો લેવાના છે એટલે બાવાપીવામાં, મૂકવામાં, બોલવામાં મન, વચન અને કાયામાં કેવા વિચારો રાખે છે તેના અંગેના વિચારો લેવાના છે. જેમ પરીક્ષાને અંગે પણ પરીક્ષ્યમાં રહેલ જે તત્ત્વ હોય તેની પરીક્ષા. જે તપાસે તેનું નામ બુધ. તેના વિચારો સુધી પહોંચે તે મધ્યમ બુદ્ધિ અનેબાહ્ય લિંગને જુએ તે બાળક.

બાહ્ય વર્તાવથી દેખનારાને બાળક કેમ ગણાય? તો બાળક જે વસ્તુ દેખે તેને અને ધર્મને કેટલો સાથે સંબંધ છે, તે મધ્યમ અને બુધના અંગે કેટલો ધર્મ સાથે સંબંધ છે તે તપાસો. બાહ્ય પ્રવૃત્તિ, વર્તન અને તત્ત્વ આદિની તપાસ કેમ કરવી તે અગ્રે જણાવાશે.



લિંગ, વિચાર ને તત્ત્વ



જાનવર એક ઘરના ગુલામ, આપણે અનેક ઘરના ગુલામ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** મ૦ ભવ્ય જીવોના ઉપકારને માટે **ષોડશક** પ્રકરણને રચતાં આગળ જણાવી ગયા કે–

"બુધસ્તુ માર્ગાનુસારી યઃ"

આ સંસારમાં અનાદિકાળની રખડપટ્ટી કરતાં કરતાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલી હતી, છતાં તે પ્રાપ્ત થયો, પણ મુશ્કેલીએ મળેલી ચીજનો ઉપયોગ ન કરે તો તે મુશ્કેલી વેઠી નકામી. જેમ એક મનુષ્ય દોડી દોડીને સ્ટેશને પહોંચી પ્લેટફોર્મ ઉપર બેસી રહે અને ટિકિટ ન લે, તો તેમાં તેની બુદ્ધિની ખામી ગણાય. તેમ આ મનુષ્યભવ મુશ્કેલીથી મળેલો છે અને જો તેનો ઉપયોગ ન થાય તો મૂર્ખાઈ ગણાય ને! આ મનુષ્યભવમાં ખાનપાન, મોજશોખ સર્વ થાય છે તે જ તેનો ઉપયોગ છે ને! એમ માનનારા ભૂલ ખાય છે, કારણ તમારે જોઈતા હતા વિષયો, તેણે તમને કબજામાં રાખ્યા. જેમ સ્ત્રીને અંગે મનુષ્ય ભરણપોષણની જવાબદારી ઉઠાવે ત્યારે વિષયવાસના તૃપ્ત કરે, એના કરતાં જાનવરને તો વિષયને અંગે જવાબદારી જ ન હોતી, એટલે તેમાં તું હોત તો સારું. અહીં મનુષ્યમાં તો સ્ત્રી છોકરાની જવાબદારી વેઠવી પડે છે.

શાના અંગે ? વિષયને અંગે. પણ જાનવરમાં હોત તો તે જવાબદારી ન ભોગવવી પડત. પણ વિધાતાએ ભૂલ કરી કે તને મનુષ્યપણામાં નાખ્યો.

રસનેન્દ્રિયના અંગે વિચારીએ તો મહેનત કરી પૈસા કમાવીએ પછી ખાવા પામીએ.પણ કીડી મંકોડામાં જન્મ્યા હોત તો વાંધો જ નહિ.

ઘ્રાણેન્દ્રિયને અંગે વિચારીએ તો સુગંધી પદાર્થ માટે પૈસો ખરચીએ તે મનુષ્યપણામાં મોંઘો થાય, પણ જો ભ્રમરરૂપ બન્યા હોત તો સહેજે રાજમહેલના બગીચામાં સૂર્યવિકસીકમળ ઉપર બેસી શકત.

તેમજ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થયો હોત તો પોપટ આદિરૂપે રાજમહેલમાં રહી શકત, પણ આ મનુષ્યભવને અંગે સાધ્ય જો વિષયભોગનું હોય તો સારું શું ? કહો કે એવી કોઇ સ્થિતિ હોવી જોઇએ કે જ્યાં ધર્મ અગર પુણ્યપાપનો વિચાર આવે. એકેન્દ્રિયપણામાં અનંતા જન્મો થાય તો પણ ત્યાં આવે નહીં. અરે ! **ધર્મની સાધના કેવળ મનુષ્યજન્મવાળો કરી શકે, બીજાથી ધર્મ સધાતો જ નથી.** હવે જેમ યુદ્ધમાં તલવાર જ કામ કરે, તેમ ધર્મસાધનમાં મનુષ્ય જ કામ કરે. ઘાસને તો દાતરડું પણ કાપે અને તલવાર પણ કાપે, તેમ અહીં મનુષ્યપણામાં વિષયસાધનાનું કામ તો સહુ કોઇ કરે, ધર્મસાધનાનું કામ કરે તે જ સાર્થક.

મનુષ્યપણા સિવાય ધર્મની ઉત્પત્તિ થઇ શકતી નથી અને તેથી તિર્યંચની ગતિમાં તીર્થંકરો ન માન્યા. અરે ! દેવગતિ કે નરક ગતિમાં પણ ન માન્યા. ફકત મનુષ્યપણામાં જ તીર્થંકરો માન્યા અને તેથી ધર્મનું આચરણાદિ મનુષ્યગતિમાં જ થઇ શકે. બીજે સાધી શકાય જ નહિ. જેમ યુદ્ધમાં જીત તલવારથી થાય. તેમ ધર્મની સિદ્ધિ મનુષ્યગતિથી જ થાય. ધર્મની સાધના કે સિદ્ધિ કરનારા મનુષ્યભવથી. જો વિષયની સાધના કે ખાવાપીવાના પદાર્થની સિદ્ધિ કરી તેને સફળ ગણીએ તો મૂર્ખા જ છીએ, કારણ તલવારનું કામ તણખલું કાપવાનું નથી. તણખલું તો ચપ્પાથી પણ કપાય. જાનવરો પણ પાંચે વિષયોને સાધે છે, પણ મનુષ્ય તરીકે કામ હોય તો ધર્મસિદ્ધિ.

જે જેનાથી બને તે તેનું જ પ્રયોજન. એટલે ધર્મ મનુષ્યપણાથી જ બને અને તેથી મનુષ્યપણાનું સાધ્ય પણ ધર્મ જ હોય. પુણ્ય-પાપ પણ મનુષ્યપણામાં જ સમજાય. એક આંધળો માણસ વારે ઘડીયે અથડાય છે એટલે આંખદ્વારા કામ નથી કરી શકતો.

તેમ શાસ્ત્રકાર વિચારવાળા કોને ગણે ? કીડી ગન્ધરસના વિચારવાળી છે. જાનવરો પણ કુટુંબકબીલાના વિચારવાળા છે. કૂતરું સ્થાન અને શેરીની પણ રક્ષા કરે છે. આ સર્વ જાનવરો જે કરે છે, તેથી વધારે મનુષ્ય શું કરે ? કહો કે ક્ષાયોપશમિક સંજ્ઞાવાળા જીવો કંઈ કરી શકે છે. મનની સંજ્ઞાવાળા છતાં મનનું કાર્ય ન કરે તે અસંજ્ઞી. કયું કાર્ય ? પોતાના હિતના વિચારો કરવાનું કાર્ય. જે શરીર કુટુંબના વિચારો કરે પણ આત્મકલ્યાણના વિચારો ન કરે તેથી તેને અસંજ્ઞી કહેવો પડે. ગુલામી એટલે શેઠની અનુજ્ઞાએ ચાલવું. શેઠનું હિત જેમાં થાય તેવું વર્તન કરવું, પોતાના હિત-અહિતની દરકાર કર્યા વિના શેઠના કહેવા પ્રમાણે વર્તવું તેનું નામ ગુલામી. તેમ અહીં આત્મા ધન, કુટુંબ અને બાયડી છોકરાની ગુલામી કરે છે, તેનું હિત તપાસે છે, પણ પોતાનું હિત ન જુએ અને તેથી તે જાનવરનો અવતાર છે એમ માનો.

જેમ આપણા ઘરે ગાય કે ઘોડો હોય તો ચારો ચરે, દૂધ આપે અગર ભાર વહે અને છેવટે જિંદગી ખતમ કરે, તેમ અહીં આપણે કુટુંબમાં જાનવરરૂપ છીએ, કારણ કે વેઠ કરીને દહાડા પૂરા કરીએ છીએ. ગાય કે ઘોડો પોતાનું હિત ન જુએ પણ દૂધ આપે, કામ કરે અને જિંદગી પૂર્ણ થયે જાય; તેમ આપણે પણ ગુલામ જ છીએ. ગાય ઘોડો તો એક ઘરનો ગુલામ, પણ આપણે તો અનેક ઘરના ગુલામ છીએ, કારણ કે પિત્રાઈ-કુટુંબ સંબંધી દરેકની વેઠો કરીએ છીએ અને છેવટે મરી જઈએ છીએ પણ કંઈ મેળવતા નથી, માટે આપણામાં ને જાનવરમાં કંઈ ફરક નથી. તેથી જેઓ પુણ્ય-પાપનો વિચાર ન કરે, આત્મકલ્યાણનો વિચાર ન કરે, તેમ જ જન્મ મરણની ભીંતમાં કાણું ન હોય એટલે જન્મની પ્રથમ દશા અને મરણ પછીની દશા ઉપર ધ્યાન ન રાખે, તે સંજ્ઞી પંચેન્દ્રિય છતાં શાસ્ત્રકાર કહે છે કે તે અસંજ્ઞી જ છે, પછી તે કોઈ પણ ગતિવાળો

હોય. અને તેથી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના હિસાબે અમે સંજ્ઞી જુદા કહીએ છીએ.

સંજ્ઞી કોણ ?

જેઓ ધર્મ, પુણ્ય, જીવાદિ તત્ત્વોને સમજે કે જાણે તે જ સંજ્ઞી હોઈ શકે. જેને ધર્મનો કે પુણ્યપાપનો વિચાર નથી, આત્મ-કલ્યાણનો વિચાર ન હોય તે સંજ્ઞી ગણાતા જ નથી, મનુષ્યપણું એક અપૂર્વ ચીજ છે તે આપણને મળી, છતાં તેનાથી સાધ્ય ન સાધી શકયા. તો પછી અઠ્ઠમ કરી દેવની આરાધના કરી અને વરદાન માંગવા જણાવ્યું હોય અને ચિન્તામણિ પ્રાપ્ત કરવા છતાં માગતી વખતે બાવળીયો માગીએ તો શું કહે ! જેમ દુર્લભ મનુષ્યભવ મળવા છતાં છેવટે વિષયોની જ માગણી કરી કે જે સંસારભરમાં રખડાવનાર છે, આથી ભીંત જ ભૂલ્યો છે.

મનુષ્યપણું મેળવ્યા પછી ધર્મની સાધના રાખી, છતાં માન્યતા એક સરખી રહે પણ બુદ્ધિ ક્ષયોપશમની વિચિત્રતાને લીધે જુદી રહે છે. બારમે ગુણઠાણાને છેડે શ્રુતજ્ઞાનનું કેટલું જ્ઞાન હોય ? તો અષ્ટ પ્રવચનમાતા જેટલું જ હોય. કેવળજ્ઞાન થવાના પ્રથમ સમયે કોઈને ત્રણ ચાર પણ હોય એટલે બુદ્ધિની તીવ્રતા-મંદતા બારમાના છેડા સુધી હોય. અને તેથી ચોથે કે પાંચમે ગુણઠાણે બુદ્ધિની તીવ્રતા, મંદતા હોય તો તેમાં આશ્ચર્ય શું ? જઘન્યથી બારમે કેટલું જાણે ? તો અષ્ટ પ્રવચનમાતાનાં નામ માત્ર. આખું તેનું અધ્યયન નહીં.

કેટલાકો એમ કહે છે કે તેનું અધ્યયન પણ જાણે. અહીં તો નામ માત્ર જ બારમે છેડે કોઈક જાણે. એટલું હોય તો પણ ક્ષીણ-મોહનીય હોય. અહીં બારમાના છેડા સુધી જ્ઞાનની તીવ્રતા અને મંદતા હોય. એટલે ત્રણ અને ચાર જ્ઞાનવાળા અને શુદ્ધ કેવળી તેમજ અષ્ટ પ્રવચન માતાના નામ માત્રવાળો પણ બારમાના છેડે હોઈ શકે. ધર્મ સાધવાને તૈયાર થયેલા મનુષ્યમાં તીવ્રતા-મંદતા હોય, તેમાં

નવાઈ નથી. અને તેથી શાસ્ત્રકારે ત્રણ પ્રકાર કર્યા, એટલે બાલ, મધ્યમ અને બુધ પણ હોય. એક જ પ્રકારના હોય એવો નિયમ નથી. નવમાથી શ્રેણીની શરૂઆત કરે, તેને પણ વિચાર એ જ હોય કે મારાથી બીજા જીવને વિરાધના ન થાય. જેમ અર્હન્નક મુનિને દેવે ઉછાળ્યા છે. કેવી રીતે? જાણે ફેંકીને, અને તેથી લોહીની ધારા અપ્કાય ઉપર પડે છે અને તેથી જીવની વિરાધના થતી હોવાથી તેમનો આત્મા કંપે છે. આવી પરજીવ ઉપર અનુકંપા છે. તેથી ધર્મને સાધવાવાળા સર્વ જીવો સરખા ન હોય.

જમાલીના મતે નવે તત્ત્વોમાં મુશ્કેલી.

બધા બુધ ન હોય, જુદા જુદા હોય તેથી તે ઓળખવા શી રીતે? તો બાળક હોય તે સાંયોગિકે રિવાજોને જોઈને ધર્મને માને. શારીરિક સંયોગોને જોઈ વિચારીને ધર્મને માને તે **મધ્યમ** અને શાસ્ત્રીય વિચારોને જોઈ તપાસીને આગમ તત્ત્વને માને તે **બુધ**, એટલે પરીક્ષામાં પ્રધાન હોય તે બુધ, આત્મીય પરીક્ષામાં ઉતરે તે બુધ. આવી રીતના ત્રણ પ્રકારો આગળ પણ જણાવી ગયા છીએ. આમ હોવાનું કારણ શું?

બાળક આવું જુએ અને આ જ જુએ, તેમ મધ્યમ અને બુધ માટે પણ નિયમ બાંધવાનું કારણ શું? શું તમો રોકવા માંગો છો? તો વિચાર કરવા જતો હોય તો અમે બાળકને રોકતા નથી તેમ નિષેધ પણ કરતા નથી, પરંતુ એ કહે જ નહીં, એની એ તાકાત જ નથી, કારણ કે બાળક કહેવાય ત્યાં સુધી કે જેના પ્રયત્નોમાં સુંદરતાનો નિયમ નહીં. જેમ હોળીના દહાડે ધૂળ ઉછાળે અને દીવાળીના દિને લુગડાં લત્તાં શણગારીને પહેરે. તેનો પ્રયત્ન સર્વથા શુભ જ હોય એ ન બને. તેમ અહીં જે બાળક ધર્મપરીક્ષામાં ઉતરતો-હોય છતાં તેના પ્રયત્નનું સુંદરપણું ન હોય, એટલે જેના વિચારોની સુંદરતા ન હોય તે પરિણામવાળો તો હોય જ કયાંથી! તેને તો માત્ર બહારના સંયોગો જોઈને કહેવું પડે. જેમ કે તપવાળો,

ચઉવિહારવાળો, રાત્રિભોજન ત્યાગવાળો દેખીને તેને ધન્યવાદ આપે. માત્ર બહારના સંયોગો જોઈ ને ધન્યવાદ આપે પણ અંદરખાનાની કોઈ પણ બાબત ન જુએ, અને તેથી તે પંચાગ્નિ તપસ્યાદિની ફસામણમાં આવી જાય.

તમારી તપસ્યા દેખીને દુઃખ થાય, તેના કરતાં પંચાગ્નિ તપ જુએ તો વધારે દુઃખ દેખી તેને ધર્મ માને એટલે બાળક સુંદર જ પ્રયત્નમાં હોય એવો નિયમ નહિ, એટલે બાહ્ય સાંયોગિક આચારને દેખી જ્યાં ધ્રસવાનું થાય ત્યાં ધ્રસે.

પ્રભુ વીરના સમયમાં એક ગામમાં તલાટી છે. તેનો છોકરો ચડેરાની સેવાના સિદ્ધાંતવાળો છે, જ્યાં માબાપની સેવા કરે છે ત્યાં અભયકુમાર આવી ચડ્યા, ત્યારે આ છોકરો અભયકુમારની સેવામાં પડ્યો. કારણ કે માબાપ પણ તેમની સેવા કરે છે, તેમ શ્રેણિકની સેવાનો પ્રસંગ આવ્યો યાવત્ પ્રભુ વીરની સેવા કરી. જેની સેવા કરવી હોય તેના ઘરની મર્યાદા જાળવીને થાય, નહિ તો બિલાડી ને બગલા જેવું થાય. બિલાડીએ થાળીમાં ખીર પિરસી ને બગલાને ખાવા કહેલું તે કામ ન લાગે. લાયક સાધન અપાય તો જ ભક્તિ થાય, તેમ અહીં જેના ઘરની સેવા કરવી હોય તેનાં ચિહ્નો લેવાં પડે, અહીં સેવા કરવી છે એ સિદ્ધાંત હતો એટલે ચિહ્નો **પ્રભુ વીરે** આપ્યાં તે લીધાં. તલાટીમાંથી પ્રધાન અને યાવત્ રાજાપણે આવ્યો તેટલું તેનું ભાગ્ય હતું, છતાં બાળકનો સુંદર જ પ્રયત્ન થાય એ નિયમ નથી.

જે મધ્યમ બુદ્ધિવાળો હોય તે આચારમાં મધ્યમ રહે, એટલે નિયમિત સુંદર આચારવાળો હોય ખરો અને ન પણ હોય. એટલે ઈરિયાસમિતિ આદિ નિહ્નવોમાં હોય એમ ન કહી શકીએ. તેથી મધ્યમ જુએ કે છે, અને તેથી શારીરિક સંજોગોમાં સાધુપણું જુએ એટલે ખાવા-પીવામાં, બોલચાલમાં, વર્તનમાં, પરઠવવામાં જુએ, પણ તેને એ ખ્યાલ ન આવે કે પચ્ચક્ખાણ, ઉપવાસ કરેલાને જુએ પણ બીજે દિવસે સવારે ચાર વાગે ચૂલો સળગાવે. એટલે તત્ત્વજ્ઞ આચાર,

બહારના સંજોગો અને અંદરનું પણ જુએ, જેમ સોનાની કસોટી માટે કસ અને પતરું પણ જુએ, તેમ અહીં બહાર વિચાર, સંયોગો ચિહ્નો–પિંડવિશુદ્ધિ આદિ તપાસવા સાથે અંદરનું પણ જુએ એટલે માર્ગને અનુસરે. એનો માર્ગ કેવો છે એટલે જિનેશ્વરે કહેલા માર્ગને અનુસરે છે કે નહિ? ઈરિયાસમિતિ આદિને જુએ, બહારના ત્યાગને પણ જુએ, છતાં ખરી કસોટી કયાં? તો માર્ગને અનુસરે છે કે નહિ?

જમાલી અને મહાવીરમાં ફરક શો?

લોકોની અપેક્ષાએ **જમાલી** મોટો. કારણ 'કર્યા પછી કર્યું' કહે અને **વીર પરમાત્મા** 'કરવાની શરૂઆતથી કર્યું' કહે. હવે કર્યું તે તો ચોક્કસ છે પણ જે કરવા માંડયું તે તો થાય તો જ કર્યું ગણાય, નહિ તો અધકચરું ગણાય. શરૂ કર્યાને કર્યું કહીએ તો અધૂરું રહ્યું હોય ત્યારે મુશ્કેલી, જેમ મુંબઈ જવાને નીકળેલો વચમાં રોકાય તો મુંબઈ ગયો એ વાકય ખોટું પડે અને સાંદિગ્ધ રહે. અહીં જમાલીના મુદ્દા પ્રમાણે સ્થૂલદૃષ્ટિએ આપણને કર્યા પછી કર્યું બોલીએ તે ઠીક લાગે, પણ સોના, ચાંદી, કંઈ તોલના માપવાળા ત્રાજવાએ ન તોલાય, એ તો રતી કે ચવથી તોલાય.

જરા સૂક્ષ્મદૃષ્ટિથી આગળ ચાલો તો જમાલિના મત પ્રમાણે નવે તત્ત્વો બગડી જાય. જેમ મનુષ્ય મરીને દેવમાં ઉપજ્યો, તે મરતાંની સાથે દેવપણે થયો અને આયુષ્ય ભોગવ્યું તેથી દેવપણે ન કહેવોને? કારણ અહીં મનુષ્યનું આયુષ્ય છે નહિ અને દેવપણે હજી થયો નથી તો પછી તેને કહેવો શો? ઉત્પન્ન થયા પછી જ દેવ કહેવાનો? નારકીમાં કે તિર્યંચપણામાં ઉત્પન્ન થાય ત્યારે જ તે ગતિવાળો કહીએ તો મુશ્કેલી. જેમ અજીવ દ્વયણુક વગેરે જે સમયે ભેગા થાય તે સમયે દ્વયણુક ન કહીએ.

કહો જીવતત્ત્વમાં મુશ્કેલી. અજીવતત્ત્વમાં પણ મુશ્કેલી. પુણ્યમાં સારા પરિણામ થવા માંડયા ત્યારે પુણ્ય ન બંધાય, પણ તે પરિણામ પૂરા થઈ જાય પછી જ પુણ્ય બંધાય અને તેવી જ રીતે પાપમાં સમજવું.

'કડેમાણે કડે' ન માને તો મુશ્કેલી. આશ્રવના અને સંવરના અંગે તેમજ સંવર નિર્જરાને અંગે પણ સમજવું. યાવત્ મોક્ષ તે આઠે કર્મો છૂટે તે સમયે મોક્ષ નહિ પણ છૂટયા પછી મોક્ષ.

એ રીતે એક પણ તત્ત્વ જમાલિના મતે ટકતું નથી. અહીં બાહ્ય સંજોગોમાં વિહાર, પિંડવિશુદ્ધિ, સમિતિ, ગુપ્તિ વગેરે આઠે પ્રવચનમાતા અને આવશ્યકાદિ બાહ્ય અનુષ્ઠાનો જમાલિને પણ હતાં, છતાં એક તત્ત્વમાર્ગે ખસી ગયેલા હોવાથી તેને શાસન બહાર ગણવામાં આવ્યાં. તાત્ત્વિક દૃષ્ટિવાળો ભગવાન જિનેશ્વર મહારાજે બતાવેલો સમ્યગ્દર્શનાદિ રૂપ રત્નત્રયી જે બતાવેલી છે તેને તપાસે તે જ પંડિત કે બુધ કહેવાય. બાળક, મધ્યમ અને બુધ એ રીતે ત્રણે પ્રકારો જીવોના ધર્મની આરાધના માટે જણાવ્યા.

જમાલી સર્વ બાહ્ય ક્રિયા કરવા અનુસરતા નહોતા

ક્ષણ અને લવ પણ પ્રમાદ ન આવવો જોઈએ, અને તેથી **મહાવીર મહારાજે** જે ઉપદેશ આપેલો છે તે કયો? અસંભવિત, એટલે હે **ગૌતમ**! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ. આ ઉપદેશ વગર વિચારો–નકામો, ભેંસ આગળ ભાગવત જેવો.

કેમ? ખાટલે મોટી ખોડ કેમ?

તો **ગૌતમને** સમયનું જ્ઞાન હતું?

સમય કે પ્રદેશનું જ્ઞાન તો કેવળીને હોય. અરૂપીનું જ્ઞાન તો સર્વજ્ઞ સિવાય બીજાને હોય જ નહિ વ્યાવહારિક કાળાદિનું પ્રમાણ છદ્મસ્થને હોય. સમય તો સર્વજ્ઞ સિવાય બીજાને જણાય તેમ જ ન હોતો, છતાં **પ્રભુ વીર ગૌતમ સ્વામીજીને** સમયનો પણ પ્રમાદ ન કરવા ઉપદેશ કેમ આપ્યો? સમયનું જ્ઞાન તો છે નહિ. છદ્મસ્થનો ઉપયોગ પણ અંતર્મુહૂર્તનો હોય, સમય અરૂપી છે.

આ ઉપરથી **પ્રભુ વીર** જણાવે છે કે–સમય પણ પ્રમાદ ન થવો જોઈએ. જેમ દુનિયામાં કહીએ છીએ કે એક બદ્યમનો પણ ફરક ન પડવો જોઈએ, તેમ અહીં ક્ષણ કે લવમાંય અપ્રમત્તપણું રહેવું જોઈએ, તેથી સમયનો પણ પ્રમાદ કરીશ નહિ તેમ ફરમાવ્યું અને તેથી વીસ સ્થાનકમાં તીર્થંકરપણાને બાંધવાની વાત કરી છે ત્યાં પણ ક્ષણ કે લવની વાત કરી, પણ સમયની ન કરી.

'સમયનો ઉપયોગ છે' તેથી ગૌતમસ્વામીજીને ઉપદેશ આપ્યો છે એમ નહિ, પણ ક્ષણ પણ પ્રમાદ ન કરે તે માટે જણાવ્યું છે.

હવે બુધ આવી રીતે તત્ત્વને જુએ એટલે ક્ષણ લવ જેટલા કાળ પણ પ્રમાદમાં જઇશ નહિ. અહીં વિષયના અંગે સમય શબ્દ નથી કહ્યો તેથી બુધ તે માર્ગને અનુસરે; તે પ્રમાણે ચાલે. આ ઉપરથી એક સમયના શુભ પરિણામ આત્માને નિર્જરા કરાવવાળા અને પુણ્ય બંધાવનારા છે, અને તેમાં પ્રથમ પરિણામ થાય અને પછી પુણ્ય બંધાય, તો શાસ્ત્રકારે કહેલ છે કે જે જે સમયે દુનિયામાં જેવો વ્યવહાર હોય તેવું બોલાય. કાછિયો પૈસાભાર પણ ઓછું નથી આપતો. દાણાવાળો અધોળ, અને મોતી હીરા કે સોનાના વ્યાપાર વાળો રતિથી વાત કરશે.

તેમ જૈન શાસ્ત્રકારોનો વ્યવહાર સમયથી છે, તેથી જે જે સમયે જીવ આશ્રવ, સંવર, નિર્જરા કે બંધના ભાવમાં પ્રવેશ કરે તે સમયમાં (સમયાન્તર નહિ) "કેડેમાણે કડે" ન માને તો તે અનંતર સમયે થઇ જાય, તેથી શાસ્ત્રકાર ચોકખા શબ્દમાં કહે છે કે તે તે સમયે શુભ-અશુભ કર્મોને બાંધી લે છે. **જે વખતે જેવાં પરિણામ થાય તે તે વખતે તેવાં કર્મો બંધાય** છે. બંધાય છે એમ કહ્યું તો જીવ જ્યાં સુધી યોગમાં પ્રવર્તેલો છે ત્યાંસુધી બંધ છે અને તેથી સયોગીપણામાં યોગની પ્રવૃત્તિ છે અને બંધ પણ છે. તેથી જે જે

ભાવમાં પ્રવર્તે તે તે સમયે બાંધે વગેરે. **જમાલી** સર્વ બાહ્ય અનુષ્ઠાનોને કરતો, પંચસમિતિ અને ત્રણ ગુપ્તિને પણ આચરતો હતો, છતાં માર્ગને અનુસરવાનું તેનામાં ન હોતું, માટે કહે છે કે તાત્ત્વિક માર્ગની અંદર આવીને તેને જ અનુસરે તે જ પંડિત. એટલે ઈરિયા-સમિતિ આદિ કે ત્યાગદિ ન પણ હોય તો પણ માનવામાં વાંધો નથી. જેમ એક સાધુ નદીમાં ઉતરે છે ને બીજો કાંઠે છે. બન્નેમાં જે ઉતરે છે તે સંયમપાલનની દૃષ્ટિમાં છે. અને કાંઠાવાળો પણ તેવો છે. જે તત્ત્વદૃષ્ટિવાળો છે તે વિચારે કે માર્ગમાં છે અને તેથી તે પંડિત ગણાય.

ધર્મની સ્વરૂપથી પરીક્ષા

પ્રથમ ત્રણેને અંગે બબ્બે નિર્ણયો કર્યા હતા. લિંગમાત્રને દેખવાવાળો બાળક, વિચારવાળો મધ્યમ બુદ્ધિ, તત્ત્વને તપાસે તે બુધ. આવી રીતે પરીક્ષ્ય અને પરીક્ષા દ્વારાએ વિભાગ કર્યો હતો, તેમ અહીં સ્વરૂપ દ્વારાએ નિર્ણય કર્યો છે. એટલે દેખવું, વિચાર અને માર્ગની તપાસ. એ ત્રણવાળાનું બાલ, મધ્યમ અને બુધનું સ્વરૂપ જણાવ્યું છતાં આને બાલક કેમ કહેવો ? જેમ એક મનુષ્ય કસદ્વારા, તોલદ્વારા કે અગ્નિદ્વારા પારખે તે પણ સોનું કહેવાય તેમ બાલક સંયોગદ્વારા પારખી દેવગુરુધર્મની તપાસ કરે. તેમ મધ્યમ અને બુધ બીજી રીતિએ પારખીને દેવગુરુની તપાસ કરે, પણ તે બધાને છેવટમાં સાધ્ય તો દેવ, ગુરુ અને ધર્મની સાધનાને ! કોઇ ચાલીને, કોઈ ઘોડા ઉપર કે ગાડીમાં આવ્યા પણ તે બધાનું સાધ્ય મકાનમાં જવાનું હતું તેમ અહીં ત્રણમાં ફરક શો ? આટલું પિંજણ કેમ ? આવી પંચાતથી શું કામ છે ? રોટલા થયા એટલે બસ. ટપટપથી મતલબ શી ? દેવ–ગુરુ કે ધર્મની પ્રાપ્તિ થાય એટલે બસ. બીજી પંચાત કરીને કામ શું ?

વાત ખરી. દેવ–ગુરુ અને ધર્મની પરીક્ષા ઉપર જ તત્ત્વ છે પણ જે પરીક્ષા કરવાની દૃષ્ટિ છે તેમાં કોઈ મનુષ્ય કાળાં ચશ્માં પહેરીને ઘડો દેખે તો તે કાળાપણાને જ જુએ, કારણ ચશ્માં કાળાં છે.

જેવું સાધન દેખવામાં મળે તેવું દેખાય. લાલ કે પીળાં ચશ્માં હોય તો તેમાં તેવું દેખાય. કાચ ઊંચો નીચો હોય અને ઘડો આડો રાખેલ હોય તો પ્રતિબિંબ કાચના જેવું પડે. એટલે **કાચના સ્વરૂપ ઉપર પ્રતિબિંબનો આધાર રહે છે.** તેમ અહીં પણ દેવ, ગુરૂ અને ધર્મ એક જ સ્વરૂપે છે. દેખનાર આત્મા ધર્મિષ્ઠ છે. તેમાં ફરક નથી, પણ દેખવાની દૃષ્ટિ જુદી હોય, તેથી ફરક પડે. લિંગદ્વારાએ દેખે તે બાળક. વર્ગને વિચારવા દ્વારાએ જુએ તે મધ્યમ અને તત્ત્વદ્વારાએ દેખે તે બુધ. હવે ત્રણે કઇ દશાનું દેખવા માગે છે, તે શી રીતે, અને તે સાંયોગિક વગેરે ત્રણે સ્થિતિ કેવી હોય, એ ત્રણે પરીક્ષામાં ફેર જણાવી, બુધપણું સમજી દેશના દેવાવાળે કેવો રીતે દેશના દેવી તે અધિકાર અગ્રે વર્તમાન.








સ્વસમયના ગુણો અને પરસમયના દોષો બડબડાટ કરવા માટે સમજાવતાં નથી પણ દર્પણમાં પડેલા પ્રતિબિંબને દેખીને જે સદ્ ઉદ્યમ કરતાં શીખ્યા છો, તેનો સફળ ઉદ્યમ કરવા માટે સમજાવાય છે.







જૈન અને અજૈનોની દૃષ્ટિએ ધર્મસ્વરૂપ



શાસ્ત્રકાર મહારાજા **શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ.** ભવ્યોના ઉપકારાર્થે **ષોડશક** પ્રકરણને રચતાં આગળ જણાવી ગયા કે— "**बालः पश्यति लिङ्गं** આ સંસારમાં આર્યમાત્ર ધર્મની ઇચ્છાવાળા છે. કોઇપણ આર્ય ધર્મની ઇચ્છા વગરનો નથી અને તેથી પોતે ધર્મ કરતો હોય કે ન કરતો હોય પણ તેને ધર્મિષ્ઠ કહો ત્યારે તે ખુશી થાય અને અધર્મી કહો તો નાખુશ થાય; એટલે જૂઠો એવો પણ વહાલો શબ્દ સાંભળી તે ખુશ થાય છે. વળી પાપ આળખામણું હોવાથી તેને પાપી કહેવાથી પોતે નાખુશ થાય છે. આર્યોને પાપ અનિષ્ટ છે અને પુણ્ય ઇષ્ટ છે, હવે જેમ જેમ વસ્તુ કિંમતી તેમ તેમ તેનામાં ગોટાળો હોય. ધૂળ, લોઢું, તાંબાં વગેરેની બનાવટ કોઈ ન કરે, કારણ કે તેની કિંમત છે જ નહીં. જે કિંમતી હોય તેની જ લોકો બનાવટ કરે. ચાંદીના અંગે જર્મન સિલ્વર તેમજ સોના, હીરા-મોતી માટે બનાવટ થઈ પણ ધૂળ, લોઢા માટે બનાવટ ન થઇ, કારણ કે તે કિંમતી નથી. બનાવટ કે નકલીનો ભય કિંમતની પાછળ છે. આ બાજુ ધર્મ એ કિંમતીમાં કિંમતી ચીજ છે. કેમ? ધન, માલ, કુટુંબકબીલો આદિ તમામ વસ્તુ ધર્મથી મળે છે. દુનિયામાં ન મળતી ચીજો પણ ધર્મથી મળે છે અને મળતી ચીજો પણ ધર્મથી જ એટલે પુણ્યથી જ મળે છે. અહીં એક પુણ્ય જ એવી ઉચ્ચતમ ચીજ છે કે જેનાથી સર્વ ચીજો મળે.

જગતમાં જીવને પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું અને લાંબી આવરદા તે સર્વ ધર્મથી જ મળે છે. દુનિયામાં મળતી ચીજો ધનમાલ, કુટુંબ આદિ પણ તેનાથી જ મળે છે.

એક શેઠિયાને જશની ઇચ્છા પણ પોતાને અપજશનો ઉદય છે. તેનું શું થાય ? નાત જમાડવી તે હાથની બાજી છે, તેમાં ચોવટીયાને બોલાવી નાતનું ખર્ચ પૂછયું તો તેણે દોઢસો કહ્યા. પણ શેઠે બસો મંજૂર કર્યા અને જશ ખાટવાની વાત કરી. આ બાજુ તૈયારી કરી. કાલે નાત જમવાની છે. અડીં ચોવટીયામાં કોઇ માલિક નથી છતાં જોઈ આવું તો ખરો. શિયાળાનો દિન હોવાથી ઘીથી કઠણ થયેલા લાડુઓ જોયા. અહીં શેઠ ખીજાયા. અને ઘી પાછું નંખાયું. ઘીની તપેલી સાથે દીવેલની તપેલી હતી તે પણ નંખાણું. રાત્રે લાડવા તો વળાઈ ગયા. સવારે જમવા ટાણે ઓરડી લાડવાની ખોલી ત્યારે લોકો દીવેલના લાડવા એમ બોલવા લાગ્યા તેથી શેઠને જશ ન મળ્યો.

અહીં ભાગ્ય વિના જશ પણ મળતો નથી. હવે સર્વ વસ્તુ પુણ્ય કે ધર્મને આધીન છે અને તેથી જગતમાં કિંમતીમાં કિંમતી ચીજ ધર્મ છે અને તે કિંમતી છે એટલે પછી તેની પાછળ જરૂર નકલી થવાના. અને તેથી જ ધર્મના ફાંટાઓ ઘણા છે. જો આ કિંમતી ન હોત તો ધર્મના ફાંટા થાત જ નહીં. જેને જોઈએ તે આંખ ઉઘાડી રાખે તો જ અસલી માલ મળે. પણ તેમાં ખબરદારી રાખવી જોઈએ. એટલે જેની સેંકડો નકલ થઈ હોય ત્યારે અસલી માલ લેવો હોય તો ખબરદારી રાખવી જોઇએ. અહીં ધર્મ આર્યોને ઇષ્ટ છે. પણ તે ખબરદારી રાખે તો જ તે લઈ શકે, તે વિના અસલી ધર્મ ન જ મળે.

સર્વ દર્શનકારો ધર્મને તપાસીને લેવાની વાત કહે છે, પણ ધર્મ સારો ગણવાનો કઈ દૃષ્ટિએ ? છોકરો છાપના રંગ સારા દેખે, પણ છાપ બરાબર ન નીરખે. એનાથી ચઢિયાતો હાવભાવ તપાસે. ત્રીજાએ કોઈની છબી તપાસી, જેની છબી છે તે બરાબર છે કે નહિ એ પણ જુએ. તેમ અહીં ધર્મ લેવાવાળા જુદી જુદી દૃષ્ટિએ વિચાર કરે. જેમને લાંબી બુદ્ધિ નથી, અક્કલ કે વિચાર નથી તે માત્ર બાહ્ય લિંગ માત્ર દેખીને ધર્મની તપાસ કરે. એટલે સાધુમહારાજના બાહ્ય વર્તન-લોચનાદિ, ગોચરી, ઈરિયાસમિતિ આદિ સર્વને તપાસે.

મધ્યમ બુદ્ધિવાળો એ તપાસે કે ત્યાગ લેવામાં ડૂબી જવાનું થાય તો સારું. એમ કેમ ? તો પ્રાચીનકાળમાં એક શેઠે બહારગામ જવા માટે એક સાર્થવાહ લીધો. એક ભીખારી રસ્તામાં મળ્યો, અને તેને રસ્તામાં ખાવાનું સારું મળ્યું, એટલે તે બીજે દિને ભિક્ષા માટે ફર્યો નહિ. બીજે દિને એથી સારું ખાવાનું આપ્યું. અહીં સાર્થવાહે જોયું કે આણે જરૂર છઠ્ઠ કર્યો હશે. અહીં પેલો વિચારે છે કે મેં બે દિન ન ખાધું એટલે પેલો ભક્તિ કરે છે. અહીં બબ્બે દિનને આંતરે છઠ્ઠ કરે છે. તો ઈન્દ્રનાથે વિચાર કર્યો કે હવે મારે અહીં રહી કામ શું ? સાર્થનું કામ શું છે ? બહારગામની ભાગોળે ઝૂંપડી બાંધી તે રહ્યો. બધા ભક્તો ભેગા થયા. ભોજન પણ પેલો એક લાવે છે તેને લાભ મળે છે. બીજાને આંટા મારવાના થાય છે તેથી જે ભોજન કરાવે તે અહીં ઝાલર વગાડે. અહીં આ સાધુનું નામ એકપિંડિયો છે, તેવામાં પ્રભુ વીર પધાર્યા. ત્યારે સાધુઓ કહે છે કે–ગોચરી જઈએ. ત્યારે પ્રભુએ ના પાડી. કેમ ? તો પેલા બધા સામા લઈને આવ્યા હતા. પછી વીરે અનુમતિ આપી. ત્યારે ગૌતમસ્વામીજીએ પૂછયું કે પ્રથમ મનાઈ કેમ કરી હતી અને હવે કેમ જવાનું કહો છો ?

એટલે આખી વાત સમજાવી. અને છેવટે કહ્યું કે–તું ઈન્દ્રનાથને કહે કે–હે એકપિંડિયા ! તને અનેકપિંડિયો જોવાને ઇચ્છે છે. આવી રીતે ગૌતમસ્વામીજીએ કહ્યું. પછી પોતે વિચારમાં આવે છે કે-મને કહેવાનું તત્ત્વ શું ? ક્રોધ શમ્યા પછી પણ વિચાર આવે તેનું નામ જ માણસાઈ. તે વિચારે છે કે-તે સાધુઓ તો ઘણે ઘરે જઈને ગોચરી લે છે, મારે માટે પારણાની તૈયારી ઘણી જગ્યાએ થાય છે તેથી હું અશુદ્ધ પિંડ લેવાવાળો છું. તેઓ માધુકરી વૃત્તિથી લે છે.

બાળ છઠ્ઠના પારણાની વાટ જ જુએ, ગોચરી શુદ્ધ છે કે અશુદ્ધ તે પણ ન તપાસે. બાળક માત્ર બાહ્ય સંયોગોને જુએ પણ નિયમોને ન તપાસે. બાળક ધર્મીની પરીક્ષા બહારના સંજોગોથી કરે ત્યારે

મધ્યમ સંયોગો અને નિયમોને પણ તપાસે. નિયમો કયા? પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પણ પાળે તે.

હવે તે સમિતિ શું?

પારિભાષિક શબ્દોનો અર્થ કહીએ તો ચાલવામાં, બોલવામાં, ખોરાક લેવામાં, વસ્તુને મૂકવામાં અને તેને છોડવામાં પણ મર્યાદા. આનું જ નામ પાંચ સમિતિ. પાંચની મર્યાદા સાથે મન, વચન અને કાયા ઉપર કાબૂ હોય એટલે સાંયોગિક સ્થિતિ સારી હોવા સાથે આ શારીરિક સ્થિતિ સારી હોય તો જ ધર્મ ગણાય. જો શારીરિક સ્થિતિ સારી ન હોય તો ધર્મ ન ગણાય. મધ્યમ આ બન્નેને જુએ. અને બુધ પુરુષ બન્ને જોવા સાથે સિદ્ધાંત સારો છે કે નહિ એ મુખ્યતયા તપાસે.

હિંસાદિ પાંચનો ત્યાગ તો સર્વ દર્શનકારોએ માન્યો છે, પણ કોઇએ તેને ઓતપ્રોત કર્યો નહીં. અન્ય મતવાળાએ નવ તત્ત્વો માન્યા. પણ મુખ્યમાં જીવાદિ નહિ લેતાં દ્રવ્ય-પ્રમાણુ-પ્રકૃતિ-સ્કંધાદિ રૂપે તેનો વિભાગ કર્યો. જૈનધર્મમાં કર્મને આવવાનું કારણ આશ્રવ મનાય છે, કર્મને રોકવાનાં કારણ સંવર મનાય છે, કર્મને તોડવા તેનું નામ નિર્જરા છે. આ જ તત્ત્વો જૈનોએ માન્યાં છે. **ઇતરોમાં દ્રવ્યાદિકની મુખ્યતા છે, ત્યારે જૈનોમાં મુખ્યતા જીવાદિની છે.** હવે તત્ત્વાર્થભાષ્યકારે પણ જીવાદિ તત્ત્વો કહ્યા, પણ દ્રવ્યાદિ ન કહ્યા. જો કે જગતમાં સર્વ દ્રવ્ય-પર્યાયો છે ખરા પણ **સાધ્ય અને સાધનદૃષ્ટિ જેમાં હોય તે જ તત્ત્વ કહેવાય.** તેવા વિભાગ વિનાના તત્ત્વો મોક્ષ માટે ઉપયોગી ન થાય.

નૈયાયિકોએ પ્રમાણાદિરૂપે, સાંખ્યોએ પ્રકૃતિ રૂપે, બૌદ્ધોએ વેદાદિરૂપે તત્ત્વોના ભેદો કર્યા. પણ જેનાથી બાધક-સાધક માલુમ પડે. તેને દૂર કરવાનાં સાધનો હોય તેવી તત્ત્વ તરીકેની વહેંચણી તો જૈનશાસને જ કરી છે. નાનો છોકરો કાચના કટકાને કબાટમાં મૂકે તો તેને હીરો કરીને કબાટને તે તાળું વાસે છે. અહીં નામ માત્રથી હીરો છે, વસ્તુ નહિ. શબ્દમાત્ર છે. ઝવેરી હીરો લઈને પેટીમાં મૂકી તાળું વાસે છે અને તેથી તે શબ્દરૂપ હીરો હોવા છતાં વાસ્તવિક છે.

જીવતત્ત્વને સર્વ આસ્તિકો માને છે, પણ તે જીવ કેવળજ્ઞાન સ્વરૂપવાળો છે એવી રીતે માનવાવાળો એક પણ વર્ગ નથી. કેવળજ્ઞાનસ્વરૂપવાળો જીવ નથી, તો તે જ્ઞાનને ઉત્પન્ન કરવાનું અથવા જ્ઞાનાવરણીયાદિને તોડવા માટે સાધનો પણ માનવાનું ક્યાંથી બને? અન્ય મતોમાં સાંયોગિક સ્થિતિ સુધરવા છતાં, તત્ત્વમાં શૂન્ય, એટલે કેવળજ્ઞાન સ્વરૂપવાળો કે વીતરાગ સ્વરૂપવાળો જીવ ન માને. તેથી ફરક શું? તેથી નાસ્તિક કહેવાય એ જ ને? પણ નાસ્તિક પાપ નથી એમ કહે, અને પાપ કરે તેથી દુર્ગતિ જવાનું અટકી પડવાનું નથી. પોતે માને કે ન માને પણ સત્કાર્યોનું ફળ તો મળે જ. મિથ્યાદૃષ્ટિ દેવલોકને તો માનેને? ગૃહસ્થવેશવાળો મિથ્યાદૃષ્ટિ અને સાધુ પણ નવ ગ્રૈવેયક સુધી જઇ શકે છે, જેની સુગન્ધ આવી તે ચાલી જવાની નથી. ફળ માનો કે ન માનો. એવી જ રીતે પુણ્ય પાપ માને તો પણ ફળ તો ભોગવવાનાં છે. ન માનવાથીય તેના ફળ તો ભોગવવાનાં જ છે. તેથી આસ્તિક અને નાસ્તિકમાં ફરક શો આવે? જીવના સ્વરૂપને જાણે ત્યારે તેને પ્રગટ કરવા ઉદ્યમ કરે અને તેને રોકનારાં કર્મને જાણી તેને રોકવા ઉદ્યમ કરે. હવે જે જાણશે જ નહીં તે ઉદ્યમ શો કરશે? અહીં જીવને કેવળજ્ઞાન સ્વરૂપવાળો માને તે જ પ્રગટાવવા ઉદ્યમ કરે. બાકીનાઓ તો ઉદ્યમ જ નહિ કરે, તેથી પંડિતો ત્રણે પ્રકારની સ્થિતિથી તત્ત્વ તરીકે તપાસ કરે. એટલે સિદ્ધાંત દ્વારા બધું તપાસે. બાળક, બાહ્ય સંજોગ જુએ. મધ્યમ શારીરિક સ્થિતિનો વિચાર કરે. જે પંડિત તે શાસ્ત્રના તત્ત્વની પરીક્ષા કરે.

આવી રીતે ત્રણેને પરીક્ષાનું સાધન કયું? અને પરીક્ષ્ય કયું? એક દૃષ્ટિએ-વિચારે અને પરીક્ષાએ સાધન માને. પરીક્ષ્ય સંયોગ, શારીરિક અને તત્ત્વ એ ત્રણ છે, પણ મૂળનું સ્વરૂપ ક્યાં જણાવ્યું છે?

બાલક કોણ, મધ્યમ કોણ અને બુધ પણ કોણ? તેનું સ્વરૂપ શું? તો બાળકની સ્થિતિ એ હોય કે-પ્રયત્ન કરવો, પણ ફળ થશે

કે નહિ તે વિચારવાનું બાળકને ન હોય. બુદ્ધિશાળીઓના પ્રયત્નો ફળનાં અનુમાને હોય. ફળદ્વારા પ્રયત્નનો નિશ્ચય કરે. એટલે ફળની અપેક્ષા એ જ પ્રયત્નોની મંદતા-તીવ્રતા રહેલી હોય છે.

જંગલમાં ગયા હોઇએ, અને હાથમાં સોનાનો સિક્કો, રૂપીઓ અને હીરો હોય તો ત્રણેને બચાવવાના પ્રયત્નો જુદા જુદા હોય છે. કારણ કે કિંમત એકબીજાની તારતમ્યતાવાળી છે. હવે અહીં રૂપિયાની, મહોરની અને જીવનમૂડીની કિંમત સમજી નુકશાન કેટલું થશે તે ઉપરથી જ પ્રયત્નનું તીવ્ર, મંદ અને મધ્યમપણું બુદ્ધિશાળીને થાય છે. પણ બાળકને તો ફળ કે તેના સાધનોનો નિશ્ચય કરીને પ્રવૃત્તિ કરવાની ન હોય. બાળકને તો માત્ર ધર્મ કરવો એ એક જ ધ્યેય કે લક્ષ્ય હોય. ફળ તપાસવાનું બાળકને ન જ હોય,

मध्यमबुद्धिस्तु मध्यमाचारः મધ્યમ બુદ્ધિવાળો મધ્યમ આચારમાં પ્રવૃત્તિ કરે.

જે પંડિત છે, તે ફળ, સાધન તરફ પ્રવૃત્તિને ન દ્વેષે પણ મોક્ષનો માર્ગ છે કે નહિ એ એકજ ધ્યેય રાખે.

દુનિયામાં ગાંધીવાદવાળાને પૂછીશું કે-ધ્યેય શું ? તો તેઓ કહેશે કે દેશની આબાદીમાં અહિંસા. તેમ અહીં તિલકવાળાઓ આબાદી જ ઇચ્છે. હિંસા થાય કે ન થાય તે જુએ, તેમ અહીં પંડિત પુરૂષો તો પ્રભુના માર્ગને જ તપાસે. દ્રવ્યવિરાધનાના ત્યાગ રૂપે માર્ગ હોય તો તેનું આચરણ કરે.

આઠ પ્રવચન માતામાં પણ મોક્ષની દૃષ્ટિ જેની હોય તે પંડિત.

મોક્ષમાર્ગ સિવાય બીજું ધ્યેય જ ન હોય. સર્વ પ્રવૃત્તિ મોક્ષમાર્ગ માટે જ, હોય. કોઈ પણ પ્રવૃત્તિ માટે સિદ્ધાંત એક જ, પછી તે નદી ઊતરવાનું હોય કે વિહાર કરવાનું હોય પણ માર્ગ તો મોક્ષનો જ છે. શારીરિક, સાંયોગિક સ્થિતિઓ પણ માર્ગ વધારનારી હોય તો

જ કામ લાગે. તે વિના તે પણ કામે નથી લાગતી. કોઈ કહે કે સવારનું પ્રતિક્રમણ કરું, અને તેમાં ચાર પાંચ કલાક કાઢું. તે પ્રતિક્રમણના સૂત્રોની શુદ્ધિની સ્થિતિમાં છે, સંવરમાં જ છે. તેમજ વિહારના અંગે હું ધીમે ધીમે કરીને જાઉં.

અહીં ભિક્ષા કરીને ગામમાં ફરે કે બહાર ફરે તેનું મને તત્ત્વ નથી. મોક્ષમાર્ગ વ્યવસ્થિત થાય, આપણા આત્માને ચઢાવે. ઈરિયા-સમિતિ તે પણ માર્ગ માટે. માર્ગનો ભેદ થતો હોય તો તે કામ ન લાગે. તે કેમ ? તો કોઈ ટેકરા ઉપરથી સાધુને ચક્કર આવ્યાં. અહીં જો ઈરિયા-સમિતિમાં ધીમે ધીમે ચાલીને જાય તો જવા પહેલાં ચકરી ખાઈ પેલો પડી જાય તે કામ ન લાગે.

તેમ જ ભાષાસમિતિને અંગે કોઈ ખોટી વાત કરે અને તેમાં ઘણું જ સારું કહીએ તો ઠીક નહિ. કારણ માર્ગ ભેદાય. તેવી જ રીતે પંચસમિતિ અને ત્રણ ગુપ્તિમાં પણ માર્ગની દૃષ્ટિ જેની હોય તે પંડિત હોય.

આવી રીતે પરીક્ષા કરનારા ત્રણ, તેની રીતિઓ પણ ત્રણ જણાવી.

ગોચરી, વિહાર, પડિક્કમણું આતાપનાદિ અસાર છે ?

બાળક દેખવારૂપ સાંયોગિક સ્થિતિએ પરીક્ષા કરે. મધ્યમ વિચારરૂપ શારીરિક સ્થિતિએ પરીક્ષા કરે અને બુધ આત્મિક સ્થિતિએ પરીક્ષા કરે. જે સાંયોગિક સ્થિતિ છે તે આત્માની શુદ્ધિ વિના થતી નથી. વિહાર–ત્યાગ–આતાપના આદિ જે કાર્યો છે તે આખી દુનિયા કરતી નથી. પણ સાધુઓ કરે છે. અને તેને દેખનારા તે બાળક જ કેમ ? સાંયોગિક સ્થિતિ બે પ્રકારે ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિને અંગે, ઉષ્ણતા દાહકતા, પ્રકાશતા એ પણ ચિહ્નો છે, તેમ સગડી એ પણ ચિહ્ન છે. કારણ કે શિયાળામાં કોઈ સગડી લઈને જાય તો કહી શકાય કે આમાં અગ્નિ છે. પણ તે સગડી બાહ્ય સાધન છે. અહીં બાળક જે સાંયોગિક સ્થિતિને તપાસે તે બહારનાં

ચિહ્નો તપાસે. એટલે જેમ રાજાને અંગે મુગટ, કુંડલ તે રાજા હોય તો પણ ધારણ કરે અને નાટકીયો પણ ધારણ કરે.

બાહ્ય સ્થિતિ તે અસાર છે, તે કેમ ? તો તે નવ ગ્રૈવેયક સુધી બહારની સ્થિતિ લઇ જાય. જૈન ધર્મમાં પળાતાં મહાવ્રતો મોક્ષબુદ્ધિએ ન લે પણ કેવળ દેવલોકની પ્રાપ્તિ માટે વર્તનો રાખે. અરે ! પૂજાવા માટે રાખે. જેનાથી દેવલોક મળે તે સ્થિતિને અસાર કેમ કહેવાય ? પુણ્ય કરીને સાર મળે છે, તે અસાર નથી. પણ આત્મીય દૃષ્ટિએ-મોક્ષમાર્ગની અપેક્ષાએ આ વાત છે, એટલે સાંયોગિક સ્થિતિથી પુણ્ય બંધાય પણ ધર્મ ઉત્પન્ન થવાનો આધાર નથી.

વિહાર, ગોચરી, આતાપના, પડિક્કમણાદિ જે બહારની સાંયોગિક સ્થિતિ તે ભગવાને કહી છે. છતાં તે અસાર કેમ ? તે એક જ મુદ્દાથી કે તેનાથી ધર્મીપણું આવવું મુશ્કેલ છે. તેની સાથે ધર્મ ઉત્પન્ન થવાનો સંબંધ નથી.

વાછડાને રંગ્યો અને પણ શોભ્યો પણ સારો, તેનાથી દૂધ ઉત્પન્ન થવાનો સંબંધ નથી, તે તો ગાયની સાથે છે, તેમ અહીં સાંયોગિક સ્થિતિને ધર્મ ઉત્પન્ન થવાનો નિયમ નથી, કારણ તે બાહ્ય સાંયોગિક સ્થિતિને ધર્મીઓ ધારણ તો કરે છે, પણ તેમાં અવિડંબકો હોય છે, છતાં તેવી રીતે વર્તવાવાળા-અવિડંબકો જ હોય એમ નહીં પણ વિડંબકોય હોય છે.

શાસ્ત્રમાં વિડંબક કોને કહ્યા છે ? અભવ્ય અને દુર્ભવ્યને વિડંબક કહ્યા છે. કોઈ લાજે કે શરમે પ્રવૃત્તિ થતાં પાછો માર્ગે આવી જાય. પણ આ વિડંબકને તો અત્યારે ભાવશૂન્ય પ્રવૃત્તિ છે અને આગળ પણ ભાવ નહિ થાય, તેવા અભવ્ય સરખા વિડંબકો એટલે શાસનની વિડંબના કરનારાઓ પણ આ સાંયોગિક સ્થિતિને ધારણ કરે છે.

તેમને વળી તપસ્યા, વિહારાદિ કરવાનું કામ શું ?

તો કાર્યવશ-એટલે જિનેશ્વર મહારાજા જે વખતે વિચરતા હોય તે વખતે દેવોનું આવવું થાય તેથી અભવ્યાદિને એમ થાય કે આ કોઇક

સમર્થ જીવ હશે ત્યારે જ દેવ આવે છે. આવું સમર્થપણું તે તો સાધુપણાના આચાર સિવાય ન જ મળે. આવી વાત દેવો પાસેથી પણ સાંભળે કે અમે સાધુ આચારથી દેવપણાને પામ્યા છીએ. તેમજ શાસનમાં પણ કહેવાય. પછી શંકાને સ્થાન ન જ રહે. આ ચારિત્ર દેવલોકનું કારણ છે એમ માની અભવ્ય અને દુર્ભવ્યો પણ સાંયોગિક સ્થિતિને સુધારવા માગે. **બાહ્ય સાંયોગિક સ્થિતિના સુધારા ઉપર ધર્મનો નિશ્ચય નથી એમ હરિભદ્રસૂરિજી કહે છે.** શાથી નિયમ નથી ? તો દુનિયામાં જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોય પણ અગ્નિ હોય ત્યાં ધૂમ હોય એવો નિયમ નથી. દા.ત. લોઢાના ગોળામાં.

આવી રીતે બાહ્ય સાંયોગિક સ્થિતિ સુધરી હોય ત્યાં ધર્મ હોવાનો નિયમ નહિ, પણ ધર્મ જ્યાં હોય ત્યાં તો બહારની સાંયોગિક સ્થિતિ સુધરેલી જ હોય એમ બે નિશ્ચય કરવાના. ધર્મી હોય તેની જ બાહ્ય સ્થિતિ સુધરેલી હોય. જો આત્મા સુધરેલો ન હોય તો બાહ્ય સ્થિતિ સુધરેલી ન હોય.

ગૃહિલિંગે કે અન્યલિંગે સિદ્ધ કોણ ? જેને બહારના આચારની માન્યતા હોય તેની તીવ્ર ભાવના થઈ હોય. તે લેવાની તૈયારીમાં આકસ્મિક ભાવના વિચિત્ર થઈ હોય તો તે જ લિંગે સાધુ થઇ મોક્ષે જાય. અન્ય લિંગે સિદ્ધ પણ કેવળજ્ઞાન પછી બે ઘડી જ આયુષ્ય હોય તો તે શકય છે. વધારે હોય તો તે સ્થવિરમાં આવી જ જાય. મરુદેવા માતાને કેવળજ્ઞાન થયું અને આયુષ્ય પણ તૂટયું. એટલે અતીર્થસિદ્ધ થયા. અન્યલિંગે સિદ્ધ થાય તે ભાવનાથી બન્યું છે. ત્યાગની ભાવના સારી હતી માટે કેવળજ્ઞાન થાય.

"નકામા ત્યાગ" વાળાને કેવળજ્ઞાન થયેલું સાંભળ્યું છે ? જેને ત્યાગ નકામો લાગે તે માર્ગમાં રહી શકતો નથી, પછી કેવળજ્ઞાન તો હોય જ કયાંથી ? હવે સાંયોગિક સ્થિતિ સુધરે અને ભાવના ન પણ સુધરે તે બને, પણ ભાવના સારી હોય તેની સાંયોગિક સ્થિતિ સારી હોય જ. વિડંબકો ચારિત્ર કેમ સારું પાળે છે. અરે ! માખીની પાંખ ન ફૂલાવ તેવું ચારિત્ર પાળે. **બાવાના નાના બચ્ચાં પણ ધુણીએ**

જ બેસે." તેમ સર્વજ્ઞ ભગવાન્ શાસનના ધોરી તરીકે શાસનને ચલાવતા હોય તે વખતે સાધુઓનો આચાર કયો ?

કહો કે ક્ષીણમોહનો.

તે વખતે અભવ્ય કે દુર્ભવ્ય પણ જોડાય તે શાથી ?

દેવલોકાદિની ઇચ્છાએ. અને તેથી તે વિડંબકો સાંયોગિક સ્થિતિને ધારણ કરનાર હોય છે, માટે તેમનો ધર્મનો નિયમ ન ગણાય એટલે બાળક સાંયોગિક સ્થિતિને નિરખીને ધર્મ તપાસે છે.

શરીરમાંથી અણસમજુપણે નીકળેલું ઝેર જરૂર જીવાડનારૂં છે. તમે તો હિંસા, ચોરી, જૂઠ આદિ કાર્યવશે છોડ્યાં કે મોક્ષને માટે છોડ્યાં પણ તેથી તમારી સદ્ગતિ તો થવાની જ છે ને ? અભવ્યોને ઇચ્છા પુદ્ગલની, ધ્યાન આર્ત્તધ્યાન છે, છતાં તેવી રીતે પાળેલું સાધુપણું પણ નવ ગ્રેવેયક સુધી લઇ જાય. મન ભલે ન સુધર્યું હોય છતાં આટલી ઉચ્ચ સ્થિતિએ સાધુપણાના બાહ્ય સંયોગ લઇ જાય છે. ત્યાગ પોતે ત્યાગ છતાં ત્યાગનું સત્યાનાશ વાળે. જેમ સુભૂમ, બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તી સરખાએ પ્રથમ ભવમાં સાધુપણું લીધાં તે ત્યાગ ખરો, પણ પરિણામ શું ? ત્યાગનો સત્યાનાશ થયો તે ? એટલે બીજા વાસુદેવના ભવમાં પ્રત્યાખ્યાન જ ન પામે. વળી એક ત્યાગ પોતે ત્યાગનું ઝાડ જ ઉગાડે.

વજ્રસ્વામીજી આગળ પાડોશી આવેલા તે કહે છે કે-"આના બાપે દીક્ષા ન લીધી હોત તો તે મહોત્સવ કરત." અહીં દીક્ષાને ધિક્કારતો શબ્દ કહેવો તે વજ્રસ્વામીજીના રૂંવાંડે રૂંવાંડે સળગી રહ્યો છે. **જો** આ મા પોતાનો રાગ છોડે તો મારી દીક્ષા થાય. "મા"નો રાગ છોડાવવા માટે છ મહિના સુધી રુવે છે. માતા બાળકને છ માસની ઉંમરે સાધુને આપે છે ત્યારે તે રોતો બંધ થાય છે. **કેટલાક ત્યાગ એવા હોય છે કે આવતા ભવે ત્યાગનું ઝાડ ઊભું કરે છે.**

બે પ્રકારના ત્યાગમાં બાળક કયા ત્યાગને દેખે છે ? પોતાને લાગે ન વળગે તેવો ત્યાગ ન જ હોય. ત્યાગને અંગે લાગણી હોય તો પછી ધર્મને અંગે પ્રતિબંધ ન હોય. જાણીને કરે એટલા માત્રથી કહેતો હોય તો તે ત્યાગ, તેનાં ફળ વગેરે ન જુએ તે સાચો ત્યાગ ન ગણાય વગેરે અગ્રે કહેશે.

વ્યા ખ્યા ન બાહ્ય અને આભ્યંતર સ્વરૂપ ૩૨

જન્મવા છતાં કર્મ ન બાંધવું એ હાથની વાત છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ. ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક પ્રકરણની** ટીકા કરતા આગળ જણાવી ગયા કે આ સંસારમાં **બાહ્યપન્થત્યાગ** આદિ અનાદિકાળથી આ જીવ રખડપટ્ટી કરતો આવ્યો છે.

કદાચ કહેવામાં આવે કે અમને આ જન્મની કે ભવની પણ ખબર નથી. દરેક મનુષ્ય ગર્ભમાં નવ માસ રહ્યો. વળી તિર્યંચ કરતાં વિચિત્ર સ્થિતિમાં રહ્યો. તિર્યંચોની ગર્ભસ્થિતિ કોઈની ત્રણ કે ચાર માસની અને તે અવસ્થા સીધી, પણ અહીં તો નવ માસ દુર્ગંધીની સ્થિતિમાં અને તે પણ ઊંધે માથે. જન્મ્યા પછી દુર્ગંધ સહન ન થાય, પણ ત્યાં તો નવ માસ સુધી રહ્યો. તેનો ખ્યાલ કયાં આવે છે? દરેક જાણે છે કે અમે જન્મ્યા છીએ. ઘોડિયાંમાં હીંચ્યા છીએ અને માતાનું દૂધ પણ પીધું છે. એ વાત ખરી પણ કયી જગ્યાએ ઘોડિયું હતું? તેમજ કઈ દાઈયિણ (નર્સ) હતી? વગેરે બાબત ગર્ભમાં આવ્યા તે અને જન્મ્યા પછીની બાળકની અવસ્થાનો પણ ખ્યાલ નથી. જેને આ ભવના જન્મ સંબંધી હેવાલનો ખ્યાલ નથી તેને ગયા ભવની વાત મુશ્કેલ છે. તો પછી અનાદિની રખડપટ્ટીની વાત કરવી તે ભેંસ આગળ ભાગવત છે.

વાત ખરી, પણ નહિ દેખાયેલો પદાર્થ પણ ચિહ્નદ્વારાએ મનાય છે. જેમ દાદાના દાદા દેખ્યા નથી તો પણ તે માનવા પડે છે, કારણ કે નહીં તો પિતાદિ હોત જ નહિ. એટલે દાદાનાં દાદાનાં નામો પણ કેટલી વખત ન જાણીએ, તો પછી દેખવાની કે ઓળખવાની વાત જ

શી કરવી ? છતાં આપણી હયાતિ છે એટલે પિતાદિની ખાતરી માનવી પડે છે. વગર દેખ્યા ખ્યાલમાં ન આવે તેવી ચીજ કાર્યદ્વારા માનવી પડે. અહીં પણ જન્મ અને કર્મ એ બેની પરંપરા છે.

બીજ અને અંકુરાની જેમ પરંપરા છે, એટલે બીજ વિના અંકુરા ન હોય તેમ અને અંકુરા વિના બીજ પણ ન હોય, તેથી અનાદિની તેની ઉત્પાદક શકિત માનવી પડે. જો બેમાંથી એકની શરૂઆત કરીએ તો બને નહિ. બન્નેની પરંપરા અનાદિની છે. કોઇની પણ આદિ કહી શકીએ તેમ નથી અને તેથી બન્ને અનાદિના છે. પરસ્પર કાર્યકારણવાળા તે બન્ને છે, એટલે પ્રથમના બીનો અંકુરો તે કાર્ય અને બીજા અંકુરાનું બી તે કારણ છે. તેમ અહીં શરીરદ્વારાએ જન્મ માનો છો કે નહિ ? અને જો માનો તો કર્મ–જન્મની પરંપરા માનવી પડે.

પ્રથમ કર્મ માને તો કર્મ વિના જન્મ થયો કેમ ? કર્મ વગર જન્મ થાય તેમ નથી, કારણ જીવ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. ગમે તેવો મૂર્ખ એમ નહિ કહે કે હું નથી. પણ સર્વ કોઇ હું છું એમ જ કહેશે. સુખી દુઃખી પણ સર્વ કોઇ કહે છે તેથી જ જન્મ છે એ માનવું પડે અને જન્મ તે કર્મ વિના હોય નહિ અને કર્મ તો પ્રથમના જન્મ વિના હોય નહિ, આવી રીતે **જન્મકર્મની પરંપરા અનાદિની છે** અને તેથી જીવ કર્મ દ્વારાએ અનાદિની રખડપટ્ટી કરે છે. જેમ બીજ અને અંકુરાની પરંપરા અનાદિની માનવી પડે છે તેમ કર્મ અને જીવની સમજવી, છતાં કેટલાંક બી ચવાઇ જાય–ભુંજાઈ જાય તો અંકુરો ન થાય. એટલે અંકુરાને ઉત્પન્ન કરવાની શક્તિ બીજમાં નષ્ટ થાય છે. તેમ અહીં આ આત્મામાં જન્મ કરવાની શક્તિ કર્મદ્વારા છે તેમ કર્મનો ઘાત કરવાનો રહેશે. બીજના નાશે અંકુરાનો નાશ અને અંકુરાના નાશે બીજનો નાશ થાય છે, તેમ જન્મના નાશે કર્મનો નાશ થાય એમાં ના નહિ, પણ કર્મનો નાશ થવો જોઇએ એટલે પ્રથમ કર્મનો નાશ થવો જોઇએ.

નૈયાયિકોએ પણ જન્મ વીતરાગતા સિવાયનો માન્યો છે, એટલે જન્મ સમયે વીતરાગ હોય જ નહિ. એટલે કર્મ સિવાય જન્મ થવાનો નથી. અને તેથી જન્મ અને કર્મ બન્નેનો નાશ થાય પણ તેમાં પ્રથમ કર્મનો નાશ જોઈએ. જન્મ તે કર્મ વિના થતો નથી. કર્મ છતાં જન્મનો નાશ થાય જ નહિ. પણ જન્મ છતાં કર્મનો નાશ શકય છે.

જન્મ છતાં કર્મ ન બાંધવું તે આપણા હાથની વાત નથી. આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે શાસ્ત્રકાર કહે છે કે– આવતા ભવનું આયુષ્ય જેણે બાંધ્યું તે ક્ષપકશ્રેણિ માટે નકામો. ક્ષપકશ્રેણિવાળાથી પરભવનું આયુષ્ય બંધાય નહિ. ક્ષપકક્ષેણિએ ચઢનાર તે જ હોય કે જે આવતા ભવનું આયુષ્ય ન બાંધે, તેથી કર્મ હોય તો જન્મ રોકવો શકય નથી, પરંતુ જન્મ થવા છતાં નવું કર્મ ન બાંધવું તે શકય છે. કર્મ તે ઇચ્છા માત્રથી રોકાતું નથી. જો ઇચ્છા માત્રથી રોકાય તેમ હોત તો જગતની સ્થિતિથી કોઈ દુઃખી થાત નહિ. તેમ કોઈને પાપ બાંધવાની ઇચ્છા નથી. અને તેથી ઇચ્છા પ્રમાણે કર્મબંધ થતો હોત તો કોઇ કર્મ બાંધત નહિ. ઇચ્છા હોય કે ન હોય પણ સાધનો હોય એટલે કર્મબંધ થાય.

જેમ નાના બચ્ચાને ચકરી ખાવાની ઇચ્છા ન હોય તેથી ચકરી ખાવાથી મગજ પણ વેગમાં રહે છે અને પૃથ્વી ઝાડાદિને વેગમાં ફરતાં જુએ છે, તેમ અહીં કર્મના વેગમાં રહ્યા છતાં કર્મ બાંધવા નથી એ ન બની શકે. મરચાં ખૂબ ખાય અને કહે કે મારે બળતરા ન જોઈએ એ ન બને. તેમ પાપકર્મ બાંધે, અશુભ પ્રવૃત્તિ કરે અને કહે કે હું પાપ ન બાંધું, દુઃખી ન થાઉં એ કેમ બને? જેને પાપ ન બાંધવું હોય તેણે તેના રસ્તા બંધ કરવાં જોઈએ. આનું નામ જ ધર્મ છે. બીજી કોઈ ચીજનું નામ નથી. તેમજ તેને રૂપરસ-ગન્ધાદિ નથી.

હું પાપ બાંધનારો ન થાઉં એમ ધારીને પાપનાં કારણોને દૂર

કરવાં તેનું નામ જ ધર્મ. પાપનાં કારણોને દૂર ન કરે તેનું નામ અધર્મ. અધર્મને કંઈ શીંગ પૂંછ નથી. જાનવરને તો શીંગ-પૂંછ પણ હોય છે. પાપની પ્રવૃત્તિ કરવી તેનું નામ જ અધર્મ. બીજું ચિહ્ન નથી. રૂપ, રસ, ગન્ધાદિ પણ તેમાં નથી. આવી રીતે અનાદિ કાળથી આ જીવની થતી રખડપટ્ટીને ટાળનાર જો કોઈ ચીજ હોય તો પાપની પ્રવૃત્તિ બંધ થવી જોઈએ અને ધર્મનો આદર થવો જોઈ એ.

પણ ધર્મ મળે કયાં ?

કાછીયાની વખારમાં જાય અને મોતી માગે તે કયાંથી મળે ? તેમ જેઓ ગુરુતત્ત્વને ઓળખી શકે નહિ તે ધર્મને પામી ન શકે. ગુરુઓને ધર્મના આપનાર કેમ કહો છો ? ધર્મના ઉત્પાદક, દેનાર, ચક્રવર્તી તો દેવ છે. શુદ્ધ દેવ મળે તો જ શુદ્ધ ગુરુ અને ધર્મ મળશે. માટે કહો કે ત્રણેની જડ જ દેવતત્ત્વ છે. વાત ખરી, પણ ઉત્પત્તિની અપેક્ષાએ ત્રણે તત્ત્વની જડ દેવતત્ત્વ છે, પરંતુ બોધની અપેક્ષાએ કે જ્ઞાનની અપેક્ષાએ વિચારીએ તો ત્રણે તત્ત્વોમાં મુખ્ય તત્ત્વ ગુરુતત્ત્વ છે, કારણ કોના પરિચયમાં કોની સેવામાં રહેવાના? કહો કે ગુરુના.

આખું શાસન ગુરુમહારાજને આધીન છે અને તેમના જ પરિચયથી ધર્મને સમજવાના. ઉત્પત્તિની અપેક્ષાએ દેવતત્ત્વ છે, પણ પ્રતિબોધની અપેક્ષાએ કે શાસનની અપેક્ષાએ જો શરૂઆત થાય તો કયાંથી થાય ? ગુરુતત્ત્વથી.

હવે વિચારીએ કે જન્મથી જૈનધર્મમાં છીએ અને જૈન સાધુના પરિચયમાં આવેલા છીએ તેથી વીતરાગને જ દેવ માનીએ છીએ અને પંચમહાવ્રતધારીને જ સાધુ માનીએ છીએ, પણ કદાચ ઢીંગલા-પંથીમાં કે બીજા કોઈ દર્શનમાં જન્મ પામ્યા હોત તો તે જ માનત. પણ આપણને જૈન ગુરુ મળ્યા એટલે જ શુદ્ધ દેવાદિને માનવા લાગ્યા.

અહીં સર્વના કારણ ગુરુ છે. તેથી **મુનિસુન્દરસૂરિજી** જણાવે છે કે-સર્વ તત્ત્વોમાં ગુરુતત્ત્વ જ મુખ્ય છે,

આમ કહીને દેવ ગુરુતત્ત્વને હલકું કહેા છેા અગર અપમાન કરેા છેા ને ?

તેા હલકું પાડવા ગુરુતત્ત્વને મુખ્ય નથી કહેતા પણ હિતના અર્થી થવું, હિતનાં જે કાર્યો તે ગુરુમહારાજના વચનથી જ સધાય. તેમનાં વચન સિવાય હિતકાર્ય કરી શકીએ જ નહિ, સાંભળીને જ જાણી શકીએ છીએ. અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિપણું વગેરે સર્વ વાનાં ગુરુમહારાજના મુખથી સાંભળીને જ જાણી શકીએ. સાંભળ્યા સિવાય જાણવાનેા હક્ક તીર્થંકર સિવાય બીજાને છે નહીં. તીર્થંકરમાં સ્વયં જાણવાનું ન લઈએ તેા સ્વયંસંબુદ્ધ કહેવાય નહિ. તીર્થંકરેા તેા સ્વયંબુદ્ધ હેાવાથી તેમને ગુરુ ન હેાય.

શાસ્ત્રકાર કહે છે કે–ગુરુઓ વગર જાણી શકાય નહિ પણ ગુરુ એટલે કુળગુરુ, વિદ્યાગુરુ વગેરે નહિ પણ જે મેાક્ષમાર્ગે પ્રવર્તાવે, આત્મકલ્યાણમાં મગ્ન, પાપથી દૂર રહેલા તેવા ગુણના ભંડાર તે જ ગુરુઓ હેાય. જગતમાં અંધકાર હેાય તેા વસ્તુને જોવા આંખ કારણ છે. પણ દીવા સિવાય તે દેખી શકાતું નથી. તેમ ધર્મનેા પ્રતિબેાધ કે દેવતત્ત્વનેા પ્રતિબેાધ પણ ગુરુદ્વારા જ મળે છે. તેમના વિના જણાય જ નહિ.

આ કારણથી ભગવાન્ **હરિભદ્રસૂરિજી** બાળક, મધ્યમબુદ્ધિ અને બુધ માટે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વને સમજાવતા હતા પણ છેવટે ધર્મ કે દેવની પરીક્ષાનું સાધન ન જણાવ્યું પણ ગુરુની પરીક્ષાનું સાધન જણાવ્યું. તેના ત્રણ ભાગેા છે : કેાઈક બાલ, કેાઈ મધ્યમ અને બુધ, તે કેવી રીતે ? તે માટે કહે છે કે–બાળક હેાય તે ફળ દેખીને પ્રવૃત્તિ ન કરે પણ પ્રયત્ન કર્યા કરે. નાનાં બાળક ધૂળનાં મકાન, કૂવા કે વાવડીઓ કરે પણ તેમાં ફળ ન હેાય, એ દૃષ્ટિ પણ ન હેાય. મેાટાઓને મહેલ વાવડી કરતાં જુએ તેથી તેઓ રેતીનાં પણ મહેલ વગેરે બનાવે છે પણ તેના ફળને ન જ વિચારે કારણ કે બાળકને પેાતાની પ્રવૃત્તિનું શું ફળ થશે તે વિચારવાનું હેાતું નથી.

असदारंभः એટલે ફળનો નિશ્ચય કરી પ્રવૃત્તિ કરે તે સદારંભ. પણ તેવી પ્રવૃત્તિ જેની ન હોય તે બાળકો સમજવા. તેવા બાળકો હોવાથી તે ગુરુની પરીક્ષા કરવામાં ત્યાગને દેખે, એટલે સાંયોગિક સ્થિતિ જુએ. તેના બે પ્રકાર, એટલે વેશ અને બાહ્ય વર્તન દેખે. વેશ જોઇ જે ગુરુ કે ધર્મને માનનારા હતા તેને અંગે કહી ગયા કે– આ બહારનું લિંગ તે અસાર છે.

લિંગ બાહ્ય ચીજ છે તે અસાર છે, તે કેવી રીતે ?

આ વાત બે પ્રકારે છે. એટલે ધર્મ હોય ત્યાં બાહ્ય લિંગ હોય કે બાહ્ય લિંગ હોય ત્યાં ધર્મ હોય ? તો કહે છે કે-ધર્મ હોય ત્યાં બાહ્ય લિંગ હોય, પણ બાહ્ય લિંગ હોય ત્યાં ધર્મ હોય એ નિયમ નહિ. ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એ નિયમ ખરો પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય એવો નિયમ નહિ, જેમ અયોગોલક. તેમ અહીં બાહ્ય લિંગ કે ત્યાગની સાથે (સાંયોગિક સ્થિતિની સાથે) ધર્મનો પ્રતિબંધ નથી. જો કે ધર્મની કે દેવ, ગુરુની સાથે બાહ્યનો પ્રતિબંધ છે, નહિ તો વગર ત્યાગીને પણ ગુરુ માનવા પડે, બાહ્ય હથિયારવાળાને પણ દેવ માનવા પડે અને આરંભ પરિગ્રહવાળાને પણ ગુરૂ માનવા પડે, પણ અહીં બાહ્ય વર્તન તો જોઇએ. સ્ત્રી કે હથિયાર છે તેને દેવ માનવાનું કહેતા નથી અને તે ન હોય તેથી દેવપણું આવી જાય એમ નથી, પણ જ્યાં દેવપણું હોય ત્યાં સ્ત્રી, હથિયાર કે માળા હોય જ નહિ.

આરંભ પરિગ્રહ ન હોય તેથી ગુરુ માની લેવા એમ નહિ. પણ જ્યાં જ્યાં ગુરુપણું હોય ત્યાં આરંભ-પરિગ્રહ ન જ હોય તેવી જ રીતે ધર્મને અંગે આરંભપરિગ્રહનો અભાવ હોય ત્યાં જ ધર્મ હોય એમ નહિ, પણ, ધર્મ ત્યાં આરંભપરિગ્રહ ન જ હોય. કહો કે આવશ્યક ક્રિયા, તપ, કાયોત્સર્ગ આદિને અંગે ગુરૂપણાનો પ્રતિબંધ નથી પણ જ્યાં ગુરુપણું છે ત્યાં આવશ્યક ક્રિયા તપ કાયોત્સર્ગાદિ હોય જ. એટલે બાહ્ય સાંયોગિક સ્થિતિની સાથે ધર્મ વ્યાપેલો નથી પણ ધર્મ હોય ત્યાં તે વ્યાપેલાં છે. જ્યાં જ્યાં કષ હોય ત્યાં ત્યાં સોનાપણું અને સોનાપણું

હોય ત્યાં ત્યાં કષપણું હોય. બાહ્ય વર્તન હોય ત્યાં ધર્મ હોય એ નિયમ રાખીએ કયારે ? કે બીજા કોઈ વર્તન ન કરતા હોય તો. જેમ નાટકીયા નાટક ભજવવા રૂપો બનાવે, જેમ બહુરૂપી બહુરૂપ કરી આજીવિકા ચલાવે છે. એક વખતે સાધુમહારાજ તે ગામે પધાર્યા છે. તે વખતે તે બહુરૂપી વિચારે છે કે મારૂં નામ બહુરૂપી, તેથી આ સાધુપણું એ પણ એક રૂપ છે, તેથી તે કરવા માટે તેમની પાછળ ફર્યો. સાધુની દરેક પ્રવૃત્તિ પોતે જોઈ અને તે પ્રમાણે કરી. છેવટે વેશ લેવા તૈયાર થયો. એ ભજવવા માટે નિષ્ણાત બન્યો. તે બીજા ગામમાં જઈ રાજા આગળ સાધુનો વેશ ભજવવા લાગ્યો. અહીં દાન દેવા રાજા ખુશ થયો છે પણ તેથી બીજાં રૂપો જાણવા નહિ મળે. મોહ રાજાએ સર્વ રૂપો જાણવા નવાણું કરાવ્યાં. છેવટે સાધુનું રૂપ આવ્યું. અહીં ચરપુરૂષોએ રાજાને જણાવ્યું છે કે આ છેલ્લું રૂપ છે. તે પછી હવે નથી, તેથી સાધુ 'ધર્મલાભ' દઈ પધાર્યા પછી રાજા ભંડારીને દસ હજાર આપવા કહે છે, તે લેવા સાધુ ના પાડે છે. અને કહે છે કે અમારે ખપ નથી, 'ધર્મલાભ' દઈ બહુરૂપી પાછો ગયો. પોતાના સ્થાને જઈને ત્યાં વેશ ઉતારીને પાછો રાજા પાસે આવ્યો ને રૂપીઆ માગ્યા. રાજાએ કહ્યું: "તે વખતે કેમ ન લીધા ?" બહુરુપીએ કહ્યું રૂપ લજવવા નથી આવ્યો, પછી રૂપની કિંમત ન રહે." પછી રાજાએ રૂપિયા આપ્યા.

બાહ્ય સંજોગને આધીન જો ગુરુને માનીએ તો બહુરૂપી જેવા ગુરૂને પણ માની લેવા. આજકાલ નાટકમાં કૃષ્ણના રૂપો આવે તેથી તેને દેવ તરીકે માનવા લાગી જાય છે પણ તે દેવરુપે નથી. જેમ સ્ત્રી–હથિયાર કે માળાના ત્યાગ સાથે દેવપણું બંધાયેલું નથી પણ દેવપણાની સાથે તેનો ત્યાગ તો બંધાયેલો જ છે. એટલે જ્યાં દેવપણું હોય ત્યાં સ્ત્રી, હથિયારો કે માળાનો અભાવ બંધાયેલો છે, તેમજ ગુરુને અંગે વિહાર, પિંડવિશુદ્ધિ બંધાયેલા છે એમ નહિ. માત્ર સુગુરુને અંગે તે બંધાયેલા છે. તેવીજ રીતે ધર્મને અંગે જયણા બંધાયેલી છે પણ જયણાને અંગે ધર્મ બંધાયેલો નથી. દેવગુરુ કે ધર્મને અંગે સાંયોગિક સ્થિતિ બંધાયેલી નથી.

પદપંડિત, શ્લોકપંડિત, ગાથાપંડિત કે પોથાપંડિતથી જ્ઞાની કહેવાઈએ છીએ તો પછી જે જન્મથી ત્રણ જ્ઞાન લઈને આવનારા છે, તેમને સંસાર છોડવાની જરૂર શી ? કહો તેમણે સંસાર કેમ છોડ્યો? સંસાર છોડે તેટલા માત્રથી સાધુ હોય એ નિયમ નહિ. પણ જે સાધુ હોય તે સંસારના ત્યાગી જ હોય એ નિયમ છે.

જેમ પ્રભુ વીર ૨૮ વર્ષ પછી રાજકુંવર છતાં સ્નાનાદિ ન કરવા, પ્રાસુક ખાનપાનાદિ લેવાં, બ્રહ્મચર્ય પાળવું, આ ગૃહવાસમાં સર્વ ત્યાગ કરે છે છતાં તેમને ગૃહસ્થ ગણીએ છીએ. અને તેથી તેમનો ગૃહસ્થપર્યાય ત્રીશ વર્ષનો ગણાય છે. જો કે પોથાપંડિતો તો અઠ્ઠાવીસ જ માનતા હશે. બે વર્ષ સુધી ત્યાગધર્મ સારી રીતે પાળ્યો છે છતાં શાસ્ત્રકારે કે કુદરતે અઠ્ઠાવીસ વર્ષ સુધીનું ગૃહસ્થપણું ન માન્યું, કારણ તીર્થંકરોને મનઃપર્યવ જ્ઞાન સાધુપણાની સાથે જ હોય.

મનઃપર્યવ કુદરતથી ૨૮ મા વર્ષે કે ત્રીશમા વર્ષે થયું ?

કહો કે ત્રીશમા વર્ષે જ મનઃપર્યવ થયું. બે વર્ષ ત્યાગના હતા, છતાં કુદરતે તે ત્યાગ ન જ સ્વીકાર્યો.

આ ઉપરથી કહેવું જોઈએ કે સાધુપણાની સાથે બાહ્ય ત્યાગ હોવો જ જોઈએ, તેવી જ રીતે જયણા હોય ત્યાં ધર્મ હોય જ એ નિયમ નહિ, પણ ધર્મ હોય તો જયણા હોય જ. કાર્યને અંગે-દેવગુરુ અને ધર્મને છોડીને બીજા કોઈ કાર્યને અંગે જેમાં બહુરૂપી આદિ કાર્ય હોય. સ્વપ્રપંચ પૂર્ણ કરવા માટે પણ વેશોને ઉદાયીનૃપ મારક જેવા વિડંબકો ધારણ કરે છે. જેઓ જાવજીવને માટે ત્યાગ કરનારા છે, એટલે હિંસા, જૂઠ, ચોરી આદિના ત્યાગ સાથે તેનું પાલન તે જિંદગી સુધી બન્ને કરે ત્યાં શું સમજવું ? કહો કે તેને તો સાધુ માનવો ને?

બાહ્ય સાંયોગિક સ્થિતિની સાથે પણ સાધુપણું બંધાયેલું છે ને?

મહાનુભાવ, એક વખત માની પણ લે કે-આવતા ભવને માટે બાહ્ય સ્થિતિ સુધારેલી હોય, પછી તે ભવ્ય કે અભવ્ય હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, કે મિથ્યાદૃષ્ટિ હોય, અને તે જિંદગી સુધી સાધુપણું પાળનારા હોય,

છતાં અમો તેને સાધુ તરીકે માનતા નથી. તો કેમ ? આજકાલ કાયદો છે કે સાધુપણું લે તે હક્કની અપેક્ષાએ મરેલો ગણાય. દુનિયાદારીનો હક્ક ગયો. પાછો સંસારમાં તે આવે તો પણ તે હક્ક ન જ મળે, તેણે યાવજ્જીવ સુધી ધનાદિની માલિકી છોડેલી છે તેવાને ગુરુ માનવા કે નહિ ? વાત ખરી, પણ બાહ્ય સાંયોગિક સ્થિતિનો ત્યાગ ને આભ્યંતર સ્થિતિના ત્યાગ વિનાનો હોય તો તે નકામો જ છે.

પુલાક, બકુશ, કુશીલાદિ પાંચને નિર્ગ્રંથ કહીને ગ્રંથના ત્યાગમાં જ સાધુપણું કહે છે, તેમાં અમારી ના નથી; પણ ગ્રંથના ત્યાગને જ સાધુપણું નહિ કહે, કારણ બાહ્ય ગ્રંથ જે ધન, કુટુંબાદિનો ત્યાગ. તે તો પરમ ત્યાગી પુરુષો માત્ર કરે છે. જેમ રંગે સોનું કહેવાથી કષે સોનું નથી એમ તો નહિ. પણ તેથી વસ્તુનો રંગ માત્ર જ સુવર્ણનો લેવાનો છે. તેથી રંગ સિવાય બીજું કંઇ પણ સુવર્ણનું ન મળે.


વેશે સાધુ કહેવાથી વર્તનાદિ ન હોય. તેમ અહીં ગ્રંથ માત્રનો ત્યાગ નહિ કહેતાં બાહ્ય ગ્રંથત્યાગની વાત કરી. એટલે અભ્યંતર ગ્રંથના ત્યાગની વાત જ ન કરી. પણ બાહ્ય ત્યાગ જે વિહાર, આવશ્યકાદિ તે કાયોત્સર્ગ આદિ કરવાથી મનોહરપણું આવતું નથી, કારણ કે આ જગતમાં આપણે જોઈએ છીએ કે બાહ્ય ત્યાગ તો જે સાચાગુરુઓ નથી તેમને પણ હોય છે. જેમ "**कच्चुकमात्र त्यागात् नहि निर्विषो भवति**" સર્પે કાંચળી ઉતારી તેના ત્યાગથી દાઢ વિનાનો થયો અને તેથી નહિ કરડે એમ મનાય નહિ, ઝેર વગરનો ગણાશે નહિ, તેમ બાહ્ય વર્તન માત્ર રાખવાથી, પરિણતિ થયા વગર સાધુ, ધર્મ કે દેવ થઈ શકતા નથી. સ્ત્રી, હથિયાર કે માળા ન હોય પણ કેવળજ્ઞાનાદિ તો દેવના લક્ષણ હોવાં જ જોઈએ. હવે જ્યાં ત્યાં દેવપણું હોય ત્યા સ્ત્રી, હથિયાર વગેરે ન હોય. ગુરૂ હોય ત્યાં લોચાદિક હોય જ. ધર્મબુદ્ધિ હોય ત્યાં જયણા પણ હોય. આવી રીતે સર્પની કાંચળી જેવા બાહ્ય સંજોગો માત્રથી દેવ, ગુરૂ કે ધર્મ ન મનાય. તેવી રીતે આરંભ સમારંભાદિની પ્રવૃત્તિ ન હોય તેથી ગુરૂપણું આવતું નથી.

અને તેથી જ કહ્યું કે કાંચળી માત્ર છોડવાથી સર્પ નિર્વિષ થતો નથી તેવી જ રીતે બાહ્ય સાંયોગિક સ્થિતિ સુધરવાથી દેવ, ગુરુ કે ધર્મપણું આવતું નથી, તો હવે તે આવે ક્યારે ?


જેમ સર્પમાં દાઢ તૂટે તો જ નિર્વિષપણું આવે, તેમ દેવમાં મોહાદિ તૂટે તો જ આવે, ગુરૂમાં અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાનાવરણીય તૂટે તો આવે, તેમ ધર્મમાં પાપબુદ્ધિ મટે તો જ આવે.

બાહ્ય સાંયોગિક સ્થિતિ જોયા વગર દેવ, ગુરૂ કે ધર્મને માનવા તે શી રીતે બને ? તે કરવા માત્રથી સાધુપણું નથી. પણ સાધુપણા વગેરેથી તે તો છે જ. એનાથી સાધુપણું ઉત્પન્ન નથી થતું પણ સાધુપણું હોય ત્યાં તે તો હોય જ. એકલાં ચિહ્નનો બાહ્ય હોય ત્યાં દેવાદિને જ માનવા.

જગતના પદાર્થોમાં માયાવીપણું ન જ હોય. જેમ સોના, ચાંદીમાં મૂળમાં કે છેવટમાં જે પીળાશ કે સફેદાઈ હોય તે આખા ભાગમાં જ હોય. એટલે જેવું અંદર તેવું બાહ્ય અને જેવું બહાર તેવું અંદર. આ જડ પદાર્થમાં હોય છે. પણ આ ચેતન પદાર્થોમાં ચકાવો છે, કારણ કે અંદર કંઈ તો બહાર જૂદું અને બહાર જૂદું તો અંદર કંઈ ત્રીજું જ હોય. જડ પદાર્થોથી ઠગાવાનો સંભવ જ નથી. માત્ર ચેતનથી ઠગાવાનો સંભવ હોય છે, કારણ કે તેની બહાર અને અંદરની સ્થિતિ ભિન્ન હોય છે. બીજાઓમાં બહાર અને અંદર એક જ હોય છે. તમારામાં બહારનું ચારિત્ર દેખાવા છતાં અભવ્ય કે દુર્ભવ્ય માનીએ. વાત ખરી, પણ બીજાની તને ખબર સરખી પણ નથી. ખબર હોય અને બોલે તેની કિંમત, પણ વગર ખબરે જે બોલે તે દોઢડાહ્યો કહેવાય, કારણ કે ઈતરોમાં પણ બાહ્ય કે અંદરના બે વિભાગ રાખેલા છે. તે કયા અને કેવી રીતે વગેરે અધિકાર અગ્રે જણાવાશે.



તપશ્ચર્યાની શ્રેષ્ઠતા



ભણવાના બહાને તપને રોકનાર દીક્ષાના ય બહાને રોકશે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** મ૦ ભવ્ય જીવોના ઉપકારાર્થે **ષોડશક** પ્રકરણની રચના કરતાં આગળ જણાવી ગયા કે–આ સંસારસમુદ્રમાં મનુષ્યનો ભવ પ્રાપ્ત થવો એ જ મુશ્કેલ છે, કારણ આપણે આગળ સામાન્ય સમજાવી ગયા કે **દેવભવ પામવો સહેલો છે પણ મનુષ્યભવ પામવો દોહીલો છે,** કારણ કે દેવપણું પામવાનાં સ્થાનો અસંખ્ય છે, પણ મનુષ્યપણું પામવાનાં સ્થાનો તો ગણત્રીનાં એટલે ૨૯ વેઢા કહો કે છન્નુ સુધી ગણત્રી કરો તેટલાં જ છે. આ ઉપરથી દેવપણું સહેલું છે. વળી દેવપણાના ઉમેદવારો થોડા છે એટલે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જ તે મેળવે. પૃથ્વી વગેરે કે નારક, દેવો પણ દેવપણે ન ઊપજે.

મનુષ્યને અંગે ઉમેદવારો ઘણા છે, એટલે એકેન્દ્રિયના સર્વ જીવો એટલે અનંત–કાયપણ મનુષ્યપણે ઉપજી શકે, એટલે તેના ઉમેદવારો અનંતાનંત છે. જેના ઉમેદવારો અનંતાનંત છે અને સ્થાનો વેઢે ગણાય તેટલાં છે. જેનાં સ્થાનો અસંખ્ય છે અને ઉમેદવારો થોડા છે તેવું દેવપણું તે પામવું સહેલું છે કે મનુષ્યપણું ?

કહો કે દેવપણું સહેલું છે. એક બળદ તૃષાથી વ્યાપ્ત છે ત્યાં પાણી ભરીને બાઇઓ જાય છે છતાં કોઈ તેને પાતી નથી. સર્વની આશાએ તે રહે છે, તેવી જ રીતે ઘાસને અંગે આશા રાખે છે. આ સ્થિતિમાં ભૂખ ને તરસને જે વેઠી, તેનાથી જે કર્મની નિર્જરા થઇ, તેનું ફળ મળે જ છે.

આ ઉપરથી તપસ્યાના જે કટ્ટરશત્રુઓ છે તે બોલે છે કે તપસ્યા પેટને બાળવાનું સાધન છે ! હવે **બહારના ચોરથી બચવું સહેલું પણ ઘરના દુશ્મનથી બચવું કઠિન છે,** કારણ કે બહારના તો તમને લાંઘણ કહીને રહે, પણ ઘરવાળા તો કહે કે–"કર્મનું બાંધવું તે પરિણામ ઉપર આધાર છે. પછી તમે ઉપવાસ કરીને ખાવા–પીવાની ઈચ્છા કરી તેના કરતાં ઉપવાસ ન કરવો સારો. એક માણસે ખાવા –પીવાની ઈચ્છા ન કરી અને ઉપવાસ કર્યો તેને પુણ્ય થયું." આવા વિચારોથી તપસ્યાનું નિકંદન કાઢે છે. વળી મને કોઈએ ખાતાં રોકયો નહોતો પણ મારા મનથી જ ખાધા વિના રહ્યો છું તેથી ઉપવાસ છે અને તેથી ભૂખનો વિચાર હતો તેને માર્યો કોણે એ કહે ને ? પાણિયારૂં કે દાભડો તૈયાર હતો. તેની આગળ કોઈની ચોકી પણ નહોતી. એટલે ઈચ્છા થતાં ખાઈ શકતો હતો, છતાં ન ખાધું તેનું કારણ શું ? કહે કે મનથી બંધ કરી મનથી પાળવું છે ને ? તો એક બાજુ ભૂખ લાગે છે છતાં બીજી બાજુ "મારે ઉપવાસ છે" એવું કહેવું તે કેટલું બધું સારું છે ?

અહીં જે ભૂખને તોડવાની વાત કરે છે તે તપસ્યાને તોડવાના ઇરાદાવાળા છે. અહીં તપસ્યાના વિચારે ભૂખને ટાળી દીધી. તપ કરવા પહેલાં ભૂખને જાણતો હતો, તેથી આવી પડેલી ભૂખને દબાવી છે. તે અણસમજથી તેમ નથી કરતો, અને તેથી તેના તપ દ્વારા કર્મની નિર્જરા થશે. તપની બુદ્ધિથી તપ કરે તે સકામ નિર્જરા હોવાથી 'સ્વ' કહેતાં પોતાના કર્મનો ક્ષય કરે છે.

બળદ (ઘાસ–પાણી)ની આશામાં છે છતાં તે કંઈ મેળવી શકતો નથી, અને ભૂખ–તરસની પીડા વેઠી તે માત્રથી તે દેવ થયો. વગર ઇચ્છાએ કે વિરુદ્ધ ઈચ્છાએ ભૂખ અને તરસનું દુઃખ વેઠયું. તેનાથી પણ આવી કર્મની નિર્જરા થાય અને દેવલોકપણાનું ફળ પામે તો પછી ઈચ્છાએ કરેલી તપસ્યા અને તેથી જે સકામ નિર્જરા, તેનું ફળ આત્મકલ્યાણરૂપ સર્વ કર્મનો ક્ષય કેમ ન થાય ?

આત્મગ્લાનિ કરવારૂપ તપ કરનારને શાસ્ત્રકારે ખોડચા છે. તેથી તપસ્યાના કટ્ટા દુશ્મનો જ આવું બોલે છે. કેટલાકો તપસ્યાને અંગે ના ન કહે, પણ સ્વાધ્યાય બગડે છે એમ કહે. સ્વાધ્યાય તે કારણનું કારણ છે. **તપસ્યા તે નિર્જરાનું અનન્તર કારણ છે.** મોક્ષનો માર્ગ જાણો અને આદરો પછી તે નિર્જરાનું કારણ, પણ તપસ્યા તો સીધી નિર્જરાનું કારણ. **શાસ્ત્રકારે અમુક તપ ન થાય તો પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે.** જેમ પખ્ખીનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, પર્યુષણનો અઠ્ઠમ આદિ નિયમિતપણે કરવા કહેલું છે. ચારે કાળે સ્વાધ્યાય ન કરી હોય તો આલોચન છે. એટલે ભણવું જરૂરી છે એ વાત માની છે, પણ આચારાંગાદિ સૂત્રોને જો ન ભણે તો પ્રાયશ્ચિત્ત, એમ છે નહિ. પણ તપને ન કરવાથી તો પ્રાયશ્ચિત્ત જણાવેલું છે.

આજે ભણવાના નામે તપને રોકશો તો કાલે વળી કોઈકિ ભણવાને નામે દીક્ષાને પણ રોકશે. અને તેમાં એમ પણ કહેશો કે દીક્ષા નહિ લે તો હજારોને બોધ આપશે, પણ દીક્ષા લેશે તો તે સમુદાયને અગર થોડા ઘણા બીજાઓને બોધ આપશે, માટે દીક્ષા રોકો એમ પણ બોલશો.

શાસ્ત્રકારે તપ કરવાનું કહ્યું છે તે કયું ?

જેનાથી આર્ત્તધ્યાન કે ગ્લાનિ ન થાય. ઇંદ્રિયો નિર્બળ ન થાય અને યોગો પણ નકામા ન થાય એવી તપસ્યા કરવી કહી, પણ તપના નિષેધ માટે કહે છે ? શાસ્ત્રકાર તપના નિષેધ માટે તો કંઈ કહેતા જ નથી. અકામ નિર્જરા એટલે ઇચ્છા વિના. અને ઇચ્છા સહિત એટલે મારા કર્મની નિર્જરા થશે એમ માની દુઃખને સહન કરે તે સકામ-નિર્જરા. વિરુદ્ધ ઇચ્છાએ બળદ ભૂખ અને તરસનું દુઃખ સહન કરે છે તેથી આવું દેવલોકપણું પામે છે, તો પછી સકામ નિર્જરાએ તપસ્યા કરી આત્મકલ્યાણ કેમ ન સાધે ? જ્ઞાનદર્શનને માટે જેમ ઉપસંપદાઓ લીધી છે, તેમ તપસ્યા અને વૈયાવચ્ચ નામની બે ઉપ-સંપદાઓ ચારિત્રને માટે લીધી છે.

જે તપસ્યાના માટે ગચ્છમાં આશ્રય કરીને રહેવાનું છે તે તપસ્યા આપણને કડવી લાગે તો સમજવું કે માર્ગ ભૂલ્યા છીએ. જ્યારે તપસ્યા ઉપર અનાદર કે અરુચિ થાય તો સમજવું કે માર્ગ જ ભૂલ્યા છીએ. ખાવા પીવાની ઇચ્છા થતાં તેને રોકી હોય તો પણ નિર્જરા જ છે. એટલે અકામ નિર્જરામાં આવે અને તેથી દેવપણું મળે. વગર ઇચ્છાના કે વિરુદ્ધ ઇચ્છાના દુઃખોથી દેવપણું મેળવાય પણ મનુષ્યપણું વગર ઇચ્છાના દુઃખોથી મેળવાય નહિ.

મનુષ્યપણા માટે આ ત્રણ વસ્તુ હોય તો જ તે મેળવી શકાય. ત્રણ વસ્તુ કઈ? મનુષ્યને સામાન્ય જે વ્યસન હોય તે વસ્તુ મળે તો જ આનંદ, જેમ રાજાને જીતની ઇચ્છા હોય અને તે વખતે પ્રજા, રાજ્ય પાયમાલ થઈને પણ જીત મેળવે તો તે આનંદ પામે, તેમ જે મનુષ્ય ક્રોધ, માન, માયા અને લોભ ઉપર કાબૂ મેળવનારો હોતો નથી તેને મનુષ્યપણું મળતું નથી. આ મનુષ્યપણાની જાતિ એવી છે કે ક્રોધાદિને દબાવી શકે. એટલે ક્રોધને સફળ કરવા પહેલાં તેના પરિણામના વિચારો કરવા પડે. એટલે રસ્તામાં જતાં કોઈ અધિકારીની કોણી વાગી હોય ત્યારે આપણે જ માફી માગીએ. અહીં વગર જોઇને એ ચાલ્યો છતાં તેના અધિકારના હિસાબે આપણે જ માફી માગીએ કારણ કે રખેને ભવિષ્યમાં તે આપણને હેરાન કરે!

ગામમાં લ્હાય લાગેલી હોય અને બંબો જતાં રસ્તામાં કોઇને એકસીડેન્ટ થાય તો પણ તે બંબાવાળો ગુનેગાર ગણાતો નથી, કારણ કે દરજ્જો તેનો મોટો છે. ગાય ભેંસાદિ રસ્તામાં કંઈ વગાડે તો સમજવું કે તેનો ક્રોધાદિ કાબૂમાં રહી શકે તેમ નથી. માત્ર મનુષ્ય જાતિમાં જ ક્રોધાદિ કાબૂમાં રહી શકે. એટલે ક્રોધ આવે તો મગજ ઉપર કાબૂ રાખવો જ પડે. જેણે ક્રોધ ઉપર દાબની ટેવ પાડી હશે, તે જ પ્રાણી આ મનુષ્યગતિમાં આવશે. નારકી અને તિર્યંચની ગતિમાં જ ક્રોધ ઉપર કાબૂ નથી, પલ્યોપમના પલ્યોપમ સુધી યાવત્ સાગરોપમના સાગરોપમ સુધી તેઓ લડ્યા કરે. કોણ? નારકી વગેરે.

તમારે તો લડતાં લડતાં માર વાગ્યા તો ખાવાના જ મતમાં જાય અને ક્રોધાદિને છોડે. ક્રોધમાં કાબૂ ન લેવો પડે કે ન રાખવો પડે તો તિર્યંચ અને નરકની ગતિ છે, બાકી મનુષ્ય અને દેવમાં તો ક્રોધ ઉપર કાબૂ રાખવો જ પડે.

દેવતાઓમાં સર્વને ઇંદ્રને આધીન રહેવું પડે, તેની મર્યાદા પાળવી પડે. મનુષ્યને રાજા કે કુટુંબ અગર જ્ઞાતિ આદિના કબજામાં રહેવું પડે. ફક્ત જાનવરાદિને કાબૂ ન હોય. જેને મનુષ્યગતિમાં જવું હોય તે ક્રોધાદિ ચાર ઉપર કાબૂ મેળવે, તો જ લાયક બને.

કર્મની થિએરી પણ એ જ કહે છે કે–જેની ક્રોધાદિની સ્વાભાવિકપણે મંદતા હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. જેના ક્રોધાદિની તીવ્રતા હોય તે મનુષ્યપણાને ન મેળવી શકે, અકામ નિર્જરાએ મનુષ્યપણું ન મળે. મગજ ઉપર કાબૂ રાખવાથી મળે છે.

મનુષ્યનું જીવન પદાર્થની અપેક્ષાએ ગુલામીભર્યું છે.

દુનિયામાં પૃથ્વી–પાણી–અગ્નિ યાવત્ બેઇન્દ્રિયાદિ જીવોને મનુષ્યની ગરજ નથી પણ **મનુષ્યને તો સર્વની ગરજ છે.** પૃથ્વી–પાણી–અગ્નિ–વનસ્પતિ કે જાનવર વગેરે વિના ન ચાલે. આથી જાનવર આદિના જીવન સ્વતંત્ર એટલે દરકાર વિનાના છે, જ્યારે મનુષ્યનું જીવન દરકારવાળું છે. જીવન મનુષ્યનું મળ્યું, પણ સાધન ન મળે તો શું કરવું ? જેમ તાનસેન ગવૈયાને અકબરે એક હાથી ભેટ તો આપ્યો પણ તે હાથીના ખોરાક માટે કોઇ ગામ પણ ન આપ્યું. તેથી તે હાથીને કરે શું ? હાથીને ત્રણેક દિન ભૂખ્યો રાખ્યો, પણ તે હાથીને ગળે તોબરો બાંધીને બજારમાં છોડયો. ત્યાં કંદોઈ આદિની દુકાનમાં પડયો. સફાચટ કરી નાખતો ગયો. લોકોએ રાજા પાસે જઈ કહ્યું : 'તાનસેનનો હાથી જુલમ કરી રહ્યો છે.' તાનસેનને બોલાવ્યો.

તારા હાથીએ શું કર્યું ? ક્યાં ગયો હાથી ?
સાહેબ, તે માગવા ગયો છે.
શું ?

'તે ખાવાની ચંદ્રી માગવા—ગયેા છે. હું પણ માગીને જ ખાઉં છું. આ હાથી તેા માગીને જ પેટ ભરશે. આપ જો ગામ આપેા તેા ખાઇ શકશે.'

મનુષ્ય જીવન મળવા છતાં તેનાં સાધનેા ન મળે તેા તે ટકાવવું શી રીતે ? જેમ હાથી તાનસેનને મળવા છતાં ખેારાકી વિના હાથીને રખાય કેમ ? આ મનુષ્યપણું બીજા પણ કારણથી મળે છે. 'લેવું લેવું' એ જ વિચાર જેના મગજમાં રહેલેા હેાય છે. જેમ કીડી મંકેાડી લઈને ઘરમાં જ મૂકી રાખે.

દુનિયામાં સર્વ જીવ સ્વર્ગ નરક આદિ માને કે ન માને અગર મતભેદ રહે, પણ જે મેળવીએ છીએ તે મૂકીને જવાના છીએ એમાં મતભેદ નથી, છતાં જે મેળવવાનું તે મૂકવાનું હેાવા છતાં આપણે લેાભ વગરના છીએ ? સાડા ત્રણ હાથ જગ્યા, શેર અનાજ અને એક જોડ કપડાં જોઇએ, છતાં લેાભ આખી દુનિયાનેા છે, કારણ કર્મના ઉદયને લીધે જીવને લેવાની જ ટેવ પડેલી છે, જેમ નાના બચ્ચાના હાથમાંથી તેની જાયત અવસ્થામાં આવેલી કેાઈ પણ ચીજ ન લઇ શકેા, પણ નિદ્રાવસ્થામાંથી તે ચીજ અગર કપડાંય ઉતારેા તેા પણ લેવા દે, ધમાલ ન કરે, તેમ આ જીવની આંખ મીંચાય ત્યારે સર્વ છેાડે, છતાં પેાતે લેાભને થેાભાવી શકતેા નથી. વળી લેવાની દૃષ્ટિ જ જ્યાં મુખ્ય હતી, તેના કરતાં દેવામાં કલ્યાણ, **દીધું તેટલું કલ્યાણ. આવી દૃષ્ટિ જ્યાં આવે ત્યારે મનુષ્યપણામાં આવવા લાયક.** પર્યુષણમાં મેઘકુમારના દૃષ્ટાન્તમાં સાંભળીએ છીએ કે મારા જીવનના ભેાગે પણ હું એને જીવવા દઉં. **પેાતાના જીવનના ભેાગે પણ બીજાને જીવાડવાની ઇચ્છા થાય તેા જ મનુષ્યપણું મળે** એટલે હાથીનેા જીવ મનુષ્યપણે થયેા. **દાનના સ્વભાવવાળેા હેાય તે મનુષ્ય થાય.** દાન દેવાવાળેા કહેાને ? નહિ, ફરક છે. જેમ ગામમાં એક શેઠ છે. તે દાન દેવાનેા છે. ૨૫૦ ના કામ માટે પ્રથમ સેાથી વાત કરે. છેવટે ૨૦૧ માં સેાદેા

થયો ત્યારે શેઠ કહે કે પચાસ બચ્યા. તો બસો ને એક જે આપ્યા તે એળે ગયાને ! દુનિયામાં કહે છે કે– શેકીને વાવે તેથી મનુષ્યપણું ન આવે. દાનરુચિ હોય એટલે યોગ્ય પાત્ર, યોગ્ય સાધન મળવા છતાં દાન ન દીધું. તેથી પરિગ્રહ ઉપરની મમતાનો ત્યાગ કરવાનો વિચાર દાનરુચિવાળો હોય તે જ કરે. તે કષાયની મંદતાને લીધે મનુષ્ય જીવન બાંધી શકયો. તેમજ દાનરુચિને અંગે મનુષ્ય જીવનનાં સાધનો મેળવી શકયો, પણ ઉપઘાત બંધ ન થાય તો, વસ્તુ મળેલી હોય પણ તેને ટકાવવાનું સાધન ન મળ્યું હોય તો નાશ જ થાય.

હવે મનુષ્યજીવનના ઉપઘાત કરનારાં જે દુર્વ્યસનો આદિ છે તે ન હોવા જોઇએ, એટલે મધ્યમગુણવાળો હોય તે જીવનના ઉપઘાતોને દૂર કરી શકે.

આવી ત્રણ વસ્તુઓ જેને પૂર્વભવમાં મળી હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. આપણે પંચેન્દ્રિય મનુષ્યપણું પામી ઉત્તમ કુળ, જાતિ અને દેવગુરુ ધર્મની સામગ્રી પામવા છતાં ક્રોધાદિ ઉપર કાબૂ રાખવો મુશ્કેલ છે તો પછી બીજા જીવોને મુશ્કેલી પડે તેમાં નવાઇ શી ?

આથી મનુષ્યપણું મેળવવું તે વગર ઇચ્છાએ, દુઃખને સહન કરવાથી નહિ મળવાનું, પણ **ક્રોધાદિ ઉપર કાબૂ, દાનરૂચિ, મધ્યસ્થ વગેરે** ગુણ હોય તો જ મળે. તે આ મનુષ્યપણાથી કચરા સાટે કોહીનૂર મેળવવા જેવું છે. જેમ એક જગામાં માટી બહુ ભરેલી છે, તેથી રાજાએ હુકમ કર્યો કે જે બહાર જાય તે મણ માટી લઈ જાય. આગળ જતાં બીજો દેશ એવો છે કે કેવળ દરિયાનો કીચડ. ત્યાં એમ રાખેલ છે કે અહીંથી જે કોઈ જેટલી માટી વહે તેટલા સોનાની ચિઠ્ઠી તેને લખો દેવી.

તેવામાં બે મુસાફરો નીકળ્યા. તેને હુકમ કર્યો કે આ માટી જે લઇને નાખે તેને સોનું મળે છે. એકે વિચાર કર્યો કે આગળ

કદાચ સોના કરતાં વધુ કિંમતી ચીજ નહિ મળે ? એમ માની અર્ધી નાંખી, બીજાએ રાખી. તેને આગળ મળ્યો બીજો દેશ. તેનો હુકમ થયો કે અહીંથી માટી લઈ જવાની મનાઈ છે, અહીં સોનું આપ્યું, લેનારા બે જણ થયા. ત્રીજો માટી નાંખીને સોનું લીધા વિના રહ્યો, તેમ અહીં કર્મરાજાએ ચોકી બેસાડી છે કે દરેક જીવને શરીરની માટી બંધાવવી. કોઈ જીવ શરીર વિનાનો છે જ નહિ. આવી કર્મ રાજાની ચોકી છે.

ધર્મરાજાએ ચોકી રાખી છે કે જે પ્રમાણે શરીરને કસે તેને પુણ્યની ચિઠ્ઠી લખી આપું. એટલે મહાત્માઓએ સર્વ શરીર કસવાની ચિઠ્ઠી લખાવી. ત્યારે દેશવિરતિવાળાઓએ અર્ધી કાયા કસવાની વાત લખાવી એટલે ધનમાલ સંભાળવા રોકાણા. ત્રીજા નંબરના માણસો તો શરીરને જ પોષવામાં સમજ્યા છે. જ્યાં જીવનનો છેડો આવ્યો ત્યાં તો યમરાજા આવ્યો. ત્રણે પ્રકારના જીવો શરીરને છોડવાના છે. સંપૂર્ણ પુણ્યવાળા, અધકચરા કે પાપીઓ એ ત્રણે પ્રકારના જીવો યમરાજાની પાસે જાય છે. નરકમાં ગયેલા સમ્યગ્દૃષ્ટિઓ તો ઝૂરે જ. દેવલોકમાં ગયેલા જીવો પણ ઝૂરે છે કે અમે સાધુપણું ન લીધું, ત્યાગ ન કર્યો, અર્ધી માટી કચરા પેટે ગયેલી હોય તેનો અફસોસ થાય. તેમ શ્રાવકોને દેવપણામાં જઈને પણ અફસોસ થાય. મનુષ્યપણામાં કચરા માટે કોહિનૂર લેવાનો છે, એટલે દેવ,ગુરુ અને ધર્મની પરીક્ષા કરી શકે તે જ સાચા કોહિનૂરને પામી શકે.

એ પરીક્ષા લિંગ, વર્તન અને તત્ત્વદ્વારા કરે. પરીક્ષા ગમે તે રીતિએ કરે, પણ સર્વને આવવાનું સ્થાન તો એક જ ને ? કોઇ વ્યાખ્યાન સાંભળવા પાંચ ડગલાથી, કોઈ સો ડગલાથી આવ્યા તે સાંભળવાના આ વાત ખરી, પણ કેટલીક વખત ભરોસે ભૂ પીવડાવાય છે. એટલે આ બાહ્ય સાંયોગિક સ્થિતિ કોઇકિ વખત ભૂલમાં પાડે છે. આ બહારની સ્થિતિ તત્ત્વવાળી નથી. એને અસાર કહો છો તો પછી પ્રભુએ આવી નકામી વસ્તુ કહી કેમ ?

વિહાર, લોચ, ગોચરી આદિ સર્વ વાનાં બહારનો ત્યાગ જણાવ્યો છે તે નકામો કહ્યો નથી, પણ તે કરનારા નકામા હોઈ શકે. માટે જણાવ્યું કે–બાહ્ય સાંયોગિક સ્થિતિ સુધારી લો! એટલે અંદરના ત્યાગ વિના, આત્મપરિણતિ થયા વિના બહારનો ત્યાગ, બીજાને ફાયદો નહિ કરે, તેવા બહારના ત્યાગથી સદ્ગતિ, અકામ નિર્જરા ભલે થાય, પણ સાચું રૂપ જે મોક્ષનું તે ન જ મળી શકે.

કાંચળી ઉતરવા માત્રથી સર્પ ઝેર વિનાનો થતો નથી, તેથી બાહ્ય સાંયોગિક સ્થિતિ સુધારવા માત્રથી ધર્મ નથી, ભલે કે ધર્મીઓએ તો એ પ્રમાણે વર્તવાનું જ છે. જે કોઈ છોડે છે તે વિચાર વિના તો ન જ છોડેને? વિહાર, લોચ, ભૂમિશયન વગેરે કાર્ય વિચાર્યા વિના ન જ બને. વાત ખરી, પણ અભ્યંતર વિરુદ્ધ ઇચ્છા જ્યાં પડી છે ત્યા શું થાય? જેમ મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય જીવ સાધુપણું લે, પણ શા માટે? તો દેવલોક માટે. સો વર્ષનો દીક્ષા પર્યાય, પણ પરિણામ તો દેવલોકના છે, સો વર્ષના ત્યાગમાં પલ્યોપમ કે સાગરોપમનો લેપ (દેવભવની ઇચ્છા) છે, આવા ત્યાગો કામના નથી, અને બીજાઓએ પણ તે મિથ્યાચારનું જ ફળ બતાવ્યું છે. બાહ્ય ત્યાગ ધર્મ માટે જરૂરી છે. ધર્મ પણ કોને? તો જેના શુભ ભાવો છે તેના માટે.

જેનો વધારે મેળવવા માટે બાહ્ય ત્યાગ છે; તે અશુભ માટે છે માટે નકામો, બગલાનો બાહ્ય ત્યાગ સ્થિરતામાં કેવો છે! પણ મનમાં તો કયારે મત્સ્ય આવે તેનો ઘાટ જ જોઇ રહ્યો છે, તેમ બહારના ત્યાગવાળાઓ મનથી દેવલોકના સુખની વાંછા કર્યા જ કરે તે બગલા જેવો ત્યાગ છે, એટલે દેવતાઈ ઋદ્ધિ-ઠકુરાઈની યાચના કરે તે મિથ્યાચારનું ફળ છે.

આવી રીતે સૂત્ર સિદ્ધાંતમાં કહેલું છે કે બહારનો ત્યાગ સંપૂર્ણ હોય તો પણ તે જૈન શાસનનો ઉકરડો ગણાય. અભવ્યને સંપૂર્ણ ત્યાગ હોય તોય તેનાથી દેવગુરુધર્મની પરીક્ષા ન થાય. અતિશયો કે પ્રાતિહાર્યથી દેવ ગણવાના નથી, માસકલ્પાદિથી ગુરુ ગણવાના નથી,

તો પછી " अठ्ठमहापाडिहेरजुत्ताण " વગેરે બોલ્યો કેમ ?

વિહાર કરે તો સાધુપણું ટકે. પ્રાતિહાર્યને અંગે દેવપણું જરૂરી નથી. પણ દેવપણાને અંગે પ્રાતિહાર્યાદિની જરૂર છે. અને તેથી " तत्प्रतिबद्ध " એટલે બાહ્ય ચિહ્નનો અંગે ધર્મ બંધાયેલો નથી. પણ ધર્મને અંગે હોય તે ચિહ્નો જ, તેવી રીતે દેવગુરુમાં સમજવું. એકલા ચિહ્નને તપાસે પણ તત્ત્વમાં ન ઉતરે તે માટે આટલી ભલામણ કરી છે. જેમ માર્ગમાં જનાર મુસાફરને આગળ બે ફાંટા પડતા માર્ગને સમજવો જરૂરી છે, તેમ **ધર્માદિને અંગે શુભ ભાવનું ધ્યાન રાખવું જોઇએ, નહીં તો પરિણામ જુદું આવે.** આ બધું બાહ્ય સાંયોગિક સ્થિતિ જોનારા માટે કહ્યું, પણ વર્તન માટે તો વાંધો નથીને ? કારણ કે વર્તન તો ચોવીસે કલાક સરખું હોય ને ? લિંગમાં તો પ્રતિક્રમણ; લોચ કે ગોચરી કોઈ વખતે હોય, પણ આ મધ્યમ તો ચોવીસે કલાકની ચીજ દેખીને દેવગુરુધર્મને માને. હવે ચોવીસે કલાકની ચીજ કઈ કે દ્વારા પરીક્ષા કરાય ?

તો અષ્ટ પ્રવચનમાતા તે ચોવીસે કલાક રહેનારી છે. જેમ ચાલવા માંડ્યો કે ઇર્યાસમિતિ, તેમજ બોલવામાં ભાષાસમિતિ, ગોચરી માટે એષણાસમિતિ, આદિ જોઇએ, તેવી જ રીતે ધર્મને અંગે સંસારનો ભય ચોવીસે કલાક હોય, દેવને અંગે કેવળજ્ઞાન આદિ ગુણો સતત હોય, આવી રીતે મધ્યમ બુદ્ધિવાળો દેવાદિ ત્રણને જુએ, પણ બુધ તેના ખુદ સ્વરૂપને જુએ, એટલે દેવને માર્ગદર્શક હોય તો જ માને, ગુરુને ઉત્સર્ગ-અપવાદ સહિત આત્મરમણતામાં હોય ત્યારે માને, ધર્મને જયણાપૂર્વક વ્રત-પચ્ચક્ખાણ-સામાયિક-પૌષધાદિની પરિણતિ હોય તો જ માને.

આવી રીતે ત્રણે જણા દેવ, ગુરૂ અને ધર્મની પરીક્ષા કરીને શુદ્ધ દેવાદિને મેળવે. છતાં શાસ્ત્રકાર કહે છે કે-દેશના દેવાવાળાએ લાયક દેશના દેવી. અને શ્રોતાએ સાંભળવી, જેથી જીવો સમ્યક્ત્વને પામે ને કલ્યાણની માળાને ભજે.

વ્યા
ખ્યા
ન

દેવતત્ત્વની મહત્તા

૩૪

નવકારમંત્રનો હેતુ શો ? કેવળીઓની આશાતના કેવા પ્રકારે થવા પામે છે? ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવ૦ અરિહંત દેવોનો સત્કાર કયાં સુધી કરનાનો છે? જૈન ગુરુ સંસાર પુષ્ટિની વાતો કરી શકે ખરા કે ? આપણા જીવનની ધન્ય પળ કઈ? સંસાર તજવાનો સમય એ આત્માને માટે સૌથી ભાગ્યશાળી પળ છે. ગોદડાને ભોગે તળાઈનું પડ ન સચવાય તે જ પ્રમાણે આત્માને ભોગે દેહની રક્ષા પણ ન જ થાય.

જૈનશાસનમાં સ્વતંત્ર અધિકાર ગુરુને અપાતો નથી

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના કલ્યાણાર્થે **અષ્ટકજી** પ્રકરણ નામક ગ્રંથની રચના કરી ગયા છે. તેમાં તેઓ શ્રીમાન્ જણાવે છે કે–દરેક આસ્તિક આત્માએ આ સંસારમાં દેવાદિ ત્રણ તત્ત્વો માન્ય કરેલાં છે. જગતના આસ્તિકોએ માન્ય રાખેલાં આ ત્રણ તત્ત્વોમાં જો કોઈ મુખ્ય તત્ત્વ હોય તો તે **દેવતત્ત્વ** જ છે. દેવતત્ત્વની સમાનતાએ આવી શકે એવું એકે તત્ત્વ આ સંસારમાં હસ્તી ધરાવતું નથી. દેવતત્ત્વ પછી **ગુરુતત્ત્વ** આવે છે, પરંતુ આ શાસનમાં ગુરુને કશો પણ સ્વતંત્ર અધિકાર આપવામાં આવ્યો **નથી**. આપવામાં આવ્યો જ નથી એટલું જ નહિ પરંતુ તે સામાન્ય બુદ્ધિએ પણ હોઈ શકે નહિ.

શ્રીમાન્ દેવોએ જે આચારો કહ્યા છે તે આચારોને જેઓ અમલમાં મૂકે છે તેઓ જ ગુરુ છે. જે આત્માઓ દેવોના આચારાદિને અમલમાં મૂકતા નથી, તે આ જગતમાં જૈનગુરુની શ્રેણીમાં સ્થાન પામી શકતા નથી.

જૈન શાસનના દેવોનું સ્વરૂપ કેવું છે તે વિચારો! બીજા શાસનોમાં, બીજા ધર્મોમાં દેવોને સ્વેચ્છાચારી જેવા બતાવેલા છે ત્યારે જૈન શાસન તેથી જુદું જ માને છે.

એક જ સરખા ધ્યેયવાળા સાથે મિત્રાચારી હોઈ શકે

જૈન શાસનના દેવો—તીર્થંકર ભગવાનો પરમ ત્યાગી, મહાન્ વૈરાગી, કર્મબંધન તોડનાર, કર્મબંધનોને રોકનારા, મોક્ષ સાધનાર અને મોક્ષના પ્રકાશકો છે. જૈન દેવો આ સ્વરૂપના છે એટલે એ વાત પણ તેટલી જ સ્પષ્ટ છે કે—જૈન ગુરુઓ પણ તેવા જ હોવા જોઇએ. ગુરુ અને દેવો એક એકથી જુદા જુદા જ વિચારના, જુદા જુદા જ આચારના અને જુદે જ માર્ગે ચાલનારા હોય એ તો કદી બનવા જેવું જ નથી. શેઠ અને નોકર એ વ્યવહારના યુગ્મો છે, પરંતુ તેમનો રાહ એક જ છે, તેમનું ધ્યેય એક જ છે અને તેમના વિચારો પણ ધંધાની બાબતમાં તો એક જ હોય છે.

જેમનાં ધ્યેય જ જુદાં હોય તેઓ આ સંસારમાં કદી પણ સાથે ન રહે. વેશ્યા અને સતી બંનેને મિત્રાચારી હોઈ શકે જ નહિ. કદાચિત્ ધ્યેય એક હોય અને માર્ગો જુદા હોય તો તેઓ પણ એક સાથે ન જ રહી શકે; કારણ કે એકી વખતે બંને વસ્તુ સાચી હોઈ શકે એ બનવાજોગ નથી. એક **જૈનનું ધ્યેય પણ મોક્ષ છે.** અને એક તાંત્રિકનું ધ્યેય પણ મોક્ષ છે. પરંતુ એક આત્માને બચાવવામાં મોક્ષમાર્ગ માને છે. બીજો હોળી સળગાવી, બકરો હોમવામાં મોક્ષ માને છે. આ બંનેમાં સામ્ય ન જ સંભવી શકે.

નવકારમંત્રનો હેતુ શો?

આ ઉપરથી તમારી ખાતરી થશે કે ધ્યેય અને માર્ગ એક જ હોવા જરૂરી છે. તેમજ વિચારોની પણ એકતા જોઈએ. સંસારનાં સાધારણ કાર્યોમાં પણ આ એકતા જરૂરી છે, તો પછી ધાર્મિક કાર્યોને

માટે આવી એકતા જરૂરી હોય તેમાં શું આશ્ચર્ય ? તમે હંમેશાં નવકાર-મંત્ર જપો છો. એ નવકારમંત્રના હેતુમાં ઊતરશો તો તમોને માલૂમ પડી આવશે કે દેવોને માનવામાં જે હેતુ રહેલો છે તે જ હેતુથી અને તે જ કારણથી શ્રીમાન્ ગુરુદેવોને પણ માનવાના અને આરાધવાના છે.

દેવો અને ગુરુઓને માનવાનું કારણ શું છે? તે હવે જોઇએ. ભગવાનને ભગવાન તરીકે માનવાનું અને તેમને આરાધવાનું એક જ કારણ છે કે તેમણે ઇન્દ્રિયોના વિષયોની ભયંકરતા સમજાવીને મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે,

ઠંડી પડે છે ત્યારે એ ઠંડી લાગવાથી નાના બાળકોને રડવું આવે છે, તો વિચાર કરો કે નાના બાળકોને આ પ્રમાણે રડતાં કોણ શીખવે છે ? તમે નાના બાળકોને એ વાત કહી રાખી તો નથી જ ને કે ભાઈ ! ટાઢ લાગે તો રડવા બેસજે હોં ? આ પ્રમાણે કહી ન રાખવા છતાં સ્વાભાવિકતાએ ઠંડી લાગે છે એટલે તે રડવા માંડે છે.

બાલરૂપી આત્માને સારાં-નરસાં માટે શીખવવું પડે કે ?

ઠંડી લાગે એટલે બાળક રડે, તમે તેને મીઠી ચીજ આપો એટલે તે ચીજને તે ગળી જાય છે અને તેને કડવી ચીજ આપો એટલે તે ચીજને તે ઝપાટાબંધ થૂંકી કાઢે છે. તમે નાના બાળકોને કડવા અફીણના ભેળવાળી બાળાગોળી આપો છો, પરંતુ તે સાથે જ તેમાં ગળ્યો પદાર્થ પણ નાખો છો જેથી એ પદાર્થને લીધે તે મિશ્રણવાળી બાળાગોળી ગળી જાય છે. બાળકને એકલી જો કડવી દવા પાવી હોય તો તમો તેને તેના ગળામાં મૂકી દો છો, એટલે તે તે ગળી જાય છે. બાળકને કડવા ઉપર તિરસ્કાર અને મીઠા ઉપર પ્રેમ–એ સઘળું કોણ શીખવે છે ? એવી શું કોઈ વ્યક્તિ છે કે તે સઘળા બાળકોને જન્મતાંવાર કડવી, મીઠી ચીજ ચખાડે–તેનો સ્વાદ જન્મતાને ચખાડે છે ?

આ સંસારમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ કોઇને પણ શીખવવી પડતી જ નથી, મીઠી ચીજ ખાઈ જવી, ખરાબ ચીજ ફેંકી દેવી,

સુગંધ લઈ ખુશ થવું, દુર્ગંધ લઈ નાખુશ થવું, સારા શબ્દ સાંભળી આનંદ પામવો અને ખરાબ શબ્દો સાંભળી નારાજ થવું. આ સઘળી પ્રવૃત્તિ નાના છોકરામાં પણ સ્વાભાવિકપણે બન્યા જ કરે છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે બાળકોને પણ એ પ્રવૃત્તિ શીખવવી પડતી નથી, પરંતુ સ્વાભાવિકપણે તે પ્રવૃત્તિ તેમનામાં રહેલી છે. એ જ પ્રમાણે પદાર્થ ઉપર મમતા, ગુસ્સો, અભિમાન એ સઘળું પણ કોઈને શીખવવું પડતું નથી. અલબત્ત, એની રીતિનીતિ શીખવવી પડે છે એ ખરૂં છે. પરંતુ મૂળ વસ્તુ શીખવવી પડતી નથી. અમુક પદાર્થમાંથી બનતો સફેદ પદાર્થ ખાંડ કહેવાય છે. એ ખાંડ અમુક રીતે દૂધમાં નાંખીએ તો એ દૂધ મીઠું બને છે એ શીખવી શકાય છે. પરંતુ ગળાશ પર જે પ્રેમ છે તે શીખવ્યો શીખવાતો નથી, કડવાશ પર જે તિરસ્કાર છે તે શીખવ્યો શીખવાતો નથી, પરંતુ તે કુદરતી જ છે.

આ સઘળી પ્રવૃત્તિ સ્વાભાવિકપણે થયા જ કરે છે. એનું કારણ એ છે કે નાનું બાળક જન્મે છે એટલે તરત જ તે રોવા માંડે છે અને દૂધ મળે અથવા ગળથૂથી મળે એટલે તે છાનું રહી જાય છે. વિચાર કરો કે એ બાળકને ગર્ભમાં કોણ શીખવવા જાય છે કે 'ભાઈ! તું દૂધ ન મળે એટલે રોવા માંડજે અને દૂધ મળે એટલે છાનો રહેજે!'

નાના બાળકને આ વસ્તુ કોઈએ શીખવી નથી અથવા તે તેને કોઈ કહેતું નથી, પરંતુ તે છતાં તે તેવી પ્રવૃત્તિ કર્યા જ કરે છે. એનું કારણ જ એ છે કે કર્મના બંધનથી વિષયવિકારો તરફ ઈન્દ્રિયોની પ્રીતિ દોરાઇ રહેવા જ પામી છે. અને એ જ કર્મના ઉદયથી વિષયોના સાધનો મેળવવા તરફ આ જીવ આપોઆપ દોડાદોડી કરી જ મૂકે છે.

ગાયને વાછરડું જન્મે છે ત્યારથી જ તે પોતાની મેળે ગાયના આંચળને શોધી કાઢે છે અને તેને બાઝી જ પડે છે. ગાયના આંચળમાંથી પોતાને ખાવાનું મળશે એ વાત તેને કોઇએ હજી સુધી

શીખવી નથી. વાછરડાનો જન્મ થાય છે કે તે જ ક્ષણે તે લથડતું લથડતું આગળ ધસે છે અને ગાયના આંચળ શોધી કાઢી તે તેને વળગી પડે છે. તેમ ઇન્દ્રિયોના વિષયો મેળવવાની ઇચ્છા થાય છે એટલે આત્મા પોતાની મેળે જ તેનાં સાધનો શોધી લે છે.

આ સઘળાનું જો કોઈ પણ કારણ હોય તો તે કર્મ જ છે. આ કર્મ, સંસાર બતાવવાં, તેની ભયંકરતા દર્શાવવી, પોતે તેનાથી બચી જવું અને બીજાને તેનાથી બચાવી લેવા એ જ દેવ અને ગુરુ એ બંનેનું કાર્ય છે,

દેવ તથા ગુરુ પાસેથી શું મળે ?

દેવ અને ગુરુ બંનેનો ધંધો જુઓ તો તે એક જ છે. ધર્મ અને મોક્ષ એ બેની જ વાત કરવાને દેવ અને ગુરુ બંને બંધાએલા છે. તમે ગુરૂદેવની આગળ જ્યારે જ્યારે હાજર થાઓ છો ત્યારે ત્યારે તેની આગળ તમે એક જ વાત સાંભળો છો કે **'धर्मलाभः'** તમે શ્રીમાન્ ગુરૂદેવને વંદના કરો તો જવાબ મળશે : ધર્મલાભ. તમે ગુરૂદેવને પાણી વહોરાવો તો પણ જવાબ મળશે કે : ધર્મલાભ. તમે તેમને અન્ય વહોરાવો તો પણ જવાબ મળશે કે ધર્મલાભ, કંઇ પણ પ્રવૃત્તિ કરો તો ધર્મલાભ. અર્થાત્ ગુરૂદેવના જીવનનો શ્વાસોશ્વાસ જો તમે જોશો તો એક જ છે કે ધર્મલાભઃ ધર્મલાભઃ અને ધર્મલાભ !

મહારાજની પાસે ધર્મલાભ વિનાની તો બીજી કોઈ વાત જ નથી. ઘણા આજકાલના બગડી ગયેલા સુધારકો લખે છે અને બોલે છે કે એમને તો ધર્મની ઘેલછા લાગેલી છે. જેને આવા બગાડકો ઘેલા માને છે તેને જ સુધારકો જીવનસર્વસ્વ માની રહ્યા છે !

ધર્મરૂપી ઘોડાગાડીની જરુર કયાં સુધી ?

ગુરૂદેવોની સ્થિતિ સંપૂર્ણ તીર્થંકરપણાને પામેલી નથી જ. જો તેમની સ્થિતિ સંપૂર્ણ રીતે તીર્થંકરપણાને જ પામેલી હોત તો તો તેઓ પણ તીર્થંકર અથવા તો કેવળી જ કહેવાત. ગુરૂની સ્થિતિ

કષાયવાળી છે. ગુરૂઓ ઘાતી કર્મથી રહિત નથી. તેમણે પોતાનામાં રહેલા દ્વેષનો સર્વથા નાશ કર્યો નથી. આટલું છતાં પણ તમે જ્યારે ગુરુદેવો પાસે જાઓ છો ત્યારે તેમને મોઢે વાર્તાઓ અને પ્રવૃત્તિઓ તો ધર્મની જ હોય છે. તે સિવાય તેમની પાસે બીજી વાર્તા કે પ્રવૃત્તિ નથી. ગુરૂદેવોની આગળ રાજા હો કે રંક હો; ભાઈ હો કે બાઈ હો; બાળક હો કે વૃદ્ધ હો; મૂર્ખાઓ હો કે જ્ઞાનીઓ હો; પ્રામાણિક હો કે ઢંભી હો; ગમે તે પ્રકારની વ્યક્તિ હો, પરંતુ તે બધાને ગુરૂદેવો તો ધર્મલાભ સિવાય બીજી કોઇ વસ્તુ કહેતા જ નથી. તમે એને ધર્મની ઘેલછા કહો તો ભલે, પણ ગુરુદેવોની સ્થિતિ તો એ જ છે. **ધર્મ એ વાસ્તવિક રીતે જુઓ તો ઘોડાગાડી જેવી ચીજ** છે, અને ઘોડાગાડીના જેવા જ ઉપયોગમાં પણ આવે છે.

તમારી પાસે ઘોડાગાડી હોય તો તેમાં બેસીને નીકળો છો. તમારું ધ્યેય ઘેર પહોંચવાનું છે. અને ઘોડાગાડી એ તમારું સાધન છે. જ્યાં તમે ઘોડાગાડીમાં બેસીને તમારે ઘેર પહોંચો છો કે પછી તમે તમારા બંગલામાં તમારી ઘોડાગાડી લઈ જતા નથી, પરંતુ તેને તો તબેલામાં જ રાખી દેવી પડે છે. તે જ પ્રમાણે ક્ષયોપશમની ભાવનાવાળો કર્મની સાથેનો ધર્મ તે ઘોડા કે ગાડી તરીકે જ ઉપયોગમાં લેવાનો છે તેને અન્ય રીતે ઉપયોગમાં લેવાનો નથી. આપણે ગાડીમાં બેસીએ છીએ અને ઘર આવ્યું એટલે ઉતરી પડીએ છીએ. ઘર આવ્યા પછી તો ગાડીમાં કોઈ બેસી રહેતું જ નથી. અથવા તો આપણે આપણા ઘરમાં પણ ઘોડો લઈ જતા નથી.

એ જ પ્રમાણે આચારધર્મ. એનો ઉપયોગ પણ ઘોડા કે ગાડી પ્રમાણેનો જ છે. આચારધર્મ આપણને ક્ષાયિક ભાવમાં પહોંચાડી દે તે પછી એ ધર્મની સાથે આપણે સંબંધ રાખવાનો નથી. "**नमो अरिहंताणं**" એ ખરૂં, પરંતુ તે પણ કયાં સુધી ? જ્યાં સુધી તમે ઘાતી કર્મોથી રહિત ન થાઓ ત્યાં સુધી. ઘાતી કર્મથી રહિત થાઓ

પછી અરિહંત ભગવાનોને વંદન કરવાપણું રહેતું જ નથી. એટલું જ નહિ પરંતુ પછી તમે અરિહંત ભગવાનને જો નમવાનું કહો તો પુણ્ય તો દૂર રહ્યું પરંતુ ઊલટું પાપ લાગે છે.

તમે એવી શંકા કરશો કે અરિહંત ભગવાનને નમસ્કાર કરવાનું, વંદન કરવાનું, તેમજ સત્કારવાનું કહો તેમાં કહેનારને પાપ લાગે, એ કેવી વિચિત્રતા છે ?

એ તો સમજો ત્યારે.

તમે ઘોડાગાડીમાં બેસીને આવો અથવા ઘોડા ઉપર સ્વાર થઈને આવો, તેથી તમોને કોઈ ગાંડો કહેવાનું નથી અથવા તેથી તમે ગાંડા ઠરતા નથી; પરંતુ જો તમે એ જ ઘોડો તમારા ઓરડામાં લઈ જવાની વાત કરો તો તમે ગાંડા ખરા કે નહિ ? એમ થાય તો તમારી ગણના જરુર ગાંડામાં જ થાય. જે માણસ રસ્તામાંથી ઘોડો લઈને જાય છે તે ગાંડો કહેવાતો નથી. તેમ ઘોડાની જરુરિયાતનો પણ કોઇ અસ્વીકાર કરતું નથી. એક ગામથી બીજે ગામ જવું હોય તો ઘોડો જરૂરી છે એ વાત બધા સ્વીકારે છે. તે જ પ્રમાણે આ **શાસ્ત્રમાં પણ ક્ષાયિક ભાવરુપી ઘરને ઘેર પહોંચાડવા માટે આચારરૂપ-ધર્મરૂપ ઘોડાની અવશ્ય જરુર** છે. તમે ક્ષાયિક ભાવરૂપ ઘેર પહોંચી જાઓ, પછી તમારે ઘોડારુપી ધર્મની જરૂર રહેવા પામતી જ ન હોવાથી ઘોડાનું અવલંબન લેવું એ અર્થ રહિત છે.

અરિહંત દેવોનો સત્કાર કયાં સુધી કરવાનો ? તે કહેનારને આશાતના કેમ ?

તમે તમારા બારણા સુધી ગાડીમાં બેસીને જાઓ છો, પછી ઘર આવે એટલે એ ગાડી તમારે માટે નકામી છે. તે જ પ્રમાણે ક્ષાયિક ભાવને પ્રાપ્ત થયા પછી અરિહંત-સત્કાર પણ તમારે માટે નકામો છે. તમે ક્ષાયિક ભાવનાને પ્રાપ્ત કરી લો પછી તમોને કોઇ એમ કહે કે તમે અરિહંતને વંદન કરો, અરિહંતનું સન્માન કરો

તો તમોને એવાં વચનો કહેનારો આશાતના કરનારો અને પાપ બાંધનારો જ થશે. આ વસ્તુ દૃષ્ટાંત અથવા શાસ્ત્રાધાર વિનાની નથી. પરંતુ એ સઘળાની યુક્તિ છે. કેટલીક વાતો વિધિ તરીકે છે. કાંઈ દરેક જ વાતમાં દૃષ્ટાંતો હોતાં નથી, જ્યારે કેટલીક વાતો દૃષ્ટાંતવાળી હોય છે.

આ ઘટના દૃષ્ટાંતવાળી છે. ગણધર ભગવાન્ **ગૌતમસ્વામી**એ પંદરસો તાપસોને દીક્ષા દીધી હતી. આ પંદરસો તાપસોમાંથી પાંચસો તાપસોને પારણામાં જ કેવળજ્ઞાન થયું હતું. પાંચસો તાપસોને રસ્તામાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી, જ્યારે પાંચસો તાપસો ભગવાનનું સમવસરણ જોતાં કેવળજ્ઞાનને પામ્યા હતા.

જ્યારે આ તાપસો કેવળજ્ઞાની થઈને ભગવાન **શ્રીમહાવીર** દેવની પાસે આવ્યા ત્યારે તેઓ સમવસરણમાં કેવળીની પર્ષદામાં જવા લાગ્યા. તે સમયે ગણધર ભગવંત **ગૌતમસ્વામી**એ તે તાપસોને કહ્યું : "જિનેશ્વર ભગવાનને વંદન કરો,"

વિચાર કરો કે શ્રીમાન્ **ગૌતમસ્વામી**ને આ પ્રમાણે કહેવામાં શી અડચણ હતી ? ભગવાન્ શ્રી જિનેશ્વર મહારાજ ગુરુ હતા અને **ગૌતમસ્વામી** શિષ્ય હતા. હવે શિષ્ય પોતે કરેલા શિષ્યોને ગુરુદેવને વંદન કરવાનું કહે છે એ તો ગુરુવિવેક થયો. એમાં અનુચિત થયું શું ગણાય ? છતાં આ પ્રસંગે ભગવાન્ **મહાવીર** શું કહે છે તે સાંભળો. ભગવાન્ **મહાવીરસ્વામી** ગણધર ભગવાન **ગૌતમ**ને કહે છેઃ "હે **ગૌતમ** ! કેવળીઓની આશાતના ન કર !" વિચાર કરો કે **ગૌતમ** ભગવાને ભગવાન **શ્રીમહાવીરદેવને** વંદન કરવાનું કહ્યું તેમાં તે આશાતનાનો પ્રસંગ કયાં ? એ કેવી રીતે ઊભો થયો ? ક્ષાયિક ભાવ થયા પછી અરિહંતને વંદન કરાવનારાને આશાતના લાગે છે.

દડુ ને તેજી ઘોડો એટલે શું ?

તમારો ઘોડો જો તેજી હોય તો તમે થોડા કાળમાં તમારી મુસાફરી પૂરી કરી શકવાના છો. પરંતુ તે ઘોડો પણ ઘરના બારણા

સુધીનો, માટે જ તે કામનો છે. તે પછીને માટે તે પણ કામનો નથી. જો તમે તમારો ઘોડો ઓરડામાં પણ ઘુસાડી જાઓ તો તેથી તમે ડાહ્યા ગણાતા નથી. તે જ પ્રમાણે તમારો ક્ષાયોપશમિક આચાર જેમ તેજ હોય તેમ તમે ક્ષાયિક ભાવે પહેલા પહોંચી જશો. જેમ ક્ષાયોપશમિક ભાવ મંદ હોય તેમ ક્ષાયિક ભાવમાં પહોંચતા પણ વાર જ લાગે. ક્ષાયોપશમિક ભાવ મંદ હોય તેની દશા ટટ્ટુ પર બેઠેલાના જેવી છે! જે માણસ પોતે ટટ્ટુ પર બેઠો છે તે બીજે ગામ જલદી ન જ પહોંચી શકે. તેમાં પણ જો રસ્તામાં રેતીનું રણ આવી ગયું અથવા તો પર્વત આવી ગયો તો પછી એ ટટ્ટુ તમને એ ડુંગર કે રણ કયારે ઓળંગાવવાનો હતો?

જેમ ટટ્ટુ રણ કે પર્વત ઓળંગવાને માટે સમર્થ નીવડતું નથી તે જ પ્રમાણે ક્ષાયોપશમિક ધર્મને ઘોડા તરીકે તમારી પાસે રાખો તે પણ તેજી ઘોડા તરીકે રાખો તો જ એ ઘોડો તમોને રણ જલદી ઓળંગાવે. જો તમે ટટ્ટુ તરીકે જ ક્ષાયોપશમિક ધર્મને તમારી પાસે રાખો તો તો તમોને ઘેર પહોંચતાં રાત જ પડે કે બીજું કાંઈ? તેજી ઘોડો તમારા પ્રવાસના સાધન તરીકેનું જ કામ આપતો નથી, પરંતુ તે તમારા રક્ષકનું પણ કામ બજાવે છે. રસ્તામાં જો તમોને વાઘ સામો મળે તો એ જ ઘોડો પોતાની ગતિ વધારીને તમોને ઘેર પહોંચાડી દે.

હવે ધારો કે તમે ટટ્ટુ રાખીને મુસાફરી કરો તો તમારી શી સ્થિતિ થાય? તમે જંગલમાં જઈ પહોંચો અને તમારો ઘોડો વાઘના પંજામાં સપડાઈ ગયો તો તમારી એ દશા થાય કે ઘોડો પણ માર્યો જાય અને તમોને પણ સાથે સાથે મરાવી જ નાંખે. અથવા જો તમે એ ઘોડાની સાથે જ પર્વતમાં જઈ ચઢો તો તમોને બચાવવાનું તો બાજુએ રહે પરંતુ પહેલાં તો એ દશા થાય કે એ ઘોડાને જ તમારે બચાવવો પડે! આ ઉદાહરણ અહીં બરાબર લાગુ પાડો.

આ સંસારરૂપી અરણ્ય છે. આ મહાભયંકર અરણ્યમાંથી બચવા માટે, આ અરણ્ય પાર કરવાને માટે આપણે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પગવાળો ઘોડો લીધો છે. ઘોડો માંદા ટટ્ટુ જેવો ન લો કે જે તમોને જ ગરદન મારે, પણ એ ઘોડો એવો રાખો કે તમોને પાર ઉતારે. અર્થાત્ એ ઘોડો તેજ હોય તેમાં જ તમારૂં હિત સમાયેલું છે. જો તમારો ઘોડો તેજી ન હોય તો તે તમોને અચાનક રીતે આફતમાં આણી નાંખશે અને પરિણામે તમોને હાનિ જ થવાની!

કર્મરૂપી વાઘ

વાઘ એ આળસુ પ્રાણી છે. જંગલમાં વાઘ પડયો હોય તે રસ્તે તમારો ઘોડો જઈ પહોંચ્યો. હવે પેલો વાઘ સૂતેલો છે, તે તમોને જુએ છે, પરંતુ તે એકદમ આક્રમણ નથી કરતો, કારણ કે તે જાતે આળસુ છે અને વળી ગર્વાંધ હોઇ તે પોતાના બળ ઉપર મુસ્તાક રહે છે. વાઘ એવો વિચાર સેવે છે કે માણસ જાત જઈ જઈને ક્યાં જવાની છે? જવા દે, થોડેક જશે એટલે હમણાં જ પકડી લઈશ. એમ વિચારીને સુષુપ્તિમાં–ગાઢ નિદ્રામાં પડી રહે છે. એટલામાં પેલા માણસનો ઘોડો જો તેજી હોય તો તે ઝપાટાબંધ વાઘના ભયમાંથી આગળ નીકળી જાય છે, પણ ઘોડો જ ટાયડો હોય તો સ્વાર ગમે તેટલા યત્નો કરે તોપણ પેલો ઘોડો પોતાની પ્રકૃતિ બદલતો નથી અને પરિણામે વાઘના મોઢામાં તે મુસાફરને સપડાવી દે છે!

એ જ પ્રમાણે **આ કર્મ એ પણ વાઘ સમાન છે.** કર્મ એકવાર હાથમાં પકડે છે પછી તે જોતો નથી કે મેં આ કોને પકડયો છે? વાઘના હાથમાં સ્ત્રી પકડાય, પુરૂષ પકડાય, બાળક પકડાય, ઢોર પકડાય કે પક્ષી પકડાય, પરંતુ વાઘ પોતે તે કશાનો જ ભેદ ગણતો નથી. તેને તો એ નિયમ જ કરેલો છે કે જે આવે તે સ્વાહા. **વાઘને સ્વભક્ષને વિષે અન્યોની દૃષ્ટિએ સારા સારનો વિચાર હોતો નથી, તે જ પ્રમાણે કર્મને પણ તેવો વિચાર હોતો નથી.** કર્મ એમ જોતું નથી કે આ બિચારો દુઃખી

છે તેને વધારે દુઃખી કરીને શું કરું ? અથવા આ બિચારો રોગી જ છે તેને વધારે રોગી કરીને શું કરું ? જે એના પંજામાં સપડાય છે તેને પાપની માફક કર્મ પણ કચડી જ નાંખે છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીમાં જે જીવો પોતાના ખપ્પરમાંઆવે છે તે સઘળાને કર્મ એક ઝપાટે ચક્કર પર ચઢાવી દે છે !

કર્મ જેવી જડ ચીજને વિચારવાનું ન હોય એ સ્વાભાવિક છે. છાપરા પરથી નળિયું પડે છે. તે નળિયું એવો વિચાર કરે છે ખરું કે હું આ પડું છું ખરું, પણ મારી નીચે કોણ આવે છે ? રખેને બિચારો કોઈ માણસ તો મારી નીચે ન આવી જાય. એવો વિચાર નળિયાને કદી સંભવતો નથી. આ નળિયાને વિચારશક્તિ જ નથી તેથી તેને એવો વિચાર આવવા પણ પામતો નથી કે મારા ઝપાટામાં રખેને કોઈ બિચારો ગરીબ ન આવી જાય ! એ જ પ્રમાણે કર્મ પણ કશાનો વિચાર કરતું નથી !

સંસારરુપી અરણ્યમાંથી બચાવનાર ધર્મરુપી ઘોડો

તમે ધર્મનો ઘોડો રાખો. પરંતુ એ ઘોડો જો તેજી ન હોય તો આ કર્મરૂપી વાઘ તમોને રસ્તામાં જંપવા દે એવો નથી. ગરાસિયાઓ બાપની આબરૂ પર ડુબી મરનારા હોય છે. બાપે ઘોડો રાખ્યો હોય તો પોતે પણ ઘોડા રાખી મૂકે છે, પણ તે ઘોડા કેવો હોય ? મરવાની આળસે જ જીવે એવો ! કોઈ ભાઈબંધ, દોસ્તદાર પૂછે કે દરબાર ! રાખી રાખીને આ આવો ઘોડો તમે શું રાખ્યો ! એકાદ તેજી તોખાર-ઘોડો લો ! તો દરબાર કહે : "બાપુ તેજી હોય કે અતેજી હોય તેમાં શું થયું ? આ ઘોડું રાખ્યું છે એટલે ગાડી-ઘોડાવાળા તો કહેવાઈએ છીએ ને !" તમે આ દરબાર જેવા ગાડી-ઘોડાવાળા ન થજો ! ખાલી ધર્મી ગણાવાને માટે ધર્મરૂપ પાંગળો ઘોડો રાખી મૂકશો તો તે ઘોડો તમોને અરણ્યમાંથી કેવી રીતે સંરક્ષી શકવાનો હતો ?

સંસારરૂપી ભયંકર અરણ્યમાંથી તમોને સંરક્ષી શકે, તમોને બચાવી શકે એવી તાકાત પાંગળા ઘોડામાં સંભવી શકતી નથી. ધર્મને આપણે ગાડી તરીકે અથવા તો ઘોડા તરીકે રાખીએ છીએ તો આપણું એ ઘોડો અને ગાડી એટલાં તેજી તો હોવાં જ જોઈએ કે જે આપણને ઝપાટાબંધ બીજે ગામ પહોંચાડી શકે ! એ જ પ્રમાણે આપણો ધર્મ પણ એવો તીવ્ર હોવો જ જોઈએ કે જે આપણને ક્ષાયિક ભાવે આગળ જલદી પહોંચાડી દે.

કાછિયાની જેમ ધર્મરૂપી ઘોડાનું મૂલ્ય ન સમજો

જેમ કાછિયો ટટ્ટુ લેવા જાય તો પહેલાં પોતાની કોથળી સામે જ જુએ છે કે ભાઈ ! કાંદા બટાટાની કિંમત ઉપજી હોય તે પ્રમાણમાં તે ટટ્ટુની કેટલી કિંમત આપવી અને કેટલા રૂપિયા સુધીની કિંમતનો ટટ્ટુ લેવો તેનો વિચાર કરે છે ! પરંતુ જો રાજા મહારાજાઓને ઘોડો ખરીદવો હોય તો તેઓ એ રીતે કિંમત ન કરે. તેઓ તો ઘોડાની જાત કેવી છે તેની જ તપાસ કરે છે અને ઘોડાની જાત જોઈને તે પ્રમાણમાં તેની કિંમત ઠરાવે છે.

હવે આપણે કેવા ટટ્ટુ ખરીદનારા છીએ તે જુઓ : આપણે વ્રતો લેવાનો વિચાર કરીએ છીએ, પરંતુ તે સૌથી પહેલાં એ વાત તો પૂરેપૂરી ખબરદારી સાથે વિચારી લઈએ છીએ કે આમ સોગન લઉં અને આ પ્રકારે ધર્મ કરવાનું રાખું, તેમાં મારા શરીરને, મારા પરિવારને કે મારા વેપારધંધાને તો કાંઈ હાનિ આવતી નથી ને ? આવી હાનિ આવે છે કે નહિ એનો વિચાર કરીને આપણે પ્રતિજ્ઞાઓ લઇએ. એનો અર્થ એ છે કે આપણે પણ પેલા કાછિયાની માફક જ ધર્મરૂપી ઘોડાનું મૂલ્ય જોઈને સમજનારા છીએ ! પરંતુ આપણે રાજા મહારાજાઓની માફક ધર્મરૂપી ઘોડાના પરીક્ષક નથી !

ટટ્ટુ લેનાર ન બનો

કાછિયો ઘોડો ખરીદે છે ખરો, પરંતુ ઘોડો ખરીદતી વખતે તે

ઘોડાની જાત નથી જોતો, પણ ઘોડાનું કામ જુએ છે. આપણે પણ ધર્મ કરીએ, શ્રાવક શહેરી ગણાઈએ, આગેવાન મનાઈએ એ દૃષ્ટિએ અથવા તો કુળાચારે, શહેરી તરીકે અથવા આગેવાન તરીકે જે ધર્મ કરીએ છીએ, તેનો અર્થ એ છે કે—આપણે પણ ઘોડાને બદલે ટટ્ટુ જ લેનારા છીએ. આ જીવ પ્રશંસા, માન અને સ્વાર્થને માટે ધર્મ ન કરે, પરંતુ આત્મકલ્યાણને માટે જ કરે. જ્યારે જીવ ધર્મ કરે છે ત્યારે આપણે વસ્તુનું મૂલ્ય જોઈને તેને લેનારા ઠરીએ છીએ.

હિસાબ કરીને, સાટું કરીને, અથવા તો માપ રાખી ધર્મને લેવાનો નથી. આ રીતે ધર્મ કરનારા તેજી ઘોડી ખરીદનારા જેવા નથી, ધર્મ લેતી વખતે આપણી એવી માન્યતા હોવી જ જોઇએ કે ધર્મ મારા આત્માને કર્મથી રહિત કરે છે, તેથી કર્મોનો ક્ષય થાય છે અને આત્માનું કલ્યાણ થાય છે તેથી હું ઊંચામાં ઊંચો ધર્મ લઉં છું. આવી જ સાચા ધર્મીની ખરી ભાવના હોવી જોઇએ. આ ધર્મ પછી ચાહે તો તે પંચપરમેષ્ઠીના આરાધન વગેરેથી યુક્ત હો; પરંતુ તે ધર્મ ક્ષાયિક ભાવનું મકાન આવવા સુધીને માટે જ છે, તે પછી એની જરૂર નથી.

ક્ષાયિક ભાવની પ્રાપ્તિ માટે ક્ષાયોપશમિક ભાવ

ક્ષાયોપશમિક ધર્મ એ ક્ષાયિક ભાવ પ્રાપ્ત કરવા માટે જ છે. જે કોઈ ક્ષાયોપશમિક ભાવમાં જ સમગ્ર જીવન વેડફી મારે છે તે તો ખરી રીતે જુઓ તો ભૂલ જ કરે છે. વચનથી, કાયાથી ને મનથી જે કોઈ આ પ્રકારે જ ધર્મ કરે છે તે તો ભૂલ જ કરે છે. ક્ષાયિક ભાવની પ્રાપ્તિને માટે જ શાસ્ત્રકાર મહારાજાઓએ ક્ષાયોપશમિક ધર્મ કરવાનો કહેલો છે, અન્યથા નહિ. ક્ષાયોપશમિક ભાવથી થતો ધર્મ, ગુરુ વગેરેની આરાધના ઇત્યાદિ જે કહ્યું છે તે માત્ર ક્ષાયિક ભાવની પ્રાપ્તિ સુધીને માટે જ છે. ક્ષાયિક ભાવની પ્રાપ્તિ થઈ ગઈ એટલે ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગ જ કરી દેવાનો છે.

શ્રીમાન્ ગુરુદેવો ક્ષાયોપશમિક ભાવમાં ચાલનારા છે અને તેઓ તમોને પણ ક્ષાયોપશમિક ભાવમાં ચલાવે છે. પરંતુ તમારે યાદ રાખવાનું છે કે ગુરુદેવોને પોતાને ક્ષાયિક ભાવમાં ચલાવે છે. પરંતુ તમારે યાદ રાખવાનું છે કે ગુરુદેવોને પોતાને ક્ષાયિક ભાવમાં જવાનું છે અને તેમને બીજાને પણ ક્ષાયિક ભાવમાં લઈ જવાના છે. વિષય, કષાયની જે પ્રવૃત્તિ સ્વતંત્રપણે થાય છે તેમાં ઉપદેશ આપવાની જરૂર જ પડતી નથી. દેવો અને ગુરુઓની પાસે જો કોઈ વાત હોય તો તે માત્ર મોક્ષની જ વાત છે. મોક્ષ સિવાય તેમની પાસે બીજી વાત હોઈ શકતી નથી.

તીર્થંકરોને નમસ્કાર કરવાનું કારણ શું ?

મોક્ષ એ મહોલાત તરીકે છે અને ધર્મ એ તો એ મહોલાતમાં જવા માટેના વાહન તરીકે જ છે. એટલા જ માટે તમારે સમજવાનું છે કે શ્રીમાન્ તીર્થંકર દેવોને મોઢે, ગુરુદેવોને મોઢે, શાસ્ત્રોદ્વારા ધર્મની જે વાતો થાય છે તે બીજા કશા માટે નહિ, પરંતુ એક મહા મહોલાતમાં પહોંચવા માટે જ છે. જ્યાં તમે મહોલાતમાં પહોંચી ગયા કે તે પછી તમોને એની જરૂર રહેવા પામતી નથી.

તીર્થંકરે ભગવાનોને આપણે નમસ્કાર કરીએ તેનું કારણ પણ એ જ છે કે તેઓશ્રી આપણને 'મોક્ષમાર્ગ' બતાવે છે. જો તેઓ મોક્ષમાર્ગના શોધક, પ્રરૂપક અને પ્રચારક ન હોત તો આપણે તેમને નમત ખરા ? તેઓ તીર્થંકરના પૂર્વ સમયમાં રાજકુમારો હતા અથવા સમૃદ્ધિશીલ હતા તે માટે કદી નમસ્કાર ન કરત. તેમને નમસ્કાર કરવાનું કારણ એ છે કે તેમણે આપણને ધર્મ અને મોક્ષ બતાવ્યો છે. જેમ તીર્થંકર ભગવાનો આપણને ધર્મ અને મોક્ષ બતાવે છે તે જ પ્રમાણે ગુરુઓ પણ એ જ વસ્તુ બતાવવાવાળા છે. **ગુરુઓ જનતાને મોક્ષમાર્ગે પ્રવેશ કરવામાં મદદ કરવાવાળા હોય છે. તેથી જ આપણે શ્રીમાન્ જૈન ગુરુદેવોને પણ આરાધવાના છે.**

જૈન ગુરુ સંસારપુષ્ટિની વાતો કરી શકે ખરા કે ?
સાધુઃ મોક્ષમાર્ગના સહાયક

આ ઉપરથી ખૂલ્લું થાય છે કે જે ગુરુદેવો મોક્ષમાર્ગમાં સહાયભૂત થવાના બદલે મોક્ષમાર્ગ તો દૂર રહ્યો, પરંતુ સંસારપુષ્ટિની જ વાતો કરે છે તેઓ પોતાનો ધર્મ ભૂલે છે અને તેવા સાધુઓને જૈન સંઘ સાથે અથવા તો શ્રીમાન્ તીર્થંકર દેવોના જૈનશાસન સાથે કશો જ સંબંધ રહેવા પામતો નથી. ગુરુદેવો આપણને મોક્ષમાર્ગમાં મદદ આપનારા છે. સાધુની વ્યાખ્યા આપતાં શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજાઓ કહે છે કે **પોતાના ઉદ્યમથી મોક્ષ પમાડનાર, ક્રિયા સિદ્ધ કરે, પોતે મોક્ષ તરફ પ્રગતિ કરે અને બીજાને પ્રગતિ કરાવે, પ્રગતિ કરવામાં સહાય કરે અથવા મોક્ષ તરફ પ્રગતિ કરવામાં અન્યોને રુચિ ઉત્પન્ન કરે તે સાધુ.**

'અમોને મોક્ષમાર્ગમાં કોઈ સહાયકારી નથી ! અમે એ બાબતમાં અસહાય છીએ. અમારા પંથમાં આખું જગત કાંટા વેરનારું જ હતું.' એક તરફ મોક્ષમાર્ગમાં સહાયકો મેળવવાની આ દશા છે ત્યારે બીજી તરફ આપણે જોઈએ તો સંસારમાર્ગમાં સહાય કરનારા તો રસ્તે ચાલતાં પણ મળી આવે છે ! તમે એક તળાઈ કરાવો તો તમારી એ તળાઈ તમારા પાડોશીના કોઈ કામમાં આવતી નથી. તમારો પાડોશી એ તળાઈનો ઉપયોગ કરવાનો નથી, પરંતુ તે છતાં તે તમોને મદદ કરવા મંડી પડશે !

તમારી તળાઇ તેના કશા જ ઉપયોગમાં નથી આવવાની, છતાં તે તમોને અનુમોદના આપવા મંડી પડે છે કેઃ "વાહ ? આ ઠીક થયું ! સારું કર્યું. તળાઈનું કાપડબાપડ સારૂં છે ! ટકાઉ છે ! દેખાવમાં પણ સારી લાગે છે ! કરાવી મૂકોને બીજી પણ એકાદ બે !" જુઓ! વાત તો જુઓ ! પોતાને કાંઇ ઉપયોગ નથી, જે તળાઇ ઉપર પોતે કદી સૂવાનો નથી છતાં કહેવા નીકળે છેઃ "સારી છે હોં, કરાવોને

બે ચાર !" પણ ભાઈઓ ! વિચાર કરો કે એ બે ચાર તળાઈઓ કરાવવાનો ઉપદેશ આપનારાએ કેટલાને દીક્ષા લેવાનો ઉપદેશ આપ્યો છે ? કેટલાને સામાયિક કરવાનું કહ્યું છે ? કેટલાને પ્રભાવના કરવાની જણાવી છે ? અથવા તો કેટલાને પૂજા કરવા જરૂર જણાવી છે ?

આ સઘળાનો અર્થ એ છે કે–દુનિયાદારીના કાર્યમાં તમોને મદદ કરનારા સેંકડો નહિ, પણ હજારો મળી આવશે, જોઈએ એટલી મદદો મળશે, જોઈએ તેવા અનુકૂળ સંયોગો પણ તમોને ઉત્પન્ન કરી આપવામાં આવશે, પરંતુ તમોને તેટલી શું પણ તેના ચોથા ભાગની મદદ પણ મોક્ષમાર્ગે પ્રવર્તાવવાને માટે મળવા પામવાની નથી.

વાંદરાને દારુ પાવા જેવી મનની સ્થિતિ

જગતના વિષયો અને તે વિષયોની પ્રાપ્તિ માટેનાં સાધનો તે મેળવવાને માટે તથા તેમાં મદદ કરવાને માટે સેંકડો લોકો તૈયાર થઈ જાય છે. ઈન્દ્રિયોના વિષયો મેળવવા માટે અને તે મેળનારાને સહાય આપવા માટે તો આખી દુનિયા તૈયાર છે, પરંતુ મોક્ષમાર્ગમાં તમારી પીઠ થાબડે, તમોને આગળ વધારે, તમારી મુશ્કેલીઓ દૂર કરે એવા ગણ્યાગાંઠયાં માનવો જ છે ! અને તેમાં પણ ઘણું તો મૌખિક સહાનુભૂતિ બતાવવાવાળા જ હશે ! તમારા કાર્યની તાત્ત્વિક કિંમત જાણી તમારા તરફ સક્રિય સહાનુભૂતિ દર્શાવનારા ઘણા જ થોડા હશે ! એક તો આ આત્મા સ્વાભાવિકપણે જ કર્મરાયને ચક્કરે ચઢેલો છે, કર્મના ઉદયથી તે પ્રવૃત્તિમાં પડેલો છે. તેમાં પણ જ્યારે તેને ટેકો આપનારા મળી આવે ત્યારે તેની દશા વાંદરાને દારુ પાવા જેવી જ થાય કે બીજું કાંઈ ? વાંદરો એક તો સ્વભાવે જ ચંચલ છે, તેને નવરા બેસી રહેવાનું ગમતું જ નથી. તેમાં પણ જ્યારે તમે પવાલું ભરીને દારુ પાઈ દોઃ તો પછી વાંદરા ભાઈની લીલામાં પૂછવું જ શું ?

તે જ પ્રમાણે આ મન પણ વાંદરાના જેવું છે. તે પણ કોઈ એક જ સ્થળે ઠરીને બેસે એવું નથી. ઘડીમાં આમ દોડે, તો ઘડીમાં આમ

દોડે! ઘડીમાં પૈસા મેળવવાના વિચારો કરે, તો ઘડીમાં સ્ત્રી મેળવવાના વિચારો કરે. ઘડીમાં પોતાના મિત્રનું ભલું કરવાના વિચારો કરે તો ઘડીમાં શત્રુને ગરદન મારવાના વિચારો કરે: આ મનરૂપી માંકડું આ પ્રમાણે કૂદાકૂદી તો કર્યા જ કરે છે. માંકડું સ્થિર રહે તો પોતાની પ્રવૃત્તિને ક્ષણભર ધીરી પાડે તે સંભવિત છે, પરંતુ મનરૂપી માંકડું તો ક્ષણ જેટલું પણ સ્થિર રહેતું નથી. આવા માંકડાને તમે મદિરા પાવો છો! **માંકડાને દારૂ જેમ સહાયક તરીકે ટેકો આપે છે તેમ પૌદ્‌ગલિક વિષયો મેળવવામાં અનુમોદના આપનારાઓ મનરૂપી માંકડાને સહાયરૂપી દારૂ પાય છે!**

હવે આ મનરૂપી તોફાની માંકડું સ્વાભાવિકપણે જ ધીંગામસ્તી અને ધમાધમ કરવાના સ્વભાવવાળું અને ખટપટિયું છે. તે માંકડાને પાંચ પંદર જણા સહાનુભૂતિરૂપી દારુ પાનારા મળી આવે તો તે પછી એ માંકડું કેવી રીતે તાબે રહી શકે એનો તમે જ વિચાર કરો! વાંદરો કેરીનાં ઝાડ પર કૂદકો મારે અને કૂદકો ખાલી જાય તો તો ઠીક છે, પણ જ્યાં એક જ કૂદકે તેના હાથમાં કેરીનો ઝૂમખો આવી ગયો, તો તો જોઈ લેજો એ વાંદરાજીની કૂદાકૂદ! તે જ પ્રમાણે આ મનરૂપી માંકડાને પણ જો પુણ્યપ્રકૃતિનો ઉદય હોય અને એકાદ વાત ધારેલી થઈ જાય તો પછી જોઈ લેજો કે તેની કૂદાકૂદ પણ કેવી થાય છે?

વાંદરાભાઇ સ્વાભાવિકપણે જ કૂદાકૂદી કરવાની ટેવવાળો છે, તેમાં તેને તમે દારુ પાઓ એટલે તો તેની કૂદાકૂદ વ્યાજ સાથે વધે અને તેમાં પણ જો તેને વીંછી કરડે તો તેની કૂદાકૂદ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે જ આગળ દોડે! પછી સાદું વ્યાજ, વારોવારિયું વ્યાજ કે કાપી વ્યાજ ન ચાલે. પછી તો તેની કૂદાકૂદ ચક્રવૃદ્ધિ વ્યાજને હિસાબે જ આગળ વધે છે! વાંદરા જેવું જ આ ચંચળ મન છે. તેમાં તમે તેને સહાનુભૂતિરૂપ દારૂ પાઓ એટલે આ મનજી મહારાજા પણ પોતાની પ્રવૃત્તિ વ્યાજ સાથે વધારતા જ જાય છે અને તેમાં પણ

જો પુણ્યોદયે એકાદ કાર્ય સફળ થઈ ગયું તો તો પછી એના કૂદકા આકાશને અડવાના જ બાકી રહે છે !

આવી રીતે મસ્તાન બનેલા વાંદરાને તમે ઠરીઠામ બેસવાની સૂચના આપો તો તે સૂચના તેને કદાપિ પણ ગમે ખરી કે ? નહિ જ ગમે ! તે જ પ્રમાણે મસ્તીખોર બનેલા મનરૂપી માંકડાને પણ તમે તે મસ્તીમાં આવ્યો હોય ત્યારે દેવ, ગુરૂ કે ધર્મની વાત કરવા જાઓ ત્યારે તે પણ તમારી વાત સાંભળીને હડકાયા કુતરાની માફક તમોને કરડવા જ દોડશે !

આ મનરૂપી માંકડું વિષય, કષાયરૂપ રંગભૂમિ ઉપર કૂદકા મારવાને માટે ખડું થઇ ગએલું છે, હવે તેમાં તેને નીરોગી શરીર મળે, બળવાન લોહી મળે, પૈસો મળે, ધારેલા સંયોગો મળે, સ્ત્રી મળે અને તેના દુનિયાના મિત્રોની સહાનુભૂતિ મળે તો પછી એના નાચ-ગાનની લીલાનું તો પૂછવાનું જ શું રહે ? વિષય-કષાયની રંગભૂમિ ઉપર ઊભો રહેલો આ વાંદરો જ્યારે બીજા મિત્રોની અનુમોદનારૂપ દારૂ ઢીંચે અને પછી આરોગ્ય અને બળની પ્રાપ્તિરૂપ તેના હાથે એકાદ કામ સિદ્ધ થાય તો તો પછી એની કૂદાકૂદીમાં કાંઈ બાકી જ રહેતું નથી.

મનરૂપી માંકડાની આ દશા તે કોઈ એક જ ભવમાં થાય છે એમ તમે માનશો નહિ. પરંતુ ભવે ભવે વાંદરાજીની આ જ સ્થિતિ હોય ! આ વાંદરાને એકકે ભવ એવો મળ્યો નથી કે જ્યારે તેણે કૂદાકૂદ ન કરી હોય અથવા જ્યાં તેને સહાનુભૂતિરૂપી મદિરા પાનારા ન મળ્યા હોય ! તમે તમોને રહેવાને માટે બંગલો બંધાવો તો પણ તમારા આડોશીપાડોશી અભિમાનપૂર્વક તમોને કહેવા મળશે કે વાહ ! શેઠ ભાગ્યશાળી તો ખરા હોં ! તમારા બાપા બિચારા બંગલો બાંધું બાંધું કરતાં મરી ગયા, પણ ડોસાથી બંગલો બંધાવાયો નહિ પરંતુ તમે બાપદાદાની મરજી પાર પાડી ખરી !" કેમ જાણે બંગલો બાંધવો એમાં જિંદગીનું સાર્થક ન થઈ જતું હોય !

એ જ પ્રમાણે તમે જે જે કાંઇ કામો કરશો તે બધા માટે તમારા વખાણ કરનારા તમોને મળી આવશે! બંગાલાની એકાદ બાજુએથી પવનના ઝપાટા આવતા હશે અને તે બાજુની બારીઓ તોડાવીને તમે ભીંત ચણાવી દેશો તો પણ તમોને સહાનુભૂતિ આપનારા મળી આવશે અને તમારાં વખાણ કરવા મંડી જશે કેઃ વાહ વાહ શેઠ! આ ઠીક કર્યું! સાળા ચોવીસે કલાક પવનના ઝપાટા આવ્યા જ કરે! વખત છે ને કોઈને શરદી થાય તો! હવે તમારા ઘરમાં વાંધો જ નહિ!"

છ મહિના પછી એ જ દિવાલ તોડાવી નાંખીને ત્યાં તમે પાછી બારી મૂકાવો તોપણ તમારી તેને માટેય પ્રશંસા કરવાવાળા તરત જ આવી રહેશે અને તમોને કહી દેશે કે "હવે રંગ રાખ્યો શેઠ! આ દિવાલથી પવન ઘેરાઇ રહેતો હતો અને અજવાળું પણ આવતું ન હોતું! હવે તો તમારે ચોવીસે કલાક ફરફરાટ કરતો પવન આવ્યા જ કરવાનો હો! જાણે માથેરાનની ટેકરી જ તો!" અને તમે પણ તમારી આવી પ્રશંસા સાંભળીને મનમાં તો જરુર રાચવા જ મંડી પડો છો!

હડકાયા કૂતરા કરતાં વધારે ભયંકર કોણ?

હવે વિચારો કે આત્માને આ રીતનું રાચવાપણું અને તેને હા જી હા કરીને અનુમોદન આપનારાઓ કયા ભવમાં નથી મળ્યા? એકે એક ભવમાં તમે વિષયથી રાચ્યા છો અને તમોને એ રાચવા માટે અભિનંદન આપવાવાળા પણ મળી જ આવ્યા છે! તમોને કયા ભવમાં અથવા તો કયે સમયે વિષયોને લીધે મનમાં વિષમતા નથી થઇ! અને કયા ભવમાં તમોને અનુમોદનરૂપ દારુ પાનાર પણ નથી મળ્યા? આ રીતે તમે દારુ પીને મસ્ત માંકડાનું રુપ પ્રાપ્ત કરો છો ત્યાં તમોને ભવે ભવે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિરુપ વીંછી પણ કરડયો જ છે! આ વીંછી પણ તમોને કોઈ સ્થળે કરડયો જ ન હોય એમ બન્યું નથી! વાંદરાને તમે દારુ પાઓ અને પછી તેને વીંછી કરડાવો, અથવા તો તેને એકાદ ટાંકણી ભોંકીને કોઈ છાપરા

ઉપર છોડી મૂકો તો વાંદરાભાઇ છાપરાનું સત્યાનાશ જ વાળી મૂકે ! આ પ્રકારે તમે કોઈ છાપરાનો નાશ કરાવો તો એ છાપરાના દુશ્મન ઠરો છો. એ જ પ્રમાણે જેઓ ધર્મની સામે પણ આ મનરૂપી માંકડાને લડાવવા તૈયાર થાય છે તેઓ પણ ધર્મના દુશ્મનો જ છે.

તમે શાંતિથી વિચાર કરશો તો તરત જ જાણી શકશો કે આ મનરૂપી માંકડો ધર્મ તત્ત્વનો સ્વભાવથી જ વિરોધી છે અને ખેલી ખાવાનો શોખીન છે. તેને ધર્મ કડવા ઝેર જેવો લાગે છે અને ખેલી ખાવાનું, સંસાર ભોગવવાનું, મઝા કરવાનું એ સઘળું સાકરના પાણી જેવું મીઠું લાગે છે ! તમે સામાયિક કરવા બેસો છો, સામાયિકની બે ઘડીથી પરવારો છો એટલે ઝપાટાબંધ ખુશી થતા થતા સંસાર તરફ દોડી જાઓ છો. 'સંસાર તરફ દોડી જાઓ છો' એનો અર્થ એ છે કે-તમે સંસારનાં કાર્યો-કર્મ આશ્રવ તરફ દોડી જાઓ છો !

તમે ખ્યાલ કરો કે તમે કદાપિ તમારા બારણામાં ઊભા રહેલા હડકાયા કૂતરાની સામે દોડી ગયા છો ખરા ? હડકાયા કૂતરાની સામે તો તમે નજર સરખી પણ નાંખતા નથી, હડકાયા કૂતરાથી ગભરાતા અને બીતા ફરો છો, પરંતુ તે જ તમે આશ્રવ તરફ, વિષયકષાયો તરફ દોડી જાઓ છો એનો શું મર્મ નીકળી શકે ?

એનો મર્મ એટલો જ છે કે તમે આશ્રવ, કષાયો વગેરેને હડકાયા કૂતરા જેટલા ભયંકર માનતા નથી ! હવે ખરી રીતે કોણ વધારે ભયંકર છે તેનો વિચાર કરજો ! હડકાયું કૂતરું તમોને કરડે છે તો તે તમારો એક ભવ-એક જન્મ બગાડે છે, પરંતુ જો તમો આશ્રવકષાયોનો ડંશ સ્વીકારો છો તો તે ડંશ તો તમોને ભવે-ભવે પીડા આપે છે ! ભવે ભવે પીડા આપે છે એટલું જ નહિ, પરંતુ ભવે ભવે પીડાના મહાચક્રમાં જ તમોને હડસેલી મૂકે છે ! ખરી રીતે હડકાયા કૂતરા કરતાં આશ્રવ કષાયો વધારે ભયંકર હોવા છતાં તમે તેને વધારે ભયંકર માનતા નથી ! જો તમે એને વધારે ભયંકર

માન્યા હોત તો તમારો પગ સામાયિકમાંથી ઊઠયા પછી અન્યત્ર જવા તરફ ઉપડત જ નહિ! પરંતુ તમે તો જેવા સામાયિકમાંથી પરવારો છો તેવા જ વિષય-કષાય-આરંભ-સમારંભ તરફ દોટ મૂકો છો! અને બે ઘડી તમે સામાયિકમાં ગુમાવી હોય તેનો પણ બદલો વાળી શકાય એટલા આશ્રવ તરફ દોડી જાઓ છો! હવે તમે જ જવાબ આપો કે તમે હડકાયા કૂતરાને વધારે ભયંકર માનો છો કે આશ્રવ અને કષાયોને?

આત્માને પાયમાલ કરનાર કોણ?

હડકાયા કૂતરા તરફ જતાં તમારા પગ ધ્રૂજે છે. એ જ રીતે સંસારના આરંભ-સમારંભનાં કાર્યો તરફ જતાં કદી તમારા પગો ધ્રૂજ્યા છે? આ સંસાર તમોને કદી આશ્રવરૂપ લાગ્યો છે? કર્મના બંધનરૂપ લાગ્યો છે? આ સંસાર અને તેનાં વિવિધ કાર્યો આત્માના જીવનને ખલાસ કરનારા છે એવું કદી તમોને લાગ્યું છે? અરે? અંતરમાં લાગવાની વાત તો આઘી રહી, પરંતુ તમે કદી મોઢે પણ એવા શબ્દો બોલ્યા છો કે આ દુનિયા આત્માને પાયમાલ કરે છે. આત્માના પવિત્ર જીવનનો તે નાશ કરે છે અને તેને અધોગતિ તરફ ઘસડી જાય છે! નહિ!!

તમે જાણો છો કે વાણીમાં આ જગત કદી દેવાળિયું હોતું નથી. ગળા સુધી લુચ્ચાઈ હોય! એક બીજાને રહેંસી નાંખવાની જ દાનત હોય ત્યાં સુધી પણ તમારી દુનિયા મોઢે મીઠું બોલી શકે છે! તે વચનમાં કદી કંજુસ બનતો નથી! ન્યાયાધીશના ન્યાય-મંદિરોમાં પોલીસો આરોપીઓને રજૂ કરે છે. તેમનો કેસ ચાલે છે. સાક્ષીઓની જુબાનીઓ લેવાય છે અને વકીલોનાં ભાષણો થાય છે. બચાવપક્ષનો વકીલ પોતાના અસીલની પણ ખૂબ તરફદારી કરે છે અને જેની ફી તેનું તે બોલે છે

આ સઘળું થયા પછી ન્યાયાધીશ તહોમતનામું ફરમાવે છે અને આરોપીનો જવાબ કોર્ટ માંગે છે. ન્યાયાધીશ આરોપીને ગુનેગાર જાહેર કરે છે. છતાં આરોપી પોતે પોતાનો બચાવ કરે છે અને તે પોતાના સ્ટેટમેંટમાં તો એમ જ કહે કે–મેં ગુનો કર્યો જ નથી! ચાહે તો ખૂનનો ગુનો હો, વ્યભિચારનો હો, બળાત્કારનો હો અથવા બે ગજ કાપડની ચોરીનો ગુનો હો; પણ આરોપી સાધારણ રીતે તો પોતાના ગુનાનો એકરાર ન કરતાં વાણીમાં તો એમ જ કહે છે કે: હું ગુનાનો ઈન્કાર કરું છું. ખૂની તલવાર લઈને નિર્દોષનાં માથાં ઉડાવી દેતાં પણ ડરતો નથી, છતાં તે ત્યાં વચનમાં તો શાહુકારીને જ હાજર કરે છે! પણ અહીં વચનમાં પણ તમે એવા નથી! વર્તન તો દૂર રહ્યું, પરંતુ વચનમાંથી પણ તમે એમ બોલતા નથી કે: હા! આ સંસાર તજવાનો સમય પુણ્યોદયે આવે તે જ ઘડી મારા જીવનની ધન્ય પળ છે!! હવે વસ્તુસ્થિતિ કેવી છે તે તપાસો. આ આત્માને દુનિયા તરફ ઝૂકાવવા માટે કાંઈ પણ પ્રયત્નો કરવાની જરૂર જ પડતી નથી. આ આત્મા સાંસારિક પદાર્થો તરફ તો પોતાની મેળે જ ઝૂકી રહ્યો છે અને તેમાં તે અપૂર્વ મજા પણ માની રહ્યો છે!

ઉંદર આપણને કરડે છે ત્યારે સાપની માફક તે આપણને કરડતો નથી, પરંતુ ફૂંકી ફૂંકીને કરડે છે. વિષયકષાયો આત્માને પોતાની તરફ ખેંચે છે, પરંતુ એ એકલા જ ખેંચીને દુઃખમાં જ નાંખતા હોય તો તો આ આત્મા એવો છે કે તે જરૂર વણ માગ્યો–વણ કહે પણ દીક્ષા જ લે! પછી ગાયકવાડ એવો કાયદો કરે કે દીક્ષા લે તે ફાંસી જાય! તો પણ દીક્ષા લે!! વણ કહે પણ તે એ જ માર્ગે વળી જાય! પણ આશ્રવ, કષાયો આત્માને પોતાની તરફ ઉંદરની માફક ખેંચે છે. વચ્ચે વચ્ચે પુણ્ય–પ્રકૃતિનો ઉદય થાય છે અને તેથી ધાર્યું મળે છે એટલે જ આત્મા કષાયોના કાંટા તરફ વધારે અને વધારે પ્રમાણમાં દોરાતો જ જાય છે!

તમો જે ઘરમાં માતાપિતાને ત્યાં રહેતા હો, તેને માટે ક્ષણભર

એક કલ્પના કરોઃ ધારો કે તમારા આંગણામાં એક હડકાયો કૂતરો આવીને ઊભો છે અને તમારા વાલી યા માબાપ તમોને ધક્કો મારીને ઘરથી બહાર ધકેલીને પેલા હડકાયા તરફ ફેંકી દે છે ! તો એ વખતે તમારી શી સ્થિતિ થાય છે ? કૂતરા તરફ તમોને હડસેલી મૂકવામાં આવે છે, ત્યારે તમારા હૈયામાં શું ધ્રાસકો પડે છે ? એ પ્રમાણે સામાયિકમાંથી ઊઠીને સંસાર તરફ જતાં તમોને કદી ધ્રાસકો પડયો છે ? એવું તમોને યાદ છે ? નહિ !!

આ સંસારને તમે હડકાયા કૂતરા તરીકે ગણ્યો નથી એનો અર્થ એ છે કે તમે આ સંસારનું સ્વરૂપ હજી સમજવા જ પામ્યા નથી. અને બીજી તરફ વિષયકષાયોમાં મનરૂપી માંકડું કૂદકા મારી રહ્યું છે ! વિષય, કષાયોમાં તમારું મનરૂપી માંકડું કૂદી રહ્યું છે એટલું જ નહિ પણ તેના એ કૂદકા આગળ અને આગળ જ વધતા જાય છે, કારણ કે તેમાં તેને સહાયકો પણ મળી ગયા છે !

આત્માની આવી સ્થિતિ થવાથી ધર્મની સ્થિતિ મગજમાં આવતી નથી! જેઓ દુનિયાદારીના સાગરીતો છે તેઓ કર્મના સાધનોમાં સામેલ રહે, તો તે વાત એક રીતે ક્ષંતવ્ય ગણી શકાય ! પરંતુ જેઓ મનરૂપી માંકડાને દારુ પાનારા છે તેમનું વર્તન તો કોઇ પણ રીતે ચલાવી લઈ શકાય એવું જ નથી ! તેઓ તો ધર્મના ખુલ્લા બાધકો જ છે! ત્રણ જગતમાં આત્મા જ્યાં જ્યાં ગયો છે ત્યાં ત્યાં તેને સંસારમાં, વિષયકષાયોમાં ફસાવનારા જ મળ્યા છે, પરંતુ તેને કોઇ પણ ભવે પુદ્‌ગલજાળમાંથી છોડાવનારા જ કોઇ પણ સ્થળે મળ્યા જ નથી ! જ્યાં જુઓ ત્યાં પડવાની વાત થઇ છે. ચઢવાની વાત કોઇ પણ સ્થળે થવા જ પામી નથી.

આ આત્મા જ્યાં જ્યાં ફર્યો છે, ત્યાં ત્યાં તેને દારુ પાનારા અને વીંછી કરડાવનારા મળ્યા છે ! પરંતુ એ વિષયકષાયોથી આત્માને મર્યાદામાં રાખનારા કોઈ પણ સ્થળે કોઇપણ મળ્યા જ નથી ! જો

સાધુ પણ તમોને વિષય-કષાયનો, પૈસાનો, સંસારનો કે એવો જ ઉપદેશ આપે તો તે પણ માંકડાને દારુ પાનારા જ છે! અને એવા આત્માને સાધુતાવાળો કહેવા કરતાં દારુવાળો કહેવો એમાં જ વાસ્તવિકતા રહેલી છે! સાધુઓ ભગવાન્ તીર્થંકર દેવોની સપાટીએ નથી, પરંતુ તે છતાં સાધુની સ્થિતિ તો ભગવાન્ તીર્થંકર મહારાજા જેવી છે.

જેમ તીર્થંકર ભગવાનો મોક્ષમાર્ગના દર્શક છે તે જ પ્રમાણે સાધુ મહારાજાઓ પણ મોક્ષમાર્ગના જ દર્શક છે, તેમને મોક્ષ સિવાય બીજી વાતો કરવાનો કશો અધિકાર જ નથી! આપણે ભગવાન શ્રી તીર્થંકર દેવોને નમસ્કાર કરીએ છીએ તેમાં શો હેતુ રહેલો છે તેની હવે તમોને બરાબર સમજણ પડશે. તમે જાણો છો કે તીર્થંકર ભગવાનો પાસે કોઇ દીવાની કે ફોજદારીની સત્તા નથી અથવા તેમની પાસે આપણને મારી નાંખવાનાં કોઇ હથિયારો નથી. બીજી બાજુએ આપણે તેમના તાબેદાર, ગુલામ કે સેવકો નથી. આટલું છતાં તમે તેને શા કારણથી માથું નમાવો છો?

આત્મા અનેક જન્મોમાં ફર્યો છે, રખડ્યો છે, રઝળ્યો છે, પરંતુ ત્રણે લોકમાં અને ચૌદ રાજલોકમાં પણ સ્થળે સ્થળે તેને વીંછી કરડાવનારા અને દારુ પાનારા જ મળ્યા છે. આ આત્માની સ્થિતિ ન ધણિયાતા માલ જેવી હતી. જે કોઇ આવતું તે તેને પાડવાની જ વાતો કરતું હતું અને આત્મા પણ પોતાના સ્વરૂપને સમજેલો ન હોવાથી જ્યાં દારુનો ગ્લાસ મળતો કે તે પીને વધારે અને વધારે પ્રમાણમાં કૂદાકૂદ કરવા મંડી જતો! અને તેમાં જ તે આનંદ પામતો!! પણ ભલો વિચારતો નહિ કે હું આ સઘળી ધાલમેલ તો કરું છું, પણ તે બધામાં મારું શું? પોતે કોણ છે? પોતે કયાં આવ્યો છે? પોતે કયાં જવાનો છે એ વાત તો આત્મારામભાઇએ કદી વિચારી જ નથી. સાગરીતોનો ટેકો અને વિષયોના ડંસથી તેણે દેમાર વેપાર રાખ્યો છે. તેણે કૂદાકૂદ કરી છે, પણ આ બધામાં મને પોતાને લાભ છે કે

હાનિ છે તેનો તો તેણે કદી વિચાર જ કર્યો નથી! અરે! તેની કૂદાકૂદ જ એટલી ભયંકર હતી કે એટલું વિચારવાનો તેને વખત જ મળ્યો નથી.

સાધુની ભક્તિ મોક્ષમાર્ગને માટે

આ જગતમાં આત્માને જો કોઇએ પણ શુદ્ધમાર્ગ દર્શાવ્યો હોય, આ કારમી કૂદાકૂદી એ તો પ્રાણઘાતક છે એવું જો કોઈ એ શીખવ્યું હોય તો તે માત્ર તીર્થંકર ભગવાને જ શીખવ્યું છે અને તેથી જ તેઓ શ્રીમાન્ આપણા નમસ્કારને લાયક ઠર્યા છે. તીર્થંકર ભગવાનોની માફક જ સાધુ મહારાજાઓના પણ કોઈ ગુલામ નથી. સાધુઓ કાંઈ આપણા લેણદાર નથી, કે તેઓ આપણા કાંઈ અધિકારી નથી. છતાં સાધુ મહારાજાઓની પણ આરાધના કરવાની છે તે માત્ર એટલાજ કારણથી કરવાની છે કે તેઓ પણ ભગવાને દર્શાવેલ મોક્ષમાર્ગના જ નિદર્શક છે!

આપણે ત્યાં વ્યક્તિ પૂજા છે જ નહિ. અહીં ગુણ-પૂજા છે, સાધુ મહારાજાઓ પણ જો પોતાનું કાર્ય છોડી દઇ ને તમોને સંસારમાં ઉતારવાની જ વાતો કરે તો એ સાધુઓ જોડે પણ આપણને કાંઈ લેવાદેવા નથી! સાધુ મહારાજાઓ મોક્ષમાર્ગમાં મદદ કરનારા છે એટલા જ માટે તેમની ભક્તિ અને તેમની આરાધના કરવાની છે. આપણે ન સમજીએ, અટવાઈ પડીએ, ખોટે રસ્તે ચઢી જઈ એ તો ત્યાંથી પાછા વાળવાને માટે આપણને સાધુ મહારાજાઓ રસ્તો દર્શાવનારા છે.

લૂંટનારાઓથી બચાવનારઃ મોક્ષમાર્ગે ચઢાવનાર–સાધુ

લૂંટારાઓ આપને લૂંટવા આવે તે સમયે આપણા રક્ષકની ફરજ એ છે કે તે આપણને એ લૂંટમાંથી બચાવી લે! જો એ રક્ષક આપણને લૂંટમાંથી ન બચાવી શકે તો સમજી લો કે એ રક્ષક પોતે જ બાયલો છે અથવા તો વિશ્વાસઘાતી છે, ફૂટેલો છે. સાધુ મહારાજાઓનું કાર્ય આશ્રવમાંથી આપણને બચાવી લેવાનું છે. આશ્રવરૂપી લૂંટારાઓ

આપણી પાછળ પડે ! એ સમયે સાધુની ફરજ છે કે તેણે આપણો બચાવ કરવા બહાર પડવું જ જોઈએ ! **જો સાધુ પોતે** અશક્ત હોય તો ભલે તેવો એકરાર કરીને આઘે ખસી જાય. તેની આપણે ચિંતા રાખતા નથી. પરંતુ 'સાધુ **પોતાને મોઢે જ આશ્રવ, કષાયોમાં પડવાનો ઉપદેશ આપે ત્યારે તો જરૂર એ સાધુને સાધુ નહિ, પરંતુ વિશ્વાસઘાતી કહી શકીએ,**'

કોઈ એવી શંકા કરશે કે સાધુનો ધર્મ આ રીતે શાંતિ પાથરવાનો છે તો પછી સુવિહિત સાધુ મહારાજાઓ ઉપદેશ આપે છે તેને અંગે પણ કેટલેક સ્થળે કલહ થાય છે એ કેમ બને છે? ઠીક એ પ્રશ્ન વિચારીએ.

ધારો કે એક માણસ પાસે તમે હુંડી લખાવી લાવ્યા છો. તમે લખાવી લાવેલી હુંડી ખોટી નથી, તે બરાબર છે, પરંતુ તે છતાં તેનાં નાણાં લેતી વખતે સાવચેતી રાખીએ છીએ; પરંતુ આ સંયોગોમાં સાવચેતી રાખીએ એ જ કર્તવ્ય છે. સાવચેતી રાખવાને હુંડીના બદલે નાણાં લીધા વગર આપણે રહી શકતા નથી. એ જ પ્રમાણે અહીં હજી સુધી થયેલા સઘળા જ સાધુઓ ક્ષીણકષાયી ન હોતા ભગવાન્ શ્રી એ જ પ્રમાણે ભગવાન શ્રી **મહાવીર** દેવ જ્યારે વિદ્યમાન હતા ત્યારે ગોશાળો, જમાલિ વગેરે પાખંડીઓ જૈન સાધુ વેશમાં હતા. અર્થાત્ સાધુના વેશને જ આપણે માનવાનું નથી. આ બધા વેશવાળા આત્માને આશ્રવરૂપી લૂંટારાથી બચાવી શકે એમ નથી જ. આ આત્માને આશ્રવરૂપી લૂંટારાના પંજામાંથી તો તે જ બચાવી શકે છે કે જે સાચું નાણું છે. અર્થાત્ ભગવાનના જે સાચા સાધુઓ છે તે જ આ આત્માને આશ્રવ આદિ લૂંટારાઓથી બચાવી શકે એમ છે.

આ મનરૂપી માંકડું દારુ પીધા પછી તો કદી પણ કૂદ્યા વિના રહેવા પામતું નથી. વાંદરો દારુ પીએ, તેમાં જો તેના પુણ્યોદયે તેનાં એક બે કાર્યો સફળ થાય તો તો પછી હુપાહુપઃ કૂદાકૂદ !!

આ મનરૂપી માંકડાને દારુ પાનારા અને તેને વીંછી કરડાવનારા આ આત્માને અનેક ભવોમાં સ્થળે સ્થળે મળ્યા છે, પરંતુ તેને કાબૂમાં લાવનારો કોઈ પણ હજી સુધી મળ્યો નથી. આત્માના ભાવિ ભવોમાં પણ તેને દારુ પાનાર તો જરૂર મળશે, પરંતુ તેને અંકુશમાં લાવનારા તો જવલ્લે જ મળી આવશે ! **જો ગુરુદેવો કે દેવો પણ જો આ આત્માને વિષયકષાયનો જ ઉપદેશ આપે તો અહીંથી ખૂલ્લું કહી દેવામાં જરા પણ સંકોચ કે શરમ નથી કે તેઓ પણ સાધુઓ અને દેવો નહિ, પરંતુ દારૂ પાનારા જ કહ્યા શકાય,** આ પણ ત્રણે જગતમાં જો મોક્ષમાર્ગ કોઈએ શોધ્યો હોય, શોધીને તેને અનુભવ્યો હોય અને અનુભવીને તેનો પ્રકાશ કર્યો હોય તો તે તીર્થંકર ભગવાને પોતે જ અને તેથી જ તેઓ આરાધનાને યોગ્ય છે.

ભગવાન્ શ્રી તીર્થંકર દેવોની માફક જ સાધુ મહારાજાઓની આરાધના પણ યુક્તિયુક્ત છે. ભગવાને મોક્ષમાર્ગ શોધી કાઢયો છે તો આ ત્રણ લોકમાં ગુરુ મહારાજાઓ મોક્ષમાર્ગના પ્રવાસમાં આપણને મદદ કરનારા છે, તેથી જ એ ગુરુદેવોને નમસ્કાર કરવાના છે અને તેમને આરાધવાના છે. આ આખા જગતમાં અરે ! ત્રણે લોકમાં આ આત્માને મોક્ષમાર્ગે ચઢાવનાર, તેને મોક્ષમાર્ગનો ઉપદેશ આપનાર અને મોક્ષમાર્ગમાં મદદ કરનાર એકમાત્ર સાધુમહારાજાઓ જ હોવાથી આ જૈન શાસનમાં સાધુ મહારાજાઓનું સ્થાન અપૂર્વ છે. અને તેથી જ તેમની આરાધના ઇત્યાદિ પણ સઘળું અત્યાવશ્યક જ બન્યું છે.

મનરૂપી માંકડું આ સંસારની રંગભૂમિ ઉપર નાચવાને માટે સજ્જ બનીને ઊભું રહેલું છે અને આરંભપરિગ્રહ એ તેને માટે નિર્માણ થયેલા દારુ જેવા છે. આત્માને આ બે–દારુ પાવો અને તેને ગાંડોતુર બનાવવો એ કાંઈ આત્માના હિતૈષીનું કામ નથી.

એ કામ તો આત્માના કટ્ટરમાં કટ્ટર વૈરી હોય તેનું જ કહી શકાય ! મનની પ્રકૃતિ ચંચળ છે. પવનને તમે એક કાચની બરણીમાં ભરી રાખીને તેને વશ રાખી શકો–અંકુશમાં લઈ શકો–એ બનવા જેવું છે, પરંતુ મનને તમે અંકુશમાં લો (ધાર્મિક કરણી સિવાય) મનને તમે કાબૂમાં લો એ શકય નથી.

પુણ્યથી પ્રાપ્ત થયેલું સુખ એટલે વીંછી

આવા વિકટમાં વિકટ મનને કાબૂમાં લેવડાવવાનું કામ જો કોઈ પણ કરતુ હોય તો તે શ્રીમાન્ ગુરુદેવો જ કરે છે. ગુરુદેવો ધાર્મિક ઉપદેશો દ્વારા અને તેમના વર્તનદ્વારા આ અતિદુષ્કર એવા મનને પણ કાબૂમાં લેવડાવે છે. એથી જ શ્રીમાન્ ગુરુદેવોને આરાધવા એ આપણી ફરજરૂપ છે. પુણ્યપ્રકૃતિથી જે વિષયો મળેલા છે તે વિષયો ભોગવી લેવા એમાં ખરો આનંદ અને ખરું કર્ત્તવ્ય નથી જ ! પુણ્યપ્રકૃતિથી મળેલા વિષયોના પચ્ચક્ખાણ કરીને તે વિષયોને છોડી દેવા એ જ આપણું ખરું કર્તવ્ય છે.

તમે કહેશો કે પાપ કરીને સુખ મેળવ્યાં હોય અને તે સુખો ગુરુદેવો છોડાવી દેતા હોય તો તો ઠીક, પરંતુ પુણ્યપ્રકૃતિએ આપણે જે સુખો મેળવ્યાં છે, તે આ ગુરુદેવો મુકાવી દે છે, એનો અર્થ શો ? એનો અર્થ એ છે કેઃએ પુણ્યપ્રકૃતિએ મળેલા વિષયો એ જ તેને માટે વીંછી જેવા છે. જેમ વીંછી ડંખે છે અને તેનું ઝેર આખા શરીરમાં પ્રસરીને બધા જ લોહીને ઝેરી બનાવી દે છે. તે જ પ્રમાણે આપણા આત્માને માટે પણ પુણ્યપ્રકૃતિએ મળતાં સુખો વીંછી સમાન છે. એ સુખો એક વાર મળ્યાં એટલે આત્માને તેનું ઘેન ચઢે છે અને પછી એ ઘેન એવું કાતિલ નીવડે છે કે તે આત્માને પૂરેપૂરો ફસાવી દે છે. પછી તે તેનો કેડો જ છોડતું નથી !

મળેલાં સાધનોનો ઉપયોગ–તરવામાં

સામગ્રી-વિષયો, વિષયોનાં સાધનો ભલે તમે પુણ્યપ્રકૃતિએ મેળવ્યાં

હોય, પરંતુ તે વસ્તુઓ તમારા આત્માને માટે તારણ લાવનારી તો નથી જ ! તમે કહેશો કે–ત્યારે પુણ્યપ્રકૃતિનો લાભ શો ? તમારે અહીં સમજવું જોઈએ કે મળેલી અથવા મેળવેલી વસ્તુઓનો પણ સદુપયોગ એ જ લાભ છે. તેના દુરુપયોગથી લાભ થતો નથી. તમે જરાપણ અપ્રામાણિક થયા વિના પૂરેપૂરા ન્યાયનિષ્ઠ રહીને વેપારથી લક્ષ્મી મેળવો અને એ પૈસો ખરચીને તમે તમારી સંપત્તિની ચોરોથી રક્ષા કરવાને માટે એક તલવાર લો. તમે મેળવેલો પૈસો પ્રામાણિકતાથી આવેલો છે.

તમારો કોઈ અપ્રામાણિક કે અન્યાયી હેતુ નથી, પરંતુ છતાં એ ન્યાયને માર્ગે કમાએલા પૈસાથી આણેલી તલવાર પણ જો તમે તમારા રક્ષણના કાર્યમાં ન વાપરો અને તે તમારા જ ગળામાં મારો તો તેથી લાભ નહિ જ થાય ! તમે તમારા પૈસાથી જ અન્ન ઘી, ખાંડ વગેરે ખરીદો અને સાધર્મિક–વાત્સલ્ય કરો તો એથી તમોને પુણ્યની જ પ્રાપ્તિ થાય છે, પરંતુ એ જ અન્ન જો બધું તમે જ ખાઈ જાઓ તો અજીર્ણથી માંદા જ પડો કે બીજું કાંઈ ?

આથી સમજવાનું એ છે કે–પુણ્યપ્રકૃતિએ મેળવેલાં સાધનોનો પણ સદુપયોગ કરીએ તો જ સાધનો મેળવ્યાં પ્રમાણ અને તો જ એ સાધનો તારક નીવડે, નહિ તો એ જ સાધનો જીવ લેવાની પણ શક્તિ ધરાવે છે. પુણ્યપ્રકૃતિએ મેળવેલાં સાધનો વાપરી છૂટવાં અને નવાં કર્મો ઊભાં કરવાં એ પુણ્ય–પ્રકૃતિએ મેળવેલાં સાધનોનો સદુપયોગ નથી, પરંતુ તે દુરુપયોગ જ છે. **પુણ્ય–પ્રકૃતિએ મેળવેલાં સાધનોનો પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ કરવો એ જ તેનો સદુપયોગ છે અને એ રીતે પુણ્ય–પ્રકૃતિએ મેળવેલા પદાર્થોનો ત્યાગ કરવો એ જ તે પદાર્થો મેળવ્યાની સફળતા છે.** આ સાધનો તે વીંછીરૂપ છે અને તે વીંછીરૂપ હોવાથી જ શાસ્ત્રકાર મહારાજાઓ અને તેમને પગલે પગલે આગળ ચાલવા તૈયાર થએલા સાધુ મહારાજાઓ પણ એ વીંછીનો ત્યાગ કરી દેવાનું જ કહે છે ! તમે જગતને

'દારૂ ન પીવો અર્થાત્ વિષય-કષાયના સાધનો છોડી દો' એવું કયારે કહી શકો ? જ્યારે તમે એ વસ્તુ છોડી દીધી હોય ત્યારે ! તમે એ વસ્તુ ન છોડી હોય અને તમે બીજાને ઉપદેશ આપવા જાઓ તો તમારા ઉપદેશનું સોએ સો ટકા પાલન ન જ થાય. એ જ પ્રમાણે આ વિષયકષાયરૂપ દારૂ પીનારાઓની સભારૂપે આ દુનિયા છે, એમાંથી તમે રાજીનામું આપો-તમે વિષય-કષાયોરૂપ દારુ પીવો બંધ કરો ત્યારે જ તમે એ બાબતમાં બીજાને ટકોર સરખી પણ કરી શકો !

સંસારને રસ્તે તમોને દોરનારા આ જગતમાં લાખો અને કરોડો છે. જો કોઈ પુરુષને પત્ની ન મળી હોય તો તેને આખી દુનિયા આબરૂ વિનાની ગણે છે. સ્ત્રી ન મળી તો કહેશે કે "કેમ ન મળી ? એની શી આબરૂ છે ? અરે ! એવાને તે કોણ દામ દે !" આવાં આવાં વચનો બોલીને લોકો તેની નિંદા કરે છે, અરે ! તેથી પણ ન ધરાતાં તેને એમ પણ મહેણું મારી આવે છે કે : "મળી મળી તને બૈરી ! ઘરમાં કોળણ લાવી બેસાડ કોળણને !" આવા આવા શબ્દોથી જગત તેને ઉશ્કેરે છે અને પરિણામે તેને પરણવાનું દિશાસૂચન કરીને તેને પોતાના રાહમાં મેળવી લે છે !

દુનિયાદારીની મેંબરશીપ આ રીતે વણમાગી ઘેર આવે છે. એ મેંબરશીપના પ્રચારકો પણ સેંકડો અને હજારો હોય છે અને તેઓ વણપૈસે આ મેંબરશીપનો પ્રચાર કરે છે, પરંતુ ખૂબ યાદ રાખજો કે આ મેમ્બરશીપ તમારું તારણ કરે એવી નથી. જ્યાં સુધી તમે દુનિયાદારીની મહાસભામાં જોડાએલા રહેશો ત્યાં સુધીને માટે તમારી દશા ભૂંડી છે. 'દુનિયાદારીની આ મેંબરશીપ વિનાશકારી છે' એવો આ જગતમાં કોઈપણ પ્રચાર કરતું નથી. આવો પ્રચાર કરનારા આ સમગ્ર જગતમાં જો કોઈ પણ હોય તો તે બીજા કોઈ નહિ પણ શ્રીમાન્ સાધુ મહારાજાઓ અને તીર્થંકર ભગવાનો જ છે.

તમારી હુંડી, નોટ કે ચલણમાં ગોટાળો થાય તો તમે તેમાં

સાવચેતી રાખો છો. હક્ક–હકુમતની બાબતમાં વાંધો પડ્યો હોય તો તેનું સમાધાન થાય છે. પરંતુ સ્ત્રીની તકરારમાં કશું છોડવાપણું હોતું નથી ! અથવા તેમાં સમાધાનને તક હોતી નથી ! અર્થાત્ લેવડદેવડની ચીજ હોય, અર્થ આપી વેચી શકાતી, લઈ શકાતી હોય તો તેમાં સમાધાન સંભવિત છે, પરંતુ જ્યાં માન્યતાની જ વાત છે, **જ્યાં સિદ્ધાંતની જ વાત છે, ત્યાં આગળ સમાધાન શકય બનતું નથી.** આ જૈન શાસન એ ભગવાન શ્રી મહાવીરનું શાસન છે. એમાં એકકે એક અક્ષરની મારામારી છે.

હવે જે સ્થળે એકકે એક શબ્દની જ મારામારી હોય, એક શબ્દ પણ આગળ પાછળ ન કરી શકાય અને એક નવો અક્ષર પણ જ્યાં ન ઉમેરી શકાય એવું હોય ત્યાં આખા વાકયોના વાકયોનો બદલો કરવાનો કોઇ વિચાર કરે તો એ વાત કેવી રીતે બની શકે ? જ્યાં આવી સ્થિતિ છે ત્યાં તો તમારે ગમે તે એક પક્ષમાં આવે જ છૂટકો છે. તમે દૂધ ને દહીં બંનેમાં પગ રાખો–'આ એ ખરું અને તે પણ ખરું' એવો ડોળ કરો, તેવું આ શાસનમાં ચાલ્યું જાય એમ નથી !

લવાદી ચુકાદો આણવાનો હોય ત્યાં વાદી પ્રતિવાદી બંનેનું રાખીને ચુકાદો લાવી શકાય., બંનેનું નમતું આપીને અને બંનેની હિત જાળવીને મધ્યમ માર્ગ લઈ શકાય, પરંતુ ન્યાયાધીશની સામે વાદી પ્રતિવાદી બંનેનું થોડું થોડું રાખવાની વાત બની શકતી નથી. ન્યાયાધીશ તો મુકદ્દમો બરાબર તપાસે છે અને તેને વાસ્તવિક લાગે તો તે પાંચ હજાર રૂપિયાનો દાવો હોય તો પાંચેપાંચ હજારનું હુકમનામું કરી આપે છે. અથવા તો સમૂળગો દાવો કાઢી નાખીને ખર્ચ પણ તમારે માથે નાંખે છે ! કોર્ટમાં તો જેઓ જૂઠે માર્ગે ગએલા છે, તેને સાચે માર્ગે લાવવા જ પ્રયત્નો કરે છે. તે બંનેનું મન મનાવવાનો કોર્ટ કદી પ્રયત્ન જ કરતી નથી. જે કોર્ટ એવો પ્રયત્ન કરે છે–વાદી કે પ્રતિવાદીની સંપૂર્ણ સત્ય અથવા ન્યાયી માંગણીને પણ ફટકો મારે છે તે કોર્ટ કોર્ટ નથી, પરંતુ નાટક ભજવનારાઓની ટોળકી જ છે ! સાચા જૂઠા રૂપિયા ઉપર છાપમાં કોઇ જાતનો

ફેર પડતો નથી. જેવી છાપ ખરા રૂપિયા ઉપર હોય છે તેવી જ છાપ ખોટા રૂપિયા ઉપર પણ હોય છે. સરકાર ખરાખોટાને જુદા પાડવાની ગમે એટલી દેખરેખ રાખે છે, છતાં એ રૂપિયા લેનારાએ જ તે ખરા છે કે ખોટા છે તે પારખવાનું છે, સ્વરૂપ તપાસવાનું કામ એ વસ્તુ લેનારાનું જ છે; બીજાનું નથી !

છેલ્લામાં છેલ્લી સત્તા સંઘની

સરકાર જૂઠા સિક્કા પાડનારાને દંડે છે. તેને માટે તેમણે આકરામાં આકરી સજા ઠરાવી છે. ખોટા સિક્કા પાડનારાને પહોંચી વળવા માટે સરકારે પૂરેપૂરા કાયદા કર્યા છે છતાં, સરકાર જીવતી-જાગતી બેઠેલી હોવા છતાં પણ ખરા અને ખોટા સિક્કાને સર્વથા જુદા પાડી શકી નથી, અથવા તો વ્યવહારમાં ફરતા ખોટા સિક્કાને તે સર્વથા ટાળી પણ શકી નથી ! ત્યાં આગળ બનાવટીપણા માટે આવી પ્રત્યક્ષ સજા છે, આકરો બંદોબસ્ત છે, કડક પ્રબંધ છે, ત્યાં પણ આ સ્થિતિ છે તો પછી જે સ્થળે પ્રત્યક્ષ સજા નથી તેવા ક્ષેત્રમાં તો સ્વરૂપ ઓળખવાની મુશ્કેલી હોય તેમાં શી નવાઇ!

૨૫૦૦ વરસ ઉપર ભગવાન શ્રી મહાવીર દેવે શ્રીમાન્ જૈન શાસનના કાયદા ઘડ્યા અને તે સંઘને સોંપ્યા છે. હવે કોઇ તે કાયદાઓની સામે થાય, તેનો વિરોધ કરે તો એનો નિર્ણય કેવી રીતે કરી શકાય? એ નિર્ણય કરવાનું કામ માત્ર દેવ, ગુરૂ અને ધર્મના હાથમાં જ છે, બીજાના હાથમાં નથી. દેવ, ગુરૂ અને ધર્મની આજ્ઞામાં રહીને જે સંઘ વર્તે છે, એ મર્યાદાને જે સંઘ વફાદાર છે તે જ સંઘ એ સંબંધમાં છેલ્લી સત્તા ધરાવે છે.

નવા કાયદા સંઘના હાથમાં નહિ

આ છેલ્લી સત્તા કેવા પ્રકારની છે તે તપાસો. આ છેલ્લી સત્તા એવી નથી કે શાણીને બદલે કાણી પરણાવી આપે અને તે પર પોતાનું

સીલ મારી આપે ! શાસ્ત્રાજ્ઞાઓરૂપી કાયદાઓ મોજૂદ છે. એ કાયદાઓને આધારે અમુક સત્ય છે અને અમુક અસત્ય છે એવું જાહેર કરવાનું જ આ સત્તાના હાથમાં છે, નવા કાયદા બનાવવાનું તે આ સત્તાના હાથમાં નથી જ ! **આ સમગ્ર ત્રણ લોકમાં કોઇ પણ કલ્યાણનો રસ્તો બતાવનારા હોય તો તે માત્ર દેવ, ગુરુ અને ધર્મ છે.** એ સિવાય બીજા કોઈ કલ્યાણનો રસ્તો બતાવી શકે તેમ નથી જ ! હવે તમે કોઈ એમ કહેશો કે દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણે જો કલ્યાણનો રસ્તો બતાવે છે તો પછી એ બધાયને માનીને શું કામ છે ? એકલા દેવને જ માન્યા કરીએ તો તેમાં ખોટું શું ? તમારે જાણવાની જરૂર છે કે એકલા દેવ એ તો એક પથ્થરનો કટકો છે. કદાચ ભગવાન્ શ્રીમહાવીર દેવ જીવતા હોય તો તેઓ પણ દ્રવ્ય દૃષ્ટિએ એક માંસના લોચા જ છે.

દેવત્વ-બુદ્ધિએ દેવની પૂજા

મહાવીર ભગવાન ભગવાન છે, તીર્થંકર છે, દેવાધિદેવ છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, સર્વજ્ઞાનાધિકારી છે, એ સર્વ કાંઈ છે છતાં દ્રવ્યની દૃષ્ટિએ તો તેઓ પણ માંસના લોચા સમાન જ છે, તેથી વધારે દ્રવ્ય દૃષ્ટિએ તેમની પણ કાંઈ કિંમત નથી ! **ભગવાનની પણ જો તમે કેવળ દ્રવ્ય દૃષ્ટિએ જ સેવા કરો તો તેથી તમોને દેવસેવાનું ફળ મળતું નથી પરંતુ તેમાં જે દેવત્વ રહેલું છે, તેને અંતઃકરણમાં લાવીને, તેવી ભાવના ધારણ કરીને, તેમની સેવા કરો તો જ તમે દેવપૂજાનું ફળ મેળવી શકો છો** ! ભગવાનનું શરીર એ પણ માંસનો લોચો જ છે. તમે ભગવાનની પગચંપી કરો અને હું માંસનો લોચો ચાંપું છું, એવી જ અંતઃકરણમાં ભાવના રાખો તો પછી તમે દેવપૂજાનું ફળ મેળવી શકતા નથી, પરંતુ એ શરીરમાં રહેલા દેવત્વને હૃદયમાં લાવીને પછી તમે શરીરની પગચંપી કરો તો તમોને દેવપૂજાનું ફળ અવશ્ય મળે છે. દેખાવ તરીકે તો ખુદ

ભગવાન પોતે હોય તો પણ તે સુદ્ધાં એક માંસનો લોચો જ છે, તે જ પ્રમાણે ભગવાનની પ્રતિમા એ પણ એક પથ્થરનો કાળો અથવા ધોળો જ ટૂકડો જ છે.

એ કાળા અથવા ધોળા ટૂકડાને તમે 'હું પથ્થર પૂજું છું, હું પથ્થર પૂજું છું,' એવા વિચારે જ પૂજા કરો તો તેથી તમોને દેવોની પૂજા કર્યાનું કશું જ ફળ મળવાનું નથી, પરંતુ તમે એનું દેવત્વ અંતઃકરણમાં સ્થિર કરીને પછી જો એની પૂજા કરો તો તેથી તમે દેવત્વનું ફળ મેળવી શકો છો. તમે દેવત્વપણાને જાણો છો, દેવોના ગુણો કેવા હોય તે જાણો છો અને તેવા ગુણવાળા હોવાથી માંસના લોચામાં રહેલા આત્માને તમે પૂજો છો તો એમાં તમે દેવોની પૂજાનું ફળ મેળવી શકો છો.

આપણે અનાદિકાળથી આ સંસારમાં રખડીએ છીએ છતાં એક ઢોંગ તરીકે પણ દેવની પ્રશાંત મુદ્રા જેવી આપણે આપણી મુદ્રા શકતા નથી ! દેવના વેષ તરીકે ઢોંગ કરીને શાંતિ રાખવા જઈએ તો તે પણ આપણાથી બની શકતું નથી, ભગવાને પોતે આત્માને દમીને, પોતે એ આકારમાં પોતાનું જીવન પૂર્ણ કર્યું, માટે તે આકાર ધારણ કરનારા એ જીવને ધન્ય હો એમ આપણે માનવું જ પડે છે. ભગવાને પોતે એ રીતનું જીવન પૂરું કર્યું છે. તે જ સાથે તેમણે જગતને પણ આ રસ્તો દર્શાવ્યો છે.

સાચી દેવસેવા કયારે ?

પરોપકારી એવા મહાન **મહાવીર** દેવે જગતને આ રસ્તો-મોક્ષનો, કલ્યાણનો રસ્તો બતાવ્યો છે, માટે એ રસ્તાના દર્શક ભગવાનને આપણે વંદના કરીએ છીએ. ત્યાગને આપણે તરવાનું સાધન માનીએ છીએ. કષાયોની શાંતિ, આરંભ-સમારંભનો ત્યાગ, તપની આવશ્યકતા એ સઘળામાં જ મહત્તા છે, એ જ એક તારણનો માર્ગ છે અને એથી જે કાંઇ અન્યથા છે તેમાં પાપ જ છે, એમ માનીએ તો જ

આપણે હિસાબે, શ્રીમાન્ જિનેશ્વર દેવો એ **સુદેવ** છે અને તો જ તેમની ઉપાસનાનું આપણને ફળ પણ મળી શકે છે. જો આપણી આવી માન્યતા જ ન હોય તો તો પછી શ્રીમાન જિનેશ્વર દેવો અને બીજા કુદેવો એ બધા સરખા જ છે. દેવતત્ત્વ કયે રૂપે રહેલું છે એ ન જાણીએ ત્યાં સુધી દેવની પૂજા એ પથ્થર પૂજા છે, પરંતુ દેવત્વ કયે સ્વરૂપે રહેલું છે તે જાણીને પછી એ પરમોપકારી દેવને પૂજીએ તો તે સેવા એ સાચી દેવસેવા છે અને તે દેવસેવા કરવાનું સાચું ફળ પણ અવશ્ય મળે જ છે. અર્થાત્ આ સઘળા કથનનો આશય એ છે કે– **ગુરુતત્ત્વનો નિશ્ચય કર્યા વગર દેવની સેવા કરીએ તો તે સર્વથા અર્થહીન જ છે** તેથી કોઇ પ્રકારનો અર્થ સરતો જ નથી.

આંધળાને હીરો

તમે ત્યાગને તત્ત્વરૂપ માનો અને તેને તત્ત્વ માનીને તે તત્ત્વના પ્રવર્તક તરીકે દેવપણું માનો તો જ તમારી માન્યતા સાર્થક છે; નહિ તો તમારી માન્યતા અર્થ વિનાની છે. આંધળો માણસ લાકડી ઠોકતો ઠોકતો આમથી તેમ અને તેમથી આમ ફરતો ફરતો જતો હોય ત્યાં તેના પગ નીચે જો હીરો આવી ગયો હોય તો તેને પણ લાત મારીને બાજુએ હડસેલી મૂકશે અને પોતે આગળ ચાલશે. આંધળો તો હીરાને પણ એમજ માનશે કે તે પથ્થરો છે. આપણે ધર્માધર્મને તેના સત્ય સ્વરૂપમાં ન સમજીએ, કર્મનું સ્વરૂપ અને તેની વિશાળતાને ન જાણીએ અને દ્રવ્ય–ભાવથી જ ભગવાન તીર્થંકર દેવોનો ઉપદેશ માનીએ અર્થાત્ તીર્થંકરનો ધર્મ પાળીએ તો એ આંધળાને હીરો મળ્યા બરાબર છે. સુધર્મરૂપી હીરો આપણને મળ્યો છે, પરંતુ આપણી દશા તો આંધળા જેવી જ છે. હીરો ફાયદો કરે છે, હીરો જિંદગીને ફેરવી નાંખે છે, પરંતુ તે કયારે થાય કે જ્યારે આપણી આંખ ખુલ્લી હોય અને આપણને હીરો મળે ! આંધળાને હીરો મળ્યાની તો કશી કિંમત જ નથી. તે જ પ્રમાણે જૈનધર્મરૂપી હીરો આપણે

સમજણરૂપ–જ્ઞાનરૂપ ખુલ્લી આંખથી ગ્રહણ કરીએ તો જ એ હીરો આપણી જિંદગીને સુધારી દે છે, નહિ તો નહિ ! ભગવાન શ્રીજિનેશ્વર દેવોનો ધર્મ મળ્યો હોય અને જોઈતી સમજણ મળી હોય તો તો સમજો કે બેડો પાર ! ભવ સુધરી જ જાય ! અને જન્મ સફળ થાય !!!

આચાર અને ફળ બતાવનાર જિનેશ્વર

આ જીવ એકમાંથી બીજા ભવમાં, બીજા ભવમાથી ત્રીજા ભવમાં એ રીતે અનાદિ કાળથી રખડયો છે. તેણે ભવપરંપરાઓ કરી છે, પરંતુ તેને જિનશાસનરૂપ હીરો અને વિવેકરૂપ આંખો કોઈ પણ ભવમાં મળી જ નથી. જો તેને જિનશાસનરૂપ હીરો અને વિવેકરૂપ આંખો કોઈ પણ ભવમાં મળી હોત તો તેનો ભવ સુધરી જ જાત અને તેના આત્માનું કલ્યાણ જ થઇ જાત. ભગવાન તીર્થંકર મહારાજાઓ પોતે સ્વયંબુદ્ધ હતા. સ્વયંબુદ્ધો પરીસહ, ઉપસર્ગો સહન કરે, કર્મરૂપી કચરો દૂર કરે અને સ્વયંબુદ્ધપણું પ્રાપ્ત કરે. એ રીતે સ્વયંબુદ્ધપણાની પ્રાપ્તિ કરનારાઓ કેવળજ્ઞાદિકને પ્રકટ કરે છે તત્પશ્ચાત્ પોતે કાર્યકારણભાવ વિચારે છે અને અંતે જગતને સિદ્ધ દશા બતાવે છે. સ્વયંબુદ્ધો જગતને જણાવે છે કે: "અમે પોતે આમ કર્યું છે. આ રસ્તે નિર્મળ થવાય છે. આ રસ્તે પવિત્ર બનાય છે, માટે તમે પણ આ રસ્તે આવો તો પવિત્ર થઈ શકશો અને અમે જે સ્થળે આવ્યા છીએ તે સ્થળે આવી શકશો!", તીર્થંકર ભગવાનો પોતાનો એકલો આચાર જ બતાવતા નથી, પરંતુ સાથે સાથે ફળ પણ બતાવે છે.


દેવો કોઇને આધારે ચાલનારા નથી

મોક્ષને લાયકના આચારો આ સંસારમાં ભગવાન તીર્થંકર દેવો સિવાય બીજા કોઈની દર્શાવવાની શકિત જ નથી. અમુક વસ્તુના સંબંધમાં વિશ્વાસપાત્ર અને સાચી માહિતી તે જ આપી શકે છે કે જેણે એ વસ્તુને સ્વયં અનુભવી હોય ! તીર્થંકર ભગવાનોએ સ્વયં એ વસ્તુ અનુભવી છે. તેમણે કેવળજ્ઞાન મેળવ્યું છે. એ જ્ઞાનથી

તેમણે આનંદસ્વરૂપ એવા અનંત સિદ્ધોને જોયા છે. એ સ્થાન પામવાનો માર્ગ તેમણે આત્માનુભવથી તથા પ્રત્યક્ષ જોયો છે તેથી જ તેઓ જ આત્માને એ ગૌરવવંતું સ્થાન પામવાને માટેના આચારો કહી શકે છે.

આ આચારો પોતે આચરે, તે બીજાને બતાવે, ભવસાગરરૂપ મહાભયંકર સ્થાનમાંથી જે આપણને બચાવે એવા જો કોઈ પણ હોય તો તે શ્રીમાન્ તીર્થંકર દેવો જ છે, બીજા નહિ. માટે જ દેવો તે સ્વયંસંબુદ્ધ છે અને ગુરુદેવો તેમની પાછળ છે. આથી જ સુદેવ, સુગુરુ અને સુધર્મ એ ત્રણમાં ગુરુઓ દેવનું અનુકરણ કરનારા છે. દેવ, ગુરુઓનું અનુકરણ કરનારા નથી. આ જ કારણથી સુદેવ, સુગુરુ અને સુધર્મ એ ત્રણમાં દેવતત્ત્વ મુખ્ય છે અને તેને જ આધારે અન્ય તત્ત્વોને ચાલવાનું છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મમાં આ પ્રકારે દેવતત્ત્વ મુખ્ય હોવાથી દેવની આજ્ઞા પ્રમાણે ગુરુઓએ ઉપદેશ અને વર્તન કરવાનું હોવાથી અને ધર્મના પણ દ્રષ્ટા, પ્રકાશક અને સ્વાનુભવ કરનારા દેવો જ હોવાથી દેવતત્ત્વ સૌથી મોટું છે અને તેથી જ આચાર્યદેવ શ્રીમાન હરિભદ્રસૂરિજીએ **અષ્ટક** નામના ગ્રંથની રચના કરતાં તેમાં **મહાદેવ** (પ્ર૦ શ્લો૦ ૧) નામનું અષ્ટક શરુ કર્યું છે.



વ્યા
ખ્યા
ન

કષાયોનો સદુપયોગ

૩૫

જીવ માત્રનું ધ્યેય એક જ છે

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા ભવ્યાત્મવૃન્દના ઉપકારાર્થે ધર્મોપદેશ દેતા થકાં, પ્રથમ તો સ્થિતિનું ભાન કરાવતાં ફરમાવે છે કે-આ જીવ અનાદિ કાળથી રખડે છે. રખડે છે અર્થાત્ રખડયા કરે છે, રખડી રહ્યો છે. તે પ્રયત્ન વિનાનો છે એમ નથી, આળસથી રખડે છે એમ નથી, ત્યારે છે શું ? જે વિચારણીય છે તે એ જ છે-એક પણ ભવમાં આ જીવ ઉદ્યમ કર્યા વિના રહ્યો નથી. અનાદિ કાળથી ઉદ્યમ ચાલુ, પ્રવૃત્તિ ચાલુ છતાં રખટપટ્ટી પણ ચાલુ ! કહો ત્યારે કે એ પ્રવૃત્તિ એવી જ હોવી જોઈએ. અલબત્ત, ધ્યેય તેવું ન હોય પણ પ્રવૃત્તિ તેવી જ હોય, અન્યથા રખડપટ્ટી ચાલુ રહી શકે શી રીતે ?

જગતના તમામ જીવોને અંગે, જીવમાત્રને અંગે વિચારીએ તો તેઓ એક જ સાધ્યથી પ્રવૃત્તિ કરી રહેલ છે. પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન છે, પણ સાધ્ય એક જ છે. કોઈ ધન, માલમિલ્કત માટે પ્રવૃત્તિ કરે છે, કોઈ કુટુંબાદિ પરિવારને અંગે ધમાલ કરે છે, કોઇ મોજશોખ, વિલાસ માટે પ્રયત્ન કરે છે, કોઇ કલા, હુન્નર, ઉદ્યોગ આદિમાં રચ્યો-પચ્યો રહે છે. તાત્પર્ય કે પ્રવૃત્તિ જુદી જુદી છે. પણ પ્રવૃત્તિકારોનું ધ્યેય એક જ છે કે સુખ મેળવવું. દુઃખ દૂર કરવું તથા સુખ પ્રાપ્ત કરવું. કેવળ આ જ ધ્યેય છે.

કોઈ ભલે કૃષિ આદિમાં આગળ વધે, બંગલા વગેરે વધારે, કોઈ સ્ત્રી, પુત્રાદિના પરિવાર પાછળ સતત પરિશ્રમ ઉઠાવે, કોઈ ધંધા પાછળ પાગલ બને. પણ એ તમામમાં ધ્યેય એક જ કે સુખ મેળવવું.

આ વિના બીજું એક પણ ધ્યેય રહેલું નથી. **ભેદ પ્રવૃત્તિમાં છે, સાધનમાં છે પણ સાધ્યમાં ભેદ નથી.**

ભવ્ય હો કે અભવ્ય હો, સમ્યગ્દૃષ્ટિ હો કે મિથ્યાત્વી હો, ભોગી હો કે યોગી હો, રાગી હો કે ત્યાગી–વિરાગી હો, ગમે તે હો, તમામનું ધ્યેય કેવળ સુખનું જ છે, આખું જગત, જગતના પ્રાણી માત્ર સુખને જ ઇચ્છે છે. આ વસ્તુ વ્યક્ત કરવા માટે તો કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ **હેમચંદ્રાચાર્ય** મહારાજને આખો શ્લોક ફેરવવો પડ્યો.

બીજાઓમાં શ્લોક એવો છે કે–**આત્મવત્ સર્વભૂતેષુ૦** ॥ પોતાના આત્માની માફક સર્વ જીવો જોવા, સૂત્ર આ છે, પણ પ્રવૃત્તિ એ નથી પેલા વણઝારાનું દૃષ્ટાંત યાદ કરો.

આ તે ચોકસી કે ચીનનો શાહુકાર કે દિલ્હીનો ઠગ ?

ફરતો ફરતો વણઝારો એક શહેરમાં આવ્યો. વણઝારો એટલે વિધવિધ પ્રકારનો માલ પોઠોમાં લઈને ગામે ગામ ફરે અને ક્રયવિક્રય કરે. તે વણઝારાને થોડાક રૂપિયાની કાંઇક આવશ્યકતા દેખાઈ. માલ તો રુખે અગર પરવડે તો વેચાય. એક દશ તોલાનો દાગીનો લઇને તે શહેરમાં એક ચોકસીને ત્યાં આવ્યો, દાગીનો આપ્યો. ચોકસીએ દશ તોલાના દશ પૈસા હાથમાં પરખાવ્યા. પ્રામાણિકપણે વેપાર કરતા વણઝારાને ચોકસી માટે શંકા શાની હોય ? તેને ત્યાં 'લેવા દેવાના કાટલાં જુદાં' એ કહેવત મુજબ લેવા દેવાના ભાવ જુદાની શંકા ન જ હોય. લેવા દેવાના ભાવમાં સામાન્ય નફા પૂરતો ફરક હોય. એ તો સમજાય, પરન્તુ વાસીદે સાંબેલા જેટલો ફરક હોય ? વણઝારાએ તો ધાર્યું કે આ શહેરમાં સોનું આટલું સસ્તું હશે. પૈસા લઈને તેણે ચાલતી પકડી. મુકામે આવીને વણઝારાએ તો સોનું જ લેવાનો વિચાર કર્યો. એ વેપાર શો ખોટો ? પૈસે તોલાનું સોનું (માનો કે ખરીદનાર માટે સહજ મોંઘું) સંઘરવું ખોટું શું ? વણઝારાએ તો કેટલાંક કરિયાણાં ઓછેવત્તે ભાવે વેચી રોકડ રકમ છૂટી કરી

પછી બજારમાં પેલા ચોકસીને ત્યાં જઈને સોનાનો ભાવ પૂછ્યો. ચોકસીએ શો ભાવ કહ્યો ?

પૈસે તોલો સોનું લેનારે બે, ચાર પૈસા, બે ચાર આના (તોલાના) કહ્યા ?

ના ! ના !

ત્યારે ?

પચ્ચીશ રૂપિયે તોલો !

વણઝારો તો આભો જ બની ગયો ! કહે છે, પણ ભાઈ સાહેબ! હજી તો ગઈકાલની વાત છે, તમે મને દશ તોલા દાગીનાના દશ જ પૈસા આપ્યા છે ને ? ચોકસી તોછડાઈ બતાવતો બોલ્યોઃ ઊઠ, ઊઠ, અહીંથી, લીધું તેં સોનું. પૈસે તોલો તો તારા સોનાનો ભાવ, મારા સોનાનો ભાવ તો પચ્ચીશ રૂપિયે તોલો છે, સમજ્યો ! વણઝારો તો ચાલ્યો ગયો. આ ચોકસી કેવો ગણાય ? ચોકસી કે ઉઠાઉગીર ?

સ્વરૂપે તમામ જીવો સમાન છે

એ જ રીતે પોતાના આત્માની દશા વિચારી લ્યો. આસ્તિકય કોના માટે ? આપણા માટેઃ પારકા માટે 'આસ્તિકય નથી' એમ કહીએ તો ચાલે ? એક કાંટો વાગે તો કાઢવા પ્રયત્ન કરીએ, તેમાં પણ જીવ બુદ્ધિ કયાં ? શાસ્ત્ર શ્રવણથી છ કાયે (છએ કાયમાં) તમે જીવ માનશો, પણ તમારા આત્મામાં એ સંસ્કાર કયાં ? સંસ્કાર કયા છે ? માત્ર ત્રસ જીવોને જીવ માનવાના સંસ્કાર પડયા છે, પણ સ્થાવર કાયના જીવોને જીવ તરીકે માનવાના સંસ્કાર પડયા નથી. જો આત્મગત તપાસશો તો જણાશે કે એ સંસ્કાર ઊંડે (મૂલમાં) ગયા નથી. ત્રસના જીવને જીવ માન્યાઃ સ્થાવરના જીવોને જીવ તરીકે અંતઃકરણથી માન્યા નથી !

જૈન કોણ કહેવાય ? અન્ય મતાનુયાયીઓમાં અને જૈનમાં

ફરક કયો? એ વિચારો એટલે તત્ત્વ હાથ આવી જાય. જૈનો છએ કાયમાં જીવ માને.

છએ કાયનો ભેદ શાના અંગે?

પુણ્ય શક્તિને અંગે, આત્માની શક્તિ ખુલ્લી થઇ તેને અંગેને! એકેન્દ્રિય જીવ કરતાં બેઇન્દ્રિય, જીવમાં પુણ્યાઇ વધારે. એમ ક્રમશઃ પંચેન્દ્રિયમાં પુણ્યાઈ વધારે. જ્ઞાન, પુણ્ય સામર્થ્યની ખીલવટને અંગે ભેદ છે. સ્વરૂપથી તો એકેન્દ્રિયનો તથાસિદ્ધનો જીવ સમાન છે. જીવ સ્વરૂપે બેય સમાન, પણ ખીલવટમાં ફરક છે. સુવર્ણ તમામમાં સરખું, પણ પાવડી પગે પહેરાય, કંકણ હાથે પહેરાય, હાર કંઠે ધારણ કરાય અને મુગટ કયાં શોભે? મસ્તકે! આકારમાં જરૂર ભેદ પડયો પણ સોનાના સ્વરૂપમાં કશો ફરક નથી, તે જ રીતે સૂક્ષ્મ નિગોદનો જીવ લ્યો, કેવળી મહારાજનો જીવ લ્યો કે સિદ્ધનો જીવ લ્યો; સ્વરૂપે એ તમામ જીવો સરખા છે. જીવ સ્વરૂપે જો તમામ જીવોને સમાન નહિ માનો તો કર્મ–સિદ્ધાંત ટકી શકશે જ નહિ: અલબત્ત! મિથ્યાત્વીએ માનેલો કર્મ–સિદ્ધાંત ખુશીથી ટકી શકશે!

કર્મ જેને આવરે તે વસ્તુનો સદ્‌ભાવ સ્વયં સિદ્ધ છે

સુખ–દુઃખનાં કારણ તરીકે સુખ–દુઃખનો સિદ્ધાંત સૌને કબૂલ છે. જ્ઞાનાવરણીયાદિ કર્મના બંધ, પ્રબંધ, સંબંધ, વગેરે બધા જીવોને સરખાવ્યા વિના માની શકશો નહિ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, તથા કેવળ માનો તો જ મતિજ્ઞાનાવરણીયાદિ યાવત્ કેવળજ્ઞાનાવરણીયાદિ મનાય. જો તેમ ન માનો તો તે તે આવરણ રોકે કોને? 'રાંડયો' કહેવામાં આવ્યો એટલે પરણેલો હતો એ નક્કી ને? કુંવારાને રાંડયો કહેવાય? વાંઢો જ હોય તેને વિધુર શી રીતે કહેવાય?

મતિજ્ઞાનાવરણીય કર્મ મતિજ્ઞાનને રોકે, શ્રુતજ્ઞાનાવરણીય કર્મ શ્રુતજ્ઞાનને રોકે. અવધિજ્ઞાનાવરણીય કર્મ તે અવધિજ્ઞાનને રોકે, મનઃપર્યવજ્ઞાનનાવરણીય કર્મ તે મનઃપર્યવજ્ઞાનને રોકે ને કેવળજ્ઞાનાવરણીય

કર્મ તે કેવળજ્ઞાનને રોકે. જો પાંચે પ્રકારના જ્ઞાન-સ્વરૂપવાળો આત્મા, પછી તે ગમે તે ગતિમાં, ગમે તે જાતિમાં, ગમે તે કાયમાં હોય તો પણ માનીએ, તો જ આ પ્રકારે આવરણ કરનારાં કર્મ મનાય ને ? જો તે તે જ્ઞાન-સ્વભાવ આત્મામાં ન માનીએ તો પાંચે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મ આવરણ કરશે કોનું ! ત્યારે એ નક્કી થાય, એ સિદ્ધ થાય કે જીવ તો એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, ભવ્ય, હોય કે અભવ્ય હોય, સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાત્વી હોય પણ સ્વરૂપે તો તમામ જીવો સમાન છે. નિગોદમાંના જીવને પણ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવલજ્ઞાનમય સ્વભાવવાળો માનવો જ પડશે. એમ માન્યા વિના ચાલે જ નહિ, નહિ તો કર્મની થિયરી આખી ઊડી જાય ! રોકનારાં, આવરણ કરનારાં કર્મોને લીધે જીવોનો સ્વભાવ પ્રગટ થયો નથી, બાકી સ્વભાવ તો એ છે જ.

પરિગ્રહ એ મહાન ગ્રહ છે! માટે ખબરદાર !

તે જ રીતે આત્માનો સ્વભાવ જો દર્શન ન માનીએ તો દર્શનાવરણીય કર્મે રોકયું શું ? ત્યારે દર્શનને અંગે પણ આત્માનો સ્વભાવ માને જ સિદ્ધિ. મોહનીયમાં પણ તેમજ. વેદનીય તો બીજા મતવાળા પણ માને છે. જૈનદર્શનને નહિ જાણનારાઓ પણ સુખ-દુઃખનાં કારણ તરીકે કર્મને માનવા તૈયાર છે, માટે વેદનીયને સાબિત કરવાની જરૂર નથી. જો દર્શન એ વસ્તુ માનીએ, શુદ્ધ શ્રદ્ધા એ વસ્તુ માનીએ તો જ દર્શન મોહનીયને અવકાશ છે, અન્યથા કયાંથી અવકાશ હોય? જો માલ જ ન હોય તો ખાતર પાડે કયાં ? જે ઘરમાં વાંસડો ફરતો હોય અર્થાત્ કાંઈ જ ન હોય ત્યાં ચોર નજર પણ કરે? ચોર, લૂંટારા, ધાડપાડુ મવાલી, ગુંડા, ધૂર્તો, આ બધા પોતાની દૃષ્ટિ માલદાર તરફ જ દોડાવે છે, દરિદ્ર સામે નજર કરવાથી વળે શું ?

વેશ્યા પણ માલદારને માન આપે છે, માલદારને ગોતે છે, દરિદ્રને તો ધક્કો મારીને કાઢી મૂકે છે. તે દરિદ્ર સામે જોતી પણ નથી. જૂગારીની

ટોળીમાં ખાલી ખીસ્સે રમવા જાઓ તો ધક્કો પડે! સટ્ટાબજારના કાર્ડહોલ્ડરો (દલાલો) માલદાર ગ્રાહકોને જ ગોતે છે. હરામખોરો માલદારની પાછળ પેંધા પડે છે. રાજા લૂંટવા કોને ઈચ્છે? માલદારને! ભય બધો માલદારને! તમામ ભય માલદારી પાછળ છે. માલદારી સૌને ગમે છે પણ તેની પાછળનો ભય ગમે છે? દુનિયાદારીમાં તો ગમ્યો છે! કબૂલ છે, કેમ? ગમે તેવો કેસ પણ સામાન્ય મનુષ્યનો હોય તો દશ દિવસમાં ખતમ થાય, જ્યારે માલદારનો કેસ વર્ષો સુધી ચાલે છે. પરિગ્રહનો પોકાર મેલનારાઓએ, 'દુનિયા આગળ વધી રહી છે,' એમ કહી પરિગ્રહની વકીલાત કરનારાઓએ ધ્યાનમાં રાખવાનું છે કે જ્ઞાનીએ તો પરિગ્રહને ખરાબ કહ્યો જ છે, પણ દુનિયાની સ્થિતિ પણ એ જ સિદ્ધ કરે છે. પરિગ્રહ એ જ આત્મા માટે લપ છે, બલા છે, બંધન છે, ભયંકર ગ્રહ છે એમ જ્ઞાની તો કહે જ છે પણ આત્માની વાત દૂર રાખો તો યે જીવનવ્યવહારમાં તમામ પંચાત, પલોજણ વગેરે પરિગ્રહધારીને જ છે.

મોક્ષે જવાય કયારે?

મૂળ મુદ્દા પર આવીએ. જો આત્મામાં સમ્યક્ત્વ જેવી ચીજ સ્વરૂપે ન હોય તો દર્શનમોહનીય કર્મ કરે શું? આથી સિદ્ધ છે કે આત્મા સ્વરૂપે સમ્યક્ત્વવાળો છે જ. તેવી જ રીતે આત્મા સ્વભાવે ચારિત્રરૂપ છે એટલે કે શુદ્ધ વર્તનવાળો છે, જગતની જેટલી પ્રવૃત્તિ તે તમામ પાપરૂપ અને કર્મબંધનના કારણરૂપ. સ્વભાવથી માનનારો, આવરણથી તેમ માનતો નથી, મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગ એ કર્મબંધનનાં કારણો છે. આંખની પાંપણના હાલવાને મિથ્યાત્વાદિનો સંબંધ નથી પણ તેનું હાલવું યોગની ચંચળતાથી છે.

શાસ્ત્રકાર કહે છે કે-આંખની પાંપણ હાલે ત્યાંસુધી કોઈ મોક્ષે જાય નહિ. શ્રી ભગવતીસૂત્રકાર કહે છે કે-કેવળી થયો હોય, કેવળ-

જ્ઞાન પામ્યો હોય તેવો આત્મા આંખની પાંપણ હલાવે ત્યાંસુધી મોક્ષે ગયો નથી, જતો નથી ને જશે પણ નહિ. આખી વસ્તુ સમજજો. સમજ્યા વિના યથેચ્છ બોલશો નહિ. અડધું વાકય પકડે તે અર્થ ગ્રહણ કરી શકે નહિ. 'આંખની પાંપણ ચાલતી હોય' એ વાકય પડતું મૂકો અને આગળનું અર્દ્ધ વાકય પકડો તો અનર્થ ન થાય તો બીજું શું થાય? 'સયોગિ-કેવળી મોક્ષે જતા નથી,' કયા મુદ્દાથી? આંખની પાંપણ ચાલે કયારે? કયાં સુધી? યોગ હોય ત્યાં સુધી! યોગની પ્રવૃત્તિ હોય ત્યાં સુધી! અને તે હોય ત્યાં સુધી કર્મબંધ થાય. તેથી ત્યાં સુધી મોક્ષે જવાય નહિ.

સયોગી મોક્ષે ન જાય તેમાં કેવળજ્ઞાન નડતું નથી. સયોગીપણું નડે છે. સયોગિ-કેવળીને મોક્ષે જવાની કોઈએ મનાઈ કરી છે એમ નથી. મિથ્યાત્વી મોક્ષે જાય નહિ, એ વાત ખરી. મિથ્યાત્વી હોય તે મિથ્યાત્વ છતે મોક્ષે ન જાય, પણ મિથ્યાત્વનું વમન કરે પછી એ મિથ્યાત્વી રહે છે કયાં?

આ રીતે યોગને પણ કર્મબંધનું કારણ માનવું જ પડે. પ્રવૃત્તિ કર્મનું કારણ પહેલે સમયે આવ્યું, બીજે ભોગવ્યું, ત્રીજે જવાનું, આવું કેવળી માટે. જીવ સ્વભાવે નિશ્ચલસ્વરૂપ કાયાદિને લીધે ચંચળ-સ્વરૂપ. કષાયો કર્મબંધનનું કારણ છે. કષાયો કોઈને પણ કર્મબંધન કરાવ્યા વિના રહે નહિ. કષાયની પરિણતિવાળાને કર્મબંધન જરૂર થાય, પણ તેમાં ય ફરક! કર્મબંધન પણ થાય અને નિર્જરા પણ થાય. એક કષાય એવા પ્રકારના કે માત્ર કર્મબંધ કરાવે અને નિર્જરાનું નામ સરખું નહિ. એક કષાય એવા પ્રકારે કે નિર્જરા પણ કરાવે.

પ્રશસ્ત તથા અપ્રશસ્ત કષાયો

કષાય બે પ્રકારે: ૧ પ્રશસ્ત, ૨ અપ્રશસ્ત. પ્રશસ્ત તથા અપ્રશસ્ત એ બે શબ્દો છે પ્રસિદ્ધ, પણ પ્રશસ્ત કહેવા કોને? અપ્રશસ્ત કહેવા કોને? એ જ પ્રશ્ન છે. બધા પોતાના કષાયોને પ્રશસ્ત જણવા

ગણાવવા તૈયાર થાય છે. કોઈ પણ પોતાના કષાયોને અપ્રશસ્ત ગણવા, ગણાવવા તૈયાર નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આ ત્રણની વૃદ્ધિને અંગે, એ ત્રણના ઉદ્દેશથી થતા કષાયો તે પ્રશસ્ત કષાયો. મિથ્યાત્વ, અજ્ઞાન ને અવિરતિને અંગે થતા કષાયો તે અપ્રશસ્ત કષાયો.

આટલું સમજ્યા પછી આગળ સમજવું સહેલું છે. જેમ વધારે પ્રશસ્ત કષાય તેમ વધારે નિર્જરા. જૈનશાસન કષાયને ગાળવા માટે ખરું, પણ ફળ તરીકે, પ્રવૃત્તિ તરીકે નહિ. જૈનશાસન કષાયને ફળ તરીકે નિર્મૂલ કરનાર છે પણ પ્રવૃત્તિ તરીકે નહિ.

આત્માના આટલા ગુણો, આટલા અવગુણો જણાવનાર જૈન શાસ્ત્ર છે. આત્મગુણ તરફ પ્રીતિ, અવગુણ તરફ અપ્રીતિ થાય છે. શાસ્ત્રે ગુણ અવગુણ જણાવ્યા ન હોત તો પ્રીતિ તથા અપ્રીતિ થાત? મિથ્યાત્વ, અવિરતિ આદિ જણાવ્યું કોણે? શાસ્ત્રે જ ને! શાસ્ત્રે જો તે ન જણાવ્યું હોત તો તેને છોડવા કટિબદ્ધ થાત?

આ વાત તો થઈ ગુણ, અવગુણની. હવે ગુણીને અંગે વિચારો. શ્રી જિનેશ્વર દેવે શુદ્ધ દેવ, ગુરુ ને ધર્મનું સ્વરૂપ ન બતાવ્યું હોત, અઢાર દોષવાળા તથા હથિયારાદિ ચિન્હવાળા દેવ કુદેવ હોય એમ તેઓએ ન કહ્યું હોત તો સુદેવ તરફ રાગ કરવાનું કારણ થાત? સુદેવનો સ્વીકાર, કુદેવનો ત્રિવિધે પરિહારઃ એ તો ખરું ને?

પંચ મહાવ્રતપાલક, શુદ્ધ પ્રરૂપક તે સુગુરુ કહેવાય, અને તે વિનાના કુગુરુ કહેવાય. આ જાણ્યા વિના શુદ્ધ ગુરુ પ્રત્યે રાગ થાત ખરો? તેવી જ રીતે ધર્મ, અધર્મ, સુધર્મ, કુધર્મને અંગે સમજવું. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મ તરફ પ્રીતિ અને કુદેવ, કુગુરુ, કુધર્મ તરફ અપ્રીતિ કયારે થયાં? સાંભળ્યું ત્યારે ને?

'આરંભ-સમારંભ-પરિગ્રહ-વિષય કષાય અધર્મ છે.' એમ જાણ્યું ત્યારે ત્રિવિધ ત્રિવિધ વોસિરાવવા તૈયાર થયા ને? શુદ્ધ દેવાદિ પ્રત્યે રાગ, અશુદ્ધ દેવાદિ પ્રત્યે અપ્રીતિ-તો તેની જડ કઈ? દેવ, ગુરુ,

ધર્મને અંગે શુદ્ધાશુદ્ધ વિભાગ શાસ્ત્રે ન પાડયા હોત તો એને અંગે રાગદ્વેષને સ્થાન જ ક્યાં હતું ?

કયા રાગ ને કયા દ્વેષથી નિર્જરા વધારે ?

શાસ્ત્રકાર કહે છે કે 'રાગ વધારે તેમ નિર્જરા વધારે, દ્વેષ વધારે તેમ નિર્જરા વધારે !' અવળું જ ન લેતા ! કયા રાગ વધારેથી અને કયા દ્વેષ વધારેથી નિર્જરા વધારે ! પ્રશસ્ત રાગ અને દ્વેષથી નિર્જરા વધારે.


જેમ શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ તરફ રાગ વધારે તેમ મોક્ષ નજીકઃ બીજી તરફ જેમ અશુદ્ધ દેવ, ગુરુ, ધર્મ તરફ દ્વેષ વધારે તેમ મોક્ષ નજીકઃ નિર્જરા વધારે અને મોક્ષ નજીક, ત્યારે શું સિદ્ધ થયું ? પ્રશસ્ત રાગ યદ્યપિ કષાયરુપ છે. છતાં પણ તે જ નિર્જરાનું કારણ છે. પ્રશસ્ત રાગ વિના કોઈએ પણ નિર્જરા કરી નથી, થતી નથી અને થવાની નથીઃ તે જ પ્રમાણે પ્રશસ્ત દ્વેષ વિના પણ નિર્જરા થઈ નથી, થતી નથી ને થવાની નથી.

નિર્જરાનો પ્રશ્ન કોને ? છદ્મસ્થને, છદ્મસ્થ હોય ત્યાં સુધી નિર્જરાની જરૂર. પ્રશસ્ત રાગદ્વેષ વિના નિર્જરા થતી નથી. શુદ્ધ દેવના આલંબન વિના મોક્ષ નજીક બનતો નથી, અશુદ્ધ દેવોનો ત્યાગ કર્યા વિના નિર્જરા થઈ શકતી નથી. અને મોક્ષ મળી શકતો (થઈ શકતો) નથી. આના સંબંધમાં **શ્રી હરિભદ્રસૂરિનું** આપેલું દૃષ્ટાંત જેઓ સમજીને તત્ત્વત્રયીને આરાધશે તેઓ આ ભવ પરભવ ઉત્તરોત્તર સદ્ગતિ મેળવી, પ્રાંતે મોક્ષસુખને પામશે.

—o—



સૂત્રરહસ્ય



'पक्षपातो न मे वीरे' સૂત્રનું રહસ્ય

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા ભવ્યાત્મવૃન્દના ઉપકારાર્થે ધર્મોપદેશ દેતાં, જીવ અનાદિથી રખડી રહ્યો છે તેનું કારણ વગેરે જણાવી રહ્યા છે.

એ વિચારાઈ ગયું છે કે પ્રશસ્ત રાગ તથા દ્વેષ જરૂરી છે, કષાયોનો સદુપયોગ કરવો એટલે પ્રશસ્ત રાગ તથા દ્વેષ ધારણ કરવાં. પ્રશસ્ત રાગ તથા પ્રશસ્ત દ્વેષ વિના કોઈએ પણ નિર્જરા કરી નથી, થતી નથી ને થવાની નથી.

નિર્જરાનો પ્રશ્ન છદ્મસ્થને છે. છદ્મસ્થ હોય ત્યાં સુધી નિર્જરાની જરૂર છે. શુદ્ધ દેવના આલંબન વિના મોક્ષ નજીક બનતો નથી. અશુદ્ધ દેવાદિના ત્યાગ વિના-નિર્જરા થતી નથી, મોક્ષ મળતો નથી. શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પરત્વે રાગ તે પ્રશસ્ત રાગ તથા અશુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પરત્વે અપ્રીતિ તે પ્રશસ્ત દ્વેષ.

શાસ્ત્રકારે કહ્યાનો જેઓ અનર્થ કરે તેને માટે ઉપાય નથી. શાસ્ત્રકાર કહે છે કે રાગ વધારે તેમ નિર્જરા વધારે, દ્વેષ વધારે તેમ નિર્જરા વધારે, તે કથન પ્રશસ્ત રાગદ્વેષને અંગે છે.

જેઓને માનવું નથી, જેઓને કાચ-મણિ, ગોળ-ખોળ સમાન ગણાવવાં છે, તેવાઓ શ્રીમદ્ હરિભદ્રસૂરિજીના શ્લોકને આગળ કરી પોતાને ફાવતું બોલે છે. એ કથન સંબંધમાં વિચાર કરીએ. એ શ્લોક આ છે-

" पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः (लोक०) परिग्रहः ॥ "

(**શબ્દાર્થ**: મને શ્રી વીરનો પક્ષપાત નથી, કપિલ વગેરેને અંગે દ્વેષ નથી પણ જેનું વચન યુક્તિસંગત છે તે સ્વીકાર્ય છે.)

પક્ષપાત નથી એટલે રાગ નથી એમ નહિ

અવળું લેનારાઓ માત્ર પ્રથમનું પદ જ (ચરણ જ) આગળ કરે છે કે-'મને શ્રી **વીર**નો પક્ષપાત નથી,' એ વાકય લે છે, પણ 'જેનું વચન યુક્તિવાળું છે તેનો સ્વીકાર કરવો જોઈએ,' એ પદ કેમ વિચારાતું નથી, કેમ આગળ ધરાતું નથી ? જેનું વચન યુક્તિમય હોય તેનો સ્વીકાર કરવો જોઇએ એટલે તેને આધીન થવું જોઈએ, તેની ભક્તિ કરવી જોઇએ. આ શ્લોકમાં એટલું સ્પષ્ટ મન્તવ્ય વ્યક્ત થયું છે કે જેમાં તર્ક કરવો એ હૃદયની વિષમતા જ સૂચવે છે. અને પક્ષપાત નથી એ પણ ખરું છે. પક્ષપાતનો અર્થ 'રાગ' એવો નથી.

'**શ્રી વીર** પ્રત્યે રાગ નથી' એમ તેઓશ્રી નથી કહેતા, તથા 'કપિલાદિક પ્રત્યે અપ્રીતિ નથી' એમ નથી કહેતા. પક્ષપાત કોને કહેવાય તે બરાબર સમજો. સામાનું ખોટું હોય છતાં તેને સાચું કહેવું, તેને સાચા તરીકે કહેવું, સાચું મનાવવું તેનું નામ પક્ષપાત. ગુણ ન હોય છતાં તેને ગુણી જણાવાય ત્યાં પક્ષપાતનો આરોપ ઘટે.

'પક્ષપાત' શબ્દનો જે પ્રયોગ કરી, આચાર્યશ્રી જે કથન કહે છે તેથી તો સહજ સિદ્ધ છે કે ભગવાન **શ્રીવીર** પ્રત્યે રાગ છે, જેને અંગે ઊંધું છતું કરવાની મનોવૃત્તિ થાય ત્યારે ત્યાં પક્ષપાત કહેવાય. દુનિયાદારીમાં 'પક્ષપાત' શબ્દ શી રીતે વાપરો છો તે વિચારો. જેનો હક્ક ન હોય તેને દેવા તૈયાર થવાય. જેનો હક્ક હોય તેને ન દેવાય, ત્યારે ત્યાં પક્ષપાત કર્યો કહેવાય, હક્કદારને દેવામાં આવે, જેનો હક્ક ન હોય તેને 'ના' કહેવામાં આવે ત્યાં પક્ષપાત કર્યાનું કહી શકાય નહિ.

શ્રીહરિભદ્રસૂરીશ્વરજી બરાબર કહે છે કે–'હું ભગવાન્ શ્રીમહાવીર દેવને માનું છું, બરાબર માનું છું, મને તેઓ પ્રત્યે રાગ છે પણ હું કાંઈ તેમના પક્ષપાત તરીકે છું એમ નથી.' સૂરિજી સાફ સાફ કહે છે કે–શ્રીમહાવીર દેવને મન, વચન ને કાયાનું સમર્પણ પોતે કર્યું છે તે કાંઈ પક્ષપાતના કારણે નહિ, કિન્તુ તેમના ગુણને લઈને. 'તેઓશ્રીના તેવા ગુણોને લઈને હું તેમને માનું છું. જરૂર એ ગુણ નિધિને મેં સ્વીકાર્યા છે, તેમજ તારક માન્યાં છે.'

આચાર્યશ્રીને ભગવાન **વીર** પરત્વે રાગ નથી એમ કહેવું ખોટું છેઃ અવિહડ રાગ છે. **અષ્ટકજી** તથા **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** જોનારને, વિચારનારને બરાબર સમજાશે કે સૂરિજીને શ્રીવીર પ્રત્યે કેવો રાગ હતો? કેટલો રાગ હતો? **પક્ષપાતો ન મે વીરે'** એ સૂત્ર 'પક્ષપાત નથી' એમ કહે છે, કાંઈ 'રાગ નથી' એમ કહેતું નથી. રાગના નિષેધ માટે સૂત્ર નથી. કહેનારા, સાંભળનારા જો માર્ગને અનુસરનારા હોય તો તેમને આ સૂત્રથી પક્ષપાતનો નિષેધ લાગે, પણ રાગનો નિષેધ સમજવો જોઈએ નહિ.

આમાં એમ નથી કહ્યું કે 'આજ્ઞાસિદ્ધ, માટે માની લ્યો.' બીજા પદમાં હેતુ પણ અપાયેલ છે કે ભગવાન્ **શ્રીવીર**નાં વચનો શાથી સ્વીકાર્ય છે? માર્ગ બહાર રહીને બોલનારો અર્થ વિચારતો નથી. 'શત્રુનો શત્રુ તે મિત્ર થાય' એ સૂત્ર મુજબ ઇતરો એમ કહે કે–શ્રીસૂરિજીને કદાચ એમ કહે કે, સાંખ્ય, વૈશેષિક ને નૈયાયિક એ બધા ઉપર તમને દ્વેષ હોય અને તેમના દ્વેષી તીર્થંકર તેથી, તમે તીર્થંકરનો પક્ષ કરો છો, કેમકે શત્રુનો શત્રુ તે મિત્ર. તમે કપિલ વગેરે પ્રત્યેનો દ્વેષ સફળ કરવા **તીર્થંકર** પ્રત્યે આકર્ષાયા છો. બીજા દર્શનવાળાઓના આવા સંભવિત આક્ષેપોનો બીજા પદમાં સ્પષ્ટતયા ઉત્તર આપવામાં આવ્યો છે કે જેનું વચન યુક્તિમય હોય તે સ્વીકાર્ય છે, સેવ્ય છે ને આરાધ્ય છે.

'પક્ષપાત' સૂત્ર જ રહસ્ય સમજાવે તેમ છે.

આ સૂત્રથી, સૂક્ષ્મતયા વિચારે તેને તો સ્પષ્ટ રીત્યા સમજાય તેમ છે કે શ્રીમહાવીર દેવ પક્ષપાતને લાયક છે, તથા કપિલાદિક દ્વેષને લાયક છે. **'पक्षपातो न मे सांख्ये, न मे द्वेषो जिनादिषु'** એમ કેમ ન કહ્યું ? આટલું વિચારો તો બરોબર સમજાય.

આ શ્લોક સૂરિજી શ્રીવીર પરત્વે રાગી, પૂર્ણ રાગી હોવાથી લોકોને પક્ષપાતની શંકા રહે માટે હેતુ કહેવાપૂર્વક કહેવો પડ્યો.

નિષેધ ક્યાંક રવો પડે ?

જ્યાં પ્રાપ્તિ હોય ત્યાં. જ્યાં પ્રાપ્તિ ન હોય ત્યાં નિષેધ કરવાની જરૂર પડતી નથી. શ્રીહરિભદ્રસૂરિજીને, એ મહર્ષિને, એ સમર્થ તત્ત્વજ્ઞાનીને જો શ્રીમહાવીર મહારાજા પ્રત્યે રાગ ન હોત તો **'पक्षपातो न मे वीरे'** એ સૂત્રોચ્ચારણને અવકાશ જ ન હોત. શ્રીજિનેશ્વર દેવમાં પક્ષપાત નથી તથા કપિલાદિકમાં દ્વેષ નથી. આ કથન જ વસ્તુસ્થિતિ સૂચવે છે. સંભવથી પ્રાપ્તિ હોય ત્યાં જ નિષેધ હોય.

શ્રી હરિભદ્રસૂરિજી ભગવાન શ્રીમહાવીર દેવ પાછળ પ્રાણ પાથરનારા હતા (તેઓ પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતા એ ખ્યાલમાં લ્યો) માટે લોકોને પક્ષપાતની શંકા જાય તેથી તો આ કથન તેઓને કરવું પડ્યું. **'आदि'** શબ્દ **'जिन'** સાથે ન જોડતાં **'कपिल'** સાથે કેમ જોડ્યો ? એ જ સિદ્ધ કરે છે, સમર્થન કરે છે કે ભગવાન શ્રીહરિભદ્રસૂરિજીને શ્રીજિનેશ્વર દેવ સિવાય, શ્રીતીર્થંકર મહારાજા સિવાય બીજા કોઇમાં રાગનો સંભવ નથી માટે. **'आदि'** શબ્દ **'जिनेश्वर'** સાથે જોડવામાં આવ્યો નથી. પોતે ચોખ્ખું જણાવે છે: શ્રીવીર પ્રત્યે મને રાગ છે, રાગ છે જ. તેમની જ પ્રત્યે રાગ છે, તેમના શરણે ગયો છું, આ વાત ખરી પણ પક્ષપાતથી નહિ, રાગનું કારણ જણાવતાં તેઓ પક્ષપાતનો જરૂર નિષેધ કરે છે, અને કહે છે:

"જેમનું વચન યુક્તિમય હોય તેને શરણે જવું જોઈએ." આ શ્લોક વાસ્તવિક સ્વરૂપે વિચારનાર જ, શ્રીહરિભદ્રસૂરિજીને ભગવાન શ્રી-મહાવીર પરમાત્મા પ્રત્યે કેટલો રાગ હોય તે સમજી શકાશે. તેઓનો રાગ આ સૂત્રથી જ ધ્વનિત થાય છે. જેઓને માત્ર શબ્દાર્થને જ વળગવું હોય, રહસ્ય ન વિચારવું હોય તેમને શું કહેવું ? લોકોને થતી શંકાના નિવારણ માટે આ શ્લોક છે. પોતે ગૌરવપૂર્વક મહાવીર દેવ પરત્વેનો રાગ કબૂલે છે, તેમના શાસનનું શરણ સ્વીકારે છે, કહે છે, 'હું એ શાસનને સમર્પાયો છું, એ શાસનનો પ્રચાર કરવા ઇચ્છું છું,' આટલું કહીને પછી કારણમાં ઊતરીને જણાવે છે કે–'તેમાં પક્ષાપાત એ કારણ નથી,' પક્ષપાતના આરોપનો પ્રથમ સૂત્રથી ઈન્કાર કરે છે. 'યુક્તિવાળું વચન જેમનું છે તેમને ગ્રહણ કરું છું,' આવું સ્પષ્ટ વકતવ્ય હોવા છતાં અવળે માર્ગે અર્થ લઇ જાય તેને શું કહેવું ?

પ્રશસ્ત તથા અપ્રશસ્ત કષાય

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ ને શુદ્ધ ધર્મ તરફ પ્રીતિ તથા અશુદ્ધ દેવ, અશુદ્ધ ગુરુ ને અશુદ્ધ ધર્મ તરફ અપ્રીતિ એ નિર્જરાનું કારણ છે. આ ત્રણ વસ્તુ જો છોડી દઈએ તો જગતમાં નિર્જરાનું કશું કારણ નથી.

શ્રીઅરિહંત તે દેવ, શ્રીગૌતમાદિક નિર્ગ્રંથ તે ગુરુ અને દર્શન જ્ઞાન, ચારિત્ર ને તપ તે ધર્મ. આ તમામ પ્રત્યે રાગ તે પ્રશસ્ત રાગ તથા કુદેવ, કુગુરુ ને કુધર્મ પરત્વે અપ્રીતિ તે પ્રશસ્ત દ્વેષ. આ વાત થઈ પ્રશસ્ત કષાયની. રૂપ, રસ, ગંધ, શબ્દ ને સ્પર્શ આ વિષયો અંગે, બાયડી, છોકરાં, શેઠ, નોકર. ગામ, નગર, દેશ વગેરેને અંગે કોઈપણ પ્રકારની રાગ દ્વેષની પરિણતિ થાય તે અપ્રશસ્ત. આને અંગે સાનુ-કૂળ પરત્વે રાગ, પ્રતિકૂળ પરત્વે દ્વેષ. આ બન્ને અપ્રશસ્ત સમજવાં. આ રાગ દ્વેષ જેમ જેમ વધે, તેમ તેમ આત્મા નીચે ઊતરવાનો.

આ રીતે કષાયના બે પ્રકાર :– ૧. પ્રશસ્ત, ૨. અપ્રશસ્ત. યોગમાં પણ તે બે પ્રકાર છે.

પંચ પરમેષ્ઠીમાં કષાયવાળાને સ્થાન નથી. આચાર્યાદિક (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) ત્રણેય છદ્મસ્થ છતાં તેઓને પંચ પરમેષ્ઠીમાં સ્થાન છે. પણ મિથ્યાત્વ તથા અવિરતિવાળાને પૂજ્ય તત્ત્વમાં સ્થાન નથી. તેવાઓને ત્યાં સ્થાન મળે નહિ.

મિથ્યાત્વ તથા અવિરતિ પાપ-બંધનનાં કારણ છે. આત્મા પોતે જ્ઞાન, દર્શન ને ચારિત્રસ્વરૂપ છે. પરવસ્તુના સંસર્ગમાત્રથી કર્મ બંધાય. દર્શનને રોકે તે દર્શનમોહનીય કર્મ. ચારિત્રને રોકે તે ચારિત્રમોહનીય કર્મ. આત્માનો સ્વભાવ સર્વવિરતિ છે.

સ્વલિંગ એટલે?

શ્રી આદીશ્વર ભગવાનના પ્રથમ પુત્ર, પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાને ગૃહસ્થપણામાં આરિસાભુવનમાં કેવળજ્ઞાન થઇ ગયું. પછી ત્યાગી વેશ ધારણ કર્યો કે નહિ? **ત્યાગ એ જ આત્માનો સ્વભાવ છે. સંસારીપણામાં રહેવું એ વિભાવ છે,** એ આત્માનો સ્વભાવ નથી. કર્મ એ કીચડરૂપ છે. ભરત મહારાજા ગૃહસ્થલિંગે કેવળ પામ્યા, વલ્કલચીરી અન્યલિંગે મોક્ષે ગયા. ત્યાગ કર્યા વગર કેવળજ્ઞાન મળી શકે છે; (તીર્થંકરને તો ત્યાગ પછી જ), પણ કેવળજ્ઞાન પછી તો ત્યાગનો સ્વીકાર કરવો જ પડે. શાસ્ત્રકારોએ અન્યલિંગે, ગૃહિલિંગે સિદ્ધ કહ્યા તેથી બીજે મોક્ષ મળે, કેવળજ્ઞાન મળે એ વાત ખરી પણ કેવળજ્ઞાન પછી આત્મા વિભાવમાં રહી શકે નહિ. સર્વવિરતિ સ્વીકારવી જ જોઇએ. ચોરી કરનારો છૂટે તે આશ્ચર્ય! તેમાં જરૂર ચાલાકી, તેમાં જરૂર તેવું કોઇ વિશિષ્ટ કારણ, તેમાં જરૂર કોઇ બચાવની બારી!

તે જ રીતિએ શાસ્ત્રકારો કહે છે કે-અન્યલિંગે તથા ગૃહિલિંગે તો અનંત સંસાર હોય તથા સંસાર સમુદ્રમાં ડૂબવાનું હોય તેમાં કોઇ સંયોગે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તે આશ્ચર્ય! જરૂર ત્યાં કોઇ તેવું કારણ મળ્યું હોવું જોઇએ. જોડે ત્રીજો શબ્દ જોડાયો છે તે જોવો જોઇએ. 'સ્વલિંગે સિદ્ધ.' મોક્ષનું જે લિંગ, તેનાથી જે સિદ્ધ થાય તે સ્વલિંગે સિદ્ધ. એ જ રીતે અન્ય લિંગે સિદ્ધ વગેરે ભેદો સમજી લેવા.

જ્ઞાનીઓએ–કેવળીઓએ મોક્ષનું લિંગ કયું માન્યું ? સ્વલિંગ કોને કહ્યું ?

ત્યાગને.

સર્વવિરતિને સ્વલિંગ કહ્યું 'સાહુ' (સાધુ) લિંગ કે 'મુનિ' લિંગ એમ નથી કહ્યું, પણ 'સ્વ' લિંગ કહ્યું અર્થાત્ પોતાનું જ લિંગ એટલે કે આત્માના સ્વભાવરૂપ ચિહ્ન, મોક્ષ આપનારું ચિહ્ન. બીજાં લિંગો મોક્ષથી દૂર રાખનારાં છે. રજોહરણાદિ એ જ સ્વલિંગ કહેલ છે, અન્યલિંગ એ માર્ગ નથી.

કોઇ કેદી જેલ તોડીને જાળીથી ના'સે તે ભલે ના'સે પણ તે કાંઇ છૂટવાનો માર્ગ નથી. છૂટવાનો જે સીધો માર્ગ કહેવાયઃ બાકી બને તે વાત જુદી. તે જ રીતે ગૃહિલિંગે, અન્યલિંગે મોક્ષ થાય એ રાજમાર્ગ નહિ. એ માર્ગ નહિ, ત્યાં આશ્ચર્ય !

ગૃહસ્થના વેષમાં, અન્યલિંગમાં કેવળજ્ઞાન મળી શકે પણ કેવળજ્ઞાન થયા પછી જો આયુષ્ય હોય તો સ્વલિંગનો (રજોહરણાદિનો) સ્વીકાર કરવો પડે; કેમકે સર્વવિરતિ એ આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વભાવને દેખાડનારાં ચિહ્નો જ આ છે.

ગૃહસ્થાશ્રમ તથા બીજાં તમામ કારણો કે જે કારણો વિષયકષાયનાં છે તેનો ત્યાગ કરવો એ જ આત્માનો સ્વભાવ છે. સ્વભાવમાં રમનારે સ્વલિંગને ધારણ કરવું જોઇએ.

કેવળજ્ઞાન તથા મોક્ષ ત્યાગથી જ મળેઃ રાગથી કદી નહિ

કેવળજ્ઞાન કદી તેવા સ્થાનમાં થઈ જાય પણ પછી તે સ્થાને રહેવાય નહિ. ઈન્દ્રાદિ વંદન પણ પછી કરે. પ્રથમ વેષ આપે, તે ધારણ કરાવ્યા પછી વંદન કરે, વ્યવહાર એ, રાજમાર્ગ એ.

જેઓ અન્યલિંગે તથા ગૃહિલિંગે સિદ્ધ થયા, કેવળજ્ઞાન પામ્યા તે પણ કયારે? સ્વલિંગની ભાવના થવાથી. ગૃહિલિંગમાં તથા અન્યલિંગમાં

ગૃહિલિંગની તથા અન્યલિંગની ભાવનાથી કોઈ પણ આત્મા કદી પણ સિદ્ધ થયો નથી, થતો નથી ને થશે પણ નહિ, એ જ નિયમ; એમાં અપવાદ જ નહિ, અપવાદ લિંગ પૂરતોઃ ભાવનામાં નહિ.

મોક્ષે જનારમાં, કેવળજ્ઞાન પામનારમાં પરિણામ તો ત્યાગનાં જ હોય. રાગના પરિણામવાળો કદી કેવળજ્ઞાન ન પામે, કદી મોક્ષ ન મેળવી શકે. રાગ તો સંસારમાં જ રખડાવનાર છે. ચારે ગતિમાં રખડાવનાર જ રાગ છે. રાગનો રાગ જાય એ જ ત્યાગ. ત્યાગભાવના આવે ત્યારે જ સંસારથી છુટકારો થાય. જેને ત્યાગભાવના આવે તે ત્યાગી થયા વિના રહે ખરો? ત્યાગ એ જ આત્માનો સ્વભાવ : રાગ એ જ આત્માનો વિભાવ. અનાદિ કાળથી આત્મા રાગથી જ સંસારમાં રખડી રહ્યો છે. તેમાંથી છૂટવું હોય તો ત્યાગ સ્વીકાર્યે જ છૂટકો. ત્યાગ એ જ આત્માનો સ્વભાવ. સ્વભાવમાં રમણુતાથી જ મોક્ષ. ત્યાગ જ મોક્ષ મેળવી આપે. રાગથી મોક્ષ દૂર છે. ત્યાગથી મોક્ષ નજીક આવે છે,

અન્યલિંગે, ગૃહિલિંગે પણ કોઇ સંયોગવશાત્ તેવા ત્યાગના પરિણામ થયા તો ત્યાગના યોગે થતી કાર્યસિદ્ધિ થાય તે સહજ છે. કાર્યસિદ્ધિ થાય એટલે જેના યોગે તે કાર્યસિદ્ધિ થઇ તે વેષ જ, તે કારણ જ, તે ચિહ્ન જ સ્વીકારવું જોઇએ.

રાજમાર્ગ તે રાજમાર્ગ

કોઇ કેદી સારી ચાલથી, હૃદયના પશ્ચાત્તાપથી, વર્તણુંકના સુધારાથી વહેલો છૂટે તેમાં છૂટકારાનું કારણ તે કેદ કે સારી ચાલ વગેરે? છૂટયા પછી તે કેદી જો છૂટકારાને જ ઇચ્છતો હોય તો બહાર જ સારી ચાલ રાખે કે ફરીને કેદમાં જઈને ત્યાં સારી ચાલે ચાલવા ઇચ્છે? રાજમાર્ગ તે રાજમાર્ગ.

सुखदुखे प्रियाप्रिये (यो० शा० १, श्लोक० २०)

દરેક આત્મા અકષાય-સ્વરૂપ છે. નિગોદનો આત્મા તથા સિદ્ધનો આત્મા સ્વરૂપે, સ્વભાવે સરખો છે. પુણ્યનો સંયોગ તથા સ્વરૂપ પ્રગટવું એમાં ફરક છે.

ઇતરમાં 'आत्मवत् सर्वभूतेषु કહ્યું એનો અનર્થ ન થાય માટે તો કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **શ્રીહેમચંદ્રસૂરિજીને** શ્લોક બદલવો પડ્યો. 'હું ધરાયો માટે કોઈ ભૂખ્યો જ નથી' આવું 'आत्मवत् सर्वभूतेषु' વાકયથી વિચારાય નહિ. 'હું નીરોગી માટે બધા નીરોગી, હું રોગી માટે બધા જ રોગી' એમ માનવું નહિ, 'હું ધનાઢય માટે બધા ધનાઢય, હું રાંક માટે બધા રાંક, એમ માનવાની ભૂલ કરવી નહિ. આ વસ્તુમાં અનર્થ ન થાય, સમજફેર ન થાય માટે કલિકાલસર્વજ્ઞ ભગવાને ઉમેર્યું, ફેરવ્યું કે **सुखदुःखे प्रियाप्रिये**॥ અર્થાત્ પોતાને જેવું સુખ વહાલું છે, તેમ બધાને સુખ વહાલું છે. પોતાને દુઃખ અળખામણું છે તેમ જગતમાં દુઃખ બધાને અપ્રિય (અળખામણું) છે. તાત્પર્ય કે-જગતના જીવમાત્રને સુખ વહાલું છે, દુઃખ અળખામણું છે.

પ્રયત્નમાં ફરક છે


આ જીવ સંસારમાં અનાદિ કાળથી રખડે છે: તમામ જીવો જેઓ ચાર ગતિરૂપ સંસારમાં અનાદિ કાળથી પરિભ્રમણ કર્યા કરે છે તે બધાનું ધ્યેય તો સુખ મેળવવું તથા દુઃખથી દૂર રહેવું છે. આ જીવ કદી પણ પ્રયત્ન વિના રહ્યો છે એમ તો કહેવાશે જ નહિ, અનાદિ કાળથી પ્રયત્ન ચાલુ છે, ધ્યેય સુખની પ્રાપ્તિ તથા દુઃખ દૂર કરવાનું છે; છતાં તે ધ્યેય સિદ્ધ કેમ થતું નથી? પ્રયત્ન ચાલુ, સમય પણ થોડો ઘણો નહિ પણ અનાદિ કાળનો, છતાં ધ્યેય સિદ્ધ ન થાય, સુખ ન મળે, દુઃખ દૂર ન થાય, પરિભ્રમણ ન અટકે ત્યારે ત્યાં કાંઈક કારણ હોવું જ જોઈએ ને? છતે પ્રયત્ને, અનંતો કાળ ગયે છતે સિદ્ધિ ન થાય, ત્યારે માનવું જ રહ્યું કે પ્રયત્નની

દિશામાં, પ્રયત્નના પ્રકારમાં જ વાંધો છે. પ્રયત્ન યોગ્ય દિશામાં નથી કરવામાં આવ્યો માટે સિદ્ધિ થઈ નથી, સુખ મળ્યું નથી. દુઃખ ટળ્યું નથી, પરિભ્રમણ અટકયું નથી અને એવો જ પ્રયત્ન ચાલુ રહે તો કાંઈ જ વળે નહિ.

ત્યારે કેવો પ્રયત્ન કરવામાં આવે તો ધ્યેય ફળીભૂત થાય ?

એ તો દીવા જેવું છે કે અત્યાર સુધી કરવામાં આવેલો પ્રયત્ન કારગત થયો નથી માટે તેવો પ્રયત્ન તો નહિ જ; એથી જુદા જ પ્રયત્નની જરૂર છે કે જેથી કાયમનું દુઃખ દૂર થાય અને કાયમનું સુખ પ્રાપ્ત થાય.

હવે એ પ્રયત્ન કેવો, કોણે કર્યો, વગરે તે અધિકાર અગ્રે વર્તમાન.



વ્યા ખ્યા ન એવી ચિંતા કોને થાય ? ૩૭

અસીલ મૌન છતાં વકીલની વકીલાત

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકાં જણાવે છે કે–આ સંસારમાં આ જીવ અનાદિ કાળથી રખડ્યા કરે છે. ચાર ગતિમાં, પાંચ જાતિમાં તેની રખડંપટ્ટી કાંઈ મર્યાદિત વર્ષોની નથી પણ અનાદિ કાળની છે. આ રખડવું શાથી ચાલુ રહ્યું છે ? કોઇ મહાન્ અર્થ સિદ્ધિ માટે રખડંપટ્ટી છે ? તેમ નથી. આ જીવને રખડાવે છે તેમ નથી અગર રખડવું વહાલું લાગ્યું હોય તેમ પણ નથી. આ જીવ રખડે છે, રખડી રહ્યો છે તેમાં તેને અગર કોઈને લાભ છે તેમ પણ નથી.

અહીં તર્ક થાય, પ્રશ્ન થાય કે શાસ્ત્રકાર જીવની ફરિયાદ વિના શા માટે આ કથન કરે છે ? અસીલ ફરિયાદ કરવા તૈયાર નથી તો વકીલ શા માટે બોલે છે ? 'મારું' ચોરાયું' એમ જ્યાં સુધી અસીલ કહેતો નથી ત્યાં સુધી ' આનું ચોરાયું' એમ વકીલ કહે તે શું કામ લાગે ? પ્રતિજ્ઞાપૂર્વક ફરિયાદ તો અસીલે રજૂ કરવી પડે, તેમ ન થાય ત્યાં સુધી તે કોણ સાંભળે ? કોર્ટને ત્યારે જ તે ફરિયાદ સાંભળવાનો હક્ક છે કે જ્યારે અસીલ પ્રતિજ્ઞાપૂર્વક ફરિયાદ રજુ કરે, તે રીતે પોતાનું કેવળજ્ઞાનાદિક ધન હરાયાની ફરિયાદ જીવો (શ્રોતાઓ) તો કરતા નથી.

અમુક મનુષ્યે ભરમાવીને રખડાવ્યો તેવી પણ ફરિયાદ નથી, કર્મ રાજાએ ફસાવ્યાની પણ શ્રોતાની ફરિયાદ નથી, છતાં તમો રખડો છો, તમારું કેવળજ્ઞાનાદિ આત્મારૂપી ધન હરાઈ ગયું છે અથવા આ જીવ રખડે છે. એઓનું કેવળજ્ઞાન કેવળદર્શનાદિ ધન હરાઈ ગયું છે'

એમ શાસ્ત્રકારો શાથી વકીલાત કરે છે ? શ્રોતાઓને તો ફરિયાદની ભાવના સરખી નથી, કલ્પના પણ નથી ! શાસ્ત્ર અગર શાસ્ત્રકારોને તો ત્યારે હક્ક કે જ્યારે શ્રોતાઓ કહેતા આવે.

આવા તર્કનું સમાધાન એ છે કે–જીવને પોતાની સ્થિતિનું, અવસ્થાનું, દશાનું ભાન જ નથી, પછી એ બોલે શાનો ? પાણીમાં રહેલો મનુષ્ય બોલે કે ન બોલે, એને 'પોતાને કોઇ બચાવે' એવી ભાવના પણ હોય કે ન હોય, છતાં કાંઠે રહેલા સજ્જનનો, દયાળુનો શો ધર્મ ? કહો કે તેઓનો ધર્મ તો ડૂબતાને બચાવવાનો જ છે. ડૂબનારો કહે કે ન કહે પણ તેઓએ (કાંઠે ઊભેલાઓએ) ડૂબતાને બચાવવાના પ્રયત્નો કરવા જ જોઇએ. અસીલનું દૃષ્ટાંત લાગુ કરી, ડૂબતાને ન બચાવવો એમ દુનિયા માને છે ? ડૂબતો બૂમ મારે, મદદ માગે તો જ બચાવવાનો પ્રયત્ન કરવો, એમ દુનિયાએ માન્યું છે ખરું ? કહેવામાં આવે કે બિચારો ડૂબતો માણસ તો સાનભાન ગુમાવી બેઠેલો છે. પોતે જીવતો છે કે મર્યો છે એનું પણ તેને ભાન નથી, તો ભાન વગરનો મનુષ્ય ન બોલે તો શું કાંઠે ઊભેલો દયાળુ પુરુષ મદદ ન કરે ? વાત સાચી કે મદદ કરે જ.

દુનિયાનો એ વ્યવહાર છે કે ડૂબેલાને ભાન હોય કે ન હોય 'મને કોઈ બચાવે' એવો વિચાર તેને આવ્યો કે ન આવ્યો હોય; તે મદદ માંગે કે ન માંગે તો પણ એ કશાની દરકાર કર્યા વગર, તમામ પ્રયત્ને, ગમે તેવા પ્રયત્ને તેને બચાવી લેવો જોઈએ. કોઇ એમ કહે કે 'મેં અમુકને ડૂબતો દેખ્યો તો હતો પણ તેણે કાંઈ બૂમ પાડી નહિ, બચાવની મદદ માગી નહિ માટે મેં કાઢયો નહિ' તો એમ કહેનારને તમે કેવો ગણો ? તે જ રીતે તમામ સંસારરૂપી દરિયામાં ડૂબી રહ્યા છે અને તે બિચારાઓને પોતાની દશાનું લેશ પણ ભાન નથી. તેઓ પોતે પોતાને તારવાનું, ઉગારવાનું કહે કે ન કહે તો પણ તારવાને તારકોએ તો કટિબદ્ધ થવું જ જોઇએ. જેઓ એ રીતે બચાવવાનો પ્રયત્ન ન કરે, ડૂબતાને બચવવા ઘટતું ન કરે તો તેઓને શાસ્ત્રકારો સમ્યગ્દૃષ્ટિ ગણવાની ના કહે છે.

સિદ્ધિ ભાગ્યથી, પ્રાપ્તિ ઉદ્યમથી

જે આત્માઓ સંસારને સમુદ્ર ગણે તે જીવો, તે સમ્યગ્દૃષ્ટિ જીવો બીજા ડૂબતા જીવોને વગર પ્રેરણાએ તારવાને માટે કટિબદ્ધ થાય જ. જો તેઓ એમ કટિબદ્ધ ન થાય તો તેઓ સમકિતી નથી. જેઓ ધર્મ સમજ્યા તે સમ્યક્ત્વ સમજ્યા છે, શાસ્ત્ર સમજ્યા છે, શાસ્ત્રનુસારે આત્મસ્વરૂપ સમજ્યા છે. તેઓ પોતાના આત્માને અને બીજા જીવોને તારવાને કટિબદ્ધ જ હોય છે. કટિબદ્ધ હોય જ છે.

એક જીવ મોક્ષનું સ્વરૂપ સાંભળે, કેવળજ્ઞાનીના ગુણો સાંભળે, પછી જ એને મોક્ષ, કેવળજ્ઞાન, વીતરાગપણું હૃદયથી રુચે છે; પ્રશ્ન થાય છે કે ત્યારે એ જીવને ઉદ્યમમાં નડે છે કોણ?

નશીબની ખામી અર્થાત્ પુણ્યની ખામી.

દુનિયામાં આવતી ઋદ્ધિ, સમૃદ્ધિ, સંપત્તિ આદિને કોઈ અટકાવતું નથી. સંપત્તિ ગમે છે સૌને. ઉદ્યમ સૌનો સંપત્તિ આદિ માટે છે, છતાં ન મળે ત્યાં કાંઇ કારણ? જરૂર કારણ છે અને તેનું જ નામ લાભાંતરાય કર્મ. અને તે ક્ષયોપશમ અનુસાર જ પ્રાપ્ત થાય. **દુનિયાના પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિનો આધાર લાભાંતરાયના ક્ષયોપશમ ઉપર છે.**

ઉદ્યમ સિદ્ધ પદાર્થ (પૌદ્ગલિક)ને લાવી આપનાર ભાગ્ય છે. ભાગ્યના સ્થાને ભાગ્ય, ઉદ્યમના સ્થાને ઉદ્યમ. ખેતરમાં અનાજ તૈયાર થયું, તીડ ન પડ્યાં, ઉંદર ન પડ્યા, વૃષ્ટિ યોગ્ય થઈ, નિર્વિઘ્ને અનાજની ઉત્પત્તિ થઇ ત્યાં સુધી ભાગ્ય ખરું પણ પછી કાંઈ ઘઉંના દાણા ઊડી ઊડીને આવીને ઘરના કોઠારમાં ભરાઈ જવાના નથી; પછી તો ઉદ્યમ જોઇશે જ. દાણાની ખેતીમાં પણ ઉદ્યમ એમ તો પ્રથમથી આવશ્યક, પણ કુદરતની અનુકૂળતા સચવાય, સાંપડે ત્યાં સુધી ભાગ્ય પણ પછી પ્રાપ્તિ તો ઉદ્યમથી જ. **સિદ્ધિ ભાગ્યથી, પ્રાપ્તિ ઉદ્યમથી.**

તલમાંથી તેલ પોતાની મેળે બહાર નીકળે?

તલમાં તેલ છે એ વાત ખરી. તલમાં તેલ નથી એમ તો કોઈથી કહેવાય જ નહિ. તલમાં તેલ તો છે જ, પણ નીકળે કયારે? તલમાં તેલ હોવું, થવું એ કર્મથી, ભાગ્યથી, પુણ્યથીઃ તેવા સંયોગ સુધી કર્મનું કાર્ય, પણ પછી તલમાંથી તેલનો ઝરો વહેવા માંડયો એવું બન્યું? જેના ઘેર તલમાંથી તેલનો ઝરો નીકળ્યો એવો કોઈ નશીબદાર ઘાંચી દેખ્યો? તૈયાર તેલની પ્રાપ્તિ ઉદ્યમને આધીન છે. આ દૃષ્ટાંત તો દુનિયામાં દેખીતું જ છે ને?

કર્મ એ જ શત્રુ! કર્મ શત્રુ જ!

દુનિયાની દૃષ્ટિએ ભાગ્ય તથા ઉદ્યમને કયાં તથા કયારે અવકાશ તે જણાવ્યું. આત્માની અપેક્ષાએ નશીબને નવો અવકાશ જ નથી. નવો અવકાશ મારા માટે જ છે. આ જીવને બાદરપણું, ત્રસપણું, પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું મળ્યું તે ભાગ્ય યોગે, આત્મકલ્યાણને અંગે. એ ભાગ્યની જરૂર પહેલે નંબરે છે. બાદરપણા વિના, ત્રસપણા વિના, યાવત્ પૂર્ણ પંચેંદ્રિયપણા વિના કલ્યાણ થવાનું નથી. સૂક્ષ્મ એકેન્દ્રિય-પ્રાણામાંથી આગળ વધવામાં ભાગ્ય જ કારણ છે, ત્યાં પ્રયત્ન નથી. ત્યારે કહો કે મોક્ષની પ્રાપ્તિમાં પણ નશીબનો થાંભલો જોઈએ છે. એ થાંભલો ખરો, પણ જૂનો નવો નહિ. નવો તો પ્રયત્ન, નવા પ્રયત્ન માટે મગજમાં જે આ વાત આંકી રાખે તે જૈન નહિ. જૈન માત્રના મગજમાં, એકૂકે એક જૈનના મગજમાં કઇ વસ્તુ રમતી હોવી જોઈએ કે જેનાથી તે જૈન કહેવાય. તે વસ્તુ કઇ? 'કર્મને શત્રુ' માનવો તે.

જૈનની માન્યતા જ એ હોય કે કર્મ શત્રુ જ છે, આત્માનો શત્રુ જ કર્મ છે. કર્મ જ શત્રુ છે. કર્મને શત્રુ માને તે જૈન, તે જ જૈન કે જે કર્મને શત્રુ માને. ગળથુથીમાંથી જ એ મન્તવ્યઃ એ જ મન્તવ્યની ગળથુથી જૈન માત્રની હોય. જૈનદર્શનમાં મહામંત્ર નવકાર છે. તેનું પહેલું પદ જ 'नमो अरिहंताण", છે. અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ અર્થાત્ શત્રુને હણનારને નમસ્કાર થાઓ. એ શત્રુ કયા? કયા

શત્રુને હણનારને નમસ્કાર છે? કર્મરૂપી શત્રુનો નાશ કરનારાઓને નમસ્કાર થાઓ ! શાસ્ત્રકારો રણસંગ્રામ યાને સમરાંગણ કરી દે છે, રજૂ કરે છે. કોની વચ્ચે યુદ્ધ ? સમરાંગણમાં યોદ્ધા કોણ? **શ્રીતીર્થંકર** મહારાજાઓ અને કર્મ, આ મલ્લ તથા પ્રતિમલ્લ.

રાજમાર્ગ, છીંડીમાર્ગ વગેરે વિષે વિપરીત કથન

શ્રી તીર્થંકર મહારાજાનાં સમોવડીઆં કર્મ છે. કર્મોના સમોવડીઆ શ્રી તીર્થંકર મહારાજા છે. શ્રી તીર્થંકર મહારાજા તથા કર્મ એ બેનું પરસ્પર યુદ્ધ. શ્રી તીર્થંકર મહારાજાએ વ્યૂહરચના કરી છે તે જેવી તેવી નહિ પણ અપૂર્વ ! ખરેખર અપૂર્વ ! પૂર્વે કદી નહિ થયેલી એવી અપૂર્વ વ્યૂહ રચના કરી માટે તો વિજય થયો, કાયમી વિજય થયો, કાયમી પરાજિત આત્મા વિજેતા થયો. સેવક હતો, તે સ્વામી થયો માટે એ વ્યૂહરચના અપૂર્વ. બન્નેએ સમરાંગણમાં સામસામે લડ્યા. હારનારો પક્ષ કયો ? સંસારની અપેક્ષાએ કહી શકાય કે–

" **कत्थइ जीवो बलिओ, कत्थइ कम्माइं होंति बलियाइं** । "
ધર્મસં૦ ગા૦ ૭૮૦

કદીક જીવ બળવાનઃ કદીક કર્મ બળવાનઃ આમ કહી શકાય. આમાં પણ તર્ક કરનાર તર્ક કરી શકે. કદાચ કોઈ કહે કે 'આ બરાબર નથી. કેમકે કર્મો જ બળવાન દેખાય છે, જીવ બળવાન દેખાય જ છે કયાં ? અનાદિ કાળથી કર્મો જ બળવાન છે. સંસારની રંગભૂમિ ઉપર મોટે ભાગે કર્મો જ બળવાન છે. જીવો તો અનાદિ કાળથી રખડે જ છે. તેમાં કવચિત્ જીવ બળવાન થાય છે. અનંતાનંત જીવોમાં કોઇક જીવો, ગણુતરીના જીવો બળવાન થાય છેઃ કહો કે કોઇકિ કાળે બળવાન થાય છે.'

આ તર્કની દૃષ્ટિએ, આજકાલના શ્રદ્ધારહિતો કહે છે ને કે 'સંસારમાં, મિથ્યાત્વમાં તથા અવિરતિમાં રહેવું એ રાજમાર્ગઃ કોઇકિ જીવે કવચિત્ અંગીકાર કર્યો તે રાજમાર્ગ નહિઃ એ તો છીંડી; આ

તમામ કુતર્કો છે. એ અવળે માર્ગે દોરનારા છે, કુપથને રાજમાર્ગ ગણાવનારા છે અને સાચા રાજમાર્ગને (કુમાર્ગ તો તેઓ કહી શકે તેમ નથી) છીંડી ગણાવનારા છે. આવાઓની વ્યાખ્યા કેવી વિપરીત! 'જે માર્ગ થોડાઓ અખત્યાર કરે તે છીંડી!' આ વ્યાખ્યા ખોટી છે. આવી ખોટી, અવળે માર્ગે દોરનારી વ્યાખ્યાથી તેવાઓ સમ્યક્ત્વ પામવું, તેમને વિરતિ લેવી, તેમને કષાયરહિતપણું પ્રાપ્ત કરવું તેને છીંડી તરીકે જણાવે છે.

દુનિયામાં પથ્થર ઘણા, કાંકરા ઘણા પણ મોતી, માણેક, રત્ન, હીરા તો થોડાક જ. ઝૂંપડાં જ ઘણાં હોય, મહાલયો, વિશાલ મહેલો તો થોડાક જ હોય. થોડું તે હલકું કે ઉત્તમ? ઉત્તમ જ: પણ આ બિચારાઓને એ વસ્તુનો ખ્યાલ જ નથી કે ઉત્તમ માર્ગ કોને કહેવો? અધમ માર્ગ કોને કહેવો? રાજમાર્ગ કોને કહેવો? છીંડીનો માર્ગ કોને કહેવો? એમને તો 'મુખ છે માટે બોલવું' એટલે બોલે છે અને યથેચ્છ બોલે છે.

પથ્થરના ચોરસા ઉપર બેસનારા ઘણા હોય પણ સાચાં મોતીથી જડેલા ચોરસા ઉપર બેસનારા થોડાક જ હોય, પણ થોડું હોય કે થોડા હોય તેતે ઉત્તમ નહિ એમ કહેવું એ મૂર્ખતા નથી? ખોટી વ્યાખ્યા કરવી, ખોટી વ્યાખ્યાનો પ્રચાર કરવો એ પરને અવળે માર્ગે દોરનાર છે અને તે જ સ્વને પણ વિઘાતક છે. પોતાનું મન્તવ્ય ખોટું છે, ઉપરાંત બીજાને પણ ઉન્માર્ગે દોરવામાં આવે તે વધારામાં! **બોલનારાએ પ્રથમ તો જે વસ્તુ બોલાય તેનો અભ્યાસ કરવો જોઈએ, વિચાર કરવો પછી જ બોલાય;** વિપરીત કથનથી તો ગેરલાભ જ થાય. પોતાને પણ ગેરલાભ તથા પરને પણ ગેરલાભ.

મોક્ષે ગયા કેટલા? નિગોદનો અનંતમો ભાગ!

જૈન દર્શનના મન્તવ્યાનુસાર તો 'કર્મના ક્ષયોપશમથી જે બને તે ઉત્તમ' આ વ્યાખ્યા છે, પછી ત્યાં અલ્પ કે અધિક, થોડા કે ઘણાના

પ્રશ્નને અવકાશ જ નથી. દેવ, ગુરુ આદિ વગરના યુગલિયાના ક્ષેત્રમાં કોઇ દુઃખી નહિ તેથી તે હલકા ? આ ગણુતરી ઓછી કે વત્તી સંખ્યાના આધારે નથી પણ પુણ્યપ્રકૃતિના ઉદયથી કે કર્મના ક્ષયોપશમથી મળે તે ઉત્તમ.એ રીતે આત્માના ગુણો પણ કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય. બધો આધાર જ કર્મના ક્ષયોપશમ ઉપર છે. કર્મનો ક્ષયોપશમની જ આ દર્શનમાં પ્રાધાન્ય છે. આ દર્શનમાં થિયરી જ કર્મની છે. **આપણે પરમાત્માને બનાવનાર નથી માનતા, બતાવનાર માનીએ છીએ** એટલે જીવને બનાવાયો માનીએ તો તો આદિ માનવું પડે. જીવ અનાદિ છે, જગત અનાદિ છે. કર્મના કારણે જ જીવની આ ચતુર્ગતિરૂપ સંસારમાં રખડપટ્ટી અનાદિ કાળથી છે.

જેઓ તીર્થંકરો થયા તે પણ આપણા જેવા જ જીવ હતા. જેમ બીજા જીવો ચતુર્ગતિરૂપ સંસારમાં રખડે છે તેમ તે આત્માઓ પણ ચતુર્ગતિ રૂપ સંસારમાં રખડતા હતા. એ જીવો પણ અનાદિ કાળથી રખડયા જ હતા ને ? એ જીવો આજે મોક્ષમાં બિરાજમાન છે. શું મોક્ષે જવું એ છીંડીનો માર્ગ ? વિપરીત વ્યાખ્યા કરનારાઓ કે જેઓ એમ કહે છે કે 'જે માર્ગ થોડાઓ લે તે છીંડી' તેઓના હિસાબે તો એમ જને ? મોક્ષે તો થોડાક જ ગયાને ? મોક્ષે કેટલા જીવ ગયા ? અનંતા ગયા. પણ અનંતે અનંતે ફરક ખરો ને ? અનંતાનંતું ખરું કે નહિ ? અત્યાર સુધી મોક્ષે ગયા કેટલા ? કહો કે નિગોદનો અનંતમો ભાગ.

દરિયો ખાલી થઈ જશે

દરેક ચોવીસીએ તીર્થંકરો ચોવીસ હોય છે, પણ કેવળજ્ઞાન પામીને મોક્ષે અસંખ્યાતા જીવો જાય છે. તર્ક જ કરવા હોય તેને માટે દરેક પળ, દરેક પ્રશ્ન તૈયાર છે. કોઈને એમ થાય કે આ રીતે એક વખત એવો આવવો જ જોઈએ કે જ્યારે જીવમાત્રનો મોક્ષ થઈ ગયો હોય, કોઈપણ જીવ એવો ન હોય કે જેને મોક્ષ થવાનું

બાકી હોય. આવો તર્ક કરનારાઓને બરાબર સમજવા માટે એક દૃષ્ટાંત દેવામાં આવે છે.

દેવદત્ત અને દરિયો

દેવદત્ત તથા યજ્ઞદત્ત નામના બે મિત્રો એક વખત દરિયાકાંઠે ફરવા ગયા. ત્યાં કાંઠે ઊભા રહ્યા. દેવદત્તે સહજ રમતમાં દરિયાના પાણીમાં ટાંકણી બોળી, પછી ખંખેરીને પાછી મૂકી દીધી. આ જોઇને યજ્ઞદત્ત તેને ઉદ્દેશીને બોલ્યો :- 'મૂર્ખા ! આ તેં શું કર્યું ? આમ જો કરવામાં આવે તો તો દરિયો ખાલી થઇ જાય !'

હવે વિચારો કે બાજુમાં ઊભો રહેલો વિષ્ણુદત્ત આ બેમાં કોને મૂર્ખ ગણે? દેવદત્તને કે યજ્ઞદત્તને ? જે પાણી ઘડાથી ભરવાથી, કોઠો ભરવાથી, ગમે તે પાત્રે ભરી જવાથી ખાલી થવાની કલ્પના નથી, સંભાવના નથી. ત્યાં ટાંકણીનો છેડો બોળવાથી દરિયો ખાલી થવાની શંકા ? દરિયાની અપેક્ષાએ ટાંકણીના છેડે પાણી આવે કેટલું ? ટાંકણી ઉપરના પાણીથી દરિયો ખાલી થવાની કલ્પના જ ન આવે તો 'આ દરિયો કદીક ખાલી થઈ જશે.' એવા પ્રશ્નને તો સ્થાન જ કયાં છે ? એમ દરિયો કદી ખાલી થવાનો નથી.

અતીત કાળે જે જીવો મોક્ષે ગયા, વર્તમાન કાળમાં જે જીવો (જે ક્ષેત્રમાં મોક્ષે જવાનું હોય ત્યાં) મોક્ષે જાય છે. ભવિષ્યના અનંતા કાળમાં જે જીવો મોક્ષે જશે તે તમામ જીવોને ભેળા કરીએ અને બીજી બાજુ અસંખ્યાતી નિગોદમાંથી એક જ નિગોદ લઇએ તો તે એક નિગોદનો પણ પેલા મોક્ષે ગયેલાઓની સંખ્યા તો અનંતમો ભાગ છે. ટાંકણીને છેડે પાણી તથા દરિયા વચ્ચેનું આંતરૂં વધારે કે આ ? અહીં તો અનંતગુણું આંતરૂં. સોયના અગ્રભાગ ઉપર રહેલ નિગોદના જીવો અનંતા છે.

બધા જ જીવો મોક્ષે ચાલ્યા જશે, બધા જ જીવોની સિદ્ધિ થઇ જશે, સંસાર ખાલી થઈ જશે એ શંકા કેવી ? એવી શંકા કરનાર કેવો ગણાય ?

વિચિત્ર દરદી

એક તેવા દરદીનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે. એક દરદી એવો છે, બિચારાને એવો વ્યાધિ છે કે જો તેને ગરમ અપાય તો લોહી પડે અને ઠંડું ભોજન અપાય, ઠંડા ઉપચારો કરાય તો તેને વાયુ થાય. બિચારાને ન અનુકૂળ આવે ગરમ કે ન અનુકૂળ આવે ઠંડું, એવા દરદી પણ જો વૈદ્યનું માને તો તો કોઠાનો જાણકાર વૈદ્ય જરૂર ઉપાય કરે. પણ દરદી એવો કમનશીબ કે માને જ નહિને ! એને તો ભેજામાં ભૂત ભરાયેલું એટલે વૈદ્ય જે બતાવે ત્યાં બોલ્યા કરે કે 'આ તો ગરમ, આનાથી તો લોહી પડે. આ તો ઠંડું, આનાથી તો વાયુ થાય. આવી કોટીનો જીવ, મિથ્યાત્વથી ઘેરાયેલો આ પ્રકારનો જીવ શાસ્ત્રનું એકાંત હિતકર વચન પણ માનવા તૈયાર નથી.

એને ઊલટું સંસાર ખાલી થવાની બીક લાગે છે. જો કે સંસાર ખાલી થઈ જવાનો નથી, પણ કલ્પના ખાતર માનો કે સંસાર ખાલી થઈ ગયો, બધા જ જીવો મોક્ષે ગયા તો કાંઈ વાંધો ખરો ? બધા મોક્ષે જાય તો કાંઈ નહાવાનું ખરું ? કોઈ પણ જીવ તિર્યંચ ગતિમાં, નરક ગતિમાં, દેવ ગતિમાં કે મનુષ્ય ગતિમાં ન રહે, તથા તમામ જીવો મોક્ષ પામે, શાશ્વત સુખ પામે અને ખાલી બોખા રૂપે સંસાર રહે તો, 'સંસાર ખાલી થઈ જશે' એવો તર્ક કરનારને પૂછી શકાય કે 'તને અડચણ શી ? બધા મોક્ષે જાય તો પોતે એકલા પડી જવાનો ડર છે ? બધામાં, પોતાનો સમાવેશ કરવામાં વાંધો છે ? આખું જગત મોક્ષે જાય એ તો અપૂર્વ આનંદનો વિષય છે. એમ બને તો વાંધો શો ? અડચણ શી ? અરે ! 'સંસાર ખાલી થઈ જશે' એમ કેમ બોલાય છે ? શું સંસાર ખાલી ન થવા દેવા માટે કોઇએ ચોકીદાર નીમેલ છે ?

બધા જ મોક્ષે જાય તો વાંધો શો? વાંધો કોને ત્યાં?

જો કે એવું બનવાનું નથી કે કોઇ મરે જ નહિ તથા બધા જ જીવતા રહે, પણ કલ્પના ખાતર માનો કે તેવું બને તો તેમાં વાંધો કોને? હા! કાયટિયાને વાંધો આવે કે જેની આજીવિકા જ બીજાના મરણ ઉપર જ છે. એનો ધંધો પડી ભાંગે, એ લાચારીમાં આવી પડે માટે એ એવું બને તેમાં, જરૂર નારાજ થાય. 'બધા જીવતા રહેવાના, હવે કોઇ મરવાનું જ નહિ' એવું સાંભળવાથી, એવા સમાચારના શ્રવણમાત્રથી કાયટિયાના ઘેર રોકકળ થાય, કલ્પાંત થાય. તેવી જ રીતે પુદ્ગલાનંદી જીવો. સંસારના કીડાઓને 'બધા મોક્ષ જાય' એમ માનવામાં મોટો વાંધો? એને બિચારાને તો સાંધા એટવા વાંધા!' કહો ને કે એના તો રામ રમી જાય! કેમકે એ તો વિચાર એમ કરે કે 'માર્યા ઠાર! આ બધા મોક્ષે જાય તો હું એકલો પડી જવાનો. બાયડી છોકરાં વિના રખડી જવાનો!:' એવો જીવ તો એવા બનાવના ખબરથી બિચારો પોતાને કાળા પાણીની સજા થઈ, એમ માને. 'બધા જીવતા રહે' એ સમાચારથી જેમ મડદાને અંગે જોઈતો સામાન વેચનાર કાયટિયાને ત્યાં રોકકળ થાય, કલ્પાંત થાય, તેમ 'બધા મોક્ષે જાય' એ સમાચારથી કંકાશ કોને થાય? કર્મથી પરાજિત, વિષયાધીન, વિષય કષાયના ગુલામ પુદ્ગલાનંદીઓને! ધર્મીઓને કંકાશ ન થાય.

ભાઇચારો એટલે?


ધર્મીઓ તો શું માનનારા હોય? "मा कार्षीत् कोऽपि पापानि." 'આખા જગતમાંથી કોઇપણ જીવ પાપ ન કરો' એ પ્રથમ પગથિયું છે મૈત્રીભાવનાનું. ધર્મીઓ તો મૈત્રી ભાવનાથી વાસિત હોય. 'मित्ति मे सव्वभूएसु' એમ તેઓ માને-'સર્વ જીવો સાથે મારી મૈત્રી છે,' એમ તેઓ માને, કોઇ શબ્દને પકડી અવળું ન સમજાવે તે ધ્યાનમાં રાખજો. ધર્મના નાશકો સાથે મૈત્રી, સહકારના અર્થમાં ન હોય!

'મૈત્રી, મૈત્રી !' એવા વાણીવિહારમાં અટવાવાનું ન હોય. 'ધર્મનાશકોનું પણ ભલું થાય, એ પણ સન્માર્ગે આવે' એવી ભાવના જરૂર હોય; ભોળવનારાઓ શબ્દછલમાં ઉસ્તાદ હોય છે. 'ભાઈચારો' શબ્દ આવાઓએ ઠીક પકડયો છે, પણ રહસ્ય, હૃદય, હાર્દ વિચારવું જોઈએ. 'તારી મા તે મારી મા !' શબ્દ કેવો સુંદર ? વાકય કેવું સુંદર ? પણ ઊંડા ઉતરો તો અર્થ કેવો કાતીલ ! 'ભાઈચારા' શબ્દથી ભોળવનારાઓથી સાવચેત રહેવું જરૂરી છે. વાસ્તવિક ભાઈચારો એટલે જ મૈત્રીભાવના ! લાલબત્તી તો બનાવટી ભાઈચારા સામે છે.

તાત્પર્ય કે **કર્મના ક્ષયોપશમથી આત્માને ધર્મસામગ્રીની પણ સાનુકૂળતા સાંપડે, પછી પ્રયત્નની જરૂર છે.** તેમાં કર્મ સામે યુદ્ધ છે. શ્રીતીર્થંકરો, કેવળજ્ઞાનીઓ, સિદ્ધિપદ પામનારાઓ વિજયને વર્યા છે તેઓએ વિજયનો માર્ગ સ્થાપ્યો છે. એ માર્ગે જેઓ કૂચ કરશે, સાહસિક બનશે તેઓ જરૂર વિજેતા થવાના.

મૈત્રીભાવનાને અંગે તથા પછીની ભાવનાને અંગે અગ્રે વર્તમાન

———



વ્યા ખ્યા ન ભાઇચારો કોને ન ગમે ? ૩૮

ભાવના ચતુષ્ટય

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં થકા જણાવે છે કે–આ જીવ અનાદિકાળથી ચતુર્ગતિરૂપ સંસારમાં રખડી રહ્યો છે. જીવને પોતાની રખડંપટ્ટીનું ભાન પણ નથી.

આ વિષયને અંગે ગઈ કાલે આપણે એ જોઈ ગયા કે સન્માર્ગથી ઉન્માર્ગે લઇ જનારી ટોળી, ભરમાવવા તથા ભોળવવા માટે 'ભાઇચારા' શબ્દનો ઉપયોગ કરે છે. એ શબ્દના વ્યામોહથી ભરમાવાનું નથી પણ તેના રહસ્યને જોવાનું છે. 'તારી મા તે મારી મા' આ વાક્ય બોલાય તેમાં નિર્વિકારી ઉચ્ચારણ હોય તો તો શ્રેષ્ઠ છે, નિર્વિકારપણું વ્યક્ત કરવા એ બોલાય તો તો અતિ સુન્દર, પણ ગાલિપ્રદાનાર્થ હોય તો ? 'તારી મા તે મારી મા' અર્થાત્ 'મારા બાપની બૈયર (બાયડી)' એવા અર્થમાં હોય તો તેવા શબ્દોનો, તેવા સુન્દર દેખાતા વાણીવિહારનો વ્યામોહ શા માટે ? શબ્દ તથા વાક્યનો, દરેક ચીજની જેમ સદુપયોગ તથા દુરુપયોગ બંને થઈ શકે છે. એ જ રીતે 'ભાઇચારો' શબ્દ વાસ્તવિક મૈત્રી ભાવની સાધનાર્થે કે મૈત્રી ભાવની વૃદ્ધયર્થે હોય તો તો વાંધો નહિ, પણ જો વિષયોનાં સાધનો વધારવા માટે હોય તો તો કહો કે એ શબ્દાડંબર ઝેરી છે.

શબ્દની, વાણીની, વચનની કિંમત સજ્જનને છે, લુચ્ચાઓને, લબાડોને તેવી કિંમત હોતી નથી. લુચ્ચાઓનો ચાલુ વ્યવહાર જ વિષમ હોય છે. તેવાઓ 'મા, બહેન' પણ કહેતા જાય અને જેને મા' બહેન' કહે તેની સાથે અનાચાર પણ કરે ! દૃષ્ટાંત તો વસ્તુસ્થિતિ

સમજાવવા દેવાય છે. દુરુપયોગ કરનારાઓ તો સુન્દર શબ્દોથી જ, મીઠી વાણીથી, લલચાવનારાં વાકયોથી ભોળાઓને ભરમાવે છે, વિશ્વાસ પમાડે છે અને પછી સ્વેચ્છાચારનો પ્રચાર કરે છે. 'ભાઈચારો' શબ્દ તો અતિસુન્દર છે, પણ ભાઈપણાનો ચારો થઈ જાય એવા રૂપમાં ન હોય તે ખાસ જોવાનું: 'ભાઈચારો' કોને ન ગમે? ભાઈચારો તો સૌને ગમે. મૈત્રીભાવના તો જૈન દર્શનમાં મુખ્ય છે. જૈનની, સમ્યગ્-દૃષ્ટિની મુખ્ય ભાવના કઈ હોય? 'मा कार्षीत कोऽपि पापानि.'

'કોઈ પણ જીવ પાપ ન કરો' આજ ભાવના જૈનના હૃદયમાં રમતી હોય. એ ભાવનામાં જૈનત્વ. આથી વિપરીત ભાવનામાં જૈનત્વ નહિ. 'કોઈ પણ જીવ પાપ ન કરે' એવો ભાવ તે મૈત્રીભાવનાઃ પહેલું પગથિયું. પછી આગળ વધો, બીજે પગથિયે આવો.

દુષ્કર્મયોગે, દુર્જનના સંસર્ગના યોગે કદી કોઈએ પાપ કરી લીધું તો પણ તે દુઃખી ન થાઓઃ આ બીજું પગથિયું.

કેટલાકો માને છે કે 'ગુનો કરનારને તો સજા જ થવી જોઈએ, ગુનેગારને શા માટે જતો કરાય?' આવી માન્યતા ધરાવનારાઓથી મૈત્રીભાવના, સમ્યક્ત્વ આદિ દૂર છે. તમારા પેટમાં દુઃખાવો ઉપડયો હોય, વાઢ આવતી હોય, શરીરમાં સણકા મારતા હોય, તમે રાડારાડ કરતા હો તે વખતે જો બાજુમાં બેઠેલો મનુષ્ય એમ કહે કે 'ઠીક થાય છે, હજી વધારે દુઃખવું જોઈએ,' તો એમ કહેનારને કે એમ માનનારને તમે સજ્જન ગણો ખરા?

બીજા સજાપાત્ર અને પોતે દયાપાત્ર, એમ!

'દુઃખ શાથી વળગે છે? દુઃખી શાથી થવાય છે? બાંધેલા પાપના ઉદયથી. **પાપના ઉદય વિના દુઃખ હોતું જ નથી.** કોઈ પણ જીવ પાપના ઉદય વિના દુઃખી થતો જ નથી. ભલે તીર્થંકર સ્વયમ્ કાંન હોય. તીર્થંકર હોય, ગણધર હોય, ચક્રવર્તી હોય, ઇંદ્ર હોય, કોઈ પણ

હોય, જ્યારે જે કોઈ જે દુઃખ વેદે છે ત્યારે પ્રથમના પાપનો ઉદય જ કારણરૂપ છે. શ્રીમહાવીર દેવે કેવા કેવા ઉપસર્ગ, પરીષહો સહ્યા! એ ઉપસર્ગો શાથી થયા? પૂર્વ ભવે અજ્ઞાનવશાત્ બંધાયેલા વેદનીય કર્મને લીધેને! પેટમાં કે માથામાં દુઃખે તે પણ પાપના ઉદયથી જ. ગુનાની સજા ભોગવવી જોઈએ માટે ભોગવાય છે, તો પછી આ ભાવમાં પાપ કરનાર, ગુનો કરનાર દયાપાત્ર શી રીતે?'

પ્રથમ ઊંચામાં ઊંચી તત્ત્વની વાત રજૂ કરીને, સુંદર ભાવનાને ખસેડવા ઈચ્છનાર, પોતાનું મન્તવ્ય આગળ ધરે છે કે 'ગુનેગાર તો સજાને પાત્ર જ! તેના માટે દયા શાથી?' એના સમાધાનમાં એ જ દૃષ્ટાંત કે જે હમણાં જણાવ્યું કે તમને પેટમાં દુઃખે અર્થાત્ આવો તર્ક કરનારને પેટમાં દુઃખે તે વખતે 'દુઃખવું જ જોઈએ' એમ કહેનાર સજ્જન ગણાય છે? એવું કથન ઉચિત મનાય છે? નહિ. ત્યારે તો એમ થયું કે 'બીજા ગુનેગારો સજાને પાત્ર અને પોતે દયાને પાત્ર!' એ ન્યાય ચાલે?

ગુનેગારને સજા થવી જ જોઈએ એવું માનવું જૈનનું ન હોય. જૈનની ભાવના તો એ હોય કે 'પાપ કરનારો પણ દુઃખી ન થાઓ.' બરાબર વિચારજો, અનર્થ ન કરશો. પ્રથમ તો એ જ ભાવના છે કે 'કોઈપણ જીવ પાપ કરો જ નહિ, પણ પાપ થયું, પાપ કરાયું તો તે પાપ કરનાર પણ દુઃખી ન થાઓ' આ ભાવના બીજે પગથિયે. આ ભાવના એ બીજું પગથિયું.

હજી આગળ વધો. **પાપ પણ તપશ્ચર્યાથી તૂટે છે,** ખપાવાય છે. તમામ જીવો પાપને તપશ્ચર્યાથી તોડી નાખો, પણ દુઃખી તો ન થાઓ. આ ભાવના બીજે પગથિયેથી આગળ.

કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, તપથી પાપ તોડો જીવ માત્ર પાપથી છૂટોઃ આ ભાવના

'પાપ ન કરો' એ પહેલો મનોરથ. મનોરથ સુંદર, પણ પાપ છે

માટે તો સંસારમાં રખડંપટ્ટી છે. એટલે 'કરાયેલા પાપના યોગે પાપ કરનાર પણ દુઃખી ન થાઓ' એ ભાવના બીજે પગથિયે અને પછી આગળ તપશ્ચર્યાથી પા.પ તોડો પણ જીવ દુઃખી તો ન જ થાઓ.' એ ત્રીજી ભાવના.

એ વાત તો સ્પષ્ટ છે કે સંસારી જીવો, ચાર ગતિમાં પરિભ્રમણ કરતા જીવો તો કર્મોવાળા જ છે, પાપવાળા જ છે અને પાપથી સદંતર મુક્ત થવાય ત્યારે જ મુક્તિ મળે. એમ છે માટે 'આખું જગત પાપથી છૂટો. મૂકાઓ, પાપથી રહિત થાઓ, મુક્તિ પામો. આ અંતિમ ધ્યેયરૂપ ભાવના.'

ધ્યેય કયું? ધ્યેયરૂપ ભાવના કઇ? 'તમામ જીવો મોક્ષે જાઓ,' મોક્ષ વિના સુખ છે કયાં? સંસાર તો કેવળ દુઃખમય છે, આ ભાવનાથી પુદ્ગલાનંદીઓને ગભરામણ છૂટે છે–'બધા જ જીવે, કોઈ જ મરે નહિ' આવી કલ્પનાથી કાયટિયાને ત્યાં કલ્પાંત થાય, રડારોળ થાય. કેમકે એનો બિચારાનો તો ધંધો જ મડદાંને આધારે. કાયટિયો એમ જ વિચારે કે 'બધા જ જીવતા રહેશે તો મારા બાયડી છોકરાં ભૂખે મરશે.' અહીં પણ કાયટિયા જેવા પુદ્ગલાનંદીઓને, વિષયાભિલાષીઓને 'બધા મોક્ષે જશે' એ ભાવના રૂચતી નથી પણ ખૂંચે છે, સાલે છે. એઓને એમ થાય કે 'બધા મોક્ષે જાય તો જગત કેમ ચાલે? મારૂં શું થાય? બૈરાં છોકરાં વિના શું કરવું? વગેરે! કાયટિયાના ચોપડામાં નોંધ મરેલાની હોય, જન્મેલાની નોંધ એના ચોપડામાં ન હોય. અહીં પણ કાયટિયા જેવા સ્વભાવવાળાને ત્યાં નોંધ પતિતોની હોય, સ્થિતની, સ્થિરની ન હોય, જન્મેલાની નોંધ તો જોશીને ત્યાં. ગોરને ત્યાં હોય. જન્માક્ષર ત્યાં મળે. કાયટિયાને ત્યાં જન્માક્ષર ન હોય, ત્યાં તો મરેલાની જ નોંધ હોય, મુઆનીજ નોંધ રાખે તે કાયટિયો.

અહીં પણ ધર્મી હોય તો તેને ત્યાં નોંધ. કોણ ધર્મ પામ્યો? કોણ ધર્મમાં રક્ત છે? કોણ ધર્મમાં આંગળ વધે છે? કોણ ધર્મની

પ્રભાવના કરે છે ? તેની હોય. કોણે દીક્ષા મૂકી? કોણ ધર્મભ્રષ્ટ થયો ? આવી નોંધો રાખવાનું કામ ધર્મીનું નથી, કાયટિયાનું છે. સારા ઘરનો મનુષ્ય મરે ત્યારે કાયટિયાને આનંદ થાય, કેમકે એનો વકરો સારો થાય, તેમ ધર્મમાં ઊંચે ચડેલો આત્મા કોઇ દુષ્કર્મોદયને લીધે પતન પામે તો આવા કાયટિયાને ત્યાં વાજાં વાગે, અને કોઈ ધર્મથી પતિત ન થાય તો આવા કાયટિયાઓ લમણે હાથ દઈને ઉદાસ રહેનારાઓ જેવા ઉદાસી થાય.

કાયટિયા ન બનતા

કાયટિયાઓના હૃદયમાં શું' ચાલી રહ્યું હોય ? ગામમાં કોણ માંદું છે ? કોને ક્ષય છે ? ઘડી બે ઘડી કોની ગણાય છેઃ ? બસ ! આ જ રટણ ! પ્રભાત થાય ત્યારથી ઊંઘે ત્યાં સુધી એના અધ્યવસાય જ એ. અહીં ધર્મકર્મના ક્ષેત્રમાં પણ કાયટિયા જેવા જીવો ચારે તરફ ચક્કર ચક્કર જોયા કરે, આંખોના ડોળા ઉલટાવી પલટાવીને પણ જુએ કે કયાંય છિદ્ર છે ? સાધુમાં, ધર્મીમાં છિદ્ર ગોતવું, છિદ્ર સ્થપાય એવું કાંઇક ગોતવું એ જ એવાઓનું કામ. સ્મશાનના ગીધો ઊંચે ઉડે આકાશમાં' પણ તે શા માટે ? માંસની પેશીઓ જોવા માટે ! તેમ એવાં ગીધડાંઓ દેરાસર, ઉપાશ્રયમાં પણ ચક્કરો મારવામાં ચૂકતા નથી. 'કોઈ કરમનો ફૂટેલો મળે' એ જ તેમની દૃષ્ટિ હોય છે. માંસની પેશી ભાળે કે તરત ગીધડું નીચે ઉતરે અને ચાંચ મારે.

મૂળ મુદ્દા પર આવીએ. **જૈનની ભાવના એક જ હોય કે 'આખું જગત, જગતના તમામ જીવો કર્મથી રહિત થાઓ ! જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ ને ઉપાધિના સાણસામાંથી જીવમાત્ર સદંતર છૂટો,** જૈન ધર્મ માનનારા દરેકની આ દૃષ્ટિ હોવી જોઈએ. જૈન સૃષ્ટિ આ છે. જૈન જગત્ આ છે.

વિષ અને તેને વધારાય, પછી બાકી રહે ? તેમ પુદ્ગલાનંદાર્થે, વિષયો માટે જ સંસારમાં રમી રહેલાઓ, રાચીમાચી રહેલાઓ,

પરોપકારનો પડદો આગળ ધરીને કહે છે, પાપનૃત્ય કરનારાઓ વદે છે કે અમે તો સાધુઓ માટે સંસારમાં રહ્યા છીએ. અમે જો સંસારમાં ન રહીએ તો તમને (સાધુઓને) ગોચરી, વસ્ત્ર, પાત્ર, ઉપધિ, પાનાં, પુસ્તક, મકાન, ઔષધાદિ કોણ આપશે?' આનું જ નામ વિષને વધારનારા. એવાઓ એ જાણી લે કે ચાંલ્લાવાળા વિના બીજેથી ગોચરી આદિ ન લેવાય એવો અહીં નિયમ નથી, બીજેથી ગોચરી આદિ લેવાનો પ્રતિબંધ નથી. શાસ્ત્રથી અમને એવો પ્રતિબંધ પણ નથી, તેમ તેવો રિવાજ પણ નથી.

સર્વવિરતિ ભાગ્યના ઉદય વિના સાંપડતી નથી. પરમ પુણ્યનો ઉદય હોય તો જ તે સાંપડે છે. બધાને સર્વવિરતિ સાંપડે એ અસંભવિત, એ કબૂલ, પણ ભાવના કઈ? ભાવનાની વિશિષ્ટતામાં વાંધો શાથી? કોઇ એમ ઇચ્છે–'બધા પાલખીમાં બેસશે તો ઉપાડશે કોણ? માટે બધા સુખી થાઓ એમ ન ઇચ્છાય' તો તે વ્યાજબી છે?

યદ્યપિ બધા પાલખીમાં બેસનારા થવાના નથી, છતાં ભાવના તો સુન્દર હોય કે નહિ? જે મનુષ્ય પોતાની પાલખી ઉપડાવવા માટે બીજાની નોકરઅવસ્થા કાયમ માટે ઇચ્છે એના જેવો કમબખત શેઠ કોણ? એ જ રીતે જેઓ એમ ઇચ્છે કે 'શ્રાવકો હશે તો દાન દેશે માટે સાધુ ન થાય, શ્રાવકો રહે તો ઠીક, શ્રાવકો જ રહેવા જોઇએ' તેવાઓને કેવા ગણવા?

સમ્યગ્દૃષ્ટિ આત્મા, જૈન દર્શનપરિણત આત્મા તો એમ જ વિચારે કે આખા જગતની મુક્તિ થાવ. બેસવાની ડાળને કોઇ કાપે ખરૂં? એ ડાળને કાપનાર તો મૂર્ખશિરોમણિ ગણાય.

અગ્નિ તથા ચંદન

ચંદન નજદીકવાળાને પ્રથમ સુગંધ આપે, દૂર રહેલાને સુગંધ આપે કે ન આપે. સમકિતી આત્મા ભલે બધાને તારવાનો પ્રયત્ન

ન કરી શકે પણ ભાવના તો 'બધા તરે' એવી જ હોય અને પોતાના કુટુંબને તો તારવાનો પ્રયત્ન જરૂર કરે. ચંદનનું કાર્ય જેમ સુગંધ તથા શીતળતા આપવાનું, તેમ અગ્નિનું કાર્ય બાળવાનું પ્રજ્વાળવાનું, ભસ્મીભૂત કરવાનું. અગ્નિ બીજાને તો બાળતાં બાળે ત્યારે બરો, પણ જ્યાં મૂકાય ત્યાં તો તરત બાળેને? કસ્તુરી પોતાની સુગંધી હવા તો ફેલાવતાં ફેલાવે ત્યારે બરી, પણ નજીકવાળાને તો સુગંધીથી તર કરી જ દે. એ રીતે 'મિથ્યાત્વીનો આત્મા પોતાના કુટુંબીઓને કર્મરૂપી કીચડમાં ડૂબાડે તેવો પ્રયત્ન કરે,' ત્યારે 'સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના કુટુંબને ધર્મરૂપી કસ્તુરીની સુગંધ આપ્યા વિના ન જ રહે. તેને એ વગર ચેન જ ન પડે.' ભાવના જગતના જીવોને અંગે ધરાવે, વૃત્તિ સર્વવ્યાપી હોય પણ પ્રવૃત્તિ કુટુંબ પૂરતી હોય. સમ્યગ્દૃષ્ટિની પ્રવૃત્તિ કુટુંબને ધર્મથી વાસિત કરવાની ન હોય એ બને જ નહિ. સમ્યક્ત્વનો પ્રભાવ જ એવો છે, સ્વભાવ જ એવો છે. 'જેઓ પોતાના કુટુંબમાં મિથ્યાત્વ ફેલાવે તેઓને અગ્નિ જેવા જાણવા' તથા 'જેઓ પોતાના કુટુંબમાં સમ્યક્ત્વ ફેલાવે તેઓને ચંદન જેવા જાણવા અગર કસ્તુરી જેવા જાણવા.'

સમ્યગ્દૃષ્ટિનું કર્તવ્ય

સમ્યગ્દૃષ્ટિ આત્મા તો આખા જગતના જીવોને અંગે મોક્ષનો જ વિચાર કરે. સંસારના જીવ માત્ર મોક્ષ પામે, મુક્તિ મેળવે, જન્મ, જરા, મરણના પાશથી કાયમના માટે છૂટે, એ જ એના હૃદયમાં ભાવના અંકિત હોયઃ કુટુંબ માટે તો આગળ વધીને તે પ્રેરે, ધર્મમાં જોડવાની જ પ્રવૃત્તિ કરે. ડૂબતાને કાંઠે ઊભેલો તારે એમાં જ એની શોભાઃ એ જ એનું કર્તવ્ય. ત્યાં એમ ન કહેવાય કે 'ડૂબતાએ મને ક્યાં બચાવવાનું કે મદદ કરવાનું કહ્યું છે?' પાંચ સાત વરસનો છોકરો લૂંટાતો હોય તો એ ન કહે તો યે પોલીસ એને બચાવે, ગુનેગારને પકડે તથા પોતે ફરિયાદી બનેઃ બરું ને?

તે જ રીતિએ મિથ્યાત્વ અજ્ઞાન (વિપરીત જ્ઞાન)રૂપી મદિરામાં ચકચૂર બનેલાઓ પોતાની અવસ્થા રજૂ ન કરી શકે તેથી શું જૈન દર્શનના પોલીસો પોતાની ફરજ ન બજાવે ? ખૂનના કેસમાં જેનું ખૂન થયું તે તો મરી ગયેાને ? મરનાર ફરિયાદી થઈ શકે છે ? ત્યારે એની ફરિયાદ બીજા જ કરે છે ને ? પોલીસ જ કરે છે ને ? બીજાએ કરેલી ફરિયાદ કોર્ટ સાંભળે છે કે નહિ ? જેનું ખૂન થાય છે તેને અંગે કહેવાય કે એ તો આયુષ્યના ક્ષયે મર્યો પણ મિથ્યાત્વાદિથી ઘેરાયેલ તો પ્રાણથી રહિત છે–ભાવપ્રાણથી રહિત છેઃ માટે સમ્યગ્દૃષ્ટિ આત્મા જૈન દર્શનનો પોલીસ ફરિયાદી બને જ. એ કદી પણ ફરિયાદી બન્યા વિના રહે નહિ. જેનું નુકશાન થઇ રહ્યું છે, જેનું હણાઈ રહ્યું છે, તેને તો એ દશાનું ભાન જ નથી, એટલે એ તો ફરિયાદ કરે એમ છે જ કયાં ? કહેા. એ એના સંબંધમાં તો બીજા જાણકારે જ ફરિયાદી બનવાનું રહ્યું. બીજા જ એમને પણ કહે કે–' ભાઇઓ ! તમે લૂંટાઇ રહ્યા છો, ઘેાળે દિવસે તમારું સાચું ધન, તમારા દેખતાં હરાઇ રહ્યું છે. એ કારણે અનાદિથી રખડી રહ્યા છો, માટે જરા સમજો અને જાતનો બચાવ કરો.' સજ્જનની ફરજ છે કે–વારંવાર અજ્ઞાનીને જ્ઞાનનું ભાન કરાવે, તેની દશાનું ભાન કરાવે.

જીવો અનાદિથી રખડી રહ્યા છે. ભવ્ય જીવો કર્મવશાત્ અનાદિથી રખડી રહ્યા છે, તેઓ જે કારણથી રખડયા કરે છે તે કારણના જ્ઞાતા શાસ્ત્રકારો તે કારણ તથા તેનું નિવારણ જણાવ્યા વિના રહે જ કેમ ?

શાસ્ત્રકારો જ વકીલ

શાસ્ત્રકારો જ્ઞાનદૃષ્ટિથી જ જોઇ રહ્યા છે તેથી તે રજૂ કરે છે. અનાદિ કાળથી જીવો રખડી રહ્યા છે એ જણાવે છે, શાથી રખડી રહ્યા છે એ પણ જણાવે છે. કોઇ જીવ ઉદ્યમ વગરનો નથી છતાં કાર્યસિદ્ધિ ન થવાનું કારણ જણાવે છે અને જીવ માત્રનું ધ્યેય સુખ

મેળવવું તથા દુઃખ દૂર કરવાનો તથા કાયમનું સુખ મેળવવાનો અમોઘ, અચૂક, અપૂર્વ ઉપાય બતાવે છે,

શાસ્ત્રકારોના હૃદયમાં કેવળ ભાવ-દયા છે.

અશરણ જગતમાંની ચારે ગતિમાં કે પાંચ જાતિમાં રખડી રહેલા જીવોની પરિસ્થિતિ તેઓ નજરોનજર નિહાળી રહ્યા છે અને એ રખડપટ્ટીથી એ જીવોનો કેમ નિસ્તાર થાય, એ જ એક એ આત્માઓની ભાવના છે. એથી જ તેઓ પ્રથમ તો સ્થિતિનું ભાન કરાવે છે, અનાદિ કાળનો ઉદ્યમ વિપરીત દિશામાં હતો એમ જણાવે છે. તથા હવે શી રીતે નિસ્તાર થાય ? શાશ્વત સુખ શી રીતે પ્રાપ્ત થાય ? દુઃખ સદાને માટે શી રીતે દૂર થાય ? એ તમામ જણાવે છે.

હવે એ ઉપાયો કયા કયા ક્રમે, કઈ યુક્તિએ અજમાવાય અને કાર્યસિદ્ધિ કરાય, તે સંબંધી શાસ્ત્રકારો, એ ભાવદયા પ્લાવિત તત્ત્વજ્ઞાની મહાત્માઓ જ કાંઈ કહેશે.

આ રીતે શાસ્ત્રકારોનાં વચનોને સદ્દહી, તદનુસાર પ્રવૃત્તિ કરશે તે ભવ્યાત્માઓ આ ભવ પરભવ ઉત્તરોત્તર પ્રગતિશીલ બની પ્રાંતે મોક્ષસુખમાં બિરાજમાન થશે.

જે લડાઈમાં તું સામેલ હોય તે લડાઇ થઈ રહે પછી નિરાંતે બેસી વિચાર કરીશ, તો તને ભૂલ માટે પશ્ચાત્તાપ થશે. સામો માણસ ગુનેગાર હશે, તો પણ તું માફી આપવામાં મગરૂરી માનીશ.

વ્યા ખ્યા ન

મનુષ્યભવની પ્રાપ્તિ શાથી ?

૩૯

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **પંચાશકની** રચના કરતાં જણાવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિથી રખડી રહ્યો છે. તેને રખડતાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી મુશ્કેલ હતી, કારણ કે મનુષ્ય-ભવની પ્રાપ્તિ તો પુણ્ય-પ્રકૃતિ મળે તો જ થાય. આ જીવ એકેંદ્રિયમાં રહ્યો થકો આટલી પુણ્ય-પ્રકૃતિ મેળવે કયાંથી ? ક્રમે એકેંદ્રિયમાંથી આગળ ચાલતાં મનુષ્ય થયો.

એવું એકેંદ્રિયમાં શું કર્યું કે જીવ બહાર આવ્યો ?

અકામનિર્જરા.

જો કાર્ય કરતી વખતે કર્મ તોડવું છે એવી ભાવના ન હોય, પણ કર્મ તૂટી જાય તો તે અકામ નિર્જરા. એકેંદ્રિય બધા સરખાં દુઃખ ભોગવે છે પણ બુરા પરિણામમાં જ રહે 'આંધળાએ રસી વણવા માંડી ને વાછરડો ખાઈ જાય' તેવું અકામ નિર્જરાથી ફળ થતું હતું.

સૂક્ષ્મ એકેંદ્રિય નિગોદપણામાં આ કર્મ, આ બંધ, એનાથી હેરાન થવાય તે વગેરેનો ખ્યાલ તેને કયાંથી ? જેનો ખ્યાલ ન હોય તેની મનસા કયાંથી થાય ? ત્યાં જેવો પ્રયત્ન થઈ રહ્યો છે, તેવો પ્રયત્ન વારંવાર થઈ શકતો નથી. મનુષ્યજિંદગીમાં હો તો ચેતવાનો અવસર છે. કર્મ કે કર્મબંધના કારણ સમજી શકો છો. આવી તમારી સમજવાની શક્તિ છે.

સમશેરવાળો રાજપૂત

કોઈ રાજપૂતના હાથમાં તલવાર આવી હોય, યુવાન હોય પણ અફીણ ખાય ને પડી જાય તો શું થાય ? એની સમશેર, શૌર્ય શા કામનાં ? શત્રુ હલ્લો કરે તો જોવાવાળાને શું થાય ? રાજપૂતને જેટલું ખરાબ ન લાગે તેના કરતાં જોવાવાળાને હજારગણું ખરાબ લાગે. રાજપૂત તો ઘેનમાં છે. તેમ જીવ મોહમદિરામાં છકેલો છે. તેની પાસે સમશેર છે. સમશેર ચલાવે તે રૂપ પરિણામ ચઢાવે તો મિથ્યાત્વથી ચઢતો થકો તે પણ સમ્યક્ત્વ પામીને મોક્ષ મેળવે. પરિણામની સમશેર હોવા છતાં તાકાત ન હોય તો શું કરે ? એની તાકાત અનંત વીર્યવાન. લોકાકાશમાં જે અણુ છે તેની ગણતરી અનંત હોય છે. શૌર્ય આટલું છે, સમશેર છે, પહેલવાનપણું છે. બેઇન્દ્રિય વગેરેની ગતિ બચ્ચા જેવી છે. આવું સ્વરૂપ છતાં કર્મ પગ દે છે. અનંતવીર્યનો માલિક એવો આ જીવ બેઘડીમાં મોક્ષ મેળવી શકે. જ્યારે જીવ પર કર્મ જોર કરે છે ત્યારે એ તો મોહમાં છે, પણ કેવળી મહારાજ, શાસ્ત્રકાર સાવચેત છે. આવી તાકાતવાળા પર કર્મ હલ્લો કરે છે ! કેવળી મહારાજ તો તેવા હલ્લાથી બચી ગયા છે પણ બીજા પર હલ્લા આવે તે દેખીને ગ્લાન થાય છે.

અહિંસા એટલે યતના

ભગવાન્ કેવળી થઈને કેમ રહે છે ? ધર્મ કહેવાથી મોક્ષ જલદી નથી, ન કહેવાથી સંસારમાં રખડવાનું નથી, કારણ એક જ છે : જીવોનું દુઃખ મટાડવાનું, તારવાનું. દુઃખથી મુક્ત કરવાની બુદ્ધિ ન રહે તો તારવાની વાત કયાં રહે ? 'બીજાનું જીવવું ચાહતો નથી પણ હિંસા છોડવી ચાહું છું' આનો અર્થ શું ? પ્રાણનો વિયોગ તેનું નામ હિંસા. જીવ તો અમર છે, મરતો નથી, તેનો આદિ, અંત નથી. જીવને મરવાવાળો નાસ્તિક માને છે. તો હિંસા શી

ચીજ ? જો જીવના પ્રાણનો વિયોગ એનું નામ હિંસા હોય તો હિંસા છોડવી તેનો અર્થ શો ? જીવના પ્રાણનો વિયોગ ન કરવો, મરણ નહિ કરવું, હિંસાનું છોડવું. તેનો અર્થ એ થયો કે મરણથી બચાવવું. કોઇ કોઈને મારી શકતો નથી. કોઇ કોઈને બચાવી શકતો નથી, તો જગતમાં હિંસા ચીજ ક્યાંથી ?

યતનાથી ચાલો. તેનો અર્થ શો ? યતના અથવા અહિંસામાં ફરક શો ?

અહિંસા–હિંસાથી હઠી જવું. યતના–હિંસા ન થાય તેવી રીતે પ્રયત્ન કરવો, યતના ત્યારે થાય કે જ્યારે બચાવવાનો પ્રયત્ન થાય. બચાવવાનો પ્રયત્ન ન માનો તો યાતના ચીજ શી ? 'એવી જગ્યાએ પરઠવવું, ટટ્ટી જવું' એનો અર્થ એ છે કે જીવો મરે નહિ.

શા માટે તીર્થંકર નામકર્મ બાંધે છે ?

સંસારભરના દુઃખને જ્ઞાનીઓએ જોયું. તે જોઇને જ્ઞાનીને દયા આવી. તેથી તેમણે ધર્મકથન કર્યું, તીર્થંકર નામકર્મ કયારે ઉપાર્જન કર્યું ? જગતને દુઃખથી હઠાવી દઉં. આધિ, વ્યાધિ, ઉપાધિમાં લોકો ડૂબી રહ્યા છે તેને કાઢવા. ૧૨૦ પ્રકૃતિ બંધમાં આવે છે, પણ એક એવી પ્રકૃતિ છે–(જ્ઞાનાવરણીય વગેરે અનુપયોગથી બંધાય છે. બાંધવા ચાહો કે ન ચાહો પણ એ બંધાય છે.) જિન નામકર્મ તે આવીને લાગવાવાળી ચીજ નથી. લાવીને લગાડવી પડે છે.

શંકા–કર્મ લાવી શકો છો ?

ઉ૦–બેશક. વીશસ્થાનકની આરાધનાની ક્રિયા એને માટે. જગતના ઉદ્ધાર માટે ક્રિયા કરે તે તીર્થંકર નામકર્મ બાંધી શકે છે.

શંકા–જાણી જોઇને આત્માને કર્મ લગાડયાં ? મોક્ષે ત્રીજા ભવમાં જવું હોય તો જાય, પણ કર્મ શા માટે લગાડયાં ? ત્રીજા

ભવમાં મોક્ષે જઓ તેની હરકત નથી. તીર્થંકર નામકર્મ જાણી જોઈને કેમ લગાડ્યું ? આત્માની હિંસા કઈ ? જાણી જોઈને કર્મ બાંધે તે. તીર્થંકર નામકર્મ જાણી જોઈને, પ્રયત્ન કરીને, તપસ્યા કરીને તીર્થંકર નામ લગાડ્યું.

સમા૦–જગતનું દુઃખ જોઈને તે દુઃખ મટાડવાને માટે પોતાના આત્માને કર્મ લગાડ્યાં. ઉદ્ધારને માટે કર્મ લગાડવામાં આવે છે. કેવળી આ કર્મ બાંધતા નથી, વીતરાગ કર્મ બાંધતા નથી. આ કર્મ સરાગદશામાં બંધાય છે. તીર્થંકર નામકર્મનો બંધ ચોથાથી આઠમા સુધી થાય છે. આગળ બંધ નહિ. જ્યાં સુધી સરાગ હોય ત્યાં સુધી કર્મબંધ થાય છે.

શંકા–તીર્થંકર પોતે વીશસ્થાનકમાંથી કયું પદ આરાધે છે ?

સમા૦–એકે નહિ.

શંકા–તો પછી બીજાને ઉપદેશ કેમ કરે છે ?

સમા૦–સાધુ પોતે પૂજા કરે નહિ. છતાં બીજાને કેમ ઉપદેશ આ છે?

સાડી પહેરાવનાર ઓરત

એક શેઠ હતો. બીજા ગામમાંથી વેપારી આવ્યા. સારી સાડી આપી. શેઠનું મનપસંદ થયું. રેલ્વે મારફત બધો માલ આજે આવે છે, પહેલાં આવતો નહોતો. સાડી જોઈને ખરીદી લીધી. ઘેરે આવ્યા. ઓરતને બોલાવી કહ્યું : 'પહેર.'

ઓરત : 'વાત તો સાચી, પણ હું તમારા બાપા વિના બાતી નથી, તેથી આપ સાડી પહેરો, પછી હું પહેરું.'

'આપ પહેરો નહિ અને મને પહેરાવો છો ?' આમ કહેવામાં ઓરતની બેવકુફી છે. બેવકૂફ ઓરતે પોતાની અને સ્વામીની અવસ્થાનો વિચાર ન કર્યો. તેમ 'તીર્થંકર પોતે આરાધના ન કરે, પણ બીજાને

ઉપદેશ કરે' તેનો અર્થ તેમણે આરાધન કર્યું છે, આપણે કરવાનું છે. જિનેશ્વરનું પૂજન સંસારથી છૂટવા માટે છે. સંસારથી છૂટી ગયા છે તેને તેની જરૂર નથી.

'આપ કરો તો હું કરું' એનો અર્થ ઓરતની સાડી જેવો થાય. વીતરાગદશામાં તીર્થંકર નામકર્મનો બંધ નથી, પણ બીજાને દેખાડે છે કે આવું કરવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. છદ્મસ્થે કર્મ, કર્મનાં કારણ દેખ્યાં નથી. તીર્થંકરોએ એ દેખાડયું છે, 'આપ આરાધના કરો તો હું કરું.' તેનો અર્થ માલિકની પોતાની અવસ્થા ભૂલી જનારી ઓરત.

સમ્યક્ત્વ સારૂં કે મિથ્યાત્વ ?

સમશેરવાળાને કોળી, વાઘરી લાત મારે તે તેને ખરાબ ન લાગે, તેના કરતાં વધારે ખરાબ દેખવાવાળાને લાગે. સંસારીને ત્રાસ નથી લાગતો તેના કરતાં વધારે ત્રાસ તીર્થંકરોને લાગે છે.

શંકા–આપણે ૫૦, ૧૦૦ના રાગી, તીર્થંકર કોડાકોડના રાગી. તો તીર્થંકર કેવી રીતે તરી જશે ? તેમને તો તરવાનો રસ્તો જ નહિ.

સમા૦–રાગ ત્રણ પ્રકારે–કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ.

ઓરતની ઉપર રાગ તે **કામરાગ.**

પુત્ર, કાકા, મામા પર રાગ તે **સ્નેહરાગ.**

કુગુરુ, કુધર્મ પર રાગ તે **દૃષ્ટિરાગ.**

બચાવવા ચાહ્યું, ઉદ્ધાર કરવા ચાહ્યું તેમાં રાગ નથી. અહીં 'રાગ' શબ્દ તમે મનથી લગાવી દીધો.

શંકા–ઉદ્ધાર કરવામાં રાગ નથી. આવું કહો તો તીર્થ ચાલે નહિ. તીર્થ પ્રવર્તાવવું તે બચાવવાની બુદ્ધિએ. 'બચાવવાની બુદ્ધિએ પાણીમાંથી કાઢવા ચાહતો નથી, પણ તારવા ચાહું છું' એમ બોલે તેનો

અર્થ શો? કાઢવા ચાહે તે તારવા ચાહે. જગત્ જન્મ, જરા વગેરેથી ભરાયું છે,' તેને હાથ પકડીને ઉઠાવવાનું છે.

'ઉઠાવવું નથી પણ તારવું છે.' આમ કહો તેનો અર્થ શો?

સમા૦–સંયમનું ફળ દેવગતિ કેમ? આના કરતાં અવિરતિ રહેવું સારું ને? સમ્યક્ત્વવાળા એક અવતારી હોય કે નહિ? આનંદ આદિ શ્રાવક ચાર પલ્યોપમની સ્થિતિએ દેવલોકમાં જાય છે. સર્વાનુભૂતિ સાધુ આરાધના કરીને ૨૨ સાગરોપમની સ્થિતિએ ગયો. આથી સંયમ તો સળગાવી દેવો જોઇએ. એકલા સમ્યક્ત્વવાળો શ્રેણિક ૮૪ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી પછી મોક્ષે જશે. શું તરવું દૂર થઈ ગયું? શ્રેણિકની પેઠે અવિરતિમાં રહેત તો તરવું મુશ્કેલ ન થાત એમને? સંયમને સલામ કરી દેને? એકલું સમકિત જોઈએ? સમ્યક્ત્વ રાખવાવાળા વૈમાનિક સિવાય આયુષ્ય ન બાંધે. મિથ્યાદૃષ્ટિ બધાંનું બાંધે. સમકિતવાળાને બીજા ભવમાં મોક્ષ ન મળે તો સમકિતને સલામ કરી દો. તેમ કરો તો તરવું મુશ્કેલ કરો છો. સમકિત, દેશવિરતિ, સંયમ તરવું મુશ્કેલ કરી દે છે? ધર્મની પ્રવૃત્તિ, જિનેશ્વરનો ઉપદેશ આત્માને હિત માટે કરનારો છે.

દયાથી જ તીર્થંકરનો ધર્મોપદેશ

પુણ્યબંધથી ડરો તો મનુષ્યપણાને ધિક્કારો. મનુષ્યપણું કયાંથી આવ્યું? પુણ્યથી. 'पावाणं कम्माणं निग्घायणट्ठाए' એ વડે પાપથી હઠવા માટે શાસ્ત્રકાર કહે છે પણ 'પુણ્યકર્મ ક્ષય કરવા માટે આમ કરવું જોઈએ' એવું કોઈ જગ્યાએ નથી. વિચારવું નથી કે તીર્થંકરે કયી જિંદગીમાંથી વિચાર શરૂ કર્યો છે? રોગ, શોકથી આ ઘેરાઈ રહ્યા છે, તેને બચાવવા. અખંડ પરિણામ (સમશેર) ધારણ કરવાવાળા (જુવાન) કર્મથી ઘેરાયેલા જુએ. તે વખતે તીર્થંકરને દયા આવે છે.

પર્યુષણમાં વ્યાખ્યાન ચાર દિવસ, વ્યાખ્યાન સવાર સાંજ વાંચવું પડે, તેમાં છાતી તૂટી જાય છે. તીર્થંકરને રોજ છ કલાક દેશના આપવી પડે. દરરોજ મોટી સભામાં યોજનગામિની વાણીથી છ, સાત કલાક ઉપદેશ આપે. જગતના ઉદ્ધાર માટે આત્મામાં કેટલું લાગ્યું હશે ? ચાર દિવસમાં આપણે ચક્કર ખાઈએ છીએ. તો પછી યોજનગામિની વાણીવડે દરરોજ છ સાત કલાક ઉપદેશ દેવાવાળાને શુ શું થતું હશે ?

દયા એ સમ્યક્ત્વનું ચિહ્ન છે. રાગ એ મોહનું ચિહ્ન છે. અનુકંપા, ક્ષાયોપશમિક રાગથી સંસાર પાતળો હોય છે ? વિના સમકિતવાળી દયા એને અહિંસા ન કહેવાય? હાથીના જીવને સમકિત જ નથી. જીવોની આવી દશા જોઈને તીર્થંકરે ધર્મોપદેશ દીધો. ધર્મોપદેશમાં કહ્યું કે સર્વ પાપને છોડી દો. સર્વથા છોડી ન શકો તો દેશથી પાપ છોડો. દેશથી પાપ છોડો, તેનું નામ દેશવિરતિ. છૂટ્યું તેને છોડવું શી રીતે? જેણે દેશથી પાપનો પરિહાર કર્યો હોય તેણે એવું કામ કરવું કે સર્વથા પાપથી છૂટી જાય. હું કેમ રહ્યો છું ? પાપ પ્યારૂં લાગે છે, અહીં ફસ્યો છું. ઓરત, પૈસાની મમતા મને મારી રહી છે, આ મમતા છૂટતી નથી, એને માટે શું કરવું ?

તરવા માટે ભક્તિ

મમત્વ ભાવ હઠાવવા માટે તારવાનો ભાવ ખડો કરવો. ધર્મોપદેશ દેવાવાળા પર રાગ થઈ જાય. તીર્થંકરની ભક્તિમાં લીન થવું.

શંકા–હીરો મોંઘી કિંમત નથી કહેતો, લાખની કિંમત હીરા પર લખી નથી. ભગવાન્ બોલતા નથી. તેની પાસે શા માટે જવું ?

સમા૦ કિંમત ઝવેરી પીછાને, તેમ દ્વેષવાવાળા વીતરાગપણું પીછાની લે. ઉત્તમ ગુણની શ્રદ્ધા–શાસ્ત્રના અનુસાર ચાલવાવાળા સાધુની સેવા,

તીર્થંકરની ભક્તિ, આગળ આગળ મોક્ષને માટે એ સાધન જોઇએ. એ સાધનની શ્રદ્ધાથી, તીર્થંકરના ઉપદેશથી એ વાત નિશ્ચિત છે કે–સાધુને માટે ગચ્છવાસ. ગચ્છ છે તે પતિત પરિણામવાળાને ઉદ્ધારવાવાળો. સમુદાય આવ્યો હોય તો વ્યાખ્યાનનો લાભ. એકલા જાઓ તો કિંમત ઘટાડો, તેથી શું ધર્મનું કાર્ય કરી શકો છો ? ધર્મના કાર્યમાં શ્રદ્ધાથી ઉદ્યમ કરશો તો મોક્ષસુખમાં બિરાજમાન થશો.

"दर्शनात् दुरितध्वंसी, वंदनात् वांछितप्रदः।
पूजनात् पूरकःश्रीणां, जिनः साक्षात् सुरद्रुमः ॥ १ ॥

જિનેશ્વર એટલે સાક્ષાત કલ્પદ્રુમ

મહાનુભાવો ! આ દુનિયામાં પ્રાણીઓને (મનુષ્યોને) કલ્પદ્રુમ ઇચ્છિત આપનાર ગણાય છે. જો કે રત્નચિંતામણિ, કામધેનુ ઇત્યાદિ પણ ઇચ્છિત આપે છે પણ તેને માટે વિધિપૂર્વક સાધના કરવી પડે છે, જ્યારે કલ્પવૃક્ષ તો વગર સાધનાએ, પ્રાર્થના કરનારને ઇચ્છા-માત્રથી, યાચનામાત્રથી જે ઇચ્છે તે તરત આપે છે. એ વાત થઈ પુદ્ગલને અંગે. હવે આત્માને અંગે એ કલ્પવૃક્ષની તાકાત નથી કે આત્મહિતકર ઇષ્ટ સમર્પે.

શ્રી જિનેશ્વર જ સાક્ષાત્ એવા કલ્પવૃક્ષ છે, જે આત્માને દુન્યવી કલ્પવૃક્ષ આપે છે તે તો આનુષંગિકરૂપે આપે જ છે. કિન્તુ આત્મીય ઇષ્ટ સમર્પે છે, તેઓ દર્શનમાત્રથી દુરિત દૂર કરે છે, તેઓ વંદના કરવા માત્રથી વાંછિત આપે છે અને પૂજન કરવાથી કેવલજ્ઞાનરૂપ લક્ષ્મી-અનંત લક્ષ્મી પૂરી પાડે છે, એવા દેવ દેવાધિદેવ કેવળ શ્રી વીતરાગ જ છે, શ્રી જિનેશ્વર જ છે.


આ દુનિયામાં મોટો ભાગ મૂર્તિ માનનાર છે. મૂર્તિ ન માનનારો વર્ગ ઘણો ઓછો છે, તે વર્ગ પણ પ્રકારાંતરે તો એક નહિ તો બીજા રૂપને માને છે. વિષ્ણુ. બ્રહ્મા આદિની મૂર્તિને વંદનાર, પૂજનાર

'હું વિષ્ણુ થઉં, બ્રહ્મા થઉં' એમ માગતો નથી અને એ માટે તે પૂજાદિ કરતો નથી. ત્યાં આદર્શ નથી. ત્યાં તો પૂજાદિ બદલારૂપ છે. એ દેવે જન્મ આપ્યો, સુખ આપ્યું માટે પૂજા કરવી એ હેતુ છે.

અહીં તો આત્માને ગુણી બનવું છે, કેવળજ્ઞાનમય લક્ષ્મી જોઈએ છે, શ્રી જિનેશ્વર દેવ પોતે તેવા સમૃદ્ધ છે માટે તેમની પૂજા છે. તેઓ આદર્શરૂપ છે.

જે માગો તે આપે તે કલ્પવૃક્ષ. વીતરાગપણું, કેવળજ્ઞાનાદિ લક્ષ્મી માગો અને તે આપે એવા શ્રીવીતરાગ પરમાત્મા જ છે. શ્રી જિનેશ્વર દેવ જ સાક્ષાત્ એવા સુરદ્રુમ છે.

જે ભવ્યો આ સમજીને એ અનુપમ સુરદ્રુમને સેવશે તેઓ આ ભવ, પરભવ, દુન્યવી કલ્પદ્રુમ તરફથી અપાતી સાહ્યબીની જેમ ગણિપણે તેવી સમૃદ્ધિ ભોગવી પ્રાંતે મોક્ષરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરશે.



વ્યાખ્યાન ૪૦ નગ્નતા અંગેની માન્યતા

भावो वि मणोविसओ मणं च अइदुज्जयं निरालंबं ।
तो तस्स नियमणत्थं कहियं सालंबणं झाणं ॥

નાગા આવ્યા એવું કોણ માને?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે શ્રીપાળચરિત્ર રચતાં થકાં સામાન્ય રીતે આગળ જણાવી ગયા કે–મનુષ્યોને ઉત્તમ વસ્તુ મળવી મુશ્કેલ છે, પણ **જીવોને ઉત્તમ વસ્તુ મળવાની મુશ્કેલી કરતાં, મળેલી વસ્તુનો સદુપયોગ થવાની લાગણી થવી તે ઘણી જ મુશ્કેલ છે.** આપણને શું મળ્યું છે? જે ચીંથરાને તત્ત્વ ગણવાવાળા છે, તે કહે છે કે 'નાગા આવ્યા છીએ,' પણ વિવેકી મનુષ્ય 'નાગા આવ્યા છીએ' તે વિચારવાળો ન હોય. જે વસ્તુ હું લઇને આવ્યો છું તે વસ્તુ માત્ર કેટલાકને જ મળેલ છે. લુગડાનું ચીંથરું, કોડી પણ લઇને આવ્યા ન હતા તે વાત ખરી છે. આંધળો સૂર્યને પણ ન દેખે, ચાંદને પણ ન દેખે તેથી ચાંદ, સૂર્ય નથી એમ વિવેકી મનુષ્ય માની શકે ખરો?

'નાગો આવ્યો, ખાલી આવ્યો' એમ કોણ ગણે?

જે પદાર્થ આ જીવ લઈ ને આવ્યો છે તે બીજી લઈને આવતો નથી. વિવેક વિનાના, વિચારશૂન્ય હોવાને લીધે બોલે છે–'નાગો આવ્યો છે.' એની પાસેની શક્તિ, ઋદ્ધિનો આ જીવને ખ્યાલ રહ્યો નથી તેથી 'નાગો આવ્યો, ખાલી આવ્યો' એમ વારંવાર બોલ્યા કરે છે. ભંડાર ભરીને આવ્યો છે, તે વિચાર નથી, તે વસ્તુ તરફ દૃષ્ટિ નથી. તેથી વિચાર ન આવે.

કીડીને કણની દરકાર, કીડીની અપેક્ષાએ મોતીની ગુણ નકામી. **બાહ્ય પદાર્થના અર્થી થયા તેથી અંદરના પદાર્થ ચાહે તેટલા** સારા હોય તે નકામા, ઝવેરીની મોતીની ગુણ કરતાં દાણાની કણની કિંમત કીડી ઓર ધરાવે છે. તે લુગડાં લઈને આવ્યો. વેચીને ચીજ લઈને આવ્યો હોય તેના કરતાં અપૂર્વ ચીજ લઈને આવ્યો છે.

મનુષ્યમાં જે અવતરે છે, તે નાગો, ખાલી અવતરતો નથી, પણ દુનિયાદારીએ લુગડું લઈ ને આવતો નથી તેથી નાગો કહેવાય છે. આ લુગડું લઈને આત્મા અવતર્યો છે કે જે જિંદગી સુધી ફાટતું નથી. આત્માનું લુગડું લીધા વિના કોઈ અવતરતું નથી. મનુષ્ય ભવનું આયુષ્ય મેળવ્યા વિના કોઈ મનુષ્ય જન્મતો નથી. ખરી કિંમત પુણ્ય પ્રકૃતિની, તે મિલકત છે. તે વિના કોઈ અવતરતો નથી. નાગો કયાં આવ્યો ખાલી કયાં આવ્યો ? ખોળિયાનું નાગાપણું, તે ખાલીપણું જીવને લગાડી દેવું છે.

મમતાવાળા દેવની દશા

જે પુણ્યપ્રકૃતિ લઈને મનુષ્ય આવ્યો છે, તે દેવતાઓને પણ મળવી મુશ્કેલ પડે છે. એક સમયે જેટલા દેવતાઓ ચ્યવે છે એટલાને મનુષ્યપણાની પુણ્યપ્રકૃતિ મળતી નથી, એક સમયે જેટલા દેવતાઓ આવે છે તેટલાઓ પાસે પણ તે નથી. દેવતાપણામાં ગયેલા, મહર્દ્ધિક થયેલા એવી થપ્પડ ખાય કે ડાચાં ખરડાઈ જાય. મનુષ્યો જેટલી થપ્પડ ખાઈને હાડકાં ગળે બાંધનારા થાય તેના કરતાં અસંખ્યાતગુણા હાડકાં દેવતા બાંધનારા થાય છે.

શેઠ હતો. રત્નો મેળવી રાખ્યાં. ખાટલાની ઇસમાં નાખ્યાં. છેલ્લી વખત મમતા રહી તેથી આમ હાથ રહી ગયો. જીવ ચાલ્યો ગયો. હાથ ન ખસ્યો. રત્નના મમત્વવાળાનો જીવ ચાલ્યા ગયા છતાં માચાને હાથ બાઝી રહ્યા. દેવતાનો ભવ ચાલ્યો જાય, છતાં ભૂત થઈને ઘરેણાંને

વળગી રહે. મનુષ્યો તો ભૂત થાય કે ન થાય તે આગળ વિચારીશું, પણ **મમતાથી મરેલા દેવતાઓ ભૂત છે.** ભૂત એટલે ભૂત નહિ. મમતાવાળો દેવતા મરીને ભૂત થાય એટલે પૃથ્વી, પાણી વગેરેમાં ઉપજે. વાવડીમાં મમતાથી ઉપજે, તો કમળમાં ઉપજે. મમતા ભાવે મરીને દેવતાઓ ભૂત થાય છે. મનુષ્યો થાય છે પણ મુઠ્ઠીભર. દેવતાઓ અસંખ્યાત પૃથ્વી, અપૂ વગેરેમાં જાય છે. અસંખ્યાત મનુષ્યો મરવાના નથી તો પૃથ્વીકાય આદિમાં જવાના કયાંથી? દેવતાપણું પામીને શું ફાયદો કાઢયો? મમતાભાવ ચોંટાડનારું દેવતાપણું મળે તો તમાચો મારીને મોઢું લાલચોળ થયું. તેમાં તત્ત્વ નહિ. મમતાભાવે મળેલું દેવતાપણું ભૂત કરી દે.

દેવપણાની ખરી સુંદરતા શામાં?

શાસ્ત્રકારોએ બે વસ્તુ જણાવી : ૧. ગતિ, ૨. પ્રત્યાગતિ. ધર્મનું સારાપણું જણાવતાં બે વસ્તુ જણાવી. મનુષ્યભવથી અનંતર દેવપણું મળે તે ગતિ. દેવપણું ભોગવીને આર્યક્ષેત્ર, પંચેંદ્રિયપણું વગેરેમાં આવવું તે પ્રત્યાગતિ. ધર્મ આરાધન કરવાવાળાને ગતિ, પ્રત્યાગતિ સુંદર હોય. પ્રત્યાગતિની સુંદરતામાં ખરી ખૂબી છે. ગતિની ગતિમાં મોહ છે. તે મુંઝવનારો છે. દેવગતિમાં ગયા છતાં પ્રત્યાગતિ બગડી ગઈ. પૃથ્વીકાય આદિમાં ઉતરી ગયા તો દેવપણામાં શું મેળવ્યું? દેવપણાની ખરી સુંદરતા એ પ્રત્યાગતિની સુન્દરતા ઉપર આધાર રાખે છે. પ્રત્યાગતિની કિંમત હવે ધ્યાનમાં આવશે. દેવતાને પ્રત્યાગતિ સુંદર મળવી મુશ્કેલ. **સૌધર્મ**, ઈશાન દેવલોકે ગયા ત્યાંથી એકેંદ્રિયમાં ઊતરી ગયા તો **સૌધર્મ** દેવલોકમાં શું? જે પ્રત્યાગતિના નામે શુદ્ધ સ્થિતિ દેવતાને મળવી મુશ્કેલ તે શુદ્ધ સ્થિતિ મનુષ્ય લઈને અવતરેલો છે.

દરિદ્ર પણ ભરપૂર બળનો લઈને આવેલો છે

બાલી કેમ? આપણે એની કિંમત ગણી નહિ, પણ ભરપૂર બળનો

લઈને આવેલો છે. શ્રીમંત પાંચ પૈસા રળે તેમાં એટલી બધી કિંમત નથી ગણતો. ગરીબ હોય, ઊંચે ન ચઢયો હોય, તે કિંમત ગણે. આ અખૂટ ભંડાર દરિદ્રનો છોકરો લઈને આવ્યો છે. જે પ્રત્યાગતિ દેવતાને મળવી દુર્લભ, તે ઉત્તમ કુળ વગેરે લઈને આવ્યો છે. અનંતા જીવ એકઠા મળતા હતા. એકઠા મળીને ઉદ્યમ કરતા હતા, ત્યારે સૂક્ષ્મ શરીર મેળવી શકતા હતા. આંગળના અસંખ્યાતમા ભાગના સૂક્ષ્મ શરીરની કંપનીનો હિસ્સાદાર હતો. અનંતા ભાગીદારોમાંનો એક. સૂક્ષ્મ નિગોદનું શરીર, આંગળાના અસંખ્યાતમા ભાગનું. અનંતા જીવો મળતા હતા. તે શરીર બનાવતા હતા. તેમાંનો આ આ જીવનું ગોત્ર દેખીએ તો આ છે. આવી સ્થિતિવાળાએ અત્યારે બાદરપણું, ત્રસપણું પંચેંદ્રિયપણું, સંજ્ઞી પંચેંદ્રિયપણું મેળવ્યું છે. એ વગેરે લઈને આવે છે. એ દરિદ્ર આ સ્થિતિએ ચઢેલો છે. તેનો ખ્યાલ જ આવતો નથી. મોતીની ગુણ ઉપર ચઢેલી કીડી દેખે કે ખાલી ભટકે છે. આ જીવને પુણ્યપ્રકૃતિનો વિચાર ન આવે તો કાંઈ નથી એમ માલુમ પડે. ઝવેરીને ખ્યાલમાં આવે કે આ ગુણ શાની ? પુણ્યપ્રકૃતિ જે મળી છે તેની. તેને જોવાના ચશ્મા ચઢાવીએ તો માલુમ પડે કે જીવ કેટલું લઈને આવ્યો છે ? સંજ્ઞી પંચેન્દ્રિપણાની શક્તિ, આર્યક્ષેત્ર વગેરેની શક્તિ લઈને આવેલો છે. એટલે શક્તિ અહીં મેળવેલી નથી.

કુપુત્ર ને સુપુત્રમાં ફેર શો ?

વેપારી પરદેશમાં કમાય, દેશમાં તો અમનચમન કરે. આ ભવમાં તો આ જીવ લાવેલું ભોગવે છે. પરદેશી મુસાફર પરદેશથી કમાઈ કરીને લાવે; દેશમાં બેઠો બેઠો ખાય. પરભવથી કમાઈને લાવેલો તે બાધા કરે છે· બોજું કેમ થાય છે? તેનો વિચાર આવતો નથી.

બાપથી અધિક થાય તે સુપુત્ર.

બાપનું મેળવેલું ફનાફાતિયા કરે તે કુપુત્ર. પરભવમાં મેળવેલું

ફનાફાતિયા કરે તે કુપુત્ર ગણાય. નવું કયું મેળવીએ છીએ તેનો વિચાર કરો. જે ટકાવ્યા વિના પહેલાનું રળેલું ખાય તે રાંડીરાંડ કરતાં ભૂંડો. રાંડીરાંડના હાથમાં મિલ્કત આવી હોય, તે વ્યાજે મૂકે. મૂડી ખવાવા ન દે, વ્યાજમાંથી પૂરું કરે. આપણે મૂડીમાંથી ખાઇએ. પરભવનું મનુષ્યપણું, પંચેંદ્રિયપણું, આયુષ્ય ભોગવતા જઈએ, નવા મેળવવાનું કાર્ય ન કરીએ તો રાંડીરાંડ કરતાં ભૂંડું. જ્યાં સુધી સંજ્ઞી પંચેંદ્રિયપણું મેળવી લો ત્યાં સુધી રાંડીરાંડ કરતાં સારા નહિ. મિલ્કત રાખીને નિર્વાહ કર્યો તેમાં વળ્યું નહિ. મરદ શાની ઉપર? મસાલો મેળવે. તેમ આપણે ખરેખર મરદ તરીકે રહેવું હોય તો આવતા ભવની ઉત્તમ ગતિનો મસાલો મેળવવો જોઇએ. ઘરનો માલિક લાવી આપે તે રાંધી આપે. પરભવે બાંધેલું તે પકવીને ખાતા જઇએ છીએ. નવું ભરવાની વાત નથી. પહેલાં એ વિચાર આવવો જોઇએ કે મનુષ્યપણાની ગતિથી નીચો ઊતરું નહિ.

મળેલી મિલ્કતને વાપરતાં શીખો

હવે કયાં ઊતરવા માગીએ છીએ? ઘો વાઘરી વાડે જાય છે તે મરવા જાય છે, તેમ ધારીને જતી નથી. ગઈ તે મરવા ગઈ એમ કહેવાય, તેમ આપણે માયા-પ્રપંચરહિતપણે વર્તવાવાળા ન રહીએ, પછી કહીએ મનુષ્યપણું ન છોડીએ તે શું કામ લાગે? દયાળુપણું ન રહે, માયારહિતપણું, સરળતા ન રહે તો પછી મનુષ્યપણું સારવાનો ધંધો. મનુષ્યપણું મોટી મિલ્કત મળેલી છે. તેને ઉડાવી નાંખો નહીં. ઉડાવી નાખો તો પાછા કયારે ફરી મેળવશો? ઉડાવવું, નવું ન મેળવવું તે કુલીન છોકરાને શોભતું નથી.

આ ઉપરથી એક જ વાત નક્કી કરી કે દરેક જીવ મનુષ્યપણામાં જન્મે છે. તે ખજાનો લઈને આવેલો છે. તે ખજાનાનો ઉપયોગ કર્યો?

કિંમતી હીરાનો ખ્યાલ કર્યો નથી. બાદર, ત્રસપણા, પંચેન્દ્રિયપણા કરતાં મન મળ્યું તે જબરજસ્ત કિંમતી છે. તે ઘણા જ ઓછા મનુષ્યોને મળે છે. મનુષ્ય થયા, મન ન મેળવ્યું તો ? સંમૂર્ચ્છિમ મનુષ્ય કહેવાય. મન એમને મળેલું નથી. એ મન આપણને મળેલું છે. મનના માલિક આપણે. હવે મનનો ઉપયોગ કેમ થાય છે, તેનો વિચાર કરીએ. તે આપણને ધ્યાનમાં આવતું નથી.

આર્ત્ત, રૌદ્રધ્યાનરૂપી મૂતરના કૂંડામાં મોઢું ન ઘાલો

મૂત્ર અને અમૃતના બે કૂંડાં આપણી આગળ પડેલાં છે. ખામીને લીધે મૂતરમાં મોં ઘાલીએ છીએ. આ મોઢાથી અમૃત પી શકો તેમ છો, છતાં આર્ત્ત, રૌદ્ર ધ્યાનના મૂતરના કૂંડામાં મોં ઘાલો છો. આર્ત્ત ધ્યાન કોને કહેવું ? જાનવર મૂતરનું કૂંડું વર્જે છે, તો પછી મૂતરનું કૂંડું કોને કહેવાય તે ન જાણે તો નિર્વજે તો કયાંથી ? દુનિયામાં 'ઓઈ રે, ઓ બાપ રે !' કહે તેને આર્ત્તધ્યાન કહો છો. રોકકળાટ કરવાં તેને આર્ત્તધ્યાન કહો સ્વપ્નમાં આર્ત્તધ્યાનનો વિચાર નથી આવતો. પાંચ ઈન્દ્રિયો, સ્પર્શ વગેરે વિષયો સારા મળ્યા હોય, તેને મેળવવા માગીએ તે બધાનું નામ આર્ત્તધ્યાન. કૂંડાથી મોં બહાર નીકળે છે ? આર્ત્ત, રૌદ્ર ધ્યાનના મૂતરના કૂંડામાંથી મોઢું બહાર નીકળે છે ? રાત દિવસ ઈષ્ટ રસ, ગંધ વગેરેની તથા ઈષ્ટ સ્પર્શ વગેરેમાં જતાં. પાછો વળી વકર્યો ઉંદર–કોળ. ઉંદર વકરે એટલે કોળ.

ઈષ્ટ સ્પર્શ વગેરેના વિષયોની પ્રીતિ કરતાં આગળ ગયા તો અનિષ્ટ રસ વગેરેમાં રસ વગેરેમાં અપ્રીતિમાં ગયા. ઉંદર વકર્યો, કોળ થયો. ઈષ્ટ વિષયો આવવાને ચિંતા, અનિષ્ટને ખસેડવાની ચિંતા તે બંને આર્ત્તધ્યાન. આર્ત્ત, રૌદ્ર ધ્યાનમાં મોઢું ઘાલવું તે મૂતરના કૂંડામાં મોઢું ઘાલવા જેવું છે. શબ્દ કઠણ પડે છે, કરવાની છૂટ.

અમારી જીભે તાળાં. ઇષ્ટ–અનિષ્ટના વિષયોના વિચારમાં રાતદિવસ ગુંથાવું, તેને અંગે ઉપદેશ દેનારને મોઢે તાળાં મારવાં. કથની કડવી લાગે છે, કરણી કડવી લાગતી નથી. કલ્યાણ ચાહતો હોય તો કરણી કડવી લગાડ. રોગ બતાવનાર વૈદ્યને ધોલ મારે તો રોગ જતો નથી, તેમ સત્ય કહેનારા તેને અંગે દુઃખ લગાડીશ તો શું વળવાનું ?

બાહ્ય રોગ કાઢવા કરતાં અભ્યંતર રોગ કાઢો

તમે ઇષ્ટ વિષયો તરફની પ્રીતિ, અનિષ્ટ વિષયો તરફની અપ્રીતિ છોડો તો કોઇ દિવસ કહેવાનો વખત ન આવે કે મૂતરના કૂંડામાં મોઢું ઘાલો છો. કુપથ્ય કરીને તાવ લાવી બેઠો છે, પછી ડોકટર, વૈદ્ય નાડી જોઇને કહે છે તાવ આવે છે, તો ડોકટર, વૈદ્યનો વાંક શું ? રોગની ઉપર અપ્રીતિ ન થાય અને વૈદ્યનો દ્વેષી થાય તો પરવાર્યો. ઉપદેશનો દ્વેષી થાય, વિષયનો દ્વેષી ન થાય તે પરવાર્યો. શરીરમાં કોઈ પણ વેદના તે વેદના કયારે મટે તેનો વિચાર તે આર્ત્તધ્યાન. ઇષ્ટ વિષયોને મેળવવાના, અનિષ્ટને દૂર કરવાના વિચારો તે આર્ત્તધ્યાન. કોઈનું નાણું જમે કર્યું છે. ઉઘરાણી આવે ત્યારે મનમાં થાય કે કયારે દુકાનેથી ઊતરી જાય, તેમ રોગ લેણું લેવા આવ્યો છે. કર્મ કેમ ખપાવું તે વિચારો.

લેણદારને પગથિયેથી ઊતરવા માગે છે તે બેઇમાની. કર્મો–પાપ બાંધ્યાં તે ભોગવવા રોગ આવ્યો. જે ઇષ્ટ વિષયો તરફ મનનું દોડવું, અનિષ્ટથી કંટાળવું, વેદના હઠવાના વિચારો તે આર્ત્તધ્યાન. પુત્રજન્મને દિવસે પોક મૂકે તે કઇ સ્થિતિમાં ? આપણને નિર્જરાનો વખતે રોવાનું થાય છે. ગુમડાં થાય છે ત્યારે શું થાય છે ? સનત્કુમારનું આખું શરીર રોગે ભરાઈ ગયું છે. કોઢ ગળતો, આંગળી સુદ્ધાં ચોકખી નથી. દેવતા કહે છે–'તારી દવા કરું ?' તે વખત કહે છેઃ 'મારા અંદરના રોગની દવા કર. બહારના રોગની દવા હું કરી શકું છું.' આપણે દવાને માટે

દોડાદોડ કરવાવાળા, આ દવા મોઢામાં ભરી છે તેનો ઉપયોગ નહિ કરવાવાળા. આપણે તાવે તરફડવાવાળા પણ ગળતા કોઢમાં જેનું રૂંવાડું હાલતું નથી. થૂંક લગાડવું તે મોંમાં દવા છે. આવી સ્થિતિમાં જે સહન કરવું તે આત્મધર્મ માને છે. કયી સ્થિતિમાં આત્મા રહેવો જોઇએ? મોક્ષ એમને એમ જોઇએ છે. જાનમાં જવું છે. વહેલો દોડાવવી છે. એમનો સાધેલો મોક્ષ આપણે લેવો છે. સહન કરવાની વાત આવે તો મોઢું છૂપાવી દેવું છે. વેદના મરણાંત હોય, અગર હેરાન કરવાવાળી હોય, તેને દૂર કરવાનો વિચાર કરવો તે આર્ત્તધ્યાન.

સાધુઓ દવા કયા હેતુથી કરાવે છે?

એક શંકા જરૂર થશે કે સાધુઓ દવા કેમ કરાવે છે? સાધુઓ આર્ત્તધ્યાનમાં ગયા? આપકી છાશ મીઠી, પારકા દૂધ ખટ્ટા. પણ સાધુ દવા કરતાં કયા પરિણામ કરે છે? સારું થવા માત્રથી છૂટી આપી નથી. કોઈ પણ અપવાદ પદને સેવનારો કોઈ પણ દવા કરાવનારો, કોઈ પણ આલંબન લેનારો મુનિ આ વિચારવાળો હોવો જોઇએ કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી જે માર્ગ તેને વિચ્છેદ થતો અટકાવીશ. વેદના ખસેડીને કરવું શું? ધનમાલ મિલકત ભેગાં કરવાં છે? બાયડીનું રક્ષણ કરવું છે? સમ્યગ્દર્શન આદિનું રક્ષણ કરવા કટિબદ્ધ થઈશ. ત્રણેમાં પ્રયત્ન કરી શકે તેમ થઈશ. જિનેશ્વરના આગમોને ભણીશ. માર્ગના અવિચ્છેદ, અભ્યાસના વિચારમાં જેઓ લીન રહ્યા હોય તેને રોગ અભ્યાસમાં વિઘ્ન કરનાર માલુમ પડે. તમને વેપાર થતો નથી, ઉઘરાણીએ જવાતું નથી. રોગ ખસે તેનાથી જે નિર્જરા થાય, તેના કરતાં અભ્યાસથી નિર્જરા મેળવી લઉં. બધા ભણુવાવાળા ન હોય. આખા સમુદાયને નીતિથી ચલાવીશ. આચાર્ય, બાળ, ગ્લાનની સેવામાં, તપ ઉપધાનમાં ઉદ્યમ કરવાવાળો થઈશ. આવી રીતે આલંબનપૂર્વક અપવાદ પદને સેવનારા તે બંધાએલ કર્મોનો નાશ કરે છે. ધર્મસાધનની અપેક્ષાએ સાધુઓને દવાની છૂટ.

મનરૂપી ભૂતને પલવાર નવરાશ ન આપો

ઇષ્ટની ઇચ્છા, અનિષ્ટની અપ્રીતિ; વેદનાથી દૂર રહેવું તે જ આર્ત્તધ્યાન નહિ, તે ભવાંતરે મળે, તે આર્ત્તધ્યાન. મનરૂપી અણમૂલ મોતી કોની કોટે બંધાયું છે? કાગડાની કોટે બંધાયું છે. આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન કાગડા છે. આર્ત્તરૌદ્રના ચાર ચાર પાયા. મન કઈ જગ્યાએ જાય છે? કરવું શું? મન ચીજ એવી છે કે લાખ ખરચીને લીધેલું ભૂત.


શેઠિયાનો છોકરો હતો. તેણે ભૂતના પરાક્રમ સાંભળ્યાં હશે. એકકે પરાક્રમ દેખ્યું નહિ. ત્રણે જાતની વસ્તુ જે હાટે મળે તે જગ્યાનું નામ કુત્રિકાપણ. શેઠિયાનો છોકરો કુત્રિકાપણે ગયો.' તારે ત્યાં ત્રણ જગતની વસ્તુ મળે છે કે નહિ? ભૂત છે કે નહિ? છે 'તો લાવ.' ભૂત ઉપર આખી દુકાન ચાલે. લાખ બેસશે. છોકરાએ લાખ કબૂલ કર્યા. કંપાઉંડર ઝેરી દવા આપે તો પોઇઝન લખે છે, 'ભૂત આપવા તૈયાર છું. 'જે કામ અઘરામાં અઘરું કહે તે પલવારમાં કરી નાંખે. કામ ન ભળાવે તો તારું નખોદ કાઢશે.'

શેઠના છોકરાએ વિચાર્યું કે સારું કર્યું. કામ ભળાવીએ તો પલમાં કરે, ન ભળાવીએ તો અવળું પડે. અક્કલથી આંજી જાય તે ન પાલવે. તેણે કબૂલ કર્યું અને લાખ રૂપિયા આપ્યા. ભૂત લીધું. ઘેર આવ્યો ને વિચાર કર્યો, 'કરવું શું? જે કામ બતાવે તે પલકમાં કરે.' વાડામાં કૂવો. ખોદ, ઉપર વાસ બાંધ; દોરી બાંધ, હાંલ્લું બાંધ, કાણું કર, વાડકો લાવ' એ પ્રમાણે બધું કર્યું. જે વખતે કામ બતાવુ તે કરવું. જે વખતે કામ ન બતાવું તે વખતે તારે વાડકો લઈ, કૂવામાં ઉતરી, પાણી લાવી આ હાંલ્લામાં નાખવું. ધ્યાન રાખવું કે કાણું ન પૂરાઈ જાય. ભૂત શું કરે? ભૂતને ઘેર ભડકામણ આવી. વાણિયો અક્કલવાળો હતો તેથી તે ઘેરે ભડકામણ ન લાવ્યો.

કર્મરાજા પાસેથી મનરૂપી ભૂત વેચાતું લીધું. તેની તાકાત અંત

મૂહૂર્તમાં મોક્ષ આપવાની છે. નવરું પડે તો નખોદ કાઢે તેવા મનને શું કરવું? વાણીઆએ કૂવો ખોદાવી હાંલ્લું સોંપી દીધું તેમ મનને નવપદનું ધ્યાનરૂપી હાંલ્લું સોંપી દેવું તો ભૂતને ઘરે ભડકામણ થાય. 'भावोवि' ચારે પ્રકારના ધર્મની અંદર ભાવ કહેવાય છે. તે મનને અંગે બને છે. મન તો મારી પાસે છે,

ઉચ્છૃંખલ છોકરો હોય, તેને કબજે રાખવો મુશ્કેલ, એમ આત્માના ઘરમાં મન ઉચ્છૃંખલ, ઉલ્લંઠ છે. મનને જીતવું ઘણું મુશ્કેલ છે. હાથી ચાહે તેવો જબરો હોય પણ અંકુશ આગળ રાંક. અંકુશ આટલું નાનું હોય છે. મન આલંબન આગળ રાંક, ઉચ્છૃંખલતા, ઉલ્લંઠતા ભાગી જાય. એને આલંબનમાં ન જોડીએ તો તે જીતવું મુશ્કેલ. આ મનને કબજામાં રાખવા માટે નવપદના આલંબનથી ધ્યાન કરવું. મનને કેવી રીતે રોકવું તે શાસ્ત્રકારોએ સમજાવેલું છે. જે મનને કબજામાં રાખશે તે આ ભાવ પરભવમાં મંગળમાળા પામી મોક્ષસુખ પામશે.





તીર્થંકરોની મહત્તા



તીર્થંકરો ધર્મ કે અધર્મ પેદા કરતા નથી

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રને** રચતાં થકા જણાવે છે કે પંદરમા **ધર્મનાથજી** મહારાજ ભવ્ય જીવોને ધર્મોપદેશ દેતાં કયો ધર્મ સમજાવે છે!

ચોવીસે તીર્થંકરોના શાસનમાં ધર્મનો ફરક નથી. સર્વ તીર્થંકર સંવર, નિર્જરાને ધર્મ કહેનાર અને પાપને જ આત્માનું બંધન ગણાવનારા છે, તો પછી કલ્યાણ ભગવાને ધર્મ કહ્યો એ કહેવાનું તત્ત્વ શું? અક્ષર જ વાંચવા છે તો ચાહે તો સૂર્યના તડકાથી, ચાહે તો અગ્નિથી, ચાહે તો દીવાથી વાંચો. સૂર્યના અજવાળે વાંચો તો અક્ષર જુદા છે? છાણાના દેવતાએ વંચાય તે અક્ષર જુદા છે? અક્ષરો તો એકસરખા દેખાવાના છે. ચાહે ગમે તેથી દેખો. સર્વ તીર્થંકરોએ સંસારથી ઉદ્ધરવા માટે ધર્મ કહ્યો છે તો પછી ચોવીસમાંથી ચાહે તેણે કહેલો છે. ધર્મમાં ભેદ નથી, પછી 'કલ્યાણ તીર્થંકરે દીધેલો ઉપદેશ, એમ જુદા ઉપદેશ શાના? તીર્થંકર ભગવાનના ધર્મમાં ફરક નથી. ચાહો તો તડકે દેખે તોએ લાભ, છાણાના તાપથી દેખે તોએ લાભ અને દીવાના અજવાળાએ દેખે તોએ લાભ. તેમ ધર્મ, અધર્મ જગતમાં જે સ્વરૂપે છે; તે સ્વરૂપે તીર્થંકરો કહેવાના છે. તે પહેલા કહે તોએ એ. બીજા કહે તોએ એ. બીજા લોકો ઇશ્વરનો કર્યો, બનાવ્યો કહે છે, ઇશ્વરે ધર્મ બનાવ્યો એમ જૈનો કહેતા નથી. અનંતી ચોવીસીને આંગે અનંતા છે. એકકે તીર્થંકરે ધર્મ બનાવ્યો નથી. તીર્થંકર જન્મ્યા એ પહેલાં કોઈ ચોરી કરતું હતું તેનું પાપ નહોતું

લાગતું ? એવી જ રીતે તીર્થંકરના તીર્થ પહેલાં, જન્મ પહેલાં કોઇ હિંસા ન કરે તો ધર્મ થાય એમ ન હોતું ? હિંસા ન કરે તો ધર્મ એ નક્કી. અહિંસા કરશે તો ધર્મ થાય; જો આ વસ્તુ માની લઇએ તો તીર્થંકરે શાસન ચલાવ્યું ન હતું ત્યાં સુધી પાપ પણ લાગતું ન હતું ? તીર્થંકરે ધર્મ અધર્મને પેદા કર્યા હોય તો આમ માનવું જ પડે કે તીર્થંકરે જ્યાં સુધી ધર્મને પેદા નહોતો કર્યો, ત્યાં સુધી હિંસા ન કરો, તો પણ ધર્મ થતો જ નહોતો. હિંસા કરો તોએ પાપ ન હોતું થતું એમ માનતા નથી. તેવી રીતે તીર્થંકરે જ ધર્મ, અધર્મ ઉત્પન્ન કર્યા એમ પણ માનતા નથી. આપણે તો તીર્થંકરે ધર્મ, અધર્મ કહ્યા એમ માનીએ છીએ. ધર્મ પેદા કર્યો એમ પણ માનતા નથી. આમાં એક જ અક્ષરનો ફરક–બનાવ્યો. પરમેશ્વરે ધર્મ બતાવ્યો એમ આપણે કહીએ છીએ. પરમેશ્વરે અધર્મ બતાવ્યો. જૈનના સિદ્ધાંતમાં અને અન્ય લોકોના સિદ્ધાંતમાં એક જ અક્ષરનો તફાવત છે. પણ એકકે આખું ચક્કર ફેરવી નાખ્યું. તે માટેનું એક દૃષ્ટાંત–

દીવો પદાર્થને દેખાડનાર છે; બનાવનાર નહિ

રાત્રિનો વખત હોય, કિનારા પાસે બેઠા હોય, કાંકરી પાથરી હોય, હીરો નીકળી ગયો. અંધારામાં હીરો, અને કાંકરી બન્ને સરખાં. એવામાં દીવો લાવીએ ત્યારે કાંકરો કાંકરારૂપે અને હીરો હીરારૂપે ઓળખાય. દીવાએ કાંકરો બતાવ્યો, હીરો બતાવ્યો. દીવાએ હીરાને બનાવ્યો નથી, કાંકરાને બનાવ્યો નથી. તેમ આ જગતમાં જ્યારે હિંસા વગેરે બનતાં હતાં ત્યારે પાપ બનતું હતું. અને જ્યારે હિંસા વગેરેથી નિવર્તતા હતા ત્યારે તે પણ ધર્મ બનતો હતો. જેમ દીવાએ કાંકરો કે હીરો બનાવ્યા નથી, પણ દીવાએ તો દેખાડી તે દીધાં, તેવી રીતે તીર્થંકરોએ ધર્મને નવો બનાવ્યો નથી, અધર્મને નવો બનાવ્યો નથી. ધર્મ તો અનાદિકાળથી ચાલુ જ છે, બીજા ધર્મોથી અનાદિ ન થવાય

બીજા ધર્મો ઈશ્વરે બનાવેલા. ઈશ્વરે ન બનાવ્યો ત્યાં સુધી અનાદિ ન હતો. બનાવેલી વસ્તુ અનાદિની હોય નહિ, બીજાના મત પ્રમાણે બીજાના ધર્મ અનાદિના થઈ શકે નહિ જૈન ધર્મ અનાદિનો થઈ શકે. જૈન ધર્મવાળાએ કહ્યું છે કે ભગવાને ધર્મ બતાવ્યો, અધર્મ બતાવ્યો. બતાવવામાં અનાદિની વાત હોય. બનાવવામાં વાંધો. જૈન ધર્મ ધર્મના બનાવનાર તરીકે પરમેશ્વરને નથી માનતો, પણ બતાવનાર તરીકે માને છે. હિંસા વગેરેમાં પાપ થતું હતું. હિંસા વગેરે રોકવામાં આવે તેમાં લાભ થતો હતો. સર્વકાળમાં ધર્મ, અધર્મની આ લાઈન ચાલુ હતી. તીર્થંકરે ત્યારે નવું શું કર્યું ? હીરો ને કાંકરો હતા પણ પેલા જોનારને ગતાગમ નહોતી. તેવી રીતે અહીં આ જગતના જીવો આરંભ, પરિગ્રહ, વિષય, કષાયમાં એવા માચ્યા હતા કે તેને ધર્મ, અધર્મનું સ્વરૂપ વિચારવાનો, માનવાનો, ઓળખવાનો વખત ન હતો. વખત ન હતો તે ભગવાને ઓળખાવ્યો. તેથી **जिनपन्नत्तं तत्तं केवलिकहिओ सुहावहो धम्मो'.**

જૈનમતનો સિદ્ધાંત એ છે કે પરમેશ્વરનો કહેલો ધર્મ, પરમેશ્વરનો કહેલો અધર્મ,પરમેશ્વર તો માત્ર ધર્મ,અધર્મને બતાવે છે,બનાવતા નથી.

તો પછી પહેલા તીર્થંકર બતાવે તેમાં, વચલા બતાવે તેમાં અને છેલ્લા બતાવે તેમાં ફરક શું ? દીવો મિત્રદત્તનો કે યજ્ઞદત્તનો હોય તોએ શું ? હીરા અને કાંકરાને દેખવા છે. ધર્મ અને અધર્મને દેખવા છે, તો ચાહે તે તીર્થંકર હોય ને ? પહેલાની દેશનામાં ઘટાડો શું ? છેલ્લાની દેશનામાં વધારો શું ? તો પછી કલ્યાણની દેશના એમ કહેવાનું કામ શું ? નાતમાં લગ્નગાળો હોય. પચીસ ઘરે લગ્ન હોય. બધે પરણાવવાના હોય પણ જે વખતે જેનો માંડવો હોય તેનાં જ ગીત ગવાય. બધે માંડવે જાય તો એક સરખું જ થવાનું છે. છતાં જેને અંગે માંડવો હોય તેને આગળ લેવો પડે. તેમ તીર્થંકરોને ધર્મ બતાવવો છે. તેમાં પણ આ બાજુના પહેલાનો ચકચકાટ કરીને

હીરો દેખાડવો છે, છતાં જે બાજુ દીવો ધરીએ તે બાજુના પહેલ ચળકે. તેમ અહીં તીર્થંકરને બધી જાતના ધર્મ કહેવાના હોય. પણ એક એક મુખ્ય કરીને ઉપદેશ કહેવાનો હોય. કોઈક વખત કષાયની વાત મુખ્ય હોય. કોઈ વખત બ્રહ્મચર્યની વાત મુખ્ય હોય.

પાણી કરતાં અગ્નિ નુકશાનકારક વધારે

ધર્મનાથજીએ દેશનામાં શું ઝળકાવ્યું ? તે જણાવે છે. બધાનો ઉપદેશ સરખો છે. ધર્મ, અધર્મ ઓળખાવવામાં ફરક નથી. જે બાજુ દીવો ધરીએ તે બાજુનો પહેલ ચળકે. લેવડદેવડમાં થએલું નુકશાન મળી આવે. બજારમાં આસામી તૂટી. નુકશાન થયું. કેટલાક દીર્ઘ-દૃષ્ટિવાળા હોય તે લાભ થયો ગણે, એ કેમ બને ? એક આસામી તૂટી, એ બજારમાં નાણાનો સંકોચ કરે. ધીરતાં વિચાર કરે એટલે વ્યાજનો દર વધે. એટલે બધાનું સાટું વળી જાય. બધાને વધારે વ્યાજ થાય. નબળો પડે તેમાં કમાઇ પણ થાય. આ વસ્તુ સમજીએ ત્યારે જે ચાર આને બદલા થતા હોય તે બાર આને બદલા દેવાવાળા ન મળે. ઘલાઈ જાય તેમાં આડકતરી રીતે કમાઈ જાય. સ્ટીમર ડૂબી જાય તે કોઈ વખત બહાર નીકળે, પણ અગ્નિમાં જે બળ્યું તે પાછું ન આવે. ૧૯૧૪ની લડાઈમાં દરિયામાં ડૂબ્યું. તે નીકળે ! શત્રુ લૂંટી ગયો તે નીકળ્યું ! ઓકવું પડ્યું, પણ જે બળી ગયું, કરોડો રૂપિયા પર દેવતા મૂકાઇ ગયો તે બલાસ. કૃષ્ણ મહારાજની દ્વારકા આખી બળી ગઈ, તેમાંથી શું મળ્યું ? અગ્નિ વડે જે નુકશાન થાય તે કાલાંતરે પોતાને ન મળે, ન બીજાને મળે. આ વાત ઠસાવી લો. આસામી જાય છે. પાણીમાં ડૂબી જાય તે સર્વ કાળને માટે ચાલ્યું ગયું, તેમ કહી શકાતું નથી. અગ્નિમાં જે વસ્તુ ગઈ તે સર્વ કાળને માટે ગઈ.

નિર્મળ અને મલિન સોના જેવો આત્મા

આ ઈંદ્રિયોદ્વારા બીજા હિંસાદિ આશ્રવોદ્વારા આશ્રવ થાય,

તે કોઈ દિવસ સુધારી શકીએ, પણ ક્રોધરૂપી દાવાનળ સળગાવીએ તેનું નામનિશાન નહિ. હિંસા જૂઠ વગેરે પાપમાં તણાએલાં, માલખાધમાં ગયેલાં, પણ ફૂંકાઈ ગયું તે નથી દુનિયામાં, કે નથી દેખાવમાં. અગ્નિ વડે કરાતા નુકશાનથી આ જીવે સાવચેત થવું પડે છે, તેમ આ આત્મામાં પણ દાવાનળથી દઝાઈ જાએ ને જે નુકશાન થાય તે નહિ દેખાવાનું ને નહિ દુનિયાનું. અરૂપી આત્મા છે, એટલે કોઈ એને પકડી શકતું નથી. કોઈ એને ધક્કો મારી શકતું નથી. એમાં અંગારા વરસાવવાની વાત કરો તે માને કોણ? અંગારા નાખ્યાથી આકાશ બળતું નથી, તેવી રીતે અરૂપી આત્મા કોઇના ગ્રહણમાં આવતો નથી, તો પછી દુનિયામાંથી ગયું કહો છો એ શું? આકાશ અંગારાથી સળગે નહીં તેમ આ આત્માને સળગવાનું શું? બેંકમાં, કબાટમાં અગર તિજોરીમાં રજુ થયેલી લગડીમાં કાળાશ ન હોય, પણ એ ભરોસે કોઇ એમ કહી દે કે 'જગતમાં સોનું કાળાશવાળું ન હોય' તો એ ભૂલ ખાય છે. જે માટીથી જુદું પડયું, તેજાબથી શુદ્ધ થયું તેમાં કાળાશ ન હોય.' પણ જે શુદ્ધ થયું ન હોય ત્યાં વાતો કરીએ કે બેંકની લગડીમાં સો ટચનું સોનું હોય, તો તેણે સોનું જાણ્યું જ નથી એમ કહેવાય. તેમ શુદ્ધ ચિદાનંદસ્વરૂપ, કૈવલ્યસ્વરૂપ આ આત્મા ખરો, તેમાં ના નહિ, પણ ચોકખો થઇ, અગ્નિમાં જઈ, તેજાબમાં સુધર્યો ત્યારે તે સો ટચનો. તેમ આ ચિદાનંદસ્વરૂપ ખરો પણ દુનિયા દારીરૂપી માટીથી જુદો પડી જાય, તપસ્યામાં ગળાઈ જાય, અને ધ્યાનથી સ્વરૂપમાં શુદ્ધ થાય ત્યારે તે શુદ્ધ કહેવાય. દુનિયાના આરંભ-કષાયની માટી. એ તો છાતીઓ કૂટીને વળગાડવી છે. તપસ્યામાં તન્મય થવું જોઈએ. તીર્થંકર, ગૌતમસ્વામીને અંગે સાંભળીએ છીએ. જેની તપસ્યાનું વર્ણન સાંભળતાં આત્મા કંપી ઊઠે. ખાતાંપીતાં, હરતાંફરતાં તપસ્યા બને તો સહુ કરીએ. અગ્નિમાં ગાળ્યા સિવાય ચોકખા સોનાની ચાહના કોને? ચતુરને? ચતુર મનુષ્ય અગ્નિમાં ગાળ્યા સિવાય ચોકખું સોનું

થશે એ સ્વપ્નને પણ ન માને. તેમ આ આત્મા તપસ્યાના તાપમાં તપેલો થાય નહિ તો આત્માના ગુણોની સારતા ધ્યાનમાં આવે નહિ, ત્યાં પછી ચાર્ટર બેંકનું સોનું બોલવામાં? કચરાથી દૂર થયા વગર, તેજાબમાં તળતળ્યા વિના સો ટચનું સોનું બને નહિ. તેમ આ આત્મા આરંભ-કષાય માટીથી છૂટો પડયો નથી, તપસ્યાથી ગ્રાસ પામનારો, ધ્યાનના તેજાબમાં તડતડયો નથી, ત્યાં સુધી તે શુદ્ધ કહી શકાય નહિ. સો ટચનું સોનું ખાણમાં પડયું છે તે કહેનારને મૂર્ખ કહીએ. ધૂળમાં રગડાએલો આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ નથી. ધૂળમાં રગડોળતા ભવનો બેડો પાર કરવો છે? શ્રેણિક મહારાજા કે કૃષ્ણ મહારાજાએ કાંઈ નહોતું કર્યું અને નરકે ગયા એમ? રજ વળગાડી તેનું પરિણામ એ આવ્યું; નહિ તો આટલા બધા ભક્તને જવું પડયું તો પછી આપણી શી ગણતરી? શ્રેણિક બળ્યા, ચિતા જળી. તેમાંથી '**વીર** ! **વીર** !' શબ્દ નીકળ્યા. જે મહાપુરુષ તીર્થંકરમાં આવો તન્મય થયો હતો, જેને અંગે બળતા શરીરમાંથી **વીર** શબ્દો નીકળ્યા તે કેટલો તરબોળ થયો હતો! દેવ, ગુરુ, ધર્મને અંગે તે એવા તરબોળ હતા કે જેથી ચિતામાંથી પણ તેમજ નીકળે. એ શ્રેણિકનો અભયની દીક્ષાનો પ્રસંગ પુરવાર કરે છે.

અભિયકુમારની દીક્ષા અને મહારાજા શ્રેણિક

મહાવીરને ચૌદ હજાર ચેલા છતાં અભયને ચેલો ન કર્યો હોત તો શું નબોદ જવાનું હતું? અભયને દીક્ષા ન દીધી હોત તો મગધનો ગાદીપતિ હતો શ્રેણિકનો વાળ વાંકો નહોતો થતો. તે અભયે દીક્ષા લીધી, તે પછી કેદ. શ્રેણિક **મહાવીર**ના અંગે કેટલો સળગી જવો જોઇતો હતો? એક ચેલો ન કર્યો હોત તો શું જવાનું હતું? ભગવાન્ **મહાવીર**થી કોઈની ઉપર નંખાય તેમ નથી. **હાસા**અહાસાનાં માદળિયાં ગળે પહેર્યે જ છૂટકો, શ્રેણિકની આવી સ્થિતિ થશે એમ જાણીને જ અભયને દીક્ષા આપી, શ્રેણિકને રાજભ્રષ્ટ કરશે, કેદમાં નાખશે,

સો સો કોયડા મારશે, એ બધું **મહાવીર**ને માલુમ. શ્રેણિકને હીરો ચૂસીને મરી જવું પડશે તે પણ જાણતા હતા. આવા ભગતને ઘેર આવી દશા ? ભગત કેવો ? **મહાવીર**ના આખા શાસનને અંગે દેખીએ તો શ્રેણિક એટલે ભક્તનિષ્ટ. એનું રાજ જવાનું જાણે છતાં, તેમજ હીરો ચૂસીને મરી જવું પડે તે જાણે છતાં અભયને દીક્ષા દેવાનું ન છોડે, તો ભગવાન્ કેવા ? અભયકુમાર હાજર હતો ત્યાં સુધી શ્રેણિકનો વાળ વાંકો કોઈ કરી શકયો ન હતો. ચેડા મહારાજે શ્રેણિકને કહ્યું: 'તને કન્યા આપીએ?' આ વખતે સુરંગ ફોડીને કન્યા લાવ્યો, અભયકુમાર કેવો ભક્ત હશે કે આટલો અસંતોષ શ્રેણિકને રહે તે અભયને જરા ખમાતું ન હતું? ચેડા મહારાજાની મરજી વિરુદ્ધ સુરંગ ફોડીને ચેલ્લણા પકડી આણી. એ અભયકુમારે દીક્ષા લીધી ત્યાં પછી સતામણી એકકે બાકી નહિ. હવે આખા દેશના બબ્બે કરોડ મનુષ્યોનો ઘાણ નીકળી ગયો. ૧૯ રાજ્યોને જોગણીઓ ખાઈ ગઈ. કોણિકે લડાઈ કરી, તે સંગ્રામમાં ૧૯ રાજ્યોને જોગણીઓએ ખાધાં. એ **મહાવીર** જાણતા હતા છતાં શું જોઈને અભયને દીક્ષા આપી ? એક અભય ન હોત તો શું ? આ વિચાર શ્રેણિકને આવે તો તેનું સમકિત સડી જાય કે બીજું ? ક્ષાયિક સમ્યક્ત્વના ધણી માન્યા. વિરતિ ન લીધી પણ કેટલા દૃઢ રહ્યા તે જોયું કે નહિ ? **મહાવીર**નો ભક્ત શાને અંગે ? રાજ દેવાને અંગે નથી, મોત બચાવવાને અંગે ભક્ત નથી. સંસારથી તારવાનો રસ્તો દેખાડનાર તરીકે ભક્ત. આટલી સ્થિતિએ શ્રેણિક ગયા તે કોઈ વખત ધ્યાનમાં લીધું ? નોકારશી સરખી ન કરી ને તીર્થંકર થશે એમ બધાં કહે છે, પણ ઉપલી વાત કોઇએ ધ્યાનમાં લીધી ?

પરણવા માટે યુદ્ધ, પણ દીક્ષા લેવડાવવા માટે તૈયાર

જે કૃષ્ણ મહારાજ કોઈ કુંવરી બાલિકા વિશે સાંભળે, ત્યાંથી ગમે તે કરીને તેને ઉપાડી લાવે. હદ વળી ગઇ, એવી લીલા કે ઢવ તરીકે ગણો પણ પ્રવૃત્તિવાળા તો હતા. સુભદ્રા સત્યભામા, રૂક્મિણી વખતે શું

થયું તે શાસ્ત્રનાં પાનાં બહાર નથી. આવી રીતે જે સ્ત્રીઓને પરણવાને માટે ન ગણે કુટુંબને, ન ગણે માબાપની દરકારને. જે ગમી તે તેને આપવી જોઈએ. ચાહે તો દુનિયા પાયમાલ થઈ જાય. એની બહેન, બેટી મુંડાવીને બેસી હશે તેની શી સ્થિતિ થઈ હશે? આવો મનુષ્ય પોતાની વહુ, છોકરી, છોકરો દીક્ષા લેવાનું નામ લે તો વરઘોડો ચઢાવે. દીક્ષા દેનારને પગે પડે. દીક્ષા લેનારને પગે લાગે. આત્માની કયી સ્થિતિ હશે? તમે તો કણબીના ભાઈ છો. કણબીને કહ્યું કે તું મહાજનનું માન. કણબીએ કહ્યું : 'મહાજન મારા માથા પર પણ ખીલી મારી બસે નહિ.' તેમ ધર્મ. એમાં આત્માનું કલ્યાણ છે, જિનેશ્વર ઉચ્ચાર કરે તે બરી, વાત પણ મારા કુટુંબમાંથી દીક્ષા લે તે ન બને. ધર્મની વાત સાચી, બરી પણ મારા કુંટુંબની વાત છોડીને. મારો છોકરો ત્યાગી થવા માગે તે વખતે આકાશપાતાળ એક કરી નાખું.

ગામમાં ઘર નહિ તેની આ સ્થિતિ, પણ વાસુદેવની સ્થિતિમાં હોત તો શું થાત? મારા કુંવરોને, મારી રાણીઓને દીક્ષા આપી એવું વાસુદેવને આવ્યું હોત તો? એ નહોતા કણબી. દેવ, ગુરુ, ધર્મ કબૂલ પણ આ સોગઠીમાં તો એકકે મરવી ન જોઈએ. કૃષ્ણ મહારાજની મહત્તા ઉપર જાઉં છું. જે સૌને અંગે આટલી બધી લડાઈ કરનારા તે સ્ત્રી દીક્ષાનું નામ લે ત્યારે વરઘોડો ચઢાવે, ઢંઢેરો પીટાવે. મારાથી નથી બનતું પણ જે દીક્ષા લેવા માગતો તેની મુશ્કેલી દૂર કરાવીને દીક્ષા અપાવું. મારી ઘરવાળી દીક્ષા દીક્ષા લે એવી જુદી કલ્પના તો તમે કરી જુઓ. અરે! કલ્પનાની સાથે કીડો બદબદે છે. એ સ્થિતિ વિચારો, પછી બોલો કે કૃષ્ણ મહારાજે તેમજ શ્રેણિકે શું કર્યું? તેથી તીર્થંકર થશે તે વિચારો. પ્રસન્નચંદ્રને તો મુકુટ ન હતો તેથી અટકયા. તમે તો બાસડું લઈ ને ઊભા થાઓ છો.

અવળો પ્રશ્ન પરીક્ષા માટે તેમ અનાર્ય દેશ પરીષહ માટે

મૂળ વાત પર આવો. દાવાનળ સળગતો બોલવો. દાવાનળ ક્રોધ છે. તેને અંગે દેશના દેતાં કહે છે કે–**મહાવીર** અરિહંત થશે પણ

કેવા ? શૂરો સરદાર ખૂણામાં બેઠો-બેઠો 'આવી જા' એમ કહે નહિ. એ તો શત્રુની જે બાજુ ધૂમ હોય ત્યાં જાય. તેવી રીતે આ શ્રમણ ભગવાન્ **મહાવીર** ક્રોધને કાઢવા માટે ઝઝુમ્યા કયાં સુધી ? જાણી જોઈને ક્રોધનાં કારણો ઊભા કર્યાં. આવી પડેલાંની સામે ઝઝૂમ્યા એટલું જ નહિ પણ સામાન્ય પરીક્ષા અને બરોબર પરીક્ષામાં ફરક પડે છે. અવળે રસ્તે લઈ જઈને છોકરાની પરીક્ષા કરે છે. પોતે ખોટું બોલીને ૬૧ એકયાસી એમ બોલીને પૂછે તેમ આ આ આત્મા જીતવાવાળો થયો કે નહિ ? ક્રોધ અસર ન કરી શકે માટે **મહાવીરે** અવળા રસ્તા લેવા માંડ્યા. સંયમ સાધના કરતાં વિચરાય તેમાં મુશ્કેલી આવે તે સહન કરવી પડે તે સીધો રસ્તો. કાકા કાનજીનું રાજ છે. એવી જગ્યાએ પોતે જઈને ઊભા રહે છે. મગધ દેશમાં ડગલે ને પગલે સન્માન, ભક્તિ-એવો મગધ દેશ તેને મૂકીને અનાર્ય દેશમાં વિચરવા માંડ્યા. એકકે માર્યા વિના મૂકે એવો નથી, કોઈ બચાવનાર નથી તેવી જગ્યાએ મહાવીર ગયા. તે ૬૧ એકયાસીવાળો રસ્તો કે બીજો ? આ આત્માને ચક્રમાં નાખી દેનાર તેવી દશામાં હોમી દીધો. લુહાર મારવા આવે તે બચાવનાર આવી જાય તે છોડીને 'ઘો મરવા ટાણે તો વાઘરીવાડે જાય.' ભગવાન્ જાણીજોઈને અનાર્યોના દેશોમાં જઈને ઊભા રહ્યા. અનાડીના ઓઠા નીચે ઊભા રહ્યા, કેમકે, પરીક્ષા કરવી હતી. જ્યાં નિર્ણય થયો કે પછી ચાહે તેટલો અગ્નિ પડયો છતાં ભડકો ન થયો ત્યારે નિર્ણય થયો કે બળવા વાળી ચીજ નથી. સંગમ દેવતાના ઉપસર્ગમાં, અનાર્યોના ઉપદ્રવોમાં નિર્ણય કર્યો કે ક્રોધ ગયો છે, ગયેલા ક્રોધને બોલાવી બોલાવીને પોતાની ક્ષમાની પરીક્ષા આપતા હતા તો પછી હે મહાનુભાવો ! તમને પ્રસંગોપાત પરીક્ષા દેવી પડે તેમાં શું થાય ? ભવિષ્યમાં **મહાવીર** મહારાજા ક્ષમાને માટે અનાર્ય દેશમાં જશે પણ તમારે તો ઘેર બેઠે ક્ષમાનો પ્રસંગ આવી પડયો છે. તેને સહન ન કરો તેનો અર્થ શો ? જેને આગળ મોટી પરીક્ષા આપવી છે તે પોતાના આત્માને પરીક્ષામાં ઉતારે. આડો હાથ મૂકીને જુએ, પોતાના આત્માની ચોપડીથી પરીક્ષા લે તે પછી ચોપડી વગર પરીક્ષા દે. ક્રોધ એ દાવાનળ-એ સર્વદાહક અગ્નિને શમાવો. આત્માને પરમ શાન્તિમય કરો. આટલું સમજીને જે આત્માને શાન્તિમય કરશે તે મોક્ષસુખ પામશે.

વ્યા ખ્યા ન માનવજીવનની સાચી મહત્તા ૪૨

અનંત ભાગીદારવાળી કંપની

હે આત્મન્! જે ઉત્તમ સામગ્રી તને પ્રાપ્ત થયેલી છે, તેની સફળતા કરવી એ તારી સર્વોત્તમ ફરજ છે. બાહ્ય દૃષ્ટિએ કદાચ તારી પાસે કશું પણ ન દેખાતું હોય, ઉદરપૂર્તિના પણ ફાંફાં હોય, શરીર ઢાંકવા પૂરતાં વસ્ત્રનો પણ સંયોગ ન હોય તો પણ એટલા માત્રથી તું જરાપણ મુંઝાઈશ નહિ. 'મારી પાસે એવી કઈ સામગ્રી છે કે જેની હું સફળતા કરી શકું?' એવા બાહ્ય દૃષ્ટિના પામર વિચારોને તારા અંતઃકરણમાં સ્થાન આપીશ નહિ. બાહ્યદૃષ્ટિને દૂર કરી જરા આંતર દૃષ્ટિ તરફ ખ્યાલ આપીશ તો 'અન્ય અનંત આત્માઓની અપેક્ષાએ તેં ઘણું મેળવ્યું છે' એમ તને લાગ્યા સિવાય નહિ જ રહે. એક વખત તારી એ સ્થિતિ હતી કે તારું શરીર તારા આત્માની અપેક્ષાએ હાલ જે સ્વતંત્રપણે તને મળ્યું છે, એટલું સ્વતંત્ર શરીર ન હતું. એટલું સ્વતંત્ર શરીર પ્રાપ્ત કરવા જેટલું પુન્ય તારી પાસે ન હતું. પરંતુ જેમ ઘણા ભાગીદારો ભેગા થઈને, લાખ અથવા ક્રોડની રકમ ભેગી કરી એક કંપની કાઢે છે અને તે કંપનીમાં રકમ આપનાર દરેક વ્યક્તિને અંશે અંશે જરૂર હિસ્સો હોય છે. તે પ્રમાણે અનંત જીવોની ભાગીદારીવાળું એક શરીર તને મળેલું હતું, એ એક શરીરમાં તારો અમુક જ હિસ્સો, અને તે પણ એટલી બધી પરાધીનતાવાળો કે એ એક શરીરના ભાગીદાર બીજા અનંત આત્માઓ. જ્યારે તે આહાર ગ્રહણ કરે ત્યારે જ તારાથી આહાર લઈ શકાય. એ ભાગીદાર અનંત જીવો જ્યારે શ્વાસોશ્વાસની ક્રિયા કરે ત્યારે જ તારાથી તે ક્રિયા થઇ શકે, એટલું જ નહિ પરંતુ એક સાથે ઉત્પન્ન

થયેલા એ ભાગીદાર આત્માઓ એ શરીરને છોડે અર્થાત્ મૃત્યુ પામે ત્યારે તારે પણ તે શરીરનો ત્યાગ કરવો પડે એટલે કે મરવું જ પડે. આટલી પરાધીનતા છતાં પણ એ શરી ચર્મચક્ષુથી જોઈ પણ શકાય નહિ એટલી સૂક્ષ્મતાવાળું. આ શું જેવી તેવી પરાધીનતા ગણાય ?

પ્રશ્ન:—જેણે શાસ્ત્રકાર મહારાજાઓ સૂક્ષ્મ નિગોદના નામથી સંબોધે છે. સૂક્ષ્મનિગોદમાં એકી સાથે ઉત્પન્ન થયેલા અનંત આત્માઓ શું એકી સાથે જ મરણ પામે ?

ઉત્તર:—સૂક્ષ્મ નિગોદરૂપ તે શરીરમાં જે જીવો જે વખતે એક સાથે ઉત્પન્ન થયેલા છે. એક સાથે ઉત્પન્ન થયેલા અનંત જીવો પૈકી એકના મૃત્યુમાં અનન્તનું મૃત્યુ થાય તે બરાબર છે, પરંતુ સાથે સાથે એટલો ખ્યાલ રાખવાની જરૂર છે કે એ સૂક્ષ્મ નિગોદમાં અમુક અમુક વખતે અમુક અનંત જીવો ઉત્પન્ન થયા બાદ જ્યાં સુધી તે જીવો મૃત્યુ ન પામે ત્યાં સુધી બીજા જીવો ઉત્પન્ન ન થાય તેમ સમજવાનું નથી, પરંતુ તે એક જ વિવક્ષિત નિગોદમાં પ્રતિસમય અનંત અનંત જીવોની ઉત્પત્તિ અને અનંત અનંત જીવોનું ચ્યવન મરણ ચાલુ જ હોય છે, અર્થાત્ એક નિગોદરૂપ શરીરમાં જે અનંતાનંત જીવો છે તેમાંનો અનંત જીવમય એક અસંખ્યાતમો ભાગ પ્રતિસમય મરણ પામે છે, અને તે સ્થાને અનંત જીવમય બીજો અસંખ્યાતમો ભાગ ઉત્પન્ન થાય છે, અને તે પ્રતિસમય ઉત્પન્ન થતા અનંત જીવો તે શરીરના પુદ્ગલોને તેમાં રહેલા અન્ય અનંતાનંત જીવોની માફક ગ્રહણ કરીને પોતાના શરીરપણે પરિણમાવે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે–તે એક સૂક્ષ્મ નિગોદરૂપ શરીરમાં વિવક્ષિત સમયે જે અનંત જીવો ઉત્પન્ન થયા છે તે બધાય અનંત જીવોની આહાર, શ્વાસોશ્વાસ, મરણાદિ ક્રિયા સાથે હોઇ શકે છે, પરંતુ આગળ પાછળના સમયોમાં ઉત્પન્ન થયેલા–થનારા અનન્ત જીવોની આહારાદિ ક્રિયા વિવક્ષિત અનન્ત જીવોની આહારાદિ ક્રિયા સાથે હોવાનો સંભવ નથી.

રખે મેળવેલું ચાલ્યું ન જાય !

આટલી વસ્તુ સમજ્યા બાદ આપણે મૂળ વસ્તુ ઉપર પાછા આવીએ. હે ભાગ્યવાન્ ! ઉપર જણાવેલી અવર્ણનીય પરાધીનતામાં અનંતો કાળ વ્યતીત થયા બાદ ભવિતવ્યતાના યોગે તારો આત્મા કાંઇક આગળ વધ્યો, સૂક્ષ્મપણું દૂર થયું, અને બાદર નિગોદપણામાં દાખલ થયો. ચર્મચક્ષુથી દેખાવા યોગ્ય તારું શરીર બન્યું; પરંતુ પ્રથમની જે એક સાથે આહારાદિ ગ્રહણ કરવાની પરાધીનતા હતી, તે હજુ દૂર થઈ નહિ, ત્યાંથી પુનઃ આગળ વધતાં–બાદર નિગોદમાંથી સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં તું આવ્યો. ત્યાં તને સ્વતંત્ર શરીરનો યોગ તો થયો, સમકાળે આહારાદિ ક્રિયાની જે પરાધીનતા હતી તે દૂર થઇ, પરંતુ એ શરીરનું એટલું સૂક્ષ્મપણું હતું કે ત્યાં પણ જગતના વ્યવહારમાં આવવાની યોગ્યતા તારામાં ન આવી, અત્યાર સુધી એક જ શરીરમાં અનંત જીવોની સાથે રહેવાપણું હતું તેથી 'अयं जीवः' એવો એક વચનનો નિર્દેશ થઇ શકતો ન હતો, પરંતુ એક શરીરમાં અનન્ત જીવો સાથે હોવાથી 'इमे जीवाः' એ પ્રમાણે બહુ વચનનો નિર્દેશ કરવામાં આવતો હતો. સૂક્ષ્મ પૃથ્વીકાયાદિમાં આવ્યા બાદ अयं जीवः' એવો એકવચનનો નિર્દેશ કરવા માટે તારામાં લાયકાત આવી, આટલી લાયકાત આવ્યા છતાં પણ સૂક્ષ્મપણાને અંગે ચર્મચક્ષુથી દેખાય જ નહિ, ત્યાં તે એકવચનનો નિર્દેશ પણ શી રીતે થઇ શકે? અર્થાત્ ત્યાં સુધી તો લોકના વ્યવહારમાં આવવા જેટલી યોગ્યતાથી પણ તું બાહ્ય હતો. એથી વધુ પુણ્યોદય જાગૃત થતાં લોક વ્યવહારને યોગ્ય 'अयं जीवः' એવા વ્યપદેશને યોગ્ય બાદર પૃથ્વીકાય થયો. પછીથી પણ વધુ પુણ્યોદયે તને ઇન્દ્રિયાદિના ભવમાં ત્રસપણું અર્થાત્ ઇચ્છાપૂર્વક એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકવા જેટલી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થઇ, એ વિકલેન્દ્રિયના ભવમાં પણ સંખ્યાતા કાળસુધી પરિભ્રમણ કરી નારક; પંચેન્દ્રિય તિર્યંચોના

ભવોમાં લાંબા કાળ સુધી રખડી કોઇ અનંત પુણ્યરાશિ ઉદયમાં આવતાં સંપૂર્ણ આત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં કારણભૂત સર્વોત્તમ માનવજન્મની તને પ્રાપ્તિ થઈ.

હે આત્મન્! આ શું તેં ઓછું મેળવ્યું છે? 'એક વખત તું ક્યાં હતો, અને અત્યારે અન્ય ક્ષુદ્ર જંતુઓની અપેક્ષાએ તારો આત્મા કેટલી ઊંચી હદે પહોંચ્યો છે? એ જો એકાન્તમાં બેસીને વિચારીશ તો તને જરૂર જણાઈ આવશે કે મારા આત્માએ ઘણું ઘણું મેળવ્યું છે, 'મેં ઘણું મેળવ્યું છે.' એટલું નક્કી થયા બાદ તને એ ચીવટ રહેશે કે રખેને મારું મેળવેલું ચાલ્યું ન જાય!

માનવજન્મ એટલે ચિન્તામણિ રત્નથી પણ અધિક!

હવેલીના સાતમે મજલેથી પડતાં જો કે ઘણાનું મૃત્યુ જ થાય છતાં પ્રબલ આયુષ્યવાળો કોઇ બચી પણ જાય, સેંકડો મુસાફરોથી ભરેલું વહાણ ભરદરિયે ભાંગી જતાં તેમાંથી ઘણાખરા સમુદ્રના તળીએ પહોંચી જાય, છતાં કોઈ એક બે એવી પણ વ્યક્તિઓ હોય કે જેઓ પાટીઉ વગેરે હાથમાં આવી જતાં સમુદ્રને પાર પામી પણ જાય, પરંતુ તેટલા માત્રથી જાણી જોઈને કોઈ હવેલીના સાતમે મજલેથી ભૂસકો મારવાની હિંમત ન કરે. તેમજ ઇરાદાપૂર્વક ભર દરિયે ચાલતા વહાણમાંથી પાણીમાં કૂદકો કોઇ ન મારે. તે પ્રમાણે ભવિતવ્યતાના યોગે અનન્તકાયમાંથી અનન્ત જન્મમરણની પરંપરામાંથી બચીને માનવ-જીવન જેવી ઉચ્ચ દશા પ્રાપ્ત થયા બાદ ઇરાદાપૂર્વક પાપાચરણો સેવીને પુનઃ તે પરાધીનતાના ભયંકર ખાડામાં જવાની સુજ્ઞ માનવ તો ઇચ્છા જ ન કરે. આટલો વિચાર પણ કોને આવે કે જેને માનવ-જન્મ પ્રાપ્ત કરતાં 'મને કેટલી મુશ્કેલીઓ પડેલી છે, કેવા વિકટ સંયોગોમાં માનવજન્મરૂપ ચિંતામણિ મને મળ્યું છે,' એવો ખ્યાલ આવ્યો હોય તેને જ આવી શકે છે.

દેણુદાર સારો કે લેણુદાર ?

આટલી ઊંચી હદવાળું માનવ-જીવન પ્રાપ્ત થયા બાદ તેને સફળ કરવા માટે **દેણુદાર અને લેણુદારનું દૃષ્ટાંત** ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

એક દેણુદાર દુઃખોને સહન કરીને પણ ધીમે ધીમે દેવું ચુકાવતો જાય છે., જ્યારે બીજો લેણુદાર જેની જેની પાસે પોતાનું લેણું છે તે લેણું મેળવીને આનંદ મોજ મજા-વગેરે ભોગવવામાં પોતાના દિવસો પસાર કરે છે, ભવિષ્યની તેને જરાપણ ચિંતા નથી. આ બંનેમાંથી તમો કોને સારો ગણશો ? વિચારક દૃષ્ટિએ કહેશો તો તમારે દેણુદારને જ સારો કહેવો પડશે, કારણ કે દેણું પૂર્ણ થયા બાદ નિશ્ચિંતતામાં ઘણી જ શાંતિ હોય છે. અને પછી ચાલુ કમાણીથી પોતાના દિવસો આનંદમાં નિર્ગમન કરે છે. જ્યારે લેણુદારે આજ સુધી નવું કમાવાની તકલીફ કોઈ દિવસ ઉઠાવી જ નથી. અત્યાર સુધી લેણું ખાઈ ખાઈને દિવસો વીતાવ્યા છે. લેણું બધું ભોગવાઈ જતાં તેની સ્થિતિ બહુ જ કઢંગી થાય છે. આથી જગતની દૃષ્ટિએ એવો લેણુદાર દેણુદાર કરતાં પણ ઊતરતી કોટીનો ગણવામાં આવે છે. તે પ્રમાણે ઉત્તમ મનુષ્યનો ભવ પ્રાપ્ત થયા છતાં ગયા ભવની પુન્યાઈરૂપી લેણાને ભોગવવામાં જ તત્પર રહેવાય નવા પુન્યની કમાણી કરવાની જરાપણ વિચારણા સાથે તકલીફ ન ઉઠાવાય તો તિર્યંચ પણ તે માનવ ઊતરતી કોટિનો ગણવામાં આવે; તિર્યંચ બિચારો દુઃખો સહન કરી કરીને પાપનું દેવું ચુકવે છે, અને એ પાપની રાશિ પૂર્ણ થતાં સુખમાં આવે છે, જ્યારે લેણું ખાવામાં જ આનંદ માનનારો મનુષ્ય લેણું પૂર્ણ થતાં દુઃખના દરિયામાં ડૂબકીઓ મારતો થઈ જાય છે. આ અપેક્ષાએ તમારે માનવ કરતાં પણ પશુપક્ષીઓને જ સારાં ગણવાં પડશે.

આ ઉપરથી એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે માનવજીવનની ઉચ્ચ કક્ષા પ્રાપ્ત થયા બાદ કેવળ ભોગવિલાસમાં જ જિંદગી પૂર્ણ ન કરતાં કર્મમહારાજાની ઓફિસમાં નવું પુણ્ય જમા કરાવવાની પણ કાળજી રાખવી જોઈએ. બૈરી છોકરાંઓને જિંદગી સુધી પાળી પોષીને મોટાં કર્યાં હશે, કુટુંબી વગેરેને સાચવવામાં પાછી પાની નહિ રાખી હોય છતાં **આયુષ્ય પૂર્ણ થયે પરભવમાં જતાં એ બૈરી છોકરાં અથવા કુટુંબી વર્ગ તને કશું આપનાર નથી.** જો ઓફિસમાં કે બેંકમાં કાંઈપણ દ્રવ્ય જમા કરી રાખ્યું હોય તો ભવિષ્યમાં તમે તે દ્રવ્ય લેવાના અધિકારી બની શકો છો, પણ જો તે દ્રવ્ય કુટુંબના પાલનપોષણમાં જ પૂર્ણ કર્યું હોય તો ઉત્તરાવસ્થા ઘણી કપરી બની જશે. જો આખી જિંદગી બાહ્ય આળપંપાળમાં જ પૂર્ણ કરવામાં ન આવે અને આત્મકલ્યાણથી બેપરવા બની એ કર્મ મહારાજાની બેંકમાં પુણ્ય જમા કરવામાં ન આવે તો યાદ રાખવું કે **આ ઉચ્ચ માનવદશામાંથી નીચી દશામાં ઘસડી જતાં કર્મમહારાજા જરા પણ વિલંબ નહિ કરે,**

જગ્યા-સ્થાન થોડાં અને ઉમેદવાર ઘણા

જગતમાં એ પણ જોવાય છે કે 'જ્યારે જગ્યાઓ થોડી અને તે જગ્યાના ઉમેદવારો ઘણા હોય ત્યારે તે જગ્યાની કિંમત ઘણી મોટી ગણાય છે, અને જગ્યાએ ઘણી છતાં ઉમેદવાર થોડા હોય, ત્યારે તે જગ્યાની કિંમત બહુ જ અલ્પ ગણાય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય વગેરે જીવો, તેમજ નારકી, તિર્યંચોની અપેક્ષાએ તો મનુષ્ય-ભવ ઘણી ઉચ્ચ કક્ષાનો છે, પરંતુ ઉપર જણાવેલા હિસાબથી તો દેવભવ કરતાં પણ મનુષ્ય-ભવ મોટી કિંમતનો છે તે ધ્યાનમાં રાખવાનું છે. માનવ-જન્મનાં સ્થાનો તેમજ માનવજન્મના ઉમેદવારોની સંખ્યા તરફ દૃષ્ટિ નાંખીશું તો આ વાત જરૂર ધ્યાનમાં આવી જશે. ચોવીશ દંડક પૈકી તેઉ, વાયુકાય એ બે દંડક સિવાય બાવીશે દંડકના જીવો

મનુષ્ય-જન્મના ઉમેદવાર છે, એટલે કે બાવીશે દંડકોમાંથી મનુષ્ય-જન્મમાં આવી શકાય છે, જ્યારે જગતમાં અન્ય સર્વ જીવોની અપેક્ષાએ થોડામાં થોડી સંખ્યા હોય તો ગર્ભજ મનુષ્યની છે. એક સર્વાર્થ-સિદ્ધ વિમાનના દેવો, બીજા ગર્ભજ મનુષ્યો-આ બન્નેની સંખ્યા સંખ્યાતી-ગણતરીવાળી છે, જ્યારે અન્ય સર્વ જીવોની સંખ્યા અસંખ્યાતી તેમજ અનંતી છે.

ઉપર જણાવ્યા મુજબ **મનુષ્યની સંખ્યા અલ્પ છે જ્યારે તેના ઉમેદવારો ઘણા છે. તેથી** ઊલટું દેવોની સંખ્યા મનુષ્યની સંખ્યાની અપેક્ષાએ ઘણી મોટી અર્થાત્ અસંખ્યાતી છે, જ્યારે દેવભવપણે ઉત્પન્ન થનારા ઉમેદવારો જો કોઈ પણ હોય હોય તો ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય, તેમજ અમુક સંમૂર્છિમ તિર્યંચો. આ જીવો સિવાય બીજા કોઈ પણ જીવો અનન્તરપણે દેવ ભવમાં જઈ શકતા નથી.

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે નરક, કે તિર્યંચના ભવ કરતાં તો માનવ-જન્મ શ્રેષ્ઠ છે, પરંતુ દેવભવ કરતાં પણ માનવ-જન્મ ઉત્તમ છે. દેવોને વધુમાં વધુ ચાર ગુણસ્થાનકો જ્યારે મનુષ્યને ચૌદ ગુણસ્થાનકનો અધિકાર. એ વગેરે તથા બીજાં પણ દેવભવ કરતાં માનવ ભવની ઉત્તમતાનાં ઘણાં કારણો છે.

કોહીનૂરથી પણ માનવ જીવનની કિંમત અધિક

તમને તમારી પોતાની સામાન્ય દૃષ્ટિએ માનવ-જીવનમાં મહત્તા જેવું કાંઈ પણ નહિ લાગતું હોય, તો તેમ બનાવાજોગ છે, પરંતુ સાથે સાથે જગતની દૃષ્ટિએ જોતાં શીખવાની જરૂર છે. ઝાડ તરફ જોઇને વિચારણાને સ્થાન આપ કે આ બધા પાંદડાના જીવો પાંદડાંરૂપે શા માટે? અને હું મનુષ્ય શા માટે? કીડી-કુંથવા તરફ જોતાં વિચાર કર કે આ બધાઓ કીડી કુંથવારૂપે કેમ અને હું મનુષ્યરૂપે

કેમ ? એમ જગતની આંખે જોતાં તને તારા પોતાનામાં કાંઈક વિશિષ્ટ પણું જરૂર લાગશે. આ સંબંધમાં બાદશાહ તથા બીરબલનું દૃષ્ટાન્ત વિચારવા જેવું છે.

બાદશાહ અને બીરબલ મહેલના ઝરુખામાં ઊભા છે, તેવામાં એક કંગાળ દુબળો મનુષ્ય મહેલના ઝરૂખા નીચે થઈને ચાલ્યો જાય છે, તેને જોઈને બાદશાહે બીરબલને પૂછયું કે ' અબે બીરબલ! યે મનુષ્ય દુબળા કયું હૈ ? ' બાદશાહના બોલને બીરબલે સાંભળી જવાબ આપ્યોઃ ' જહાંપનાહ, ઈનકો ખાનેકો નહિ મીલતા હે, ઈસીસે યે દુબલા હૈ,' બીરબલના વચનને સાંભળીને બાદશાહ બોલી ઊઠયા કે 'ખાનેકો કયું નહિ મિલતા હૈ, નહિ ખાનેકા મિલે તો ખાજાકા ભૂક્કા ખા લેવે. '

આ સાંભળીને બીરબલ હસી પડયો, અને બોલ્યો કે-આપને મન તો ખાજાં કે ખાજાંનો ભૂક્કો એ કિંમત વગરની ચીજ છે; કારણ કે દિવસમાં દશ વાર જોઈએ તો પણ આપને એ મળી શકે છે, પણ જેણે કોઈ દિવસ ખાજાં કે ખાજાંના ભૂક્કાનું નામ પણ સાંભળ્યું ન હોય, જેને સૂકા રોટલાના પણ ફાંફાં હોય તેને ખાજાંની કિંમત કેટલી હશે ! તે જરા આપ વિચારશો.

આ દૃષ્ટાંત ઉપરથી એ ધ્યાનમાં લેવાનું છે કે -બાદશાહને પોતાની સામાન્ય દૃષ્ટિથી ખાજાંનો ભૂક્કો એ કિંમત વગરની વસ્તુ છે, પણ જગતની દૃષ્ટિએ એ વસ્તુ ઘણી કિંમતી છે. એમ માનવ-જીવન પ્રાપ્ત કરનાર મનુષ્યને સામાન્ય રીતિએ મનુષ્ય-જન્મની કિંમત ખાસ નહિ જણાય, પણ જગતમાં વર્ત્તતા એકેન્દ્રિય વિકલેંદ્રિયાદિ ક્ષુદ્ર જંતુઓની પામરતા તથા પરાધીનતા તરફ ખ્યાલ આપવામાં આવે તો 'આ માનવ-જીવન કોહીનૂરથી પણ અધિક કિંમતી છે' એમ જરૂર ઉચ્ચારવું પડશે.

વિષયોપભોગને અંગે જોખમદારી અને જવાબદારી

યાદ રાખવું જોઈએ કે પાંચે ઈન્દ્રિયોના વિષયસેવનમાં જ માનવ

જીવનની ઇતિશ્રી નથી. જો વિષયસેવનમાં જ માનવજીવનની મહત્તા માનવામાં આવી હોત તો તો એ વિષયસેવનને અંગે જે જોખમદારી અને જવાબદારી માનવના મસ્તક ઉપર ઝઝૂમી રહેલી હોય છે, તેને અંગે લોકદૃષ્ટિએ માનવજીવન આપનાર વિધાતાને પણ શાપ આપવાનો પ્રસંગ આવત. પાંચે ઇન્દ્રિયોના વિષયોને બાજુમાં રાખી એક સ્પર્શનેન્દ્રિયના વિષયસુખને અંગે જે વખતે લગ્ન કરવામાં આવે છે, તેમાં લગ્ન કરનાર મનુષ્ય ઉપર કેટલી જોખમદારી અને જવાબદારી રહેલી છે? એ સંબંધી શિખામણનાં વચન લગ્ન કરવા તૈયાર થનારા તમારા સંતાનોને કોઈ દિવસ આપો છો?

અરે! આજકાલ તો લગ્ન કરી સંસારના કારાગારમાં દાખલ થનાર વ્યક્તિ ઉપર એવી ભયંકર જોખમદારી અને જવાબદારી રહેલી છે કે લાગ આવે તો સ્ત્રી પોતાના પતિને કેદખાનામાં પણ દાખલ કરે. આજે એવી પણ કાયદાની કલમો છે કે સ્ત્રીનું બરાબર ભરણપોષણ ન થાય અને સ્ત્રી ભરણપોષણ માટે કોર્ટમાં દાવો માંડે તો ભરણપોષણ કરવામાં અશકત પતિને કારાગારના દ્વાર પણ જોવાં પડે. આવી ભયંકર જોખમદારી અને જવાબદારી જેમાં રહેલી છે, એવાં લગ્ન પ્રસંગનું તમો તમારા સંતાનોને ભાન પણ ન કરાવો તે ચાલે? જ્યારે તે ભયંકર જોખમદારી અને જવાબદારીમાંથી છૂટી શકવા સાથે આત્મ-કલ્યાણના માર્ગે લઇ જનારી પરમાત્માની દીક્ષા માટે પ્રતિબોધ કરે તે તમને કાનમાં કથિર રેડવા જેવું લાગે. જરાં આત્માની સાથે એકાન્તમાં બેસીને વિચાર કરજો કે માનવજીવનમાં સ્પર્શનેન્દ્રિયના સુખની મુખ્યતાને અંગે લગ્ન પ્રસંગે તમારે આટલી જોખમદારી, જવાબદારી ઉઠાવવી પડે છે, એ જોખમદારી જવાબદરી તિર્યંચમાં છે? બોલો, નથી.

આથી એમ માનવું પડે છે કે-સ્પર્શનેન્દ્રિયના વિષયસુખને અંગે માનવજીવનની મહત્તા નથી. જો એને અંગે મહત્તા ગણવામાં આવી હોત તો તમો જરૂર વિધાતાને શાપ આપત કે આવું જોખમદારી,

જવાબદારીવાળું માનવપણું અમને શા માટે આપ્યું ? આના કરતાં તો જોખમદારી, જવાબદારી વિનાનું તિર્યંચપણું સારું !

એ જ પ્રમાણે રસનેન્દ્રિય. તમો જો મિઠાઇવાળાની દુકાનેથી વગર પૈસો કે વગર રજાએ મીઠાઇનો ટૂંકડો ઉપાડો તો ધોકા ખાવા પડે, પરંતુ કીડી, મંકોડી હંમેશાં તે મિઠાઇનો સ્વાદ નિરંકુશપણે લે છતાં કશું પણ નહિ. રાજામહારાજાના ઉપવન સંબંધી ફૂલોની મઘમઘતી સુગંધ લેવાનું મન થતાં, દ્વારપાળની રજા મેળવવાની જરૂર પડે, જ્યારે ભમરાઓ આનંદથી એ સુગંધની મોજ મેળવી શકે. રાજાના અંતઃપુરની રાણીઓનાં રૂપ તમને જોવાનું મન થાય, અને ભૂલેચૂકે તે તરફ નજર થાય તો બંદીખાનાનું કષ્ટ સહન કરવું પડે, જ્યારે એ અંતઃપુરમાં ઉડનારાં મેના, પોપટ, ચકલાં ચકલીઓ સુખેથી એ રૂપનાં દર્શન કરી શકે. એ રાણીવાસનાં મધુરાં સંગીત સાંભળવાનો તમને અધિકાર ન મળે જ્યારે તે સ્થાનમાં રહેલ ઉંદર વગેરે મોજથી મધુરું સંગીત શ્રવણ કરી શકે.

હવે વિચારો કે વિષયોની સુલભતા તમને કે તિર્યંચને ? વિષયોપભોગને અંગે જવાબદારી અને જોખમદારી તમને કે એ તિર્યંચોને ?

મહાનુભાવ ! વિષયની સુલભતાને અંગે જ માનવભવની મહત્તા ગણવામાં આવી હોત તો ઉપર જણાવેલી અપેક્ષાએ નિરંકુશપણે વિષયની મઝા લૂંટનારા તિર્યંચોના ભવની મહત્તા ગણવામાં આવી હોત, પરંતુ તેમ નથી. અનંતજ્ઞાની મહારાજાઓએ વિષયની સેવનાને અંગે માનવ જીવનની મહત્તા વખાણી નથી, **પરંતુ પ્રાપ્ત થયેલી વિષયોપભોગની સામગ્રીનો સામનો કરી ઇન્દ્રિય ઉપર સંયમ મેળવી ધર્મની આરાધના કરવામાં જ માનવજીવનની સાચી મહત્તા છે.**

શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિનું નિવેદન

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રીએ જીવનભર સતત પરિશ્રમ કરી આગમ ગ્રન્થોને બહાર પાડીને અને આગમોની ચાવીઓ સમાન-તર્ક અને દલીલોથી ભરપુર સાત્વિક પ્રવચનો આપી સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે અને તત્વ જિજ્ઞાસુઓને સંતોષ્યા છે. એવા તેમનાં પ્રવચનોનાં અનેક પુસ્તકો હોવા છતાં ઘણાંખરાં અપ્રાપ્ય છે તેથી તત્વ-જિજ્ઞાસુઓની નિરાશા દૂર કરવા પ. પૂ. શાસન પ્રભાવક આ. **દેવશ્રી દર્શનસાગર સૂરીશ્વરજી** મ. સાહેબ તથા તેઓશ્રીના અંતેવાસી શિષ્ય સંગઠનપ્રેમી **ગચ્છિવર્યશ્રી નિત્યોદય સાગરજી** મ.ની પ્રેરણાથી પૂજ્યશ્રીનું પ્રગટ-અપ્રગટ સર્વ સાહિત્ય ક્રમસર પ્રકાશમાં લાવવા **શ્રી આગમોદ્ધારક પ્રવચન પ્રકાશન સમિતિ**ની સ્થાપના કરવામાં આવી છે અને સર્વશ્રેયસ્કરી આગમિક સેવાનો લાભ લેવા નીચે મુજબ યોજના રજૂ કરવામાં આવી છે.

રૂા. ૫૦૦૧) આપનાર **શ્રુતસમુદ્ધારક** કહેવાશે ને ફોટો છાપવામાં આવશે. ને સંસ્થાના સર્વ પ્રકાશન ભેટ મળશે.

રૂ.) ૨૫૦૧) આપનાર **શ્રુત ભક્ત** કહેવાશે અને તેમને સર્વ પ્રકાશન મળશે.

રૂ.) ૧૦૦૧) આપનાર **આજીવન સભ્ય** કહેવાશે ને સંસ્થા તરફથી બહાર પડેલ સર્વ પ્રકાશન ભેટ મળશે.

રૂ.) ૫૦૧) આપનાર **શ્રુત સહાયક** કહેવાશે ને સંસ્થા તરફથી બહાર પડેલ પુસ્તક ભેટ મળશે.

ટ્રસ્ટ રજીસ્ટર્ડ નંબર E-2721 (મુંબઇ)

આ મહાન કાર્ય શ્રી સંઘો અને દાનવીરોની સહાયથી જ થઇ શકે તેથી આપના તથા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી આપક રકમ મોકલી લાભ લેવા દરેકને વિનંતી છે.

"શ્રી અગમોદ્ધારક પ્રકાશન સમિતિ" આ નામનો ડ્રાફ્ટ અથવા ચેક નીચેના નામે મોકલી શકાશે. (શીરનામાં અંદર "વિનંતી"માં છે)

ટ્રસ્ટીગણ

શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઇ શ્રી અનુભાઇ ચીમનલાલ, અમદાવાદ.
શ્રી શાન્તિચંદ છગનલાલ ઝવેરી, સુરત શ્રી મફતલાલ ઝવેરચંદ પંડિત, અમદાવાદ
શ્રી પુષ્પસેન પાનાચંદ ઝવેરી, મુંબઈ શ્રી નિરંજન ગુલાબચંદ ઝોકસી, મુંબઇ.
શ્રી કુલચંદ જે. વખારીયા, સુરત.